



ભગવાન
શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું બૃહદ્ જીવનચરિત્ર

ભાગ - ૫

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પોતાનો
આધ્યાત્મિક વારસો આપી શ્રીહરિએ તેમના દ્વારા
અખંડ પ્રગટ રહેવાનું અભય વચન આપ્યું.



'આ ગુણાતીતાનંદ સ્વામી - જે અમારું સર્વસ્વ છે,
અમારું અક્ષરધામ છે, તે તમારા સોરઠ દેશને અમે
કૃષ્ણાર્પણ કરીએ છીએ.
માટે તેમની સેવા અને સમાગમ કરશો,
તો તમારું કામ થઈ જશે.
જે જૂનાગઢ આવી, તેમની અનુવૃત્તિ સાચવી,
સેવા કરશે, તેની કરોડ જન્મની કસર હશે તે અમે
આ જન્મે જ ટાળી નાખીશું.'
'ગુણાતીતાનંદ સ્વામી તો દિવ્યરૂપે સદાય અમારી સાથે
જ છે. તેમને હું શી રીતે દૂર કરી શકું ?
જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે.
અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ?'
'ગુણાતીતાનંદ સ્વામીની મોટપ કાંઈ આસનથી કે
મહંતાઈથી નથી. જેમ અમારી મોટપ અનાદિની છે,
તેમ એમની મોટપ પણ અનાદિની છે.
શાસ્ત્રમાં ચોથો ભેદ બ્રહ્મનો કહ્યો છે,
તે જ અનાદિ બ્રહ્મ આ સ્વામી છે,
જેને સદા જીવ, ઈશ્વર અને માયા આધીન રહે છે.'
'તેમને અમારી સાથે એકતા છે અને છતાં સેવ્યભાવ
પણ છે. એવા આ સ્વામી દ્વારા જ અમે અમારું સર્વ
કાર્ય કરીએ છીએ. તેનો મહિમા કો'ક જ જાણી શકે.'

- ભગવાન સ્વામિનારાયણ



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ

શ્રી સહજાનંદ સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વિસ્તૃત જીવન અને કાર્ય

(આ.સં. ૧૮૮૧ થી ૧૮૮૬, સને ૧૮૨૪ થી ૧૮૩૦)

ભાગ ૫

: પ્રેરક :

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

: લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BHAGWAN SHRI SWAMINARAYAN - PART V

(Biography of Purna Purushottam Bhagwan Shri Swaminarayan)

By Harshadrai T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:

Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

4th Edition:

2003. Copies: 7,000

ISBN: 81-7526-211-7

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : હર્ષદરાય ત્રિ. દવે

ચતુર્થ આવૃત્તિ : ૨૦૦૩

પ્રત : ૭,૦૦૦

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

ઉદ્‌ગીથ ૧ : વરતાલમાં પ્રતિષ્ઠોત્સવ

આ.સં. ૧૮૮૧ (સને ૧૮૨૪-૧૮૨૫)

ઉદ્ગીથ ૨ : શ્રીહરિની સુરતમાં પધરામણી

ઉદ્ગીથ ૩ : દાદાખાચરનાં ભટવદરમાં લગ્ન

ઉદ્‌ગીથ ૪ : શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ

ઉદ્‌ગીથ ૫ : વરતાલમાં હરિનવમીનો ઉત્સવ

ઉદ્‌ગીથ ૬ : ગઢપુરમાં મંદિરનો પ્રારંભ

ઉદ્‌ગીથ ૭ : અસુરોનું પુનઃ આક્રમણ

ઉદ્‍ગીથ ૮ : વરતાલમાં દીપોત્સવ

ઉદ્‍ગીથ ૯ : વડોદરામાં મહારાજની પધરામણી

ઉદ્ગીથ ૧૦ : શિક્ષાપત્રી આલેખન તથા ફૂલદોલના ઉત્સવો

ઉદ્ગીથ ૧૧ : ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા

ઉદ્ગીથ ૧૨ : ગઢપુરમાં ચાતુર્માસ, વરતાલમાં પ્રબોધિની ઉત્સવ

ઉદ્‌ગીથ ૧૫ : ઝાલાવાડમાં વિચરણ, શ્રીનગરમાં પ્રબોધિની ઉત્સવ

ઉદ્‌ગીથ ૧૬ : ગઢપુરમાં ફૂલદોલોત્સવ, વરતાલમાં હરિનવમી

ઉદ્‌ગીથ ૧૭ : જીર્ણદુર્ગમાં મૂર્તિપ્રતિષ્ઠા

ઉદ્‌ગીથ ૧૮ : ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા

ઉદ્‌ગીથ ૨૨ : વરતાલમાં પ્રબોધિની ઉત્સવ, ફરી ગઢપુરમાં

ઉદ્‌ગીથ ૨૩ : રાજકોટમાં ગવર્નર સાથે મુલાકાત

ઉદ્‌ગીથ ૨૪ : ગઢપુરમાં મહારાજ ઘેરો મંદવાડ ગ્રહણ કરે છે


ઉદ્‌ગીથ ૨૫ : મહારાજ પધાર્યા !



અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

આવ્યા અક્ષરધામથી અવનિમાં, ઐશ્વર્ય-મુક્તો લઈ;
શોભે અક્ષર સાથ સુંદર છબી, લાવણ્ય તેજોમયી;
કર્તા દિવ્ય સદા રહે પ્રગટ જે, સાકાર સર્વોપરી;
સહજાનંદ કૃપાળુને નિત નમું, સર્વાવતારી હરિ.

ગુણાતીતોક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ
ભગતજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
શાસ્ત્રીજી મહારાજ



બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ



ઉદ્‌ગીથ ૧

વરતાલમાં પ્રતિષ્ઠોત્સવ

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૪)

આ.સં. ૧૮૮૧નો કાર્તિક માસ ચાલી રહ્યો હતો. શ્રીહરિ ગઢપુરમાં વિરાજમાન હતા. આ અરસામાં વરતાલમાં મંદિર પણ તૈયાર થઈ ગયું હતું. તેથી વરતાલથી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પત્ર લખીને જણાવ્યું હતું કે "હવે મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત જોવરાવી નક્કી કરો, જેથી તે પ્રતિષ્ઠોત્સવ ભવ્ય રીતે ઉજવાઈ જાય."

આ પત્ર મળ્યો કે તરત જ મહારાજે મયારામ ભટ્ટ તથા રૂંવાદના પુરુષોત્તમ ભટ્ટને બોલાવ્યા હતા. બંને ભક્તો જ્યોતિષ વિદ્યામાં પ્રખર હતા. વળી, મહારાજની રુચિ પણ સમજતા હતા. મહારાજે તેમને વરતાલમાં મૂર્તિ-પ્રતિષ્ઠાનું મુહૂર્ત કાઢી આપવા જણાવ્યું. બંને જ્યોતિષીઓએ કાર્તિક સુદ બારસનું મુહૂર્ત આપ્યું હતું.

મહારાજે આ મુહૂર્તની તિથિ અક્ષરાનંદ સ્વામી સાથે પત્ર દ્વારા મોકલી આપી. તેમાં લખ્યું હતું કે "અમે અહીં અન્નકૂટનો ઉત્સવ કરી તરત જ નીકળીશું. તમે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની કંકોત્રીઓ દેશ-પરદેશના હરિભક્તો ઉપર 'લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ' એ પ્રમાણે અમારા નામે લખીને મોકલી આપજો. વડોદરા ગાયકવાડ સરકાર, સુરતના નવાબ, ખંભાતના નવાબ, જૂનાગઢ, માંગરોળના નવાબો તથા સૌરાષ્ટ્રના રાજવીઓ તેમજ ધરમપુરના રાજા વગેરેને આપણા પ્રત્યે સદ્‌ભાવ છે; એટલે તેમને પણ ખાસ ખેપિયા મોકલી કંકોત્રીઓ પહોંચાડજો. આ પ્રસંગ માટે લાખોની સંખ્યામાં હરિભક્તો આવશે, તેમના ભોજન માટે સામગ્રી પણ એકઠી કરજો. સંતોનાં મંડળોના ઉતારા માટે વરતાલની સીમ સ્વચ્છ કરાવી લેશો. યજ્ઞમાં વરણમાં[1] કોને

---

૧. વરેણ્ય.

બેસારવા તે અમે ત્યાં આવીને નક્કી કરીશું."

પત્ર તૈયાર કરી અક્ષરાનંદ સ્વામીને તે પત્ર આપીને વરતાલ મોકલ્યા. અક્ષરાનંદ સ્વામીને બીજી વિગતો રૂબરૂ સમજાવી હતી, જેથી તે પ્રમાણે બધી વ્યવસ્થા થઈ શકે.

લક્ષ્મીનારાયણની મૂર્તિઓ માટે સંતોને મહારાજ વડોદરા મોકલે છે

મહારાજે મંદિરમાં પ્રતિષ્ઠા કરવાની મૂર્તિઓ માટે પણ અગાઉથી વ્યવસ્થા કરી દીધી હતી. તેમણે આ.સં. ૧૮૮૦ના ચૈત્ર માસમાં મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને[૨] વડોદરા મોકલ્યા હતા. તેમને સૂચના આપી હતી કે ત્યાં માંડવી પાસે એક અમીચંદ વણિક છે. તેના ઘરમાં લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ તેમના વડવાએ જમીનમાં દાટીને સંતાડી રાખી છે. તેમની પાસે એ મૂર્તિઓની માંગણી કરજો. અને અમીચંદ વણિક ઉપર મહારાજે પત્ર પણ લખી આપ્યો હતો.

આ સંતો વડોદરા આવ્યા અને અમીચંદ વણિકનું ઘર શોધી સંતોએ તેમને મહારાજનો પત્ર આપ્યો. અમીચંદ વણિકને પત્ર વાંચતાં જ પચ્ચીસ વર્ષ પહેલાં પધારેલા નીલકંઠ વર્ણી સ્વરૂપની સ્મૃતિ તાજી થઈ ગઈ. તેમણે એક ઘડી વિચાર કર્યો. પણ પછી તેમની વૃત્તિ ફરી ગઈ. તેમને થયું કે આ તે જ નીલકંઠ વર્ણીએ મોકલાવેલ સાધુ હશે કે બીજા કોઈ ઠગ હશે ? ચિકિત્સક દૃષ્ટિથી તેમણે આ સંતોને નીરખી નીરખીને જોઈ લીધા. તેમનાં મુખ ઉપર સાધુતાની આભા તેમને દેખાઈ. તેમના વિચારો બદલાયા.

અમીચંદ વણિકે કહ્યું : "સંતો ! મારે ત્યાં લક્ષ્મીનારાયણની પુરાતની મૂર્તિઓ છે તે આ નીલકંઠ વર્ણીએ અંતર્યામીપણે જાણી લીધું હતું. તે વખતે મને કહ્યું હતું કે 'ભવિષ્યમાં આ મૂર્તિઓ લેવા હું મારા સંતોને મોકલીશ.' તે વાત આજે સાચી થઈ." એમ કહી તેમણે સંતોને ઘરમાં અલાયદો ઉતારો આપ્યો.

---

૨. શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૧૨માં આ બે નામો છે. પરંતુ પરંપરાગત સદ્‌ગુરુ પાસેથી જે વાતો સાંભળી છે તેમાં તદ્રૂપાનંદ સ્વામી, કેવળાત્માનંદ સ્વામી, માધવાનંદ સ્વામી અને ત્રિકમાનંદ સ્વામીને મોકલ્યા હતા, એવો ઉલ્લેખ મળી આવે છે. ઉલ્લેખ સત્ય હોય તે માની શકાય. કારણ મુક્તાનંદ સ્વામીની તબિયત અસ્વસ્થ હતી અને નિત્યાનંદ સ્વામી મોટા સદ્‌ગુરુ હતા. તેથી આ કામ માટે મહારાજે તેમને કદાચ ન મોકલ્યા હોય. – લેખક

રસોઈ માટે પાકું સીધું આપ્યું.

પાકા સીધાની સામગ્રી જોઈ સંતોએ તેમને કહ્યું : "શેઠ ! આ ઘી-ગોળ પાછાં લઈ જાવ. અમે તો કેવળ બાટી બનાવીને જ જમીશું."

નીલકંઠ વર્ણીને લાડુ જમાડવાનો મારો સંકલ્પ હતો તે તમે પૂરો કરો

આ સાંભળી અમીચંદ વણિકને આશ્ચર્ય થયું ! તેમને ત્યાં ઘણા સાધુઓ આવતા, સૌને તેઓ મેવા-મીઠાઈ જમાડતા અને તે સાધુઓ પ્રેમથી જમી પણ લેતા. જ્યારે આ સંતોએ તો રસકસનો ત્યાગ કર્યો હોય એવું લાગે છે. તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! અહીં જ્યારે નીલકંઠ વર્ણી સ્વરૂપે સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા, ત્યારે તેમને લાડુ જમાડવાની મારી ઇચ્છા હતી. પરંતુ તેમણે કહ્યું કે 'અમે તો વહેલી સવારે નીકળી જવાના છીએ. માટે તમારી બીજી સેવા અમે લઈશું.' તે સેવા લેવા આજે તેમણે તમને મોકલ્યા છે, તે મારાં અહોભાગ્ય છે. પણ સાથે સાથે તેમણે મારો અધૂરો રાખેલ સંકલ્પ આજે તમે પૂરો કરશો તો મને શાંતિ થશે."

સંતોએ તેમનો ભાવ જોઈ પાકું સીધું ગ્રહણ કર્યું. રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવ્યો. અમીચંદને સંતોષ થાય તેમ થોડું મિષ્ટાન્ન જમીને બાકીનો થાળ પ્રસાદીરૂપે અમીચંદને આપી દીધો. અમીચંદને સંતોષ થયો. તેમણે મૂર્તિઓ કાઢી આપી. લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ જોઈ સંતોને અત્યંત આશ્ચર્ય થયું. તેમને થયું કે આવી રમ્ય મૂર્તિઓ તો મહારાજના મહાપ્રસાદીભૂત ગઢપુર સ્થાનમાં જ શોભે. માટે આ મૂર્તિઓ આપણે ગઢપુર જ લઈ જઈએ.

મૂર્તિઓ ગઢપુર લઈ જવા સંતોને સંકલ્પ થાય છે

ગાડામાં મૂર્તિઓ ખૂબ જ સંભાળપૂર્વક ગોઠવી. માર્ગમાં આવતા ખાડા-ટેકરાથી ગાડામાં અથડાઈ મૂર્તિઓ ખંડિત ન થાય એટલે આજુબાજુ ઘાસ, પરાળ વગેરે ગોઠવ્યાં. આ રીતે તૈયાર થઈ સંતો વડોદરાથી નીકળ્યા. તેમણે સીધો જ દુર્ગપુરનો માર્ગ લીધો. પરંતુ આ મૂર્તિઓ વરતાલમાં જ પધરાવવાની મહારાજની ઇચ્છા હતી; એટલે ગાડું જ્યાં બોચાસણના પાદરમાં આવ્યું, તેટલામાં તો ચૈત્ર માસ હોવા છતાં મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. કમોસમના આ વરસાદથી સંતો મૂંઝાયા. વરસાદથી જમીનમાં પુષ્કળ કાદવ થઈ ગયો અને

ગાડાનાં બંને પૈડાં ચરોતરની પોચી ભૂમિના કાદવમાં ઊંડાં ઊતરી ગયાં. બળદ ગાડું ખેંચી શક્યા નહીં. ગામમાં બોચાસણના મુખી કાશીદાસને ત્યાંથી બીજા બે બળદો મંગાવ્યા. તે પણ ગાડે જોડ્યા, પણ ગાડું ખસ્યું જ નહીં. છેવટે સૌ થાક્યા. એટલે કાશીદાસે કહ્યું : "સંતો ! હમણાં આ મૂર્તિઓ અહીં જ રાખો. પછી મહારાજને પૂછીને મહારાજ જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે કરજો."

સંતોને કાશીદાસની વાત વાજબી લાગી. તેમણે વિચાર કર્યો કે કાશીદાસને ઘેર જ મૂર્તિઓ રાખીએ. એટલે બળદની રાશ કાશીદાસને સોંપી. તેમણે ગાડાને ગામ તરફ વાળવા બળદના શરીરે હાથ ફેરવ્યો અને એક જ આંચકે ગાડાનાં બંને પૈડાં કાદવમાંથી નીકળી ગયાં ! આથી સંતોને થયું કે મહારાજની કાંઈક જુદી જ ઇચ્છા હોય તેમ લાગે છે.

કાશીદાસને ઘેર ગાડું લઈ આવ્યા અને મૂર્તિઓ ત્યાં ઉતારી તેમના ઘરમાં પધરાવી.[3] કાશીદાસના અંતરમાં સંકલ્પ થઈ ગયો કે બોચાસણમાં જ મંદિર કરાવી આ મૂર્તિઓ અહીં જ પધરાવવી છે.

મૂર્તિઓ બોચાસણમાં મૂકીને આવ્યા છીએ

સંતો બોચાસણથી ગઢપુર આવ્યા. મહારાજને મળ્યા. ત્યારે મહારાજે હસતાં હસતાં તેમને પૂછ્યું : "મૂર્તિઓ વરતાલ પહોંચાડી ?"

આ સાંભળી સંતો નીચું જોઈ ગયા. પછી મહારાજને સંતોએ કહ્યું : "મહારાજ ! લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ જોઈ, તે મૂર્તિઓ ગઢપુર લાવી, આ મહાપ્રસાદીના સ્થાનમાં જ્યારે મંદિર થાય ત્યારે પધરાવવી એવી અમારી ઇચ્છા હતી. પરંતુ આપની ઇચ્છાનુસાર જ બધું બને છે. એટલે વરસાદ થવાથી મૂર્તિઓ બોચાસણમાં કાશીદાસ મોટાને ત્યાં મૂકીને અમે અહીં આવ્યા."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ગુજરાતના મિષ્ટ આમ્રફળનો રસ જમવાની આ મૂર્તિઓની ઇચ્છા હોય, એટલે અહીં અડદની દાળ અને રોટલા જમવા કેમ આવે ?"

સંતો મહારાજની ઇચ્છા સમજી ગયા !

મહારાજ સંઘ સાથે વરતાલ પધારે છે

આ.સં. ૧૮૮૧ના અન્નકૂટનો ઉત્સવ કરીને મહારાજે ગઢપુરના તમામ

---

૩. શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૧૨.

સંતો તથા હરિભક્તોને પોતાની સાથે વરતાલ આવવાની આજ્ઞા કરી. આ પ્રતિષ્ઠા પ્રસંગે કોઈ હરિભક્ત ઘેર ન રહે તેવી આજ્ઞા કરી.

સૌને ઉત્સાહ હતો – મહારાજની સાથે રહી દર્શન અને સેવાનો લાભ લેવાનો, પ્રતિષ્ઠા ઉત્સવના અલૌકિક પ્રસંગમાં ભાગ લેવાનો, યજ્ઞનારાયણનાં દર્શન કરવાનો અને આ ઉત્સવમાં જે કાંઈ સેવા મળે તે સેવા કરી કૃતાર્થ થવાનો ! સૌ તૈયાર થઈ ગયા. દરેક ઘરે ખંભાતી તાળાં દેવાઈ ગયાં. સૌરાષ્ટ્રનાં ગામેગામથી સંઘો ઉપડ્યા. સૌને ઇચ્છા હતી મહારાજના સંઘ સાથે ભળી જવું. તેથી તેમના સંઘની ગતિનો વેગ વધ્યો.

બીજી તરફ વરતાલમાં અક્ષરાનંદ સ્વામી મહારાજનો પત્ર લાવ્યા એટલે તરત જ બ્રહ્માનંદ સ્વામી તથા આનંદ સ્વામીએ મહારાજની સૂચના પ્રમાણે દેશ-પરદેશના હરિભક્તો ઉપર કંકોત્રીઓ લખી. આ કંકોત્રીઓ પહોંચાડવા માટે તેમણે ગઢપુરના લક્ષ્મીરામ દેરાસરી, ડોસાભાઈ, બાળકૃષ્ણ, રઘુનાથ, જીવાભાઈ, લાલાભાઈ, હરજીવનભાઈ તેમજ બોટાદના વિપ્રવર્ય મોનજીભાઈ જેઠાભાઈ ત્રવાડી વગેરેને મોકલ્યા.

મહારાજ મુક્તાનંદ સ્વામીને વરતાલ ન આવવા સમજાવે છે

મહારાજે ગઢપુરથી નીકળતાં પહેલાં મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : “સ્વામી ! આપને શરીરે ઘણી જ કસર છે અને વરતાલમાં માણસનો સમૂહ મોટો થશે. આપને તકલીફ પડશે. માટે આપ વરતાલ ન આવો તો સારું.”

આ સાંભળી મુક્તમુનિ વિચારમાં પડી ગયા. તેઓ જાણતા હતા કે મહારાજ વરતાલમાં પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાના છે. મહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે તે સાચું, પરંતુ મનુષ્ય સ્વરૂપે પ્રગટ છે અને લોકો પણ તેમને એ ભાવથી જુએ છે. તેથી જો મહારાજ પોતાના જ હસ્તે પોતાની મૂર્તિ પધરાવશે, તો લોકમાં ઘણું ખોટું દેખાશે અને ઘણા ભક્તો પાછા પડી જશે. તેમના આ વિચાર સાથે પરમહંસોમાંથી પણ કેટલાક સંમત થયા હતા. મહારાજની મૂર્તિ ન પધરાવાય તેવું તેઓ માનતા હતા.

મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે જો હું વરતાલ નહીં જાઉં તો મહારાજ તેમની મૂર્તિ જરૂર પધરાવી દેશે ! તેથી આ પ્રસંગે અસ્વસ્થ તબિયત છે છતાં જવું તો ખરું જ. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : “મહારાજ ! વરતાલમાં આવો મહોત્સવ થાય અને હું અહીં બેસી રહું તે મને ઠીક લાગતું નથી. મારે

આવવાની ઇચ્છા છે."[૪]

મહારાજ તેમના મનોભાવ સમજી ગયા. તેમણે કહ્યું : "ભલે, તો થઈ જાવ તૈયાર."

મહારાજ ગઢપુરથી સંઘ સાથે નીકળ્યા. ઊંટ ઉપર નિશાન ડંકા તથા હાથી, ઘોડા, રથ, પાલખીઓ, ગાડાં તેમજ ઘોડેસવારોથી શોભતી મહારાજની આ ભવ્ય સવારી જોવા ગામેગામ પાદરમાં લોકો જમા થવા લાગ્યા.

મહારાજ પ્રથમ બોટાદ પધાર્યા. અહીં દાહાખાચરના દરબારમાં ઊતર્યા. પૂર્વમુખના ભવનની ઓસરીના ચોકમાં પલંગ ઉપર બિરાજ્યા. સાંજ પડી ગઈ હતી એટલે ગોડી, આરતી વગેરે નિયમો કર્યા. પછી રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ ઊઠ્યા અને સંતોને ગરમાગરમ ખીચડી પીરસવા લાગ્યા. તેમાં ઘી પણ પીરસ્યું. પછી પોતે થાળ જમ્યા.

સવારે બોટાદથી નીકળી ખસ, બગડ થઈ જાળીલા પધાર્યા. અહીં પાદરમાં જ બાવળ તથા પીપરના ઝાડ નીચે મુકામ કર્યો. આજુબાજુની વાડીઓમાં કૂવા હતા, તેમાં સૌએ સ્નાન કર્યું. પછી નિત્યવિધિથી પરવાર્યા. એટલામાં પૂજાશા તથા વનાશા ત્યાં આવ્યા. મહારાજને કહ્યું : "મહારાજ ! રસોઈનો સામાન તૈયાર છે તો સુંદરિયાણા પધારો. જમીને ચાલજો."

તેમનો ભાવ જોઈ મહારાજ સંઘ સાથે સુંદરિયાણા પધાર્યા. અહીં જમીને તરત જ નીકળી ગયા. વાગડ, અણિયાળી થઈને ધંધુકા પહોંચ્યા. ત્યાં રોકાયા નહીં. આગળ ચાલ્યા અને જસકા પહોંચ્યા. અહીં જીવાભાઈ દર્શને આવ્યા. મહારાજે તેમને સંઘ સાથે વરતાલ આવવા કહ્યું. તે પણ સાથે ચાલ્યા.

મુક્તાનંદ સ્વામીને હાથે ઈજા થાય છે

મહારાજ સંઘ સાથે રોજકા પધાર્યા. અહીંથી કાકાભાઈને સાથે લીધા. સંઘમાં સૌ ઉતાવળાં ઉતાવળાં ચાલતા હતા. મુક્તમુનિ પણ મહારાજની વાતો કરતાં કરતાં ચાલતા હતા. તેમને ગાંફના હિમા સોનીએ તેમની ઘોડી ઉપર બેસવા કહ્યું. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મને ઘોડી ઉપર બેસવાનો મહાવરો નથી, એટલે પગે ચાલવાનું વધારે ઠીક પડે છે !"

પરંતુ સોનીએ બહુ જ આગ્રહ કર્યો. એટલે સ્વામી ઘોડી ઉપર બેઠા. આગળ જતાં ઘોડીનો પગ ખાડામાં પડ્યો અને સ્વામી ઘોડી ઉપરથી પડી ગયા.

---

૪. આ વાત સદ્‌ગુરુઓ થકી સત્સંગમાં પ્રચલિત છે.

સૌ હરિભક્તો તરત જ દોડીને સ્વામી પાસે આવ્યા. સ્વામીના જમણા હાથ ઉપર તેમના આખા શરીરનો ભાર આવી ગયો એટલે જમણો હાથ ભાંગી ગયો. સ્વામીને ઝોળીમાં બેસારી કમિયાળા લાવ્યા. અહીંના ભક્ત આશાભાઈએ સંતોને ઉતારવા માટે મંદિર કરાવ્યું હતું, તેમાં સ્વામીને સુવાર્યા.

મહારાજને સમાચાર મળ્યા એટલે મહારાજ પણ તરત જ પધાર્યા. સ્વામીનો હાથ ભાંગ્યો તેથી મહારાજને અત્યંત દુઃખ થયું. તેમણે કહ્યું : "આવા અજાતશત્રુ જેવા મારા સંતને આ દુઃખ આવ્યું ! હવે જરૂર પૃથ્વી ઉપર ઉત્પાત થશે." એમ કહીને વૈદ્યને બોલાવી સ્વામીનો હાથ ચડાવ્યો. પાટો બંધાવ્યો.

પછી મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! હવે તમે અહીં જ રોકાઈ જાવ. પ્રતિષ્ઠા ઉત્સવ ઉપર આવવાનો સંકલ્પ કરશો નહીં."[૫] સ્વામી પણ મહારાજની મરજી સમજી ગયા.

મહારાજ ત્યાંથી જમીને નીકળી ગયા. બોરુ અને ગલિયાણે થઈને વરતાલ પધાર્યા. સંઘ પાછળ આવતો હતો. અહીં દેશદેશના હરિભક્તો આવી ગયા હતા. સૌએ એક ગાઉ સામા જઈ મહારાજનું સામૈયું કર્યું. બ્રહ્માનંદ સ્વામી તેમની ઘોડી ઉપર મહારાજની સાથે જ આવતા હતા. ચાલતાં ચાલતાં મંદિરના ચાલુ કામની તમામ વિગતો તેમણે મહારાજને આપી. પછી મહારાજે પૂછ્યું : "લક્ષ્મીનારાયણની મૂર્તિઓ બોચાસણથી મંગાવી લીધી ?"

આ પ્રશ્ન સાંભળી બ્રહ્માનંદ સ્વામી સ્તબ્ધ બની ગયા ! તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! એ મોટું કામ જ રહી ગયું છે. કાશીદાસ મોટા અહીં આવી ગયા છે, પણ મૂર્તિઓ લાવ્યા નથી."

મહારાજે કહ્યું : "ભલે, તેમને મળી લઈશું."

મહારાજ ધીરે ધીરે મંદિરના સ્થાને પધાર્યા. મંદિરનું કામ રસપૂર્વક જોયું. ઘુંમટ પણ ઢાંકી દીધો હતો તે જોઈ લીધું. પદ્માકારના મંદિરની સુંદર કૃતિ જોઈ મહારાજ પ્રસન્ન થયા. અક્ષરાનંદ મુનિ તથા આનંદમુનિ પણ ભેળા હતા. નારાયણગિરિજી પણ આવી ગયા હતા. સ્વામીએ કહ્યું : "મહારાજ ! નારાયણગિરિજીએ પણ સમો સાચવી લીધો છે. અમને ભીડ પડવા દીધી નથી."

મહારાજે કહ્યું : "ભગવાનનું કામ છે. તેમાં મુશ્કેલીઓ જેવું પ્રથમ જણાય, પણ અંતે મુશ્કેલીઓ દૂર થઈ જાય. આપણી ભક્તિ સ્વીકારવા ભગવાન આપણા મનોરથો પૂરા કરે જ."

---

૫. *પછી રહ્યા કમિયાળે નાથ, જાણી જખમ જનને હાથ.* – ભક્તચિંતામણિ; પ્ર. ૯૦.

ગુજરાતમાં આધ્યાત્મિક ક્ષેત્રે સમૂળી ક્રાંતિ

હજારોની સંખ્યામાં હરિભક્તો વરતાલમાં ઊમટ્યા હતા. મહારાજે ભક્તોનો ઉત્સાહ જોયો. તેમના ઉત્સાહમાં ભક્તિનો ભાવ જોયો. આજથી પચીસ વર્ષ પહેલાંના ગુજરાતમાં શુદ્ધ ભક્તિનો પ્રવાહ સુકાઈ ગયો હતો. ધર્મનાં બંધનો ઢીલાં પડી ગયાં હતાં. અજ્ઞાનમાં જ્ઞાન મનાયું હતું અને ભગવાં વસ્ત્રો ધારણ કરવામાં વૈરાગ્યની ભાવના સૌ જોઈ રહ્યા હતા. આજે તેમાં સમૂળી ક્રાંતિ આવી ગઈ હતી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના શુદ્ધ સ્વરૂપે પ્રગટ થયાં હતાં. મહારાજને આનંદ હતો કે લોકો પોતાના મનુષ્ય જન્મનો હેતુ સમજી એ હેતુ સિદ્ધ કરવાના માર્ગે ચાલ્યા છે.

એટલામાં કાશીદાસ મોટા ઉપર મહારાજની દૃષ્ટિ પડી. મહારાજને તેમણે પણ દૂરથી જોયા. તે તરત જ ટોળામાંથી માર્ગ કરીને મહારાજ પાસે આવી ગયા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજે તેમને કુશળ પૂછ્યા. પછી કહ્યું : "મોટા ! મૂર્તિઓ લઈ આવ્યા છો ?"

કાશીદાસને આશ્ચર્ય થયું ! તેમણે પૂછ્યું : "મહારાજ ! કઈ મૂર્તિઓ ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "વડોદરાથી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ જે તમારે ત્યાં મૂકી છે, તે મૂર્તિઓ અહીં પધરાવવાની છે."

આ સાંભળી કાશીદાસના મુખ ઉપર ગ્લાનિ છવાઈ ગઈ. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! દયાળુ ! આજે લગભગ આઠ માસથી જે મૂર્તિઓ મારે ત્યાં રહી છે, રોજ થાળ-આરતી અમે કરીએ છીએ, તે મૂર્તિઓ હવે આપ અહીં પધરાવવા ઇચ્છો છો ? મારો તો સંકલ્પ છે કે બોચાસણમાં આપ માંગો એટલી જમીન આપું અને ત્યાં આ મૂર્તિઓ પધરાવો."

અમે સ્વયં અમારા ધામ સાથે બોચાસણમાં બેસીશું

મહારાજ તેમના સામું થોડી વાર જોઈ રહ્યા. પછી તેમને ખભે હાથ મૂકીને કહ્યું : "મોટા ! શ્રીનગરમાં નરનારાયણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ત્યારે અમે તમને શું કહ્યું હતું તે યાદ છે ?"

કાશીદાસને સ્મૃતિભ્રંશ થયો હતો. તે વિચાર કરતા મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું : "મોટા ! તમારી સ્મૃતિ ઉપર વળગેલા અજ્ઞાનના પડળને ખસેડો, યાદ કરો."

કાશીદાસને તરત જ ઝાંખી થઈ ગઈ. તેમણે હાથ જોડી કહ્યું : "હા મહારાજ ! આપે કહ્યું હતું કે નર એ અક્ષરનો અંશ છે અને નારાયણ એ પુરુષોત્તમનો – અમારો અંશ છે."

મહારાજ તેમની સતેજ થયેલી સ્મૃતિથી હસ્યા. તેમણે કહ્યું : "તો મોટા, એ જ અક્ષર અને પુરુષોત્તમને તમારે ત્યાં બેસાડીએ તો રાજી કે નહીં ? આ તો વૈકુંઠના દેવ છે. અમારાં વિભૂતિ સ્વરૂપો છે. અમે તો આ સર્વ વિભૂતિઓ, અવતારોના કારણ છીએ. અમે સ્વયં અમારા ધામ સાથે મૂર્તિમાન તમારે ત્યાં બેસીશું અને અમારા શુદ્ધ અને સર્વોપરી સ્વરૂપની ઉપાસનાનો મંગલ પ્રારંભ બોચાસણથી જ થશે અને ત્યાંથી જ પ્રસરશે. બોલો મોટા ! હવે શી ઇચ્છા છે ?"

અમારા સ્વરૂપરૂપ સંત દ્વારા તે કાર્ય થશે

કાશીદાસના અંતરમાં મહારાજના આ શબ્દોથી અત્યંત આનંદ થયો. તેમણે કહ્યું : "પ્રભુ ! આ તો અનહદ કૃપા કહેવાય ! પણ એ ક્યારે થશે ?"

"કાળનાં બંધનોથી અમે પર છીએ. પણ એ થશે જ." મહારાજે ગંભીર ભાવે કહ્યું.

"પરંતુ મહારાજ ! આપના વરદ હસ્તે જ તે સ્વરૂપો બિરાજશે ને ?" કાશીદાસે મહારાજને કાળના બંધનમાં મૂકવા ફરી પ્રશ્ન પૂછ્યો.

આ સાંભળી મહારાજ આકાશ સામું જોઈ રહ્યા. ધીરેથી તેમણે કહ્યું : "મોટા ! સર્વકર્તા અમે જ છીએ. અમારા સ્વરૂપની યથાર્થ નિષ્ઠાના પડઘા જ્યારે પડશે, ત્યારે અમે જ અમારા સ્વરૂપરૂપ સંત દ્વારા તે કાર્ય કરીશું. સંપ્રદાયનો દિગ્વિજય તો ત્યારે જ થશે. તમારાં એ મોટાં ભાગ્ય છે મોટા ! કે કાર્યની શરૂઆત તમારા પવિત્ર ગામથી જ થશે."[૬]

બ્રહ્માનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી મહારાજના આ શબ્દો સાંભળી રહ્યા હતા. બ્રહ્માનંદ સ્વામીને થયું કે આપણે કાર્ય તો મોટું કર્યું, પરંતુ મહારાજની દૃષ્ટિમાં એ અધૂરું હોય એમ હવે લાગે છે. પોતાની સાથે મંદિર નિર્માણ કાર્યમાં તન તોડી સેવા

---

૬. આ જ ગામમાં શ્રીહરિના સંકલ્પ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વિ.સં. ૧૯૬૩માં ગગનચુંબી મંદિર કરી, અક્ષરધામ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે અક્ષરધામી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી – અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી શુદ્ધ ઉપાસનાનો ડંકો માર્યો.

કરનાર સંતમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીમાં મહારાજના આ શબ્દોના શા પ્રત્યાઘાત પડ્યા હતા તે જોવા તેમણે તેમની સામું જોયું. સ્વામી મહારાજના શબ્દો સાંભળી મંદમંદ હસતા હતા.

આ વાતનો વિશેષ વિસ્તાર ન થાય તે માટે મહારાજે કાશીદાસને કહ્યું : ''હમણાં જ તમે બોચાસણ જાવ અને મૂર્તિઓ લઈ આવો.''

કાશીદાસે કહ્યું : ''ભલે મહારાજ ! પરંતુ આપના વચન ઉપર વિશ્વાસ રાખી હું જાઉં છું.''

મહારાજ હસ્યા. તે હાસ્યમાં તેમણે મહારાજની પ્રસન્નતા જોઈ !

મહારાજ વાસણ સુથારને ઘેર પોતાના ઉતારે પધાર્યા. મહારાજે અહીં આવી સ્નાન કર્યું. એટલામાં બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. મહારાજ તે જમ્યા. ત્યારબાદ બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને વરણી વિપ્રોની યાદી કરવા જણાવ્યું. બ્રહ્માનંદ સ્વામીએ જેટલા વિપ્રો આ પ્રસંગે આવ્યા હતા તેમનાં નામોની યાદી તૈયાર રાખી હતી. મહારાજને તેમણે તે યાદી બતાવી. મહારાજે તેમાંથી જે જે વિપ્રોનાં નામો બતાવ્યાં તેમને વરણીમાં બેસાડવાનું નક્કી કર્યું.[૭]

કલ્યાણ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''આવતી કાલે બોચાસણથી લક્ષ્મી-નારાયણની મૂર્તિઓ આવી જશે. ધર્મ, ભક્તિ અને વાસુદેવની મૂર્તિઓ તેમજ વૃંદાવન-વિહારી શ્રીકૃષ્ણ અને રાધાની મૂર્તિઓ પણ આવી ગઈ હશે.''

સ્વામીએ આ સાંભળી કહ્યું : ''મહારાજ ! બધી જ મૂર્તિઓ તૈયાર છે. દક્ષિણ મંદિરમાં આપની મૂર્તિની પણ પ્રતિષ્ઠા થવાની છે, તે પણ તૈયાર છે.''

મહારાજ તે સાંભળી રહ્યા. પછી સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ વાત જાહેરમાં ચર્ચાય છે. કેટલાકને રુચે અને કેટલાકને નથી રુચતું.''

તે સાંભળી મહારાજે ગંભીરતાથી કહ્યું : ''સ્વામી ! મનુષ્યની બુદ્ધિ જ એવી છે કે સત્સંગ કર્યા પછી પણ પોતાની બુદ્ધિએ નક્કી કરેલા નિર્ણયોમાંથી મનુષ્ય બહાર આવી શકતો નથી. તેથી મનુષ્ય સ્વરૂપ ભગવાનમાં તેને મનુષ્યભાવ આવવાનો જ. પોતાના નક્કી કરેલા નિર્ણયથી વિરુદ્ધ કામ થાય ત્યારે તેને જરૂર સંકલ્પ-વિકલ્પ થવાના જ. પરંતુ તે જ મૂર્તિ સત્સંગીઓ માટે ધ્યેય છે. તેનું જ ચિંતવન સૌ કરશે, તેને જ પોતાના ઈષ્ટ માનશે, પ્રેમથી તે

૭. નામોની વિગત માટે જુઓ : શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૨૫.

મૂર્તિની જ માનસી પૂજા કરશે. અમે જ્યારે પ્રત્યક્ષ નહીં હોઈએ, ત્યારે તે મૂર્તિ જ સૌને જીવનદોરીરૂપ મનાશે, તેનો જ મહિમા સૌ ગાશે અને કલ્યાણ પણ તે મૂર્તિના સંબંધથી જ થશે."[૮]

બ્રહ્માનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી બધા મોટેરા સંતો મહારાજ પાસે બેઠા હતા. મહારાજને તો મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરવું હતું અને તે સંકલ્પથી જ તેમને પોતાની જ મૂર્તિનું આલંબન મુમુક્ષુઓને આપવું હતું. પોતે તો સ્વયં પૂર્ણ પુરુષોત્તમ હતા જ અને સૌના ઉપાસ્ય હતા. તેથી પોતાનું પૂજન, અર્ચન થાય તેવી કોઈ ભાવના તેમને ન હતી. છતાં એ પૂજન, અર્ચન મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે અનિવાર્ય પણ હતું. તેવો મહામોટો આશય રાખી મહારાજે પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કરી લીધો હતો. મોટેરા સંતો સમજી ગયા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપની ઇચ્છા પ્રમાણે જ થશે." મહારાજ કાંઈ બોલ્યા નહીં.

થોડી વારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "આવતી કાલે યજ્ઞશાળામાં મૂર્તિઓ પધરાવી દેજો. યજ્ઞની વિધિ બાદ શોભાયાત્રા નીકળશે અને ત્યારબાદ મૂર્તિઓ તેમના સ્વસ્થાનમાં બિરાજશે. પછી પ્રતિષ્ઠાવિધિ થશે."

સ્વામીએ કહ્યું : "ભલે મહારાજ !"

વળી, મહારાજે તેમને કહ્યું : "દરેક શિખર ઉપર કયા કયા હરિભક્ત સુવર્ણકુંભ ચડાવવાના છે, કોણ ધજા ચડાવવાનું છે તે બધું નક્કી કર્યું છે ?"

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કાગળ કાઢ્યો. મહારાજે તે કાગળ જોયો. બ્રહ્માનંદ સ્વામી કાગળ વાંચવા લાગ્યા : "પેટલાદના વ્રજલાલ શેઠ મધ્ય મંદિરના શિખર ઉપર સુવર્ણનો કુંભ ચડાવશે, તે શિખર ઉપર ધજા

---

૮. વાસુદેવ નારાયણ તથા હરિકૃષ્ણ મહારાજ(શ્રીજીમહારાજ)ની મૂર્તિઓ મહારાજે નારાયણજીભાઈ પાસે તૈયાર કરાવેલાં ચિત્રો અનુસાર તેઓ જાતે જ વડોદરા જઈ કંસારા પાસે બનાવરાવી વરતાલ લાવ્યા હતા.

પ્રાસાદની દક્ષિણ દીશમાંય, મૂર્તિ હરિકૃષ્ણ તણી તહાંય;
સ્થાપિત થૈને કરશે નિવાસ, એવી થઈ વાત બધે પ્રકાશ.
જે મૂર્તિનું ધ્યાન ધરી હંમેશ, સત્સંગી સૌ ચિંતવશે વિશેષ;
સર્વોપરી ઈષ્ટ છબી ગણાશે, પ્રેમે પૂજા માનસી તો કરાશે.
પ્રત્યક્ષ મૂર્તિ નહીં પ્રાપ્ત જેને, તે મૂર્તિ તો જીવનદોરી તેને;
એનો જ મોટો મહિમા મનાશે, કલ્યાણ તો તેહ થકી જ થાશે.

– શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૨૭, ૧૦-૧૨.

ઉન્નડ રાજા ચડાવશે. બીજા શિખર ઉપર સુરતના હરિભક્તો ધજા ચડાવશે. સુરતના આત્મારામ દરજીએ સુંદર કલાત્મક ધજા તૈયાર કરી હતી. દક્ષિણ મંદિરમાં વડોદરાના હરિભક્તો ધજા ચડાવશે."

એટલું વાંચી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! દક્ષિણ ભાગના મંદિરમાં ધજા ચડાવવા વડોદરા અને સુરતના હરિભક્તોને વાદ થયો છે. હવે આપ કહેશો તેમ કરીશું."

મહારાજ સાંભળી રહ્યા. તેમણે ધીરેથી કહ્યું : "સ્વામી ! તમને જેમ યોગ્ય લાગે તેમ બંને સંઘના હરિભક્તોને સમજાવજો. વાસુદેવ પણ અમારું સ્વરૂપ છે અને હરિકૃષ્ણ પણ અમારું સ્વરૂપ છે. તેમાં ભેદ માનવો નહીં."

બ્રહ્માનંદ સ્વામી મહારાજની વાતનો મર્મ સમજી ગયા.

આ.સં. ૧૮૮૧, કાર્તિક સુદ ૧૨ : વરતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા

બીજે દિવસે સવારે મહારાજ સ્નાનવિધિથી પરવારી યજ્ઞશાળામાં[૯] પધાર્યા. ત્રણે શિખરમાં સ્થાપિત કરવાની મૂર્તિઓ સિવાય હનુમાન, ગણપતિ તેમજ ઘુમટમાં સ્થાપવાની સૂર્યનારાયણ, નૃસિંહજી, શેષનારાયણ, વરાહ, મત્સ્ય, કચ્છ વગેરે સ્વરૂપોની મૂર્તિઓ પણ યજ્ઞશાળામાં પધરાવી. મુખ્ય આચાર્યે મહારાજના કપાળે ચાંદલો કરી અક્ષત ચોંડ્યા અને નાડાછડી બાંધી. મહારાજે પણ આચાર્યનું પૂજન કર્યું અને તેમના હાથે નાડાછડી બાંધી. પછી આચાર્ય વેદોક્તવિધિથી બધી જ મૂર્તિઓનું પૂજન કરાવવા લાગ્યા. બ્રાહ્મણોએ પણ વેદ-મંત્રોના ઉદ્‌ઘોષ સાથે યજ્ઞવિધિ શરૂ કરી દીધો. વરણીમાં બેઠેલા બ્રાહ્મણો વિષ્ણુસહસ્રનામ, જનમંગલ, સર્વમંગલ વગેરે સ્તોત્રોના પાઠ કરવા લાગ્યા. બહેનો મંગલ ગીતો ગાવા લાગી. શરણાઈ તથા નોબતના સ્વરોએ વાતાવરણ આહ્‌લાદક કરી દીધું. મહારાજની હાજરીમાં સર્વત્ર દિવ્યતા પ્રસરી ગઈ હતી. હજારો ભક્તો આ દિવ્ય વિધિનાં દર્શન કરવા પડાપડી કરતા હતા. પરંતુ પાર્ષદો તથા કાઠી ભક્તોની સુંદર વ્યવસ્થાથી યજ્ઞવિધિ વિક્ષેપ વિના શરૂ થઈ ગયો.

મહારાજે દરેક મૂર્તિનું વિધિ પુરઃસર પૂજન કર્યું. મહારાજના સ્પર્શથી જ મૂર્તિઓમાં દિવ્યતાનો સંચાર થયો. ત્યાં બેઠેલા ભક્તોને આ દરેક સ્વરૂપનાં દિવ્ય દર્શન થયાં અને તે બધાં જ સ્વરૂપો મહારાજની મૂર્તિમાં લીન થતાં પણ દેખાયાં ! આ દિવ્ય દર્શનથી સૌને લાગ્યું કે સર્વે અવતારના કારણ મહારાજ

૯. રામપ્રતાપભાઈનો જે બંગલો છે તેની સામે જ યજ્ઞશાળાની રચના કરી હતી.

જ છે અને તેથી જ તેમની ઈષ્ટ છબીની આરાધના અને ઉપાસના એ જ મોક્ષપ્રદ છે.

એકાદશીને દિવસે મૂર્તિપૂજા તથા મંદિરોની પૂજા, પીઠોની પૂજા વગેરે તમામ વિધિ મહારાજ પાસે વિદ્વાન બ્રાહ્મણોએ કરાવી. મહારાજે પછી કહ્યું : "આ મંદિરની, પીઠની અને શિખરોની પૂજા વિધિવત્ આપણે કરી; એટલે મંદિર હવે यावच्चन्द्र दिवाकरौ - અખંડ રહે અને સર્વ જનોના પાપને હરે. આવો મહિમા દેવમંદિરોનો છે."

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "અહીં તો સાક્ષાત્ સર્વાવતારી પ્રભુ બિરાજશે એટલે તેનો મહિમા કેટલો હોય !" મહારાજ આ સાંભળી રહ્યા.

દ્વાદશીને દિવસે પ્રાતઃવિધિ કરીને મહારાજ યજ્ઞમંડપમાં પધાર્યા. આજે મૂર્તિઓની શોભાયાત્રા નીકળવાની હતી. મહારાજે કહ્યું : "આ મંદિરની પ્રદક્ષિણા કરવી એ જ શોભાયાત્રા. હજારો ભક્તો આવ્યા છે તેમને સૌને મૂર્તિઓનાં દર્શન થાય, મૂર્તિઓ પણ દશે દિશામાં દૃષ્ટિ કરે જેથી દિગ્પાલો રીઝે અને કાર્ય નિર્વિઘ્ન થાય."

બધી જ મૂર્તિઓને પાલખીઓમાં પધરાવી. બ્રાહ્મણો વેદમંત્રોનો ઘોષ કરવા લાગ્યા. તેમની પાછળ ચાલતા બ્રહ્મચારીઓ તથા સંતો, ગીતા અને ઉપનિષદના મંત્રોનું ગાન કરવા લાગ્યા. તેમની પાછળ હરિભક્તો હતા. સૌની પાછળ બહેનો હતી. તેઓ પણ આ પ્રસંગે મંગળ ગીતો ગાતી હતી. પડઘમ, વાજાં તથા ઢોલ, શરણાઈ, નોબત વગેરેના નાદ થતા હતા. તે સાંભળી મહારાજે કહ્યું : "આ મંગલ પ્રસંગે વેદમંત્રો, ગીતા-ઉપનિષદના મંત્રો અને પુરુષસૂક્તના પાઠના જ ઘોષ થવા જોઈએ. પ્રતિષ્ઠા સમયે વાજાં વગડાવજો."

આ રીતે વેદમંત્રોના ઘોષ સાથે મૂર્તિઓની શોભાયાત્રા નીકળી. મંદિરની ફરતી પાંચ પ્રદક્ષિણા ફરીને મૂર્તિઓને નક્કી કરેલાં શિખરોની પીઠોમાં પધરાવી દીધી. ત્યારબાદ બ્રાહ્મણો મહારાજ પાસે ન્યાસવિધિ કરાવવા લાગ્યા. તે સમયે સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા કે જેટલી મૂર્તિઓ હતી તેટલાં સ્વરૂપ ધારણ કરી મહારાજ એકીસાથે દરેક મૂર્તિનો ન્યાસવિધિ કરતા હતા. આ રીતે દરેક મૂર્તિમાં તે તે દેવનું આહ્‌વાન થયું.

મહારાજનું સ્વરૂપ તો સાંગોપાંગ દિવ્ય હતું. સમગ્ર ઐશ્વર્યના પણ તેઓ નિધિ હતા. તે દિવ્યતા સદા છુપાવી મનુષ્યભાવે જ તેઓ વર્તતા. પરંતુ આવા અલૌકિક પ્રસંગે એ દિવ્યતા પ્રગટ થઈ જતી. ભક્તોને પણ એ દિવ્યતાનાં

દર્શનથી પોતાની નિષ્ઠાની દૃઢતા થતી.

પછી મહાનીરાજન કરી મહારાજ યજ્ઞશાળામાં પધાર્યા.

ભારતીય સંસ્કૃતિનું બીજ ભાગવત ધર્મમાં છે

ભારતની સંસ્કૃતિનું બીજ ધર્મમાં છે. ધર્મ ધર્મવંશીને આધારે રહ્યો છે. તે ધર્મવંશીની પ્રતિમાનું આજે પોતાના જ વરદ હસ્તે પોતે સ્થાપન કર્યું. આધ્યાત્મિક ઇતિહાસમાં એક ઐતિહાસિક પ્રસંગ આજે બની ગયો. પૂર્ણ પુરુષોત્તમ નારાયણે પોતાના અર્ચા સ્વરૂપનું પોતે જ સ્થાપન કરી પૃથ્વીનું મંગલ यावच्चन्द्र दिवाकरौ સ્થાપિત કરી દીધું. પોતાના જ પુરુષોત્તમ સ્વરૂપની ઉપાસનાનું મહત્ત્વ સમજાવ્યું. એ ઉપાસનાથી જ અંતરનો અને બહારનો અધર્મ નાશ થશે. એ શુદ્ધ ઉપાસનાની દૃઢતા કરાવવા, પોતે જ પોતાના પરમ ભાગવત સંત દ્વારા પૃથ્વીના મંગલને અખંડિત રાખશે, મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરશે અને અક્ષરધામની વાટ સદા વહેતી રાખશે.

જીવની બુદ્ધિ નાની અને અમારું સ્વરૂપ મોટું

મહારાજ યજ્ઞશાળામાં પધાર્યા અને યજ્ઞની વેદિકામાં નારિયેળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરી. સર્વત્ર જયજયકાર થઈ ગયો ! લક્ષ્મીનારાયણ દેવની જયનો ઘોષ પડઘા પાડવા લાગ્યો. મહારાજ આ સાંભળી હસ્યા. તેમને થયું કે જીવની બુદ્ધિ નાની અને અમારું સ્વરૂપ મોટું ! તે સમગ્ર રીતે જીવની બુદ્ધિમાં કેમ આવી શકે ? પરંતુ આજે હવે મંગલ પ્રારંભ કર્યો છે. તેના પાયા ભવિષ્યમાં ઊંડા નંખાશે.

પછી શિલ્પીઓને તેમના કાર્યની યોગ્યતા પ્રમાણે શિરપાવ આપી, પોતે મંદિરથી પશ્ચિમ દિશામાં બેઠક[૧૦] ગોઠવી હતી ત્યાં પધાર્યા. મહારાજ અહીં બિરાજ્યા એટલે તરત જ સંતો, હરિભક્તો મહારાજની સન્મુખ આવી સભામાં બેસી ગયા. હજારો ભક્તોની મેદનીમાં કેટલાકને બેસવાની જગ્યા મળી, કેટલાક મહારાજનાં દર્શન થાય, તેમની વાત સંભળાય તે માટે જગ્યા શોધવા પડાપડી કરવા લાગ્યા. એટલામાં મહારાજે બે હાથે તાળી પાડી એટલે સૌ સ્વસ્થ થઈ ગયા ! ઘોંઘાટ બંધ થયો અને શાંતિ પ્રવર્તી ગઈ !

પછી મહારાજે સભાને સંબોધતાં કહ્યું : "પંચાળામાં મુક્તાનંદ સ્વામીએ

૧૦. આજે જ્યાં છત્રી કરી મહારાજના ચરણારવિંદ પધરાવ્યા છે તે જગ્યા.

સંકલ્પ કર્યો હતો. તેથી અમે પ્રથમ શ્રીનગરમાં, પછી ભુજમાં અને અહીં એમ ત્રણ મંદિરો કર્યાં. હજુ પણ બીજાં થશે. મુમુક્ષુઓને પોતાનું ઉપાસ્ય સ્વરૂપ ઓળખાય અને તેની ભક્તિ કરે તે ભાવના મંદિરનિર્માણમાં છે. આજે આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી વાસુદેવની મૂર્તિ તે અમારું બાલસ્વરૂપ છે, હરિકૃષ્ણની મૂર્તિ તે અમારું પ્રત્યક્ષ સ્વરૂપ છે, પરંતુ તે બંને મૂર્તિઓમાં ભેદ માનવો નહીં અને તે મૂર્તિનું જ ધ્યાન, ભજન અને ઉપાસના કરવી. અન્ય અવતારોની મૂર્તિઓ અહીં સ્થાપી છે તે અમારાં વિભૂતિ સ્વરૂપો છે. માટે તેમનું પૂજન, અર્ચન પણ ભક્તિભાવથી કરવું.''

એટલું કહીને મહારાજે બ્રહ્મચારી નારાયણાનંદ તથા માધવાનંદને બોલાવ્યા. રણછોડ ભક્તને પણ બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : ''તમો નૈષ્ઠિક બ્રહ્મચારી છો, જિતેન્દ્રિય છો. એટલે તમારે હવે આ સ્થાનમાં રહી અહીં આ દેવનું પૂજન, અર્ચન ભક્તિભાવથી કરવાનું છે, જેથી અમે આહ્‌વાન કરેલી વિભૂતિ તે મૂર્તિમાં પ્રગટ રહે.''[૧૧]

વરતાલમાં ત્રણ દિવસથી પ્રતિષ્ઠાવિધિ પ્રસંગે પાઠાત્મક અને હોમાત્મક યજ્ઞ ચાલતો હતો. બ્રાહ્મણોને બંને પ્રકારે આનંદ હતો. પાઠાત્મક યજ્ઞમાં દક્ષિણા મળતી, હોમાત્મક યજ્ઞમાં ભોજન મળતું. મહારાજે સર્વ પ્રકારે ભંડાર ખુલ્લા મૂકી દેવાની આજ્ઞા કરી હતી. પોતે જાતે પીરસતા અને સૌને અમૃતમય પ્રસાદી જમ્યાનો આનંદ થતો.

વરતાલવાસીઓને આશ્ચર્ય થતું કે મંદિરના કામમાં જ્યાં પગલે પગલે નાણાંની ભીડ પડતી, ત્યાં આજે લાખો મનુષ્યોને જમાડવાની સામગ્રી ક્યાંથી આવી રહી છે ! પરંતુ જેમને આશ્રયે રિદ્ધિ અને સિદ્ધિ રહ્યા છે તે પરમાત્માની લીલા સદા અકળ જ હોય છે. મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા અન્ય સદ્‌ગુરુઓને કહ્યું હતું : ''પૂનમ સુધી બ્રાહ્મણોને, અન્નાર્થીઓને જમાડવા. ત્યાં સુધી હોમાત્મક યજ્ઞ ચાલુ રાખવો.''

મહારાજ સુરત પધારે તો જ અમે સમાધાન કરીએ

પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! દક્ષિણ શિખર

---

૧૧. *ધર્મી ભલા પૂજક હોય જ્યાંય, રહે તહા દૈવત દેવમાંય;*
અધર્મીના સ્પર્શ થકી જરૂર, દેવો તણું દૈવત જાય દૂર.
– શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૩૦.

ઉપર ધજા ચડાવવા માટે સુરતના ભક્તો અને વડોદરાના ભક્તોમાં જે ખેંચતાણ થતી હતી તેનું સમાધાન કરી દીધું. એટલે વડોદરાના ભક્તોએ તે ધજારોપણ કર્યું. પરંતુ સુરતના ભક્તોએ એવી શરત કરી છે કે 'મહારાજ જો સુરત પધારે તો જ અમે સમાધાન કરીએ.' તેમની શરતથી હું બંધાયો છું. તેથી આપને અનુકૂળતાએ સુરત પધારવું પડશે."

મહારાજ ભક્તોની ભાવનાથી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "ભલે સુરત જઈશું. તેમને સૌને કહો કે સુરત જાય અને તૈયારી કરે.".

બ્રહ્માનંદ સ્વામીને આ સાંભળી આનંદ થયો.

મહારાજ પાટ ઉપર બિરાજ્યા હતા. એટલે જુદા જુદા દેશથી આવેલા હરિભક્તોના સંઘે મહારાજની આ શુભ પ્રસંગે પૂજા કરી. ભેટ ધરવા આજ્ઞા માંગી. મહારાજે તરત જ કહ્યું : "ભલે, તમારો એ મનોરથ પણ પૂર્ણ કરીએ !" એટલે દેશ અને ગામવાર હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. મહારાજનું પૂજન કરી કોઈક થાળ ભરી રૂપિયા મૂકતા તો કોઈ વસ્ત્રો, અલંકારો મૂકતા. થોડી વારમાં મહારાજ પાસે વસ્ત્ર, અલંકાર અને રૂપિયાના ઢગલા થઈ ગયા.

એટલામાં બુરાનપુરનો સંઘ આવ્યો. તેમણે મહારાજની પૂજા કરી, બહુ જ કિંમતી પોષાક મહારાજને ધરાવ્યા. સાથે સાથે વેઢ, વીંટી, કડાં, સાંકળાં, ઊતરી વગેરે સુવર્ણનાં ઘરેણાં પણ ધરાવ્યાં. મહારાજ તે પોષાક જોઈ પ્રસન્ન થયા. બ્રહ્માનંદ સ્વામીએ તે જોયું. તેમને મનમાં થયું કે મહારાજ જે અત્યંત સુંદર વસ્તુ હોય તે બ્રાહ્મણને આપી દે છે. એટલે જરૂર આ પોષાક મહારાજ હમણાં કોઈ બ્રાહ્મણને આપી જ દેશે. તેમણે તે પોષાક તરત જ લઈ લીધો.

મહારાજે પૂછ્યું : "કેમ આજ પોષાક લઈ લીધો ?"

ત્યારે તેમણે કહ્યું : "કાલે આપને પહેરાવવો છે એટલે." મહારાજ કાંઈ બોલ્યા નહીં, પરંતુ મનમાં હસ્યા.

નારાયણ અને નરની મૂર્તિઓ બુરાનપુર અને નિમાડ જાય છે

પછી બુરાનપુરના હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! અમે દૂર દેશમાં રહીએ છીએ તેથી ગુજરાતમાં દર્શન માટે વારંવાર ન અવાય. તેથી આપ જો આ નારાયણની મૂર્તિ અમને આપો, તો અમે લક્ષ્મીજીની સાથે તે અમારે ગામ પધરાવીશું અને નિત્ય દર્શન અને સેવાનો લાભ લઈશું."

મહારાજ તેમની માગણીથી પ્રસન્ન થયા. તે વાત સાંભળી નિમાડ દેશમાં ધરગામના ભક્તોએ પણ મહારાજ પાસે નરની મૂર્તિની માંગણી કરી. તેમણે કહ્યું : "મહારાજ ! આ પ્રસાદીની મૂર્તિ છે. ઘણાં વર્ષો આપે પૂજેલી છે. તે અમને મળે તો તેનું નારાયણ નામ ઠરાવી લક્ષ્મીજી તેમની સાથે પધરાવીએ. એટલે અમને પણ દર્શન, પૂજન અને સેવાનો લાભ મળે."

મહારાજે બંને દેશના હરિભક્તોને તે પ્રસાદીની મૂર્તિઓ આપી દીધી.

આજે લક્ષ્મીનારાયણ દેવને સાદા પોષાક ધરાવજો

બીજે દિવસે બ્રહ્માનંદ સ્વામીએ માધવાનંદ બ્રહ્મચારીને કહ્યું : "આજે લક્ષ્મીનારાયણ દેવને સાવ સાદા પોષાક ધરાવજો."

બ્રહ્મચારીએ સ્વામીની આજ્ઞા પ્રમાણે દેવને સાદા પોષાક ધરાવ્યા. મહારાજને બ્રહ્માનંદ સ્વામીએ બુરાનપુરના ભક્તોએ આપેલ કીમતી પોષાક તથા અલંકારો પહેરાવ્યા. મહારાજ તે વસ્ત્ર અલંકારો પરિધાન કરી દર્શન કરવા આવ્યા. મૂર્તિઓના સાવ સાદા પોષાક જોઈ મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : "દેવને આવા સાદા શણગાર કેમ ધરાવ્યા છે ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "ઠાકોરજી તો આપની પાસે અરજી કરે છે કે અમારા આવા દરિદ્ર હાલ છે !"

તે સાંભળી મહારાજે કહ્યું : "સ્વામી ! અમારા માટે સાદા પોષાક હમણાં જ મંગાવો."[૧૨] તરત જ મહારાજનાં શ્વેત વસ્ત્રો મંગાવ્યાં. તે પહેરી મહારાજે કિંમતી વસ્ત્રાભૂષણો દેવને અર્પણ કરી દીધા. બ્રહ્માનંદ સ્વામીને લાગ્યું કે યુક્તિ ફળી !

વહેવાર પ્રમાણે વર્તવું જોઈએ

પૂજામાં ભેટ સામગ્રી એટલી બધી આવી કે મંદિર નિર્માણના કાર્યમાં જે દેવું થયું હતું તે ચૂકવાઈ ગયું. મહારાજે તેમાંથી ભગા દોશીએ આપેલી રકમ પણ તેમને આપી દીધી અને મૂળીનાં રાજુબાનો ચંદનહાર તેમને પહોંચાડી દેવાની આજ્ઞા કરી. ભગા દોશીએ તરત જ મહારાજને કહ્યું : "મહારાજ ! હાર હું પહોંચાડી દઈશ, પરંતુ રકમ આપ મારા તરફથી સેવામાં રાખો."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "શેઠ ! આ તો

૧૨. શ્રીહરિની અદ્‌ભુત વાર્તા-૧૭૫; લેખક : અદ્‌ભુતાનંદ સ્વામી.

વહેવાર છે એટલે તે પ્રમાણે વર્તવું જોઈએ. તમે સેવા ઘણી કરો છો અને વળી ભવિષ્યમાં પણ તમારી પાસેથી સેવા લેવાની છે. માટે આ રકમ તો તમારે લેવી જ પડશે." મહારાજની આ આજ્ઞા હતી. ભગા દોશીએ જાણ્યું કે મહારાજ પ્રસન્ન હતા. ભવિષ્યમાં સેવા લેશે તે લાભ મળશે એટલે રકમ લઈ લીધી. મહારાજને લોભ કેમ મુકાવવો તે આવડતું હતું.

વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવ બિરાજ્યા. લક્ષ્મીજીએ આ સ્થળે તપ કર્યું હતું. મહારાજ પણ વનવિચરણ દરમ્યાન એ જ સ્થળે આવી બિરાજ્યા હતા. ત્યારથી તેમણે સંકલ્પ કર્યો હતો કે લક્ષ્મીજીને તેમનાં તપનું ફળ આપવું. તે ફળ આજે આપ્યું.

બ્રહ્મચર્ય ધર્મ રહેશે તો ભક્તિની સિદ્ધિ થશે

પૂનમે સવારે મહારાજે મોટેરા સદ્‌ગુરુઓને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "કાલે અમે નીકળીશું. અહીં દેવના પૂજન-અર્ચન માટે જે વ્યવસ્થા કરી છે તે પ્રમાણે સેવા કરવી અને આ તીર્થસ્થાનની પવિત્રતા જળવાય તે અનુસંધાન અખંડ રાખવું. પૂર્વે ભગવાનના ઘણા અવતારો થઈ ગયા, પરંતુ મોક્ષ માર્ગની રીત જે રીતે ચાલવી જોઈએ તે રહી નથી. ગીતામાં કહ્યું છે કે यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः। મોટાપુરુષ જે પ્રમાણે આચરણ કરે, તેને અન્ય લોકો અનુસરે છે. તેથી અમે ધર્મ સહિત ભક્તિ પ્રવર્તાવી. બ્રહ્મચર્ય ધર્મ રહેશે તો ભક્તિની સિદ્ધિ થશે. સ્ત્રી-પુરુષો વચ્ચે મર્યાદાની દીવાલ મૂકી દીધી, જેથી સંતો અને હરિભક્તોનો ધર્મ સદા સુરક્ષિત રહે. અમે રોજ લક્ષ્મીનારાયણ દેવની એકસો ને આઠ પ્રદક્ષિણા કરીએ છીએ, તે એટલા માટે કે લોકોમાં ભક્તિભાવ અને મહિમા વધે અને તમે બધા અનન્ય ભક્ત બનો."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! અમે શું એવા અનન્ય ભક્ત નથી થયા ?"

એટલે મહારાજે કહ્યું : "ભક્ત તો થયા છો, પરંતુ અનન્ય નહીં. જેને અમારા સિવાય બીજાનો આશ્રય ન રહે તે અનન્ય ભક્ત કહેવાય."[૧૩]

મધ્ય મંદિરમાં કોનું સ્વરૂપ હોવું જોઈએ તે મર્મ બ્રહ્માનંદ સ્વામી તથા મોટેરા સદ્‌ગુરુઓ મહારાજના આ શબ્દોથી સમજી ગયા !

---

૧૩. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત 'શ્રીહરિની અદ્‌ભુત વાર્તા.'
– સંપાદક : શાસ્ત્રી હરિજીવનદાસ, વરતાલ. પા. ૩૦૮-૩૦૯.

ગોમતીજીની સ્થાપના

તે જ દિવસે સાંજે મહારાજે ધારૂ તળાવ જ્યાં હતું તે જ સ્થળે ગોમતીજીની સ્થાપના કરવાનું નક્કી કર્યું. તે તળાવની જમીનનો લેખ તો થઈ ગયો હતો. મહારાજે મોટેરા સંતોને કહ્યું : "સચ્ચિદાનંદ સ્વામી ધર્મકુળ સાથે દ્વારિકા ગયા હતા. રણછોડજીનાં દર્શન, પૂજન અને છાપ માટે ત્યાંના ગૂગળી બ્રાહ્મણોનો કેવો ત્રાસ છે તે અનુભવ કરીને આવ્યા હતા. આ ત્રાસથી અકળાઈ તેમણે રણછોડજીની આરાધના કરી. રણછોડજીએ તેમને દર્શન દીધાં અને કહ્યું : 'અમારાં દર્શન, પૂજન, અર્ચન, છાપ બધું જ વિનામૂલ્યે થવું જોઈએ. આ તો મોક્ષનું સ્થાન છે. પરંતુ અહીં આ ગૂગળી બ્રાહ્મણો યાત્રાળુઓને જે ત્રાસ આપે છે, પૂજારી પણ અમારાં પૂજન-અર્ચનમાં જે પવિત્રતા રાખવી જોઈએ તે નથી રાખતા. તેથી અમો આ સ્થાનમાં નથી જ. તમારી આરાધનાથી પ્રસન્ન થઈ તમને મેં દર્શન દીધાં છે, પરંતુ સ્થાન હવે બદલવું જ છે.' એટલે રણછોડજીને અહીં પધરાવીશું અને ગોમતીજીની પણ સ્થાપના કરવી છે. તે કામ માટે હવે તૈયારી કરજો."

સંપ્રદાયની પુષ્ટિ સાહિત્યથી થાય

પછી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે તો તમારું તમામ કળા-કૌશલ્ય આ મંદિર નિર્માણ કરવામાં વાપરી દીધું છે. બહુ જ ભક્તિભાવથી કાર્ય કર્યું છે. પરંતુ તમારા જેવા વિદ્વાન કવિરાજ આ કાર્યમાં જ જો પ્રવૃત્ત બની રહે, તો પછી સંપ્રદાયની પુષ્ટિ જે સાહિત્યથી થવી જોઈએ તે અટકી જાય. અમારા સ્વરૂપના મહિમાનાં, ભક્તિનાં જે કીર્તનો તમે રચતા હતા, તે કામ કેટલાય સમયથી બંધ થઈ ગયું છે. એટલે હવે તમારે અમારી સાથે જ રહેવાનું છે."

બ્રહ્માનંદ સ્વામી મહારાજનો હેતુ સમજી ગયા. ગઢપુરમાં સભામાં જ પોતે કહ્યું હતું : 'સ્વામી ! અમે તમારી માતા બનીશું, તમને સાચવીશું. કોઈ રીતે તમને કષ્ટ નહીં પડવા દઈએ.' આજે ખરેખર મહારાજ મારી રક્ષા કરી રહ્યા છે.

તેમણે તરત જ કહ્યું : "ભલે મહારાજ ! મારે તો આપની આજ્ઞા એ જ જીવન છે. હું આપની મૂર્તિ સિવાય બીજે ક્યાંઈ બંધાવા ઇચ્છતો નથી. મારી

ઝોળી મેં તૈયાર જ રાખી છે.''

મહારાજ તેમની સરળતાથી, આજ્ઞા પાળવાની તત્પરતાથી પ્રસન્ન થયા.[૧૪]

---

૧૪. રાજ્યકવિ માવદાનજી રચિત 'બ્રહ્મસંહિતા'માં નોંધેલી એક હસ્તલિખિત પ્રતમાંથી આ હકીકત મળી આવે છે.

મારવાડ પ્રદેશમાં ભયંકર દુકાળ પડવાથી એ દેશના ઘણા લોકો તથા સ્વામીની જન્મભૂમિ ખાણ ગામથી તેમજ આસપાસનાં બીજાં ગામોમાંથી સ્વામીના જ્ઞાતિજનો અને સંબંધીઓ ગુજરાત દેશમાં ગુજરાન માટે આવ્યા હતા. તે વખતે મંદિરનું બાંધકામ ધમધોકાર ચાલતું હતું. તેમાં સ્વામીના સંબંધીઓ પણ મજૂરી કરી પોતાનો નિભાવ કરતા હતા. સાત, આઠ માસ મંદિરનું કામ ચાલ્યું. ચોમાસું આવ્યું અને દેશમાં વરસાદ સારો થયો. તેથી તેઓ બધા પોતાના વતન પાછા ફરવા વિચાર કરતા હતા. પણ પ્રતિષ્ઠા ઉત્સવનાં દર્શન કરવા તેમાંના ઘણાખરા રોકાયા. તેથી કેટલાક વિઘ્ન સંતોષીઓએ ઈર્ષ્યાના આવેશમાં મહારાજ પાસે જઈને ફરિયાદ કરતાં કહ્યું : ''મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી તો આ દેશમાં ભગવાન થઈને પૂજાય છે, તેમના દેશના લોકોને અને સગાં-સંબંધીઓને તેડાવીને મંદિરમાં રાખ્યા છે. જો અત્યારથી ચેતીશું નહીં, તો તે સૌ મંદિરના ધણી થઈને બેસી જશે. માટે ધ્યાન રાખવા જેવું છે.''

મહારાજ તો અંતર્યામીપણે સઘળી હકીકત જાણતા હતા. પરંતુ બ્રહ્માનંદ સ્વામી માટે આ ખોટી ઉપાધિ ઊભી થઈ હતી, તે તેમને ટાળવી હતી. તેથી તેમણે બ્રહ્મમુનિને વરતાલ છોડીને પોતાની સાથે આવવા આજ્ઞા કરી.

'સ્વામિનારાયણ વિચરણ લીલામૃત'માં સદ્ગુરુ પ્રસાદાનંદ સ્વામી આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખે છે :

આવી'તી બ્રહ્માનંદને ભાગ્ય, તે ઉપાધિનો કરાવ્યો ત્યાગ;
એવે સમામાં વિઘ્ન ટાળી, નિજ સમીપની સેવા આપી. વિશ્રામ-૮૪

બ્રહ્માનંદ સ્વામીએ પણ આ પ્રસંગનો પોતાના કાવ્યમાં ઉલ્લેખ કરતાં લખ્યું છે :

ભરી સભામાં ભૂધરજી, તમે માડી થયા છો મારી રે,
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે;
જેવો તેવો પણ પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,
પેટે પડ્યો તે અવશ્ય પાળવો, વાલમ જુઓને વિચારી રે;

બીજા પદમાં સ્વામી લખે છે :

સહુ દેખતા શ્યામળીયા તમે, માડી થયા છો માવા રે,
છોરુંની ચિંતા રાખીને, મા દેશો મુઝાવા રે.

ઉદ્‌ગીથ ૨



શ્રીહરિની સુરતમાં પધરામણી

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૪)

ભક્તિની વ્યાખ્યા

શ્રીહરિને સુરતના હરિભક્તોનું આમંત્રણ હતું. તેથી સુરત જવાનું હતું. વરતાલમાં પ્રતિષ્ઠા સમયે સુરતના હરિભક્તોએ પોતાના શહેરમાં મહારાજને પધરાવવા, દક્ષિણ શિખરમાં ધ્વજરોપણ કરવાનો આગ્રહ છોડી દીધો હતો અને સરળ બની ગયા હતા. મહારાજ તેમની સરળતાથી પ્રસન્ન થઈ ગયા અને સુરત આવવાનું તેમનું આમંત્રણ સ્વીકારી લીધું. મહારાજને તે વાતની સ્મૃતિ કરાવવા મુનિબાવા મહારાજ પાસે આવ્યા.

મહારાજે મુનિબાવાને જોઈને જ કહ્યું : "મુનિબાવા ! અમે સુરત આવવાની તૈયારી કરીએ છીએ. તમે થોડા સંતો લઈ આગળ જાઓ અને ત્યાં તૈયારી કરાવો."

મુનિબાવા આ સાંભળી પ્રસન્ન થયા. મુનિબાવા પાછા વળતા હતા ત્યાં એકાએક મહારાજે તેમને પૂછ્યું : "આ પંચકેશ વધાર્યા છે તે ક્યારે ઉતારશો ?"

મુનિબાવાએ હસીને કહ્યું : "મહારાજ ! આપ સુરત પધારશો ત્યારે જ આ પંચકેશ ઊતરશે. અમારો આગ્રહ તો ઘણા વખતથી હતો. વળી, અરદેશર શેઠ પણ આપનાં દર્શન માટે આતુર બની ગયા છે. આપ ભક્તાધીન છો, છતાં દેશકાળ પ્રમાણે વર્તો છો. તમારા ચરિત્રમાં બ્રહ્મા જેવા પણ ભૂલા પડે છે, તો અમારું શું ગજું ?"

મહારાજ તેમની ભોળી વાણી સાંભળી હસ્યા. પછી કહ્યું : "બ્રહ્મા તો મોહ પામે જ. પણ તમે તો ભક્ત છો. ભક્ત મોહ ન પામે અને મોહ પામે તો ભક્ત નહીં. તેને તો અમારા દિવ્ય ચરિત્રમાં અને મનુષ્ય ચરિત્રમાં સદા સમભાવ જ હોય !" મુનિબાવા ભક્તની વ્યાખ્યા સમજી ગયા ! તેમને થયું કે

મહારાજ બુદ્ધિયોગ આપે તો જ સાચા ભક્ત થવાય.

મહારાજની આજ્ઞા લઈ મુનિબાવા સંતમંડળને લઈને સુરત જવા નીકળી ગયા. મહારાજ પણ તૈયાર થઈ ગયા. કાઠી દરબારો દાદાખાચર, સુરાખાચર, નાગમાલો, સોમલાખાચર, વસ્તાખાચર, મોકાખાચર, અલૈયાખાચર, માણસિયા-ખાચર, વેલાખાચર, અમરાખાચર, માતરા ધાધલ તેમજ શોભારામ શાસ્ત્રી, રઘુનાથ શાસ્ત્રી વગેરે તૈયાર થઈ ગયા. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા અન્ય સુદ્‌ગુરુઓને માટે મહારાજે ગાડી તૈયાર કરાવી. બ્રહ્માનંદ સ્વામીએ વરતાલ મંદિરમાંથી ગાડું લીધું.

મહારાજ સંતો, હરિભક્તો, પાર્ષદોના સંઘ સાથે વરતાલથી નીકળ્યા. જોળ ગામ થઈને વલાસણ પધાર્યા. અહીં થોડું રોકાઈને સીધા બોચાસણ પધાર્યા. બોચાસણમાં મહારાજ કાશીદાસ મુખીને ત્યાં ઊતર્યા. સંતોને જૂના મંદિરમાં ઊતાર્યા. ધર્મકુળને તથા અન્ય ભક્તોને પણ યથાયોગ્ય ઉતારા અપાવ્યા.

આ ધામની ખ્યાતિ સમુદ્રને પેલે પાર પ્રસરી જશે

કાશીદાસના મકાન પાસેના વિશાળ પ્રાંગણમાં મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. સંત, હરિભક્તોની સભા મહારાજની સન્મુખ થઈ. સંતોએ કીર્તનો ગાયાં. મહારાજે થોડી ઉપદેશની વાતો કરી. એટલામાં રસોઈ તૈયાર થઈ ગઈ એટલે મહારાજ જમવા પધાર્યા. જમીને પછી સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. કાશીદાસ મહારાજ સન્મુખ ઊભા રહી, સ્થિર દૃષ્ટિથી મહારાજનાં દર્શન કરી રહ્યા હતા. તેમની આંખોમાંથી હર્ષનાં અશ્રુ પડતાં હતાં. મહારાજ તેમની સામું જોતાં અને મંદ હાસ્ય કરતા. સંતોની પંક્તિમાં મહારાજ પીરસી રહ્યા એટલે બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવરાવ્યા. મહારાજ પછી કાશીદાસ પાસે આવ્યા. તેમને ખભે હાથ મૂકી બોલ્યા : "કાશીદાસ ! તમારાં ભાગ્ય અપાર છે."

"હા, મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અક્ષરાધિપતિ અમારે ઘેર પધાર્યા તેથી રૂડાં બીજાં કયાં ભાગ્ય હોઈ શકે ? આ ભૂમિને આપે ખૂબ પાવન કરી છે અને આજે પણ અત્રે પધારી અમને ધન્ય કરી દીધા." કાશીદાસે હાથ જોડી કહ્યું.

"કાશીદાસ ! આ ભૂમિ ખરેખર પવિત્ર બની ગઈ છે. અમારા સંબંધથી અહીં મોટું તીર્થધામ થઈ જશે. સમુદ્રને પેલે પાર પણ આ ધામની ખ્યાતિ પ્રસરી જશે." મહારાજે અત્યંત પ્રસન્ન વદને કહ્યું. કાશીદાસ આ સાંભળી કૃતાર્થ બની ગયા !

મારા પગમાં ઊડણ પાવડી જેટલી ઝડપ આવી ગઈ

મહારાજ બોચાસણથી બીજે દિવસે નીકળી ગયા. દેવાણ થઈને મહીસાગર ઊતર્યા. અહીં મુનિબાવા બે સંતો અને સુરતના થોડા હરિભક્તોને લઈને મહારાજની સન્મુખ આવ્યા. તેમને જોઈ મહારાજને આશ્ચર્ય થયું ! મહારાજે પૂછ્યું : "મુનિબાવા ! તમે ક્યારે સુરત પહોંચ્યા, ક્યારે ત્યાં બધી તૈયારી કરી અને ક્યારે અહીં આવ્યા ? કોઈ ઊડણ પાવડી મળી ગઈ હતી ?"

મુનિબાવાએ હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! આપ સુરત પધારવાના છો, તેથી જ મારા પગમાં ઊડણ પાવડી જેટલી ઝડપ આવી ગઈ. સુરત પહોંચી જે તૈયારી કરવાની હતી તેની સૂચના ત્યાંના હરિભક્તોને આપી, ત્યાંથી તરત જ નીકળી ગયો. સુરતના હરિભક્તોને અપાર આનંદ થયો છે. તેથી આપનું સન્માન કરવા તેમના તરફથી આ બે હરિભક્તો પણ સાથે આવ્યા છે."

મહારાજ તેમને જોઈ પ્રસન્ન થયા. એટલામાં ગામ શારદના રાજપૂત હરિભક્ત રેવાભાઈ મહારાજ પાસે આવ્યા. મહારાજને પોતાને ગામ એક દિવસ માટે પણ પધારવાનો તેમણે આગ્રહ કર્યો. મહારાજે તેમને કહ્યું : "આ મુનિબાવાનો વેગ એટલો છે કે ઠેઠ સુરતથી અમને લેવા અહીં સુધી આવ્યા છે. માટે તમારે ત્યાં વળતાં આવીશું."

એમ કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા અને સંઘ સાથે કારેલી ગામ પધાર્યા. અહીં રાત્રે મોકાખાચરને વીંછી કરડ્યો. તેની અત્યંત પીડા તેમને થવા લાગી. મહારાજે ઘી અને ખાંડ મંગાવી તેમને પાયાં અને વીંછીના ડંખ ઉપર સાબુ અને અફીણનું તેલ ચોપડાવ્યું. થોડી વારે તેની પીડા શાંત થઈ. પછી મહારાજે મોટેરા સંતો સિવાય બીજા સંતોને કહ્યું : "તમે સૌ આ મહીકાંઠાનાં ગામડાંમાં મંડળ લઈ ફરો. અમે જ્યારે બોલાવીએ ત્યારે અમારી પાસે આવજો."

મહારાજની આ આજ્ઞા સાંભળી સંતો તરત જ મહારાજને દંડવત્ કરી નીકળી ગયા. મહારાજ તેમને જતા જોઈ રહ્યા. પછી ધીરેથી બોલ્યા : "કેટલા સરળ છે મારા સંતો ! આજ્ઞા પાળવા ઉપર જ તેમનું અખંડ અનુસંધાન છે !"

અમને તો સંત વગર નિદ્રા જ આવતી નથી

એટલે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આવા પ્રસંગે તો સંતોનો સમૂહ હોય તો જ પ્રસંગ શોભે. સુરત જેવું મોટું શહેર, ત્યાંના અરદેશર

કોટવાલ મોટા રાજકીય પુરુષ, ત્યાં તો આપણે દબદબાથી જવું જોઈએ."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. પછી બોલ્યા : "તમે એકે જ આ કહ્યું, બીજા કોઈ મોટેરા સદ્‌ગુરુ બોલ્યા નહીં અને આ મુનિબાવા તેડવા આવ્યા છે તેમણે પણ આગ્રહ ન કર્યો. અમને તો સંત વગર નિદ્રા જ નથી આવતી."

મહારાજની વાત સાંભળી મોટેરા સદ્‌ગુરુઓને પોતાની ભૂલ સમજાણી. મુનિબાવાને પણ દુઃખ થયું. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમને એમ કે આપની મરજી સંતોને સાથે રાખવાની નહીં હોય."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ભેગા રહો તો અમારી મરજી યથાર્થ જણાશે. આ મહાનુભાવાનંદ કેમ સમજી ગયા ?" આ સાંભળી મુનિબાવાએ એકદમ કહ્યું : "મહારાજ ! ઘોડા ઉપર પાર્ષદોને જલદી મોકલો અને સંતોને પાછા બોલાવો." મહારાજે તેમનો ભાવ જોઈ પાર્ષદોને મોકલ્યા અને કહ્યું : "જે માર્ગે અવાય તે માર્ગે અમને સુરતમાં ભેગા થાય."

મહારાજ કારેલીથી નીકળી વહેલી સવારે આમોદ પધાર્યા. અહીંના દીનાનાથ ભટ્ટને મહારાજનો સંબંધ સંવત ૧૮૬૪માં જ્યારે મહારાજ માંડવી પધાર્યા ત્યારે થયો હતો. તેમની પાસે મહારાજે શ્રીમદ્‌ભાગવતની કથા સાંભળી હતી. તેમની વિદ્વત્તાથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા હતા. ત્યારથી દીનાનાથ ભટ્ટને મહારાજ પોતાની સાથે જ રાખતા. મુક્તાનંદ સ્વામીના યોગથી તેમને સત્સંગનું હાર્દ સમજાયું હતું. તેમના મોટાભાઈ લક્ષ્મીરામ પણ ભક્તરાજ હતા.

આત્યંતિક કલ્યાણની વાત માત્ર સ્વામિનારાયણ ધર્મમાં જ છે

દીનાનાથ ભટ્ટની વિદ્વત્તા અજોડ હતી. તે ઉત્તમ કોટિના કવિ પણ હતા. મહારાજના મહિમાનાં સ્તોત્રો તેમણે ઘણાં રચ્યાં હતાં. પરંતુ મહારાજના સર્વોપરી સ્વરૂપની વાત નિધડક પણ તેઓ કહી શકતા નહીં. તેઓ કહેતા : "ભગવાન જ્યાં પ્રગટ થાય ત્યાં પંચ ઇંદ્રિયોના વિષયનું ખંડન હોય, ઇંદ્રિયોનો નિગ્રહ હોય અને એકાંતિક ધર્મનું પ્રતિપાદન થતું હોય. નારી અને ધનને જે બંધનરૂપ માને તેને પ્રગટ ભગવાન મળે છે. ભગવાન જેમનામાં પ્રગટ હોય તેવા સંતથી જ પ્રગટ ભગવાનનું જ્ઞાન થાય છે. તે જ્ઞાનથી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. એટલે તેવા સંત મોક્ષના દ્વારરૂપ છે.[૧૫] આત્યંતિક કલ્યાણની વાત

૧૫. *નારી, ધન યહ તાકુ, બંધન કરી માનત રહે;*
તેસે જન જો વાકુ, પ્રગટ તેહી ભગવાન મીલે...૧૬ ➤

માત્ર સ્વામિનારાયણના ધર્મમાં જ છે એ નિશ્ચિત વાત છે."

સંતને સેવે તેનો ભવરૂપી રોગ નાશ પામે છે

શ્રીહરિ આમોદથી નીકળી બુવા પહોંચ્યા. અહીંના પાટીદાર ભક્તો કાનદાસ તથા ગુલાબદાસ સત્સંગમાં આગેવાન હતા. તેમણે મહારાજને આગ્રહ કરીને રોક્યા. મહારાજ તેમના ભવનમાં ઊતર્યા. સ્નાનવિધિથી પરવારી પુરમાં શંકરનું મંદિર હતું ત્યાં ચોતરો હતો, તે ઉપર ઢોલિયો ઢળાવીને મહારાજ બિરાજ્યા. સન્મુખ સંતો-હરિભક્તોની સભા થઈ ગઈ. એટલામાં આમોદથી દીનાનાથ ભટ્ટ આમોદના કુમારદાસ તથા બીજા બે-ત્રણ સરકારી અધિકારીઓને લઈને મહારાજનાં દર્શન કરવા આવ્યા.

તેમને મુમુક્ષુ જાણી મહારાજે શુદ્ધ સત્સંગનું રહસ્ય સમજાવતાં કહ્યું : "તમો અહીં આવ્યા તો સંતનાં દર્શનનો લાભ મળ્યો. તે લાભ તત્કાળ દેખાતો નથી. પરંતુ સત્પુરુષ સદા અવિનાશી સુખ આપે છે. એમને પ્રગટ ભગવાનનો યોગ છે. તેથી એવા સંતને જે સેવે તેનો ભવરૂપી રોગ નાશ પામે છે."[૧૬] એટલી વાત કરી મહારાજ જમવા પધાર્યા. સંઘને પણ જમાડ્યો. પછી ત્યાંથી નીકળી મહારાજ ભરૂચ પધાર્યા. અહીં વાડીમાં ઊતર્યા.

અહીં સ્નાનવિધિથી પરવારી સૌએ ટીમણ કર્યું. એટલામાં મુનિબાવાના દિલ્હીવાસી શિષ્ય તુઈરામ મહારાજનાં દર્શને આવ્યા. જમીને પછી જ જવા માટે તેમણે મહારાજને આગ્રહપૂર્વક કહ્યું. પરંતુ મહારાજે કહ્યું : "અંકલેશ્વર જઈને જમીશું. તમો અમને હોડી કરી રેવા નદી પાર કરાવી દ્યો." તુઈરામ આ સેવાથી રાજી થયા.

વહાણના ખારવાને મહારાજ પ્રસાદીનું શેલું આપે છે

તુઈરામ તરત જ ત્યાંથી સરકારની કચેરીમાં ગયા. તે સમયે નદી

જીનકું પ્રગટ ભગવાન જેહા, મીલે એસે સંતસે તેહા;
પ્રગટ ભગવાન કે હોત હિ જ્ઞાના, તા બીન કોઈ ન દ્વાર હોના...૧૭
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૭, તરંગ-૨૨.

૧૬. *પ્રગટ ભગવાન કે ભયે યહ જોગા,ત ઈનકુ સેવત હોત અરોગા;*
સંસૃતિ સમન રોગ હિ કેહી, સબ રોગમે અધિક હે તેહી...૩૪
— શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૭ તરંગ-૨૬.

ઊતરવા માટે સરકારની પરવાનગીની જરૂર પડતી. અંગ્રેજ સરકારના અમલદારોને મહારાજ પ્રત્યે તેમજ તેમનાં કાર્યો પ્રત્યે અનુરાગ હોવાથી તરત જ ચાર વહાણોનો પરવાનો લખી મોકલ્યો. મહારાજ સાથે રથ, ઘોડા, વેલ વગેરે હતા. તે બધા જ આ ચાર મોટા વહાણમાં સમાઈ જાય તેમ હતું. પરવાનો લઈને તુઈરામ મહારાજ પાસે આવ્યા. બે વહાણમાં સંતો બેઠા. બીજા એક વહાણમાં શ્રીહરિ અને તેમના પાર્ષદો બેઠા. તુઈરામ પણ મહારાજની સાથે જ હતા. ચોથા વહાણમાં ઘોડા, ગાડાં, રથ, વેલ વગેરે ચઢાવી દીધાં. શ્રીહરિ નદીની શોભા નીરખતા તેના દક્ષિણ કાંઠે ઊતર્યા. મોકાખાચરે મહારાજને પોતાને ખભે બેસારી કિનારે ઉતાર્યા. કિનારે ઊતરીને મહારાજે મોટા ખારવાને પ્રસાદીનું શેલું ભેટ આપી દીધું.

રેવા નદી ઊતરી મહારાજે તેમાં પોતાના સર્વે સખા સાથે સ્નાન કર્યું. તુઈરામે પણ આ લાભ લીધો. સ્નાનવિધિ બાદ મહારાજ ત્યાંથી ચાલ્યા અને અંકલેશ્વરના બજારમાંથી સોંસરવા શહેર બહાર નીકળી ગયા. અહીં એક સ્વચ્છ મેદાનમાં મુકામ કર્યો. બાજુમાં મીઠા પાણીના જળની વાવ હતી. મહારાજ માટે ગોપાળજી તથા નંદરામે ખીચડી બનાવી. સંઘ પાસે જે ટીમણ હતું તેમજ બરફીની માટલીઓ હતી તે બધું સંઘના હરિભક્તોને જમાડી દીધું. પછી મહારાજે સૌને કહ્યું : "દોઢ પહોર રાત રહે ત્યારે અહીંથી નીકળવાનું છે. સૌએ સાથે જ ચાલવું." એમ કહી મહારાજ પોઢી ગયા.

વહેલી સવારે મહારાજ નીકળ્યા. બે ઘડી દિવસ ચડ્યો ત્યારે ચોકીની નદી આવી. નદીમાં પાણી ઓછું હતું. તેથી અશ્વ ઉપર બેસીને જ શ્રીહરિ નદી ઊતર્યા. મહારાજ સાથે નદીમાં સૌએ સ્નાન કર્યું. મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરી નદીના પટમાં આસન ઉપર બિરાજમાન થયા. તેમની સામે બેસીને મોકાખાચર માથે ઓઢી ધ્યાનમાં બેસી ગયા. તે જોઈ સુરાખાચર હસતાં હસતાં બોલ્યા : *"જાહ્નવી તીરે તરંગ તજીને તટમાં જઈને કૂપ ખોદે રે."* તે સાંભળી મહારાજ હસ્યા. મોકાખાચર કાંઈ સમજ્યા નહીં. એટલે સુરાખાચરે તેમને કહ્યું : "તમારા બાપ સામે બેઠા છે તેમને જોઈ લે ને ! અંતરમાં કાંઈ દેખાશે નહીં." મોકાખાચરને ભગવાનના પ્રગટ સંબંધનું રહસ્ય સમજાયું.

ત્યાં જમીને સૌ આગળ ચાલ્યા. આગળ સશસ્ત્ર સૈનિકોનો પહેરો હતો. પરંતુ પરવાનો બતાવ્યો તેથી મહારાજને તથા સંતને નમસ્કાર કરી સૌને વિનયપૂર્વક આગળ જવાનો માર્ગ બતાવ્યો. અહીંથી સાથેના સંઘને સીધા સુરત

જવા આજ્ઞા કરી અને કહ્યું : "અમે કોસાડ ગામમાં રાત રહી, દિવસ ઊગતાં છોટા વડાસા ગામ પાસે તાપી ઊતરીશું. મોટા સદ્ગુરુઓ અમારી સાથે રહેશે. તમે સુરતના હરિભક્તોને સમાચાર આપજો."

સંતો તથા હરિભક્તો સુરત પહોંચી ગયા. મહારાજ એકાદ દિવસમાં જ સુરત પધારશે તે સમાચાર તેમણે સૌને આપ્યા. આ સાંભળી સુરતના તમામ ભક્તોને અતિ આનંદ થયો. સુરતની પાસે થઈને મહારાજ ધરમપુર જતાં નીકળ્યા હતા. પરંતુ સુરત શહેરમાં તો મહારાજ પ્રથમ વાર જ પધારતા હતા, તેથી સૌ પોતાનાં ધન્યભાગ્ય માનવા લાગ્યા.

મહારાજ કોસાડ ગામ આવીને ત્યાં વાડીમાં ઊતર્યા. અગાઉ ધરમપુર જતાં પણ મહારાજ આ વાડીમાં જ ઊતર્યા હતા. એટલે વાડીવાળો કાછિયો મહારાજને ઓળખતો હતો. તે મહારાજનાં દર્શને આવ્યો. સાથે સૂરણની મોટી ગાંઠ લાવ્યો. તે તેણે મહારાજ સમક્ષ મૂકી. પછી કહ્યું : "મહારાજ ! રીંગણાં બહુ સારાં થયાં છે. તો તે પણ લઈ આવું." મહારાજ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા.

કાછિયો રીંગણાં લઈ આવ્યો એટલે મહારાજે ઘી મંગાવી રીંગણાંનું શાક બનાવ્યું. અયોધ્યાવાસીઓએ ઘઉંની બાટીઓ બનાવી. મહારાજ પ્રથમ જમ્યા. પછી સૌ સંતોને પોતે પીરસીને જમાડ્યા. હરિભક્તોને પણ સંતોએ આગ્રહ કરી શાક, બાટી, દાળ, ભાત જમાડ્યાં.

સુરતમાં આગેવાન ભક્તો મહારાજની પધરામણી માટેની તૈયારીઓ કરી રહ્યા હતા. કેટલાક સંતો અગાઉથી આવી ગયા હતા. એટલે આ હરિભક્તો બે-ત્રણ સંતોને લઈને અરદેશર શેઠ પાસે આવ્યા. મહારાજ હવે એકાદ દિવસમાં પધારશે તે સમાચાર શેઠને આપ્યા. તે સાંભળી અરદેશર કોટવાલ[૧૭] બહુ જ

---

૧૭. અરદેશર ધનજી શાહ બહેરેમંદખાનનો જન્મ તા. ૨૯મી જૂન, ૧૭૯૭માં થયો હતો. તેમની ૧૩-૧૪ વર્ષની ઉંમરે તેમના પિતા ધનજી શાહ ગુજરી જતાં તે સમયના અંગ્રેજ અમલદાર મિ. ક્રોએ તેમનું હીર પારખી તેમને શિક્ષણ આપ્યું. સાત ભાષાઓનું જ્ઞાન શીખવાડ્યું. ત્યારબાદ પોલીસ અમલદાર મિ. રેવીસનના હાથ નીચે મૂકી, તેમને ન્યાયના કાયદાનું જ્ઞાન અપાવ્યું. ત્રેવીસ વર્ષની વયે તેઓ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની કચેરીમાં મહેતાજી તરીકે દાખલ થયા. તેમની હોશિયારીથી ધીમે ધીમે તેઓ અમીન, પ્રિન્સિપાલ, સાદર અમીન, ન્યાયાધીશ, દીવાન, ખાસ કમિશ્નર અને કોટવાલના પદ સુધી પહોંચ્યા. અરદેશરજીના ગુરુ મુનિબાવા હતા. મુનિબાવાને બ્રહ્માનંદ સ્વામીના યોગે મહારાજની ઓળખાણ થઈ હતી અને મહારાજનો મહિમા સમજાયો હતો.

રાજી થયા. તેમણે કહ્યું : "હું મહારાજના સન્માન માટે બધી જ વ્યવસ્થા કરાવું છું અને મહારાજ પધારશે ત્યારે સાજ લઈને સામે આવીશ. પહેલાં મહારાજનો મુકામ અશ્વિનીકુમારના આરા ઉપર રૂસ્તમ બાગમાં બે બંગલા છે ત્યાં રાખવો. એકાદ દિવસ બાદ શહેરની મધ્યમાં સારા ઉતારાની વ્યવસ્થા કરી દઈશું."

અરદેશરજીના શબ્દોમાં મહારાજના મહિમાનો ભાવ સમાઈ જતો હતો. તેમને મહારાજનાં દર્શનની તમન્ના હતી. અને તેથી જ મુનિબાવા દ્વારા અને સુરતના હરિભક્તો દ્વારા વારંવાર મહારાજને તેઓ સુરત પધારવા આમંત્રણ મોકલતા. આજે તેમનો મનોરથ મહારાજે પૂર્ણ કર્યો. તેથી તેમનું મન પ્રફુલ્લિત થઈ ગયું હતું.

અરદેશર શેઠ બહુ ભારે મુમુક્ષુ છે

અરદેશર શેઠની રજા લઈ આ હરિભક્તો મહારાજની સન્મુખ કોસાડ જવા ત્યાંથી જ નીકળ્યા. અરદેશર શેઠે પોતાના બે સિપાઈઓ તેમની સાથે મોકલ્યા. ફાનસ તથા મશાલો પણ આપી. પાંચ-છ ડમણિયાં આપ્યાં. તેઓ બધા લાલ દરવાજેથી નીકળી તાપી ઊતરી કોસાડ પહોંચી ગયા. તે દિવસ કાર્તિક વદ પાંચમનો હતો.

સુરતના હરિભક્તોને શ્રીજીમહારાજનાં દર્શન થયાં એટલે સૌ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. ત્યારબાદ સૌ મહારાજ સન્મુખ આવ્યા. ગોવિંદભાઈ, લક્ષ્મીચંદ, ગિરધરભાઈ, ભગવાનદાસ, ભગુભાઈ વગેરે હરિભક્તોએ મહારાજ પાસે બરફીની માટલીઓ મૂકી. મહારાજ તેમને જોઈને પ્રસન્ન થયા. તેમણે પૂછ્યું : "અરદેશર શેઠને ખબર આપી ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! તેમને મળીને જ અમે અહીં આવ્યા છીએ. આ વાહનો, સિપાઈ, ફાનસ, મશાલો બધું તેમણે જ મોકલ્યું છે. આપની સન્મુખ તેઓ ન આવી શક્યા તે અપરાધની ક્ષમા માંગી છે. પરંતુ તેઓ આપના ભવ્ય સન્માનની તૈયારીમાં ગુંથાયા છે. સરકારની સમગ્ર સામગ્રી, સત્તા અત્યારે તેમના હાથમાં છે."

મહારાજે કહ્યું : "તમારા બધાના સંગથી, મુનિબાવાના ઉપદેશથી શેઠને સત્સંગ થયો છે. બહુ ભારે મુમુક્ષુ છે."

મહારાજ તેમના કુશળ સમાચાર પૂછીને પોઢવા પધાર્યા. તેમણે સૂચના આપી હતી કે આવતી કાલે તાપ પડે ત્યારે ચાલવું છે અને તાપી ઊતરી સુરત

પહોંચી જવું છે.

તે પ્રમાણે છઠ્ઠની વહેલી સવારે મહારાજ કોસાડથી નીકળ્યા. મહારાજે સુરત મોકલાવેલા સંતો, હરિભક્તો તેમજ હજારોની સંખ્યામાં સુરતના નગરજનો મહારાજની સન્મુખ જવા તૈયાર થઈ ગયા. શહેરથી તાપી નદી તરફ ભક્તોનો પ્રવાહ એકધારો જઈ રહ્યો હતો. સમગ્ર સુરત શહેર આજે ઊમટ્યું હતું. એ ખરેખર આશ્ચર્ય હતું ! કોઈક કહેતા : "મુનિબાવાના ગુરુ આવે છે." ત્યારે કોઈ કહેતા : "અરદેશર કોટવાલ સાહેબના પણ તેઓ ગુરુ છે. અત્યાર સુધી જીવનમુક્તાને નામે ઓળખાતા ભગવાન સ્વામિનારાયણનો પ્રભાવ તો હવે અંગ્રેજ અમલદાર ઉપર પણ ખૂબ છે. તેમના લાખો શિષ્યો છે."

આવી આવી અનેક વાતો કરતા સુરતી લાલાઓ કોઈ હાર, તો કોઈ બરફીની માટલીઓ લઈને સ્વામિનારાયણનું ભજન કરતા, તેમની મૂર્તિ કેવી હશે તેની કલ્પના કરતાં સૂર્યસુતા તાપી પ્રત્યે જઈ રહ્યા હતા. થોડી વારમાં તાપીના તટમાં હજારોની સંખ્યામાં માનવમેદની જમા થઈ ગઈ ! સામે કાંઠે મહારાજનાં દર્શન થયાં. કેટલાકે બે હાથ જોડી નમસ્કાર કર્યા, તો કોઈ દંડવત્ પણ કરવા લાગ્યા, તો કોઈ મહારાજનું નમન લેવા બે હાથ પ્રસારી જાણે મહારાજનો સ્પર્શ કરતા હોય અને પછી બંને હાથ પોતાની આંખ અને મસ્તક ઉપર ફેરવતા હોય એવી ચેષ્ટા કરવા લાગ્યા. સૌનાં અંતરમાં મહારાજનાં દર્શનથી ભક્તિનાં પૂર ઊમટ્યાં હતાં. •

મહારાજ રૂસ્તમ બાગમાં ઊતર્યા

કારતક વદ છઠ્ઠની તે તિથિ હતી, વાર શુક્ર હતો. તાપીના તટ ઉપર જ હરિભક્તો, બહેનો અને નગરજનો હજુ પથરાયેલાં હતાં. મહારાજ સ્નાન કરવા પધારશે તેની સૌ રાહ જોઈ રહ્યાં હતાં. એટલામાં મહારાજ સંતો, પાર્ષદો સાથે તાપીમાં સ્નાન કરવા પધાર્યા. સમગ્રજનો આ દર્શન માટે રાહ જોઈ રહ્યાં હતાં. મહારાજનાં દર્શનથી સૌ કૃતાર્થ થઈ ગયાં ! મહારાજે કરેલાં સ્નાનથી પ્રસાદીભૂત થયેલું તાપીનું જળ સૌ આંખ અને મસ્તક ઉપર ચડાવવા લાગ્યાં.

મહારાજે સ્નાન કરી લીધું. રેશમી પીતાંબર ધારણ કર્યું. ત્યાં જ નિત્યવિધિ કરી. પછી મહારાજ શ્વેત વસ્ત્રો ધારણ કરી, અશ્વ ઉપર બિરાજી, તાપીના તટમાં અશ્વને ફેરવવા લાગ્યા. આ રીતે સમગ્ર નગરજનોને મહારાજે સમીપનાં દર્શનનું સુખ આપ્યું.

મહારાજ ત્યાંથી રૂસ્તમ બાગમાં જવા નીકળ્યા. રૂસ્તમ બાગની દક્ષિણે અશ્વિનીકુમાર પુરમાં શિવનું મંદિર છે ત્યાં મહારાજ પધાર્યા. શિવની પૂજા કરાવી. પૂજારીને દક્ષિણા આપી, રૂસ્તમ બાગમાં પધાર્યા.[૧૮]

રૂસ્તમ બાગમાં બે બંગલા વચ્ચે વિશાળ ચોગાન છે. તેના મધ્યમાં મહારાજ માટે ઢોલિયો બિછાવી દીધો હતો. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. સૌ સંતો પોતે પોતાના ઉતારાની વ્યવસ્થા કરી મહારાજ પાસે આવી ગયા. સભામાં સંતોએ કીર્તન-ભક્તિ શરૂ કરી.

એટલામાં મુનિબાવા ત્યાં આવ્યા. મહારાજને દંડવત્ કરી પાસે આવ્યા. એટલે મહારાજે તેમને પૂછ્યું : "આજે રસોઈની શી વ્યવસ્થા છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! સલાટપરાના હરિભક્તોની બે રસોઈ અહીં જ કરવાનું ઠરાવ્યું છે. આવતી કાલે આપણે શહેરમાં લાલા કરસનની વાડીમાં ઉતારો કરવાનો છે. અરદેશર શેઠે બધી જ વ્યવસ્થા ત્યાં કરી દીધી છે. આવતી કાલે તેઓ સામૈયું લઈને આપને તેડવા પધારશે."

બધી જ વ્યવસ્થા પાકી છે તે જાણી મહારાજ રાજી થયા.

બ્રહ્માંડમાં આવું જમણ ક્યાંય નહીં મળે

કણબી ભક્ત કુબેરભાઈ તથા સલાટપરાના બીજા દસ-બાર ભક્તોની ભેગી રસોઈ લેવાનો ઠરાવ આનંદમુનિએ કર્યો હતો. તેમણે હરિભક્તોને સમજાવતાં કહ્યું : "મહારાજનો અહીંનો મુકામ આઠ-દસ દિવસથી વધુ નથી અને ઘણા હરિભક્તોને રસોઈ દેવાની ઇચ્છા છે. તેથી આ પ્રમાણે ભેગી રસોઈ કરાવીએ તો દરેકને લાભ મળે."

તે પ્રમાણે દસ-બાર કે વધુ હરિભક્તોની ભેગી રસોઈ લેવાનું આનંદ સ્વામીએ નક્કી કર્યું. આથી સૌ ભક્તો પણ રાજી થયા. વિપ્રો પાસે કંસાર, રોટલીની રસોઈ બનાવરાવી. મહારાજ માટે નંદરામ તથા ગોપાળજીએ થાળ તૈયાર કર્યો. મહારાજ થાળ જમ્યા. પછી સૌ સંતોને પીરસીને જમાડ્યા. મહારાજ કંસારમાં ઘી પીરસતા જાય અને હસતાં હસતાં કહેતા જાય : "સંતો ! જમો, આ તો સુરતનું જમણ, બ્રહ્માંડમાં આવું જમણ ક્યાંય નહીં મળે !"

---

૧૮. શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૨૭, તરંગ-૩૬.
જ્યારે શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૩૧માં મહારાજ કાર્તિક વદ ૭ને સોમવારે રૂસ્તમ બાગમાં પધાર્યા એવો ઉલ્લેખ છે.

તાપી તટે ભક્તોનો મહેરામણ

બીજે દિવસે મહારાજ સંતો સહિત તાપીમાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન પછી પ્રાતર્વિધિ ત્યાં તટમાં જ કરી. સુરત શહેરથી તાપીનો તટ અને ત્યાંથી અશ્વિનીકુમાર સુધી ભક્તોની અપાર મેદની જમા થઈ હતી. રસ્તામાં ચાલવાનો માર્ગ પણ ન હતો. કોઈ ફૂલહાર, તો કોઈ બરફીની માટલીઓ, તો કોઈ તાજાં ફળો લઈને આવ્યાં હતાં. સૌને મહારાજની સમીપે પહોંચવાની હોંશ હતી. મહારાજે તેમનો ભાવ જોયો અને તરત જ પાર્ષદોને કહ્યું : "એક પછી એક હરિભક્ત અમારી પાસે આવે તે પ્રમાણે વ્યવસ્થા કરો. આટલી મેદનીમાં કોઈ પડી ન જાય, કોઈને વાગે નહીં તે ખાસ ધ્યાન રાખજો."

પાર્ષદોએ તરત જ તે પ્રમાણે વ્યવસ્થા કરી દીધી અને હરિભક્તો સરળતાથી મહારાજ પાસે આવવા લાગ્યા. થોડા સમયમાં સૌ હરિભક્તોએ મહારાજનું પૂજન કરી લીધું. ભેટ આપી દીધી.

આજે શહેરમાં જવાનું હતું. એટલે રસોઈ વહેલી તૈયાર કરાવી દીધી હતી. સલાટપરાના કણબી ભક્ત દયારામની તથા તેમના સાગરીતોની ખાંડના લાડુની આજે રસોઈ હતી. મહારાજે જમીને સંતોને પ્રેમપૂર્વક લાડુ જમાડ્યા. પછી તેમને આજ્ઞા કરી કે "તમારે હરિભક્તોને જમાડવા. હરિભક્તોની સેવા કરવાથી હરિભક્તોને પણ સંતો સાથે વિશેષ આત્મીયતા થાય, સત્સંગ અને સંતો એ પોતાના મનાય, તેથી તેમનાં અંતરમાં સત્સંગનું બળ વૃદ્ધિ પામે."

મહારાજે સંતોને ભક્તોથી, સમાજથી દૂર રાખ્યા ન હતા. સંતોએ પણ આ ભાવ કેળવ્યો હતો. તેથી જ તેમના પ્રયાસથી સમાજમાં જે વિકૃતભાવો, માન્યતાઓ ઘર કરી ગઈ હતી તે દૂર થઈ ગઈ. ગુજરાત પ્રદેશમાં સત્સંગ, ગંગાના ધીમા પણ ઘેરા પ્રવાહની જેમ વ્યાપક બનવા લાગ્યો.

અરદેશર શેઠની ઇચ્છાથી ગોપાળજી સુથારે મહારાજ માટે કાચના તકતા જડી સુંદર મેનો તૈયાર કર્યો હતો. આ કારીગરીમાં તેમની મહારાજ પ્રત્યેની ભક્તિનું દર્શન થતું હતું. કલ્યાણજી અને કુબેરભાઈ સોનીએ મેનાના ડંકા ચાંદીથી જડ્યા હતા. દરજી આત્મારામ ભક્તે મેનામાં બિછાવવાનાં ગાદલાં, છીંટની ઉલેચ અને આજુબાજુ રેશમી ઝાલર, તેમાં સોનાના તારનો કસબ કરી તૈયાર કરી હતી.

મેનો જોઈ અરદેશર રાજી થઈ ગયા. તેમણે તે દિવસે સરકારી કચેરીઓ

બંધ કરાવી હતી. આ અપૂર્વ ઉત્સવનાં દર્શન કરવા, તેમાં યથોચિત સેવા કરવા, નગરજનોએ પણ પોતાનાં કામકાજ બંધ કર્યાં હતાં. અંગ્રેજ અમલદારો ઉપર અરદેશર કોટવાલનો સારો પ્રભાવ હતો. તેથી મહારાજના ભવ્ય સન્માનની તૈયારી માટે તેમણે બૅન્ડવાજાં, વેલ, ઘોડા, મેના, રથો, ગાડાંઓ, સરકારી લશ્કર, સરકારી નિશાન ડંકા તેમજ સાથોસાથ નવાબ સાહેબનો નવીન રસાલો પણ લીધો. સરકારી વાહનો પણ મેળવી લીધાં. તેમની સાથે તેમના ભાઈ પીરૂશા તથા સરકારી અમલદારો, નગરજનો પણ હતા.

કારતક વદ સાતમને શનિવારે સુરતના અસંખ્ય નગરજનો, હરિભક્તો, સંતોની સાથે રૂસ્તમ બાગમાં મહારાજને તેડવા આવ્યા. તે સમયે મહારાજ ઢોલિયા ઉપર બિરાજી સંતોની સાથે વાતો કરતા હતા. બીજા હરિભક્તો મહારાજને તેડવા આવનારી સવારીની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એટલામાં નિશાન ડંકા સંભળાયા, બૅન્ડવાજાંના ઘોષ પણ કાને પડ્યા.

અશ્વિનીકુમારથી સુરત તરફ ભવ્ય શોભાયાત્રા

અરદેશરે મોકલાવેલ રસાલો આવ્યો ત્યારે મહારાજ તૈયાર જ હતા. મહારાજ તરત જ ઊઠીને મેનામાં બિરાજ્યા. તે સમયે મહારાજે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કંઠમાં ગુલાબના હાર પહેર્યા હતા. કાનમાં ગુલાબના ગુચ્છ ધારણ કર્યા હતા. હાથમાં ગુલાબનાં પુષ્પોનો ગુચ્છ હતો. શ્વેત વસ્ત્રો પરિધાન કરેલી મહારાજની આ રમણીય મૂર્તિ ગુલાબનાં પુષ્પોના આચ્છાદનથી તે પુષ્પોની ફોરમને વ્યાપક બનાવતી સર્વત્ર મધુરતા પ્રસરાવી રહી હતી.

સવારીની ગોઠવણ આગળથી જ કરી રાખી હતી. સૌથી આગળ બે લશ્કરી ઘોડેસવારો ગોઠવાઈ ગયા હતા. તેની પાછળ સરકારી ઘોડેસવારોનું લશ્કર, બૅન્ડવાજાં; પછી હરિભક્તો અને સંતો કીર્તનો ગાતા, સ્વામિનારાયણ નામની ધૂન બોલાવતા; વચ્ચે મહારાજનો મેનો, તેમની પાછળ રામપ્રતાપભાઈ અને પરિવારજનો, પછી રથમાં મોટેરા સદ્‌ગુરુઓ; પાછળ ઘોડા ઉપર પાર્ષદો અને કાઠી દરબારો. આ દિવ્ય પ્રસંગના અનુપમ લાભથી તેમના હણહણતા ઘોડા વારંવાર હાવળ દેતા, પૂંછડા ઝાપટતા, થનગની રહ્યા હતા. આ રીતે સવારી તૈયારી થઈને ત્યાંથી નીકળી. સવારીમાં જોડાયેલા અશ્વો મહારાજના સંબંધનું ગૌરવ અનુભવતા, દિવ્ય મસ્તીના આનંદમાં સમુદ્રના તરંગોની જેમ ધીમી ગતિએ ચાલતા હતા. સૌની પાછળ સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી ચાલતી હતી.

સમગ્ર સવારીની આજુબાજુ લશ્કરી ઘોડેસવારો વ્યવસ્થા જાળવવા ફરતા હતા.

મહારાજની સવારી રૂસ્તમ બાગમાંથી નીકળી. સત્તાવીશ વર્ષની તપશ્ચર્યા અને સંતોની સેવાના ફળરૂપે મોટા મોટા દેવોને, બ્રહ્માંડાધિપતિઓને કે અનેક ધામના અધિપતિઓને જે દર્શન દુર્લભ હતાં, તે આજે સુરતની ભાવિક જનતાને થયાં. જેઓ મહારાજને તેમના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપમાં ઓળખી તે ભાવથી તેમનાં દર્શન કરતા હતા, તેમને અક્ષરધામના દિવ્ય સુખનો અંતરમાં અનુભવ થયો. અન્ય જનોએ પણ જેમણે જેવા ભાવથી મહારાજની મૂર્તિનાં દર્શન કર્યાં તેમને તેવો આનંદ મળ્યો. સવારી એટલી લાંબી હતી કે અશ્વિનીકુમાર અને સુરત શહેર નગરજનોની હારથી એક થઈ ગયા હતા. લોકોએ મહારાજને ફૂલહાર અર્પણ કર્યા. સોના-રૂપાનાં ફૂલોથી વધાવ્યા. બરફીની માટલીઓ ભેટ ધરી. આમ, ચૌટે ચૌટે મહારાજનો મેનો ભક્તોની સેવા, ભેટ, પૂજા સ્વીકારવા થોભતો. મુનિબાવા, આધારાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી મહારાજના મેનાની સાથોસાથ ચાલતા હતા. ઘડી ઘડી મેનો ખભે ઊંચકવાનો પણ લાભ લેતા હતા.

મહારાજે સાથે ચાલતા મુનિબાવાને કહ્યું : "આપણે લાલજીનાં[૧૯] દર્શન કરવાં છે. પછી નીલકંઠ મહાદેવનાં દર્શન કરીને જ્યાં ઉતારો રાખ્યો હોય ત્યાં જઈશું."

મુનિબાવાએ કહ્યું : "ભલે મહારાજ ! એ પ્રમાણે હું સૂચના હમણાં જ આપી દઉં છું."

સુરતના મુખ્ય મુખ્ય માર્ગો પરથી મહારાજની આ દિવ્ય સવારી નીકળી. જીવનમુક્તા કેવા છે, તેમનો પંથ કેવો છે, તેમણે લોકોને કેવા 'બગાડ્યા' છે તે જાણવાની તેમને ઉત્સુકતા હતી. તેમણે મહારાજનાં દર્શન કર્યાં. મુમુક્ષુઓના

---

૧૯. લોલંગર બાવાના ત્રાસથી મહારાજે ખોખરા મહેમદાવાદથી રામદાસભાઈ, સ્વરૂપાનંદ, વ્યાપકાનંદ, પરમ ચૈતન્યાનંદ, મહાનુભાવાનંદને સુરત મોકલ્યા હતા. તેમની સાથે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ હતા. સંતોને મહારાજથી આટલે દૂર જતાં અંતરમાં દુઃખ થતું હતું. તેથી મહારાજે તેમને લાલજી આપ્યા હતા અને કહ્યું હતું : "આ લાલજીમાં રહી અમે તમારું સદા રક્ષણ કરીશું. જ્યારે સ્મરણ કરશો, ત્યારે સાક્ષાત્ દર્શન પણ આપીશું."

સંતોને મહારાજના આશીર્વાદથી શાંતિ થઈ ગઈ ! પછી સૌ સુરત ગયા. તે સમયમાં સુરતમાં અંગ્રેજ સરકારનો અમલ ચાલુ થઈ ગયો હતો.

સંતો સુરત આવ્યા અને સુરતના મુખ્ય હરિભક્ત શેઠ ભાઈચંદભાઈ, લક્ષ્મીચંદ તથા અન્ય હરિભક્તો, બહેનોમાં ઈચ્છાબા વગેરેના સહકારથી સંતોને સૈયદપરામાં ➤

ઇંદ્રિયો-અંતઃકરણને પોતાના સ્વરૂપમાં ખેંચી, તેમની સંસાર પ્રત્યેની તીવ્ર આસક્તિ ટાળી, તેમનામાં આત્મસ્વરૂપના જ્ઞાનનો પ્રકાશ કરી દે તેવી એ રમ્ય અને આકર્ષક મૂર્તિનાં દર્શન કરી તેમને પ્રતીતિ થઈ કે જો ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થતા હોય તો આજે સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે. તેમના સંતો, બ્રહ્મચારીઓ નીચી દૃષ્ટિ રાખી સ્વામિનારાયણનું અખંડ ભજન કરતા, ભક્તિના રંગે રંગાયેલા દેખાયા. કાઠિયાવાડના આકરા અને લૂંટફાટમાં પાવરધા કાઠી આજે તેમના સંબંધથી તલવાર, બરછીઓ અને ભાલાનો ત્યાગ કરી, હાથમાં માળા ફેરવતા થઈ ગયા હતા. તેમને લાગ્યું કે આ કાંઈ સામાન્ય શક્તિ ન કહેવાય ! આ દિવ્ય દર્શનથી તેમનાં અંતરમાં આનંદના ઊભરા આવ્યા. મેદની ભગવાન સ્વામિનારાયણની જય બોલતી હતી. તેની સાથે આ પ્રેક્ષકજનોના મુખમાંથી પણ આ જયના શબ્દો પૂર્ણ ઘોષથી નીકળી પડ્યા.

મહારાજે સર્વત્ર દિગ્વિજય કરી દીધો હતો. ભાગવત ધર્મના સાચા રહસ્યનું સૌને દર્શન કરાવ્યું હતું. કેવળ કર્મકાંડ એ ધર્મ નથી, વિધિ-નિષેધના નિયમો એ જ ધર્મ નથી, વર્ણ અને આશ્રમના ધર્મો એ પણ ધર્મ નથી. પરંતુ જો એ ધર્મો પ્રગટ પરમાત્માની ભક્તિમાં ભળે તો એ ધર્મો ભાગવત ધર્મનું અંગ બની જાય. આજે ભાગવત ધર્મનું તેના સાચા સ્વરૂપમાં ભગવાન સ્વામિનારાયણે સ્થાપન કરી દીધું હતું.

ઊતર્યા. બીજા કેટલાક વેણીની વાવ ઉપર અને કેટલાક વાડીમાં ઊતર્યા. થોડા દિવસ બાદ લાલજીને પધરાવવા માટે અદ્‌ભુતાનંદ, નિષ્કુળાનંદ વગેરે મોટેરા સંતો સાથે ચારસો સંતોને ઉતારવા ત્યાંના સુતારનું ભૂતિયું મકાન આપ્યું. જેમાં કોઈ રહેતું ન હતું અને કોઈ વેચાતું પણ લેતું ન હતું તેવું એ મકાન, થોડી કિંમત આપી હરિભક્તોએ વેચાણ લઈ લીધું. તેમાં જરૂરિયાત પ્રમાણે થોડો સુધારો કરાવી કાષ્ટના નાના સિંહાસનમાં લાલજીની મૂર્તિ પધરાવી. રહેવાનું આવું મકાન મળતા કેટલાક સંતો અહીં રહેવા આવી ગયા. આ રીતે સંપ્રદાયના વિસ્તાર માટેના પ્રથમ ગણેશ સુરતમાં મંડાયા.

ગુજરાતમાં વેરાગીઓની ઉપાધિ મટી ત્યારે અહીંથી સંતો ગુજરાતમાં જતા અને વળી ગુજરાતમાંથી સંતો અહીં આવતા. આ રીતે સંતોના સત્સંગનો સુરતના હરિભક્તોને લાભ મળતો રહેતો. તેથી તેમની મહારાજ પ્રત્યેની ભક્તિ પણ દૃઢ થઈ હતી.

– સુરતવાસી શ્રી નારાયણમુનિ દેવનો શતવાર્ષિક ઉત્સવ.
લેખક : શાસ્ત્રી હરિજીવનદાસ, પા. ૧૪

પ્રસાદીના લાલજીનાં દર્શને

સંતોએ પ્રથમ બનાવેલ નાના મંદિર પાસે સવારી આવી. મહારાજ મેનામાંથી ઊતર્યા. સાથે મુનિબાવા તથા બ્રહ્મચારી હતા. મહારાજે લાલજીનાં દર્શન કર્યાં. પછી લાલજીને મહારાજે પોતાના બંને હાથમાં લીધા, તેમના ઉપર હાથ ફેરવ્યો અને પૂછ્યું : "સેવા તો બરોબર થાય છે ને ? સુરતી મેવા આરોગો છો ને ?" સૌ આ સાંભળી હસ્યા. ફરી મહારાજે લાલજીને કહ્યું : "હવે મોટી સેવા કરવાનો અવસર આવ્યો છે તો સૌને પ્રેરણા આપજો."

એટલું કહી મહારાજે મુનિબાવાને કહ્યું : "બધા સંતોને લઈને ફરી આવીશું, ત્યારે અહીં સભા કરીશું. લાલજીની આરતી પણ ઉતારીશું." એટલું કહીને મહારાજ નીકળી ગયા.

સવારી ત્યાંથી નીકળી. મહારાજે નીલકંઠ મહાદેવનાં દર્શન કર્યાં. ત્યારબાદ લાલા કરસનની વાડીમાં સવારી આવી. અહીં બે બંગલા હતા. તેમાં એક બંગલાના મેડા ઉપર મહારાજનો ઉતારો હતો. મહારાજ ત્યાં પધાર્યા. એટલે જે આગેવાનો હતા તેમણે સૌને કહ્યું : "રાત પડી ગઈ છે અને મહારાજને તકલીફ ઘણી પડી છે. તો અત્યારે હવે મહારાજ આરામમાં જ પધારશે."

આ સાંભળી હરિભક્તો બધા પોતપોતાના સ્થળે જવા વીખરાવા લાગ્યા. બીજા મોટેરા હરિભક્તો બીજા દિવસની રસોઈની તૈયારીમાં પડ્યા.

મહારાજ અરદેશર શેઠનું સન્માન કરે છે

બીજે દિવસે તાપીમાં સ્નાન કરી મહારાજ ઉતારે પધાર્યા. ત્યાં સમાચાર આવ્યા કે અરદેશર શેઠ દર્શન કરવા આવે છે. મહારાજે ગોવિંદભાઈ, લક્ષ્મીચંદ, ગિરધરભાઈ તથા અંબારામ વિપ્રને બોલાવ્યા. તેમને કહ્યું : "અરદેશર શેઠ અંગ્રેજ રાજ્યના અમલદારોમાં માનીતા છે. વળી, અંગ્રેજોએ પણ તેમના ઉપર વિશ્વાસ મૂકી કેટલીક સત્તા આપી છે. તો તેમના મોભા પ્રમાણે તેમનું સન્માન આપણે આજે કરવું જોઈએ. અહીંની શું રીત છે તે તમો બતાવો."

એટલે ગોવિંદરામે કહ્યું : "મહારાજ ! આપની ઇચ્છા છે તો શેઠના સન્માન માટે અમે બધી તૈયારીઓ કરીએ છીએ. શેઠ તો ભક્તરાજ છે. આપના પ્રત્યે તેમને અનન્ય પ્રેમ છે. તેથી તેમને કોઈ સન્માનની અપેક્ષા નથી."

એટલે મહારાજે કહ્યું : "પરંતુ આપણે આપણો વિવેક ચૂકવો ન જોઈએ."

તરત જ સોનાના વરખ ચોડેલાં પાન, અત્તરદાની, ફૂલદાની, પુષ્પહાર તથા સૂકા મેવાના થાળ, લીલાં ફળો, બરફી વગેરે સામગ્રીઓ મોટેરા હરિભક્તો લઈ આવ્યા. મહારાજના ઢોલિયા સન્મુખ ખુરશીઓ ગોઠવી દીધી. શેઠની સાથે બીજા અમલદારો તથા સુરત શહેરના નામાંકિત નગરજનો પણ આવવાના હતા. આ બધી તૈયારી થઈ ગઈ. એટલામાં અરદેશરજી પોતાની બગીમાં આવ્યા. તેમની સાથે આણંદરાવ, લાલા શંભુરામ, આદિત્યરામ આદિ શાસ્ત્રી હતા. બીજી ઘોડાગાડીમાં અન્ય સજ્જનો પણ આવ્યા હતા. મહારાજને આ ખબર મળ્યા એટલે કુબેરસિંહ ચોપદારને તથા દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, દરબાર ઝીણાભાઈ તથા દસ-બાર સુરતી અગ્રેસર શેઠિયાઓને શેઠનું સન્માન કરવા સામા મોકલ્યા. સુરતના આગેવાન ભક્તો પણ ગયા.

મહારાજે સંતોને કહ્યું : "શેઠ આવે ત્યારે તમે બધા બેસી રહેજો. અમે ઊભા થઈને તેમનું સ્વાગત કરીશું. સંતોને ઊઠવું તે ઘટિત નથી. તેમાં શાસ્ત્રની મર્યાદા સચવાતી નથી."

ખુદા હોય તેમનામાં જ વિવેક, નમ્રતા હોય છે

અરદેશર શેઠ બંગલામાં આવ્યા એટલે મહારાજ ઊભા થઈને તેમના સન્મુખ ગયા. તે જોઈ શેઠ એકદમ બોલવા લાગ્યા : "હાં, હાં, મહારાજ ! આપને આ રીત ઘટિત નથી." એટલું કહીને મહારાજનાં ચરણારવિંદમાં તેમણે પોતાનું મસ્તક નમાવી દીધું.

મહારાજે તેમને ઉઠાડ્યા. મહારાજના આવા પ્રેમથી શેઠની આંખમાં આંસુ આવી ગયાં. તેઓ મહારાજના ઢોલિયા પાસે નીચે બેસી ગયા. તેમની સાથેના નગરજનો આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. તેઓ શેઠનો મિજાજ જાણતા હતા. તેમની સત્તાનો તેમને ખ્યાલ હતો. ચોર અને લૂંટારુઓને ડામવાની તેમની શક્તિથી સૌ પરિચિત હતા. તેથી તેમને સૌને આશ્ચર્ય થયું : "અરદેશરજી કોટવાલ આજે ભગવાન સ્વામિનારાયણની સામે નીચે બેસી ગયા !"

આ પ્રસંગથી તેમને મહારાજનો મહિમા સમજાયો. મહારાજે અરદેશરજીના હાથ પકડી તેમને પોતાની સામે ગોઠવેલી ખુરશી ઉપર બેસાર્યા. બીજા નગરજનોને પણ ખુરશીઓ ઉપર બેસાર્યા. મહારાજે શેઠના કુશળ પૂછ્યા અને ઊભા થઈને તેમને ગુલાબનો હાર પહેરાવ્યો. શેઠ એકદમ ઊભા થઈ ગયા ! મહારાજના બંને હાથ તેમણે પકડી લીધા અને બોલ્યા : "પ્રભુ ! આપ

તો ખુદા છો. આપે આવો વિનય ન કરવો જોઈએ."

ત્યારે મુનિબાવાએ કહ્યું : "શેઠ ! જે ખુદા હોય તેમનામાં જ આવો વિનય, વિવેક, નમ્રતા હોય છે. બીજા તો અક્કડ રહે છે અને પોતાને મોટા સમજી શિષ્યો ઉપર હુકમ ચલાવે છે."

શેઠે કહ્યું : "ગુરુજી ! તમે સાચું કહો છો. મહારાજનાં દર્શન મને થયાં ત્યારથી એમની મોહક મૂર્તિ મારા અંતરમાં બેસી ગઈ છે. તેમનો પ્રેમ દૈવી છે. તેમના ગુણોમાં મનુષ્યને પ્રસન્ન કરવાની ભાવના છે."

મુનિબાવા શેઠના પ્રેમને જાણતા હતા પરંતુ સાથે સાથે તેમના મિજાજને પણ જાણતા હતા. તેમને શેઠના આ શબ્દોથી આશ્ચર્ય થયું.

શેઠે મહારાજનાં ચરણારવિંદમાં પાંચ સોનામહોરો ભેટ મૂકી. પાર્ષદોએ તેમની સમક્ષ મેવા તથા મીઠાઈના થાળ ધર્યા. તેમાંથી તેમણે થોડી પ્રસાદી લીધી. પાન-બીડાં આપ્યાં. ગુલાબજળ અને અત્તર છાંટ્યું. શેઠનો સત્કાર તેમના હોદ્દા અનુસાર થયો. તેમની સાથે આવેલા નગરજનોનો પણ સત્કાર થયો. તેથી તેમને પણ મહારાજ પ્રત્યે ખૂબ ભાવ થયો. તેમણે ઘણા મહંતો અને મઠાધિપતિઓ જોયા હતા. પરંતુ કોઈકમાં ગાદીનો ઘમંડ હતો તો કોઈકમાં પોતાની વિદ્વત્તાનો ! તેમના એવા ભાવથી તેમનો ઉપદેશ શ્રોતાઓનાં અંતરના ઊંડાણ સુધી કેવી રીતે પહોંચી શકે ?

આથી જ એવા કેટલાક લોકોમાં સ્વામિનારાયણ નામની ભડક પણ હતી. એમને અજ્ઞાન હતું તેથી વિરોધ કરતા હતા. અરદેશર આ જાણતા હતા, તેથી લાલા કરસનની વાડીના બંને દરવાજા ઉપર અરદેશર શેઠે ચોકીદારો મૂકી દીધા હતા. તેમને સૂચના આપી હતી કે જે કોઈ મહારાજ કે સંતોની વિરુદ્ધમાં કાંઈ પણ બોલે તેને પકડીને કચેરીમાં હાજર કરી દેવો. તેવા જનોને યોગ્ય સજા થવી જોઈએ.

મહારાજનો મુકામ સુરતમાં માગશર સુદ બીજ સુધી હતો. તેથી તે દિવસ સુધીની રસોઈઓ હરિભક્તો તરફથી નોંધાઈ ગઈ હતી.

સુરતની રંગીલી પ્રજા મહારાજ પધાર્યા એટલે ઉત્સવ-ઘેલી બની ગઈ. સૌએ પોતાના ઘર શણગાર્યા. રાત્રે કાચની હાંડીઓમાં દીવા પ્રગટાવ્યા. ઘેર ઘેર અને ચૌટે ચૌટે આ પ્રકારે શોભા થઈ, તેથી શહેરમાં દિવાળી કરતાં પણ વિશેષ રોશની દેખાવા લાગી. મહારાજનાં દર્શન કરવા નગરજનો કોઈ ગાડીમાં તો કોઈ મેનામાં, પાલખીમાં, તો કોઈ વળી ઘોડાગાડીમાં એમ સૌ પોતાની સ્થિતિ

પ્રમાણે વાહનો લઈને આવવા લાગ્યા. લાલા કરસનની વાડી એક અનુપમ તીર્થધામ બની ગઈ !

અષ્ટમીની સવારે મહારાજે તાપીસ્નાન કર્યું. નિત્યવિધિથી પરવાર્યા. પછી બે બંગલા વચ્ચેના ચોકમાં મંડપ બાંધ્યો હતો તે મંડપમાં ત્યાંના સુથાર હરિભક્ત ભાણાભાઈના પુત્ર દલપતરામે એક સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો.[૨૦] તે ઉપર મહારાજ બિરાજમાન થયા. સંતો, હરિભક્તો સૌ અગાઉથી ત્યાં બેસી ગયા હતા. તેમણે મહારાજને ઝુલાવ્યા. ગવૈયા સંતોએ હિંડાળાનાં પદો ગાયાં. ત્યારબાદ ભાણાભાઈએ મહારાજની પૂજા કરી, પુષ્પહાર પહેરાવ્યા. મહારાજે તેમને બરફીની માટલી આપી.

સ્વામિનારાયણ એક જ્યોતિર્ધર છે

આ પ્રસંગે સુરતના પ્રસિદ્ધ ગાયકો પણ મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. તેમણે સંતોના કંઠેથી હિંડોળાનાં પદો સાંભળ્યાં. સંતોની સંગીતની જાણકારી જોઈ તેમને આશ્ચર્ય થયું ! તેમને મન સાધુઓ એટલે ભગવાં વસ્ત્રધારી સમાજને ભારરૂપ થયેલો ભેખ ! પરંતુ અહીં શુદ્ધ સત્સંગના રંગે રંગાયેલા, બ્રહ્મચર્યનિષ્ઠ સંતો તેમણે જોયા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણ પણ એક જ્યોતિર્ધર છે, નહીં તો સાધુઓનો આવો નવો ફાલ તૈયાર ન થાય. આ સંતોનું સંગીત સાંભળી તેમને પણ આ ભક્તિ-સંગીતમાં ભાગ લેવાનું મન થઈ ગયું. સંતોએ તેમને સાજ આપ્યા. મીરાં અને નરસિંહ મહેતાનાં પદો ગાઈ તેમણે મહારાજને પ્રસન્ન કરી દીધા. મહારાજે તેમને સૌને બરફીની એક એક માટલી આપી.

થાળ તૈયાર થઈ ગયો હતો. મુકુન્દાનંદ વર્ણી આ કીર્તન-ભક્તિ પૂરી થાય તેની રાહ જોતાં બારણાં વચ્ચે ઊભા હતા. તેમની દૃષ્ટિ મહારાજ ઉપર હતી, મહારાજ કીર્તનોનો આનંદ માણતા હતા. તેથી તેમાં વિક્ષેપ કરવાનું તેમને રુચ્યું નહીં.

એટલામાં કીર્તન-ભક્તિ સમાપ્ત થઈ અને વર્ણી મહારાજ પાસે આવ્યા.

૨૦. શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૩૨માં આ હિંડોળો કાર્તિક વદિ આઠમના નિષ્કુળાનંદ સ્વામીએ અને કાર્તિક વદિ નવમીના સુથાર ભાણાભાઈએ તૈયાર કર્યો હતો એવો ઉલ્લેખ છે. જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર, પૂર-૨૭, તરંગ-૫૪માં ભાણાભાઈના પુત્ર દલપત સુથારનું નામ છે.

મહારાજે તેમને જોઈને તરત જ હસતાં હસતાં કહ્યું : "તમે બધા જેમ અમારી મરજી પ્રમાણે વર્તો છો તેમ અમારે પણ આ બ્રહ્મચારીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ ને !" એમ કહી મહારાજ જમવા પધાર્યા.

આજે નામાંકિત ગૃહસ્થ હરિભક્ત શેઠ ભિખારીદાસની રસોઈ હતી. મહારાજ જમી રહ્યા, પછી તેમણે મહારાજનું કેસર મિશ્રિત ચંદનથી પૂજન કર્યું. સોનેરી કોરવાળું કસુંબલ શેલું મહારાજને ધરાવ્યું. જરિયાની ડગલી તથા સુરવાલ ભેટ ધર્યાં. બંને હાથમાં કનકનાં કડાં અને કંઠમાં સુવર્ણનો નંગજડિત હાર પહેરાવ્યો. પાઘમાં મોતીના તોરા લટકાવ્યા. એ પ્રકારે બહુ મૂલ્યવાળા વસ્ત્ર-અલંકારથી તેમણે ભાવપૂર્વક મહારાજની પૂજા કરી. પછી ધર્મકુળના બ્રાહ્મણો અને સંતોની પૂજા કરી. તેમને સૌને પણ યથાયોગ્ય વસ્ત્રો ઓઢાડ્યાં. મહારાજ પ્રસન્ન વદને આ વિધિ નિહાળી રહ્યા. તેમને ભક્તિભાવ ગમતો. તેઓ સદા કહેતા કે "ભગવદ્ભક્તિ જે કરે છે તેને જોઈને અમે બહુ જ રાજી થઈએ છીએ, કાં જે મરી તો સર્વેને જવું છે પરંતુ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે."

સુરતની સ્વાદિષ્ટ રસોઈઓ

જમ્યા પછી મહારાજ ફરી મંડપમાં પધાર્યા અને હિંડોળા ઉપર બિરાજમાન થયા. મુનિબાવા તથા ભાઈચંદ શેઠ, લક્ષ્મીચંદ શેઠ વગેરે ભક્તો મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "રોજની રસોઈનું કેવી રીતે ગોઠવ્યું છે ?" પછી ધીરેથી કહ્યું : "હરિભક્તોને શ્રદ્ધા તો હોય, પરંતુ તેમની સ્થિતિનો ખ્યાલ રાખીને તેમની પાસેથી એ પ્રમાણે જ રસોઈની રકમ લેવી. ખૂટશે તો આપણે ભેટમાંથી પૂરી કરી દઈશું."

તે સાંભળી લક્ષ્મીચંદ શેઠે કહ્યું : "મહારાજ ! દરેકને ખૂબ ઉત્સાહ છે, શ્રદ્ધા છે અને રસોઈ આપવા માટે પડાપડી કરે છે. તેથી મુખ્ય એક મોટા હરિભક્ત અને તેમની સાથે બીજા દસ-પંદર જેટલા હોય તેમનાં નામો લખી રસોઈઓ ગોઠવી દીધી છે."

એટલે મહારાજે કહ્યું : "જે રસોઈમાં જે જે મુખ્ય નામ નોંધ્યાં હોય તે વાચો."

તેથી લક્ષ્મીચંદ શેઠે કાગળ કાઢ્યો અને વાંચવા માંડ્યા : "આજે શેઠ ભિખારીદાસની રસોઈ હતી. આવતી કાલે નવમીએ મારી રસોઈ બિરંજ-પૂરીની

છે. દશમીએ ગોવિંદભાઈની કેળાં-રોટલીની રસોઈ રાખી છે. એકાદશીએ ફળાહાર છે. બારશે શેઠ લલ્લુભાઈની દૂધપાક-માલપૂઆની રસોઈ છે. તેરશે સુરતમાં વસતા સમસ્ત ખાનદેશી ભાવસાર ભક્તોની કેળાં-રોટલીની રસોઈ છે. ચૌદશે કણબી ગિરધરભાઈ, ભગુભાઈ, ભગવાનદાસ, રામદાસ શેઠ અને અન્ય સત્સંગીઓની ભેગી રસોઈ દૂધપાક-પૂરીની છે. અમાસે વિપ્ર અંબારામ, કૃષ્ણ-દાસ, કૃપારામ, નરોત્તમભાઈ, સુરભાઈ, નથુભાઈ, ધનજીભાઈ વગેરે ભક્તોની દૂધપાક-માલપૂઆની રસોઈ છે. માગશર સુદ પડવાને દિવસે કૃષ્ણજી દેસાઈની બાસુંદી-પૂરીની રસોઈ રાખી છે. બીજને દિવસે બાકી રહી ગયેલા તમામ ભક્તોની બિરંજ, શીરાની રસોઈ રાખી છે.''

મહારાજ આ સાંભળી બહુ જ પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : ''સૂરતી હરિભક્તોની ઘણાં વર્ષોથી ખેંચ હતી પણ આ વખતે તેમનો મનોરથ પૂરો થયો. બધાને ખૂબ શ્રદ્ધા છે.''

સુરતના નવાબ મહારાજને પોતાના દરબારમાં પધરાવે છે

બારશે લલ્લુભાઈની રસોઈ મહારાજ જમ્યા અને પછી સભામાં બિરાજમાન થયા હતા. એટલામાં અરદેશર શેઠ આવ્યા. તેમણે મહારાજને નમસ્કાર કર્યા અને મહારાજનાં ચરણકમળ પાસે બેસી ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! આપ પુરમાં પધાર્યા છો તેથી અહીંના અત્યારના નવાબ મીર અફઝુલ્લદીન અહમદખાન જેમણે મને કોતવાલી સોંપી છે, તેમને તેમની કચેરીમાં આપને પધરાવવાની ઇચ્છા છે. હાથી, ઘોડા તથા અન્ય વાહનો તે મોકલશે. તો આપ ક્યારે પધારશો ?''

મહારાજે તરત જ કહ્યું : ''સાંજે ચાર વાગે.'' તે સાંભળી અરદેશરજી ઊઠ્યા. એટલે મહારાજે તેમને પૂછ્યું : ''શેઠજી ! અત્યારે નવાબની કેટલી સત્તા ?''

આ સાંભળી અરદેશરજી થોડા ખિન્ન થઈ ગયા. તેમણે કહ્યું : ''મહારાજ ! અંગ્રેજોનો અમલ શરૂ થયો એટલે નવાબનું હવે પતન છે. આ છેલ્લા નવાબ હશે. આ નવાબ તો ખૂબ ભાવિક છે. પરંતુ નવાબીમાં રાજ્ય-કારભારના દોર ઢીલા થઈ ગયા એટલે અંગ્રેજોની હકૂમત શરૂ થઈ ગઈ.''

મહારાજ તે સાંભળી રહ્યા. પછી બોલ્યા : ''નવાબી તો રહે કે ન રહે, પરંતુ આ લાભ આજે લેશે એટલે અવિચળ રાજ્ય મળી જશે.''

મહારાજના ફક્ત એક જ વખતના પ્રસંગથી પણ કેટલીક મહાન પ્રાપ્તિ

થઈ જાય છે તેનો શેઠજી વિચાર કરવા લાગ્યા ! તેમને આનંદ થયો. મનમાં વિચારવા લાગ્યા : "મારા આ નવાબની નવાબી ભલે જાય, પરંતુ મહારાજના આશીર્વાદ છે તો તેમનું જીવન આજે સફળ થઈ ગયું !"

નવાબની કચેરી ખૂબ દબદબાથી શણગારી હતી. બધી જ તૈયારીઓ કરાવીને શેઠ મહારાજને તેડવા આવ્યા. મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા. દાદાખાચર તથા અન્ય કાઠી ભક્તો પણ પોતપોતાના અશ્વો ઉપર બેઠા. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મુનિબાવા, પ્રેમાનંદ સ્વામી તથા અન્ય સદ્‌ગુરુઓને પણ સાથે લીધા. સદ્‌ગુરુઓને ગાડીઓમાં બેસાર્યા. બીજા સંતોને ચાલવાનું હતું. નંદરામ તથા ગોપાળજીને ગાડીમાં બેસાર્યા. શોભારામ શાસ્ત્રી, દીનાનાથ ભટ્ટ, રઘુનાથ શાસ્ત્રી, રામચંદ્ર વૈદ્ય, હરિશ્ચંદ્ર વૈદ્ય, આમોદના મુખ્ય હરિભક્ત બાપુ પરમાનંદ, હરજીવન શેઠ, સદાશિવ વિપ્ર આ ભક્તોને પણ જુદી ગાડીમાં બેસાર્યા. આ પ્રમાણે જેમ જેમ ઘટે તેમ વાહનોમાં બેસારી, મહારાજ નીકળવાની તૈયારી કરતા હતા.

એટલામાં નવાબ તરફથી નિશાન ડંકા, વાજાં, ઢોલ, શરણાઈ, તૂરી વગેરે આવ્યાં. નિશાન ડંકા અને વાજાંની પાછળ જ અશ્વો ઉપર કાઠી પાર્ષદો ગોઠવાઈ ગયા. તેમની પાછળ મહારાજ સર્વ શ્વેત વસ્ત્રો ધારણ કરી અશ્વ ઉપર બિરાજેલા શોભતા હતા. તેમની સાથે અરદેશર કોટવાલ પણ અશ્વ ઉપર બિરાજ્યા હતા. પાછળ અશ્વો ઉપર દાદાખાચર તથા કાઠી દરબારો, પાર્ષદો હતા. સંતો ગાડીઓમાં ગોઠવાઈ ગયા હતા. મહારાજ પોતાના સમાજ સાથે નવાબની કચેરીએ જવા નીકળ્યા.

સુરત શહેરમાં સર્વત્ર મંગલ વર્તતું હતું, એટલે દરેક ઘર, બજાર સાફ કરી, શણગારી સુશોભિત કરી દીધાં હતાં. સૌને લાગતું હતું કે આ અવસર કેવળ સુરતના સત્સંગીઓનો જ નથી, પરંતુ સુરતની સમગ્ર જનતાનો છે. મહારાજ જ્યારે જ્યારે લાલા કરસનની વાડીમાંથી નીકળતા, તાપીમાં સ્નાન કરવા કે હરિભક્તોને ત્યાં પધરામણીએ જતા, ત્યારે સુરતની જનતા દર્શન માટે ઊમટતી. અટારીઓ, ઝરૂખાઓ, રાજમાર્ગો બધે જ ભાવપૂર્વક સૌ ઊભા રહી મહારાજનાં દર્શન કરતા. આજે પણ એ જ ભાવથી સૌ મહારાજનાં દર્શન કરી રહ્યા હતા.

નવાબ સાહેબની કચેરી નજીક મહારાજ પધાર્યા કે તરત જ નવાબ સાહેબ પોતાના પરિવાર અને અમલદારો સાથે મહારાજની સન્મુખ આવ્યા. તેમણે બે હાથ જોડી મહારાજને વંદન કર્યાં. મહારાજે તેમનો હાથ પકડી લીધો.

તેમની સાથે ચાલ્યા. સુવર્ણ ખુરશી ઉપર નવાબ સાહેબે મહારાજને પધરાવ્યા. બીજી પણ અનેક ખુરશીઓ હતી. તે ઉપર કાઠી દરબારો બેઠા. સંતો ગાદી-તકિયા ઉપર બેઠા. પાર્ષદો ઊભા રહ્યા. નવાબ સાહેબે મહારાજની બંદગી કરતાં કહ્યું : "તમે ખુદાતાલા છો તો મને દુવા દ્યો કે બહિશ્તમાં સુખેથી ખુદાની બંદગી કરતા પહોંચાય. આ રાજ્ય તો બંધનરૂપ છે, પણ હવે તે બંધન છૂટવાનું છે, તે આપની દુવા."

મહારાજ તેમના વિચારોથી પ્રસન્ન થયા. મનુષ્ય હૃદયમાં આવી ભાવુકતા પ્રગટ થવી તે પણ મહદ્ સંસ્કાર હોય તો જ બને !

નવાબ સાહેબે વિપ્ર પાસે મહારાજની અને સંતોની પૂજા કરાવી, પુષ્પહાર અર્પણ કર્યા. બંને હાથે મહારાજનાં વસ્ત્રો ઉપર અત્તર ચોપડ્યું. ગુલાબજળ છાંટ્યું. મખમલના બાર તાકા ભેટ આપ્યા. જરી ભરેલી શાલ આપી. મહારાજને નંગજડિત શિરપેચ ધરાવ્યો. રૂપિયાનો થાળ ભરીને મહારાજ સમક્ષ મૂક્યો. આ પ્રસંગે નવાબના આમંત્રણથી ત્યા આવેલા નગરજનોએ, અમલદારોએ પણ મહારાજને યથાશક્તિ ભેટ મૂકી. આ વિધિ બાદ મહારાજે થોડી ઉપદેશની વાતો કરી. સંતોએ કીર્તનો ગાયાં.

પછી મહારાજ ઊઠ્યા. નવાબ સાહેબે ફરી મહારાજને વંદન કર્યાં અને પ્રાર્થના કરતાં કહ્યું : "આવી રહેમ નજર હંમેશાં રાખજો."

મહારાજે તેમના સામું જોઈ પ્રસન્ન મુખે આશીર્વાદ આપ્યા.

મહારાજ નીકળી સલાટપરામાં પીરૂશાની વાડીમાં પધાર્યા. તેમણે પણ તેમનો બંગલો દીવાની રોશનીથી દેદીપ્યમાન બનાવી દીધો હતો. બંગલામાં બિલોરી કાચની ગોઠવણીથી અનેક દીવાઓથી પ્રકાશ ઝળહળતો હોય તેવી શોભા બની ગઈ હતી. મેજ ઉપર ગાદી-તકિયા બિછાવ્યા હતા, તે ઉપર મહારાજને પધરાવ્યા. તેમણે મહારાજની અને સંતોની પૂજા કરી, પુષ્પહાર પહેરાવ્યા. કિંમતી કાપડના દસ તાકા ભેટ મૂક્યા, મહારાજની સ્તુતિ કરી.

પછી મહારાજ ઊઠ્યા. સંધ્યા આરતીનો સમય થઈ ગયો હતો એટલે ઉતારે પહોંચવાની મહારાજને ઉતાવળ હતી.

સવારી પાછી ફરી ત્યારે સૌ સંતોની સાથે પ્રેમાનંદ સ્વામી પણ કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા. એટલામાં તેમના કર્ણ ઉપર સંગીતના મોહક સૂર પડ્યા. સંગીતના રસિયા પ્રેમાનંદ સ્વામીને આ સંગીતના સૂરમાં ઉત્તમ પ્રકારનાં શાસ્ત્રીય સંગીતની છણાવટ લાગી. તે સાંભળતાં તેમની ગતિ ધીરી પડી ગઈ.

તેમને ખ્યાલ ન રહ્યો કે આ સંગીત વ્યવસાયી તવાયફના મુખમાંથી નીકળતું હતું. તેમને એ પણ ખ્યાલ ન રહ્યો કે બધા સંતો આગળ નીકળી ગયા છે, ફક્ત તેઓ જ ધીમી ગતિએ ચાલતા એકલા પડી ગયા છે. સંગીતના સૂરમાંથી વૃત્તિ તૂટી અને મહારાજના સ્વરૂપમાં જોડાણી ત્યારે તેમને ભાન આવ્યું. અંતરમાં વર્તમાન ચૂક્યાનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેઓ તરત જ દોડ્યા અને સંતોના મંડળ ભેગા થઈ ગયા.

ઉતારે પહોંચ્યા એટલે મહારાજે તેમને મીઠો ઠપકો આપ્યો. વર્તમાન ભંગનું પ્રાયશ્ચિત્ત ચાંદ્રાયણ વ્રત કરવાનું કહ્યું.

એરન સાહેબને બંગલે મહારાજની પધરામણી

અંગ્રેજ અમલદાર મિ. એરનને મહારાજની પધરામણી તેમના બંગલામાં કરાવવાની ઇચ્છા હતી. તેથી તેમણે અરદેશર શેઠને તે વાત કરી હતી. અરદેશર શેઠે મહારાજને કહ્યું. મહારાજ તરત સંમત થયા. તેરશની સાંજે તેમને ત્યાં કાર્યક્રમ ગોઠવાયો. તેમનું શ્રીહરિ સાથેનું આ પાંચમું મિલન હતું. જેમ જેમ તેઓ મહારાજનાં દર્શન કરતાં, તેમ તેમ મહારાજના સ્વરૂપનું તેમને વિશેષ આકર્ષણ થતું. બૅન્ડવાજાં, પચાસ લશ્કરી ઘોડેસવારો, પાયદળ અને ગાડીઓ વગેરે સાજ તેમણે મહારાજને પોતાના બંગલામાં પધરાવવા માટે મોકલ્યા.

સમય થયો એટલે મહારાજ તૈયાર થઈ અશ્વ ઉપર બિરાજ્યા. આ વખતે પણ અરદેશર કોટવાલ મહારાજની સાથે જ હતા. સવારી બરાબર ગોઠવાઈ ગઈ અને મહારાજે અશ્વની લગામ ખેંચી. મહારાજના અંગભૂત પાર્ષદો ઘોડા ઉપર હતા. પરંતુ તેમની નજર ચારે તરફ ફરતી હતી. જેથી કોઈ તોફાની તત્ત્વો મહારાજ સુધી પહોંચી શકે નહીં. તેમને સમાચાર મળ્યા હતા કે તોફાની તત્ત્વો કાંઈક ધાંધલ કરવા તૈયારી કરી રહ્યા હતા. અરદેશરજીએ પણ આ વાતનો પૂરો ખ્યાલ રાખ્યો હતો. તેથી મહારાજ સુરત પધાર્યા તે પહેલાં જ એ વિરોધી તત્ત્વોને તેમણે કડક શબ્દોમાં ચેતવણી આપી હતી.

મહારાજ એરન સાહેબને બંગલે પહોંચ્યા અને તરત જ મિ. એરન પોતાની સાથે બીજા અમલદારો તથા મિત્રોને લઈને મહારાજનો સત્કાર કરવા બહાર આવ્યા. મહારાજે તેમનો હાથ પકડ્યો અને આગળ ચાલ્યા. એરનને મહારાજ સાથે ગાઢ પરિચય હતો. તેથી આત્મીયતા વિશેષ થઈ ગઈ હતી. મહારાજને પોતાની સન્મુખ સુંદર ખુરશી ઉપર તેમણે બેસાર્યા. અન્ય કાઠી

દરબારો, સંતો યથાયોગ્ય સ્થાને બેસી ગયા. એરને મહારાજનું પૂજન કરાવ્યું. પોતે મહારાજને પુષ્પહાર પહેરાવ્યો, ભેટ માટે વિવિધ પદાર્થો મોટા મોટા થાળમાં તૈયાર જ રાખ્યા હતા તે મહારાજને અર્પણ કર્યા. પછી તેમણે મહારાજને ડભાણની સ્મૃતિ કરાવી અને કહ્યું : "તે દિવસ આપ જુવાન દેખાતા હતા. અત્યારે થોડી ઉંમર દેખાય છે."

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે અંગ્રેજ અમલની પ્રશંસા કરતાં કહ્યું : "તમારા ન્યાયી અને પ્રગતિશીલ વિચારોથી તમારા રાજ્યમાં ધર્મને રક્ષણ મળ્યું છે. તેથી લોકોના અંતરમાં સુષુપ્ત રહેલી ધર્મભાવના જાગ્રત થઈ છે. અમારા સંતો પણ સંપૂર્ણ રક્ષણ મળતાં ધર્મનું પ્રસારણ સારું કરી શકે છે."

પછી મહારાજ ઊઠ્યા. અરદેશર શેઠે મહારાજને કહ્યું : "હવે આપણે અહીંથી એન્ડરસન સાહેબને બંગલે જવાનું છે. અહીંના તે જિલ્લા ન્યાયાધીશ છે."

એન્ડરસનને બંગલે

મહારાજ એન્ડરસનને બંગલે પધાર્યા. એન્ડરસન મહારાજને ડભાણના યજ્ઞ પછી મળ્યા હતા. આજે લગભગ પંદર વરસ બાદ ફરી મળ્યા. એન્ડરસને પણ ખૂબ પ્રેમથી મહારાજની પૂજા કરાવી પુષ્પહાર પહેરાવ્યા. ભેટ મૂકી. કાઠી દરબારો મહારાજનો અંગ્રેજો ઉપરનો પ્રભાવ જોઈ ખૂબ જ પ્રસન્ન થયા.

દુષ્ટોની દુષ્ટતા

મિ. એન્ડરસનના બંગલેથી નીકળી મહારાજ શેઠ ભિખારીદાસને ઘેર પધાર્યા. મહારાજ અહીં બિરાજ્યા. સૌ સંતો પણ મહારાજ સન્મુખ બેસી ગયા. મહારાજ ત્યાં સભામાં બેઠેલા જનોને ઉપદેશ આપી ત્યાંથી પુરુષોત્તમ શેઠને ત્યાં અને પછી અંબારામ મહેતાજીને ત્યાં થઈ લાલજીના મંદિરે પધાર્યા. અહીં મહારાજે લાલજીની આરતી ઉતારી. પછી સભામંડપમાં જ્યાં છત્રી છે ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન થઈ ઉપદેશની ઘણી વાતો કરી. મહારાજ ઊઠતાં ઊઠતાં બોલ્યા : "અહીં તો મોટું મંદિર થઈ જશે."

પછી મહારાજ ઉતારે પધાર્યા. મહારાજ ઉતારે આવી સીધા બંગલાને મેડે પોતાના સ્થાનકે ગયા. પરંતુ મહારાજના આ ઉતારાની ભીંતે કોઈક વિરોધીએ નિંદાના શબ્દો લખી એક કાગળ ચોડ્યો હતો. અરદેશર શેઠની નજર તેના ઉપર પડી, તેમણે તરત તે ઉખેડી લીધો. તે લઈ તે મહારાજ પાસે આવ્યા.

મહારાજની નિંદાના શબ્દો વાંચી અરદેશર શેઠને ઝાળ લાગી ગઈ હતી. પરંતુ મહારાજ તે પત્ર વાંચી હસ્યા. તેમણે કહ્યું : "આવા દુષ્ટજનો હંમેશાં પોતાની દુષ્ટતા છોડી શકતા નથી. પરંતુ એથી અમને કે અમે જે ધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયા છીએ તેમાં, કાંઈ બાધા આવવાની નથી. ઊલટું, તેઓ જ તેમના આવા સ્વભાવથી તેમનું ભૂંડું કરી રહ્યા છે. ભગવાનનું કાર્ય આ બ્રહ્માંડમાં કોઈ રોકી શકે તેમ નથી. માટે તમે અકળાશો નહીં."

પરંતુ અરદેશરે તો તેમના સિપાઈઓને કહ્યું : "આ દુષ્ટને ગમે તેમ કરી પકડીને મારી પાસે લાવો."[૨૧]

મહારાજે અરદેશરને કહ્યું : "શેઠ ! જેમ જેમ અમારો યથાર્થ મહિમા પ્રસરશે, તેમ વિરોધ વધશે. ભગવાનની વાત કોઈને રુચતી નથી. તેમાં પણ અમારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની વાતો જ્યારે પ્રસરશે, ત્યારે વિરોધના વંટોળ ઊભા થશે. માટે શેઠ ! આવું તો અનાદિ કાળથી ચાલતું જ આવે છે. આપણે તેમાં અકળાવું નહીં."

મહારાજના શબ્દોથી અરદેશરજી થોડા શાંત થયા, પણ આ દુષ્ટને પકડી પાડવાનો તો તેમણે નિર્ણય કરી જ લીધો.

અક્ષરાત્મક નરોત્તમ નારાયણ

થોડી વાર પછી અરદેશરજીએ મહારાજને ધીમા સ્વરે કહ્યું : "મહારાજ ! અહીંના નવાબ સાહેબનો ચિત્રકાર મીઠારામ છે તે આપને મળવા માંગે છે."

---

૨૧. *સ્વામીજી ઉતારે આવી કૌતુક દીઠું એક રે,*
કાગળિયો ચોડ્યો છે, તેમાં નિંદા કરી વિશેષ રે.
તે કાગળ અરદેશરજીએ, ઉખેડ્યો તત્કાળ રે,
વાંચીને વિચાર્યો તો મનમાં લાગી ઝાળ રે.
પોતાના ચાકરને પૂછ્યું, આ કોનું તોફાન રે,
એ ખળને પકડીને લાવો, દંડ કરું નિદાન રે.
વાત સૂણી અરદેશરની, બોલ્યા સ્વામી એમ રે,
જાવા દો એ પાપીઓને, ભોગવશે કર્યું તેમ રે.

- 'શ્રી સહજાનંદ સ્વામીનું સુરતમાં પધારવું.'

પ્રકાશક : શ્રી હોરમસજી સોરાબજી વાડિયા તથા રૂસ્તમજી સોરાબજી વાડિયા, કોતવાલની વાડી, સૈયદપરા, સુરત, મૂળ લખાઈ ઈ.સ. ૧૮૨૫, પ્રકાશન : ઈ.સ. ૧૯૨૯, પરિશિષ્ટ પાનું ૩૯/૪૦.

મહારાજે કહ્યું : "તેને બોલાવો."

મીઠારામને થયું કે મહારાજ પાસે જઈને તેમની મૂર્તિ મારે બનાવવી છે તે વાત હું નહીં કહી શકું. તેથી તેમણે નારાયણજીને તે વાત કરી. તેમણે આધારાનંદ મુનિને કહી. આધારાનંદ સ્વામીએ મહારાજને ખાનગીમાં આ વાત કરી. મહારાજે કહ્યું : "કાલે થાળ જમ્યા પછી તેમને બોલાવજો."

આ જ સમયે મહારાજને એક અનુચરે ખબર આપ્યા કે એક અંગ્રેજ અમલદાર આપને મળવા માંગે છે. મહારાજને આશ્ચર્ય થયું. હમણાં જ તો અંગ્રેજ અમલદારોને બંગલે પધરામણી કરીને આવ્યા અને આ વળી બીજા કોણ હશે ? તેમણે કહ્યું : "તેમને મોકલો."

તરત જ તે અંગ્રેજ અમલદાર મહારાજ પાસે આવ્યા. તેમણે માથેથી ટોપી ઉતારી મહારાજને નમસ્કાર કર્યા. પછી કહ્યું : "મારું નામ મિ. હોલ્ફર્ડ છે. હું ખંભાત રાજ્યનો 'રેસિડેન્ટ' છું. પરંતુ ત્યાંના નવાબ સાહેબને મારી સાથે વાંધો પડતા મારી વિરુદ્ધ તેમણે ઘણા આક્ષેપો કર્યા છે. જે માટે કમિશન નીમાયું છે. હું નિર્દોષ છું. આપના કેટલાક કચ્છી ભક્તો જે ખંભાતમાં પથ્થર ઉપર કારીગીરીનું કામ કરવા ત્યાં રહે છે તેમણે મને કહ્યું કે આપના આશીર્વાદ જો મળે તો હું આ આક્ષેપોમાંથી નિર્દોષ છૂટી જઉં."

મહારાજ તેમની વીતક સાંભળી રહ્યા. અંતર્યામી પાસે કોઈ કાંઈ છુપાવી શકે નહીં, છતાં તેમના એકરાર ઉપરથી અને પોતાને શરણે આવ્યા હતા તેથી મહારાજે તેમને આશીર્વાદ આપતાં કહ્યું : "તમે ભજન કરજો, આક્ષેપો બધા સમેટાઈ જશે."

ત્યારબાદ કમિશને તપાસ કરીને રિપોર્ટ તૈયાર કર્યો, તેમાં મિ. હોલ્ફર્ડને નિર્દોષ ઠરાવ્યા. એટલું જ નહીં, પરંતુ તરત જ તેમની મુંબઈ ઇલાકાના મદદનીશ ગવર્નર તરીકે નિમણૂક પણ થઈ.

બીજે દિવસે મીઠારામ મહારાજને ઉતારે આવ્યા. મહારાજે બ્રહ્મચારીને કહ્યું હતું કે જેમનો થાળ હોય તેમને જ ઉપર આવવા દેવા. તે પ્રમાણે જે હરિભક્તનો થાળ હતો તે ઉપર આવ્યા. મહારાજનું તેમણે પૂજન કર્યું, ભેટ મૂકી.

પછી મહારાજે ત્યાં બેઠેલા સર્વેને કહ્યું : "સૌ હવે નીચે જાવ." એમ કહી આધારાનંદ મુનિને કહ્યું : "મીઠારામને બોલાવો."

મીઠારામ મહારાજ પાસે આવ્યા. તેમને મનમાં હતું કે મહારાજ સ્થિર બેસશે એટલામાં આકૃતિ દોરી લઈશ, રંગ પછી કરીશ. પરંતુ મહારાજે તેમને

બોલાવીને કહ્યું : "જુઓ, શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવની મૂર્તિ તમે તૈયાર કરો. તેમની બંને બાજુએ નર અને નારાયણ તેમને હાથ જોડીને ઊભા છે તેમ બતાવજો." મીઠારામ આ સાંભળી મૂંઝાયા. તેમને તો મહારાજની મૂર્તિ બનાવવી હતી. મહારાજે તેમની મૂંઝવણ પારખી કહ્યું : "મીઠારામ ! અમારાં અનેક સ્વરૂપો છે. નર અને નારાયણ જે વાસુદેવનું ભજન કરે છે તે અમારા અંશરૂપ છે. તમે તે ચિત્ર નીચે લખજો : અક્ષરાત્મક નરોત્તમ નારાયણ."[૨૨]

"એટલે શું ?" મીઠારામે પૂછ્યું.

મહારાજ હસ્યા. પછી તેમણે કહ્યું : "અમે અક્ષરના આત્મા છીએ અને સર્વ નરોમાં ઉત્તમ એવા નારાયણ-પુરુષોત્તમ છીએ."

મહારાજના આ દિવ્ય સ્વરૂપનું જ્ઞાન મીઠારામે મહારાજના શ્રીમુખે સાંભળ્યું તેથી તેમને વિશેષ આનંદ થયો.

મહારાજને સુરત આવ્યે લગભગ સાત-આઠ દિવસ થઈ ગયા. અનેક હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા, સૌના મનોરથ પૂરા કર્યા. હવે તેમણે મુનિબાવાને કહ્યું : "આપણે માગશર સુદ બીજને દિવસે અહીંથી નીકળવું છે. ગઢપુરવાસી તલસી રહ્યા છે. કેટલાકે અન્નનો તો કેટલાકે દૂધ-ઘીનો ત્યાગ કર્યો છે."

મુનિબાવાએ કહ્યું : "મહારાજ ! આપણે અરદેશર શેઠની રજા લેવી જોઈએ."

એટલામાં શેઠ આવ્યા. મહારાજે તેમને વાત કરી. એટલે શેઠ દિલગીર થઈ ગયા. પરંતુ મહારાજે તેમને સાંત્વન આપ્યું. પછી શેઠે કહ્યું : "મહારાજ ! જેમ પીરૂશાની વાડીએ પધાર્યા, તેમ મારી વાડી પણ પાવન કરો."

મહારાજે કહ્યું : "આવતી કાલે પડવો છે તો સાંજે તમારે ત્યાં આવીશું."

અરદેશરની વાડીમાં મહારાજની પધરામણી

બીજે દિવસે મહારાજ અરદેશરજીની વાડીમાં તેમને બંગલે પધારવાના હતા. તેથી અંગ્રેજ અમલદારો તેમજ રાજ્યના અન્ય અમલદારો, પ્રતિષ્ઠિત નાગરિકો તમામને તેમણે આમંત્રણ આપ્યું હતું. મહારાજની બેઠક પોતાના દીવાનખંડમાં ગોઠવી હતી. બહાર સુંદર મંડપ બાંધી ખુરશીઓ ગોઠવી દીધી હતી. રૂસ્તમ બાગથી જે પ્રકારે મહારાજનું સ્વાગત કરીને શહેરમાં પધરાવ્યા

૨૨. આ મૂર્તિ અત્યારે સુરતમાં સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં સિંહાસનની જમણી બાજુએ છે.

હતા, તે જ રીતે તેવી શાનદાર શોભાથી મહારાજને તેમણે પોતાના બંગલે પધરાવવા સંકલ્પ કર્યો. મહારાજ જે માર્ગે આવવાના હતા, તે માર્ગ જળ છંટાવી સ્વચ્છ કરાવી દીધો. તે રસ્તા ઉપર પોતાની વાડીના બગીચામાંથી ફૂલોનાં કુંડાંઓ ગોઠવી દીધાં, ઝાડે ઝાડે દીવા કર્યા. માર્ગમાં પાંચ-પાંચ હાથને અંતરે બંધૂકધારી સૈનિકો સામસામા ગોઠવી દીધા. બે અશ્વો જોડેલી સુંદર બગી પોતે લઈ આવ્યા. મહારાજ તેમાં બિરાજમાન થયા. શેઠ પોતે જ બગી ચલાવવા બેસી ગયા. તેમને આ પ્રસંગ પોતાના માટે મહાભાગ્યનો મનાયો હતો. સુરતના પ્રજાજનો શેઠનો મહારાજ પ્રત્યેનો આવો ભાવ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. બધી સેવા થઈ શકે, પરંતુ અંગ્રેજો અને નવાબના આવા લાડીલા, સુરતના હાકેમ જેવા પ્રતિષ્ઠિત પુરુષ બગી ચલાવવા બેસે તેમાં મહારાજ પ્રત્યેની તેમની અત્યંત ભક્તિનાં દર્શન થયાં.

બગી વાડીમાં આવી એટલે અરદેશરજીના મોટાભાઈ પીરૂશા મહારાજ પાસે આવ્યા. મહારાજનાં ચરણમાં મસ્તક મૂક્યું. પછી મહારાજનો હાથ પકડી મહારાજને બંગલામાં લઈ આવ્યા.

મહારાજ તેમના બંગલામાં પધાર્યા. દીવાનખંડમાં બેઠક ગોઠવી હતી. મહારાજ માટે મખમલથી મઢેલ સુંદર ખુરશી રેશમી વસ્ત્ર પાથરીને તૈયાર રાખી હતી. મહારાજ તે ઉપર બિરાજ્યા. સુરતના કરોડાધિપતિ શેઠ આત્મારામ ભૂખણ તથા અન્ય પારસીઓ પણ અગાઉથી આવી મહારાજ સન્મુખ ગોઠવેલી ખુરશીઓમાં બેસી ગયા હતા. અરદેશરજીએ મહારાજનું પૂજન કર્યું. પુષ્પહાર પહેરાવ્યા. ભેટની સામગ્રીઓના થાળ ધર્યા અને રોકડા રૂપિયા ભરીને મોટો થાળ મહારાજ સમક્ષ મૂક્યો. મહારાજ તેમની ભક્તિથી પ્રસન્ન થયા.

અરદેશરજી અંગ્રેજી અને ફારસી બંને ભાષા જાણતા હતા. તેથી તેમનું વાંચન વિશાળ હતું. વળી, નાસ્તિકોના તર્કવાદની ભ્રમજાળમાં પણ અટવાયા હતા, તેથી તેમણે પોતાના અંતરમાં ઊઠેલા પ્રશ્નો મહારાજને પૂછ્યા. મહારાજે તમામ પ્રશ્નોના તર્કબદ્ધ ઉત્તર આપ્યા. તત્ત્વજ્ઞાન સંબંધી મહારાજે આપેલી સ્પષ્ટ સમજણથી અરદેશરનું અંતર નિર્મળ થઈ ગયું. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપનો ગુલામ છું. આપને શરણે આવ્યો છું. મારી રક્ષા કરવી આપના હાથમાં છે."

મહારાજે અભય હાથ મૂકતાં કહ્યું : "અમે સદાય તમારી રક્ષામાં છીએ. તમે કોઈ પ્રકારે ચિંતા કરશો નહીં."

પછી મહારાજ ઊઠ્યા. અરદેશરજી ફરી એવા જ દબદબાથી મહારાજને ઉતારે મૂકવા ગયા.

ફરી રૂસ્તમ બાગમાં

માગશર સુદ ૨ને દિવસે મહારાજે સુરતથી નીકળવાની તૈયારી કરી. અરદેશરજીએ મહારાજને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! આપ અહીંથી નીકળી રૂસ્તમ બાગમાં પધારો. ત્યાં તમામ હરિભક્તોને શાંતિથી આપનાં દર્શનનો, ઉપદેશનાં બે વચનોનો લાભ આપો. પછી પધારો." મહારાજે તેમની વિનંતી સ્વીકારી.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા. આગળ પલટણ, વાજાં, લશ્કરી સૈનિકો વગેરે ગોઠવાઈ ગયાં હતાં. મહારાજના પાર્ષદો અશ્વ ઉપર બેસી ચાલવા તત્પર થઈ ગયા હતા. કાઠી દરબારો પોતાની જાતવાન ઘોડીઓ રાંગમાં રમાડતાં મહારાજ માણકી ચલાવે તેની રાહ જોઈ રહ્યા હતા. સુરતની સમગ્ર જનતા ફરી અશ્વિનીકુમારને આરે રૂસ્તમ બાગમાં જવા લાગી. ત્યાં જગ્યાની છૂટ હતી, તેથી દર્શન મોકળાશથી થશે એવું સૌના મનમાં હતું. ધામધૂમથી મહારાજ અશ્વિનીકુમારને આરે રૂસ્તમ બાગમાં પધાર્યા.

શેઠે અગાઉથી જ અહીં મહારાજની બેઠક ગોઠવી દીધી હતી. સદ્‌ગુરુઓ તેમજ કાઠી દરબારોને પણ બેસવાનું યથોચિત સ્થાન મળે તેવી વ્યવસ્થા કરી હતી. મહારાજ આવી પોતાની બેઠક ઉપર બિરાજ્યા. ત્યારે સહજાનંદ સ્વામી મહારાજના જયઘોષથી ગગન ગાજી ઊઠ્યું. ફરી સ્વામિનારાયણ ભગવાનની જયના ઘોષ થયા અને તેના પડઘા ચારે દિશામાં વ્યાપી ગયા. મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આકાશનો જ્યાં વ્યાપ છે ત્યાં આ શબ્દો પ્રસરશે."

મહારાજ અરદેશરને પોતાની પાઘ આપે છે

અરદેશરજી મહારાજ સન્મુખ બેસી ગયા. તેમને મનમાં સંકલ્પ થતો હતો કે મહારાજ કંઈક પ્રસાદી આપે તો રોજ તેનું પૂજન થાય, મહારાજની સ્મૃતિ થાય અને અંતરમાં મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ દૃઢ થાય. મહારાજ તેમનો મનોરથ જાણી ગયા. અરદેશરજીએ મહારાજનું ફરી પૂજન કર્યું. પુષ્પહાર પહેરાવ્યા અને ફરી મહારાજને વસ્ત્રાભૂષણો ધરાવ્યાં, રૂપિયાનો થાળ ભેટમાં મૂક્યો. પછી મહારાજે સભામાં ઉપદેશ વચનો કહ્યાં. મહારાજ ઉપદેશામૃત પૂરો

કરી ઊઠ્યા, એટલે શેઠની આંખો ભીની થઈ ગઈ ! તેમણે હાથ જોડીને પૂછ્યું : "મહારાજ ! હવે દર્શનનો યોગ ફરી ક્યારે થશે ?"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમે સંભારશો ત્યારે." એટલું કહીને મહારાજ અરદેશરજીને ખૂબ જ પ્રેમથી ભેટ્યા. મહારાજના આ વાત્સલ્ય ભર્યા આશ્લેષથી અરદેશરના અંતરનાં મલિન રજકણો જાણે ઓગળી ગયાં હોય, અંતર નિર્મળ થઈ ગયું હોય એવો તેમને અનુભવ થયો ! તેમનું અંતર અપૂર્વ આનંદના ભાવથી ભર્યું ભર્યું થઈ ગયું. તેમની બંને આંખોમાંથી હર્ષાશ્રુ ચાલવા લાગ્યા. પોતાની પાઘ ઉતારી મહારાજના પગમાં તે પડી ગયા. મહારાજનાં બંને ચરણારવિંદ પકડી તેમણે કહ્યું : "દયાળુ ! આટલી બધી કૃપા આ દીન સેવક ઉપર વરસાવી ?"

એટલામાં મહારાજે ગુલાબના તોરાયુક્ત પોતાની પાઘ ઉતારી અરદેશરના મસ્તક ઉપર પહેરાવી દીધી ! અરદેશર દિગ્મૂઢ બની ગયા ! તેમણે તરત જ મહારાજે પહેરાવેલી પાઘ હાથમાં લઈ લીધી. આંખોએ અડાડી, છાતીએ અડાડી અને મસ્તક નમાવી તેને નમસ્કાર કર્યા. મહારાજ સામું તે હજુ અશ્રુભીની આંખે જોઈ રહ્યા હતા.

મહારાજે તેમના મસ્તક ઉપર હાથ મૂકતાં કહ્યું : "શેઠ ! તમે તમારા હોદ્દાનું માન મૂક્યું, સત્તાનો ઘમંડ મૂક્યો, અમને રાજી કરવા તમે સેવક બની ગયા. તમારા એ પ્રેમના ભાવથી જ તમને આ પ્રસાદી અમે આપી છે તે દિવ્ય છે. તેનાં દર્શનથી તમારી અમારા પ્રત્યેની ભક્તિ વધુ દૃઢ થશે. તેની રોજ પૂજા કરજો. એ પાઘના સંબંધથી તમારાં ઘર તીર્થ બની જશે. અમારા મોટા મોટા સંતો અને ભક્તો તમારે આંગણે આ પાઘનાં દર્શન કરવા આવશે, તેથી તમારા ઘરનું તીર્થત્વ સદા સચવાશે."

મહારાજના આ શબ્દો સાંભળી અરદેશરજી અવાક્ બની ગયા ! ફરી તેમણે પાઘ છાતીએ અડાડી. તે વિચાર કરવા લાગ્યા : "મહારાજે કેટલી કૃપા કરી !"

મહારાજ તેમને વિચાર કરતા જોઈ બોલ્યા : "શેઠ ! જે કૃપાનિધિ હોય તેની કૃપાને અવધિ ન જ હોય. ફક્ત એ વરસવી જોઈએ. તમારા ઉપર એ વરસી છે. માટે હવે કાંઈ ચિંતા કરશો નહીં."[૨૩] એટલું કહીને મહારાજ માણકી

---

૨૩. મહારાજે અરદેશર શેઠને આ વચન આપ્યું ત્યારપછી લગભગ વીસ વર્ષે, એટલે મહારાજ ધામમાં પધાર્યા પછી પંદર વર્ષે અરદેશરજીને ઉપાધિ આવી. મિ. આર.ડી. લ્યુઅર્ડની સુરતમાં જજ તરીકે નિમણૂક થઈ અને તે સુરત તા. ૨૨-૬- ➤

ઉપર બિરાજ્યા.

સં. ૧૮૮૧ના માગશર સુદ ૨(દ્વિતીયા)ને દિવસે મહારાજ સુરતથી સંઘ સાથે નીકળ્યા.[૨૪]

૧૮૪૨ના દિવસે આવ્યા. તેના અંગ્રેજ સાગરીતોએ અરદેશરની મહત્તા ન સહન થવાથી અરદેશર વિરુદ્ધ તેમને ભંભેર્યા. આ અરસામાં, દલુભાઈ હરગોવિંદ નામના એક લક્ષાધિપતિ તેમની મિલકતના વારસ તરીકે પ્રેમકુંવર નામની કુંવરીની નિમણૂક કરી મરણ પામ્યા. આથી તેમની વિધવા અને પ્રેમકુંવર વચ્ચે વારસના હક્કનો ઝઘડો ચાલ્યો. અરદેશરે તથા દલુભાઈના ભાઈએ વિધવાનો પક્ષ લઈ તેમને વારસો અપાવ્યો. આથી પ્રેમકુંવરના સગાઓએ અરદેશરની ઉપર દલુભાઈની મોટી રકમ ઉચાપત કરવાનો આરોપ મૂક્યો. લ્યુઅર્ડની પાસે આ ફરિયાદ આવી. તેમણે અરદેશરને ગુનેગાર ઠરાવી નોકરીમાંથી બરતરફ કરાવ્યા. આ કેસ સેશન્સ કોર્ટમાં ચાલ્યો. અરદેશરનો બચાવ કરવા મુંબઈથી પ્રખ્યાત બૅરિસ્ટર મિ. વિલિયમ હાર્વર્ડ આવ્યા હતા.

તા. ૨૯-૧૧-૧૮૪૪ની રાત્રે શ્રીજીમહારાજે વહેલી સવારે અરદેશરજીને સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું : "આવતી કાલે સરકાર તમને તમારો હોદો સન્માનપૂર્વક પાછો આપશે." એમ કહી અરદેશરના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. અરદેશર જાગી ગયા. મહારાજનાં દર્શનથી તેમને ખૂબ આનંદ થયો. તેમણે અરીસામાં પોતાનું મુખ જોયું તો મહારાજે કરેલો ચાંદલો કપાળમાં જોયો. તેમને મહારાજના શબ્દો સત્ય લાગ્યા. આ જ દિવસે કેસનું જજમેન્ટ તા. ૩૦-૧૧-૧૮૪૪ના દિવસે જ્યુડીશીયલ કમિશ્નર મિ. હર્ટે આપ્યું અને અરદેશરને નિર્દોષ ઠરાવ્યા. તેમના બરતરફીના સમયનો બધો જ પગાર તેમને મળ્યો. સરકારે પૂરા સન્માનથી તેમને પૂર્વવત્ તેમના હોદા ઉપર નીમ્યા અને અરદેશર વિરુદ્ધ કાવતરું કરવા બદલ મિ. લ્યુઅર્ડને સરકારે બરતરફ કરી કાઢી મૂક્યો.

— ખાનબહાદુર અરદેશરજી. પાનું. ૨૭, ૨૮, ૨૯

૨૪. બરાબર આ જ તિથિએ મહારાજે ગઢપુરમાં મધ્ય પ્રકરણનું ૬૨મું વચનામૃત કહ્યું છે. એટલે મહારાજ પોતાના તમામ સખાઓ સાથે અન્ય સ્વરૂપ ધારણ કરી ગઢપુરમાં બિરાજમાન થયા હતા.

— શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૩૫/૧૫-૧૯.

ઉદ્ગીથ ૩



દાદાખાચરનાં ભટવદરમા લગ્ન

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૪-૧૮૨૫)

મહારાજ રૂસ્તમ બાગથી નીકળી કોસાડ પધાર્યા. અહીં સુધી સુરતના સત્સંગીઓ મહારાજને વળાવવા આવ્યા હતા. અહીં મહારાજ રાત રોકાવાના હતા તેથી ગોવિંદ તેમજ બીજા જે વાળંદ ભક્તો હતા તેમણે મશાલો પ્રગટાવી. આરતી-ધૂન્ય કરી મહારાજ પોઢી ગયા.

સવારે પુરુષોત્તમ મિસ્ત્રીએ મહારાજને નાની ગાડી જેવો સિગરામ બે બળદ સાથે અર્પણ કર્યો. વિપ્ર પાસે કંસારની રસોઈ કરાવી. મહારાજ થાળ જમ્યા. સંતો અને હરિભક્તોને પણ જમાડ્યા. થોડો સમય આરામ કરી મહારાજ ત્યાંથી ચાલ્યા.

મહારાજ ભરૂચ પધાર્યા. હાલ જે જૂનું મંદિર છે તે જગ્યાએ મહારાજ ઊતર્યા. સાથે આનંદાનંદ સ્વામી હતા. મહારાજે તેમને કહ્યું : "અહીં બળી રાજાએ યજ્ઞ કર્યો હતો. તેથી ભવિષ્યમાં અહીં આપણું મોટું મંદિર થશે."

મહારાજના સંકલ્પમાં હવે મંદિરો હતાં. ગણ્યાં ગણાય નહીં એટલાં અપરંપાર ! મહારાજ કહેતા કે મંદિરો હશે તો ઉપાસના રહેશે, ધર્મ પળાશે.

ભરૂચથી નીકળી આમોદ, કારેલી થઈ મહારાજ ખંભાત પધાર્યા. અહીં રાત રહ્યા.

ખાંડ હવે અબખે પડી ગઈ છે

બીજે દિવસે સવારે મહારાજે ગુડેલ ગામમાં પોતે જ વંતાકનું શાક અને બાટીઓ બનાવી. સંતો તથા કાઠી ભક્તો માટે મિષ્ટાન્ન બનાવ્યાં. પરંતુ સુરતમાં રોજ મિષ્ટાન્ન જમીને કાઠી ભક્તો થાકી ગયા હતા. મિષ્ટાન્ન પ્રત્યે તેમને હવે અભાવ આવ્યો હતો. સુરાખાચર પૂરું જમ્યા નહીં. મહારાજે તેમને

શાક અને બાટી મોકલ્યાં.

સુરાખાચર પ્રસન્ન થતાં થતાં મહારાજ પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ ! પ્રસાદી ન મોકલી હોત તો હું તો ભૂખ્યો જ રહેત. ખાંડ તો હવે અબખે પડી ગઈ છે."

મહારાજ હસ્યા. પછી પૂછ્યું : "ક્યાં સુધી એવું રહેશે ?"

સુરાખાચર આ સાંભળી મુઝાયા. તેમને થયું કે થોડો વખત થશે એટલે પાછી તેની રુચિ તો જાગશે જ. એટલે તેમણે કહ્યું : "મહારાજ ! હમણાં તો ભજિયાં, વડાં કે પૂડલા જેવું જમાડો તો ઠીક પડે."

મહારાજ તેમની યુક્તિથી મંદમંદ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "ભલે, હવે એવું ભોજન જમાડીશું."

ભજિયાં, વડાં અને પૂડલા બનાવજો

મહારાજે ધોલેરામાં પૂંજાભાઈનાં બહેન અજુબાને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું : "અમે આવતી કાલે ધોલેરા આવીએ છીએ. અમારી સાથે કાઠી ભક્તો છે. તો તેમને માટે ભજિયાં, વડાં, પૂડલા અને બાજરાના રોટલા બનાવજો. મિષ્ટાન્ન ઉપર તેમને હમણાં અભાવ થયો છે."

બીજે દિવસે મહારાજ ધોલેરા પહોંચ્યા ત્યારે ત્યાં રસોઈ તૈયાર હતી. મહારાજે સ્નાન કર્યું અને થાળ તૈયાર હતો એટલે જમવા પધાર્યા. કાઠી ભક્તો પણ પંક્તિમાં બેસી ગયા. બાજરાના રોટલા, માખણનાં ભજિયાં, વડાં, પૂડલા વગેરે પીરસાતાં જોઈ સુરાખાચરને આશ્ચર્ય થયું ! મહારાજે આટલે છેટે એટલી વારમાં સંદેશો પહોંચાડી દીધો ! પણ પાછળથી તેમને ખબર પડી કે મહારાજે અજુબાને સ્વપ્નમાં દર્શન દઈને કહી દીધું હતું. મહારાજની અકળ લીલા જોઈ તેમને આનંદ થયો. પળે પળે અલૌકિકતા અનુભવતા આ કાઠી ભક્તો મહારાજનું અમોલું ધન હતું. મહારાજ માટે તેમણે સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. ગામ, ગરાસ કે વ્યવહારની ચિંતા મહારાજ ઉપર છોડી મહારાજ સાથે તેઓ સદા ફરતા. મહારાજના અંગરક્ષક સમાન મહારાજના તેઓ અજોડ સેનાનીઓ હતા. મહારાજ પણ તેમને સદા પ્રસન્ન રાખતા.

મહારાજ કમિયાળામાં મુક્તાનંદ સ્વામીને મળે છે

ધોલેરાથી મહારાજ નીકળ્યા. તેમને મુક્તાનંદ સ્વામીને મળવું હતું. એટલે

સીધા કમિયાળા પધાર્યા. સીસા વણારને ત્યાં ઊતર્યા. મુક્તાનંદ સ્વામીને પણ ત્યાં જ સારવાર માટે રાખ્યા હતા. તેમને હાથે હવે સારું હતું, પરંતુ અશક્તિ ઘણી હતી. મહારાજ પધાર્યા એટલે સ્વામીને પણ મહારાજનાં દર્શનથી આનંદ થયો. સ્વામીના ખાટલા પાસે સાંગામાંચી ઉપર મહારાજ બિરાજ્યા. મહારાજે સ્વામીના કુશળ પૂછ્યા. શરીરે હાથ ફેરવ્યો. પછી મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવી દીધા છે. હરિભક્તો બધા બહુ જ રાજી થયા. હવે દેવ બેઠા છે, તો જે ભાવથી પૂજન કરશે તેને તે પ્રમાણે ફળ મળશે."

મુક્તાનંદ સ્વામી શાંતિથી સાંભળતા હતા. તેમને પણ સમાચાર તો મળી ગયા હતા કે દક્ષિણ તરફના મંદિરમાં મહારાજે પોતાની મૂર્તિ 'હરિકૃષ્ણ' નામ આપી પધરાવી છે. મહારાજે અપૂર્વ પ્રતાપ બતાવ્યો, તેથી કોઈ બોલી શક્યા નહીં અને નિર્વિઘ્ને સર્વોપરી ઉપાસ્ય સ્વરૂપનું સ્થાપન થઈ ગયું !

મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ થાય છે - મહારાજ લક્ષ્મીનારાયણથી જુદા છે

મુક્તાનંદ સ્વામી વિચારમાં પડી ગયા. તેમને થયું કે મહારાજે સ્વયં પોતાનું સ્વરૂપ પધરાવી દીધું ! તેમને લાગ્યું કે લક્ષ્મીનારાયણ દેવથી મહારાજ જુદા છે. મહારાજે તેમને રામાનંદ સ્વામીનું સ્વરૂપ લઈને કાલવાણીમાં પોતાના સ્વરૂપની વાત કરી હતી. તે સાંભળી તેમને અંતરમાં શાંતિ થઈ હતી. પરંતુ ગુણના ભાવથી કોઈક વાર અશાંતિ પણ થઈ જતી. તેથી ગઢપુરમાં મહારાજે પોતાનાં ચરિત્રોની વાત બે-ત્રણ દિવસ તેમને કરી. આ વાતો સાંભળી તેમને શાંતિ થઈ ગઈ. તેમને લાગ્યું કે મહારાજ શ્રીકૃષ્ણ સાક્ષાત્ છે. તે ભાવનાં કીર્તન *'મારો મત કહું તે સાંભળો વ્રજવાસી રે'* તેમણે બનાવ્યાં.

મહારાજને અંતરમાં સ્વામી પ્રત્યે ભાવ હતો. ભગવાન મેળવવા તેમણે કેટલો પરિશ્રમ કર્યો ! પરંતુ તેમને લાગતું કે જો પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સ્વામીને નહીં થાય તો તેમનો પરિશ્રમ અધૂરો રહી જશે. પ્રાપ્તિમાં ફેર પડી જશે. એટલે ગામડી ગામમાં પણ મહારાજે તેમને પોતાના સ્વરૂપની વાતો કરી હતી. ધરમપુર જતાં રસ્તામાં પણ વાતો કરી હતી. છતાં સ્વામીના અંતરમાં મહારાજના સર્વોપરી સ્વરૂપની વાત બેસતી ન હતી. આજે જ્યારે મહારાજે પોતાના સ્વરૂપની વરતાલમાં પ્રતિષ્ઠા કરી, ત્યારે તેમને નિશ્ચય થઈ ગયો કે જે

સ્વયં પુરુષોત્તમ નારાયણ હોય તે જ દેવને જુદા રાખીને પોતાની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા પોતાની મૂર્તિનું સ્થાપન કરી શકે. તે નિઃશંક વર્તે. સમાજ કદાચ સર્વોપરી સમજણની એ ઉચ્ચત્તમ કક્ષાએ ન પહોંચ્યો હોય તો તેમને ત્યાં પહોંચાડવો જ પડે. પરંતુ નીચા ભાવના સ્તરે તો તેને ન જ રહેવા દેવો.

મહારાજના આ કાર્યથી તેમના અંતરમાં અત્યંત આનંદ થયો ! મહારાજ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના પણ કારણ છે એ નિષ્ઠા તેમના અંતરમાં આજે દૃઢ થઈ ગઈ ! તેમના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા : *"માઈ, મૈં તો પુરુષોત્તમ વર પાયો..."* મહારાજને આ સાંભળી અત્યંત આનંદ થયો !

મહારાજે તેમને બેસવા માટે મેનો મંગાવ્યો. પરંતુ વણારે કહ્યું : "મહારાજ ! મેનામાં સ્વામીને બેસવાનું ફાવશે નહીં. હજુ હાથે દુખાવો છે. માટે પલંગ તૈયાર કરાવીએ."

મહારાજ તે સાંભળી બહુ જ રાજી થયા. સ્વામી માટે પલંગ આવ્યો. સ્વામીને તેમાં સુવાર્યા. ચાર જણાએ ચાર પાયા ઊંચક્યા.

મહારાજ કમિયાળાથી નીકળી થોડા દિવસે ગઢપુર પહોંચી ગયા.

મહારાજે મુક્તાનંદ સ્વામીનો ખાટલો પોતાના ઉતારાની બાજુમાં જ રખાવ્યો. તેમના સેવકને સ્વામીની બરોબર સેવા કરવા સૂચના આપી અને કહ્યું : "સ્વામીને જોવા માટે અમો વારંવાર આવીશું. માટે સેવામાં ચૂક પડવા દેશો મા." આ પ્રમાણે વ્યવસ્થા કરી પોતે પોતાના ઉતારામાં પધાર્યા.

મહારાજ દાદાખાચરને ફરી પરણાવવા તૈયાર થાય છે

મહારાજ ઝડપભેર ગઢપુર પધાર્યા.[૨૫] અહીં ધીરે ધીરે તેમને કાને વાતો આવવા લાગી : "દાદાને ક્યાં સંતાન છે. ગરાસ તો પછી આપણો જ છે ને !"

મહારાજને પોતાના પરમ કૃપાપાત્ર ભક્તરાજ માટે આવી વાતો સાંભળી દુઃખ થયું. તેમણે કુમુદાબાને બોલાવ્યાં. તેમને સઘળી વાત કરી. કુમુદાબાએ મહારાજને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! હું તો તમારા ભગતને રોજ કહું છું કે 'આપણો આ દરબાર એ સત્સંગનું મુખ્ય સ્થાન છે. સંતાન હશે તો મમત્વ રાખી પ્રસાદીનો દરબાર સાચવશે, સંતોની પણ સેવા કરશે અને આપણા કુળને ઉજ્જ્વળ કરશે. માટે બીજી વાર તમે લગ્ન કરો.' પરંતુ ભગત તો કહે છે : 'મારે હવે એ બંધનમાં પડવું જ નથી. કોણ જાણે કેવા પુત્ર થાય ! કુસંગી થાય

૨૫. આ દિવસથી ગઢડા મધ્ય પ્રકરણ ૬૩થી વચનામૃતોની શરૂઆત થઈ.

તો આપણું કર્યું કરાવ્યું બધું ધૂળમાં મેળવી દે અને સંતોને પણ ત્રાસ આપે. તેથી તો પુત્ર ન હોય તે જ સારું છે.' આવું આવું બોલે છે. વળી, વધુ બોલું તો કહે છે : 'હું તો ત્યાગી થઈ જઈશ.' હવે તો આપ જ તેમને સમજાવો અને માને તો સંતોની અને સત્સંગની સેવા કરવાવાળો સેવક મળે. દરબાર પણ ધણિયાતો થાય."

મહારાજ કુમુદાબાના આ શબ્દો સાંભળી ખૂબ જ રાજી થયા. તેમણે કહ્યું : "દાદાને મારી પાસે મોકલજો."

ત્યારબાદ મહારાજે દાદાખાચર માટે કન્યાની શોધ કરવા માંડી. દાદાખાચરને લાયક કન્યા છે, તેવા સમાચાર જ્યાંથી મળતા ત્યાં મહારાજ માણસ મોકલતા અને તપાસ કરાવતા. પરંતુ વિઘ્નસંતોષીઓ તે તે સ્થળે પહોંચી જતા અને અવળા શબ્દો કહી કોઈ રીતે મેળ બેસવા દેતા ન હતા. મહારાજ સમજતા હતા કે મોટી ડેલીવાળાનું આ કામ છે. પરંતુ પોતાના સંકલ્પ પાસે આવા વામણા માનવીના પ્રયત્નો મિથ્યા જ ઠરવાના હતા.

તે વખતે બારપટોળીના કાળુ વાવડિયા મહારાજનાં દર્શને આવ્યા. તેમને મહારાજે કહ્યું : "તમારા બાબરિયાવાડમાંથી જો કન્યા મળે તો આપણા દાદાખાચરનું લગ્ન કરવું છે."

વાવડિયે તરત જ કહ્યું : "મહારાજ ! ભટવદરમાં નાગપાલ વરુની કન્યા ઉંમરલાયક છે અને દાદા બાપુને લાયક જ છે."

મહારાજ તે સાંભળી મનમાં વિચાર કરવા લાગ્યા. પછી બોલ્યા : "અમે વનવિચરણ દરમ્યાન તેને ત્યાં ગયા હતા. તેમણે ભાવથી અમને દૂધ-રોટલો જમાડ્યા હતા. તેમને ત્યાં દાદા બાપુને લાયક કન્યા છે. માટે તમે ભટવદર જાવ અને નાગપાલ વરુને વાત કરો."

કાળુ વાવડિયા તરત જ ત્યાંથી નીકળી સીધા ભટવદર ગયા. નાગપાલ વરુને વાત કરી. નાગપાલ તો આ સાંભળી બહુ જ રાજી થયા. તેમણે હા કહી એટલે કાળુ વાવડિયે બારપટોળી આવી બે હરિભક્તને મહારાજ પાસે મોકલ્યા અને કહેવરાવ્યું : "દાદા બાપુનું સગપણ જસુબા સાથે નક્કી કર્યું છે."

મહારાજ આ સાંભળી રાજી થયા. તરત જ તેમણે હરજી ઠક્કરને બોલાવ્યા. હરજી ઠક્કરને વાત કરી. ત્યારે તેમણે સહજ ધીમા સાદે કહ્યું : "મહારાજ ! નાગપાલ વરુની કન્યા છે તો સારી, પણ તે જરા કાઠીની ન્યાતમાં ઊતરતા કહેવાય. એટલે ત્યાં દાદા બાપુનો વિવાહ થાય નહીં."

આ સાંભળી મહારાજે સખતાઈથી કારભારી સામું જોયું અને તેમને કહ્યું : "કારભારી ! નાગપાલ વરુને અમારો સંબંધ થયો છે ! જે નીચ વર્ણના કહેવાતા હોય તે પણ અમારા સંબંધથી જગતમાં મનાતા ઉચ્ચ વર્ણના લોકો કરતાં વધારે મોટા છે. માટે શંકા ન કરશો. અમારું મન તો ત્યાં જ બેસી ગયું છે."

કારભારી સમજી ગયા. મહારાજે નક્કી કરી જ રાખ્યું હતું. તેમને સમજાયું કે તે કન્યાનાં અપાર પુણ્ય હશે તેથી જ દાદાખાચર જેવા પતિ તેને મળે છે. પછી મહારાજે કહ્યું : "ભગુજીને તથા રતનજીને કાલે લૂગડાં અને ઘરેણાં લઈને ભટવદર મોકલવા છે. પણ તે પહેલાં સૂરબાઈમા તથા બહેનોને વાત કરી લઈએ."

બીજે દિવસે કાળુ વાવડિયા ગઢડે આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "પ્રભુ ! કન્યા તો દેવની દીધેલી છે એવું લાગે છે. મને તેનું ઓસાણ હતું પણ નજરે તો આપે કહ્યું પછી જ જોઈ. આપે માગું નાખ્યું તેથી નાગપાલ વરુ રાજી થઈ ગયા. તેમણે કહ્યું : 'મારાં એવાં કેવાં ભાગ્ય કે દાદા બાપુ જેવા પતિ મારી કન્યા માટે મળે ! પણ અમે કાઠીની ન્યાતમાં જરા ઊતરતા કહેવાઈએ, એટલે સૂરાબાઈમા તથા જીવુબા, લાડુબાને કાંઈ વાંધો ન હોય તો મારું તો આ ટાણે જ આપને વચન છે."

મહારાજ તેમની વાત સાંભળી રાજી થયા. પછી કહ્યું : "વાવડિયા ! આજે સૂરબાઈમા તથા બહેનો સાથે વાત કરી કન્યા માટે લૂગડાં તથા ઘરેણાં મોકલવાં છે. તમે પણ સાથે જજો અને નાગપાલ વરુને કહેજો કે મહારાજે ગોળ ખાઈ લીધો છે, પણ હવે તમે કોઈના અવળા શબ્દોથી ભરમાશો નહીં."

આપની નજરમાં જે આવે તે ઊતરતા છે એવું કહેવાય જ નહીં

મહારાજે પછી સૂરપ્રભાદેવી તેમજ જીવુબા, લાડુબા, પાંચુબા, કુમુદાબા એ બધાં કુટુંબીઓને બોલાવ્યાં. મહારાજે તેમને કહ્યું : "દાદાનાં અમારે ફરી લગ્ન કરવાં છે. કુમુદાબા તેમાં રાજી છે. તમારી બધાની શું મરજી છે ?"

તે સાંભળી જીવુબાએ મહારાજને કહ્યું : "મહારાજ ! એમાં તે વળી અમારી મરજી પૂછવાની હોય ? બાપુએ જ આપના હાથમાં દાદાનો હાથ સોંપ્યો છે. એટલે આપ જે કરો તે તેના અને અમારા સૌનાં હિતમાં જ હોય."

એટલે મહારાજે કહ્યું : "ભટવદરના નાગપાલ વરુની કન્યા છે, તમારા કુળથી જરા ઊતરતા કહેવાય. તમે હા પાડો તો આપણે આજે જ ગોળ ખાઈએ

અને આજે જ લૂગડાં ને ઘરેણાં મોકલીએ."

મહારાજના એક એક શબ્દથી જીવુબા, લાડુબાને લાગતું કે મહારાજ તેમની પરીક્ષા કરી રહ્યા છે. તેમણે તરત જ કહ્યું : "મહારાજ ! આપની નજરમાં જે આવે તે ઊતરતા છે એવું કહેવાય જ નહીં ! આપ નક્કી જ કરી નાંખો."

"પણ આ સૂરપ્રભાદેવી તો કાંઈ બોલતાં જ નથી." મહારાજે સૂરપ્રભાદેવી સામું જોઈને કહ્યું.

તરત જ તેમણે કહ્યું : "મહારાજ ! દાદો તો તમારો દીકરો છે. તમે તેને ખોળે લીધો છે. તે હવે મારે શું કહેવાનું હોય !"

આ સાંભળી મહારાજની આંખો ભીની થઈ ગઈ ! દાદાના તમામ કુટુંબીઓનો પોતાના પ્રત્યે આટલો ભાવ ! આટલો બધો વિશ્વાસ ! થોડી વારે તેમણે કહ્યું : "જુઓ, દાદાને હજુ અમે વાત કરી નથી. પણ તેને મનાવી લઈશું."

દાદાની ધજા તો અમારે અમર રાખવી છે

પછી ધીરે રહીને બોલ્યા : "આ તો ઈર્ષાળુઓ દાદાને નિ:સંતાન જાણી ગરાસ પડાવી લેવાની પેરવી કરે છે, તેથી અમને આ વિચાર આવ્યો. કુમુદાબા પણ એ જ કહે છે. દાદાની ધજા તો અમારે અમર રાખવી છે."

મહારાજના આ શબ્દો સાંભળી કોઈ કાંઈ બોલી શક્યું નહીં. બધાંની આંખોમાં આંસુ હતાં. મહારાજની દાદા ઉપર કેટલી કૃપા ! સૌ ધન્ય બની ગયાં !

મહારાજે પૂછ્યું : "તો હવે નક્કી કરી નાખીએ ને ?"

"ભલે મહારાજ !" કહી સૌ ઊઠ્યાં.

દાદાખાચરની મૂંઝવણ

દાદાખાચરને આ બધી પ્રવૃત્તિ જોઈ મૂંઝવણ થવા લાગી. તેમને લાગ્યું કે કાંઈ અવનવું બની રહ્યું છે. પરંતુ શું બની રહ્યું છે તે જાણવાની તેમને ઈચ્છા ન હતી. એટલામાં મહારાજે તેમને બોલાવ્યા. આ સંદેશો સાંભળી તેમને મહારાજ પાસે જતાં સંકોચ થવા લાગ્યો. તેમને થયું કે કોઈ દિવસ નહીં અને આજે કેમ અંતરમાં આવો ભાવ થાય છે ! તે ધીમે પગલે મહારાજ પાસે ગયા. મહારાજે તેમના સામું જોઈ હસીને કહ્યું : "દાદા ! આવો, બેસો અહીં."

દાદાખાચર બંને હાથની આંગળીઓ મસળતા, સંકોચ અનુભવતા મહારાજની સન્મુખ ધીરે રહીને બેસી ગયા. તેને મનમાં થયું કે રોજ અનુભવતો

હતો એવો ઉત્સાહ આજે કેમ મને મહારાજ સન્મુખ બેસતા થતો નથી !

મારી એક શરત

એટલામાં મહારાજે તેમને કહ્યું : "દાદા ! તમારું ફરી લગ્ન કરવાનું અમે સૌએ નક્કી કર્યું છે."

આ સાંભળી જાણે વીજળી પડી હોય તેમ દાદાખાચર ચમક્યા ! "મારું લગ્ન ? મહારાજ ! આપ આ શું કહો છો ?"

મહારાજે ધીરે રહીને કહ્યું : "દાદા ! હું જ કહી રહ્યો છું. તારું ફરી લગ્ન કરવા અમે સૌએ નિર્ણય કરી લીધો છે."

દાદાખાચર સાંભળી રહ્યા. તેમણે ધીરેથી કહ્યું : "મહારાજ ! કુમુદાએ તો આપને નથી કહ્યું ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "દાદા ! કુમુદાબા તો મહામુક્ત છે, તેણે અમને કહ્યું હોય તોપણ શું ? અત્યારે તો અમે જ તને કહીએ છીએ ને ! આ અમારી આજ્ઞા છે."

દાદાખાચર નીચું જોઈ રહ્યા. મહારાજ પાસે શું બોલવું તે તેમને સૂઝ્યું નહીં. મહારાજે માત્ર નિર્ણય જ નહોતો કર્યો પણ અત્યારે તો આજ્ઞા જ કરી દીધી હતી. તેમણે ધીરેથી કહ્યું : "ભલે !"

મહારાજ આ સાંભળી અત્યંત રાજી થઈ ગયા.

એટલામાં દાદાખાચરે કહ્યું : "મહારાજ ! પણ મારી એક શરત છે."

હવે મહારાજને મૂંઝવણ થવા લાગી. વળી કઈ શરતની લપ દાદો લઈ આવ્યો. મહારાજે જરા જોરથી કહ્યું : "અમારી સાથે પણ શરત ?"

દાદાખાચર થોડું હસ્યા. પછી કહ્યું : "હા, આપની સાથે પણ શરત કરવાની છે. આપ જાનમાં પધારો, મારો રથ ચલાવો તો જ હું લગ્ન કરવા જઈશ. આપના સંબંધ વગરનાં લગ્ન એ સંસારના ઊંડા કૂવામાં પડવા જેવું બંધન કહેવાય."

મહારાજ સમજી ગયા. તેમણે તરત જ કહ્યું : "દાદા ! તને પરણાવવા તો અમે જાતે જ આવીશું. વરના બાપ જ અમે છીએ ને !" દાદાખાચરના હર્ષનો પાર ન રહ્યો.

✧

મહારાજે વસંતપંચમીનો ઉત્સવ ગઢપુરમાં જ કરવા નક્કી કર્યું. તે પ્રસંગે

દેશદેશના હરિભક્તો, સંતોને બોલાવવા અને ઉત્સવ બાદ સૌને દાદાખાચરનાં લગ્ન પ્રસંગે ભટવદર લઈ જવા. તેમને આ રીતે દાદાખાચરનાં લગ્ન ધામધૂમથી કરવાં હતાં. દાદાખાચર જેવા આત્મનિવેદી ભક્તને લગ્ન એ બંધન ન હતું, પરંતુ મહારાજની આજ્ઞા હતી. દાદાખાચરના મનમાં એ જ વિચાર ચાલતા હતા. મહારાજ જાનમાં પધારશે. મારો રથ હાંકશે. આ દિવ્ય સંબંધના સંકલ્પોમાં તેમનું મન અટવાઈ ગયું. મહારાજના આ સંકલ્પમય બનેલા તેમના મનમાં લગ્નની વાત ટકતી જ ન હતી.

આ.સં. ૧૮૮૧ના વસંતનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. દેશ-પરદેશના હરિભક્તો આવ્યા. સંતો આવ્યા. મહારાજે જે જે રોકાઈ શક્યા તેમને સૌને રોક્યા. મહા સુદ દશમીનો દિવસ પાસે આવ્યો એટલે વસંત ઉત્સવ પછી લગ્નના ઉત્સવ ઉપર જવા સૌ તૈયારી કરવા લાગ્યા. મહા સુદ આઠમને દિવસે જાનને નીકળવાનું મુહૂર્ત નક્કી કર્યું હતું. મંડપારોપણ કર્યું અને પ્રથમ ગણેશનું પૂજન કર્યું.

માંડવધારથી ગાડાં મંગાવ્યાં હતાં. લખુ કંદોઈ અને જેચંદ પાસે જાનમાં આવનારા તમામ કાઠી ભક્તો તથા અન્ય સંબંધીઓ માટે સાકરનો શીરો કરાવ્યો. સૂરબાઈમા તથા બહેનોએ ભક્તોને, સંબંધીઓને ઉત્સાહપૂર્વક જમાડ્યાં. મહારાજે જાનમાં આવવાનું તમામને આમંત્રણ આપી દીધું હતું. બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને પણ મહારાજે જાનમાં આવવાનું કહી દીધું. તેમણે સંકોચ પામતા કહ્યું : "ત્યાગીઓને આવા પ્રસંગે ન અવાય એવું આપે જ કહ્યું છે ને !"

મહારાજે તરત જ કહ્યું : "આ લગ્નનો પ્રસંગ જ નથી. આ તો આપણે જે ઉત્સવો કરીએ છીએ તેવો દિવ્ય ઉત્સવ છે. ઘણા મુમુક્ષુઓ વાટમાં ભેગા થશે, ત્યાં પણ આવશે. તેમને તમારે સત્સંગની વાત કરવાની. આ રીતે જ સત્સંગનું પ્રસારણ થશે." સંતો તરત જ તૈયાર થઈ ગયા.

ભટવદર તરફ જાનનું પ્રયાણ

આઠમની વહેલી સવારે ગઢપુરથી જાન નીકળી. કાઠી અસવારોએ શસ્ત્રસજ્જ થઈ પોતાના ઘોડા શણગાર્યા. ગાડાના બળદોને સુંદર ઝુલ્યો પહેરાવી. આભલા ભરેલા શણગારથી શીંગડાં ઢાંક્યાં, ગળે ઘુઘરમાળો બાંધી. દાદાખાચર માટે તદ્દન નવીન વિમાન આકારનો રથ બનાવ્યો હતો. તેના ઉપર

શિખર કરી ઉપર સુવર્ણની શોભાયમાન ઘુંમટી કરી. વઢિયારા બળદની જોડ રથે જોડી. આગળ મહારાજ માટે મખમલની ગાદી કરી બેઠક ગોઠવી. પાછળ દાદાખાચર, નાગમાલ અને બહેનોને બેસવાની બેઠક બનાવી.

મોતૈયા લાડુ, સુખડી, ગાંઠિયા વગેરે બનાવરાવી, તે પટારામાં ભરી પટારાઓ ગાડામાં ચડાવી દીધા. આ પ્રકારની તૈયારી પાછળ મહારાજની પ્રેરણા હતી. તેથી સૌને લાગ્યું કે દાદાખાચરને પરણાવવાનો મહારાજને અત્યંત ઉત્સાહ છે. વિઘ્ન સંતોષીઓને આ ગમ્યું નહીં. પરંતુ મહારાજના પ્રતાપથી બધા જ દબાઈ ગયા હતા. એવાઓને વ્યવહારમાં ખોટું ન દેખાય તે માટે જાનમાં આવવું પડ્યું.

નાજા જોગિયા મહારાજની માણકી શણગારીને લાવ્યા. મહારાજ ત્યાં સુધી કોને કયા ગાડામાં બેસારવા, કોને રથમાં, વેલમાં, સિગરામમાં બેસારવા તે વ્યવસ્થા કરી રહ્યા હતા. ઘોડેસવાર પાર્ષદોને પણ કેવી રીતે જાનની સંભાળ રાખવી તે સૂચના આપી દીધી. પછી પોતે માણકી ઉપર બિરાજમાન થયા. મહારાજે માણકીની લગામ મરડી એટલે તરત જ શસ્ત્રસજ્જ અસવારો બંધૂકોના ભડાકા કરી મહારાજની આગળ ચાલ્યા. દાદાખાચર હાથમાં નારિયેળ લઈને અશ્વ ઉપર જ બેઠા હતા. પાછળ સદ્ગુરુઓના સિગરામ, હરિભક્તો અને બહેનો વગેરેના રથ, વેલ અને ગાડાંઓ ગોઠવાઈ ગયાં હતાં. પાર્ષદો ઘોડા ઉપર બેસી જાનના સમગ્ર રસાલાની આજુબાજુ ચાલવા લાગ્યા. મશાલો પ્રગટાવી એટલે પ્રકાશ પથરાયો અને ત્રંબાળું ઢોલ, શરણાઈ અને ત્રાંસાંના નાદથી ગાજતી દાદાખાચરની જાન ગઢપુરથી નીકળી. 'સહજાનંદ સ્વામીની જય'થી આ લગ્ન ઉત્સવના શ્રીગણેશ અહીંથી જ શરૂ થયા.

મહારાજ દાદાખાચરની વેલ હાંકે છે

ગઢપુરની બહાર નીકળ્યા એટલે મહારાજે દાદાખાચરને શણગારેલા રથમાં બેસાર્યા. પોતે પણ માણકી ઉપરથી ઊતરી દાદાખાચરનો રથ હાંકવા બેસી ગયા. આ દિવ્ય દૃશ્યનું દર્શન કરવા પાર્ષદો પોતાના ઘોડા આગળ લાવ્યા. સંતો, હરિભક્તો પણ પોતાનાં વાહનોમાંથી ઊતરી દાદાના રથ પાસે આવી ગયા. મહારાજે બળદની રાશ હાથમાં પકડી હતી. તેમના મુખ ઉપર પણ અપાર આનંદ હતો. દાદાના સંસારના પોતે સારથિ બન્યા હતા. આમાં દાદાખાચર પ્રત્યેના મહારાજના કેવળ પ્રેમનું દર્શન ન હતું, પરંતુ પોતાના ભક્ત

સાથે ઓતપ્રોત થઈ જવા પોતાનું ભગવાનપણું ભૂલી જવા અને પોતાના ભક્તના ભક્ત બનવાનો ભાવ હતો !

જાન રળિયાણા થઈને ગુંદાળે પહોંચી. અહીંના દરબાર મૂળુખાચરને આખી જાનને જમાડીને મોકલવાનો વિચાર હતો. તેમણે મહારાજને પ્રાર્થના કરી. પરંતુ મહારાજે તેમને કહ્યું : "તમે અમારી સાથે જાનમાં ચાલો. માલપરે જઈને જમીશું."

મૂળૂખાચર મહારાજની આજ્ઞા પ્રમાણે તૈયાર થઈ ગયા. પરંતુ મહારાજને પોતાના દરબારમાં પધારવા અરજ કરી. મહારાજ માણકી ઉપર સવાર થઈ ત્યાં પધાર્યા. લીમડાની નીચે માણકીને ઊભી રાખી. મૂળુખાચરે મહારાજનું પૂજન કર્યું. તેમનાં પત્ની સુમરીબા, તેમના બે નાના પુત્રો દાદાખાચર અને સોમલાખાચરને લઈને મહારાજ પાસે આવ્યા. બંનેને મહારાજનાં ચરણ આગળ મૂકી દીધા. મહારાજે તેમને માથે હાથ મૂકીને કહ્યું : "આ દાદો તો મોટો ભગત થશે અને સત્સંગીઓમાં શ્રેષ્ઠ થશે." એમ કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા.

કરસન પટેલ બળદની ચાર્ય માટે શેરડી લાવે છે

જાન માલપરે પહોંચી. ગાડાંઓની લંગાર મોટી હતી. રથ, વેલ, માફા અને સિગરામો પણ ઘણા હતા, એટલે જાનની ગતિ ધીમી હતી. માલપરે અગાઉથી જ રસોઈનો સામાન મોકલાવી દીધો હતો. વાયવ્ય ખૂણામાં ખળાવાડ હતી. આજુબાજુ પુષ્કળ ઝાડ હતાં એટલે ઉતારો ત્યાં જ કર્યો. તે ગામના પટેલ કરસન ડોબરિયા અને વિપ્ર મોનજીભાઈ ત્યાં આવ્યા. મહારાજ માટે શુદ્ધ રસોઈ મોનજી વિપ્ર બનાવીને લાવ્યા હતા. મહારાજ તે જમ્યા. ત્યાં રાત રોકાવાનું હતું. એટલે કરસન પટેલે કહ્યું : "બળદ માટે ચાર્ય જોશે, તો હાલો મારા ખેતરમાં."

એટલે મહારાજે પાર્ષદોને તેમની સાથે મોકલ્યા. પાર્ષદો ખેતરમાં આવ્યા. પરંતુ અહીં તો તેમણે શેરડીનો વાઢ જોયો. કરસન પટેલે કહ્યું : "માંડો કાપવા. દાદા બાપુની જાન લઈને, સંતો-ભક્તોને લઈને મહારાજ પધાર્યા છે તે મને આવી સેવા ક્યાંથી મળે ?" પણ પાર્ષદો અચકાયા. કરસન પટેલે કહ્યું : "તમે કાપવા માડો. મહારાજનો ઠપકો મળે તો મારા ગળામા." એટલે પાર્ષદોએ શેરડી કાપી અને ભારા બાંધીને લાવ્યા.

મહારાજે ચાર્યને બદલે શેરડીના ભારા જોઈ પૂછ્યું : "પટેલ ! આ શું કર્યું ? કોસના પાણી પાઈ પાઈને આવી મોંઘી શેરડી કપાવીને કેમ લાવ્યા ?"

એટલે કરસન પટેલે હાથ જોડી કહ્યું : "મહારાજ ! સેવા કરવાનો આવો સમો મને ફરી ક્યારે મળે ? માટે દયા કરો !"

મહારાજ તેમની ભક્તિથી પ્રસન્ન થઈ ગયા. મહારાજ સમજતા હતા, ગરીબનું અંતર ગરીબ નથી હોતું.

માલપરાથી વહેલી સવારે જાન રવાના થઈ અને પાટણા ગામે આવી. અહીં કાળુભાર નદીના તટની સામે શંકરના મંદિર પાસે કૂવો હતો ત્યાં મહારાજે સ્નાન કર્યું. પછી સૌ સંતો, હરિભક્તો પણ નહાયા. ત્યાં પ્રાતર્વિધિથી પરવારી જાન ઢસા પહોંચી. ત્યાંથી તરત જ નીકળી મેથળી થઈને ઇંગોરાળે જાન પહોંચી.

ઇંગોરાળાના હરિભક્તો સુંદરજી શેઠ, લાલજી શેઠ અને કાનજી પટેલ, કલા પટેલ વગેરે આવ્યા અને મહારાજનું પૂજન કરી ભેટ મૂકી. દાદાખાચરને પણ આ પ્રસંગે ચાંદલાની રકમ આપી. તેમણે મહારાજને રોકવાનો આગ્રહ કર્યો. પરંતુ મહારાજને ઉતાવળ હતી તેથી ત્યાંથી નીકળી ગયા અને એકલેરે પધાર્યા. અહીં દાણાથી ભરેલી ખળાવાડ જોઈ મહારાજ રાજી થયા અને બોલ્યા : "આ વરસ અનાજ સારું પાક્યું છે."

સોનેરી મોળિયું સુંદર સોનેરી મોળિયું

ગામેગામના માણસો દાદાખાચરની જાનનાં દર્શન કરવા ઊમટતા. આ પ્રસંગ અલૌકિક હતો. ભગવાન પોતે ભક્તનો રથ હાંકતા હતા. પાંચ હજાર વર્ષ પહેલાંના ઇતિહાસમાં આવું વર્ણન છે. પરંતુ આજે તો અહીં એ દિવ્ય દર્શન સૌને પ્રત્યક્ષ થતું હતું.

મહારાજ રથને ઉતાવળા ચલાવતા કેરાળાની સીમમાં આવ્યા. અહીં એક ભરવાડ ગાયો ચરાવતો હતો. કસબંધ કેડીયું પહેર્યું હતું. કેડે લાલ વસ્ત્ર બાંધ્યું હતું, તેમાં વાંસળી ખોસી હતી. માથે લાલ રૂમાલ બાંધ્યો હતો. બે ખભા ઉપર લાકડી ટેકવી, તે ઉપર બંને હાથ રાખી, લહેરમાં આવીને તે લલકારતો હતો :

"જાંબુડે જાઈશ મા ઘાયલ જાંબુડે જાઈશ મા,
જાંબુડે જાઈશ તો જાંબુડા ખા'શમા..."

તેની અર્થહીન પંક્તિઓ સાંભળી મહારાજ હસ્યા. એટલામાં પ્રેમાનંદ સ્વામીનું સિગરામ પણ પાછળ આવ્યું. મહારાજે પ્રેમાનંદ સ્વામીની સામે જોઈને પૂછ્યું : "સ્વામી ! સાંભળ્યું આ ગોકળી શું ગાય છે ?"

સ્વામી પણ સાંભળતા હતા. તેમણે કહ્યું : "હા મહારાજ ! સાંભળ્યું !"

એટલે મહારાજે તેમને કહ્યું : "ભલે તેમાં કાંઈ અર્થ નથી, પણ ઢાળ સારો છે. તમે એ ઢાળમાં કીર્તન બનાવો."

પ્રેમાનંદ સ્વામી તરત જ મહારાજના કહેવાનો ભાવાર્થ સમજી ગયા. તેમના મુખમાંથી કાવ્યપંક્તિ સરી પડી :

"સોનેરી મોળિયું સુંદર સોનેરી મોળિયું, સોનેરું મોળિયું ધર્મકુંવરનું..."

મહારાજ સ્વામીની શીઘ્ર કવિત્વ શક્તિથી પ્રસન્ન થઈ ગયા. માથે બાંધેલું સુંદર સોનેરી મોળિયું ઉતારી પ્રેમાનંદ સ્વામી તરફ ફેંક્યું. એટલે સ્વામીએ કહ્યું : "મહારાજ ! હમણાં આપ પહેરો. જાનમાં વરનો બાપ ઉઘાડે માથે હોય એ શોભે નહીં."

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "લાવો ત્યારે."

એટલે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ગઢપુર પહોંચ્યા પછી પાછું મને આપી દેવાનું."

મહારાજે કહ્યું : "ભટવદરમાં જ વળી ! ગઢપુર પહોંચવા સુધી ક્યાં તમને રાહ જોવરાવવી !"

મહારાજ પીઠવડી પધાર્યા. ભમોદ્રા, ઝિંઝુડા, સેંજળ વગેરે ગામના હરિભક્તો પણ અહીં આવ્યા હતા, મહારાજનાં દર્શન કરવા અને જાનમાં સાથે જવા. અહીં પાંચ પીપરની જગ્યામાં જાનને ઉતારો આપ્યો. હરિભક્તોએ દારૂખાનું ફોડ્યું, મશાલો પ્રગટાવી પ્રકાશ કર્યો. મહારાજ માટે મોનજી જોષીની પત્ની મોંઘીબાએ થાળ કર્યો. જાન માટે પણ ત્યાંના હરિભક્તોએ રસોઈ તૈયાર રાખી હતી. મહારાજ જમ્યા, ભગા અને મૂળાને ઘેર જઈ પોઢી ગયા.

વહેલી સવારે મહારાજ ગાધકડાને માર્ગે માણકી ઉપર બેસીને ચાલ્યા. પીઠવડીના હરિભક્તોને પાછા વાળ્યા. આગળ જતાં નદી આવી. તેમાં સૌએ સ્નાન કર્યું.

ત્યાંથી સીધા ગોરડકા પધાર્યા. અહીંના હરિભક્તોએ જમવા રોકાવા માટે ખૂબ જ આગ્રહ કર્યો. પરંતુ મહારાજે કહ્યું : "કાંઈક કોરું લાવો તો બધાને ટીમણ કરાવીએ." પછી સુખડી, પાકના લાડવા અને ગાંઠિયા લાવ્યા. મહારાજે જાનને ટીમણ કરાવ્યું.

મહારાજ ત્યાંથી સીધા મેરિયાણા જવા માટે નીકળ્યા. પણ પોતે ગામ સોંસરા નીકળ્યા. જાનનાં ગાડાં બહારના રસ્તેથી નીકળ્યાં.

મહારાજે ગામમાં પૂછ્યું : "અહીં ઉગા ચાંદુનું ઘર ક્યાં આવ્યું ?"

એટલે એક જણ મહારાજને ઉગા ચાંદુને ઘેર લઈ ગયો. અહીં આવી મહારાજ માણકી ઉપરથી ઊતર્યા અને ડેલી ખખડાવી. એટલે ઉગા ચાંદુની સ્ત્રી લાડુબાઈએ કમાડ ખોલ્યા. મહારાજને જોઈ તે આભી બની ગઈ ! "અહો, પ્રભુ ! આપ ? અત્યારે ?"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "તમારો ધણી ગઢપુર આવ્યો હતો ત્યારે અમને કહ્યું હતું કે મારે ઘેર પધારો. ત્યારે અમે તેને કહ્યું હતું : એ તરફ જ્યારે આવવાનું થશે ત્યારે તારે ઘેર આવીશું. તું હો કે ન હો, એનું અમને કાંઈ નથી."

તારા પટારામાંથી સો રૂપિયા અને વેઢ અમને આપી દે

લાડુબાઈએ માથે છેડો જરા આઘેરો કર્યો અને ફળિયામાં સાંગામાંચી ઢાળી દીધી. તે ઉપર રેશમી ધડકી પાથરી. મહારાજને કહ્યું : "પ્રભુ ! મારાં ધન્યભાગ્ય કે આપે અમારું આંગણું પાવન કર્યું."

મહારાજ સાંગામાંચી ઉપર બિરાજ્યા. લાડુબાઈ સામે બેઠાં. ઉગા ચાંદુના અંત વખતના શબ્દો તેમને યાદ આવી ગયા : "આ સો રૂપિયા અને આ સોનાનો વેઢ પટારામાં મૂકી રાખજે. મહારાજ જ્યારે પધારે ત્યારે મહારાજને ભેટ ધરજે." બરાબર ટાણે જ આ સ્મૃતિ તેમને થઈ ગઈ ! તેથી તેમને આનંદ થયો. પણ તે જ વખતે તેમને સંકલ્પ થયો કે મહારાજ માંગી લે તો આપવા.

મહારાજે તેમને કહ્યું : "લાડુબાઈ ! જો અમારે વખત નથી, પાણી પીવું નથી. અહીંથી ઝટ ભટવદર પહોંચવું છે. કાલે દાદાખાચરનાં લગન છે એટલે અમે હવે જઈશું. આ તો તમારા ધણીને અમે વેણ આપ્યું હતું તે રાખવા જ આવ્યા. હવે તમારે તેમનું વેણ રાખવાનું છે. પટારામાંથી સો રૂપિયા અને વેઢ અમને આપી દો એટલે અમે જઈએ."

આ સાંભળી લાડુબાની રોમાવલી હર્ષથી ઊભી થઈ ગઈ ! પોતાના ધણીનાં છેલ્લાં વેણ પૂરાં કરવાં મહારાજ આજે દયા કરીને પધાર્યા ! તેનું અંતર આનંદથી ઊભરાવા લાગ્યું. તે તરત જ ઊભાં થઈ, પટારો ઉઘાડી સો રૂપિયા અને સોનાનો વેઢ લઈ આવ્યાં. મહારાજને તે અર્પણ કરી દીધા. મહારાજે તેના તરફ પ્રેમભીની દૃષ્ટિ કરી અને તરત જ ત્યાંથી ચાલ્યા. લાડુ ઘણા વખત સુધી એ દિશામાં જોઈ રહી. તેને થયું કે પોતાના ધણીનો અંત વખતનો સંકલ્પ મહારાજે પૂરો કર્યો. જીવન સફળ થઈ ગયું. હવે મહારાજ ધામમાં લઈ જાય એ તેનો એ સમયનો સકલ્પ હતો.

મહારાજ મેરિયાણેથી ભમર ગામ થઈને ઘાણલા પધાર્યા. અહીં કૃપાનંદ સ્વામીનું મંડળ હતું. તેમને મહારાજ પધાર્યા એટલે આનંદ થઈ ગયો. ગામના હરિભક્તોની સાથે કૃપાનંદ સ્વામી પણ તેમના મંડળને લઈને મહારાજનાં દર્શને પધાર્યા. ગામની પૂર્વ દિશામાં મહારાજે દાદાખાચરનો રથ ઊભો રખાવ્યો. કૃપાનંદ સ્વામી સાથે મેવાડા વિપ્ર ગોવિંદરામ, ત્રંબગડિયા માણસૂર કાઠી તથા ગીગાભાઈ ને તેનો પુત્ર તથા વરિયા પ્રજાપતિ, હીરાભાઈ પટેલ, પીઠા ભગત, ભગાભાઈ, તેનો પુત્ર રૈયો અને દેવો વગેરે આવ્યા હતા. સૌએ મહારાજનાં દર્શન કર્યાં. દર્શનથી ઉદ્‌ભવેલા પ્રસન્નતાના ભાવ તેમના સૌનાં મુખ ઉપર દેખાતા હતા. મહારાજનાં મુખારવિંદ ઉપરથી કોઈની દૃષ્ટિ ખસતી જ ન હતી. મહારાજ થોડી વાર અહીં રોકાયા. પછી ત્યાંથી રાજુલા જવા નીકળ્યા. ભોમિયા તરીકે હીરાભક્તને સાથે લીધા.

દાદા તો મુંબઈ ગયા છે

મહારાજ રાજુલા પહોંચ્યા. અહીંના હરિભક્તો - દેવજીભાઈ રાજગોર બ્રાહ્મણ, વિઠ્ઠલભાઈ, ભગાભાઈ, ગીગાભાઈ, કલાભાઈ, નાગદાન સોનીની સ્ત્રી તથા તેના પૌત્ર રામ વગેરે આવ્યાં. મહારાજે નાગદાનના પૌત્રને પૂછ્યું : "તારા દાદા ક્યાં ગયા છે ?"

તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! દાદા તો મુંબઈ ગયા છે." મહારાજ આ સાંભળી હસ્યા. પરંતુ કાંઈ બોલ્યા નહિ.

મહારાજ પછી ત્યાંથી નીકળી ગામ બારપટોળીએ પધાર્યા. અહીંના હરિભક્ત કાળુ વાવડિયા તો લગ્નની તૈયારીમાં અગાઉથી જ ભટવદર ગયા હતા. પરંતુ તેનો ભાણેજ ખીમો વાઘ મહારાજ પાસે આવ્યા. મહારાજને તેણે વિનંતી કરી : "મહારાજ ! જમીને પધારો તો અમારો મનોરથ પૂરો થાય."

મહારાજે કહ્યું : "અત્યારે રોકાવાય એવું નથી. લગનની વેળા જાય છે. માટે ફરી તમારો મનોરથ પૂરો કરશું."

એટલે તેણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આ બધા બળદો લાંબો પંથ કરી થાકી ગયા છે, તો આપ થોડી વાર રોકાવ તો બળદોને માટે ઘી અને ગોળ લઈ આવું."

મહારાજ તેનો ભાવ જોઈ અતિ પ્રસન્ન થયા અને કહ્યું : "ભલે, બળદો માટે ઘી-ગોળ લઈ આવો. દાદાની જાનમાં જુતેલા બળદોને પણ સાચવવા જોઈએ. એ તો બધા પૂર્વના સંસ્કારી, તે આ જન્મે આ સેવામાં

કામમાં આવી ગયા.''

ખીમો વાઘ તરત જ બળદો માટે પુષ્કળ ઘી અને ગોળ લઈ આવ્યા. બધા જ બળદોને સારી રીતે ઘી-ગોળ પાઈ તૃપ્ત કરી દીધા. મહારાજે પછી કહ્યું : ''ખીમા ! દાદાની જાનમાં અમારી ભેગા ચાલો. તમારા મામાને તો અમે મોડ બંધાવ્યો છે. એટલે તમે પણ આ લહાવો લેવા આવી જાઓ.''

દાદાખાચરની જાન ભટવદર પહોંચે છે

જાન ભટવદર પહોંચી. ભટવદરને પાદર ત્રંબાળું ઢોલ ઢબૂક્યા. શરણાઈઓના સૂર છેડાયા. નાગપાલ વરુ તથા તેના સમગ્ર ભાયાતો દાદાખાચરનું સામૈયું કરવા આવી ગયા હતા. આ સંબંધમાં તેમને બે લાભ દેખાયા હતા. દાદાખાચર જેવા ભક્તરાજ સાથે જમાઈ તરીકેનો સંબંધ ! તેમના સંબંધથી તેમના ઉપર થયેલી પૂર્ણ પુરુષોત્તમ નારાયણની પ્રસન્નતા ! જાનમાં આવેલા જાનૈયાને ગોળનાં પાણી પાયાં. સૌ સામસામા ભેટ્યા. લાડુબા, જીવુબા ને સૂરપ્રભાદેવીના જીવનનો આ એક અપૂર્વ લહાવો હતો. કુમુદાબા પણ અશ્રુભીની આંખોએ આ પ્રેમના ભાવનાં દર્શન કરી રહ્યાં. સૌ ગામમાં આવ્યાં.[૨૬]

નાગપાલ વરુએ જાનના ઉતારાની સુંદર વ્યવસ્થા કરી રાખી હતી. દરેકને ઘટે તે રીતે ઉતારો આપ્યો. મહારાજે પણ બધે વ્યવસ્થા જોઈ લીધી.

અગાઉ નાગપાલ વરુએ કાળુ વાવડિયા સાથે મહારાજને કહેવરાવ્યું હતું કે અમારે બીજી તો અગવડ નથી પણ પાણીનું દુ:ખ છે. મહારાજે કાળુ વાવડિયાને જગ્યા બતાવી અને ત્યાં કૂવો ગાળવાનું કહ્યું હતું. તે પ્રમાણે નાગપાલ વરુએ કૂવો ગળાવ્યો અને મહારાજના આશીર્વાદથી મીઠું પાણી પુષ્કળ નીકળ્યું. કૂવામાંથી હાથે ઘડો બોળીને પાણી લઈ લે એટલું ઊંચું પાણી કૂવામાં આવી ગયું.

મહારાજ તે કૂવો પણ જોઈ આવ્યા. નાગપાલ વરુએ હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આપની દયાથી આ એક અગવડ હતી તે ટળી ગઈ. રસોઈ માટે બ્રાહ્મણો બોલાવી લીધા છે. લગ્નવિધિ માટે પણ વિધિ કરાવનારા બ્રાહ્મણો આવી ગયા છે.''

---

૨૬. રજપૂતોમાં લગ્ન વખતે ખાંડુ મોકલે છે, પરંતુ કાઠીઓમાં વર પોતે જાન જોડીને પરણવા જાય છે. તે રિવાજ અનુસાર મહારાજ દાદાખાચરની જાન લઈ ગયા હતા.

વરના બાપ મહારાજ

બીજે દિવસે લગ્નવિધિ શરૂ થઈ. મહારાજ સ્વયં દાદાખાચરની બાજુમાં બિરાજ્યા. મહારાજ પધાર્યા કે તરત જ નાગપાલ વરુએ પહેરામણીનો વિધિ કર્યો. વરના બાપને જે મોળિયું બંધાવવાનું હોય તે મહારાજને અર્પણ કર્યું. મહારાજે તે મોળિયું પોતાની પાઘ ઉપર વીંટાળીને રાખ્યું. તેથી સૌને પ્રતીતિ થતી કે મહારાજ વરના બાપ છે. એટલામાં બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરવા લાગ્યા. તે વખતે નાગાજણ રાવળ પોતાનો રવાજ લઈ ગાવા માંડ્યો : *"નારી પિશાચા વાકી મત કરો આશા."*

તે સાંભળી મહારાજે તેને ઠપકો આપતાં કહ્યું : "ભગત ! તમને સમો ઓળખતા આવડતું નથી. માંડ માંડ દાદાને સમજાવીને લગન કરવાનું નક્કી કર્યું ત્યાં આવા પ્રસંગે આવું ગવાય ?" એમ કહી મહારાજે બહેનોને કહ્યું : "તમે મુક્તાનંદ સ્વામી રચિત લગ્નનાં પદો ગાવ !"

તરત જ બહેનોએ મંગળ ગીત ઉપાડ્યાં :

કુંદનપુર વિવા' રચ્યો, ભૂપતિ ભીમકરાય,
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય.

- અને પછી તો

માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન,
પરણે તે રાણી રુક્મિણી, વર વાંચ્છિત શ્રી ભગવાન;
જાદવ જાનૈયા થયા, વળી માંડવિયા પણ સોય,
વિધિ સહિત વિવા' રચ્યો, કસર ન રાખી કોય.[૨૭]

આ સાંભળી મહારાજ રાજી થયા !

હસ્તમેળાપનો વિધિ થયો. સપ્તપદીના શ્લોકો બોલાયા. મહારાજ આ બધું હસતાં હસતાં સાંભળી રહ્યા હતા. તેમને લાગ્યું કે આ સાત પ્રતિજ્ઞા પ્રમાણેનો આદર્શ પતિ-પત્નીના જીવનમાં સચવાય અને પરમાત્માને સાક્ષી રાખી પ્રભુમય જીવન જીવે તો લગ્ન એટલે પ્રભુતામાં પગલાં એ સૂત્ર યથાર્થ કહેવાય ! આ ભાવનાનું અનુસંધાન રહે તો ગૃહસ્થાશ્રમનું જીવન બંધનરૂપ ન બને. પરમાત્માના જ અનુસંધાનમાંથી તે મુક્તિનું સાધન બની જાય.

મુક્તાનંદ સ્વામીનાં આ પદો સાંભળી મહારાજ અતિ પ્રસન્ન થયા. વર-

---

૨૭. રુક્મિણીવિવાહ : પદ ૧ અને ૭.

કન્યા ચોરીના ચાર ફેરા ફર્યા અને બ્રાહ્મણોએ ઘોષ કર્યો : વર-કન્યાને હાથગરણું કરવાનો સમય થયો છે.

જસુબા જેવી કન્યા મળી તે અમારાં મોટાં ભાગ્ય

આ ઘોષ સાંભળતાં જ સંબંધીઓ સાવધાન થઈ ગયા. પ્રથમ મહારાજે દાદાખાચરને સુવર્ણની માળા આપી અને જસુબાને સુવર્ણની ઊતરી આપી. તેમને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. પછી સંબંધીઓ, ભક્તજનોએ પણ હાથગરણું કર્યું. નાગપાલ વરુએ આ પ્રસંગે પહેરામણીમાં દાદાખાચરને ઉત્તમ વસ્ત્રો, આભૂષણો આપ્યાં. માથે મંડીલ પહેવરાવ્યું, શાલ ઓઢાડી. જસુબાને કીમતી વસ્ત્રો, આભૂષણો, આભૂષણો રાખવાના ચરુઓ, વાસણો, પલંગ વગેરે આપ્યાં. મહારાજ નાગપાલ વરુની ભાવનાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "પ્રભુ ! આપ સાક્ષાત્ મારે આંગણે જાન લઈને આવ્યા એ મારાં પરમ ભાગ્ય ! આ દીકરી આપના ખોળામાં સોંપી. તેના અંતરમાં આપના પ્રત્યે ભક્તિના ભાવ સદા રહે તેવી દૃષ્ટિ તેના ઉપર રાખજો. પહેરામણીમાં કાંઈ ભૂલચૂક થઈ હોય તો માફ કરજો."

મહારાજે તેને આશીર્વાદ આપતાં કહ્યું : "નાગપાલ ! તમે તમારી શક્તિની બહાર પહેરામણી કરી છે. દાદા જેવા તમને જમાઈ મળ્યા તે તમારાં મોટાં ભાગ્ય ! જસુબા જેવી કન્યા મળી તે અમારાં મોટાં ભાગ્ય !"

એકાદશીને આજે ઊંચે બાંધી મૂકીએ

બીજે દિવસે એકાદશી હતી. મહારાજે નાગપાલને બોલાવીને કહ્યું : "આજે જાન વળાવો."

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આજે એકાદશી છે તો કાલે જમાડીને જાનને વિદાય કરીશું."

એટલામાં સુરાખાચરે મહારાજને ધીરેથી કહ્યું : "મહારાજ ! આપણે જાન લઈને આવ્યા એટલે વરોંઠી કરવી જોઈએ. એમાં આપણી શોભા છે."

મહારાજે પૂછ્યું : "વરોંઠી વળી શું ?"

"વરપક્ષ તરફથી જમણ અપાય તે વરોંઠી કહેવાય." સુરા આપાએ કહ્યું.

"તો તો આજે જ વરોંઠી કરવી પડે." મહારાજે કહ્યું.

"પણ આજે તો એકાદશી આવીને ઊભી છે ને ?" સુરાખાચરે હસતાં

હસતાં કહ્યું.

મહારાજ પણ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા : "સુરા આપા ! એકાદશી તો અમારી કરેલી છે ને ? આજે એને ઊંચે બાંધી મૂકીએ !"

સુરાખાચર આ સાંભળી બહુ જ રાજી થયા. તેમણે તરત જ હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! એવો સમો આવે અને આપ દેશકાળી થાવ તો અમને ખરેખરું સુખ આવે !"

મહારાજ હસ્યા. તેમણે નાગપાલ વરુને કહ્યું : "નાગપાલ ! આજે અમારા તરફથી વરોંઠી છે. માટે ઉત્તમ રસોઈ કરી જાનમાં આવેલા હરિભક્તો, સંતો અને માંડવિયા સૌને જમાડો. ખર્ચ બધો અમારો."

નાગદાન સોનીની મહારાજ રક્ષા કરે છે

એટલામાં રાજુલાથી નાગદાન સોની તેમની સાથે ખારવાઓને લઈને ત્યાં આવ્યા. તે તરત જ મહારાજના પગમાં પડી ગયા. થોડી વાર સુધી તેમણે મહારાજના પગ પકડી રાખ્યા. પછી મહારાજે પૂછ્યું : "નાગદાન ! આવી પહોંચ્યા ને ?"

"હા, મહારાજ ! આપની દયાથી ! નહીં તો દરિયામાં જ મોત ઊભું થયું'તું."

મહારાજે તરત જ પૂછ્યું : "શું થયું હતું ?"

તેમણે કહ્યું : "મહારાજ ! આપ તો બધું જ જાણો છો, છતાં આપે પૂછ્યું એટલે કહું છું. નાવના કાંઠા ઉપર હું બેઠો હતો. એટલામાં જોરથી હેલો આવ્યો અને હું દરિયામાં પડી ગયો. શરીર ભારે અને તરતા આવડે નહીં. પરંતુ આપનું સ્મરણ કર્યું, એટલામાં આપે જ મને અદ્ધર પકડી રાખ્યો. નાવ તો આગળ નીકળી ગયું. પણ પછી આ ખારવાઓને ખબર પડી એટલે નાવ તેમણે પાછું વાળ્યું. તેમને તો આશા ન હતી, પણ પાસે આવ્યા એટલે સુવર્ણનાં કડાં જડિત આપના બે હાથ તેમને દેખાયા. તે હાથના આધારે કેડ સુધી હું પાણીમાં અદ્ધર રહ્યો હતો. ખારવાઓએ મને ઊંચકી લીધો. તેમણે સુવર્ણનાં કડાં પહેરેલાં આપના બે હાથ જોયા. એટલે મને પૂછ્યું : 'તમને આમ અદ્ધર કોણે પકડી રાખ્યા હતા ?' મેં કહ્યું : 'મારા સ્વામિનારાયણ ભગવાને ! બીજો કોણ વળી મારી રક્ષા કરવા આવવાનો હતો ?' તેમને પણ આશ્ચર્ય થયું. આથી તેમને આપનાં દર્શનની જિજ્ઞાસા થઈ, એટલે તેમને સૌને અહીં લાવ્યો છું."

ખારવાઓએ મહારાજનાં દર્શન કર્યાં. સૌ મહારાજના પગમાં પડી ગયા.

મહારાજના બંને હાથમાં સુવર્ણનાં કડાં તેમણે જોયાં. મહારાજે સૌને વર્તમાન ધરાવ્યાં, કંઠી પહેરાવી અને પાંચ વ્રત પાળવાનું સમજાવ્યું. સ્વામિનારાયણ નામની માળા ફેરવવાનું કહ્યું. ખારવાઓ મહારાજનાં દર્શનથી, તેમણે આપેલા વ્રતથી કૃતકૃત્ય બની ગયા ! મહારાજે તેમને કહ્યું : "આજે વરોંઠીનું જમણ જમીને પછી જ જજો."

કઈ દિશામાંથી જાનને નીકળવું સારું ?

જમ્યા પછી મહારાજે નાગપાલ વરુને કહ્યું : "હવે અમને રજા દ્યો. અમારે ગઢપુર પહોંચવાની ઉતાવળ છે."

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "ભલે પ્રભુ ! જેવી આપની મરજી !"

આ સાંભળી આ પ્રસંગે ભેગા થયેલા બ્રાહ્મણોએ વિચાર્યું કે જાન ઉત્તર તરફના દરવાજેથી નીકળશે. એટલે આપણે સૌ ત્યાં ઊભા રહીએ અને વિદાય વેળાની દક્ષિણા માંગી લઈએ. મહારાજ તેમનો વિચાર જાણી ગયા. લગ્નમાં સારી રીતે દક્ષિણા આપી સૌને રાજી કર્યા હતા, તોપણ આ બ્રાહ્મણોને હજુ વધુ દક્ષિણા લેવાનો લોભ રહી ગયો હતો. તેમણે તરત જ મયારામ ભટ્ટને પૂછ્યું : "ભટ્ટજી ! કઈ દિશામાંથી જાનને નીકળવું સારું ?"

ભટ્ટજીએ તરત જ ટીપણું કાઢ્યું. બ્રાહ્મણોની વાતો તે સાંભળી ગયા હતા. મહારાજની રુચિ તે જાણતા હતા. તેમણે કહ્યું : "મહારાજ ! પૂર્વ દિશામાંથી નીકળવું એ અત્યારે ઉત્તમ માર્ગ છે." મહારાજ ભટ્ટજી ઉપર રાજી થઈ ગયા !

નાગપાલે જાન વળાવી. રથનું પૈડું સિંચ્યું અને મહારાજે રથ પૂરપાટ ચલાવ્યો. પાછળ ગાડાં પણ એટલી જ ઝડપથી દોડ્યાં. ઉત્તર તરફના દરવાજે ઊભેલા બ્રાહ્મણો જાનને બીજે રસ્તેથી જતી જોઈ રહ્યા. પૂરપાટ દોડતો મહારાજનો રથ અને જાનનાં ગાડાંને હવે પહોંચાય તેવું ન હતું. તે સમજી ગયા કે કૃષ્ણની કળા અકળ હોય છે !

મહારાજ બારપટોળી પધાર્યા. અહીં કાળુ વાવડિયા અગાઉથી આવી ગયા હતા. જાનને રોકવાનો તેણે આગ્રહ કર્યો, પણ મહારાજે ના કહી. પછી વાવડિયાને મહારાજે પૂછ્યું : "આ ગામમાં તમને કેવું સુખ છે ?"

તેણે કહ્યું : "મહારાજ ! આ તો કુગ્રામ છે, એટલે હું તો ઉચાળા ભરી બીજે ગામ જવા વિચાર કરું છું."

મહારાજે તેને કહ્યું : "વાવડિયા ! બીજે ક્યાંય ન જશો. અહીં જ સુખી

થશો અને બધું સારું થશે." એમ કહીને ફરી તેને પૂછ્યું : "રાજુલા જવાનો કયો મારગ સારો ?"

વાવડિયે કહ્યું : "મહારાજ ! અહીં તો સીધા મારગે કઠણ ભોં છે, એટલે હિંડોરડે થઈને પધારો."

મહારાજે હિંડોરડા તરફ રથ હાંક્યો. હિંડોરડા આવ્યા ત્યારે તેની સીમમાં રાધો વાઘ મળ્યો. મહારાજનાં દર્શનથી તેને આનંદ થયો. મહારાજે તેને પૂછ્યું : "અહીં શિવ ચાંચુડિયાનું સ્થાનક છે ?"

ત્યારે તેણે કહ્યું : "હા, મહારાજ ! આ સામે દેખાય તે જ સ્થાન !"

મહારાજે કહ્યું : "એને વરાહનું સ્થાન પણ કહે છે. અમે વનવિચરણ દરમ્યાન ત્યાં ગયા હતા. એ વડગામ પણ કહેવાય છે. ત્યાં મસીદમાં અમે રાત રહ્યા હતા. પછી ત્યાંથી રામપરે ગયા હતા. ત્યાં ગામની પૂર્વ દિશામાં ખીજડો હતો ત્યાં અમે બેઠા હતા." એટલી વાત કરી મહારાજે હિંડોરડા તરફ રથ હંકાર્યો.

રથ હાંકીને જે આવે છે તે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે

હિંડોરડામાં આત્માનંદ સ્વામીનો એક જૂનો શિષ્ય હતો. તેને રાત્રે સ્વપ્નમાં આત્માનંદ સ્વામીએ દર્શન દઈને કહ્યું : "હમણાં રથ હાંકીને જે આવે છે તે જ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. મારી સેવા તેં કરી છે. તેથી તને હું તે ભગવાન ઓળખાવું છું. માટે તેમના શરણે જજે."

આ દર્શનથી તે ભક્તને આનંદ થયો. સવાર પડતાં જ તે ગામને પાદરે ગયો. મહારાજનાં દર્શન કર્યાં અને તેમનો આશ્રિત થયો.

મહારાજ ત્યાંથી રાજુલા પધાર્યા. રાજુલામાં નાગદાન સોનીએ જાનના તમામ માણસો માટે સીધા-સામગ્રી એકઠાં કરી રાખ્યાં હતાં. મહારાજને તેમણે બહુ જ આગ્રહ કર્યો. પરંતુ મહારાજે કહ્યું : "તમારું તમામ સીધું અમારા ગાડામાં ભરી દ્યો. આગળ રસોઈ કરીને અમે જમીશું. પરંતુ રોકાવું તો નથી જ." એમ કહીને ત્યાંથી રથ આગળ હંકારી મૂક્યો.

મહારાજનો રથ પૂરપાટ જતો હતો. જાનના બધાં જ ગાડાં પાછળ રહી ગયાં હતાં. મહારાજ વાવેરે પધાર્યા. અહીં શિવના દેવળમાં ઊતર્યા. ગાડાંને આવતાં વાર લાગી. એટલે મહારાજ દેવળ ઉપર ચડ્યા, તો ગાડાં દૂરથી આવતાં દેખાયાં. ગાડાં આવ્યાં એટલે મહારાજે નાગદાને આપેલા સીધા-સામગ્રીમાંથી રસોઈ કરાવી. પોતે જમ્યા અને જાનને પણ જમાડી.

પછી ત્યાંથી વહેલી સવારે નીકળી ઘાણલે પધાર્યા. ત્યાંથી ભમર પધાર્યા. અહીં મહારાજ રથમાંથી ઊતરી માણકી ઉપર બિરાજ્યા.

જાન મેરિયાણે થઈને ગોરડકે આવી. અહીં પ્રજાપતિ ભક્ત મીસરીની વાડીમાં જાનનાં ગાડાં છોડ્યાં. પૂનમતી ડોશીએ મહારાજ માટે વિપ્ર પાસે થાળ કરાવ્યો. મહારાજ જમવા બિરાજ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી, દાદાખાચર વગેરે ભક્તો દર્શને આવ્યા. મહારાજ જમી રહ્યા પછી મુખવાસ જમ્યા. એટલામાં પૂનમતી ડોશી ત્યાં આવી. તેણે મહારાજનાં ચરણ પાસે પાંચ કોરી ભેટ મૂકી.

મહારાજ આ જોઈ હસ્યા. પછી મુક્તાનંદ સ્વામી તરફ જોઈ બોલ્યા : "આ ડોશી કપટ કરે છે અને અમને પણ ઠગે છે. તેના દીકરાને જ્યારે બળિયા નીકળ્યા અને ઘણા દિવસ સુધી સારું ન થયું ત્યારે તેણે અમને સંભારીને માનતા કરી હતી કે 'દીકરાને સારું થઈ જશે તો સાત કોરી મહારાજને ભેટ ધરાવીશ.' પણ અત્યારે બે કોરી તેણે રસોઈની ગણી લીધી અને પાંચ કોરી ભેટ ધરી."

ડોશી આ સાંભળી મૂંઝાઈ ગઈ. તરત જ બીજી બે કોરી કાઢી મહારાજનાં ચરણમાં મૂકી દીધી.

તમારે રસોઈ દેવી હોય તો સૌની શક્તિ પ્રમાણે રોકડી કોરીઓ આપી દ્યો

મહારાજ ત્યાંથી નીકળી ગાધકડે થઈને પીઠવડીએ પધાર્યા. અહીં ભગા અને મૂળાને ઘેર ઊતર્યા.[૨૮] અહીં મહારાજને અને જાનને પાંચ દિવસ રોકવા સૌએ ઠરાવ કરી લીધો હતો. તેમનો તે આગ્રહ જોઈ મહારાજે જોષીને બોલાવ્યા અને ત્યાંથી જાનને નીકળવાનું મુહૂર્ત પૂછ્યું. જોષીએ ટીપણું કાઢી કહ્યું : "મહારાજ ! કાં તો પરમ દિવસે અને નહીં તો પછી પાંચ દિવસ સુધી નીકળાય તેવું મૂરત આવતું નથી."

સૂરપ્રભાદેવીએ મહારાજને કહ્યું : "મહારાજ ! ઝાઝા દિવસ રોકાવાય એવું નથી. માટે ઝટ ગઢપુર પહોંચી જઈએ."

મહારાજે ત્યાંના ભક્તોને કહ્યું : "તમારે રસોઈ દેવી હોય તો અમને રોકડી કોરીઓ આપી દ્યો. પણ સૌ પોતાની શક્તિ અનુસાર આપજો. વધુ આપશો તો અમે નહીં લઈએ."

તરત જ હરિભક્તોએ કોરીઓ એકઠી કરી. ચાર હજાર કોરી થઈ ગઈ.

---

૨૮. એ જ પ્રસાદીની જગ્યાએ આજે મંદિર છે.

મહારાજે તેમાંથી ફક્ત બે હજાર કોરી જ લીધી. પછી ત્યાંથી વહેલી પ્રભાતે નીકળી ગયા.

સાવર, લીલિયા, અકાળુ થઈને જાન આંસોદર આવી. અહીં કણબી રૂડો ગોલવિયો મહાભક્ત હતો. તેણે મહારાજ માટે અને જાન માટે રસોઈ કરાવી સૌને જમાડ્યા. બળદોને ગોળ ખવરાવ્યો, ગોળ ભરેલું એક ગાડું ભેગું આપ્યું.

ત્યાંથી જાન ભૂરખિયા થઈને આંબરડી આવી. અહીંના ભક્ત દેવજી તળાવિયો, તેનો પુત્ર પાંચો અને બેચર તથા વેલા ભક્ત અને તેના પુત્રો ગીગાભાઈ અને માંડણ ભક્ત, ધરમશી ભગત અને તેમના પુત્રો પાતાભાઈ અને દેવજી, ગજેરો, ખીમો અને વીરો - આ બધા ભક્તો અહીં મહારાજની સેવામાં આવી ગયા. ગામના પાદરે વડ છે તેની નીચે મહારાજ ઊતર્યા. ત્યાં સૌને જમાડ્યા. પછી અગિયાર ગાડાં ભરીને શેરડી સાથે આપી. મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થઈ ગયા.

દાદાખાચર પરણીને ઘેર આવ્યા

ત્યાંથી નીકળ્યા ને માલપરા થઈને વહેલી સવારે જાન ગઢપુર પહોંચી. દાદાખાચર પરણીને ઘેર આવ્યા. અહીં બહેનોએ તેમનું પોંખણું કર્યું. દરબાર-ગઢમાં આનંદોલ્લાસ વ્યાપી ગયો. મહારાજના અંતરમાં પણ આ પ્રસંગથી આનંદ સમાતો ન હતો. પોતાના ભક્તના સુખમાં જ સુખી એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આજે દાદાખાચરની લીલી વાડી જોવાના સંકલ્પો કરતા વાસુદેવ નારાયણનાં દર્શન કરી પોતાની અક્ષર ઓરડીમાં પધાર્યા.

✧

ગઢપુરમાં આવ્યા[૨૯] પછી મહારાજે પોતાની સાથે જે સંતો રહેતા હતા તેમનું ભવન ખાલી કરાવી, તેમને નાગમાલાના ભવનમાં રહેવાની સગવડ કરી દીધી. નાગમાલાને નવા ભવન કરાવી આપ્યા. જે દક્ષિણ મુખના ભવનમાં મુનિઓ રહેતા તે ભવનમાં પોતે રહેવા પધાર્યા. મહારાજની જગ્યાએ અયોધ્યાવાસીઓ રહેવા આવ્યા. શ્રીમાળી બ્રાહ્મણના ઘરમાં જ્યાં ગોપી ભટ્ટ રહેતા હતા તે ઘરમા જ્યારે જ્યારે સંતો ગઢપુર આવે ત્યારે તેમને ત્યાં સંતોને ઉતારવાની વ્યવસ્થા કરી. શ્રીજીમહારાજને સંતોને યોગ પણ શીખવાડવો હતો. પોતે જ્યારે સમય મળતો, ત્યારે તેમને યોગ શીખવાડતા અથવા સદ્‌ગુરુ

૨૯. ગઢડા મધ્ય પ્રકરણનું ૬૭મું - છેલ્લું વચનામૃત - પૂરું થયું.

ગોપાળાનંદ સ્વામી શીખવાડતા. નિત્યાનંદ મુનિ પણ યોગના કેટલાક પ્રકારો શીખતા. અખંડાનંદ મુનિ, કૃષ્ણાનંદ મુનિ, યજ્ઞનાથાનંદ, પુરુષાનંદ, ઈશાનંદ, શ્રીનિવાસાનંદ, ત્રિગુણાતીતાનંદ, રઘુનાથાનંદ મુનિ વગેરે મુનિઓ પણ યોગ શીખતા હતા. દરેક સંતને મહારાજને પ્રસન્ન કરવાનો જ ભાવ હતો, તેથી મહારાજની રુચિ પ્રમાણે સૌ વર્તતા.

મહારાજ શ્વેતદ્વીપવાસી વાસુદેવની મૂર્તિ જુએ છે

મહારાજે બીજે દિવસે જમવાના સમયે સંતોને કહ્યું : "દાદાખાચર પરણીને આવ્યા છે, તેથી તમો સૌ ખૂબ જમો અને તેની લીલીવાડી થાય એવા સંકલ્પ કરો." મહારાજે સંતોની પંગતમાં સારી રીતે લાડુ પીરસ્યા. સૌને પીરસીને મહારાજે હાથ ધોયા.

એટલામાં સુરતથી આધારાનંદ સ્વામી તથા ધર્માત્માનંદ સ્વામી આવ્યા. નવાબના ચિતારાને જે મૂર્તિ ચીતરવાનું કહ્યું હતું તે મૂર્તિ તેઓ લાવ્યા હતા. મહારાજને તે બતાવવી હતી. મહારાજ હાથ ધોઈને તેમની પાસે આવ્યા. એટલે તેમણે બે હાથ ઊંચા રાખી તપ કરતી મુદ્રાની વાસુદેવની ચીતરેલી મૂર્તિ મહારાજને બતાવી. મહારાજ મૂર્તિ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : "શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવની જે મૂર્તિ છે તેમાં અને આ મૂર્તિમાં ફેર નથી. શાસ્ત્રમાં જેવું વર્ણન કર્યું છે તેવી જ આ મૂર્તિ છે." એમ કહી બંને સંતોને ત્રણ-ત્રણ લાડુ આપ્યા. પછી હાથ ધોઈ પોતે પોતાના નવા ભવનમાં પોઢવા પધાર્યા.

સાંજે ઉગમણા પૂર્વ મુખના ભવનમાં મહારાજ પલંગ ઉપર બિરાજ્યા. તે વખતે તેમણે ફરી વાસુદેવની મૂર્તિ મંગાવી. સૌ સંતોને બતાવી. સૌ મૂર્તિ જોઈ અતિશય રાજી થયા. પછી આધારાનંદ સ્વામીએ સુરતના સમાચાર આપતાં કહ્યું : "સરકારના હાલના જે કારભારી છે તે વૈષ્ણવ મતના છે, પણ વ્યસનમાં ચકચૂર રહે છે. આપણા સત્સંગીઓ પ્રત્યે દ્વેષ રાખે છે. જે સત્સંગી થયા હોય તેનું જૂથ જો મોટું હોય તો તેને હેરાન નથી કરતા, પણ જેનું જૂથ નાનું હોય તેવા સત્સંગીઓને ન્યાત બહાર કરાવે છે."

મહારાજે તેમને કહ્યું : "સત્સંગનો જે દ્રોહ કરશે તેનું ફળ તેને જરૂર મળશે. કારભારી પણ થોડા સમયમાં એ ફળ ચાખશે."[૩૦]

૩૦. ત્યારબાદ થોડા સમયે કારભારી સરકારના ગુનામાં આવ્યો અને તેને કેદમાં જવું પડ્યું.



ઉદ્ગીથ ૪

શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૫)

શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ : આ.સં. ૧૮૮૧

શ્રીનગરમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કર્યા પછી એક પણ મોટો ઉત્સવ થયો ન હતો. તેથી શ્રીનગરના હરિભક્તોએ મહારાજને પ્રાર્થના-પત્ર લખ્યો ને શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ કરવા વિનંતી કરી. મહારાજે તેમનો પત્ર વાંચ્યો. તેમના અંતરમાં પણ એ ભાવ હતો કે શ્રીનગરના હરિભક્તોને પેશ્વાએ કરેલી ઉપાધિને કારણે સતત ઘણાં વર્ષ સુધી ઉત્સવ-સમૈયાનો લાભ મળ્યો નથી. તેથી આ ફૂલદોલનો ઉત્સવ શ્રીનગરમાં કરવો. તેમણે તરત જ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ વગેરે મોટેરા સંતોને બોલાવ્યા અને તેમને કહ્યું : “આપણે શ્રીનગરમાં આ ફાગણનો ફૂલદોલનો ઉત્સવ કરવો છે, તેથી દેશોદેશ કંકોત્રીઓ લખો. શ્રીનગરના હરિભક્તોને પણ પત્ર લખો કે ત્યાં ઉત્સવ કરવાનું નક્કી કર્યું છે. તો તેઓ પણ બધે જ કંકોત્રીઓ લખી ઉત્સવની તૈયારી કરે અને હરિભક્તોને તેડાવે.”

મહારાજની આજ્ઞાનુસાર શુકમુનિએ શ્રીનગર પત્ર લખી દીધો. બીજે જ્યાં જ્યાં લખવા ઘટે ત્યાં પત્રો લખી દીધા.

વાસર નદી તીર્થ બની જાય છે

સંવત ૧૮૮૧ના મહા વદમાં મહારાજ ગઢપુરથી સંતો, હરિભક્તો તથા પાર્ષદોને લઈને શ્રીનગર જવા નીકળ્યા.

સારંગપુર, સુંદરિયાણા થઈને કંથારિયા પધાર્યા. અહીં મહારાજને વાસર નદી જોઈ સ્નાન કરવાની ઇચ્છા થઈ. વળી, તેમાં ઊંડો ધરો હતો તેથી જળક્રીડા કરી સખાને આનંદ કરાવવાનો સંકલ્પ પણ કર્યો. મહારાજ સખાઓ સહિત

ધરામાં પડ્યા. ખૂબ તર્યા, જળક્રીડા કરી, ગરબીનાં પદો ગવરાવ્યાં, સખાઓ સાથે તાળીઓનો તાલ જમાવ્યો. સૌને મહારાજના સંબંધનું ખૂબ સુખ આવ્યું. વાસર નદી પણ પરમ તીર્થત્વ પામી ગઈ ![31]

મહારાજે સ્નાન કર્યા પછી સૌ સંતો, પાર્ષદો અને હરિભક્તોને ટીમણ કરાવ્યું. પછી ત્યાંથી નીકળી અને શિયાણી, તાવી, દેવળિયા, દદૂકા, મછિયાવ થઈને મહારાજ સાણંદ પધાર્યા. અહીં મહારાજ રાત રોકાયા. સવારે સાણંદથી નીકળ્યા. અમદાવાદ નજીક પધાર્યા. અહીંથી મહારાજે શ્રીનગરના હરિભક્તોને સંઘ આવી ગયો છે તે સમાચાર મોકલ્યા.

શ્રીનગરના હરિભક્તો મહારાજનું સ્વાગત કરે છે

સાબરમતીના પહોળા પટમાં પાણીનો પ્રવાહ સારો હતો. મહારાજે અહીં સ્નાન કરી પ્રાતર્વિધિ કરી લેવાનો વિચાર કર્યો. સખા પણ સૌ તૈયાર થઈ ગયા. કેટલાક સંતોને મહારાજે નદીના કિનારા ઉપર બેસીને અથવા કેડ સમાન જળમાં ઊભા રહીને સ્નાન કરવાનું કહ્યું. તે પ્રમાણે સ્નાનવિધિ પતાવી, મહારાજે પૂજાવિધિ શરૂ કરી.

એટલામાં શ્રીનગરના હરિભક્તો સામૈયું લઈ આવી ગયા. આગેવાન હરિભક્તોએ શ્રીહરિને પુષ્પહાર પહેરાવ્યા. પછી કહ્યું : "મહારાજ ! અમે મ્યાના, પાલખીઓ, સિગરામ વગેરે વાહનો લઈને આવ્યા છીએ, તો આપની આજ્ઞા પ્રમાણે જેમને જે રીતે ઘટે તેવી રીતે તે તે વાહનોમાં બેસારીએ."

મહારાજે સૂચના આપી તે પ્રમાણે મોટેરા સદ્‌ગુરુઓને તથા અન્ય હરિભક્તોને વાહનોમાં બેસાર્યા. સાબરમતીને સામે કાંઠે હરિભક્તો તથા નગરજનો વાજિંત્રો લઈને આવ્યા હતા. શહેરના મુખ્ય મુખ્ય રસ્તાઓ સ્વચ્છ કરાવી, પાણી છંટાવી, પૃથ્વીની સુગંધથી માદક બનાવી દીધા હતા. કદંબના સ્થંભો અને આંબાનાં તોરણોથી રસ્તામાં આવતા ચોક શણગાર્યા હતા. મહારાજ પધારવાના હતા, હરિભક્તોનો સંઘ આવવાનો હતો, ફૂલદોલનો

૩૧. આ સ્થાન 'નારાયણ ધરા'ને નામે સત્સંગમાં ઓળખાય છે. દર વરસે ભાદરવા વદિ અમાસને દિવસે આ પરમ તીર્થમાં સંતો-હરિભક્તો આવે છે, સ્નાન કરે છે અને કથાવાર્તાનો લાભ લે છે. શ્રીજીમહારાજની પ્રસાદીની પુણ્ય સ્મૃતિ સાચવવા અહીં શુકાત્માનંદ સ્વામીએ હનુમાનજીની મૂર્તિ પધરાવી છે.

– અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ; પાનું નં. ૩૧૯.

ઉત્સવ ઊજવવાનો હતો, આ બધા વિચારોથી ઉત્સવઘેલા ભક્તોના મનમાં આનંદ સમાતો ન હતો. શ્રીનગરની સમગ્ર જનતા મહારાજના સ્વાગત માટે ઊમટી હતી. ચોકમાં, અટારીઓમાં, ઝરૂખાઓમાં પુષ્પહારો લઈ રાહ જોતા સૌ ઊભા હતા. આ દર્શન, આ પ્રસંગ તેમના જીવનમાં તેમને અલૌકિક લાગ્યો.

પ્રણવનો નાદ

શ્રીહરિનું ભવ્ય સન્માન થયું. અનેક ભાવિક જનોના પુષ્પહાર સ્વીકારતા, કોઈકના નમન સ્વીકારતા મહારાજ વાજતે-ગાજતે મુખ્ય દરવાજેથી પુરમાં પ્રવેશ્યા. નગરજનોએ પુષ્પહારથી મહારાજનું ચૌટે ચૌટે સ્વાગત કર્યું. અટારીઓમાંથી, ઝરૂખામાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. 'સ્વામિનારાયણ ભગવાનની જય' એ શબ્દો પ્રણવના નાદ સમા સમગ્ર વાતાવરણમાં ગુંજવા લાગ્યા. મહારાજ ધીરે ધીરે નવાવાસમાં શ્રી નરનારાયણના મંદિરમાં પધાર્યા. અહીં પણ ભક્તોની ભીડ બરાબર જામી હતી. દેશદેશાંતરથી આવેલા હરિભક્તો મહારાજનાં દર્શન કરવા મંદિરના વિશાળ પ્રાંગણમાં જમા થઈ ગયા હતા. મહારાજ પધાર્યા અને સ્વામિનારાયણ ભગવાનના જયનાદના શબ્દો ગુંજી રહ્યા.

મહારાજે ભરતખંડના ભોમિયા બદરીપતિ શ્રી નરનારાયણ દેવના મધ્ય મંદિરમાં દર્શન કર્યાં. ફરી નરનારાયણ દેવના જયનો ઉદ્‌ઘોષ થયો. મહારાજની દૃષ્ટિથી નરનારાયણ દેવનું સામર્થ્ય અધિક વધ્યું, નરનારાયણ દેવના એ સામર્થ્યથી તેમના જ ઇષ્ટ અને મૂળ સ્વરૂપે[૩૨] શ્રી પુરુષોત્તમ નારાયણની ઉપાસનાનું

૩૨. यजन्ते त्वामहरहर्नानामूर्तिसमास्थितम् ।
पिता माता च सर्वस्य जगतः शाश्वतो गुरुः॥
कं त्वद्य यजसे दैवं पितरं कं न विद्महे॥ २७॥
यत् तत् सूक्ष्ममविज्ञेयमव्यक्तमचलं ध्रुवम् ।
इन्द्रियैरिन्द्रियार्थैश्च सर्वभूतैश्च वर्जितम॥ २९॥
स हन्तरात्मा भूताना क्षेत्रतश्चेति कथ्यते ।
त्रिगुणव्यतिरिक्तो वै पुरुषश्चेति कल्पितः॥ ३०॥
तस्मादव्यक्तमुत्पन्न त्रिगुणं द्विजसत्तम ।
अव्यक्ता व्यक्तभावस्था या सा प्रकृतिरव्यया॥ ३१॥
तां योनिमावयोर्विद्धि योऽसौ सदसदात्मकः।
आवाभ्यां पूज्यतेऽसौमाहि दैवे पित्र्ये च कल्प्यते॥ ३२॥ ➤

પ્રસારણ થઈ શકશે એવી ભાવના એ દેવના અંતરમાં પણ જાગ્રત થઈ !

ત્યારબાદ મંદિરના મુખ્ય દરવાજાથી ઉત્તર દિશામાં લીંબડા નીચે પાટ ઉપર મહારાજ બિરાજમાન થયા. મંદિરમાં આ પ્રસંગે ચોઘડિયાં વાગ્યાં. અહીં પણ શહેરના ભક્તજનો દર્શન માટે ઊમટ્યા હતા. તેમણે મહારાજનું પુષ્પ-હારોથી સ્વાગત કર્યું.

ધર્મનું પ્રસારણ આચરણથી થાય, ઉપદેશથી ન થાય

આજે એકાદશી હતી તેથી ફળાહારની વ્યવસ્થા હરિભક્તો માટે અને મહારાજની સાથે પધારેલા કાઠી રાજવીઓ માટે રાખી હતી. શીરો, બરફી, શ્રીખંડ, પેંડા તથા વિવિધ શાકો, રાજગરાની પૂરીઓ વગેરે અનેક વાનગીઓ બનાવી હતી. પ્રથમ મહારાજ જમ્યા. પછી હરિભક્તોને તેમણે ખૂબ પીરસીને જમાડ્યા. સંતોને તો એકાદશીના વ્રતને દિવસે જળનો પણ ત્યાગ હતો, છતાં સંતો હરિભક્તોને અન્ય વાનગીઓ પીરસવાની સેવામાં જોડાઈ ગયા હતા. મહારાજ તેમની સેવાભાવના નીરખતા હતા. આવા વ્રતધારી સંતો સંપ્રદાયના ગૌરવ સમાન હતા. ધર્મનું પ્રસારણ ધર્મનાં વ્રતોના આચરણથી જ થાય, ઉપદેશથી ન થાય. મહારાજનો આ ઉપદેશ આ સંતોના જીવનમાં સાકાર બન્યો હતો. સૌને જમાડ્યા. પછી મહારાજે તેમને આરામ કરવા રજા આપી.

રાત્રે આ જ સ્થાને સભા થઈ. મહારાજે ઉપદેશની વાતો કરી. સંતોએ રાત્રીના બાર સુધી કીર્તન-ભક્તિ કરી. એકાદશીનું વ્રત મહારાજના સાન્નિધ્યમાં, તેમના જ સ્વરૂપમાં ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ જોડી, ઇન્દ્રિયોને નિરાહાર રાખી સૌએ ઉજવ્યું. મહારાજ ભક્તોના ઉત્સાહથી, પ્રેમથી પ્રસન્ન થયા.

પૂનમ સુધી મહારાજે કથાવાર્તા અને કીર્તન-ભક્તિના કાર્યક્રમો જ ગોઠવી

नास्ति तस्मात् परोऽन्यो हि पिता देवोऽथवा द्विज।
आत्मा हि नः स विज्ञेयस्ततस्तं पूजयावहे ॥ ३३ ॥

અર્થ : નારદજી નરનારાયણને પૂછે છે કે તમે તો સકળ જગતનાં માતા-પિતા અને ગુરુ છો તો તમે કોની પૂજા કરો છો ? નરનારાયણ કહે છે જે સૂક્ષ્મ, અજ્ઞેય- ન જાણી શકાય એવા અચલ જે મન, ઇન્દ્રિયો અને વિષયથી પર છે તે જ સર્વ ભૂત-પ્રાણીમાત્રના અંતરાત્મા છે. તે પરમાત્મા એ અમારા બંનેની ઉત્પત્તિનું કારણ છે. તેથી અમે બંને તે પર સ્વરૂપ પરમાત્માનું પૂજન કરીએ છીએ.

– મહાભારત, મોક્ષધર્મ પર્વ, અધ્યાય-૩૩૪

દીધા હતા. મહારાજ કહેતાં : "અહીં મંદિર થયું છે. અમે અને અમારા સંતો પણ અહીં છીએ. તમો સૌ મંદિરમાં દેવનાં દર્શન કરો છો. અમારાં પણ દર્શન કરો છો. પરંતુ જ્યાં સુધી અમારા સ્વરૂપની યથાર્થ નિષ્ઠા તમારા અંતરમાં દઢ નહીં થાય, ત્યાં સુધી અંતરમાંથી જગતનું પ્રધાનપણું ટળશે નહીં અને સત્સંગ પણ અંતરમાં મુખ્ય થશે નહીં. માટે જેટલી કથાવાર્તા અને સંતોનો ઉપદેશ સાંભળવાની રુચિ કેળવશો, તેટલી અમારા સ્વરૂપની નિષ્ઠા તમારા અંતરમાં દઢ થશે. આ લોકના સ્નેહ ને મમતાનાં બંધનો તૂટશે, ઇન્દ્રિયોની વૃત્તિ પ્રતિલોમ થઈ હૃદયાકાશમાં સ્થિર થશે."

મહારાજ મિ. જેકિન્સનના બંગલે પધારે છે

તેરશને દિવસે ભદ્રમાં કલેક્ટર મિ. જેકિન્સનના[33] નિવાસમાં મહારાજ તેમની વિનંતીથી પધાર્યા. તેમણે પોતાના અન્ય મદદનીશ અંગ્રેજ સાહેબો સાથે નીચે આવી મહારાજનું સન્માન કર્યું અને પોતાના ખાસ બેઠકખંડમાં મહારાજને પધરાવ્યા.

મહારાજને પુષ્પહારોથી વધાવ્યા. કિંમતી વસ્ત્રોના તાકા તથા મેવા અર્પણ કર્યા. મહારાજને હાથે અત્તર ચોપડ્યું. સાથેના સંતોનું પણ પુષ્પહારથી સ્વાગત કર્યું. પછી મહારાજ સમક્ષ હાથ જોડીને તે બેઠા.

આ પ્રસંગે મહારાજે તેમની રીત પ્રમાણે થોડાં ઉપદેશ-વચનો મિ. જેકિન્સનને તથા ત્યાં બેઠેલા સાહેબોને ઉદ્દેશીને હિંદી ભાષામાં કહ્યાં : "લોભ એ જીવનો મોટો શત્રુ છે. મનુષ્યોને ધનનો લોભ હોય, રાજાઓને પોતાનું રાજ્ય વધારવાનો લોભ હોય. ધનપ્રાપ્તિ અને રાજ્યપ્રાપ્તિના લોભના ભાવમાં જો અનીતિનું દૂષણ ભળે તો અંતે તેવા મનુષ્યોનો, રાજવીઓનો વિનાશ જ થાય છે. આજે અંગ્રેજ રાજ્યની ભારતમાં શરૂઆત છે. તમારામાં નીતિ છે, ધર્મની ભાવના છે; પરંતુ જો અનીતિની ભાવના પ્રબળ થઈ, રાજ્ય વધારવાના લોભથી તમે પ્રજા સાથે અન્યાયથી વર્તશો તો તમારું પણ રાજ્ય ટકશે નહીં. અમે તો ધર્મોપદેશક છીએ, એટલે અમારી એ ફરજ છે કે અમારા પ્રસંગમાં જે આવે તેને ધર્મને માર્ગે ચડાવવા. તમે રાજ્યધર્મથી ચલિત ન થાવ અને અનીતિ, અન્યાયનાં દૂષણોને આધીન ન થાવ તે માટે આ ઉપદેશનાં વચનો

૩૩. આ સમયે અહીંના કલેક્ટર મિ. આલ્બિમેરલ બેરિંગ્ટન ઑસ્ટ્રેલિયા ગયા હતા તેથી તેમની જગ્યાએ હંગામી કલેક્ટર મિ. એડવર્ડ લેઈટન જેકિન્સન નીમાયા હતા.

તમને કહીએ છીએ.''

મિ. જેકિન્સન તથા તેમની સાથેના સાહેબો મહારાજની નીડરતા અને સ્પષ્ટ વક્તવ્યથી પ્રભાવિત થઈ ગયા.

પૂનમના દિવસે મહારાજ સંતો તથા હરિભક્તો સાથે રંગે રમ્યા. ગુલાલ સારી રીતે ઉડાડ્યો, સૌને રંગે રંગી દીધા. પછી સૌએ સ્નાન કર્યું. મહારાજ મંદિરમાં બિરાજ્યા. સંતોએ મહારાજ સમક્ષ હોરીનાં પદો ગાયાં.[૩૪]

જીવનનો અલૌકિક લહાવો

ફાગણ વદ એકમને દિવસે નરનારાયણ દેવનો જન્મોત્સવ ઉજવવાનો હતો. મહારાજે નરનારાયણ દેવનું વિધિ સહિત પૂજન કર્યું. પછી આરતી કરી. ખજૂર, ખારેક, ધાણી ધરાવ્યાં. ખાંડના હાર પહેરાવ્યા. ત્યારબાદ ભગવાનની ચલ મૂર્તિને પુષ્પના હીંડોળામાં પધરાવી અને દોલોત્સવ કર્યો. મહારાજે ચલ મૂર્તિને ઝુલાવી, સંતોએ કીર્તન-ભક્તિથી દોલોત્સવના દિવ્ય આનંદનો અનુભવ સૌને કરાવ્યો.

ત્યારબાદ મંદિરની સન્મુખ વિશાળ પ્રાંગણમાં આવી મહારાજ પાટ ઉપર બિરાજ્યા. સંતો, હરિભક્તો સૌ સભામાં આવી ગયા. સંતોએ હોરીનાં પદો ગાવાની શરૂઆત કરી. એટલામાં બ્રહ્મચારી કેસર અને કેસૂડાના રંગના ચરુઓ મહારાજ સમક્ષ લાવ્યા. તે વખતે આધારાનંદ સ્વામીએ મહારાજને સુંદર કલાત્મક પિચકારી આપી. મહારાજે રંગે રમવાની શરૂઆત કરી. પિચકારી વડે મહારાજ સંતો, હરિભક્તો ઉપર રંગ છાંટવા લાગ્યા. મહારાજે સંતો તથા હરિભક્તોને રંગથી રસબસ કરી દીધા. સંતો પણ ખૂબ રંગે રમ્યા. મંદિરનું વિશાળ પ્રાંગણ કેસર-કેસૂડાના રંગથી રંગાઈ ગયું. કેસરની મીઠી સુગંધ હવામાં પ્રસરી ગઈ. એટલામાં હરિભક્તો ગુલાલના ટોપલા લાવ્યા અને મહારાજ સમક્ષ મૂક્યા. મહારાજે તેમાંથી તાંસળી ભરી ભરીને સૌ ઉપર ગુલાલ ઉડાડ્યો. મહારાજે છાંટેલા પ્રસાદીભૂત રંગ અને ગુલાલથી સંતો, હરિભક્તો રંગાઈ ગયા.

જીવનમાં આ રંગ લગાડવા જેવો છે. જગતના અનેક રંગોથી રંગાયેલું અને કલુષિત થયેલું અંતર કેવળ પરમાત્મા અથવા તેમના સંબંધવાળા સંતના પ્રત્યક્ષ પ્રસંગથી જ શુદ્ધ થઈ ભક્તિભાવના રંગથી રંગાય. સૌને લાગ્યું આ લહાવો અલૌકિક હતો.

---

૩૪. શ્રીહરિલીલામૃત, ૮-૪૪માં આ ઉત્સવ વરતાલમાં થયો એવો પણ ઉલ્લેખ છે.

પછી સંતોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આપ અહીં તો સૌ સાથે રંગે રમ્યા, પરંતુ મંદિરમાં ઉત્સવિયા ભક્તો હોરીનાં પદો ગાય છે, બ્રહ્મચારીઓ પણ ત્યાં ભગવાનને ઝુલાવે છે, તો આપ તેમને પણ આ લાભ આપો." મહારાજ તરત જ મંદિરમાં પધાર્યા. ઘુંમટ નીચે બેઠેલા ઉત્સવિયા ભક્તોને મહારાજે રંગથી રંગી દીધા. રંગ અને ગુલાલથી આચ્છાદિત થયેલા તેમના શરીર નીલ આકાશમાં જેમ મેઘધનુષ્ય શોભે તેમ શોભવા લાગ્યા. મહારાજે સૌને રસબસ કરી દીધા. સમગ્ર મંદિર રંગ અને ગુલાલથી રંગાઈ ગયું.

સ્વામિનારાયણના ઉત્સવ એટલે અંતરમાં ધર્મ અને ભક્તિનું પટ ચડાવવાનું પર્વ

પછી સાબરમતીમાં સ્નાન કરવા જવા માટે મહારાજ સંતો, હરિભક્તો સાથે ઉત્સવ કરતાં કરતાં નીકળ્યા. દેશદેશથી આવેલા હરિભક્તો અને સંતોના સંઘથી આ શોભાયાત્રા ખૂબ જ લાંબી બની ગઈ. અશ્વો ઉપર બેઠેલા કાઠી ભક્તો મહારાજના અંગરક્ષકો સમાન મહારાજની આજુબાજુ જ ચાલતા હતા. મહારાજ દિલ્હી દરવાજેથી શહેર બહાર નીકળ્યા. લગભગ એક ગાઉ લાંબી હરિભક્તોની અને સંતોની કતાર હતી. આગળ વાજિંત્રોના ઘોષ થતા હતા. શ્રીનગરના નગરજનો ફરી આ દિવ્ય શોભાયાત્રાનાં દર્શન કરવા ઊમટ્યા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણના ઉત્સવો એટલે અંતરમાં ધર્મ અને ભક્તિનું પટ ચડાવવાનું પર્વ !

દરિયાખાનનો મોક્ષ કર્યો

મહારાજ આગળ ચાલતા હતા. એકાએક એક વડના વૃક્ષ[૩૫] નીચે તેમણે ઘોડી ઊભી રાખી. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. પછી મહારાજ આગળ ચાલ્યા ને સાબરમતીના આરે[૩૬] પધાર્યા. અહીં સ્નાન કરવા વસ્ત્ર ઉતારતા હતા તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ વડના વૃક્ષ નીચે થોડી વાર કેમ ઊભા રહ્યા હતા ? તેમાં શું રહસ્ય હતું ?"

૩૫. દિલ્હી દરવાજા બહાર હઠીસિંગના દેરાથી થોડું આગળ દરિયાખાનના ઘુમ્મટ તરફ જવાના રસ્તા ઉપર ડાબી બાજુ આ વડવૃક્ષ હતું. અત્યારે તો તે પડી ગયું છે.
– અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ, પા. ૩૨૬.

૩૬. આ આરો અત્યારે 'નારાયણ ઘાટ'ને નામે ઓળખાય છે.

મહારાજ મુક્તાનંદ સ્વામી સામું જોઈ રહ્યા. પછી બોલ્યા : ''સ્વામી ! દરિયાખાનના ઘુંમટમાં તમે ઊતર્યા હતા. તે દરિયાખાન પૂર્વે વિકર્ણ હતો. તેણે દ્રૌપદીના વસ્ત્રહરણ પ્રસંગે દ્રૌપદીનો પક્ષ લઈ દુર્યોધનને ઠપકો આપ્યો, એટલે દુર્યોધને તેને કાઢી મૂક્યો. દ્રૌપદી ભગવાનનાં ભક્ત હતાં. તેનો વિકર્ણે પક્ષ લીધો તેથી તેણે કેટલાક જન્મ લીધા અને પછી દરિયાખાન બાદશાહ બન્યા. તે બાદશાહે દધીચિ ઋષિના આશ્રમ પાસે શિકાર કર્યો, તેથી ઋષિએ તેને શાપ આપ્યો કે 'તું ભૂત થઈશ.' બાદશાહે ઋષિની માફી માંગી. ત્યારે ઋષિએ કહ્યું : 'પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થશે, ત્યારે તેનો તને યોગ થશે અને તેમનાં દર્શનથી તું મારા શાપથી મુક્ત થઈશ.' તે દરિયાખાન ભૂતના સ્વરૂપે આવ્યો હતો. તેથી અમે વૃક્ષ નીચે થોડી વાર ઊભા રહ્યા. તેને અમે આશીર્વાદ આપી બદરિકાશ્રમમાં મોકલી આપ્યો.''[૩૭]

મુક્તાનંદ સ્વામી તથા સાથેના સંતો મહારાજની વાત સાંભળી રહ્યા. મુક્તાનંદ સ્વામીને સ્મૃતિ થઈ કે પોતે દરિયાખાનના ઘુંમટમાં ઊતર્યા હતા ત્યારે તેમણે ભૂતોનો મોક્ષ કર્યો હતો. દરિયાખાન પણ તે સમયે આવ્યો હતો. પરંતુ તે સમયે તેની ઇચ્છા મહારાજનાં દર્શન કરવાની હતી, તેથી તેણે એટલો સમય ભૂતયોનિમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

મહારાજ સાબરમતીમાં સ્નાન કરવા પધાર્યા. સર્વ સંતો તથા હરિભક્તો પણ મહારાજની સાથે નદીમાં નહાવા ઊતર્યા. કેટલાકે મહારાજના પ્રસાદીના જળમાં સ્નાન કરવાનું પસંદ કર્યું, ત્યારે કેટલાકે મહારાજનાં દર્શન કરતાં કરતાં નહાવાનું નક્કી કર્યું. પરંતુ સંતોએ તો મહારાજ સાથે જળક્રીડા કરવાનું સુખ લેવાનું નક્કી કર્યું. મહારાજે સૌના મનોરથ પૂરા કર્યા. સૌ સારી રીતે નહાયા. સાબરમતીનું જળ લાલ બની ગયું. સાબરગંગા મહારાજની આ દિવ્ય ક્રીડાથી કૃતકૃત્ય બની ગઈ !

મહારાજે સ્નાન કરી, શરીર લૂછી, શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. કિનારા ઉપર જ હરિભક્તોએ ગાદી-તકિયા પાથરી સભા કરવાની વ્યવસ્થા કરી દીધી હતી. તેથી મહારાજ ગાદી-તકિયે બિરાજ્યા. સૌ હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. પુષ્પહાર પહેરાવ્યા અને સૌએ યથાશક્તિ ભેટ મૂકી.

આ વિધિ પૂરી થઈ એટલે મહારાજ બધા સંતો-હરિભક્તો સાથે મોટેરા પધાર્યા. અહીંના પુરુષોત્તમ ભક્ત તથા અન્ય ભક્તોને દર્શન આપી મહારાજ

---

૩૭. સદ્‌ગુરુ વૈષ્ણવાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલાસિંધુ; રત્ન-૧૨, તરંગ ૨૫ થી ૨૮.

શ્રીનગર જવા નીકળ્યા. ઉત્સવિયા મંડળીઓ ઉત્સવનાં કીર્તનો ગાતી ગાતી રાજ્યમાર્ગ ઉપર સૌને ઉત્સવનાં પદો સંભળાવી આનંદ આપતી હતી. સંતો કીર્તનો ગાતા હતા. ઢોલ, શરણાઈ, ભેરી, ભૂંગળ વગેરે વાજિંત્રોના ઘોષ પણ થતા હતા. નગરજનો આનંદ અને ઉલ્લાસથી મહારાજનાં દર્શન કરતાં હતાં અને વિચાર કરતા હતા કે જેમને પેશ્વાએ અમદાવાદ શહેરમાં ન આવવાનું ફરમાન કર્યું હતું તે હવે અમદાવાદ શહેરમાં નગરજનો તરફથી સંપૂર્ણ સન્માન પામે છે ! મહારાજ માણકીને ગૌરવભરી ચાલે ચલાવતાં, સૌને દર્શન દેતાં, મંદમંદ હસતાં પાર્ષદોથી વીંટાયેલા ચાલતા હતા. થોડી વારે સમગ્ર સવારી નવા વાસમાં નરનારાયણના મંદિરમાં આવી પહોંચી.

ઘનશ્યામ નજીક છે છતાં આટલું બધું અંતર છે ?

મહારાજ માટે સુવાસિની ભાભીએ થાળ તૈયાર કર્યો. જ્યારથી ધર્મકુળ આવ્યું ત્યારથી સુવાસિની ભાભી મહારાજને વારંવાર થાળ કરી જમાડતાં. તેમને આ સેવાથી અતિ તૃપ્તિ થતી. જે ઘનશ્યામને પોતે લાડ લડાવ્યા હતા, જેમનું ચિંતવન કરતાં તેમનું મન થાકતું ન હતું, જેમનાં મસ્તી-તોફાનનાં દિવ્ય ચરિત્રો પોતે કુમળે હૈયે હર્ષભર્યા ભાવથી સહ્યાં હતાં, જેમના વિરહથી તેમની આંખો નિસ્તેજ બની ગઈ હતી, અંતર શૂન્યભાવમાં સમાઈ ગયું હતું, તે ઘનશ્યામ આજે ભગવાન સ્વરૂપ બની પોતાની સમક્ષ બેસે છે ત્યારે તેમની ગંભીરતા, મોટપનું મૌન આ બધું સુવાસિની ભાભી માટે અસહ્ય બની જાય છે ! ઘનશ્યામ નજીક છે છતાં આટલું બધું અંતર છે ! આ વિચારમાં ભાભી શૂન્યમનસ્ક બની જાય છે. છતાં પોતાનો એ લાડલો ઘનશ્યામ આજે જગતનો પ્રભુ બની પૂજાય છે, એ ગૌરવથી તેમનું અંતર પ્રફુલ્લતા પણ અનુભવે છે.

સંતના નિયમોને બાધ ન આવે તેવી જગ્યા જોઈ મંદિર કરવું

મહારાજ પછી સંતોને પીરસવા પધાર્યા. તેમને ખૂબ આગ્રહ કરી જમાડ્યા. ત્યારબાદ હાથ ધોઈ પોતાના ઉતારે પધાર્યા. જે હરિભક્તોની આજે રસોઈ હતી તે સૌ મહારાજની પૂજા કરવા આવ્યા. તેમની પૂજા મહારાજે અંગીકાર કરી. પછી તેમને કહ્યું : ‘‘અહીં તો આપણે મંદિર કર્યું એટલે શ્રીનગરના ભાવિક જનોને પોષણ મળશે. પરંતુ જે કોઈ હરિભક્તોને પોતાના ગામમાં મંદિર કરવાનો ભાવ થાય તો ત્યાં સંતના નિયમોને બાધ ન આવે તેવી

જગ્યા જોઈ મંદિર કરવું અને તેમાં સંતો માટે બધી વ્યવસ્થા કરાવવી, જેથી તેમના ધર્મ પ્રમાણે તેઓ મંદિરમાં રહી શકે અને હરિભક્તોને ઉપદેશ કરી શકે."

સાંજે મહારાજ દરવાજા પાસે નિંબતરુ નીચે વેદિકા ઉપર પાટ બિછાવી હતી તે ઉપર બિરાજ્યા. સંતો-હરિભક્તો સૌ આવી ગયા. સંતોએ કીર્તન-ભક્તિથી સભાની મંગલ શરૂઆત કરી.

હવે ગોપી ભટ્ટનું કેમ છે ?

એ જ સમયે આગેવાન હરિભક્તો હીરાચંદ ચોકસી, લાલદાસ ગોરા, કુબેરસિંહ ચોપદાર વગેરે આવ્યા અને મહારાજને પગે લાગી સન્મુખ બેઠા.

મહારાજે તેમને તરત જ પૂછ્યું : "આજે કેમ મોડું થયું ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! અમો બધા ગોપી ભટ્ટ પાસે ગયા હતા. તેથી અહીં આવવાનું મોડું થયું."

મહારાજ આ સાંભળી તરત જ બોલ્યા : "એમ ? ત્યારે તો તમારી વાત સાંભળવી પડશે. ગોપી ભટ્ટ અમે આવ્યા છીએ ત્યારના અહીં પણ દેખાયા નથી. વળી, આનંદ સ્વામીએ પણ અમને તેમના સંબંધી ગઢપુરમાં વાત કરી હતી." એટલું કહી મહારાજે તેમને પાસે બોલાવ્યા અને પછી પૂછ્યું : "કહો હવે, ગોપી ભટ્ટનું કેમ છે ?"

એટલે હીરાચંદ ચોકસીએ કહ્યું : "મહારાજ ! ગોપી ભટ્ટનો સ્વભાવ તામસી થઈ ગયો છે. મંદિરમાં આવતા પદાર્થોથી તેમનો લોભ વધ્યો છે. તેથી બધા પદાર્થો ઘર ભેળા કરી દે છે. ઠાકોરજીને થાળમાં પણ ઘી ચોપડ્યા વિનાના રોટલા અને દાળ જ ધરાવે છે. મૂઠડીનું અનાજ પોતે વેચી નાંખે છે."

આ સાંભળી મહારાજે નિઃસાસો મૂક્યો. તેમણે પૂછ્યું : "ઠાકોરજી નિમિત્તે આવતા પદાર્થોનો ઉપયોગ પોતાના માટે કરે છે ? ઠાકોરજીને લીધે તો મંદિરનો વ્યવહાર ચાલે છે, તો તેમને પણ છેતરી આવા પાપના ધંધા કરતા હોય તો આપણે હવે તેમને ઝાઝો વખત દેવની સેવામાં રખાય જ નહીં."

પછી હીરાચંદભાઈએ કહ્યું : "મહારાજ ! એટલે વાત અટકતી નથી. તેમનો છોકરો લીલાધર પણ બહુ ઉદ્ધત છે. બપોરે મંદિરના ઘુંમટ નીચે ગામના જુગારીઓને બોલાવી જુગાર રમે છે."

મહારાજને આ સાંભળી ખૂબ જ દુઃખ થયું. તેમણે તે ભક્તોને કહ્યું : "આપણે કળથી કામ લેવું પડશે. મોટેરા સંતોની સલાહ લઈને ગોપી ભટ્ટ અંગે

કોઈક ચોક્કસ નિર્ણય લેવો પડશે.'' પછી મહારાજે તેમને કહ્યું : ''તમો ત્રણે રાત્રે આવજો. ત્યારે વિચાર કરીશું.''

સભા પૂરી થઈ એટલે મહારાજ આરતીમાં પધાર્યા. તે વખતે ગોપી ભટ્ટ આવ્યા. ગોપી ભટ્ટ હવે વૃદ્ધ થયા હતા તોપણ તેમનો રજોગુણ આંખે ચડે તેવો હતો. પીતાંબર પહેર્યું હતું. હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં. સુંદર ચાખડી ઉપર ચડીને તે આરતી કરવા આવ્યા. મહારાજ તેમને જોઈ રહ્યા. તેમની આરતી કરવાની ક્રિયા જોઈ. તેમાં ભક્તિભાવ કરતા કળામય દેખાવ કરવાની ભાવના તેમને વધુ દેખાણી. આરતી બાદ મહારાજે ગોપી ભટ્ટને કહ્યું : ''કાલે શણગાર આરતી પછી અમને મળજો, ખાસ કામ છે.''

ગોપી ભટ્ટ સમજ્યા કે મહારાજને હજુ કાંઈ વિશેષ જવાબદારી તેમને સોંપવી લાગે છે, તેથી મનમાં રાજી થયા.

રાત્રે મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ આ ચાર સંતોને પોતાને ઉતારે બોલાવ્યા. એટલામાં હીરાચંદ ચોકસી, લાલદાસ ગોરા અને કુબેરસિંહ ચોપદાર પણ આવી ગયા. મહારાજે તેમની પાસે ગોપી ભટ્ટની સવિસ્તર વાત કરાવી. ઠાકોરજીની સેવામાં આવા દુર્લક્ષ્યથી અને ગોપી ભટ્ટની લાલચુ વૃત્તિથી સૌ સંતોને દુઃખ થયું.

પછી મહારાજે તેમને પૂછ્યું : ''હવે આપણે કરવું શું ?''

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! એમને આપણે છૂટા જ કરી દેવા જોઈએ. ઉપાસના રહે અને મુમુક્ષુઓનું કલ્યાણ થાય તે સારુ તો આપણે મંદિરો કરી મૂર્તિઓ પધરાવી છે. પરંતુ જો આવા જ લોભી અને ઠાકોરજી પ્રત્યે ભક્તિના ભાવ વગરના પૂજારી હોય, તો દેવમાં દૈવત રહે ક્યાંથી ?''

સ્વામીની વાતમાં સૌ સંમત થયા. મહારાજે કહ્યું : ''અમે ગોપી ભટ્ટને કાલે બોલાવ્યા છે ત્યારે તમો સૌ હાજર રહેજો. બ્રહ્માનંદ સ્વામીને પણ સાથે લાવજો.'' એટલું કહી મહારાજે સૌને રજા આપી.

ગોપી ભટ્ટનો ઠાઠ જોઈ મંદિરના વૈભવનો સૌને ખ્યાલ આવે

બીજે દિવસે સવારે શણગાર આરતી પછી ગોપી ભટ્ટ મહારાજને મળવા આવ્યા. સંતો તથા આગેવાન હરિભક્તો મહારાજ પાસે આવી ગયા હતા. તેમનો ઠાઠ જોઈ તેમની સ્થિતિનો સૌને ખ્યાલ આવી ગયો. મુખ્ય મુખ્ય સંતોને તથા હરિભક્તોને જોઈ ગોપી ભટ્ટને પોતે કરેલી અટકળ સાચી લાગી. મહારાજે

તેમને બેસવા માટે આસન પથરાવ્યું. તે ઉપર તે બેઠા. પછી મહારાજે તેમને પૂછ્યું : "ભટ્ટજી ! મંદિરનું કામકાજ, વ્યવહાર વગેરે કેમ ચાલે છે ?"

ત્યારે તેમણે હસીને કહ્યું : "મહારાજ ! આપની દયાથી બધું ઠીક ચાલે છે."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ગોપી ભટ્ટનો આ ઠાઠમાઠ બધો એવો છે કે સૌ તેમનામાં અંજાઈ જાય અને વળી આપણા મંદિરના વૈભવનો પણ સૌને ખ્યાલ આવે."

ગોપી ભટ્ટને આ સાંભળી આનંદ થયો.

પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપણે ગોપી ભટ્ટને જે દસ્તાવેજ કરી આપ્યો છે તે કાચો દસ્તાવેજ છે. હવે અંગ્રેજનું રાજ્ય થયું એટલે દસ્તાવેજ પાકો કરાવી, તેમાં અંગ્રેજી રાજ્યની છાપ મરાવી, દસ્તાવેજ તેમને આપો, તો પછી ભવિષ્યમાં તેમને પણ મુશ્કેલી ન નડે અને આપણું કામ સરળ થાય."

આ સાંભળી ગોપી ભટ્ટે કહ્યું : "મહારાજ ! એવું હોય તો હમણાં જ દસ્તાવેજ લઈ આવું."

મહારાજે કહ્યું : "ભલે, લઈ આવો અને બ્રહ્માનંદ સ્વામીને આપજો. તે આપણા હરિભક્તોને સાથે રાખી પાકો દસ્તાવેજ કરાવી દેશે."

ગોપી ભટ્ટ તરત જ ઊઠ્યા, ઘેર ગયા અને થોડી વારે કાચો દસ્તાવેજ લઈ પાછા આવ્યા. તેમણે તે બ્રહ્માનંદ સ્વામીને આપ્યો અને પૂછ્યું : "પાકો દસ્તાવેજ કેટલા વખતમાં થઈ જશે ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "એ તો રાજ્યની છાપ મરાવવામાં જેટલો વખત જશે એટલો વખત તો લાગશે જ."

ગોપી ભટ્ટને સંતોષ થયો.

બીજે દિવસે મહારાજે હીરાજી સલાટને બોલાવ્યા. જયપુરના આ મારવાડી સલાટે વરતાલના મંદિર નિર્માણ વખતે સેવા કરી હતી. મહારાજે તેમને બોલાવ્યા તેથી તેમને આનંદ થયો. મનમાં થયું કે મહારાજ કાંઈક સેવા બતાવશે. મહારાજે કહ્યું : "આપણે અહીં હનુમાનજીની મૂર્તિ પધરાવવી છે, તો તમો તે તૈયાર કરી આપો."

તે સાંભળી તેમણે કહ્યું : "મહારાજ ! આપ કાગળ ઉપર મૂર્તિ ચીતરાવી આપો, તે પ્રમાણે હું મૂર્તિ તૈયાર કરી આપું."

મહારાજે તરત જ આધારાનંદ સ્વામીને બોલાવ્યા. તેમને કહ્યું : "કાગળ

ઉપર હનુમાનજીની મૂર્તિ અમે કહીએ તે પ્રમાણે ચીતરી આપો." એટલે આધારાનંદ સ્વામી કાગળ લઈ આવ્યા. મહારાજ પોતાની પાટ ઉપર હનુમાનજીની અદાથી ઊભા રહ્યા. મહારાજે કહ્યું : "આવી રીતે મૂર્તિ ચીતરો."

આધારાનંદ સ્વામીએ તરત જ મહારાજ સન્મુખ જોઈ હનુમાનજીની મૂર્તિ ચીતરી દીધી. મહારાજ તે જોઈ રાજી થયા. પછી તે કાગળ હીરાજી સલાટને આપ્યો.

ગોપી ભટ્ટને સેવામાંથી છૂટા કર્યા

ત્રણ-ચાર દિવસ પછી ગોપી ભટ્ટ મહારાજ પાસે આવ્યા અને પાકા દસ્તાવેજની માંગણી કરી. મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા અને તેમને પૂછ્યું. ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! નરનારાયણ દેવ તપસ્વી છે, તેથી તેમની પૂજામાં આવા રજોગુણી ઠાઠવાળા પૂજારી ન ચાલે. આપણા આનંદાનંદ બ્રહ્મચારી છે તે જ પૂજા કરશે. એટલે મેં દસ્તાવેજ ફાડી નાંખ્યો છે. ગોપી ભટ્ટને આપણે હવે આજથી છૂટા કરી દઈએ."

ગોપી ભટ્ટને આ સાંભળી આંચકો લાગ્યો. તે મહારાજ સામું જોવા લાગ્યા. મહારાજ મૌન રહ્યા. થોડી વાર પછી તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આ બ્રહ્માનંદ સ્વામી શું કહે છે ? કાચો દસ્તાવેજ ફાડી નાંખ્યો અને મારી સાથે છેતરપિંડી કરી !"

મહારાજે કહ્યું : "તમે સ્વામીને પૂછો."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ભટ્ટજી ! તમે ઠાકોરજી સાથે છેતરપિંડી કરો છો. ઠાકોરજી માટે આવતા પદાર્થો, ભેટ વગેરે તમારા ઉપયોગ માટે વાપરો છો. સંતોને તેમની જરૂરિયાત પ્રમાણે અન્ન-વસ્ત્રો આપતાં નથી. આવી તમારી છેતરામણ ઠાકોરજી કેમ સહન કરે ? માટે જે થયું છે તે યોગ્ય જ થયું છે. એટલું સારું માનો કે ઠાકોરજી માટે આવેલી ભેટ કે પદાર્થો અમે તમારી પાસેથી પાછા માંગતા નથી. માટે હવે આટલામાં રાજી રહો."

ગોપી ભટ્ટ સમજી ગયા કે કાળા કાનજીએ તેમની અનાદિની રીત અજમાવી. મૂંગે મોઢે તે બહાર નીકળી ગયા !

અમારી માતાના હુકમથી એ બધું કરીએ છીએ

સાંજે મહારાજ સભામાં બિરાજ્યા ત્યારે મહારાજ પાસે તરગાળાઓ

આવ્યા. તેમણે મહારાજને ફરિયાદ કરી : "આ તમારા સાધુ પાંચ વખત આરતી કરે છે, મોટે સાદે ભજનો ગાય છે, તેથી આખા મહોલ્લાને ખલેલ પડે છે. માટે તે બંધ કરાવો તો સારું."

મહારાજ તેમની ફરિયાદ સાંભળી હસ્યા. પછી તેમને કહ્યું : "તમે જ્યાં જાવ છો ત્યાં નાચગાન કરો છો અને લોકોને આખી રાત જગાડો છો, તેથી તેમના ઘરમાં ચોર પેસી ખાતર પાડી જાય છે. આવાં બધાં તમારાં કામોથી લોકોને નુકસાન થાય છે તેનું શું ? તમે તે બંધ કરો તો અમે અમારા સાધુને આરતી, ભજન બંધ કરવાનું કહીએ."

આ સાંભળી તરગાળાનો મુખ્ય નાયક મુઝાયો. પણ પછી તરત જ તેણે કહ્યું : "અમે તો અમારી માતાના હુકમથી એ બધું કરીએ છીએ."

તરત જ મહારાજે હસતાં હસતાં કહ્યું : "અને આ સંતો પણ તેમના પિતાના હુકમથી આરતી, ધૂન્ય, ભજન કરે છે."

મહારાજની આ વાત સાંભળી નાયક મૂંગો થઈ ગયો !

બરાબર આ જ સમયે દરવાજામાં ઊભેલા એક મુસલમાનને મહારાજનાં દર્શનથી સમાધિ થઈ ! સમાધિમાં તેને એક લાખ અને અઠયાસી હજાર પેગંબરોનાં દર્શન થયાં. તે બધા જ પેગંબરો મહારાજની સ્તુતિ કરતા દેખાયા. તેના અંતરમાં અહો ! અહો ! થવા લાગ્યું. તે જ્યારે સમાધિમાંથી જાગ્યો ત્યારે તેણે તેના દીકરા ડોસામિંયાને કહ્યું : "દીકરા ! આ સાક્ષાત્ ખુદા છે, માટે ઓળખી લેજે. એવી સેવા કરવાનો મોકો મળે ત્યારે સેવા કરી લેજે."[૩૮]

✧

ફૂલદોલનો ઉત્સવ કરી સૌને પોતાની મૂર્તિનું સુખ આપીને મહારાજ અમદાવાદથી ફાગણ વદ સાતમને દિવસે નીકળવા તૈયાર થયા. સખા, પાર્ષદો સજ્જ થઈ ગયા. મહારાજે જે સંતોને આજ્ઞા કરી તે સંતો મહારાજ સાથે જવા તૈયાર થયા. બીજા સંતોને કહ્યું : "હરિજયંતીનો ઉત્સવ વરતાલમાં કરવો છે, તો આજુબાજુનાં ગામોમાં ફરજો અને ઉત્સવ ઉપર વરતાલ આવજો."

અમદાવાદના હરિભક્તોએ, નગરજનોએ ફરી વિદાયની સવારીની ધામધૂમથી તૈયારી કરી. આ વિદાયની વેળા હતી. એટલે સૌને એ દિવ્ય દર્શનનો

૩૮. જ્યારે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે હવેલી બાંધી, ત્યારે આ ડોસા-મિંયાએ તેમાં સેવા કરી હતી.

— અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ, પા. ૩૩૫.

આનંદ હતો પણ વિરહનું દુ:ખ હતું.

મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને વાજતે-ગાજતે સવારી નીકળી. માણેકચોકમાં થઈને શહેર બહાર નીકળ્યા. એટલે મહારાજે શહેરના હરિભક્તોને ત્યાંથી પાછા વાળ્યા. સૌ રડતે હૃદયે પાછા વળ્યા !



ઉદ્‌ગીથ ૫

વરતાલમાં હરિનવમીનો ઉત્સવ

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૫)

મહારાજ કાઠી પાર્ષદો સાથે આગળ ચાલતા હતા. અયોધ્યાવાસીઓ માટે બે ગાડીઓ હતી. અમૂલાબા તથા અમરીબા પણ બીજી બે ગાડીમાં સાથે હતાં. મોટેરા સદ્‌ગુરુઓ પણ ગાડીઓમાં બેઠા હતા. જેને જેમ ઘટે તેમ તેમને માટે વાહનોની વ્યવસ્થા કરી હતી.

મહારાજ ત્યાંથી નીકળ્યા અને અસલાલી પધાર્યા. અહીં મુખ્ય હરિભક્ત વેણીભાઈ પટેલ હતા. બીજા અમીન પાટીદારોને પણ સત્સંગનો રંગ લાગ્યો હતો. મહારાજ પધાર્યા તે સમાચાર મળ્યા એટલે અસલાલીના હરિભક્તોનો સંઘ સામો આવ્યો. મહારાજનું પુષ્પહારથી સ્વાગત કર્યું. શ્રીનગરના ફૂલદોલ ઉત્સવનો લાભ તો લીધો હતો અને ત્યારપછી તરત જ આ લાભ ફરી મળ્યો, એટલે સૌનાં અંતર પ્રફુલ્લિત થઈ ગયાં. મહારાજને રાત રોકાવા સૌએ પ્રાર્થના કરી. મહારાજે તેમની પ્રાર્થના સ્વીકારી.

અમારી વાત પરમાત્મા સંબંધી છે તેથી સૌને અદ્‌ભુત લાગે છે

વેણીભાઈએ લાડુની રસોઈ કરાવી. મહારાજ જમ્યા. પછી સંતોને પીરસવા પધાર્યા. સૌને આગ્રહ કરી લાડુ જમાડ્યા. ત્યારબાદ પોતાને ઉતારે પધાર્યા. સરોવર પાસે સ્વચ્છ જગ્યા હતી ત્યાં સંઘનો ઉતારો રાખ્યો હતો. મશાલો પ્રગટાવી પ્રકાશ કર્યો હતો. મહારાજ ત્યાં પધાર્યા અને પાટ ઉપર બિરાજમાન થયા. સંતોએ કીર્તન-ભક્તિથી સભાની શરૂઆત કરી. પછી મહારાજે અમૃત વર્ષાવતાં કહ્યું : "આ સત્સંગ વાતોથી જ વધ્યો છે. સંતોએ વિચરણ કર્યું, વાતો કરી, તો લોકોનાં અંતર સુધી તે વાતો પહોંચી ગઈ. સૌ વ્યસન ને વહેમમાંથી મુક્ત થઈ ગયા. સારાસારનો વિચાર કરવા લાગ્યા. આ પ્રકારનો વિચાર જાગ્રત

થાય તો જ અંતર્દષ્ટિ થાય. જેની વૃત્તિઓ અંતર સન્મુખ થઈ હોય તેને જ સત્સંગના દિવ્ય સુખનો અનુભવ થાય. માટે આગળ જે ભક્તો થઈ ગયા છે, તેમનાં આખ્યાનો સૌએ વિચારવાં, તેમના જેવી પ્રભુ ભજવાની તીવ્ર રુચિ રાખવી. આવી રુચિ હશે તો સત્સંગ દૃઢ થશે. અમે જે વાત કરીએ છીએ તેનું શુદ્ધ સનાતન મૂળ પરમાત્મા છે. તેમનો સતત સંબંધ જીવોને રહે તેવો અમને આગ્રહ રહે છે. અમારી વાત પરમાત્મા સંબંધી છે તેથી સૌને અદ્‌ભુત લાગે છે."

તમે ધ્યાન ન રાખ્યું તો પોષાક જામીનગીરીમાં આપવો પડ્યો

પછી સંતો પાસે ગરબીનાં પદો ગવરાવ્યાં. અસલાલીમાં રાત રોકાઈને મહારાજ વહેલી સવારે ત્યાંથી નીકળી જેતલપુર પધાર્યા. અહીં ચાર-પાંચ વડનાં વૃક્ષની ઘટાની નીચે મહારાજ ઊતર્યા. આસજીભાઈ, ગંગાદાસ વગેરે હરિભક્તો આવી ગયા. મહારાજે તેમને પૂછ્યું : "આનંદ સ્વામી કહાં હૈ ?"

એટલે આસજીભાઈએ કહ્યું : "મહારાજ ! એ તો અમદાવાદ ગયા છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "તો તો ચાલો, આપણે પણ અમદાવાદ પાછા જઈએ."

આ સાંભળી ગંગામાએ કહ્યું : "અમદાવાદ જવું હોય તો કાલે જજો, આજે તો અહીં રહેવાનું છે અને જમવાનું પણ અહીં જ છે."

ગંગામાનાં વચનો સાંભળી મહારાજ હસ્યા. તેમણે તરત જ પોષાક ઉતાર્યો. તે પોષાક ગંગામા પોતાને ઘરે લઈ ગયાં.

થોડી વારે મહારાજે પૂછ્યું : "અમારા પોષાક ક્યાં ગયા ?"

એટલે ગંગામાએ કહ્યું : "એ તો ઘેર પહોંચી ગયો."

મહારાજ આ સાંભળી મુઝાયા. તેમણે કહ્યું : "પોષાક તો પાછો લાવો ! અમે અમદાવાદ નહીં જઈએ."

એટલે ગંગામાએ કહ્યું : "મહારાજ ! તમારો વિશ્વાસ આવે તેમ નથી. આગળ પણ એવાં કામો કર્યાં છે કે કોઈ ભક્તને વિશ્વાસ ન આવે. માટે રસોઈ જમી લેશો પછી જ પોષાક મળશે !"

મહારાજે પોતાના સેવકોને કહ્યું : "જોયું ને ? તમે જો ધ્યાન ન રાખ્યું તો પોષાક જામીનગીરીમાં આપવો પડ્યો."

પછી મહારાજે સંતોને કીર્તન ગાવા આજ્ઞા કરી, એટલે બ્રહ્માનંદ સ્વામીએ તરત જ કીર્તન શરૂ કર્યું :

જાણ્યાં જાણ્યાં રે અમે જાણ્યાં, મારા વાલીડાનાં જાદુડાં સર્વે અમે જાણ્યાં.
જમુનાને તીરે વહાલે રાસ રચીને, બંસી વગાડી ચિત્ત તાણ્યાં...મારા.
મધરાતે અમને વનમા તેડાવ્યા, તરછોડીને પત્ત વાણ્યાં...મારા.
હવે જાઈ મથુરામાં બેઠા, અમને ચિત્તમાં નવ આણ્યા...મારા
બ્રહ્માનંદ કહે કુબજા સગાથે, મનગમતા સુખ માણ્યાં...મારા

તમે જ્યારે કીર્તન ગાશો, ત્યારે તમારી સમક્ષ હું પ્રગટ થઈશ

મહારાજ આ કીર્તન સાંભળી હસ્યા. પછી બોલ્યા : ''આ તો તમે આગળની રીત ગાઈ. અમે તો તેથી જુદા છીએ અને એવાં ચરિત્રો પણ અમે કર્યાં નથી.''

સ્વામી મહારાજના આ શબ્દો સાંભળી જાગ્રત થઈ ગયા ! મહારાજના આ શબ્દોમાં પોતાના સ્વરૂપના જ્ઞાનની ફોરમ હતી. પરંતુ બ્રહ્માનંદ સ્વામી પાસે આ શબ્દોનો ઉત્તર હતો. તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! ભગવાનપણાનું બિરુદ જ એવું છે કે ભક્તનું બધું જ હરી લે, એટલે કોને વિશ્વાસ આવે ? નામ પ્રમાણે ગુણ બતાવ્યા છે. બળિરાજાને છળ્યા, વાલીને માર્યો, કર્ણનો પણ એ જ રીતે વધ કરાવ્યો.''

''પણ એ તો અમારાં વિભૂતિ સ્વરૂપો હતાં. તમને એમાં અમારા સ્વરૂપનો ભાસ કઈ રીતે થયો ?''

આનો ઉત્તર પણ સ્વામી પાસે તૈયાર જ હતો. તેમણે તરત જ કહ્યું : ''ભલે વિભૂતિ સ્વરૂપો હોય, પરંતુ આપની ઇચ્છાથી જ તેમણે આવાં બધાં કામો કર્યાં છે કે નહીં ?''

હવે મહારાજ મુઝાયા. તેમણે કહ્યું : ''સ્વામી ! તમે ખરું કહો છો, અમારું કામ ભક્તોનું સર્વસ્વ હરી લેવાનું છે અને પછી તેમના અંતરમાં હરિ પ્રગટાવવાનું છે. અમે ભક્તોને મીઠા શબ્દોથી આશીર્વાદ આપીએ, પ્રેમથી બોલાવીએ, તોપણ તેમનું મનગમતું કામ ન થાય એટલે અમારો વિશ્વાસ તેમને આવે નહીં.''

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! એ સાચું, પરંતુ આપ હરિ આપો છો એ જ અમારે મન મોટી મૂડી છે, મોટી કમાણી છે. એવા તમારા જાદુ જાણીને જ મેં આ કીર્તન આજે રચ્યું છે.''

મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા અને કહ્યું : ''સ્વામી ! તમે જ્યારે જ્યારે કીર્તન ગાશો, ત્યારે હું તમારી સમક્ષ પ્રગટ થઈશ.''

મહારાજ ગંગામાને ત્યાં જમ્યા ને પછી આસજીભાઈને ઘેર પધાર્યા. ત્યાં

તેમના ચોકમાં પંક્તિ કરાવી મહારાજે સંતો, હરિભક્તોને લાડુ સારી રીતે પીરસ્યા. બ્રહ્માનંદ સ્વામીને બે લાડુ વધુ પીરસીને કહ્યું : "સ્વામી ! જાહેરમાં અમારી ફજેતી કરશો નહીં !"

મહારાજ પછી તેમના ભવનમાં આરામ કરવા પધાર્યા.

સાંજે ત્યાં ફૂલબાગમાં પધાર્યા. આ બાગમાં દાડમ, કેળાં, જામફળ વગેરે ફળો ઘણાં થતાં. મહારાજ જ્યારે જ્યારે જેતલપુર પધારતા, ત્યારે આ બાગના ફળ જમતા. બોરસલ્લીના ઝાડ નીચે બિરાજતા અને ફૂલના હાર પહેરતા. બ્રહ્માનંદ સ્વામીએ તે પ્રસંગનાં પણ કીર્તનો બનાવ્યાં છે :

'હરિ બૈઠે બોરસલી કી છૈયા...'

સંતોની પ્રસન્નતામાં અમારી પ્રસન્નતા છે

જેતલપુરમાં રાત રહી મહારાજ વહેલી સવારે ત્યાંથી નીકળી ગયા. કનીજ ગામના હરિભક્તોને દર્શન દઈ મહેમદાવાદ પાસેની નદીમાં સ્નાન કર્યું. પછી અશ્વ ઉપર બિરાજ્યા અને હરિભક્તોનો સંઘ આવ્યો હતો તેમની સાથે પુરમાં પધાર્યા. પીપળાની સઘન છાયા નીચે પલંગ બિછાવ્યો હતો. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. થોડી વાત કરી એટલામાં રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ દુર્લભરામને ઘેર પધાર્યા. સંતોને આજ્ઞા કરી કે "સૌએ કૂવામાંથી પાણી સીંચી, પોતાના તુંબડા ભરી, દુર્લભરામને ઘેર જમવા માટે આવવું."

અહીં સુવાસિની ભાભી તથા વરિયાળીબાઈએ મહારાજ માટે રસોઈ તૈયાર કરી હતી. મહારાજ તે જમ્યા. પછી પંક્તિ કરાવી સૌને લાડુ પીરસ્યા. મહારાજને સંતો તથા હરિભક્તોને જાતે પીરસીને જમાડવામાં બહુ આનંદ આવતો. મહારાજ કહેતા : "આવા સંતો-ભક્તોની સેવા ક્યાંથી મળે ? પળે પળે અમારા વચન ઉપર તેમણે તેમનું જીવન ન્યોછાવર કરી દીધું છે. મનના, ઇંદ્રિયોના બધા જ ભાવોને કચડી નાંખી, દેહને પણ તપ કરી દુર્બળ કરી દીધું છે. સત્સંગના તેઓ આધારભૂત સ્તંભ છે. તેમના દ્વારા જ સત્સંગ વિસ્તરશે. એટલે તેમની પ્રસન્નતામાં અમારું અંતર સદા પ્રસન્ન રહે છે."

મહેમદાવાદથી મહારાજ ડભાણ પધાર્યા. અહીં મહારાજને સમાચાર મળ્યા કે અંગ્રેજના વડા પાદરી આજુબાજુના પ્રદેશમાં ફરે છે. તેથી તે ધર્મના વડાને મળવાની મહારાજને ઇચ્છા થઈ. તેમણે પોતાના પાંચ પાર્ષદો અને મિયાંજીને પ્રસાદ તથા પુષ્પહાર લઈને તેમને મળવા જવા આજ્ઞા કરી. પછી કહ્યું :

"જો પાદરીની ઇચ્છા થાય, તો કાલે બપોરે નડિયાદમાં મુલાકાત ગોઠવજો."

બિશપ હેબર સાથે મુલાકાત

રેજીનાલ્ડ બિશપ હેબર[૩૯] ઇંગ્લૅન્ડના ચર્ચના પ્રતિનિધિ તરીકે કલકત્તામાં મુખ્ય બિશપ તરીકે નીમાઈને હિંદુસ્તાનમાં આવ્યા હતા. તેઓ ભારતના પ્રવાસે નીકળ્યા હતા. તેમની મુરાદ તો ભારતમાં ખ્રિસ્તી ધર્મનું કેવું અને કેટલું પ્રસારણ થઈ શકશે તેનો ક્યાસ કાઢવાની હતી. તે દરમ્યાન તેઓ વડોદરામાં આવ્યા ત્યારે ત્યાંના રેસિડેન્ટ મિ. વિલિયમ્સનને મળ્યા. મિ. વિલિયમ્સને સમગ્ર ગુજરાતમાં સ્વામિનારાયણે કરેલાં કાર્યોની તેમને ઝાંખી કરાવી : "ચારિત્ર્યશીલ અને બ્રહ્મચર્યવ્રતધારી આ પુરુષ ઘણા જ વિદ્વાન છે. તેમના ઉપદેશમાં ચારિત્ર્ય-શુદ્ધિ, બ્રહ્મચર્યવ્રત અને સ્ત્રી-સન્માનની ભાવનાને સદા પોષણ મળે છે. ચોરી, હિંસા વગેરે દોષો તેમણે સમાજમાંથી નાબૂદ કર્યા છે. લોકોને પ્રભુ સન્મુખ કરી પવિત્ર જીવન જીવતા કર્યા છે. તેમનામાં એક એવી શક્તિ છે કે જેથી સમગ્ર ગુજરાત પ્રદેશ જે અરાજકતાની અને અધર્મની આંધીમાં ફસાયો હતો, તેમાંથી તેમણે તેને મુક્ત કર્યો છે. ધર્મ, નીતિ અને પવિત્રતા પ્રસાર્યા છે. શાંતિ સ્થાપી છે અને માનવ માનવમાં ભેદભાવની ભાવના ટાળી માનવતાનાં મૂલ્યો વધાર્યાં છે. તેમની દૃષ્ટિમાં કોઈ ઊંચ કે નીચ નથી. પરમાત્મા એક જ છે તે સત્યનું તેમણે પ્રવર્તન કર્યું છે અને તેમના રક્ષણની ઢાલ આપી તેમના સૌ આશ્રિતોને નિર્ભય કર્યા છે."

મિ. વિલિયમ્સન દ્વારા મળેલો ભગવાન સ્વામિનારાયણના કાર્ય વિશેનો આ અહેવાલ બિશપ હેબર શાંતિથી સાંભળી રહ્યા. તેમને આ પુરુષને મળવાની ઇચ્છા થઈ. તેમની પાછળ તેની ભાવના તો એવી હતી કે જો સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરી દઈએ તો આખા ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મ આપોઆપ પ્રસરી જાય.

નડિયાદની નજીકમાં તેમનો મુકામ હતો. તે વખતે તેમના તંબુમાં મહારાજે મોકલાવેલ પાર્ષદો અને મિયાંજી આવ્યા. હેબરને મહારાજે મોકલાવેલ પુષ્પનો હાર પહેરાવ્યો અને પ્રસાદ આપ્યો. પછી કહ્યું : "ભગવાન સ્વામિ-નારાયણે તમને શુભેચ્છા પાઠવી છે."

ભગવાન સ્વામિનારાયણનું નામ સાંભળતા હેબરને આનંદ થયો. તેને

---

૩૯. રાઈટરેવરન્ડ રેજીનાલ્ડ હેબર. ડી. ડી. લોર્ડ બિશપ ઓફ કલકત્તા.

પણ મહારાજને મળવાની તીવ્ર જિજ્ઞાસા હતી. તેમણે આ પાર્ષદોને જોયા. બધા જ હિંદુ હતા. સાથે એક મુસલમાન પણ જોયો. એટલે તેમણે પૂછ્યું : "તમો બધા સ્વામિનારાયણના શિષ્યો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, અમે બધા જ તેમના શિષ્યો છીએ. ભગવાન સ્વામિનારાયણે હિંદુ અને મુસલમાન એવા ભેદ સ્વીકાર્યા નથી. સૌને પોતાના આશ્રિત બનાવ્યા છે."

આ પછી થોડીક ઔપચારિક વાતો બાદ બિશપે સ્વામિનારાયણને સલામ કહેવરાવી અને બીજે દિવસે નડિયાદમાં બપોરે અગિયાર વાગે મળવાનું નક્કી કર્યું. પાર્ષદો ત્યાંથી નીકળી ગયા.

બીજે દિવસે[૪૦] મહારાજ બરાબર અગિયાર વાગે બિશપના મુકામ ઉપર આવ્યા. તેમની સાથે લગભગ બસો શસ્ત્રધારી કાઠી અસવારો હતા. કેટલાકે તો લોખંડના બખતર પહેર્યા હતા. કેટલાકે ભાલા પણ રાખ્યા હતા. એ ઉપરાંત, બીજા કાઠી ભક્તો પણ તીર-કામઠાં અને તલવારોથી સજ્જ બની સાથે આવ્યા હતા. આ બધા શસ્ત્રધારી પાર્ષદોમાં મુખ્ય જે હતા તે નાના રજવાડાના ઠાકોર હોય તેવું જણાતું હતું. તેમનું કદાવર શરીર અને માથે મોટી પાઘડી તેમની ભવ્યતા દર્શાવતા હતા. તે અંદર આવ્યા અને બિશપને સલામ કરી. ભારતીય રીત પ્રમાણે ભેટ્યા. પછી તેમને કહ્યું : "ભગવાન સ્વામિનારાયણ આપને મળવા પધાર્યા છે." અને એટલું કહીને તે મહારાજને અંદર લઈ આવ્યા.

મધ્યમ કદના, સહેજ પાતળા અને સાદા દેખાતા આ પુરુષ તેમના ચહેરા ઉપરના ભાવથી તેમના સાચા સ્વરૂપમાં ન કળી શકાય એવા બિશપને લાગ્યા. બિશપે પોતાની સામેની હાથીદાંતની મઢેલી ખુરશીમાં મહારાજને હાથ પકડી બેસાર્યા. થોડા પાર્ષદો અંદર આવી નીચે બેસી ગયા. બીજા બધા બહાર શાંતિથી ઊભા રહ્યા. અંદર શું વાતો થાય છે તે કુતૂહલથી એકબીજાના શરીર સાથે શરીર ટેકવી શાંતિથી સાંભળવાનો તે સૌ પ્રયત્ન કરતા હતા.

બિશપે તથા મહારાજે એકબીજાના કુશળ પૂછ્યા. પછી ઔપચારિક વાતો થઈ. ત્યારબાદ બિશપે કહ્યું : "સત્ય અને નીતિના સિદ્ધાંતો પ્રવર્તાવી ગુજરાતની પ્રજાને તમે સુખી કરી છે. ગરીબોનો ઉદ્ધાર કર્યો છે. આપને વિશે આવી ઘણી વાતો મેં સાંભળી હતી, તેથી આપને મળવાની ખૂબ ઇચ્છા હતી."

એટલું કહીને તેમણે કહ્યું : "મારું હિંદુસ્તાની ભાષાનું જ્ઞાન અધૂરું છે.

---

૪૦. તા. ૨૬-૩-૧૮૨૫; આ.સં. ૧૮૮૧, ચૈત્ર સુદ સાતમ, રવિવાર.

તેથી હિંદીભાષા જાણનાર દુભાષિયો તમારી વાતો મને સમજાવશે તો તમારા સિદ્ધાંતો જાણવા હું આતુર છું. આપની સાથે લંબાણથી વાત કરવાની મારી ઈચ્છા છે. તેથી જો આપ ખેડા આવો, તો ત્યાં આપને માટે જુદો તંબુ તૈયાર કરાવીને આપને રહેવાની સગવડ કરી આપું.''

બિશપના આ આમંત્રણમાં તેમને મહારાજને નાગરીલિપીમાં લખાયેલ બાઈબલ આપવાની ઈચ્છા હતી. તેની પ્રત અત્યારે તેમની પાસે ન હતી. તે ઉપરાંત તેમને, ભગવાન સ્વામિનારાયણને મુંબઈ પણ સાથે લઈ જવા વિચાર હતો અને ત્યાં ચર્ચની મિશનરી સોસાયટીનું આજુબાજુના પ્રદેશમાં થતું કામ દેખાડવાની પણ ઈચ્છા હતી. પરંતુ મહારાજે કહ્યું કે ''તેમનું જીવન અખંડ વિચરણમાં જ વીતે છે. વળી, બાજુનાં જ ગામમાં જ્યાં તેઓ જવાના છે ત્યાં લગભગ પાંચ હજાર હરિભક્તો તેમની રાહ જુએ છે. એ ઉપરાંત, ગુજરાતનાં જુદાં જુદાં ગામડાંઓમાં પચાસ હજાર ભક્તો તેમની રાહ જોઈ રહ્યા છે. તેમાંના ઘણાખરા હરિભક્તો તેમના ભત્રીજાને વરતાલમાં જનોઈ દેવાની હોઈ તે સમયે ત્યાં આવશે, એટલે હાલ તો તેમનું આમંત્રણ સ્વીકારી શકાય તેમ નથી. પરંતુ ફરી કોઈ વખતે એવી અનુકૂળતા આવશે તો જરૂર મળવાનું ગોઠવીશું.''

પછી મહારાજ અને બિશપ વચ્ચે જે વાતો થઈ તેમાં બિશપને મહારાજને જીસસ ક્રાઈસ્ટનું સ્વરૂપ સમજાવવાનો આગ્રહ હતો. તે પરમાત્માના પુત્ર હતા અને પરમાત્મા તેમાં વાસ કરીને રહ્યા હતા. મહારાજે પોતે પરમાત્મા સંબંધી અને ઉપાસના સંબંધી જે વાત કરી તે બિશપ યથાર્થ સમજી શક્યા ન હતા.[૪૧]

આ સંવાદ પછી તેમણે મહારાજને પાન આપ્યું અને તેમના હાથ ઉપર અને વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. મહારાજે તેમના નાનકડા પુસ્તકમાં પોતાના હસ્તાક્ષર કરી આપ્યા અને બિશપે પણ હસ્તાક્ષર આપ્યા. ત્યારબાદ ''ભગવાનની

---

૪૧. બિશપ હેબરે આ પ્રસંગ સંબંધી જે હેવાલ (તેના 'નેરેટીવ ઑફ એ જર્ની ટુ ધી અપર પ્રોવિન્સીસ ઑફ ઇન્ડિયા'ના બીજા ભાગના પાના નં. ૧૪૩ થી ૧૫૩ સુધી) લખ્યો છે તે વાંચતા જ માલૂમ પડી આવે છે કે કાં તો એ સંવાદ કલ્પનાથી ઉપજાવી કાઢ્યો છે. કિંવા એમનું હિંદી ભાષાનું જ્ઞાન બહુ જ અધૂરું હશે અને સહજાનંદ સ્વામીના ઉત્તર સમજી જ શકતો નહીં હોય, કારણ કે જે ઉત્તરોનું તે સહજાનંદ સ્વામીને વિશે આરોપણ કરે છે તે હિંદુ ધર્મ વિશેનો કિંચિજ્જ્ઞ પણ ન આપે. મને લાગે છે કે બિશપ હેબરે પોતાના અહેવાલમાં ઘણું અસત્ય ઉમેર્યું છે.

– સહજાનંદ સ્વામી; લેખક : કિ. ઘ. મશરૂવાળા, પા. ૮૯.

ઇચ્છા હશે તો ફરી મળીશું" એવા શબ્દો કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા.

વરતાલમાં હરિનવમીનો ઉત્સવ : આ.સં. ૧૮૮૧

મહારાજ સાંજે વરતાલ પહોંચી ગયા. અહીં હરિનવમીનો ઉત્સવ ઉજવવાનો હતો તેમજ મહારાજના ભત્રીજા સીતારામને જનોઈ દેવાની હતી. તેથી ઘણા હરિભક્તો આવી ગયા હતા. મહારાજ વાસણ સુથારને ઘેર પોતાના ઉતારે પધાર્યા. સં. ૧૮૭૨ પછી મહારાજ ઘણું ખરું વાસણ સુથારને ઘેર જ ઊતરતા. તેની મેડી મહારાજના નિવાસથી પ્રસાદીભૂત થઈ અક્ષરધામ તુલ્ય બની ગઈ હતી. તેના ભવનની આગળ વિશાળ પ્રાંગણમાં નિંબતરુ હતું. મહારાજને આ વૃક્ષ બહુ ગમતું અને તેથી તેની છાયા નીચે મહારાજ બિરાજતા અને કથાવાર્તાનો સૌને લાભ આપતા. કેટલીક વખત મહારાજ લક્ષ્મીનારાયણના મંદિરમાં પણ સભા કરતા.[૪૨]

મહારાજ પધાર્યા એટલે નિત્ય નવીન રસોઈ હરિભક્તો આપતા. સંતોનાં મંડળો આવ્યાં. મહારાજ સંતોને જોઈ બહુ જ પ્રસન્ન થતા. તેમને ભેટતા. દષ્ટિ દ્વારે પણ સુખ આપતા. છાતીમાં ચરણારવિંદ આપતા. માથે હાથ મૂકતા. આમ, અનેક પ્રકારે સતોને મહારાજ લાડ લડાવતા.

હરિજયંતીને દિવસે બપોરે બાર વાગે રામચંદ્રજીનો જન્મોત્સવ વિધિપૂર્વક કર્યો. રાત્રે મહારાજનો જન્મોત્સવ ઉજવવાનો હતો. તેથી સંતો એ અંગેની તૈયારીમાં પડ્યા. મંદિરના વિશાળ પ્રાંગણમાં સુંદર મંડપ બાંધ્યો. આસોપાલવ તથા આંબાનાં પાનથી તે શણગાર્યો. અંદર ઝુમ્મરો, હાંડીઓ વગેરે ગોઠવી દીધા. કેળના સ્તંભના દરવાજા કર્યા. પુષ્પોની મહેકથી મંડપને સુગંધિત બનાવ્યો. શ્રીહરિ માટે પાટ ગોઠવી. બાજુમાં જ શ્રીહરિના બાલસ્વરૂપને ઝુલાવવા માટે સુવર્ણનું પારણું ગોઠવ્યું.

ભગવાન તો અજન્મા છે, ગમે ત્યારે પ્રગટ થાય છે

સંધ્યા આરતી બાદ મહારાજ મંડપમાં પધાર્યા ત્યારે સંતો, હરિભક્તોની

---

૪૨. સદ્‌ગુરુઓ તરફથી એવું જાણવા મળે છે કે મધ્ય સિંહાસનમાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓની બાજુમાં જગ્યા ખાલી હતી. મહારાજ આ જગ્યાએ બિરાજતા અને કથાવાર્તા કરતા. મહારાજ જે જગ્યાએ બેસતા ત્યાં સં. ૧૮૮૬માં શ્રી રણછોડરાયજીની મૂર્તિની પ્રતિષ્ઠા આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે કરી હતી. – લેખક

મેદનીથી મંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. સંતોએ જન્મોત્સવનાં કીર્તનો ગાયાં. મહારાજે પછી પરમાત્માના પ્રાગટ્યની વાત કરતાં કહ્યું : "ભગવાન તો અજન્મા છે. માતા-પિતા થકી તેમનો જન્મ થયો છે તે તો કથનમાત્ર સમજવું. તે તો સ્વતંત્ર છે. ગમે ત્યાં, ગમે તે દ્વારે પ્રગટ થઈ શકે છે. તે જ પ્રકારે અમારું પરમધામ અક્ષરબ્રહ્મ પણ અનાદિ છે, અજન્મા છે. અમારી ભેળા તે સદા હોય છે, પણ જ્ઞાનદૃષ્ટિવાળાને તે સમજાય છે."

જન્મોત્સવની આરતીનો સમય થયો એટલે સંતોએ મહારાજના બાળસ્વરૂપને ષોડશોપચારે સ્નાન કરાવ્યું. પછી સ્વચ્છ જળથી સ્નાન કરાવ્યું. સુંદર વસ્ત્રો પહેરાવ્યાં. પૂજન કરી પારણામાં પધરાવ્યા. આ બધી ક્રિયા જોઈ મહારાજ મદમદ હસતા હતા. તેમણે એકાએક સંતોને કહ્યું : "આ મૂર્તિમાં તમને કેવો દિવ્યભાવ છે ? મનુષ્ય સ્વરૂપમાં આવો દિવ્યભાવ અખંડ રહે તો દુઃખે કરીને પણ ન તરી શકાય એવી માયાને તરી પરમપદને પામી જવાય."

સંતો મહારાજનાં આ મર્મવચનો સમજી ગયા.

મહારાજે પોતાના બાળસ્વરૂપની આરતી ઉતારી. જયઘોષ થયો. પછી મહારાજે કહ્યું : "આવા દિવ્ય ઉત્સવો સંભારી રાખવા, અંતરમાં તેની સ્મૃતિ અખંડ રાખવી તો જગતના સંકલ્પો ઓછા થઈ જશે."

મોડી રાત્રે મહારાજ પોઢવા પધાર્યા.

બીજે દિવસે દશમી હતી. આજે સીતારામને જનોઈ દેવાનું મુહૂર્ત હતું. સાથે સાથે શ્રીહરિના સંબંધી પરાગ તથા દ્વારકાદાસને તથા ગોવિંદરામના પુત્રને પણ જનોઈ દેવાનું નક્કી કર્યું હતું. મહારાજે વિદ્વાન બ્રાહ્મણ પાસે વિધિ કરાવી. પોતે જ બટુકોનું પૂજન કરી દરેકને જનોઈ અર્પણ કરી. સૌને લાગ્યું કે બટુકોને સાચું દ્વિજત્વ આજે પ્રાપ્ત થયું છે. બાકી તો વિદ્વાન બ્રાહ્મણના વચનથી 'બાઢમ્' 'બાઢમ્' એમ યંત્રવત્ બોલી જનાર બ્રાહ્મણ બાળક એ શબ્દોનું રહસ્ય ભૂલી જાય છે અને બ્રાહ્મણત્વના સંસ્કારો ખોઈ બેસે છે.

ગોમતીના સ્થાપનની તૈયારી

તે જ દિવસે મહારાજે ધારૂ તળાવડીને ગોમતીનું નામ આપી, તેને ખોદી વિશાળ બનાવવાની યોજના કરી. મહારાજ સ્વયં આંબાવાડિયામાં પલંગ ઉપર બિરાજતા અને સંતો તળાવ ખોદવાનું કામ કરતા. સંતોને મહારાજ પ્રત્યે ભક્તિ હતી, તેથી મહારાજની આજ્ઞાથી જે સેવા તેમને મળતી તેમાં તેમને મહારાજની

ભક્તિ કર્યાનો જ ભાવ રહેતો.

ગોમતી તળાવ ગળાવવાની શરૂઆત કરી ત્યારે ઈચ્છારામભાઈના પુત્ર ગોપાળજીને સંકલ્પ થયો કે જ્યાં ગોમતીજી હોય ત્યાં રણછોડજી પણ હોવા જોઈએ. રણછોડજીની મૂર્તિ શ્યામ છે. જ્યારે અહીં લક્ષ્મીનારાયણની શ્વેત મૂર્તિઓ છે. તેમનો આ સંકલ્પ જાણી મહારાજે તેમને કહ્યું : "તમારો સંકલ્પ છે તેથી અહીં રણછોડજીની મૂર્તિની પણ સ્થાપના થશે."

અમારા ગામમાં વેદાંતીઓનું બહુ જોર છે

પૂનમના ઉત્સવ ઉપર હરિભક્તો આવ્યા. નડિયાદથી મોહનરામ તથા તેમના ભાઈ ગંગારામ લક્ષ્મીનારાયણ દેવ માટે જરીના પોષાક તૈયાર કરાવીને આવ્યા. વડોદરા અને અમદાવાદથી પણ ભક્તો મહારાજ માટે તથા દેવ માટે પોષાક તથા આભૂષણો લાવ્યા. મહારાજ તેમની ભક્તિથી પ્રસન્ન થયા. પૂનમનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

મહારાજ થાળ જમીને હરિભક્તોની પંક્તિમાં પીરસવા પધાર્યા. પીરસતાં પીરસતાં તેમણે મહેમદાવાદના હરિભક્તોને જોયા. તેમને કહ્યું : "તમે તો અમને મળ્યા જ નહીં. ક્યારે આવ્યા હતા ?"

તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ દયા રાખી આટલી સંભાળ રાખો છો તે જ અમારાં અહોભાગ્ય છે. અમે સવારના જ આવ્યા છીએ. પરંતુ બહુ ભીડ હતી તેથી આપની પાસે આવી શક્યા નહીં." મહારાજ તેમની સરળતા જોઈ પ્રસન્ન થયા. પછી તેમણે કહ્યું : "મહારાજ ! આપને મળવું છે."

મહારાજે કહ્યું : "જમ્યા પછી ઉતારે આવજો."

સૌ જમી રહ્યા એટલે મહારાજ ઉતારે પધાર્યા. અહીં મહેમદાવાદના હરિભક્તો આવીને બેઠા હતા. મહારાજ તેમને જોઈ હસ્યા. પછી કહ્યું : "આટલી વારમાં આવી ગયા ?" તેમણે હાથ જોડ્યા. એટલે મહારાજે કહ્યું : "બોલો, શું વાત કરવી છે ?"

એટલે આ હરિભક્તોએ મહારાજને કહ્યું "પ્રભુ ! અમારા મહેમદાવાદમાં વેદાંતીઓનું બહુ જોર છે. अहं ब्रह्मास्मि કહીને બધાને ભરમાવે છે. એટલે કોઈ વિદ્વાન સંતને મોકલો તો આ દંભી વેદાંતીઓનો પરાજય થાય અને અમારે ત્યાં સત્સંગની વૃદ્ધિ થાય."

તેમની વાત સાંભળી રહ્યા પછી મહારાજે કહ્યું : "કાલે તમે સંજાયા

આવજો."

હરિભક્તોને આનંદ થયો. એક દિવસ વધુ રહેવાનું મળ્યું.

મંડળમાં સાધુ તો સો રાખીએ, બસો રાખીએ, ત્રણસો રાખીએ

બીજે દિવસે મહારાજ થોડા સંતો, હરિભક્તો, પાર્ષદોને લઈ સંજાયા પધાર્યા. અહીં આવી સભામાં બિરાજ્યા. તે સમયે સંતવૃંદમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. તેમને મહારાજે બોલાવ્યા. તેઓ તરત જ આવ્યા અને હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! શી આજ્ઞા છે ?"

મહારાજ તેમની સામું જોઈ રહ્યા. પછી કહ્યું : "હવે મંડળ બાંધો."

એટલે સ્વામીએ સરળતાથી કહ્યું : "મહારાજ ! મારાથી મંડળ નહીં ચલાવાય."

એટલે મહારાજે કહ્યું : "મંડળમાં સાધુ તો પાંચ રાખીએ, દસ રાખીએ, પણ મંડળ બાંધો."

પરંતુ સ્વામીને મંડળધારીની મોટપ ખપતી ન હતી. તેમણે ફરી કહ્યું : "મહારાજ ! હું મંડળ ચલાવી શકું એવી આવડત મારામાં નથી."

ત્યારે મહારાજે કહ્યું : "મંડળમાં સાધુ તો સો રાખીએ, બસો રાખીએ, ત્રણસો રાખીએ."

સ્વામી સમજી ગયા કે મહારાજની ઇચ્છા છે. તેથી જો હવે ના કહીશું તો મંડળમાં સાધુ વધારશે. એટલે તરત જ કહ્યું : "ભલે મહારાજ ! જેવી આપની આજ્ઞા." મહારાજ આ સાંભળી હસ્યા.

એટલામાં મહેમદાવાદના હરિભક્તો મહારાજ પાસે આવ્યા. તેમને જોઈ મહારાજે તેમને કહ્યું : "આ ભાદરાવાળા નિર્ગુણાનંદને તમે લઈ જાવ. તેઓ વેદાંતીઓનો પરાજય કરશે." સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું ! પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે ગયા સિવાય છૂટકો ન હતો. સ્વામી મહેમદાવાદના હરિભક્તો સાથે મહેમદાવાદ પધાર્યા.[૪૩]

---

૪૩. સ્વામી મહેમદાવાદના હરિભક્તો સાથે મહેમદાવાદ પધાર્યા અને ત્યાં મંદિરમાં ઉતારો કર્યો. વેદાંતીઓને સમાચાર મળી ગયા કે સ્વામિનારાયણના સાધુ શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે. એટલે બીજે દિવસે તે બધા ટીખળ કરતાં મંદિરમાં આવ્યા. તે વખતે સ્વામી સભામાં વાતો કરતા હતા. વેદાંતી બ્રાહ્મણો આવ્યા તેમનું તેમણે સન્માન કર્યું અને આસન આપ્યાં. ➤

મહારાજ થોડા દિવસ વરતાલ રહ્યા. પછી ત્યાંથી નીકળી તારાપુર, મોરજ, મોટીબોરુ, ભોળાદ, કમિયાળા, ખરડ, ઝીંઝર, ભીમનાથ, પોલારપુર અને કુંડળ થઈને ગઢપુર પધાર્યા. હરિભક્તો મહારાજ સન્મુખ આવ્યા. સૂર્યાસ્ત થતાં મહારાજ દાદાખાચરના દરબારમાં પધાર્યા.

આ નારાયણ ધરો પ્રાસાદિક છે

મહારાજે અહીં નૃસિંહ જયંતી તથા કૂર્મ જયંતીના ઉત્સવો કર્યા. મહારાજ પધાર્યા એટલે હરિભક્તોનો પ્રવાહ આવવો શરૂ થઈ ગયો. મહારાજ નિત્ય

બ્રાહ્મણોએ સ્વામીની મુખમુદ્રા જોઈ. બ્રહ્મના પ્રકાશથી પ્રકાશિત સ્વામીનું મુખારવિંદ નીરખીને જ તેમનો અહંકાર ગળી ગયો. ગાત્ર ઢીલાં થઈ ગયાં. તેઓ કંઈ બોલે તે પહેલાં સ્વામીએ જ વાતની શરૂઆત કરતાં કહ્યું : ''આજકાલ વિદ્વાનોમાત્ર શબ્દના જ્ઞાનથી જ 'अहं ब्रह्मास्मि' એમ બોલે છે. પરંતુ તેમને નથી બ્રહ્મભાવની ખબર કે નથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ! શુકદેવજીને જો સાચી બ્રહ્મસ્થિતિ હતી, તો તેમને સ્ત્રી અને પુરુષના સ્વરૂપનું જ્ઞાન જ ન હતું. તેમના પિતાએ તેમને બોલાવ્યા ત્યારે વૃક્ષમાં પ્રવેશ કરીને તેમણે જવાબ આપ્યો. બ્રહ્મનો સ્વભાવ જ એવો છે કે કાષ્ઠ અગર પાષાણ જેવી જડ વસ્તુમાં પ્રવેશ કરે તો તે પણ હાલે-ચાલે એવી થઈ જાય. જો તમે ખરેખર બ્રહ્મ હો તો આ થાંભલામાં પ્રવેશ કરો, નહીં તો અમે પ્રવેશ કરીને થાંભલાને હલાવીએ.''

સ્વામીની આ વાત સાંભળી મિથ્યાજ્ઞાની બ્રાહ્મણો મુઝાયા. એટલામાં સ્વામીએ કહ્યું : ''શુકદેવજી કે જડભરત કોઈને કહેવા ગયા ન હતા કે 'હું બ્રહ્મ છું.' પણ જગતે તેમને એવા જાણી લીધા હતા. માટે આવા મિથ્યા જ્ઞાનનો ડોળ છોડી અત્યારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ થયા છે. તો તેમનો આશ્રય કરશો તો તમે સાચા બ્રહ્મસ્વરૂપ થઈ જશો. જગતની વાસના ટળી જશે અને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મની સ્થિતિ પામશો.'' એટલું સ્વામીએ કહ્યું ત્યાં તો તેમના શરીરમાંથી તેજનો શીતળ પ્રવાહ નીકળ્યો અને સર્વત્ર વ્યાપી ગયો. જાણે ધરતીકંપનો આંચકો લાગ્યો હોય તેમ તે મકાન હાલવા લાગ્યું. આથી વેદાંતીઓ ગભરાયા. સ્વામીએ કહ્યું : ''તમે બીશો નહીં. મકાન પડશે નહીં. પણ તમે બધા જો બ્રહ્મ હો તો આ મકાન સ્થિર કરી દ્યો.''

બીચારા પંડિતો ! એવું તો કેમ કરી શકે ? પરંતુ સ્વામીએ તેમની લાચારી જોઈ તે પ્રકાશ પાછો પોતાના દેહમાં સંકેલી લીધો. વેદાંતીઓ સ્વામીનાં ચરણમાં પડી ગયા. વર્તમાન ધરાવી સત્સંગી થયા. આ પ્રસંગ પછી મહેમદાવાદમાં સત્સંગ વધવા લાગ્યો.

સૌની સાથે ખળખળિયે નહાવા પધારતા. કોઈક વાર નારાયણ ધરે પણ નહાવા પધારતા. મહારાજ કહેતા કે "અમે જ્યારથી ગઢપુર આવ્યા છીએ, ત્યારથી આ નારાયણ ધરામાં અમે ઘણાં વર્ષો સુધી સ્નાન કર્યું છે. કેટલીક વાર તે ધરાની પશ્ચિમે ખળખળિયામાં પણ સ્નાન કર્યું છે. તેથી આ પ્રસાદી સ્થાનોનું ઘણું જ માહાત્મ્ય છે. જે જે જીવ આ પ્રસાદી સ્થાનોમાં સ્નાન કરશે તેને જમપુરીનું દુઃખ આળસી જશે."

એક વખત ખળખળિયામાં મહારાજ સ્નાન કરવા બેઠા ત્યારે મહારાજે તેમની સાથે સ્નાન કરતા સંતો, હરિભક્તોને કહ્યું : "આ સત્સંગનો મહાન પ્રતાપ છે. આ સમયમાં તમારા જેવા કોઈ ભાગ્યશાળી નથી. ગોલોક, વૈકુંઠ અને અક્ષરના મુક્તો પણ તમારી પ્રશંસા કરે છે. અમે પણ નેત્ર મીંચીને ધામમાં જઈએ છીએ ત્યારે ત્યાં તમને સૌને અત્યંત તેજોમય સ્વરૂપે દેખીએ છીએ. આ સત્સંગ એ જ ભાગવત ધર્મ ! આ ધર્મના પાલનથી જ મુમુક્ષુને મુક્તિ મળે છે."

આ વખતે મહારાજ ઘણુ ખરુ નારાયણ ધરામાં સ્નાન કરવા પધારતા. નાહીને પાછા ફરતા ત્યારે મહારાજ પોતે ગાડી હાંકતા. રસ્તો ખાડાવાળો કે પથરાળ ન હોય તો મહારાજ ગાડી ઝડપથી હંકારતા. મહારાજની આ લીલાનાં દર્શન કરવા જીવાખાચર રોજ મહારાજની સન્મુખ આવતા. મહારાજ તેમને કહેતા : "રોજ તમારે આટલે દૂર સુધી ન આવવું."

ત્યારે જીવાખાચર હાથ જોડીને કહેતાં : "મહારાજ ! અશ્વ ઉપર તો આપનાં ઘણી વાર દર્શન કર્યાં છે, પરંતુ આ રીતે ગાડી ચલાવતાં આપનાં દર્શન કર્યાં ન હતાં. તેથી રોજ આ દિવ્ય દર્શનનો લાભ લેવાની તાણ રહે છે."



ઉદ્‌ગીથ ૬

ગઢપુરમાં મંદિરનો પ્રારંભ

(આ.સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૫)

મહારાજે સ્થાપેલ સંપ્રદાયમાં અમદાવાદ, ભુજ તથા વરતાલમા મહારાજના હસ્તે મંદિરો થઈ ગયાં. જ્યારે જ્યાં પોતાનું ઘર માની મહારાજ રહ્યા અને ગઢપુરને અક્ષરધામ તુલ્ય કહી તેનો મહિમા સમજાવ્યો, તે જ ગઢપુર સ્થાનમાં મંદિર થવાનાં કોઈ એંધાણ દેખાતાં ન હતાં. એટલે દાદાખાચર તથા જીવુબા, લાડુબા વગેરેને ખૂબ દુઃખ થયું.

દાદાખાચર મહારાજ પાસે આવ્યા અને પ્રણામ કરી મહારાજ સન્મુખ બેઠા. પછી હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપે બધે જ મંદિરો કર્યાં, પરંતુ જે સ્થાનમાં આપ આટલાં વરસો રહ્યાં ત્યાં જ મંદિર નહીં ?"

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "દાદા ! અહીં તો અમારું સર્વોપરી મંદિર થશે. તમે કાંઈ ચિંતા કરશો નહીં."

"પણ ક્યારે ?" દાદાખાચરે તરત જ પૂછ્યું.

"તમે જગ્યા બતાવો ત્યારે !" મહારાજે કહ્યું.

દાદાખાચરને વિચાર કરતા જોઈ મહારાજે પોતાની પાસે ભગુજી તથા રતનજી આદિ દસ પાર્ષદો હતા તેમને કહ્યું : "તમો સૌ તૈયાર થાવ, આપણે ઘેલાને કાંઠે જે ગઢ છે તે જોવા જવું છે. ત્યાં આપણે સર્વોપરી મંદિર કરવું છે !"

'દાદાખાચર આ સાંભળી એકદમ આનંદમાં આવી ગયા.

ગઢપુરમાં મંદિર માટે મહારાજ ગઢ જોવા પધારે છે

મહારાજ પાર્ષદોને તથા દાદાખાચરને લઈને જીવાખાચરના દરબાર આગળ થઈ ગઢ સોંસરા નીકળી ઘેલા નદી તરફ બારીએથી ઊતર્યા. તે બારીની ઊગમણી કોરે એક કોઠો છે ત્યાં પધાર્યા. પછી કોઠાની દક્ષિણાદિ તરફ ઊભા રહ્યા

અને બોલ્યા : "આ જગ્યા મંદિર માટે સર્વોપરી ગણાય. આ જગ્યાની બરોબર વચ્ચે મંદિર કરીએ તો સારું. કારણ ઘેલા નદી થડમાં છે એટલે સાધુને નહાવાનું ઠીક પડે ને તેનું પાણી પણ વાપરવાનું ઠીક પડે. અહીંથી આથમણી તરફ જે મસીદ છે ત્યાં સુધી ઉપલો ગઢ નીચે ઉતારીને ગઢ વચ્ચે અને મસીદ વચ્ચે જે વોંકળી છે તેમાં ધૂળ ભરી તે જમીન સરખી કરી, જીવાખાચરના દરબાર સુધી બધી જમીનમાં ધૂળ પૂરી સરખી કરી, તેને ફરતો ચારે તરફ ગઢ કરવો. તે ગઢનો એક દરવાજો જીવાખાચરની ડેલી પાસે મૂકવો. બીજો દરવાજો આ કોઠાની ઉત્તરાદિ તરફ કરવો. ત્રીજો દરવાજો નદીમાં જવા માટે આપણે ઊભા છીએ તે જગ્યા અને મસીદ બેની વચ્ચે કરવો. આ ત્રણ દરવાજા વચ્ચે મંદિર કરવું. આ જમીન ઊંચી છે, માટે મંદિર બહુ શોભાયમાન થશે અને બાંધણી ઊંચી અને સારી આવશે !"

એટલું કહીને મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બીજા પાસે દોરી લઈને જગ્યાની માપણી કરી અને જમીન ઉપર જ નકશો દોરી, પોતે જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે મંદિર ફરતા દરવાજા વગેરે દોરી દીધા.

અહીં મંદિર બહુ શોભાયમાન થશે

આ સાંભળી ભગુજીએ તથા રતનજીએ કહ્યું : "મહારાજ ! આ તો બહુ સારી જગ્યા છે અને મંદિર પણ સારું થશે."

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા અને ઉત્તરાદિ તરફ થઈ ઊગમણી કોર ઉપર ચાલ્યા. અહીં આવી જીવાખાચરની ડેલી પાસે હેઠા ઊતરીને ઊભા રહ્યા અને બોલ્યા : "આ ડેલીના થડમાં મંદિરનો દરવાજો આવશે, તેથી જગ્યાની ઘણી પખતાણ થશે. વળી, મંદિર માટેની જગ્યા ઊંચી છે અને આ જગ્યા નીચી છે, તેથી મંદિર બહુ જ શોભાયમાન થશે અને દરવાજો પણ સારો, સુશોભિત થશે એટલે દેખાવ સુંદર લાગશે."

આ પ્રમાણે જગ્યા જોઈ તે ઉપર ક્યાં મંદિર કરવું, જગ્યામાં ક્યાં ક્યાં પુરાણ કરવું, દરવાજા ક્યાં કરવા તે બધી જ સૂચના મહારાજે આપી દીધી. પછી મહારાજ પોતાની સાથે આવેલા પાર્ષદો, દાદાખાચર, મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતોની સાથે દાદાખાચરના દરબારમાં પધાર્યા.

આજે તો અમે અહીં મંદિર કરવાના મનસૂબા કર્યા

દરબારમાં આવી પગથિયાં પાસે મોજડી ઉતારી, ઢોલિયા ઉપર ઉત્તરાદે

મુખારવિંદે મહારાજ બિરાજમાન થયા. એટલામા જીવાખાચર આવ્યા. મહારાજને પગે લાગીને મહારાજની સામે બેઠા. એટલે મહારાજે તેમને કહ્યું : "બાપુ ! આજ તો અમે અહીં મંદિર કર્યાના મનસૂબા કર્યા."

તે સાંભળી જીવાખાચરે કહ્યું : "મહારાજ ! આપ ગઢ જોવા પધાર્યા હતા અને ત્યાં મંદિર કરવાનું નક્કી કર્યું તે મેં જાણ્યું, એટલે જ હું અહીં આવ્યો. ત્યાં મંદિર સારું થશે. વળી, દક્ષિણાદિ કોરે ઘેલો છે, એટલે સાધુને નહાવાનું તથા પાણી વાપરવાનું પણ સાનુકૂળ પડશે."

મહારાજ જીવાખાચરની મરજી જોઈ રાજી થયા. થોડી વારે જીવાખાચર મહારાજને પગે લાગીને ઊઠ્યા.

બીજે દિવસે મહારાજ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. સર્વે સંતો, પાર્ષદો અને હરિભક્તો મહારાજની સન્મુખ બેઠા હતા. તે વખતે બે ઘડી દિવસ ચડ્યો હતો અને મહારાજ મંદિર સંબંધી વાત કરતા હતા. એટલામાં જીવાખાચર આવ્યા. મહારાજને પગે લાગીને મહારાજની સન્મુખ બેઠા. થોડી વારે મહારાજને તેમણે પૂછ્યું : "મહારાજ ! કાલે ગઢ ઉપર મંદિર કરવાનો મનસૂબો કર્યો હતો, તે માટે સરંજામ તૈયાર કર્યો ?"

ત્યારે મહારાજે કહ્યું : "હજુ કાંઈ તૈયારી કરી નથી."

એટલે જીવાખાચરે કહ્યું : "મહારાજ ! તૈયારી કરાવો તો સારું. સારા કામમાં ઢીલ ન કરવી." એટલું કહીને જીવાખાચર મહારાજને પગે લાગી ઊઠ્યા.

ત્યારે મહારાજે પૂછ્યું : "કેમ ઊઠ્યા ? આપણે દાદાખાચરને, હરજી ઠક્કરને બોલાવીને તૈયારી કરાવીએ."

પરંતુ જીવાખાચરે કહ્યું : "એ તો કરાવો જ. એમાં મારું શું કામ છે ?" એમ કહીને તેઓ ગયા.

મહારાજે દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરેને બોલાવ્યાં અને ગઢ ઉપર મંદિર કરવાનું નક્કી કર્યું છે તે વાત કરી. આ સાંભળી તેઓ બહુ જ રાજી થયાં. પછી દાદાખાચરને કહ્યું : "આપણે મંદિર કરવું છે તે માટે લોઢાનો સામાન, પાવડા, કોદાળી, કોશ, તગારાં વગેરે જોઈશે; તે સામાન ભાવનગરથી મંગાવી લ્યો. ઉતાવળ કરજો એટલે કામ જલદી શરૂ થાય."

દાદાખાચરે કહ્યું : "લાધા ઠક્કરને બોલાવી તે કામ તેમને સોંપી દઈએ."

મહારાજ ! જીવાખાચર બોલ્યું ફરી જશે

દાદાખાચરે તરત જ લાધા ઠક્કરને બોલાવવા મોકલ્યા. તે આવ્યા. એટલે મહારાજે તેમને ગઢ ઉપર મંદિર કરવાની બધી વાત કરી. એટલે લાધા ઠક્કરે પૂછ્યું : ''મહારાજ ! જીવાખાચર ગઢ ઉપર મંદિર કરવાની હા કહે છે ?''

ત્યારે મહારાજે કહ્યું : ''જીવાખાચર તો બે દિવસથી આવે છે અને મંદિર કરવા માટે બધી તૈયારી કરવાનું કહ્યા કરે છે. એમને પણ એવી તાણ છે.''

લાધા ઠક્કર મહારાજની વાત સાંભળી રહ્યા. પછી થોડી વારે બોલ્યા : ''મહારાજ ! જીવાખાચર ભલે ગઢ ઉપર મંદિર કરવાનું કહેતા હોય, પણ મને તેમનો ભરોસો પડતો નથી.''

આ સાંભળી મહારાજે તરત જ કહ્યું : ''અરે, એવું તે હોય ? જીવાખાચર મોટું માણસ કહેવાય. તેનો ભરોસો ન આવે એવું કહેવાય ?''

પરંતુ લાધા ઠક્કરે મચક ન આપી. તેમણે તરત જ કહ્યું : ''મહારાજ ! ગાડાનું પૈડું ફરે તેમ જીવાખાચર બોલ્યું ફરી જશે. એટલે મને તો જરાય વિશ્વાસ આવતો નથી.''

જમીનના કાંઈ એમ લેખ થતા હશે ? દરબારમાં બધાને પૂછવું પડે

મહારાજ આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમને લાધા ઠક્કરની વાત ગળે ઊતરી નહીં. તેમણે કહ્યું : ''લાધા ઠક્કર ! જેમ હેમાશા (હેમરાજશા) કે બોટાદના ભગા દોશી પ્રતિષ્ઠિત મનુષ્ય છે, એમ જીવાખાચર પણ પ્રતિષ્ઠિત અને લાજવાળું મનુષ્ય કહેવાય. તે કાંઈ બોલ્યું ફરે ?''

પરંતુ લાધા ઠક્કર મક્કમ હતા. તેમણે કહ્યું : ''મહારાજ ! એ બધું ખરું, પણ મને તેમનો વિશ્વાસ આવતો નથી. આપને જો તેમનો વિશ્વાસ આવતો હોય તો પહેલેથી સાક્ષીએ સહિત લખત કરાવો. કેવળ બોલી ઉપર મંદિરના મંડાણ ન થાય.''

આ સાંભળીને મહારાજ પણ વિચાર કરવા લાગ્યા. થોડી વારે તેમણે કહ્યું : ''આ વાતમાં તમારી નજર બરોબર પડી. અમારી નજર ન પડી. પણ તમે વ્યાવહારિક અને ડાહ્યા માણસ કહેવાવ, એટલે હવે તમારી વાત અમારે માનવી પડશે.''

લાધા ઠક્કરે તરત જ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! બુદ્ધિ તો આપની

આપેલી છે. માટે હવે લેખ કરાવો. તેમાં સહી થશે એટલે ભાવનગરથી સામાન મંગાવવાની ગોઠવણ કરીશું.''

મહારાજે વિચાર્યું કે આ વાતમાં વિલંબ કરવો તે ઠીક નહીં. તેમણે તરત જ જીવાખાચરને બોલાવવા પાર્ષદને મોકલ્યો. થોડી વારે જીવાખાચર આવ્યા. તેમણે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! મંદિર કરાવવા માટે સામાન મંગાવવાનો બંદોબસ્ત કર્યો ?''

મહારાજે કહ્યું : ''તે જગ્યાનો પાકો લેખ કરીને પછી સામાન મંગાવીએ.'' એમ કહી મહારાજે લાધા ઠક્કરને કહ્યું : ''તમે જીવાખાચર કહે તેમ લેખ તૈયાર કરો.''

એટલે જીવાખાચરે કહ્યું : ''મહારાજ ! લેખ તો કાલે કરશું. હમણાં રહેવા દ્યો.'' પછી બીજી વાતનો તેમણે પ્રસંગ કાઢ્યો અને કલાક બેસી મહારાજને પગે લાગીને ઊઠ્યા.

તે ગયા પછી લાધા ઠક્કરે મહારાજને કહ્યું : ''મહારાજ ! જોયું ને ? હવે કાલે લેખ કરવાની વાત થાય તે જોજો.''

જીવાખાચરે બે દિવસ સુધી લેખ કરવાનું ઠેલ્યું. છેવટે મહારાજે કહ્યું : ''બાપુ ! હવે આજે તો લેખ કરી જ નાંખો. બે દિવસથી કામ ઠેલાય છે.''

ત્યારે જીવાખાચર હસતાં હસતાં બોલ્યા : ''મહારાજ ! જમીનના કાંઈ એમ લેખ થાતા હશે ? દરબારમાં બધાને પૂછવું પડે. એટલે કાલ ઉપર રાખો.'' એમ કહીને તરત જ ઊઠ્યા.

તે ગયા પછી લાધા ઠક્કરે મહારાજને કહ્યું : ''મહારાજ ! કેમ ? જીવાખાચર જેમ ગાડાનું પૈડું ફરે તેમ બોલ્યે ફરવા માંડ્યા ને ? હવે લેખ કરી આપે એમ આપને જણાય છે ?''

તે સાંભળી મહારાજે કહ્યું : ''જણાય તો છે કે જીવોખાચર લેખ કરી નહીં આપે, પણ કાલે આપણે ખુલાસો કરી લેશું. આપણે જેઠ સુદ ૮ના દિવસે મંદિરનું ખાતમુહૂર્ત કરવું છે.''

ફરી બીજે દિવસે મહારાજે જીવાખાચરને બોલાવ્યા. તે આવ્યા કે તરત જ મહારાજે તેમને કહ્યું : ''બાપુ ! આજે હવે બીજી વાત પછી. લેખ કરી આપો. આપણે ખાતમુહૂર્ત જલદી કરવું છે.''

ત્યારે જીવાખાચરે ધીમે રહીને કહ્યું : ''મહારાજ ! કાંઈક બીક બકોર જેવું હોય ત્યારે અમને ગઢ કામમાં આવે. તે વાસ્તે મંદિર તમે બીજે ઠેકાણે કરો.''

જીવાખાચર આમ ચોખ્ખી ના કહીને ઊઠી ગયા. મહારાજે લાધા ઠક્કર સામું જોયું અને કહ્યું : "કારભારી ! તમારી બુદ્ધિ પૂગી. તમને માણસને ઓળખતાં આવડે છે." એમ કહી મહારાજ ઊઠ્યા[૪૪] અને અક્ષર ઓરડીમાં પધાર્યા.[૪૫]

મહારાજ મંદિર કરવા બીજાં ગામોમાં જમીન જોવા પધારે છે

એટલામાં બોટાદથી સોમલાખાચર આવ્યા. લોયાથી સુરાખાચર આવ્યા. કારિયાણીથી વસ્તાખાચર આવ્યા અને સારંગપુરથી જીવાખાચર આવ્યા. તેમને બધાને એકાએક આવેલા જોઈ મહારાજે પૂછ્યું : "એકાએક તમે બધા ક્યાંથી ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! આપ અહીં મંદિર કરવાના છો એવી વાત સાંભળી અમે આપને કહેવા આવ્યા છીએ કે અમારા ગામમાં પણ મંદિર કરો. આપને જોઈએ એટલી જમીન આપીશું."

મહારાજે તેમની વાત સાંભળી. તરત જ વિચાર કરીને મહારાજે નાજા જોગિયાને બોલાવીને કહ્યું : "માણકી તૈયાર કરો, હમણાં જ નીકળવું છે."

નાજા જોગિયા તરત જ માણકી લઈને આવ્યા અને મહારાજ સોમલાખાચર, સુરાખાચર, વસ્તાખાચરની સાથે પ્રથમ બોટાદ ગયા.

સારંગપુરમાં મંદિર કરવાનો મહારાજનો સંકલ્પ

મહારાજને મંદિર કરવાની ઉતાવળ હતી. મહારાજ બોટાદ, કારિયાણી, લોયા, નાગડકા, કરિયાણા, કોટડા, વાંકિયા બધાં ગામ ફર્યાં, જગ્યા જોઈ, પણ કોઈ જગ્યાએ તેમનું મન ઠર્યું નહીં. છેવટે સારંગપુર આવ્યા. સારંગપુરમાં જીવાખાચરે પોતાનું બીડ, ખેતર, ગામની પૂર્વ દિશાની જમીન વગેરે જગ્યા બતાવી. મહારાજને આ જગ્યા પસંદ પડી ગઈ. વળી, આ જ જગ્યા ઉપર મહારાજે ફૂલદોલના ઉત્સવ ઉપર ઉન્મત્ત બનેલા રોઝા ઘોડાને કુંડાળે નાંખ્યો હતો અને બોલ્યા હતા કે "અહીં મોટા મંદિરનું ખાતમુહૂર્ત અમે આજે કર્યું."

જીવાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! અહીં આપ જેટલી જમીન

---

૪૪. આ જ જગ્યાએ બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજે વિ.સં. ૨૦૦૭માં સંગેમરમરનું સુંદર મંદિર રચીને શ્રીહરિનો સંકલ્પ પૂર્ણ કર્યો.

૪૫. શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૨જો, વાર્તા-૧૩૨; દ્વિતીય આવૃત્તિ, ગ્રંથકર્તા : સદ્‌ગુરુ સ્વામી જગનાથચરણદાસ, સં. ૨૦૨૮, મહા સુદ અષ્ટમી; પ્રસિદ્ધકર્તા : સદ્‌ગુરુ સ્વામી નારાયણસ્વરૂદાસજી, જૂનાગઢ.

માંગો, તેટલી જમીન અમે આપીએ. વળી, પથ્થર પણ અહીં નજીકમાં જ છે. બરવાળાના ઘેલાશા છે તેને પણ ભાવ સારો છે. તે પથ્થર સારવામાં ગાડાં વગેરે આપશે. માટે આપ આ જગ્યાએ જ મંદિર કરો !''

મહારાજના મનમાં આ જગ્યા વસી ગઈ. તેમણે નક્કી કરી લીધું. જીવાખાચરનાં પત્ની પાંચાળીબાનો ભાવ હતો. તેમના પુત્રો વાઘાખાચર તથા અમરાખાચરને પણ ભાવ હતો. તેમના જમાઈ માતરા ધાધલ વગેરે પરિવાર બધા જ સારંગપુરમાં મહારાજ મંદિર કરે તેવું ઇચ્છતા હતા. પાંચાળીબાએ મહારાજને જમાડવા થાળ તૈયાર કર્યો. થાળ થયો અને મહારાજ જમવા બિરાજ્યા. મહારાજની અહીં મંદિર કરવાની મરજી દીઠી અને અંતરમાં તેમને ખૂબ આનંદ થયો. મહારાજ થાળ જમવા લાગ્યા.

જીવાખાચરે મહારાજને કહ્યું : ''મહારાજ ! સારંગપુર લીંબડી તાબાનું ગામ છે, એટલે ઉપાધિ જેવું પણ નથી. વળી, ઠાકોર સાહેબનું જે બીડ છે તે પણ આપણને કૃષ્ણાર્પણ આપશે. માટે હવે બીજા વિચાર માંડી વાળી અહીં જ મંદિર કરવાના મંડાણ કરો.'' મહારાજે તરત જ નક્કી કરી લીધું.

એટલામાં ગઢપુરથી દાદાખાચર, જયા, લલિતા, પાંચુબા વગેરે આવી પહોંચ્યાં. તેમને ખબર પડી ગઈ કે મહારાજે સારંગપુરમાં મંદિર કરવાનું નક્કી કરી લીધું હતું. જ્યારથી મહારાજ ગઢપુરથી બીજા ગામ મંદિર માટેની જગ્યા જોવા પધાર્યા ત્યારથી જ તેમણે સૌએ અન્ન-પાણીનો ત્યાગ કરી દીધો હતો. મહારાજ સારંગપુર પધાર્યા છે અને ત્યાં મંદિર કરવાનું નક્કી થાય છે એમ ખબર પડતાં તેઓ સારંગપુર આવી ગયાં. મહારાજ તે વખતે થાળ જમતા હતા.

તેઓ મહારાજ પાસે આવ્યા અને ચોધાર આંસુએ રડવા માંડ્યાં. મહારાજે તેમને પૂછ્યું : ''તમને શું થયું છે કે આટલું બધું રોવો છો ?''

એટલે દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! આપ ગઢપુરમાં આટલાં વર્ષો રહ્યાં, ગઢપુરને આપનું ગણ્યું, તો ત્યાં મંદિર કરવાને બદલે બીજા ગામ જગ્યા જોવા કેમ નીકળ્યા ?''

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. થોડી વારે દાદાખાચર અને જયાબાએ કહ્યું : ''મહારાજ ! ભલે ગઢની જગ્યા ન મળે અને કદાચ તે જ જોઈતી હોય તો તેમાં અમારો અડધ ભાગ છે તે ભાવનગરની કચેરીમાં લડીને પણ એ જગ્યા લઈશું, પણ મંદિર તો ગઢપુરમાં જ કરો. છેવટે અમારો દરબારગઢ આપને કૃષ્ણાર્પણ કરી દઈશું, પણ ગઢપુરને આપ છોડશો નહીં.''

મહારાજ તેમની વાત શાંતિથી સાંભળતા હતા. પોતાને અર્થે દાદાખાચરે અને તેમના પરિવારે પોતાનું બધું જ અર્પણ કરી દીધું હતું. ઉપરાંત, આજે હવે પોતાને ગામ મંદિર કરવા પોતાનો આગવો દરબારગઢ પણ આપી દેવા તે બધાં તૈયાર થયાં છે ! આવા ભક્તોને નિરાશ કરવાનું મહારાજનું મન માન્યું નહીં. તેમણે તરત જ નિર્ણય કરી લીધો. ચળું કરતાં કહ્યું : "ભલે, અમે ગઢપુર જ આવીએ છીએ અને તમારા દરબારગઢમાં જ તમારી ઇચ્છા મુજબ મંદિર કરીશું."

આ સાંભળી દાદાખાચર અને જયા, લલિતાને ખૂબ જ શાંતિ થઈ !

અહીં ભવ્ય મંદિર થશે અને અમે અમારા ધામ સાથે બિરાજીશું

પરંતુ જીવાખાચર, પાંચાળીબા, દેવકુબા, રાઠોડ ધાધલ વગેરે ઉદાસ થઈ ગયાં ! જીવાખાચરે મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! અહીં મંદિર કરવાનું બધું જ નક્કી કરી લીધું, જગ્યા પણ પસંદ કરી, તો હવે વિચાર કેમ બદલ્યો ?"

તેમની આંખોમાં આંસુ હતાં. મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. ભોળા દિલના પરમ ભક્તરાજને દુખવવા તે પણ મહારાજને ઠીક ન લાગ્યું. તેમણે વિચાર કરી જીવાખાચરને કહ્યું : "બાપુ ! તમે ઉદાસ ન થશો, અહીં જે જગ્યા જોઈ છે તે જ જગ્યાએ ભવ્ય મંદિર થશે. અમે અમારા ધામ અને અનાદિ મુક્ત સાથે બિરાજીશું અને આ ધામ જગપ્રસિદ્ધ થશે. યાત્રાળુઓના મોટા મોટા સંઘ અહીં આવશે."[૪૬]

જીવાખાચરને મહારાજના શબ્દોથી શાંતિ થઈ.[૪૭]

---

૪૬. *બોલ્યા દીન દયાળ દુઃખી ન થશો ચિંતા તમારી જશે;*
થાશે ધામ પ્રતાપી દેવતણું, તે પ્રખ્યાત પૂરું થશે.
આ સ્થાને બહુ સંઘ શ્રેષ્ઠ જનના એ કારણે આવશે;
મોટું તીર્થ ગણી મહામુનિ જનો માહાત્મ્ય સૌ ગાવશે.

– શ્રીહરિલીલામૃત, કળશ ૮, વિશ્રામ ૬૧.

૪૭. આ જ જગ્યાએ બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજે વિ.સં. ૧૯૭૨માં ત્રણ માળનું આકાશને આંબતું વિશાળ મંદિર રચીને એમાં અક્ષરધામ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે ધામી શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ, મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીની સાથે પધરાવીને શ્રીહરિનો સંકલ્પ પૂર્ણ કર્યો.

આપને અમે આ દરબાર અર્પણ કરી દીધો છે

જીવાખાચરને આશીર્વાદ આપી મહારાજ દાદાખાચર સાથે ગઢપુર પધાર્યા. મહારાજે દાદાખાચરને કહ્યું : "આ જેઠ મહિનામાં આપણે મંદિરનું ખાતમુહૂર્ત કરી નાંખીએ. આ દક્ષિણા બારના ઓરડા છે તે જગ્યાએ મંદિર ઉત્તરાભિમુખે થાય તો મંદિરનો દેખાવ સારો આવશે. માટે તમો લલિતા, જયા, પાંચુબા, રાજબા, ઘેલા ધાધલ, નાગમાલ તથા કારભારી લાધા ઠક્કરને બોલાવો, એટલે તેમની સાથે વાતચીત કરી આપણે જગ્યાનું નક્કી કરી નાંખીએ."

દાદાખાચરે તરત જ બધાને બોલાવ્યાં. તેઓ સૌ આવ્યાં. મહારાજને પ્રણામ કરી મહારાજ સન્મુખ બેઠાં. એટલે મહારાજે તેમને કહ્યું : "દાદાખાચરની તથા તમારી સૌની ઇચ્છા છે કે આ દરબારમાં આપણે મંદિર કરવું અને આખો દરબાર અર્પણ કરવા તમો સૌ કહો છો પણ અમારે તમારો સૌનો મત તો લેવો જોઈએ ને ? જો આખો દરબાર અર્પણ કરી દેવાનો હોય, તો દરબારમાં જેઓ અત્યારે રહે છે તેમને સૌને બીજે રહેવા જવું પડે. ઘણાં વરસનો વસવાટ હોય અને વળી પોતાનો જ દરબાર હોય તે છોડીને બીજે રહેવા જવું તેમાં કોઈનું દિલ દુઃખાય, એવું અમારે કરવું નથી. માટે તમારી હવે જેમ મરજી હોય તેમ કહો."

આ સાંભળી જયાબાએ કહ્યું : "મહારાજ ! આપ આ શું કહો છો ? અમે તો દરબાર અમારો માન્યો જ નથી. જ્યારથી આપ પધાર્યા ત્યારથી જ મનમાં સંકલ્પ કરીને આપને અમે એ અર્પણ કરી દીધો છે. કદાચ અજ્ઞાનથી મમત્વ કરીને અમે દરબાર રાખીશું તોપણ એક દિવસ તો તે છોડવો જ પડશે. તે કરતાં આપના સ્વરૂપમાં જ મમત્વ રાખી એક આપની જ મૂર્તિ રાખીએ તો ચિંતામણિમાં ધન, માલ, મિલકત બધું જ આવી જાય છે !"

મહારાજ તો જાણતા જ હતા કે દાદાખાચરના સમગ્ર પરિવારને એક પોતાની મૂર્તિ સિવાય બીજે ક્યાંય મમત્વ નથી. તેમના માલ, મિલકત બધું અમને અર્પણ કરી દીધું છે. છતાં વિશેષ પરીક્ષા કરવા તેમણે કહ્યું : "આ દક્ષિણાદા બારના ઓરડામાં પાંચુબા રહે છે તે ઓરડો જો પાંચુબા આપી દે તો તે પાડીને ત્યાં જ મંદિર કરીએ. પણ રાજી થઈને આપે તો જ અમારે લેવા છે."

તમારા ત્યાગ આગળ રંતિદેવ, અંબરીષ ઝાંખા પડી જાય છે

પાંચુબા પણ સમજી ગયાં. તેમણે કહ્યું : "મહારાજ ! મારા જ ઓરડાના

સ્થાનમાં જો ઠાકોરજી પધરાવવાના હોય તો તેનાથી મારાં બીજાં ક્યાં રૂડાં ભાગ્ય કહેવાય ? વળી, મોટી બહેને તો આપને કહી જ દીધું છે કે 'આ બધું આપનું જ છે.' તો પછી આપ આમ કાં બોલો ?"

મહારાજ આ બધો વખત પાંચુબા સામું જોઈ રહ્યા હતા. તેમની ભક્તિભાવભરી નિર્દોષ મૂર્તિ, અંતરની અત્યંત સરળતા – બધું જ તેમની વાણી દ્વારા દેખાતું હતું.

મહારાજે કહ્યું : "પાંચુબા ! તમને બીજા ઓરડા કરી આપીશું."

એટલે જયાબાએ કહ્યું : "મહારાજ ! દરબારની આજુબાજુ બીજાં ઘણાં ઘરો છે, એટલે બીજા નવા ઓરડા કરાવવાની જરૂર નથી. અમે સૌ તે ઘરોમાં જઈને રહીશું."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "જયાબા ! તમારા ત્યાગ આગળ તો રંતિદેવ, અંબરીષ વગેરે ઝાંખા પડી જાય છે. તમારો ત્યાગ તો તીવ્ર છે. પરંતુ અમારે પણ જોવું જોઈએ ને ! તમને સૌને તમારા મોભા પ્રમાણે જ રાખવાં પડે."

દક્ષિણાદા બારના પાંચુબાના ઓરડા મહારાજે માંગી લીધા અને તે પડાવવાની શરૂઆત કરી. જે જે હરિભક્તો આવતા તેમને સૌને મહારાજ આ સેવામાં જોડી દેતા. ઓરડાની ભીંતો બહુ જ મજબૂત હતી, તે કોઈ રીતે પડે તેમ ન હતી. પરંતુ ભીમ ડાભીએ ભીંતની નીચેનો ભાગ બંને બાજુ કોશથી કોચી નાંખી અને પછી દસ-પંદર હરિભક્તોને બોલાવી જોરથી હડસેલો માર્યો એટલે તરત જ ભીંત પડી ગઈ. મહારાજ ખુરશી ઉપર બિરાજી આ ક્રિયા જોઈ રહ્યા હતા. ભીમ ડાભીની યુક્તિથી મહારાજ પ્રસન્ન થયા અને તેમને પોતાનો પ્રસાદીનો હાર આપ્યો.

ખાતમુહૂર્ત કરવા મહારાજ બિરાજે છે

ખાતમુહૂર્ત કરવાની જગ્યા નક્કી કરી મહારાજે રામચંદ્ર ભટ્ટને બોલાવ્યા. જેઠ સુદ ૧૧નું તેમણે મુહૂર્ત આપ્યું.[૪૮] ખાતમુહૂર્તની વિધિ કરવા મહારાજ પોતે જ બિરાજ્યા. પોતાની બાજુમાં દાદાખાચરને બેસાર્યા. દાદાખાચરના સમગ્ર પરિવારને આ પળ ધન્ય લાગી ! તેમને થયું કે દરબારો તો મોટા રાજાઓના આપણા કરતાં પણ વિશાળ હશે, કિંમતી હશે, પરંતુ તે બધા જ દાદાના

૪૮. શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૬૧.

દરબારની તોલે ન આવે. આ દરબારમાં તો અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ મહારાજ સ્વયં બિરાજ્યા અને આજે એ જ સ્થાનમાં પોતાની સ્મૃતિ ચિરંજીવી રહે તે માટે આ ભવ્ય મંદિર કરવાના આજે ગણેશ મંડાયા. રામચંદ્ર ભટ્ટે વિધિપૂર્વક ખાતમુહૂર્ત કરાવ્યું. મહારાજે સુવર્ણનું લેલું હાથમાં પકડી ખાડામાં પૂરણ કર્યું. પછી રામચંદ્ર ભટ્ટે મહારાજને દાદાખાચરે જમીન કૃષ્ણાર્પણ કરી તેનો સંકલ્પ દાદાખાચર પાસે કરાવ્યો. હરિભક્તોની ચિક્કાર મેદની આ દિવ્ય દર્શન કરી રહી હતી. દાદાખાચરનાં પરમ પુનિત ભાગ્યની ઈર્ષ્યા આવે એવો તેમનો ત્યાગ, મહારાજ પ્રત્યેની તેમની ભક્તિ જોઈ સૌ નતમસ્તક બની ગયા. મનોમન મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા કે આવો ત્યાગ, આવી ભક્તિ અમારા અંતરમાં પણ પ્રગટે.

મંદિરની સેવા કરવા હરિભક્તો તત્પર બને છે

મંદિરનું ખાતમુહૂર્ત થયું. એટલે મહારાજે સૌ સંતો, હરિભક્તોને કહ્યું : "આપણે આ મંદિર જલદી પૂરું કરવું છે. ચોમાસું આવે તે પહેલાં પાયા ગળાઈને પુરાઈ જવા જોઈએ. માટે જેમને શ્રદ્ધાપૂર્વક સેવા કરવાની ઇચ્છા હોય તે અત્યારે જ બોલો. આ સેવામાં ગાડાં, બળદ, કોશ, કોદાળી, પાવડા, તગારાં બધું જ જોઈશે."

તે સાંભળી ખોપાળા ગામના જેઠા માણીએ કહ્યું : "મહારાજ ! ગાડું, બળદિયા અને હું એ ત્રણે આ મંદિર પૂરું થાય ત્યાં સુધી આપની સેવામાં કૃષ્ણાર્પણ થઈએ છીએ !"

મહારાજ આ સાંભળી બહુ જ રાજી થયા અને તેમને પ્રસાદીનો હાર આપ્યો. ઝમરાળાના જીવો દવે સભામાં બેઠા હતા. તેમણે પણ કહ્યું : "મહારાજ ! ગાડું, બળદ અને મારો ભાઈ ગંગારામ ત્રણેય મંદિર થાય ત્યાં સુધી સેવામાં રહીશું."

મહારાજ તરત જ હસ્યા અને બોલ્યા : "જીવરામ ! તેં ઝમરાળામાં રસોઈ આપીને અમને જમાડ્યા, ત્યારથી તારું તો બધું અમે લઈ જ લીધું છે."

જીવરામે તરત જ હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! મારાં એવાં ક્યાંથી ભાગ્ય કે આપે મને સ્વીકારી લીધો !"[૪૯]

૪૯. ગંગારામ દવેને પાછળથી ગોપાળાનંદ સ્વામીએ દીક્ષા આપી હતી અને ધર્મસ્વરૂપાનંદ નામ પાડ્યું હતું.

દાદાખાચરે કહ્યું : "મારા જેટલા જૂત છે અને જેટલા ભાગિયા છે તે તમામ મંદિર થાય ત્યાં સુધી આપની સેવામાં !"

મહારાજ આ સાંભળી રહ્યા. તેમની આંખોમાંથી એક બિંદુ સરી પડ્યું. બલિરાજાને પણ શરમાવે તેવું દાદાખાચરનું સ્વાર્પણ મહારાજે મૂર્તિમાન આજે સૌને બતાવ્યું. બલિરાજા તો થોડો સમય બંધનમાં રહ્યા હતા, પરંતુ દાદાખાચરને તો મહારાજે જીવનભર પોતાના બંધનમાં રાખ્યા. અનેક વાર આકરી પરીક્ષા કરી તાપ્યા, તિરસ્કાર કર્યો, ગામ-ગરાસ પડાવી લીધા; છતાં દાદાખાચરને મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ સદા ચઢતો ને ચઢતો જ રહ્યો. ભગવાન પ્રગટ હોય ત્યારે આવી વિભૂતિઓ પણ હોય જ ! આવી વિભૂતિઓથી જ ભગવાનનો મહિમા વિશેષ ને વિશેષ પ્રસરે છે !

ત્યારપછી તો સભામાં બેઠેલા તમામ હરિભક્તોએ આ શુભ કાર્યમાં સેવા નોંધાવી. કોઈએ ધનથી તો કોઈએ તનથી તો કોઈએ બીજાં સાધનોથી, એમ મહારાજને પ્રસન્ન કરી ભક્તિભાવનો લાભ સૌ આ પ્રસંગે લેવા લાગ્યા.

દૂબળી ભટ્ટના તેર દોકડામાં મંદિર પૂરું થાય છે

એટલામાં સભામાં ઠેઠ છેલ્લે બેઠેલા એક વૃદ્ધ આદમી ઊભા થયા. તેમના હાથ ધ્રૂજતા હતા, પગની ગતિ અસ્થિર હતી. મહારાજે તેમને જોયા અને સભામાં સૌને કહ્યું : "આ તો ગોખરવાળાના દૂબળી ભટ્ટ ! તેને અમારી પાસે આવવા દ્યો." મહારાજની આજ્ઞા થઈ એટલે બે પાર્ષદો દૂબળી ભટ્ટનો હાથ પકડી મહારાજ પાસે લઈ આવ્યા. તે મહારાજ પાસે આવ્યા અને મહારાજને હાથ જોડી માથેથી પાઘડી ઉતારી. મહારાજે હસતાં હસતાં તેમને પૂછ્યું : "ભટ્ટજી ! શી ઈચ્છા છે ?"

ભટ્ટજીએ તરત જ કહ્યું : "મહારાજ ! મારે પણ સેવા કરવાનો મનસૂબો છે." એમ કહી તેણે તેની ફાટેલી પાઘડીના છેડાની ગાંઠો છોડવા માંડી. એક એક ગાંઠે એક એક દોકડો બાંધ્યો હતો. તેર ગાંઠ છોડીને તેર દોકડા તેણે કાઢ્યા. તે તેણે મહારાજનાં ચરણારવિંદ પાસે મૂક્યા. સભા બધી આ જોઈ રહી હતી.

મહારાજે ભટ્ટજીને કહ્યું : "ભટ્ટજી ! તમારી સેવા પહોંચી ગઈ ! આ તેર દોકડા પાછા લ્યો અને પાઘડી ફાટી ગઈ છે તે નવી લેજો !"

દૂબળી ભટ્ટે મહારાજને હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! હવે આયખું પૂરું થઈ ગયું છે. અત્યાર સુધી આ પાઘડીથી ચાલ્યું ને હજુ પણ

ચાલશે. પણ આવો સમો ફરી ક્યાંથી મળે ? માટે મારી સેવા સ્વીકારો.''

મહારાજે તેનો ભક્તિભાવ જોયો. તરત જ તેર દોકડા લઈ લીધા અને બોલ્યા : ''ગોપીનાથ મહારાજની જય ! ગઢપુરના મંદિર પૂરા થઈ ગયા.''

આ સાંભળી સુરાખાચરે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! ભટ્ટે કેટલી રકમ આપી તે તો કહો, આપે 'જે' બોલાવી પણ અમને ખબર તો પડે !''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''દુબળી ભટ્ટે તેર દોકડા આપ્યા છે. તે તેની જે કાંઈ તમામ મૂડી હતી, તે આપી દીધી છે. એટલે તેમના સ્વાર્પણથી મંદિર પૂરું થઈ જશે !''

સભા આ સાંભળી સ્તબ્ધ બની ગઈ ! દૂબળી ભટ્ટના નામે ઓળખાતા રણછોડજી વિપ્રના તેર દોકડાનું દાન, તેમના સર્વસ્વ અર્પણના ભાવથી, સત્સંગના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયું !

નિત્યાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી મૂર્તિનો પથ્થર લેવા જાય છે

બીજે દિવસે મહારાજે નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા. તે આવ્યા એટલે તેમને કહ્યું : ''સ્વામી ! તમને અમે જે ચિત્રમૂર્તિ આપી છે તે લઈ આવો.'' એટલે નિત્યાનંદ સ્વામી તેમના આસને જઈને તે ચિત્રમૂર્તિ લઈ આવ્યા.

મહારાજે તે મૂર્તિ જોઈને મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! અહીં પાંચાળમાં જે મંદિર આપણે કરવાના છીએ તેમાં આ મૂર્તિ જે અમારું સ્વરૂપ છે તેવી જ મૂર્તિ અહીં સ્થાપવી છે. માટે એવો પાષાણ ડુંગરપુર જઈને કોઈ લઈ આવશે ?''

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! નિત્યાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી બંનેને આપણે ડુંગરપુર મોકલીએ. તેમના આવા કામમાં નજર સારી પહોંચે છે.''

મહારાજે કહ્યું : ''બરોબર છે. તેમને જ મોકલીએ.''

એમ કહી નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે તથા નિષ્કુળાનંદ સ્વામી બંને ડુંગરપુર જાઓ અને અમારી મૂર્તિ પ્રમાણે જ, એવડી જ ઊંચી, એટલી જ પુષ્ટ અને સર્વે પ્રકારે અમારા અંગ જેવી ઘનશ્યામ મૂર્તિ લાવજો.'' એટલું કહીને તે બે સંતને મૂર્તિ માટે રકમ અપાવી, બે પાર્ષદોને તેમની સાથે જવા આજ્ઞા કરી અને પછી તેમને ડુંગરપુર જવા આજ્ઞા કરી. મહારાજ તે જ દિવસે વરતાલ જવા નીકળી ગયા.

મહારાજના તન તુલ્ય મૂર્તિ કેમ મળે ?

નિત્યાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી ડુંગરપુર આવ્યા. અહીં આવી તેમણે ઘણી ઘણી મૂર્તિઓ જોઈ પરંતુ શ્રીહરિના સ્વરૂપ જેવી મૂર્તિ તો ક્યાંય દીઠી નહીં. રાધાજીની શ્વેત અંગની મૂર્તિ મળી. પરંતુ મહારાજની મૂર્તિ તો મળી જ નહીં. આથી બંને સંતો મૂંઝવણમાં પડી ગયા. પછી નિત્યાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે સમજ્યા ?"

આવો પ્રશ્ન સાંભળી નિષ્કુળાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી સામું જોઈ રહ્યા. તેમણે કહ્યું : "શું સમજવાનું છે ? મને તો તમારી આ સૂત્રભાષા સમજાતી નથી."

નિત્યાનંદ સ્વામી હસવા લાગ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! મહારાજના જ સ્વરૂપ જેવી મૂર્તિ તો ક્યાંથી મળે ? શ્રીકૃષ્ણની મૂર્તિ મળે, કારણ કે તેમના ઘણા અવતાર થયા છે. રામચંદ્રજીની પણ મૂર્તિ મળે, પરંતુ આપણા ઈષ્ટદેવ અક્ષરપતિ પુરુષોત્તમ નારાયણ તો આ પૃથ્વી ઉપર અગાઉ પ્રગટ જ થયા નથી, તો પછી તેમના તન તુલ્ય મૂર્તિ આપણને મળે ક્યાંથી ?"

આ સાંભળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! હવે સમજાયું. તમે સૂત્ર ઉપર ભાષ્ય કર્યું ત્યારે સમજાયું. બાકી અમારા જેવા જેમણે હાથલા અને રંધા સાથે જ કેવળ વ્યવહાર કર્યો હોય તેવા અબુધને તમારાં સૂત્રો કેમ સમજાય ?" એમ કહીને પછી પૂછ્યું : "હવે કરવું શું ?"

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "અહીં ખાણમાંથી પાષાણ લઈને મૂર્તિ અહીં કરાવીએ."

એટલે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : "અહીં કરાવીશું, પરંતુ મહારાજના શરીર જેવી મૂર્તિ કદાચ ન થાય તો પછી વખત ઘણો નીકળી જાય. માટે પાષાણની શિલા લઈને ગઢપુર જઈને જ મૂર્તિ કરાવવી."

બંનેએ આ પ્રમાણે તરત જ નક્કી કરી લીધું.

શ્રીજીમહારાજ શિલામાં દેખાય છે

મહારાજની મૂર્તિ કરાવવા માટે તેઓ ખાણમાં ઊતર્યા. પાષાણની એક એક પાટ જોવા લાગ્યા. પછી એક સુંદર કાળી શિલા જોઈ અને તે જોતાં જ તે શિલામાં સાક્ષાત્ શ્રીજીમહારાજનું સ્વરૂપ તેમને દેખાયું ! આ દર્શનથી તેમને

અત્યંત આનંદ થયો ! તેમને થયું કે મહારાજે જ પોતાની મૂર્તિ માટે શિલા બતાવી દીધી. તરત જ તેઓ બંને એ શિલા પાસે ગયા. પરંતુ તે ક્ષણે મહારાજની મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. તેમણે તે શિલા જ ગઢપુર લઈ જવાનું નક્કી કર્યું. તેની રકમ ચૂકતે આપી તે શિલા કઢાવી. રાધાજીની મૂર્તિ જે તૈયાર હતી તે પણ તેમણે લઈ લીધી. ગાડામાં પરાળ નંખાવી તે પથ્થરની શિલા તથા રાધાજીની મૂર્તિ વ્યવસ્થિત રીતે તેમાં ગોઠવી. બે સારા શિલ્પી પણ સાથે લીધા, જેથી ગઢપુરમાં જ પથ્થરની શિલામાંથી મૂર્તિ કંડારી શકાય.

આ સમય દરમ્યાન મહારાજ પણ વરતાલથી ગઢપુર આવી ગયા હતા. તેમણે પથ્થર જોયો. રાધિકાજીની મૂર્તિ જોઈ. સંતોએ મહારાજને કહ્યું : "આ શિલા ઉપર આપના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં એટલે આપની મરજી આ જ શિલામાંથી મૂર્તિ કરાવવાની જાણી, આ શિલા અમે પસંદ કરી લીધી."

પોતાની મરજી સમજવાની સંતોની બુદ્ધિ જોઈ મહારાજ પ્રસન્ન થયા. પછી તેમણે શિલ્પીઓ બોલાવ્યા. તેમને મૂર્તિ બનાવવા અંગે સૂચના આપી. મહારાજે તેમને કહ્યું : "આ મંદિર બહુ જ ઝડપથી પૂરું થઈ જશે, એટલે મૂર્તિ બનાવવાની પણ તમારે ઉતાવળ કરવી પડશે. અમારા જ માપની, અમારા જ સ્વરૂપ જેવી મૂર્તિ બનાવવાની છે. તે માટે અમો તમારી સામે બેસીશું. તમો બધી તૈયારી કરીને અમને કહેવરાવજો."

શિલ્પીઓને રવાના કર્યા અને મહારાજે નારાયણજી સુથારને બોલાવ્યા. તેમને કહ્યું : "અહીં આપણે વિમાન આકારનું સુંદર મંદિર બનાવવું છે. જગ્યાનું માપ બરાબર લઈ લ્યો અને પછી મંદિર માટેનો નકશો તૈયાર કરી અમને બતાવો. આ કામમાં ઢીલ કરશો નહીં."

નારાયણજી સુથાર મહારાજે જે સૂચના આપી તે બરોબર સમજીને પોતાના આસને ગયા.

વિશ્વકર્મા સ્વયં તમારા દ્વારા કામ કરશે

સાંજે તેઓ મંદિરનો નકશો તૈયાર કરીને મહારાજ પાસે લાવ્યા. તે વખતે મહારાજ પાસે રત્નો કડિયો તથા જેઠાભાઈ શિલ્પી બેઠા હતા. મહારાજે તે નકશો જોયો. પછી તેમણે રત્ના કડિયાને તથા જેઠાભાઈને જોવા આપ્યો. તેમણે પણ ઝીણવટથી જોયો. પછી મહારાજને આપ્યો. ત્યારે મહારાજે પૂછ્યું : "નકશો કેવો બનાવ્યો છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! નકશો સરસ છે અને તે ઉપરથી મંદિર બહુ જ સુંદર થશે."

મહારાજે દાદાખાચરને બોલાવ્યા. તે આવ્યા. મહારાજે તેમને પણ નકશો બતાવ્યો. નકશો જોઈને તેઓ પણ બહુ જ રાજી થયા.

મહારાજે પછી નકશો નારાયણજી સુથારને આપ્યો અને કહ્યું : "આ જ પ્રમાણેનું મંદિર કરવા તૈયાર થઈ જાવ. મંદિર સુશોભિત થશે અને તમારું નામ પણ જગપ્રસિદ્ધ થશે. વિશ્વકર્મા સ્વયં તમારા દ્વારા કામ કરી જશે. સૌ દેવતાઓ આ સેવા કરવા તત્પર છે અને અમને રાજી કરવાની ભાવના છે, એટલે મંદિરના કામમાં કોઈ વિઘ્ન આવશે નહીં." મહારાજે એ રીતે આશીર્વાદ આપ્યા.

દાદાખાચર પણ અંતરથી ખૂબ રાજી થયા. તેમને થયું કે મહારાજે ભલે ગઢડામાં મંદિર મોડું કર્યું, પરંતુ મંદિર સર્વોપરી થશે અને વળી મહારાજ જાતે જ દેખરેખ રાખી મંદિર કરાવે છે, તેથી આ મંદિરની ઈંટ, ચૂનો કે પથ્થર મહાપ્રસાદીનાં બની જશે. આવા વિચારમાં દાદાખાચરના અંતરમાં દિવ્ય આનંદનો વેગ ઉપડ્યો. મહારાજ પણ તેમને જોઈ ખુશ થઈ ગયા.

ઉદ્‌ગીથ ૭



અસુરોનુ પુનઃ આક્રમણ

(આ.સં. ૧૮૮૨, ઈ.સ. ૧૮૨૫)

આ.સં. ૧૮૮૨નું વર્ષ બેઠું અને ઠાકોર ઝીણાભાઈ ગઢપુર પધાર્યા. મહારાજે તેમને કહ્યું : ''બાપુ ! આવ્યા છો તો હવે અહીં રોકાઈ જાઓ. અમે જન્માષ્ટમી વગેરે ઉત્સવો અહીં કરવાના છીએ.''

દરબારે હાથ જોડ્યા. પછી કહ્યું : ''મહારાજ ! મને એક સંકલ્પ રહે છે. આપે અમદાવાદ, ભુજ અને વરતાલમાં મંદિરો કર્યાં, તો હવે જૂનાગઢમાં પણ આપ મંદિર કરો તો સોરઠ દેશમાં સત્સંગનો વિકાસ થાય. સ્થાન વગર લોકો પ્રભુ ભજી શકતા નથી.''

મહારાજ તેમનો સંકલ્પ જાણી પ્રસન્ન થયા. પછી ઝીણાભાઈએ કહ્યું : ''મહારાજ ! જૂનાગઢમાં અમારા ઉતારાની જે જગ્યા છે તે બધી જ મંદિર માટે અર્પણ કરી દઈશ. તે ઉપરાંત વધારાની જગ્યાની જરૂર પડશે તો અમારી વાડી પણ ત્યાં જ છે. તે પણ અર્પણ કરી દઈશ.''

બ્રહ્માનંદ સ્વામી તો બધી કળામાં કુશળ છે

મહારાજ તેમને શાંતિથી સાંભળી રહ્યા. પછી બોલ્યા : ''બાપુ ! મંદિર કરી શકે એવા તો બ્રહ્માનંદ સ્વામી છે. જૂનાગઢ નવાબી રાજ્ય કહેવાય. વળી નાગરો વગેરેની પણ ઉપાધિ ખરી. એટલે જો બ્રહ્માનંદ સ્વામીને મોકલીએ તો જ ત્યાં મંદિર થઈ શકે.''

તે સાંભળી ઠાકોરે કહ્યું : ''તો મહારાજ ! સ્વામીને મોકલો. અમે એમની સર્વ પ્રકારે સેવા કરીશું.''

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : ''બાપુ ! સ્વામીને તો અમે હમણાં જ મંદિરની પ્રવૃત્તિમાંથી છૂટા કર્યા છે. વરતાલમાં તેમણે મંદિર કર્યું

એટલો વખત તેમના કાવ્યલેખનનું કામ બંધ રહ્યું. સંપ્રદાયની પુષ્ટિ પોતાના ઈષ્ટદેવનાં લીલાચરિત્રો ગાવામાં જ છે. બ્રહ્માનંદ સ્વામી એ કળામાં કુશળ છે."

તરત જ ઝીણાભાઈએ કહ્યું : "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામી તો બધી જ કળામાં કુશળ છે."

મહારાજે હસતાં હસતાં કહ્યું : "એ જ દુઃખ છે ને ! એમની બધે જ જરૂર પડે."

"પરંતુ મહારાજ ! આ કાર્યથી પણ સત્સંગનો વિકાસ થવાનો છે."

મહારાજ આ સાંભળી થોડી વાર મૌન રહ્યા. પછી બોલ્યા : "બાપુ ! મંદિરોથી સત્સંગનો વિકાસ જરૂર થાય, પરંતુ શુદ્ધ ઉપાસનાની સમજણ અને તેનું પ્રવર્તન તો અમારા સર્વોપરી સ્વરૂપના જ્ઞાનવાળા પરમ ભાગવત સંતના સંબંધથી જ થાય." ઝીણાભાઈ આ સાંભળી રહ્યા. એટલામાં મહારાજે કહ્યું : "ભલે બાપુ ! અમે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મંદિર કરવા મોકલીશું."

મહારાજે અનુમતિ આપી તેથી ઝીણાભાઈ રાજી થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : "આવા મોટા કામનો આદર કરવો હોય તો તૈયારી મોટી કરવી પડે. માટે તમારે બ્રહ્માનંદ સ્વામીને મળી જૂનાગઢ પહોંચી જવું."

ઝીણાભાઈ બધું જ નક્કી કરી જૂનાગઢ જવા રવાના થયા.

બીજે દિવસે ધોલેરાથી દરબાર પૂંજાભાઈ આવ્યા. તેમને જોઈ મહારાજે પૂછ્યું : "દરબાર ! એકાએક કેમ આવવાનું થયું ?"

બાપુએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! ધોલેરામાં મંદિર કરાવો એ પ્રાર્થના કરવા હું આવ્યો છું."

મહારાજે હસતાં હસતાં તેમને કહ્યું : "હમણાં જ ઠાકોર ઝીણાભાઈ જૂનાગઢમાં મંદિર કરાવવાનું નક્કી કરીને ગયા. ત્યાં તમે આવી ગયા. દેશકાળ સારા જણાય છે, તેથી જ હરિભક્તોને આવા શુભ સંકલ્પો થાય છે."

એટલું કહીને મહારાજે તેમને કહ્યું : "અમે નિષ્કુળાનંદ સ્વામીને તથા અદ્‌ભુતાનંદ સ્વામીને ધોલેરા મોકલીશું. તમારા સંકલ્પ પ્રમાણે ત્યાં પણ શિખરબદ્ધ મંદિર થઈ જશે."

મહારાજે તરત જ પોતાની વિનંતી સ્વીકારી લીધી તેથી પૂંજાભાઈને પણ આનંદ થયો. ગઢપુરમાં બે-ત્રણ દિવસ તેઓ રહ્યા. મહારાજ સાથે અને નિષ્કુળાનંદ સ્વામી સાથે મંદિર અંગે વિગતથી વાતચીત કરી તે પાછા ધોલેરા ગયા.

થોડા દિવસ બાદ મહારાજે અક્ષર ઓરડીમાં મુક્તાનંદ સ્વામી,

ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટેરા સંતોએ મહારાજને મંદિરોના વહીવટ માટે કોઈ વ્યવસ્થા વિચારવા વિનંતી કરી.

મહારાજે કહ્યું : "અમને ભગવાન ભજવાનો અને ભજાવવાનો જ વિચાર આવે છે. તે સિવાય બીજી વાતમાં અમને રુચિ નથી. માટે તમારે જેમ નક્કી કરવું હોય તેમ કરો."

થોડી વારે ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ કહ્યું "મહારાજ ! વલ્લભાચાર્યે પોતાના પુત્ર વિઠ્ઠલનાથજીને પોતાની ગાદી સોંપી હતી અને ત્યારપછી તે પરંપરા અત્યાર સુધી ચાલુ છે. તેમ આપ જેમને પસંદ કરો તેમની આચાર્ય તરીકે વિધિપૂર્વક નિમણૂક કરીએ. મંદિરોનો વહીવટ પણ તેમને આધીન રહીને જેને સોંપ્યો હોય તે કરે. પછી તે સાધુ હોય કે ગૃહસ્થ !"

મહારાજ હજુ ગંભીર હતા. તેમણે કહ્યું : "સ્વામી ! તમે સૂચન તો કર્યું, પણ અમારી મરજીને જ પોતાનું જીવન બનાવે એ સંત જ અમારા આચાર્ય ! જેને ધર્મયુક્ત સંત-હરિભક્તો પ્રમાણ કરે, સારાસારનો વિવેક રાખી જે સારનું ગ્રહણ કરે, તે જ આચાર્યની ગાદી ઉપર બેસાડવા યોગ્ય છે. એવા ન હોય તે અમારા પિતાના વંશના હોય તોપણ અમારી ગાદી ઉપર બેસાડવાને યોગ્ય નથી. જેને ધનની લાલચ હોય અને ગાદીનો મદ હોય અને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેને ધર્મવંશના પણ માનવા નહીં."[૫૦]

અત્યંત ગંભીરતાથી મહારાજ આ શબ્દો બોલ્યા, તેથી સંતોને લાગ્યું કે મહારાજને આ વાતની ચર્ચા કરવી ગમતી ન હતી. સંતો જાણતા હતા કે મહારાજ પોતાના પરિવારથી અત્યંત નિઃસ્પૃહ હતા. વળી, કદાચ બાહ્ય દૃષ્ટિએ પણ લોકો અવળું સમજી બેસે અને પોતાના સ્વરૂપમાં મનુષ્યભાવ આવે એટલે મહારાજ આવું વલણ રાખતા હશે ! આમ સમજીને આ સદ્ગુરુઓએ તો નક્કી કરી જ નાંખ્યું કે મહારાજના ભાઈઓના કુળમાંથી જ કોઈકની આચાર્ય તરીકે નિમણૂક કરીશું. પરંતુ આ વાત અત્યારે પડતી મૂકીએ.

થોડી વાર પછી મહારાજે કહ્યું : "કાલે સંતોની જે જાયગા છે તે ચોકમાં મંડપ કરાવજો. આપણે ચાતુર્માસના ઉત્સવો અને સભા હવે તે મંડપમાં કરીશું."

સંતો મહારાજની આજ્ઞા લઈને ઊઠ્યા.

સંતો ગયા અને તરત જ હરજી ઠક્કર હાંફળાં ફાંફળાં થઈને ઉતાવળા મહારાજ પાસે આવ્યા. મહારાજ તેમને જોઈ હસ્યા. મહારાજે પૂછ્યું :

---

૫૦. શ્રીહરિચરિત્રામૃતસાગર; પૂર-૨૮, તરંગ-૪૮.

"કારભારી ! કેમ કાંઈ મુઝવણમાં છો ?"

"મહારાજ ! મુઝવણ તો મોટી થઈ છે. ઉપાધિના ભણકારા વાગવા માંડ્યા છે. આજે કેટલાક દિવસથી આ ઉપાધિની વાતો મારે કાન આવતી હતી પણ મને મનાતું નો'તું." હરજી ઠક્કરે જાણે ફાળ પડી હોય તેમ વાત કરી.

તેમની આ લાંબી લાંબી વાત સાંભળી મહારાજ હસવા લાગ્યા. તેમણે કહ્યું : "પણ કારભારી ! શું ઉપાધિ આવી છે તેનો તો ફોડ પાડો. એટલે શું કરવું તેની ખબર પડે."

છે કોઈ માઈનો પૂત ભગુજીનું માથું લાવે એવો ?

કારભારીએ માંડીને વાત શરૂ કરી : "મહારાજ ! આપણું માંડવધાર અને ભડલીના ભાણખાચરનું રામપરા, તે બે વચ્ચે જે તકરારીયું ખેતર છે તેને માટે આજે વરસોથી તકરાર ચાલતી આવે છે. આ તકરારનો અંત આવતો નથી. આપણે એ ખેતર વાવીએ તો ભાણખાચરના માણસો તે લણી લે અને તે વાવે તો આપણે તેને ટાકરડી ભોં જેવું કરી દઈએ."

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. છતાં કારભારીએ મહારાજ સામું જોઈ તેમની વાત ચાલુ રાખી : "પણ દયાળુ ! હવે ભાણખાચર મમતે ચડ્યા છે. સાંભળ્યું છે કે તેમણે કાલે તેમની કચેરીમાં બીડું ફેરવ્યું અને બોલ્યા : 'છે કોઈ માઈનો પૂત ભગુજીનું માથું લાવે એવો !"

મહારાજને આ વાતમાં રસ પડ્યો. તેમણે પૂછ્યું : "એમ ? ભગુજીનું માથું ઉતારવું છે ?"

"હા, મહારાજ !" કારભારીએ કહ્યું.

"પણ ભગુજીનું નામ સાંભળતા ડાયરો આખો થીજી ગયો અને ભાણખાચરના અંતરમાં ઝાળ લાગી. બધા જાણી ગયા છે કે ભગુજીને કોનાં રખવાળાં છે !"

મહારાજે હસતાં હસતાં કહ્યું : "પણ પછી ડાયરામાંથી કોઈ માઈનો પૂત ઊભો થયો કે નહીં ?"

"હા, મહારાજ ! બે સંધી ઊભા થયા. સાંભળ્યું છે કે પૂરા સાત હાથ ઊંચા છે. પાડાની કાંધ જેવી તો તેમની ગરદન છે. શૂરવીર રાજપૂતને છાજે એવી પહોળી ઢાલ જેવી તેમની છાતી છે. હાથીની સૂંઢ જેવા હાથવાળા, ખુન્નસ ભરેલી લાલઘૂમ આંખોવાળા તે સંધીઓએ બીડું ઝડપી લીધું."

મહારાજ રસપૂર્વક કારભારીની વાત સાંભળતા હતા. પણ તેથી કારભારીની મુઝવણ વધી ગઈ કે આટલી વાત કરી તોપણ મહારાજ તો કાંઈ બોલતા જ નથી.

તે અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળે છે

મહારાજે પૂછ્યું : "કારભારી ! ભગુજીના માથાના બદલામાં શું સાટું કર્યું ?"

"મહારાજ ! ચાર કોસની વાડી બંને જણાને બાપના બોલે આપવાનું ભાણખાચરે વચન આપ્યું છે." કારભારી ઝડપથી બોલતા હતા, તેમનું શરીર ધ્રૂજતું હતું.

"ભાણખાચર ટેકીલા છે. કામ થાય તો આપી દે એવા છે. અમે એના એક વાર દર્શન કર્યાં હતાં." મહારાજે કહ્યું.

કારભારીને આ સાંભળી આશ્ચર્ય થયું ! આવા પાપીને મહારાજે કદાચ જોયો હશે પણ તેનાં 'દર્શન' કર્યાં હતાં એવું મહારાજ કેમ કહે છે ! તેમણે પૂછ્યું : "મહારાજ ! આપે એનાં દર્શન કર્યાં હતાં ?"

"હા, તે અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળે છે એવું જાણી તેનાં દર્શન અમે કરી લીધાં. પણ દાદાખાચરના દ્રોહી છે તેથી પાછું મોં ઉપર લૂગડું ઢાંકી દીધું હતું."

"પણ મહારાજ ! હવે કરવું શું ?" કારભારીએ પૂછ્યું.

મહારાજે કહ્યું : "સાંભળો, હરજી ઠક્કર ! તમારી મુઝવણ અમે જાણીએ છીએ. આપણા પચાસ પાર્ષદો ખેતર સાચવવા પડ્યા છે. ભાણખાચરના આ બે સંધી કે તેની સાથે આવતી તેની ઘસતનું કાંઈ ઉપજે એમ નથી. તમે નિરાંત રાખો, દાદાને અમારી પાસે મોકલો..."

હરજી ઠક્કર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ જાપ જપતા ગયા.

રામપરાની સીમમાં કજિયાવાળા ખેતરમાં લીલાછમ બાજરાનો મોલ ઊંટ ઓરાઈ જાય એવો ઊભો છે. હાથ હાથના ડૂંડા જોઈને ગમે તેવાની દાનત બગડે એવી એ લીલુડી ધરતીની કરામતે કજિયાનાં વિખ વાવ્યાં હતાં. ખબડ અને મતારો બંને ભાણખાચરના બસો માણસની ઘસત સાથે ત્યાં કેટલાય દિવસથી પડ્યા-પાથર્યા રહેતા હતા, પણ ભગુજી અને તેની સાથેના પચાસ પાર્ષદોની અખંડ ચોકીથી તેની કારી ફાવતી ન હતી. તેથી તે ઘણી વખત હાથ ઘસતો બેસી રહેતો. તેને મનમાં થતું કે લડવાની ચળ તો ઊભી કરી પણ લાગ આવતો નથી. આવું ચાલશે તો ભાણખાચરને મોઢું શું બતાવીશ ? એટલામાં તેણે

સાંભળ્યું કે પચાસમાંથી કેટલાક પાળાઓને કામ માટે ગઢડા બોલાવી લીધા છે. હવે ભગુજી સાથે ફક્ત દસ-બાર પાળાઓ જ છે. ભગુજી કેવા શૂરવીર છે તે તે જાણતો હતો. પણ ભગુજી કોણ છે તેની તેને ઓળખાણ ન હતી. તેણે મતારાને કહી દીધું : "આપણે હવે કાલે જ ત્રાટકવું છે. ભગુજીનું માથું લઈને ભાણખાચર પાસે જવું છે. ઘસતને કાને મૂંગે મોઢે વાત નાખી દ્યો."

મહારાજનું નામ એ જ તેની ઢાલ !

આમ, ખબડ અને મતારાએ નક્કી કરી લીધું. ભગુજીને પણ લાગ્યું કે પચાસમાંથી સાડત્રીસ પાળાને મહારાજે બોલાવી લીધા છે એટલે લાગ જોઈને સંધી જરૂર ત્રાટકશે. તેણે પણ તેના ભેરુઓને કહી દીધું : "આ સંધી લાગ ગોતતો આજે કેટલાય દિવસથી પડ્યો છે, પણ એની કારી ફાવતી નથી. આજે આપણા માણસો ગઢપુર ગયા છે એટલે તે તેની ઘસત લઈને ત્રાટકે પણ ખરો. માટે સૌ સાબદા રહેજો."

બેઠી દડીના અને ધીંગા શરીરના ભગુજીની ભેટે પૂરા પાંચ હાથ લાંબી ને ચાર આંગળના પાનાવાળી તલવાર લટકતી હતી. ઢાલની તેને જરૂર ન હતી. મહારાજનું નામ એ જ તેની ઢાલ હતી. તેના ભેરુઓને ભગુજીની તાકાતમાં વિશ્વાસ હતો. સૌને મહારાજનું બળ હતું. હોળીના ઘેરૈયાની જેમ રંગે રમવાનો ઉત્સાહ તેમના મોઢા ઉપર દેખાતો હતો. આ પાર્ષદોને હવે હાથમાં ચળ ઊપડી હતી, પટા ખેલવાની, રંગે રમવાની, ખબડ અને મતારાને પાણી બતાવવાની ! તેઓ હવે રાહ જોઈ રહ્યા હતા.

ગઢપુરમાં દાદાખાચર મહારાજ પાસે અક્ષર ઓરડીમાં પધાર્યા ત્યારે મહારાજે તેમને પૂછ્યું : "દાદા ! ભગુજીની ભેરે કોણ કોણ છે ?"

દાદાખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! માનોજી અને કેસરીજી."

આ સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ખરા, ખભે તેલ ભરેલ કોડિયું મૂક્યું હોય તેની વાટને વીંધી નાંખે પણ કોડિયાના તેલને ઢળવા ન દે તેવા શૂરવીર નિશાનબાજ ! બીજા કોણ ?" મહારાજે પૂછ્યું.

"રતનજી !"

"હા, એ પણ ભારે શૂરવીર. રણમાં પડે ત્યારે જેમ ભેંશને માદળામાંથી[૫૧]

---

૫૧. ઓછા પાણીવાળા તળાવમાં ભેંસો ભેગી થઈને બેસે તે; સૌરાષ્ટ્રની ભાષામાં તે જગ્યાને માદળું કહે છે.

છૂટી પાડે તેમ એક એકને છૂટા પાડીને વધેરી નાંખવામાં ભારે કુશળ ! બીજા કોણ છે ?'' મહારાજે ફરી પૂછ્યું.

''મિયાંજી અને લાખોજી.'' દાદાખાચરે કહ્યું.

''એ પણ ખરા નિશાનબાજ ! તેમનું નિશાન ખાલી જાય જ નહીં.'' મહારાજે કહ્યું અને પછી વળી પૂછ્યું : ''એ સિવાય કેટલા છે ?''

''મહારાજ ! બીજામાં વીરભદ્ર વીરોજી અને દેવોજી, ભીમોજી અને ગુમાનજી, બેચર ચાવડો અને ધનોજી તથા નથુજી.'' દાદાખાચરે કહ્યું.

મહારાજના મુખ ઉપર આનંદ હતો. તેમણે કહ્યું : ''તેરસોને ભારે પડે એવા આ તેર પાળા છે. પણ બીજા જેને આપણે બોલાવી લીધા છે તેને કાલે ત્યાં મોકલી આપો. ધિંગાણાના ઢોલ વાગી રહ્યા છે.''

અમારું રૌદ્ર સ્વરૂપ જોશે ત્યારે બધાને શૂરાતન ચઢશે

એટલું કહીને મહારાજે કહ્યું : ''અમારા માટે પણ બખતર તૈયાર રાખજો. ઢાલ, તલવાર અને ભાલો પણ સાથે રાખજો. અમારે પણ કાલે જવું છે.''

''અરે મહારાજ ! આપને તે કાંઈ જાવાનું હોય ? અમે બધા હજુ મરી પરવાર્યા નથી. આપના બળ ઉપર તો અમારે ઝઝુમવાનું છે.'' દાદાખાચરે કહ્યું.

''પણ અમારું રૌદ્ર સ્વરૂપ જોશે ત્યારે બધાને શૂરાતન આવશે. માટે બધું તૈયાર રાખજો.'' મહારાજે ભારપૂર્વક કહ્યું.

દાદાખાચર જાણતા હતા કે મહારાજ લીધી વાત મૂકે તેમ ન હતા. એટલે અત્યારે તો હા યે હા કહેવી. તેમણે કહ્યું : ''ભલે મહારાજ !'' એમ કહી તેઓ ગયા.

રામપરાના તકરારી ખેતરમાં ભગુજીની જે કુમક પડી હતી તે આખી રાત ચોકીમાં હતી. તેમને ખાત્રી હતી કે આજે યા કાલે સંધી હલ્લો કરવાનો જ. ભગુજીને શરીરે આજે જરા બેચેની હતી તેથી પરોઢિયે તેને નીંદર આવી ગઈ. પણ પ્રાગડનો દોરો ફૂટ્યો[૫૨] અને સૂરજદાદા માથે આવ્યા ત્યાં છેટે ધૂળની ડમરી ઊડતી દેખાણી. તરત જ ભીમાજીએ કહ્યું : ''ભગુજી ! ઊઠો. વાર આવતી લાગે છે.''

ભગુજી એકદમ બેઠા થઈ ગયા. કમરનો પટ્ટો ખેંચીને બાંધ્યો અને મ્યાનમાંથી તલવાર કાઢી, જાણે કાળકા જીભના લબરકા લેતી હોય તેમ સૂરજના તેજમાં ઓંછાયા પડછાયા પાડતી ભગુજીના હાથમાં શોભી રહી હતી !

૫૨. પ્રાતઃકાળનાં કિરણો દેખાયાં.

ભગુજીએ સૌને હાકલ કરતાં કહ્યું : "સાંભળો ભેરુઓ ! સામેવાળા ભરી બંદૂકે આવે છે. હમણાં ભડાકા કરશે. માટે આ નેરાની ભેખડની ઓથે સૌ સંતાઈ જાઓ. દુશ્મનો પાસે આવે એટલે વધેરવા માંડજો મારા બાપલા ! જેમ ડૂંડા લણે તેમ લણી લેજો !" ભગુજીના આ શબ્દોએ પાર્ષદોમાં ચેતન પૂર્યું. સૌ સરકતા નેરાની ભેખડની ઓથે સંતાઈ ગયા.

એટલામાં ખબડ અને મતારો આગળ આવતા દેખાયા. તેના દેશની જાતના ઘોડાને જોઈ ભગુજી મનમાં મલક્યા. તે ધીરેથી બોલ્યા : "શું જાનવર છે !" એટલામાં સાત હાથ પૂરો ખબડ, જમના દૂત જેવો, હાથમાં આઠ આંગળ પહોળા ખડગને ફેરવતો પાસે આવી ગયો. તેની પાછળ મતારો. પાછળ બસો જણાની કુમક. તેમણે જામગરી ભરેલી બંદૂકોના એકસામટા બાર કર્યા અને તરત જ તેરે તેર પાળા જમીન ઉપર સૂઈ ગયા. પહેલી જ કરામતે પાળાને જેર કરી દીધા તેના આનંદમાં ખબડ, મતારો ને તેના માણસો આગળ આગળ આવ્યા. એટલામાં તો 'જય સ્વામિનારાયણ', 'જય ઘનશ્યામ મહારાજ'ની ઘોષણા કરતા તેરે તેર પાળા કુમકમાં પડ્યા અને જાણે બાજરાના ડૂંડા લણતા હોય તેમ પટ્ટાબાજીના ખેલ ખેલતા કુમકના માણસોને વધેરવા માંડ્યા.

મતારા ! ભગુજીની ઢૂંકડો જતો નહીં, એ કાળ છે કાળ !

ખબડે આ જોયું. એટલે ત્રાડ પાડી બોલ્યો : "આમાં ભગુજી કયો છે ?"

તરત જ તલવાર ફેરવતા ભગુજીએ કહ્યું : "હું ભગુજી !"

બેઠી દડીના આ ધીંગા આદમીને જોઈ ખબડ ખડખડાટ દાંત કાઢવા માંડ્યો : "ભગુજી ! આજ તારું માથું જેમ ચાકડા ઉપરથી પિંડો ઉતારે તેમ ઉતારી લેવું છે. પણ પહેલો ઘા તું કર."

એટલે ભગુજીએ કહ્યું : "સંધી ! મારું માથું ઉતારવાના કોડ હોય તો પહેલો ઘા તું જ કરી લે, પછી તને અભરખો ન રહી જાય કે ભગુજી ભેટ્યા નહીં !"

આ સાંભળી તરત ખબડે તેના ઘોડાને કુંડાળે નાંખ્યો અને ભગુજીની નજીક આવી જોરથી તેના ખડગનો ભગુજી ઉપર ઝાટકો માર્યો. જનોઈ વાઢ ઘાથી ભગુજી ઘાયલ થઈ ગયા. શરીરમાંથી ધગધગ કરતી લોહીની ધારા નીકળવા માંડી. ભગુજીએ તરત જ માથેથી ફેંટો ઉતારી છાતી ઉપર મજબૂત બાંધી દીધો. તેમનો જમણો હાથ ખોટો પડી ગયો હતો. ડાબા હાથમાં તલવાર પકડી તેણે ત્રાડ મારતાં કહ્યું : "સંધી... ! હજુ અમારું પાણી તેં જોયું નથી, એમ

ઘા નો કરાય.'' એમ કહીને ભગુજીએ ખબડ ઉપર તલવાર ઉગામી. એટલામાં મિયાંજીએ પાછળથી તીર છોડયું તે ખબડના ઘોડાની આંખમાં પેસી ગયું. ઘોડો નીચે પડ્યો અને ભગુજીએ ડાબે હાથે 'જય સ્વામિનારાયણ'નો ઘોષ કરતાં ખબડ ઉપર તલવાર ઝીંકી અને જોતજોતામાં તેની તલવાર ખબડના શરીરના બે કટકા કરી ઘોડાના કાઠાની આરપાર નીકળી ગઈ ! ખબડ ત્યાં જ પડ્યો, પડતાં પડતાં તેણે ત્રાડ મારી : ''મતારા... ! ભગુજીની ઢૂંકડો જતો નહીં, કાળ છે કાળ !''

ભગુજીને આ શૂરાતનથી ચમક ચડી. તે હાથમાં તલવાર લઈ ઘસતમાં ઘૂમવા લાગ્યા. 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ'ના ઘોષ તેના મુખમાંથી નીકળતા હતા. બધા જ પાળા પણ એ મંત્ર જપતા લડતા હતા. પટ્ટાબાજ બેચર ચાવડા ભગુજીની આજુબાજુ રહી તેમની રક્ષા કરી રહ્યા હતા. ખબડને પડતાં જોઈ મતારો ભાગ્યો અને ઘસતમાં ભંગાણ પડ્યું. સૌ ભાગ્યા. એટલામાં ગઢડાથી બીજા પાળાઓની કુમક આવી પહોંચી. ભાગતા આદમીઓની પાછળ પડી તેમાંથી કેટલાકને તેમણે વધેરી નાંખ્યા. ભડલીની સીમમાં નીચા મુંડા કરી સૌ પેસી ગયા !

એલા, આ કોનું કાંડું કપાઈ ગયું ?

બધા જ પાળા ભગુજી પાસે આવ્યા. તે નીચે બેસી ગયા હતા. પણ ચમક લાગી હતી એટલે વારે વારે 'મારો, કાપો' કહી બેઠા થઈ જતા હતા. તેમના શરીર ઉપર અઢાર ઘા પડ્યા હતા. મહારાજને ગઢડે ખબર મોકલાવી. તરત જ મહારાજે માણસો મોકલ્યા.

ભગુજીને ખાટલે સુવારી લોહીલુહાણ જવાનો રંગે રમ્યાનો આનંદ માણી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં કોઈનું કાંડું જમીન ઉપર પડ્યું હતું. રતનજીએ તે ઉપાડ્યું અને પૂછ્યું : ''એલા, આ કોનું કાંડું કપાઈ ગયું ?''

તે સાથે ચાલતા હમીરજીએ કહ્યું : ''તમારું જ વળી, બીજા કોનું હોય ?''

રતનજીએ તરત તેનો હાથ જોયો. તે હસ્યા અને કાંડું જમીનમાં દાટી તે ઉપર ધૂળ વાળી દીધી.

મહારાજ ભગુજીની સારવાર કરે છે

ઘવાયેલા શૂરવીરો જીત કરીને ગઢપુરમાં આવ્યા. મહારાજે દરેકને ખાટલે સુવાડ્યા. સૌની સેવામાં બબ્બે પાર્ષદો રાખ્યા. ભગુજીની સેવામાં ચાર પાર્ષદો

રાખ્યા. તેમને પડદે રાખવા પડ્યા. કારણ તેમને શૂરાતનની ચમક ચડી હતી. તેથી તેમના કાને કોઈ અવાજ પડે એટલે તરત જ તે બેઠા થઈ જતા. એટલે મહારાજે ઢોલ, નગારાં, શરણાઈ, શંખ, ઝાલર કે બીજાં વાજિંત્રો આરતી સમયે પણ વગાડવાની મનાઈ કરી દીધી. ભગુજીના ઘા ઉપર પોતે જ માથે ઊભા રહી ટાંકા લેવરાવ્યા અને પાટો બંધાવ્યો. પછી તેમના આખા શરીરે મહારાજે હાથ ફેરવ્યો. દાદાખાચર પાસે જ ઊભા હતા. તેમની આંખોમાં આંસુ હતાં. તેમણે કહ્યું : "મહારાજ ! આપના આ લાડીલા ભક્તો મારા એક નમાલા ખેતર માટે આમ ઘવાયા ! મને એક મોટું લાંછન લાગ્યું છે."

મહારાજે તેમને શાંત કર્યા. પછી કહ્યું : "દાદા ! તમે તો બધું અમને સોંપી દીધું છે, તો તમારું ખેતર એમ કેમ કહો છો ? બધી અમારી જ મિલકત છે ને તે સાચવવા અમારા પાર્ષદો ઘવાય તેમાં ખોટું શું થઈ ગયું ?"

દાદાખાચર કાંઈ બોલી શક્યા નહીં.

ત્રણ-ચાર દિવસ થયા અને ભગુજીના તથા બીજા પાળાઓના ઘા રુઝાવા લાગ્યા. મહારાજ બે વખત સૌને જોવા પધારતા, સૌને શરીરે હાથ ફેરવતા, તેમની સેવા બરોબર થાય છે કે નહીં તે પૂછતા. મહારાજને નિરાંત થઈ કે ધિંગાણું ભલે થયું પણ ભાણખાચરને પાઠ ભણાવી દીધો. હવે ફરી કોઈ વાર મમતે ચડશે નહીં.

મહારાજ ! ગજબ થઈ ગયો !

ત્યારપછી બીજે દિવસે મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજ્યા હતા ત્યાં અચાનક નિત્યાનંદ સ્વામી આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! ગજબ થઈ ગયો ! ભગુજીના બધા જ ટાંકા ઉવળ્યા છે અને આખે શરીરે કાળી બળતરા ઉપડી છે. આપ જલદી પધારો."

આ સાંભળી મહારાજ એકદમ ઊઠ્યા અને નિત્યાનંદ સ્વામી સાથે ભગુજી પાસે ગયા. તેમણે ભગુજીને માથે હાથ મૂક્યા. મહાશૂરવીર ભગુજી કારમી બળતરાની વેદના દબાવીને સૂતા હતા, પરંતુ તેમના મોં ઉપર એ વેદનાની છાંય હતી. મહારાજે પૂછ્યું : "ભગુજી ! કેમ છે ?"

તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! હવે ધામમાં મોકલી દ્યો."

આ સાંભળી મહારાજ ઉદાસ થઈ ગયા. તેમણે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : "આ બન્યું કેવી રીતે ? આજે પાટો બદલાવ્યો હતો ?"

નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "હા મહારાજ ! આજે જ પાટો બદલાવ્યો છે."

મહારાજે કહ્યું : "તે વાળંદને બોલાવો."

તરત જ બે પાર્ષદો ગયા અને વાળંદને મહારાજ પાસે લઈ આવ્યા. મહારાજના મુખનો ભાવ જોઈ તે વાળંદ ગભરાઈ ગયો. તેણે હાથ જોડી દીધા. મહારાજે તેને સખતાઈથી પૂછ્યું : "પાટો આજે તેં બદલ્યો હતો ?"

"હા મહારાજ !" તેણે મુઝાતાં મુઝાતાં કહ્યું.

મહારાજે તરત જ તેને કહ્યું : "આ પાટો હમણાં ને હમણાં કાઢી નાંખ અને અમને કહે કે તેમાં શું નાંખ્યું હતું ?"

તે ધ્રૂજવા લાગ્યો. તેણે કહ્યું : "મહારાજ ! જીવતદાન આપો, દયાળુ ! તમારી ગા છું. મને તો જીવા બાપુએ ચડાવ્યો અને એક કોસની વાડીની જમીન આપવા લાલચ આપી એટલે મેં તેમાં કબૂતરની ચરક નાંખી હતી."

મહારાજ આ સાંભળી હતાશ થઈ ગયા ! તેમને થયું, આટલો સત્સંગ કર્યો, અમારો સંબંધ કર્યો, છતાં વેરઝેરના ભાવ આટલે હદ સુધી ! જીવનો સ્વભાવ જ એવો છે કે ઈર્ષા, માન અને લોભમાં ખુવાર થઈ જાય પણ આ દિવ્ય સત્સંગનો રંગ ચડવા ન દે.

વાળંદે પાટો ઉખેળ્યો. મહારાજે તે ફેંકાવી દીધો. મહારાજે પાર્ષદોને કહ્યું : "આને કાંઈ પણ અડપલું કરશો નહીં, પણ મંદિરમાં રહેવા દેશો નહીં." એમ કહી નિત્યાનંદ સ્વામી પાસે ફરી પાટો બંધાવ્યો.

સ્વામીએ પાટો બાંધતાં બાંધતાં કહ્યું : "મહારાજ ! આજ ગામમાં નગારાં વગડાવ્યાં, ઝાલરું વગડાવી અને રીડિયા અને કિકિયારા થયા એટલે ભગુજીને ચમક ચડી અને ઊભા થઈ ગયા. એટલે ટાંકા તૂટી ગયા અને નવો પાટો બાંધવો પડ્યો."

મહારાજે પૂછ્યું : "કોણે આ શોરબકોર કરાવ્યો ?"

કોઈ કાંઈ ન બોલ્યું. મહારાજ સમજી ગયા !

ગમે તેમ કરો પણ ભગુજીને બચાવો

એટલામાં બેચર ચાવડાએ કહ્યું : "મહારાજ ! ગમે તેમ કરો પણ ભગુજીને બચાવો, નહીં તો કહેણી રહી જશે."

મહારાજ આ સાંભળી ગંભીર થઈ ગયા ! થોડી વારે તેમણે કહ્યું : "સ્વામી ! ભગુજીનું આયુષ્ય આજે પૂરું થાય છે. પણ કાળને અમે થંભાવીશું."

એમ કહી મહારાજે કહ્યું : "મોટાભાઈને બોલાવો."

તરત જ સચ્ચિદાનંદ સ્વામીને બોલાવ્યા. તેમણે મહારાજને દંડવત્ કર્યા. મહારાજે તેમને કહ્યું : "મુનિવર ! આજે તમારે અહીં ચોકીમાં બેસવાનું છે, કાળ આવશે તેને કાઢવાનો છે."[૫૩]

તરત જ મુનિ બોલ્યા : "અરે મહારાજ ! આપનું નામ પડે ત્યાં કાળનો શું ભાર છે કે આવી શકે ? એ તો આપની ઇચ્છા હોય તો જ તેનાથી અવાય."

મહારાજ પછી થોડી સૂચના આપીને અક્ષર ઓરડીમાં પધાર્યા.

આ પાર્ષદોને પહેલાં જમાડીશું, તેમાં જ અમારી તૃપ્તિ છે

થોડા દિવસે ભગુજીને એકદમ સુવાણ થઈ ગઈ. બીજા ઘવાયેલા પાળાઓ પણ બધા સાજા થઈ ગયા. મહારાજે તેમને બધાને દૂધથી નવરાવ્યા. તે દિવસે દરબારમાં કંસાર, રોટલીની રસોઈ કરાવી અને મહારાજ પંડે જમ્યા પહેલાં આ બધા પાર્ષદોને પીરસવા પધાર્યા. તે વખતે નિત્યાનંદ મુનિએ કહ્યું : "મહારાજ ! પ્રથમ આપ જમી લ્યો. પછી પીરસવા પધારો."

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! આજ તો આ પાર્ષદોને પહેલાં જમાડીશું, તેમાં જ અમારી તૃપ્તિ છે."

સ્વામીની આંખોમાં આંસુ આવી ગયાં. તેમને લાગ્યું કે આવા ભક્તવત્સલ ભગવાન પૃથ્વી ઉપર કદી પ્રગટ થયા નથી. મહારાજે પાર્ષદોને સારી રીતે પીરસીને જમાડ્યા. પછી પોતે હાથ ધોઈ અક્ષર ઓરડીમાં જમવા પધાર્યા.[૫૪]

ભગુજીના શૌર્યની ગાથા ભાવનગર દરબાર વજેસિંહની કચેરીમાં પહોંચી ગઈ. સ્વામિનારાયણ ભગવાનના દરબારમાં આવા શૂરવીર નરરત્નો છે તે સાંભળી વજેસિંહ બાપુને આશ્ચર્ય થયું ! પોતાની આરબની બેરખને અગાઉ ગઢડામાંથી જ ભાગવું પડ્યું તે આવા શૂરવીર ભક્તિનિષ્ઠાવાળા નરરત્નોની મરદાનગીને આભારી હતું. તેની તેમને પ્રતીતિ થઈ. તેમને ભગુજીને મળવાની ઇચ્છા થઈ. તે સમયે કાંઈક પ્રતિકૂળતાને લીધે તે વાત તેમને પડતી મૂકવી પડી.

✧

---

૫૩. सोऽथ कालाऽगमं ज्ञात्वा सच्चिदानंदयोगिनम् ।
तनगर्भागारसुद्धारे तद् गुप्त्यर्थं व्यतिष्ठितम् ॥
— દુર્ગપુર માહાત્મ્ય; પ્રકરણ-૨, અધ્યાય-૫૭.

૫૪. આ ધિંગાણું આ.સં. ૧૮૮૨ના શ્રાવણ સુદ ૭ને દિવસે થયું હતું.

ગઢપુરમાં મહારાજે આ.સં. ૧૮૮૨ના જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. તેમજ જળઝીલણી અને દશેરાના ઉત્સવો પણ કર્યા. દિવાળી તથા અન્નકૂટના ઉત્સવ કરવા મહારાજને વરતાલ જવું હતું. તેથી મહારાજે શરદોત્સવ પછી સૌને કહ્યું : "અમે દિવાળી તથા અન્નકૂટ વરતાલમાં કરીશું. માટે સૌ સંતો-હરિભક્તોએ વરતાલ આવી જવું." એટલું કહીને મહારાજે જે જે ભક્તો તથા સંતમંડળો આવ્યાં હતાં તેમને ગઢપુરથી રવાના કર્યાં.

કારિયાણીમાં શ્રીહરિ

દિવાળીના આડા આઠ દિવસ રહ્યા ત્યારે પોતાના મુખ્ય સંતો, પાર્ષદો તથા હરિભક્તોને લઈને મહારાજ કારિયાણી જવા તૈયાર થયા. દાદાખાચર તથા જીવુબા, લાડુબા વગેરેને સપરિવાર કારિયાણી આવવાનું કહ્યું. ત્યાંથી વરતાલ જવાનું હતું. તેથી તે પ્રમાણે તૈયારી કરીને કારિયાણી આવવાની સૂચના આપી મહારાજ ગઢપુરથી નીકળી ગયા.

મહારાજ પધાર્યા એટલે વસ્તાખાચરને આનંદ થયો. મહારાજના સ્વરૂપમાં તેમને બુદ્ધા ધાધલના શબ્દોથી મનુષ્યભાવ આવ્યો હતો. પરંતુ મહારાજની વાતોથી તેમના અંતરમાંથી તે ભાવ તદ્દન નીકળી ગયો હતો. મહારાજ પ્રત્યેના દિવ્યભાવના ભાવથી હવે તેમનું અંતર સભર ભર્યું હતું. મહારાજને પણ પોતાના સ્વરૂપના દિવ્યભાવની દૃઢતા વિશેષ કરાવવાની ઈચ્છા હતી. જેથી અશુભ દેશકાળ કે અસત્ પુરુષના સંગે પોતાના સ્વરૂપમાં ફરી તેમને ભ્રાંતિ ન પડે.

મહારાજની આજ્ઞા હતી એટલે ગઢપુર આજુબાજુ જે સંતમંડળો ફરતાં હતાં તે બધાં કારિયાણી આવી ગયાં. મહારાજ પધાર્યા અને મંચ ઉપર બિરાજ્યા. દીપની શોભા જોઈ મહારાજને આનંદ થયો.

હરિભક્તોનું પણ આપણે ધ્યાન રાખવું

મહારાજ સભામાં બિરાજ્યા પછી સંતમંડળોને ઉદ્દેશીને વાત કરી : "સંતમંડળોએ પોતાના મંડળમાં પાંચ-પાંચ સંતો રાખવા. એક ગામમાં એકસાથે બે મંડળોએ ન જવું, જેથી હરિભક્તો ઉપર વધુ ભીડો ન પડે. હવે આપણો સત્સંગ વધતો જાય છે. નાનાં-મોટાં મંદિરો થતાં જાય છે. તે તમામનો ખર્ચ હરિભક્તો ઉપર જ છે. એટલે હરિભક્તોનું પણ આપણે ધ્યાન રાખવું. વાતચીતે

કરીને આપણે તેમની સેવા કરવી, જેથી તેમના હૃદયમાં સત્સંગ દૃઢ થતો જાય. દેશકાળ જોઈને વાત કરવી. જે સંત જેવી વાત કરે તે ઉપરથી તેમની મોટપનો, સ્થિતિનો ખ્યાલ આવે. વાતો કરવી તેમાં હરિભક્તોનું અને વાતો કરનાર સંતનું બન્નેનું શ્રેય છે.''

એટલી વાત કરીને મહારાજે કહ્યું : ''જુઓ, આ વસ્તા બાપુના દરબારમાં આપણે દિવાળીના અને અન્નકૂટના ઉત્સવ કેટલાય કર્યા. તેઓ આ બધી સેવા કરી ભીડો સહન કરે છે, કારણ કે તેમના અંતરમાં સત્સંગની દૃઢતા છે. એમ જ્યારે સત્સંગની દૃઢતા હરિભક્તોના અંતરમાં થાય, ત્યારે કોઈ પ્રકારની સેવામાં તેમનું અંતર પાછું ન પડે. આ સમયમાં જેમને આવો દિવ્ય સત્સંગ પ્રાપ્ત થયો છે તેના ભાગ્યનો પાર નથી.''

એટલામાં થાળ તૈયાર થયો તેથી મહારાજ જમવા પધાર્યા.

ઉદ્‌ગીથ ૮



વરતાલમાં દીપોત્સવ

(આ.સં. ૧૮૮૨, ઈ.સ. ૧૮૨૫)

સંઘ સાથે મહારાજ કારિયાણીથી નીકળી રોજકા પધાર્યા. અહીં સરોવરની પશ્ચિમ બાજુમાં ઉતારો કર્યો. ત્યાંના ક્ષત્રિય હરિભક્ત કાકાભાઈ તથા માનભાઈ મહારાજ પધાર્યા તેથી ધન્ય બની ગયા ! મહારાજ તથા સંઘની સર્વ પ્રકારે સેવા-સરભરામાં જોડાઈ ગયા. કણબી હરિભક્તો હતા તે બધા સીધાની સામગ્રીઓ તૈયાર કરવામાં ગૂંથાઈ ગયા. વિપ્ર હરિભક્તોમાં મશરૂ ગોર, તેમનો પુત્ર અને ભાઈ તેમજ બીજા પ્રશ્નોરા વિપ્રો રસોઈ કરવા લાગી ગયા. ચારણો તેમની ચારણી રીત પ્રમાણે આંટા ફેરામાં અને વાતો કરવામાં સંઘની સેવા કર્યાનો આનંદ માણવા લાગ્યા.

રોજકામાં જમીને મહારાજ નીકળ્યા અને ગાંફ પધાર્યા. ગાંફના દરબાર મનુભા મહારાજ સન્મુખ આવ્યા. શ્રીહરિ તેમની પ્રાર્થના સ્વીકારી ત્યાં રાત રહ્યા.

સવારે ગાંફથી નીકળી કમિયાળા થઈને ભોળાદ પાસે ભોગવતી નદી ઊતર્યા. અહીં ભોળાદના તળાવમાં અશ્વોને પાણી પાયું. કેટલાક સંતો, હરિભક્તોએ સરોવરમાં સ્નાન પણ કરી લીધું.

અહીંથી મોટી બોરુ થઈને વારણા પધાર્યા. અહીં સરોવર પાસે મુકામ કર્યો. ત્યાં સૌએ ટીમણ કર્યું. પછી ત્યાંથી ચાલ્યા તે ગલિયાણા થઈ વરસડા આવ્યા. અહીંના પાટીદાર હરિભક્તોએ સંઘને રોક્યો. કંસારની રસોઈ કરાવી સૌને જમાડ્યા.

બીજે દિવસે વરસડાથી સીંજીવાડા, ગાડા થઈને સોજિત્રા પધાર્યા. અહીંના હરિભક્તોએ શ્રીહરિને સંઘ સાથે રોકાઈ જવા બહુ જ આગ્રહ કર્યો, પરંતુ મહારાજે કહ્યું : "આજે અમારે વડતાલ પહોંચવું છે."

સોજિત્રાથી મહારાજ વરતાલ પહોંચ્યા.

વરતાલમાં

મહારાજ વરતાલ પહોંચ્યા ત્યારે દેશદેશના હરિભક્તો અને તે તે પ્રદેશમાં ફરતાં સંતમંડળો વરતાલ આવી રહ્યાં હતાં. મહારાજ સંધ્યા સમયે મંદિરમાં પહોંચ્યા અને તરત જ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શને પધાર્યા. માધવાનંદ સ્વામી આરતી કરવાની તૈયારીમાં જ હતા, પરંતુ મહારાજની રાહ જોતા હતા. મહારાજ પધાર્યા અને તેમણે આરતી શરૂ કરી. મહારાજ લક્ષ્મીનારાયણ દેવ સામું સ્થિર દૃષ્ટિથી જોતા ઊભા હતા. આરતી પૂરી થઈ, ધૂન્ય થઈ, અષ્ટક બોલાયા ત્યાં સુધી મહારાજ એ જ રીતે ઊભા રહ્યા. પછી લક્ષ્મીનારાયણ દેવને દંડવત્ કરી મહારાજ પ્રદક્ષિણામાં પધાર્યા. અહીં પાટ ઢળાવી, ગાદી-તકિયા નાંખી મહારાજ માટે બેઠક તૈયાર રાખી હતી. મહારાજ તે ઉપર બિરાજ્યા. પાછળ ત્રણ-ચાર મશાલો બળતી હતી. શીતળ અને શાંત એવા અક્ષરધામના તેજપુંજમાં બિરાજેલા મહારાજનાં દર્શન મશાલોના તેજથી સૌને થતાં હતાં. અક્ષરના તેજને પોતે ઢાંકી રાખ્યું હોય પછી અક્ષર પોતાની મૂર્તિ ભેળા કેમ ભાસે ? મશાલના પ્રકાશમાં મહારાજનાં દર્શન કરતાં સૌ કૃતકૃત્ય થઈ ગયા.

દિવાળીનો ઉત્સવ

દિવાળી આવી. સૌ આનંદમાં હતા. દિવાળીની રાત્રીએ સંતો ઉત્સવનાં પદો બોલવા લાગ્યા. હરિભક્તોએ આવીને મહારાજની પૂજા કરી.

અન્નકૂટના દિવસે ચાંગાના પાટીદાર હરિભક્ત કુબેરદાસનાં માતા બહેનજીબાએ અન્નકૂટ કરાવ્યો હતો. વર્ણીએ વિવિધ પ્રકારનાં પકવાનો તથા મેવા-મીઠાઈ અન્નકૂટમાં ધરાવ્યાં હતાં. મહારાજે પ્રથમ ગોવર્ધન પૂજા કરીને અન્નકૂટની આરતી ઉતારી. પછી થોડી થોડી પ્રસાદી જમીને મહારાજે સંતોની પંક્તિમાં પાંચ વાર ફરીને ખૂબ પીરસ્યું. રાત્રે મંદિર પાછળ ચોતરા ઉપર બિરાજ્યા. ત્યાં સભા થઈ. મધ્યરાત્રી સુધી સંતોએ કીર્તનો ગાયાં. પછી મહારાજ પોઢવા પધાર્યા.

મહારાજ દરરોજ મંદિરમાં સભા કરતા. એક દિવસ મહારાજે સભાને સંબોધતાં કહ્યું : "આપણે અહીં પ્રબોધિની એકાદશીનો ઉત્સવ દર વર્ષે કરીએ છીએ. તે પ્રસંગે સૌ હરિભક્તોને આવવાનું આમંત્રણ મોકલીએ છીએ. પરંતુ હવે સૌ હરિભક્તોએ અહીં પ્રબોધિની અને હરિનવમીના ઉત્સવ ઉપર વગર

આમંત્રણે આવી જવું. અહીં મંદિર થયું, લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, એટલે આ બે શુભ દિવસોએ આપણા આ મંદિરના સમૈયા !"

કાર્તિક સુદ એકાદશીને દિવસે[૫૫] મંદિરના પાછળના પ્રાંગણમાં વિશાળ મંડપ બંધાઈ ગયો. મહારાજના નિવાસ માટે હરિમંડપ તૈયાર કર્યો હતો. છતાં મહારાજને વાસણ સુથારનું ઘર ગમી ગયું હતું. તેથી તેઓ ત્યાં જ ઊતર્યા હતા. મહારાજ સંતોની સાથે મંદિરમાં પધાર્યા અને દેવોનાં દર્શન કરી સીધા મંડપમાં પધાર્યા. સંતો, હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. તે દિવસે એકાદશીનું જાગરણ સૌએ કર્યું. કીર્તન-ભક્તિમાં રાત્રી વીતી ગઈ. સૌ આનંદવિભોર બની ગયા.

બારસે સવારે સૌને મિષ્ટ ભોજન જમાડી પારણાં કરાવ્યાં. હજુ પૂર્ણિમાનો ઉત્સવ અહીં જ કરવાનો હતો. ભક્તિમાતાનો જન્મોત્સવ તે દિવસે ઉજવવાનો હતો. તેથી આ પ્રસંગે આવેલા સંતો-હરિભક્તો તે ઉત્સવની રાહ જોતાં મહારાજની સાન્નિધ્યમાં રહી ગયા.

આ પ્રબોધિની ઉત્સવ ઉપર ધોલેરાથી દરબાર પૂંજાભાઈ આવ્યા હતા. તેમણે મહારાજને વિનંતી કરતાં કહ્યું : "ધોલેરામાં મંદિરના ગણેશ તો મંડાયા છે, પરંતુ કોઈ મોટેરા સંત - મહંત તરીકે જો મોકલો તો કામ જલદી ઊપડે."

મહારાજને તેમની વાત વાજબી લાગી. મહારાજે સભામાં જ ટેલ નાંખી : "ધોલેરામાં મંદિર થાય છે તેના કોઈ મહંત થવા તૈયાર છે ?"

પરંતુ કોઈ કાંઈ બોલ્યા નહીં. તે વખતે સભામાં મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી બીમાર હોવાથી હાજર ન હતા. હાલમાં જે પ્રસાદીનો કોઠો છે[૫૬] તેમાં આ બંને સદ્‌ગુરુ સૂતા હતા. અહીં નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આવ્યા અને તેમણે મહારાજે સભામાં જે ટેલ નાંખી હતી તે વાત કરી. તેથી અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! જો કોઈ જવા તૈયાર ન હોય અને મહારાજનું વચન હેઠું પડતું હોય તો હું જવા તૈયાર છું. પણ મારી સાથે બીજા કોઈ આવશે નહીં. કારણ ધોલેરાનું પાણી ખારું છે, તેથી ત્યાં કોઈને ફાવે તેવું નથી."

તેમની આ વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી

---

૫૫. વરતાલના વચનામૃતની શરૂઆત થઈ.

૫૬. *પૂર્વ કોઠા માંહી રહેતા મુક્તાનંદ, રહેતા ઉર ધારી આનંદ;*
ઘણી વાર તહા ઘનશ્યામ, પોતે વિચર્યા છે પૂરણકામ.
— શ્રીહરિલીલામૃત; કળશ ૧, વિશ્રામ ૧૬-૩૧.

અદ્‌ભુતાનંદ સ્વામીને લઈને સભામાં આવીને બેઠા. મહારાજે તરત જ અદ્‌ભુતાનંદ સ્વામી તરફ દૃષ્ટિ કરી અને તેમને પૂછ્યું : "સ્વામી ! ધોલેરા મંદિરમાં કોઈ મહંત થવા તૈયાર થતા નથી, તો તમે જાવ."

અદ્‌ભુતાનંદ સ્વામીએ તરત જ ઊભા થઈને બે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞા છે એટલે હું મહંત તરીકે જવા તૈયાર છું."

મહારાજ તેમની આજ્ઞાપાલનની તીવ્રતા જોઈ તેમના ઉપર એકદમ પ્રસન્ન થઈ ગયા અને પોતે આસન ઉપરથી ઊઠીને, પોતે માથે પહેરેલું મહામોંઘું સોનેરી મોળિયું ટોપી સાથે તેમને માથે મૂક્યું અને બુરાનપુરી કિંમતી શેલું પોતે કેડે વીંટ્યું હતું તે પણ તેમને ઓઢાડ્યું. વળી, પોતે જે શાલિગ્રામની નિત્ય પૂજા કરતા, તે શાલિગ્રામ પણ પૂજવા આપ્યા. આ રીતે મહારાજ તેમના ઉપર અતિ પ્રસન્ન થયા અને સાધુ હોવા છતાં તેમને કીમતી મોળિયું અને શેલું પહેરાવ્યાં.[૫૭] ત્યારબાદ ભાઈ આત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને ત્યાગાનંદ સ્વામીએ પણ તેમની સાથે જવાની હા પાડી.

વરતાલમાં કાર્તિક પૂનમનો ઉત્સવ

વરતાલ ગામમાં ભક્તોની ભીડ જામી. મહારાજે કહ્યું : "આપણે સૌ આંબાવાડિયે જઈએ, ત્યાં આંબા નીચે ઉતારા સૌને કરાવીએ અને સભા પણ ત્યાં જ ગોઠવીએ." તે પ્રમાણે બધી વ્યવસ્થા ત્યાંના ભક્તોએ કરી દીધી.

એક મોટા આંબા નીચે મહારાજ માટે પાટ ઢાળી દીધી. તે ઉપર મશરૂનાં ગાદલાં બિછાવ્યાં. મશરૂના તકિયા ગોઠવ્યા. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. સૌ સંતોને મળ્યા. વૃદ્ધ સંતોને મહારાજ ભેટ્યા અને તેમનો થાક ઉતારી દીધો.

વરતાલના ભક્તોએ સૌ સંઘ માટે ભોજનની વ્યવસ્થા કરી રાખી હતી. ગંગામાની રસોઈના મહારાજ બહુ જ વખાણ કરતા. ગંગામા પણ જ્યારે

---

૫૭. 'અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવનચરિત્ર'; સંપાદક, સંશોધક અને પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ, સં. ૨૦૨૯, સન ૧૯૭૭. શા. હરિજીવનદાસ લખે છે કે અદ્‌ભુતાનંદ સ્વામીએ પ્રસાદીનું મોળિયું હતું તે તેમની સાથે આવેલા વીસ સંતોમાં કટકા કરી વહેંચી આપ્યું હતું. શેલું સેવકોને પૂજા વહેંચતી વખતે સજ્જામાં પધરાવ્યું. ટોપી હતી તે સ્વામી કૃષ્ણજીવનદાસ પાસે આવી અને શાલિગ્રામ તેમની પાસે આવ્યા પરંતુ તે ભંડારમાંથી ચોરાઈ ગયા. આમ, શિષ્ય પરંપરામાં તેમની પાસે એક પણ સંભારણું રહ્યું નહીં.

મહારાજને જમાડતાં ત્યારે પોતાના એકના એક દીકરાને જમાડતાં હોય તેવા વહાલથી જમાડતાં. કેટલીક વખત આગ્રહ કરી મોઢામાં કોળિયા મૂકતાં પરાણે જમાડતાં. એટલે જ મહારાજ તેમને 'મા' કહેતા.

મહારાજ જમી રહ્યા પછી આંબા નીચે પધાર્યા. મશાલો અને દીવાથી ત્યાં પ્રકાશનો ઝગમગાટ થઈ ગયો હતો. અર્ધી રાત્રી સંતો સાથે પ્રશ્ન-ઉત્તરમાં વીતી ગઈ. પછી મહારાજ પોઢવા પધાર્યા.

પૂર્ણિમાની સવારે પ્રાતર્વિધિથી પરવારી મહારાજ સીધા વનરાયની ઘટામાં જ્યાં સભાસ્થાન હતું ત્યાં પધાર્યા. સંતો પણ મહારાજ સાથે જ આવી ગયા. હરિભક્તો બાલ, વૃદ્ધ, યુવાન સર્વે મહારાજની પ્રતીક્ષા કરી રહ્યા હતા. સ્ત્રીઓ મહારાજનાં દર્શનની આતુરતામાં અકળાતી ચંચળ નેત્રે મહારાજની આવવાની દિશા તરફ મીટ માંડી રહી હતી.

તારું છોગું આવીને મારા ચિત્તમાં વસ્યું

એટલામાં મહારાજ પધાર્યા. સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કરમાં રૂમાલ ધારણ કર્યો હતો, મસ્તક ઉપર શ્વેત પાઘ પહેરી હતી. પાઘનું ફરફરતું છોગું અનેકનાં ચિત્તને આકર્ષી મહારાજની મોહક મૂર્તિની અંતરમાં સ્મૃતિ કરાવતું હતું. 'સહજાનંદ સ્વામી'ની જયનો ઘોષ થયો. સૌ ઊભા થયા. મહારાજે પણ પાટ ઉપર બિરાજી ભક્તોને સ્મિતભરી દૃષ્ટિથી પાવન કર્યા. આ દૃષ્ટિએ અનેકનાં અંતર દિવ્ય આનંદમાં તરબોળ કરી દીધાં. એ સસ્મિત દૃષ્ટિ પોતાના ઉપર જ સદા રહે તેવી ભાવનાથી સ્થિર નેત્રે મહારાજનાં દર્શન કરી રહ્યા હતા.

ત્યાં સભામાં બ્રહ્મમુનિનો પહાડી સૂર સંભળાયો :

તારું છોગું મારે આવીને ચિત્તમાં રહ્યું.

જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું...તારું
સુંદર શ્યામ સોહાગી તારું મુખ નીરખીને દુઃખ દૂર થયું...તારું
આનંદ સહિત થયું સુખ અંતર, એક જીભે નવ જાય કહ્યું...તારું
બ્રહ્માનંદ કહે એ છોગા સારુ, લોકડિયાનું અમે મેણું સહ્યું...તારું

દુક્કડ અને સરોદના સૂર સાથે બ્રહ્માનંદ સ્વામીના શબ્દોએ જાદુ કર્યું. સૌની દૃષ્ટિ મહારાજની પાઘના છોગા ઉપર સ્થિર થઈ ગઈ. મહારાજે પણ પાઘના છોગા ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું : "છોગું ઉપર છે અને સ્વરૂપ નીચે છે. છોગું જડ છે ને સ્વરૂપ ચૈતન્ય છે."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! બધું જ ચૈતન્ય. ચૈતન્યના સંબંધે બધું જ ચૈતન્ય, દિવ્ય, મધુર !"

મહારાજ હસ્યા. બ્રહ્માનંદ સ્વામી પણ રંગમાં આવી ગયા.

તારું મોલીડું જોઈ હું તો ઘેલી થઈ.
મોંઘા મૂલનું નૌતમ મોલીડું, નવલ કલંગી શિર ઝૂકી રહી...તારું
ભૂધર તારું મોલીડું ભાળી, ઘાયલ થઈને સૂધ ભૂલી ગઈ...તારું
ઔષધ મૂળી અંગ ન લાગે, ફૂટી ફૂટીને થાક્યા વૈદ કંઈ...તારું
બ્રહ્માનંદના નાથ ન મેલું, શિરને સાટે મેં તો કીધું સઈ...તારું

મહારાજના અંગ ઉપરનાં વસ્ત્રો, આભૂષણોની દિવ્યતા, તેની મોહિની બ્રહ્માનંદ સ્વામીના અંતરને ભેદી રહી હતી. અંતર નિચોવીને સ્વામી ગાતા હતા. હરિભક્તો, સંતો બધા જ સ્થિર થઈ ગયા હતા તે આ દિવ્યતાના પ્રસારણથી ચૈતન્યમય બની ડોલવા લાગ્યા. સ્વામીએ કીર્તન પૂરું કર્યું અને મહારાજ તેમની પ્રેમભક્તિથી ભીના બની બોલ્યા : "સાંભળો, સૌ સંતો ! હરિભક્તો ! ભગવાનના સ્વરૂપનો જ્યારે આત્મામાં સાક્ષાત્કાર થાય ત્યારે તે સ્વરૂપના દિવ્ય આનંદની અનુભૂતિમાં જગત વીસરાઈ જાય. તે સ્વરૂપની આજે તમને પ્રાપ્તિ થઈ છે. તે સ્વરૂપને વેદ નેતિ નેતિ કરી ગાય છે, કારણ કે તે અતિ અપાર છે, પર થકી પર જે અક્ષર તેથી પણ તે પર છે. આ પૂર્વે અનેક અવતારો પૃથ્વી ઉપર પ્રગટ થઈ ગયા છે અને જે ભક્તોને જે જે અવતાર સાથે પ્રીતિ થઈ ને તેની તેમને ઉપાસના કરી, તે ભક્તોને તે અવતારો પોતાના ધામ સુધી ગતિ કરાવી શક્યા. પરંતુ જે સર્વોપરી પ્રાપ્તિ, અમારું સ્વરૂપ અને અમારા અક્ષરધામના અવિચળ સુખની તો આજે તમને જ થઈ છે."[૫૮]

મહારાજના શબ્દોમાં પોતાના સર્વોપરી સ્વરૂપનો, તે સ્વરૂપની દિવ્યતાનો, પોતાના સર્વોપરી ધામનો, તે ધામની પ્રાપ્તિ સૌને કરાવવાનો રણકાર હતો.

મહારાજના પોતાના સર્વોપરી સ્વરૂપના જ્ઞાનના, મહિમાના તેમના સર્વોપરી અક્ષરધામની પ્રાપ્તિ કરાવવાના આ શબ્દો સાંભળી સભાજનોમાં આનંદ પ્રસરી ગયો. સર્વેના શોક, સંશય દૂર થયા. મહારાજના સ્વરૂપની નિષ્ઠામાં જેને કાચપ હતી તેની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. સર્વોપરી પ્રાપ્તિની પ્રતીતિ થઈ. અક્ષરધામના દિવ્ય આનંદનો અનુભવ થયો !

બપોરનો સમય થઈ ગયો. મહારાજ સભામાંથી ઊઠી પોતાના ઉતારે

---

૫૮. ભક્તચિંતામણિ; પ્ર. ૭૯.

પધાર્યા.

પૂનમના ઉત્સવ બાદ મહારાજા સયાજીરાવ ગાયકવાડનો આમંત્રણપત્ર લઈને નારુપંત નાના આવ્યા. તેમણે મુક્તાનંદ સ્વામી દ્વારા મહારાજને પત્ર આપ્યો અને સયાજીરાવ સરકારનું ભાવભીનું આમંત્રણ સ્વીકારવા વિનંતી કરી. મહારાજે શ્રીમંત સરકારનું આમંત્રણ સ્વીકાર્યું અને કાર્તિક વદિ ત્રીજને દિવસે પોતે વડોદરા પધારશે તેમ જણાવ્યું. નારુપંત નાના આથી ખૂબ જ રાજી થયા અને તરત જ મહારાજની આજ્ઞા લઈ પૂર્વ તૈયારીઓ કરવા વડોદરા જવા નીકળી ગયા.

ઉદ્ગીથ ૯



વડોદરામાં મહારાજની પધરામણી

(આ.સં. ૧૮૮૨, ઈ.સ. ૧૮૨૫)

મહારાજ વરતાલથી નીકળી સાંકરદા પહોંચ્યા. મહારાજની સાથે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તેમજ બીજા સંતોનું મંડળ; હરિભક્તોમાં દાદાખાચર, ધર્મકુળ, સોમલાખાચર, સુરાખાચર અને અન્ય કાઠી દરબારો, પાર્ષદો વગેરેનો મોટો સંઘ હતો. સાંકરદા ગામની બહાર એક ખેતરમાં મહારાજે પડાવ નાંખ્યો.[૫૯] અહીં મહારાજ સંઘ સાથે રાત રહ્યા.

છાણીમાં વડોદરાના પાટવી કુંવર મહારાજનું સન્માન કરે છે

બીજે દિવસે મહારાજ સાંકરદાથી નીકળી છાણી પધાર્યા. મહારાજ સં. ૧૮૮૨ના કાર્તિક વદ ત્રીજને દિવસે પધારવાના હતા, તેથી સયાજીરાવ સરકારે તેમના પુત્ર ગણપતરાવને ચતુરંગી સેના સાથે મહારાજનું ભવ્યતાપૂર્વક સન્માન કરવા છાણી મોકલ્યા હતા. મહારાજનો સંઘ આવ્યો. માણકી ઉપર આવતા મહારાજનાં દર્શન ગણપતરાવે કર્યાં ને પોતે ત્યાં જ દંડવત્ કરવા લાગ્યા. મહારાજ તેમને જોઈને માણકી ઉપરથી એકદમ ઊતરી ગયા અને ગણપતરાવનું કાંડું પકડી લીધું. તેમના પિતાશ્રીએ મહારાજને પ્રણામ કહેવડાવ્યા હતા તે તેમણે કહ્યા અને કહ્યું : "મહારાજ ! આપને ભવ્ય સન્માન સાથે વડોદરા શહેરમાં પધરાવવા છે, એવી શ્રીમંત સરકારની આજ્ઞા છે. વળી, નારુપંત નાનાને પણ તેમણે આપની ઇચ્છાનુસાર બધી જ વ્યવસ્થા કરવા મોકલ્યા છે. અમો હાથીઓ, રથો, અશ્વો અને પદાતિ, સેનાનીઓ, વાજિંત્રો વગેરે લાવ્યા છીએ. એટલે આપ હવે માણકી ઉપરથી ઊતરી આ સુવર્ણ અંબાડીવાળા હાથી

૫૯. આ જગ્યાને પ્રસાદીભૂત જાણી અહીં સ્મૃતિ માટે છત્રી કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

ઉપર બિરાજો. બીજા જેમને જે પ્રમાણે ઘટે તે પ્રમાણે બેસાડવાની અમને સૂચના આપો, એટલે અમે તે વ્યવસ્થા કરી લઈએ.''

મહારાજ તેમનાં વચનો સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા. વડોદરા રાજ્યના પાટવી કુંવરમાં આવો વિવેક જોઈ મહારાજે તેમનું હીર પારખી લીધું.

મહારાજ તેમની વિનંતી સાંભળી માણકી ઉપરથી ઊતર્યા. સુવર્ણની અંબાડી, તેના ઉપર સુવર્ણના કળશ અને ભાતીગળ ઝૂલથી હાથી શોભતો હતો. તે હાથી ઉપર મહારાજ બિરાજમાન થયા. બીજા હાથી ઉપર મુક્તાનંદ સ્વામી તથા શુકમુનિ બેઠા. ત્રીજા હાથી ઉપર ધર્મકુળ વતી અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી બેઠા. આ ત્રણ હાથીઓની પાછળ પાલખીઓ, સયાજીરાવ સરકારનું પાયદળ, રથો તેમજ અશ્વ ઉપર મહારાજના પાર્ષદો, કાઠી દરબારો, અન્ય હરિભક્તો વગેરેથી શોભાયાત્રા ખૂબ જ લાંબી થઈ ગઈ. સમગ્ર વડોદરા શહેરમાં સમાચાર પ્રસરી ગયા હતા કે સયાજીરાવ સરકારે ભગવાન સ્વામિનારાયણને નિમંત્ર્યા છે. તેમનું સન્માન રાજ્યના મોભા પ્રમાણે થશે અને શોભાયાત્રા અદ્‌ભુત નીકળશે.

વડોદરા શહેરની રોનક

સયાજીરાવ સરકારે આખા વડોદરા શહેરને શણગાર્યું હતું. રસ્તાઓ સાફ કરાવી, પાણીનો છંટકાવ કરી, ભૂમિને સુગંધિત કરી દીધી હતી. રાજ્યની ઈમારતો પણ આસોપાલવનાં તોરણો, દીવાઓથી, હાંડીઓથી દેદીપ્યમાન કરી દીધી હતી. જ્યાંથી મહારાજની આ ભવ્ય સવારી નીકળવાની હતી ત્યાં પુષ્પોની, આસોપાલવની, કેળના સ્થંભોની વિવિધ કમાનો તૈયાર કરાવી હતી. આ બધી શોભામાં સયાજીરાવ સરકારનો મહારાજ પ્રત્યેનો અનન્ય ભાવ દેખાતો હતો.

ગૌમુખી આકારવાળી દુંદુભિઓના આગળ ઘોષ થતા હતા. પાછળ પડઘમ, વાજાં, ડફ, ભેરી વગેરે વાજિંત્રો વાગતાં હતાં. આ બધાં વાજિંત્રો સાથે ત્રાંસાંના ઘોષ સાંભળી પુરજનો આ ભવ્ય સવારીનાં દર્શન કરવા દોડીને આવવાં લાગ્યાં. ધર્મની ધજાનાં નિશાન આકાશમાં ફરકતાં હતાં. રાસ મંડળીના સભ્યો ઝાંઝ, મૃદંગના તાન સાથે ઠેકા મિલાવી રાસ રમતા હતા. સવારીની બંને બાજુ કાઠી પાર્ષદોના ઘોડા મહારાજના અંગરક્ષક તરીકે ઘૂમતા હતા. સવારીનાં દર્શન કરતાં જ સૌનાં ચિત્ત શ્રીજીમહારાજની નયનરમ્ય મૂર્તિમાં જડાઈ જતાં

હતાં અને દૂર દૂર જતાં ગજરાજને નીરખી નીરખી લાંબી દૃષ્ટિ કરી સૌ જોતા જ રહેતા હતા. ભગવાન સ્વામિનારાયણનું નામ સાંભળ્યું હતું; તેમના સંત મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં સભા જીતી દિગ્વિજય કર્યો હતો; સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ અનેક યોગૈશ્વર્યો બતાવી શહેરના ભાવિક જનોને સત્સંગ કરાવ્યો હતો; તેથી સૌને મનમાં થતું કે જેમના સંત આવા સમર્થ છે તો તેમના ભગવાન કેવા હશે ?

દશેરાની સવારી ભવ્ય હોય છે, આ સવારી દિવ્ય છે

શોભાયાત્રા લહેરીપુરા દરવાજામાં પ્રવેશી. અહીં માનવમેદની ઉભરાણી હતી. સૌને ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવા હતા. પુરની સ્ત્રીઓએ પોતાની અટારીઓમાંથી, ઝરૂખાઓમાંથી અને અગાસીમાંથી મહારાજનાં દર્શન અતૃપ્ત નયને કર્યાં. કેટલીક ભાવિક સ્ત્રીઓએ મહારાજને સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યા. કેટલીક સ્ત્રીઓએ મહારાજનાં ઓવારણાં લીધાં, જ્યારે કેટલીક સ્ત્રીઓ મહારાજના મનોહર સ્વરૂપનાં દર્શન કરતાં નેત્રો મીંચી શકતી જ ન હતી. વાજિંત્રોના ઘોષ, સ્વામિનારાયણ ભગવાનના જયઘોષના શબ્દો ગગને ચડી ગાજતા, પડઘા પાડતા સૌનાં અંતરમાં પ્રવેશી જતા હતા. નગરજનોને લાગ્યું કે સયાજીરાવ સરકારની દશેરાની સવારી નીકળે છે તેમાં ભવ્યતા હોય છે; પણ આવી દિવ્યતા, આવો દિવ્ય આનંદનો અનુભવ તે સવારી જોતા કદી થયો ન હતો. તેમને લાગ્યું કે આ ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે દર્શનમાત્રથી ભાવિકોના ઇન્દ્રિયો, અંતઃકરણ આકર્ષી લે.

મહારાજ પણ સર્વત્ર દૃષ્ટિ કરતા. તેમની દૃષ્ટિ ઝીલી ભાવિકોનાં અંતર ભક્તિભાવથી ભરાઈ જતાં. નગરજનો મહારાજને પુષ્પહારથી વધાવતા. સ્ત્રીઓ પુષ્પોનો વરસાદ વરસાવતી, નવીન સાડી ને નવીન આભૂષણોથી અલંકૃત થઈ મહારાજની દૃષ્ટિ આકર્ષવા જયઘોષ કરતી હતી. મહારાજની તેમનાં ઉપર દૃષ્ટિ પડતી અને દૃષ્ટિ ઝીલતાં જ તેમના અંતરના કલુષિત ભાવો નિર્મળ બની જતા ! મહારાજનો આ પ્રભાવ હતો ! જે યોગથી, સાંખ્યથી, વ્રતથી કે તપથી ન સધાતું તે આ સર્વોપરી પુરુષોત્તમ નારાયણની કેવળ દૃષ્ટિ ઝીલવાથી જ સિદ્ધ થઈ જતું. ભગવાનનું આ ભગવાનપણું હતું. જગતના સુખની કામનાઓ અંતરમાંથી નિર્મૂળ કરી ભગવાનના સુખથી અંતર સભર કરી દેવું ! જે ભગવાન હોય તેમનું જ આ આગવું ઐશ્વર્ય હોય એવો સૌને આ પ્રસંગથી અનુભવ થયો.

આજે મોક્ષ આપના હાથમાં છે

મહારાજ શહેરમાં દાખલ થયા. રાજરાજેશ્વર મહાદેવ પાસે શોભાયાત્રા આવી. ત્યારે મહાદેવના ઓટલા ઉપર બેસી એક ભાવિક બ્રાહ્મણ મહારાજનાં દર્શન સ્થિર નેત્રે કરી રહ્યા હતા. મહારાજે તેના ઉપર દૃષ્ટિ કરી અને એ દૃષ્ટિના સંકેતમાં ભૂદેવ સમજી ગયા કે મહારાજ તેને બોલાવે છે. તે એકદમ દોડ્યા, પરંતુ પાર્ષદોએ તેને અંદર દાખલ થતા રોક્યા. મહારાજે સાન કરી તેથી તે મહારાજ નજીક આવી શક્યા. તેણે ફરી મહારાજ સન્મુખ દૃષ્ટિ સ્થિર કરી દીધી. મહારાજની સ્તુતિ કરતાં તેણે બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! પ્રભુ ! ભોળા શંભુએ મને આપની પાસે મોકલ્યો છે. આજે મોક્ષ આપના હાથમાં છે. આપના સંતોનો તે ઈજારો છે."

મહારાજ તેની સ્તુતિ સાંભળી હસ્યા. નારુપંત નાના મહારાજને ચમર ઢોળતા હતા. તેમને મહારાજે કહ્યું : "આ વિપ્રને ગોપાળાનંદ સ્વામી ભેગો કરજો. બહુ જ ભાવિક છે."[૬૦] સવારી આગળ ચાલી.

સયાજીરાવ સરકાર મહારાજનો હાથ પકડે છે

સવારી રાજમહેલ પાસે આવી એટલે તરત જ સયાજીરાવ સરકાર મહેલનાં પગથિયાં ઊતરી નીચે આવ્યા. મહારાજનો હાથી ત્યાં ઝુક્યો. મહારાજ અંબાડીમાંથી બહાર નીકળી સીડીનાં પગથિયાં ઊતરવા લાગ્યા. સયાજીરાવ સરકારે મહારાજનો તરત જ હાથ પકડી લીધો. મહારાજ નીચે પધાર્યા. સયાજીરાવે મહારાજને નીચા વળી નમન કર્યું. ચરણરજ માથે ચડાવી. ગુલાબનાં પુષ્પનો મોટો હાર મહારાજના કંઠમાં પહેરાવ્યો. બ્રાહ્મણોએ વેદમંત્રોચ્ચાર કર્યા.

---

૬૦. આ વિપ્ર હતા ડભોઈના કરુણાશંકર પંડ્યા. જેઓ પાછળથી શાંતિ શોધવા સંપ્રદાયનાં બધાં જ મંદિરોમાં ફર્યા. મોટા સદ્‌ગુરુઓનો સમાગમ કર્યો અને છેવટે જૂનાગઢમાં આવ્યા. અહીં મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરતાં, તેમનાં નેત્રો સ્થિર થઈ ગયાં. અંતર દિવ્યતાના ભાવથી સભર બની ગયું ! તેથી તેમણે હાથ જોડી સ્વામીને પૂછ્યું : "સ્વામી ! હું બધાં જ મંદિરોમાં ફર્યો પણ બધે જ સત્સંગ ઘરડો થઈ ગયો દેખાયો. જ્યારે અહીં સત્સંગ જુવાન છે તેનું શું કારણ ?"

સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "કારણ અહીં ભગવાન પ્રગટ બિરાજે છે."

મહારાજનું પૂજન કર્યું. ભાલમાં ચાંદલો કરી અક્ષત ચોડ્યા.

અમે રાજ્ય સિંહાસનમાં બેસવા પ્રગટ થયા નથી

સરકાર મહારાજનો હાથ પકડી રાજ્ય દરબારમાં લઈ આવ્યા. મહારાજની પાછળ મોટેરા સદ્‌ગુરુઓ તથા કાઠી દરબારો પણ દરબારમાં આવ્યા. મહારાજને રાજ્ય સિંહાસન પાસે લઈ આવ્યા. સરકારે મહારાજને વિનંતી કરી : "પ્રભુ ! આ સિંહાસન ઉપર આપ બિરાજો અને તેને પાવન કરો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે પોતાનાં ચરણ અડાડી સિંહાસનને પાવન કર્યું. પછી કહ્યું : "સરકાર ! અમે રાજ્ય સિંહાસનમાં બેસવા પ્રગટ થયા નથી, પરંતુ તે સિંહાસનની મહત્તા વધારવા, ત્યાંથી રામરાજ્ય ચાલે અને પ્રજા નીતિ, ધર્મ પાળી સુખી થાય એવું કરવા આવ્યા છીએ ! અમારા ભક્તોને પણ અમે શીખવાડ્યું છે કે નેત્ર મીંચીને ભગવાનનું ચિંતવન કરીએ તેમાં માલ છે તેવો અનંત કોટિ બ્રહ્માંડોનું રાજ્યસુખ મળે તો તેમાં પણ માલ નથી."

સરકાર આ સાંભળી દિગ્મૂઢ બની ગયા ! જગતમાં રહેવા છતાં જગતથી અલિપ્ત તેઓ રહી શકે છે, કારણ કે તેઓ ભગવાન છે; પરંતુ પોતાના ભક્તોને પણ એમ રહેતાં શીખવાડે છે. તે જ તેમની મહત્તા છે, તેમાં જ તેમના ભગવાનપણાનું ઐશ્વર્ય છે !

સાચી મોટપ તો ઘનશ્યામના સંબંધની જ હતી

મહારાજને લઈને તેઓ સીધા તેમના દેવઘરમાં આવ્યા. મહારાજને માટે અહીં સુંદર આસન અગાઉથી જ તૈયાર રાખ્યું હતું. દેવને પગે લાગીને તે આસન ઉપર મહારાજ બિરાજ્યા. પછી સરકારે મહારાજનું પૂજન કર્યું, આરતી ઉતારી, જરીના કસબથી ભરેલા પોષાક મહારાજને અર્પણ કર્યા. રેશમી વસ્ત્રો અર્પણ કર્યાં. કિંમતી શાલો ભેટ આપી અને સૂકા તથા લીલા મેવાના થાળ મહારાજનાં ચરણ આગળ ધર્યા. રામપ્રતાપજી અને ઇચ્છારામજી સાથે હતા. મહારાજનો પ્રતાપ તેમણે જોયો. છપૈયામાં તથા અયોધ્યામાં બાળલીલા કરતાં ઘનશ્યામનું દિવ્ય સ્વરૂપ તેમને ઓળખાયું ન હતું. પરંતુ જ્યારથી ગુજરાતમાં ધર્મકુળ આવ્યું, ત્યારથી ઘનશ્યામનો અપરિમિત પ્રતાપ તેમણે જોયો. તેઓ સ્વયં ભગવાન છે તેવો અનુભવ પણ કર્યો. તેમને લાગ્યું કે જો ઘનશ્યામે દયા ન કરી હોત, અહીં બોલાવ્યા ન હોત તો ઘનશ્યામના આ લોકનાં કુટુંબીજનો કહેવાતા

છતાં કોરા રહી જાત, જાદવ જેવા સદા અભાગિયા જ રહેત ! તેમને આજે આનંદ હતો - ઘનશ્યામના દિવ્ય સ્વરૂપનો અનુભવ કર્યાનો ! તેમને સમજાઈ ગયું કે તેમની સાચી મોટપ તો ઘનશ્યામના સંબંધની જ હતી !

ત્યારબાદ મહારાજ રાજ્યસભાના ખંડમાં પધાર્યા. અહીં સૌ વ્યવસ્થિત બેસી ગયા હતા. મહારાજના પાર્ષદો મહારાજની ગાદી પાસે શસ્ત્રસજ્જ બની ઊભા હતા. સરકારે પણ પોતાના લશ્કરી દરજ્જાના શસ્ત્રસજ્જ અમલદારો ચોકીમાં મૂકી દીધા હતા. મહારાજ સભામાં પધાર્યા. સર્વત્ર દૃષ્ટિ કરી. તેઓ સહેજ હસ્યા. પછી સરકારને પૂછ્યું : ''સરકાર ! આપના દીવાનની ખુરશી કેમ ખાલી છે ? દીવાન તો રાજ્યની શોભા કહેવાય. આ પ્રસંગે તેની હાજરી હોવી જ જોઈએ.''

સયાજીરાવ સમજી ગયા કે મહારાજ આજે તેના દીવાનને જબરી શિકસ્ત આપવા માંગે છે. તેમણે તરત જ નારુપંત નાનાને કહ્યું : ''દીવાનને ખબર આપો કે સભામાં હાજર થઈ જાય.''

નારુપંત નાના જાણતા હતા કે ભગવાન સ્વામિનારાયણને સરકારે વડોદરા પધારવા માટે આમંત્રણ આપ્યું ત્યારથી જ દીવાનની બેચેની વધી ગઈ હતી. કાઠિયાવાડના સૂબા તરીકે વિઠ્ઠલરાવ દેવાજી બાબાજી તરીકે ઓળખાતો હતો. તેની સૂબા તરીકે નિમણૂક થઈ હતી ત્યારથી જ તેને મહારાજ પ્રત્યે દ્વેષ હતો અને મહારાજને પકડવાના અનેક નિષ્ફળ પ્રયત્નો તેણે કર્યા હતા. આજે હવે તે વડોદરાનો દીવાન બન્યો હતો. તેથી આ વિશેષ સત્તાના બળથી તેનો આ મનસૂબો વધુ તીવ્ર બની ગયો હતો. સયાજીરાવ સરકારે તેની સલાહ અવગણીને સ્વામિનારાયણ ભગવાનને વડોદરામાં આમંત્ર્યા હતા. તેથી તે અકળાયો હતો. હવે મલિન મંત્રોના બળથી તેણે સ્વામિનારાયણને જેર કરવા પ્રયત્નો કરવા માંડ્યા.

નારુપંત નાના એમને બોલાવવા ગયા, ત્યારે તે મલિન દેવોના ચાર ઉપાસકોની સાથે મસલત કરતો બેઠો હતો. નારુપંતે તેને કહ્યું : ''સરકાર તમને દરબારમાં બોલાવે છે.''

દીવાન આ સાંભળી રહ્યો. તેને મહારાજનું મુખ પણ જોવું ન હતું. છતાં સરકારનો હુકમ આવ્યો એટલે તેને દરબારમાં જવું પડ્યું. ભગવાન સ્વામિનારાયણને ન મળવાની તેણે દૃઢ પ્રતિજ્ઞા લઈ લીધી હતી એટલે તે નીચું મસ્તક કરી દરબારમાં આવ્યા. પરંતુ તેમની પ્રતિજ્ઞા તૂટી !

દીવાન આવ્યો અને મહારાજે તેના તરફ જોઈ પૂછ્યું : "તમે જ વડોદરા રાજ્યના દીવાન ?"

તરત જ તેમણે બે હાથ જોડી દીધા અને તેમનાથી બોલાઈ ગયું : "હા મહારાજ ! હું જ દીવાન છું." એટલું કહી તે તેની ખુરશી ઉપર બેસવા જતા હતા, ત્યાં મહારાજે ફરી તેને કહ્યું : "દીવાનજી !"

એ સાંભળી તે ઊભો રહી ગયો. તેનાથી મહારાજ સામે જોવાઈ ગયું ! મહારાજની આંખમાંથી નીકળતી પ્રકાશની ધારા તે ઝીલી શક્યો નહીં. ફરી તેણે હાથ જોડી દીધા.

મહારાજે પછી પૂછ્યું : "દીવાનજી ! સરકારના રાજ્યનું સંચાલન તમે કરો છો, તેથી તમારી સંચાલન શક્તિ પાછળ તમારા ચારિત્ર્યનું બળ હોવું જોઈએ. તો જ પ્રજા ઉપર તમારા સદ્‌ચારિત્ર્યનો પ્રભાવ પડે. પ્રજા પણ એ પંથે ચાલી શકે. આ દરબાર ભરાયો, અમે તમારા મહેમાન થઈ અહીં આવ્યા, છતાં તમે કયા પ્રકારની મસલતમાં ગૂંથાયા હતા કે અહીં આવી ન શક્યા ?"

દીવાનજીને મહારાજના આ પ્રશ્નથી જાણે કાપ્યો હોય ને લોહી ન નીકળે તેવું થઈ ગયું. તેને આ પ્રશ્ન ભારે પડી ગયો. તે સમજી ગયો કે સ્વામિનારાયણની અંતર્યામી શક્તિ બોલે છે. તે જવાબ આપતા ગૂંચવાયો. તેનાથી બે હાથ જોડી બોલાઈ ગયું : "મહારાજ ! હું આપના જ વિચારમાં હતો."

આ સાંભળી મહારાજ હસ્યા. થોડી વારે બોલ્યા : "સારું છે દીવાનજી ! અમારા જ વિચારોમાં રહેશો, પછી તે સારા વિચારો હોય કે ખોટા તોપણ અમારે તમારું કલ્યાણ કરવું પડશે. અમારી એ અનાદિની રીત છે. આગળ પણ શિશુપાળ, દંતવક્ર, કંસ, રાવણ, કુંભકર્ણ, હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનું એવા ભાવથી જ કલ્યાણ થયું હતું !"

મહારાજના આ શબ્દો સાંભળી દીવાનના શરીરે પરસેવો છૂટી ગયો. તેનું અંગ ધ્રૂજવા લાગ્યું. સભા પણ અવાક્ બની આ દૃશ્ય જોઈ રહી હતી ! દીવાનને બીક લાગી કે સ્વામિનારાયણ તેની એકેએક રમત જાણી ગયા છે. તેના કોઈ પાસા સવળા પડવા દે તેમ નથી.

સ્વામિનારાયણને જીવતા પકડવા મુશ્કેલ છે

સયાજીરાવ સરકારને થયું કે આજે મહારાજે પ્રથમ મિલનમાં જ દીવાનનો જબરો પરાભવ કર્યો. તેથી તે હવે ઉશ્કેરાશે. વાત વધુ આગળ ન વધે

તેથી તેમણે મહારાજને હાથ જોડીને કહ્યું : "પ્રભુ ! હવે સંધ્યા સમય થઈ ગયો છે. આપ સવારી સાથે આપના ઉતારે પધારો."

મહારાજ આ સાંભળી આછું હસ્યા. તેમણે તરત જ કહ્યું : "હવે સવારી વિસર્જન કરી દ્યો. અમે અમારી માણકી ઉપર જ જઈશું." એમ કહી મહારાજ ઊઠ્યા કે તરત જ શસ્ત્રસજ્જ પાર્ષદો મહારાજની આજુબાજુ ગોઠવાઈ ગયા. દીવાને આ જોઈ લીધું. તેને લાગ્યું કે સ્વામિનારાયણનો વ્યૂહ એવો છે કે તેમને જીવતા પકડવા મુશ્કેલ છે. તે હાથ ઘસતો ઊભો થઈ ગયો. સુરાખાચરની તેના ઉપર નજર પડી. તેમણે મજાકમાં જ તલવારની મૂઠ ઉપર હાથ નાંખ્યો અને એક તીવ્ર ધ્રુજારીથી દીવાનનું આખું શરીર હલી ગયું !

મહારાજનો ઉતારો મસ્તુબાગમાં રાખ્યો હતો. કેવડાબાગ, મોતીબાગ અને નવલખી વાવની વચ્ચે તે સમયે મસ્તુબાગ હતો. ત્યાં મહારાજ માટે સુંદર જરિયાન તંબુ ઊભો કર્યો હતો. તેમાં સુશોભિત પલંગ બિછાવ્યો હતો. વિશાળ તંબુની સજાવટ રાજશાહી ઠાઠથી કરી હતી. નીચે કિંમતી ગાલીચા પાથર્યા હતા. તે ઉપર મશરૂના ગાદી-તકિયા - મહારાજ સન્મુખ સભા થાય ત્યારે મોટા સદ્‌ગુરુઓ કે અમલદારોને બેસવા માટે - ગોઠવી દીધા હતા. ઉપર કલાત્મક ઝુંમરો લટકાવ્યાં હતાં. આજુબાજુ કાચની સુંદર હાંડીમાં દીવા ઝગમગતા હતા. સશસ્ત્ર પહેરેગીરો ખડી ચોકીમાં સાવધાની રાખી તંબુની આસપાસ ફરતા હતા. ભગુજી વગેરે પાર્ષદો પણ તંબુની આજુબાજુ ગોઠવાઈ ગયા હતા. મહારાજના તંબુની બંને બાજુએ મોટા સદ્‌ગુરુઓ માટે પણ તંબુની વ્યવસ્થા હતી. કાઠી દરબારોને રાજ્યના મહામોંઘા મહેમાનો માની રાજ્યના જ ઉતારાઓમાં ઉતારા આપ્યા હતા. ઓઝલવાળાં બહેનોને રાજ્યના ઓઝલમાં જ ઉતાર્યા હતા. બીજા સૌને જેમ ઘટે તેમ ઉતાર્યા હતા.

બીજે દિવસે મહારાજ પ્રાતર્વિધિથી પરવારી પોતાના તંબુમાં પલંગ ઉપર બિરાજમાન થયા હતા. તે વખતે શ્રીમંત સરકાર સયાજીરાવ પોતાના બે યુવરાજોને લઈને ત્યાં પધાર્યા. મહારાજનું તેમણે રાજોપચારથી પૂજન કર્યું. પછી આરતી ઉતારી અને ભેટ ધરી. ત્યારપછી શહેરના હરિભક્તો પણ આવવા લાગ્યા. તેમાંના મુખ્ય નાથ ભક્ત, સદાશિવરાવ, ઢુંઢુરાવ, ભાઉ પુરાણિક, રામચંદ્ર તથા હરિશ્ચંદ્ર વૈદ્ય, શોભારામ શાસ્ત્રી, નારુપંત નાના, બાપુસાહેબ ગારદી-સેનાપતિ, રામેશ્વર દાનાધ્યક્ષ, ત્ર્યંબકરાય શાસ્ત્રી, તેમના પુત્ર બદરીનાથ શાસ્ત્રી અને વિષ્ણુરામ શાસ્ત્રી, ચીમનરાવ શાસ્ત્રી તેમજ બીજા અન્ય ભક્તો

ત્યાં આવ્યા. તેમણે સૌએ એક પછી એક મહારાજનું પૂજન કર્યું.

માંત્રિકોના મલિન પ્રયોગો અમને કંઈ કરી શકશે નહીં

બરાબર આ જ સમયે દરવાજા બહાર એક હાથમાં પૂજાની થાળી, બીજા હાથમાં શ્રીફળ લઈને ત્રણ પુરુષો તંબુમાં આવતા હતા. મહારાજે તેમને જોયા એટલે બાજુમાં જ બેઠેલા શ્રીમંત સયાજીરાવ સરકારને પૂછ્યું : ''આ ત્રણ કોઈ નવીન લાગે છે. તેઓ કોણ છે ?''

સયાજીરાવ સરકારે તેમના તરફ જોયું. મહારાજને તેમણે કહ્યું : ''મહારાજ ! એ તો અમારા દીવાનજીના સાથીદારો છે. માંત્રિકો છે અને આપના ઉપર કાંઈક મલિન પ્રયોગ કરવા આવ્યા લાગે છે.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : ''સરકાર ! અમને પિબેક અને મગ્નીરામ જેવા પણ ભેટ્યા હતા. પરંતુ તેમની બાજી નિષ્ફળ નીવડી. છતાં તે સંસ્કારી હોવાથી સત્સંગી થઈ ગયા. માટે માંત્રિકોના મલિન પ્રયોગો અમને કાંઈ કરી શકે તેમ નથી.''

મહારાજના પલંગ પાછળ ઊભેલા ભગુજી આ બધી વાત સાંભળતા હતા. તેમણે બહાર ખડી ચોકીએ પહેરો ભરતા રતનજી, કુબેરસિંહ અને માનસિંહને સંકેત કર્યો એટલે તેમણે તેમને અંદર આવતા રોક્યા. છતાં તેમનો દાવ ખેલવાની તમન્નાને લીધે તેમણે થાળીમાંથી અડદના દાણા મહારાજ તરફ ફેંક્યા. એથી સંતોષ ન પામતાં તેમણે કાળભૈરવ અને વીરને આહ્‌વાન કર્યું. પરંતુ કાળના કાળ સમાન પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પાસે આ ક્ષુદ્ર દેવોનું શું ચાલે ? પોતાનો આ પ્રકારે પરાભવ થયો તે ત્રાસથી અને વળી મહારાજની દૃષ્ટિમાં પણ પ્રલયકાળના અગ્નિનો દાહ જોઈ તે ત્રણ જણા ત્યાં જ પાગલ જેવા થઈ ગયા ! વાનરોના જેવી ચેષ્ટા કરવા લાગ્યા. તેમને પકડીને એક ઓરડીમાં પૂરી દેવામાં આવ્યા. જે બુરજ નીચે આ ઓરડી હતી તે બુરજ તેથી વાનરિયા બુરજ તરીકે હજી પણ ઓળખાય છે.

દીવાન બીજો દાવ રમે છે

દીવાનનો આ દાવ ખાલી ગયો. સ્વામિનારાયણને શિકસ્ત આપવાની, તેમને પકડીને કેદ કરવાના દીવાનના પાસા અવળા પડવા લાગ્યા. આથી દીવાનના અંતરનો અગ્નિ વધુ ધૂંધવાયો. તે બીજો દાવ રમવાની પેરવી કરવા

લાગ્યો. તેણે ચાર હબસીઓને બોલાવ્યા. તેમને સ્વામિનારાયણના સાધુઓ જેવાં ભગવાં વસ્ત્રો પહેરાવ્યાં. હાથમાં માળા આપી અને કેડે ઝેર પાયેલ ખંજર ખોસાવ્યા. રાત્રે સ્વામિનારાયણ સૂતા હોય ત્યારે તેમને મારી નાંખવાનું કાવતરું તેણે કર્યું. પરંતુ મહારાજના તંબુ પાસે વીર ભગુજી, રતનજી, કરીમજી, માનસિંહ, કુબેરસિંહ અને કેસરીસિંહ - આ છ શૂરવીર પાર્ષદોની ખડી ચોકી રહેતી હતી. મહારાજના તંબુમાં જવા માટે આ ચોકી વટાવવી પડતી. સત્સંગીઓ તથા જાણીતા નગરજનો માટે તો કાંઈ મુશ્કેલી હતી નહીં. પરંતુ કોઈ અજાણ્યા દેખાય એટલે તેની પૂરી તપાસ કરીને પછી જ તેમને અંદર જવા દેવામાં આવતા.

આ ત્રણ હબસીઓને ભગવાં વસ્ત્રોમાં દૂરથી આવતા તેમણે જોયા. તેમને લાગ્યું કે આ આપણા સાધુઓ નથી, પરંતુ સાધુઓના સ્વાંગમાં બદમાશો છે. ભગુજીએ તરત જ યુક્તિ કરી. એક મોટું દોરડું ગોળ કરી તેના બે છેડા લાંબા રાખી તેને રસ્તામાં મૂકી દીધું. જેવા આ ત્રણ ખ્વાબી સાધુઓએ કુંડાળામાં પ્રવેશ કર્યો કે તરત જ બંને છેડા બે તરફથી ખેંચાયા અને ત્રણ જણા સખત ભીંસમાં આવી ગયા. તેમને લાગ્યું કે વગર મોતે આજ મોત આવી ગયું ! તેમને સખત ભીંસમાં લઈને દોરડા વતી બાંધીને એ જ સ્થિતિમાં ઝાડ ઉપર લટકાવી દીધા. તેમની સાથે આવેલા તેમના બ્રાહ્મણ સાગરીતને પણ પકડી લીધો. તેની પાસેથી જાણવા મળ્યું કે આ તો દીવાનજીની કરામત હતી !

સવારે આ વાત જાહેર થઈ. શ્રીમંત સરકારને પણ દીવાનના આ દુષ્કૃત્યોથી ભારે દુઃખ થયું. તે તરત જ મહારાજ પાસે આવ્યા. મહારાજની માફી માંગી અને કહ્યું : "મહારાજ ! હમણાં જ દીવાનજીને બરતરફ કરી દઉં છું."

મહારાજે શાંતિથી કહ્યું : "સરકાર ! અમારા નિમિત્તે તેને કોઈ દંડ દેવાની જરૂર નથી. તેના પાપથી તેને આપોઆપ નીકળવું પડશે. માટે એવું ઉતાવળીયું પગલું ભરશો નહીં."

સરકાર મહારાજના આ ધીરગંભીર શબ્દો સાંભળી સ્થિર થઈ ગયા ! તેમને લાગ્યું કે ભગવાનનું ભગવાનપણું કેવળ તેમના ઐશ્વર્યમાં નથી પરંતુ તેમની સહનશીલતા, ધીરજ અને શાંતિમાં પણ છે ! પોતાના ભ્રૂભંગથી બ્રહ્માંડોને ઉથલાવી નાંખવાની શક્તિ ધરાવનાર कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धः પુરુષોત્તમ નારાયણની દૃષ્ટિમાં આ દીવાન તો એક મચ્છર સમાન હતો. છતાં પોતાનું ઐશ્વર્ય તેનો સંહાર કરવામાં તેઓ કદી નથી વાપરતા. એ કામ તેમણે કાળને સોંપ્યું છે, ધર્મરાજાને સોંપ્યું છે.

શ્રીમંત સરકાર જેમ જેમ મહારાજની નજીક આવતા ગયા તેમ તેમને મહારાજના પ્રભાવનો અનુભવ થતો ગયો. તેમને સમજાયું કે ભગવાનનું સાચું બિરુદ તેમની ક્ષમામાં છે. મહારાજને તેમને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! અહીંના વિદ્વાન બ્રાહ્મણોને મુક્તાનંદ સ્વામી થકી પરાભવ પામ્યા છતાં આપની સાથે શાસ્ત્રાર્થ કરવાનો મનમાં હજુ અભરખો રહી ગયો હોય તેવું લાગે છે. તો તેમનું શું કરવું છે ?"

મહારાજે તરત જ કહ્યું : "જિજ્ઞાસાથી જો પૂછવાની ઇચ્છા હશે, તો પ્રશ્ન-ઉત્તરથી તેમને જરૂર સમાસ થશે. પરંતુ જો અંતરમાં મત્સર હશે, તો પરાભવથી વધુ પ્રજ્વલિત થઈ જશે. ગમે તેમ, પણ જો તેમની ઇચ્છા હોય તો બપોરે સભા ગોઠવો."

શ્રીમંત સરકાર જેવા મહારાજના તંબુની બહાર નીકળ્યા કે તરત જ ભગુજી અંદર આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! એક મોટા અંગ્રેજ અમલદાર આપને મળવા આવ્યા છે. તેઓ કહે છે કે તેઓ આપને સુરતમાં મળ્યા હતા."

મહારાજને તરત જ મિ. હોલ્ફર્ડની વાત યાદ આવી. તેમણે કહ્યું : "તેમને અંદર મોકલો."

તરત જ મિ. હોલ્ફર્ડ મહારાજ પાસે આવ્યા. ટોપી ઉતારી તેમણે મહારાજને નમન કર્યું. પછી નીચા વળી મહારાજના પાયે પડ્યા. તેના અંગરક્ષક અંગ્રેજો આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. તેમણે કહ્યું : "પ્રભુ ! આપના આશીર્વાદથી હું નવાબે કરેલા આક્ષેપોમાંથી નિર્દોષ છૂટી ગયો છું. એટલું જ નહીં, પરંતુ મને બઢતી મળી છે અને હાલ હું મુંબઈ ઇલાકાનો મદદનીશ રાજ્યપાલ[૬૧] છું. મારા તરફથી આપ આ એક ભેટ સ્વીકારો." એમ કહી તેમણે અકીકના પથ્થરની એક માળા મહારાજને અર્પણ કરી.

અકીકના પથ્થરનો ઇલમ

તે માળા મહારાજે જોઈ. માળામાં પરોવેલા બધા જ પથ્થર તેમણે ઝીણવટથી જોયા. પછી તેમણે કહ્યું : "આ અકીકનો પથ્થર કાચો હોવો જોઈએ. તેથી તેમાં જોઈએ એવો ઓપ આવ્યો નથી." એમ કહી મહારાજે તેમને કહ્યું : "તમો અત્યારે મુંબઈ ઇલાકાના હાકેમ છો, એટલે ખંભાત તમારા તાબામાં

૬૧. ગવર્નર.

આવ્યું ગણાય. માટે ખંભાતમાં આ અકીકનો ઉદ્યોગ કેળવવા જેવો છે. આ પથ્થરને કેમ પકવવો તે ઇલમ તમને અમે બતાવીએ. તે પ્રમાણે તેના કારીગરોને સૂચના આપી જો પથ્થર પકવશે તો અકીકની કિંમત ઘણી વધુ આવશે.''

મિ. હોલ્ફર્ડ તો આશ્ચર્યવત્ આ વાત સાંભળી રહ્યા. તેમને થયું કે આ ઓલિયા જેવા દેખાતા પુરુષની બુદ્ધિનો પાર આવે તેમ નથી !

પછી મહારાજે તેને ઇલમ બતાવતાં કહ્યું : ''આ પથ્થરને ગાયના છાણનો સ્પૂટ આપવો જોઈએ. પછી માટીના ઘડામાં પથ્થર મૂકીને, ઉપર ઢાંકણી મૂકી, ઘડાનું મોઢું માટીથી બંધ કરી દેવું. પછી માટલાને ઊંધું વાળી ઉપરના ભાગમાં એક કાણું કરીને આખા ઘડાને રાત્રીભર ગાયના છાણના છાણાંથી તપાવવાથી અંદરનો પથ્થર પાકી જશે. ત્યારપછી જ તેના ઉપર સારો ઓપ આવશે.'' એમ કહી તે માળા પ્રસાદીની કરી તેમને ભેટ આપી.

મિ. હોલ્ફર્ડે કહ્યું : ''ખંભાતના જગમશહૂર અકીકના વેપારમાં આપના આ ઇલમથી નવી જ ભાત પડશે.'' એટલું કહી તે મહારાજની રજા લઈ વિદાય થયો.[૬૨]

✧

સાંજે મસ્તુબાગમાં જ સભા ગોઠવી. ચાર સંપ્રદાયના વિદ્વાનો આ સભામાં આવ્યા હતા તેમજ અન્ય વિદ્વાનો પણ હતા. સૌને ભગવાન સ્વામિનારાયણના શ્રીમુખે શાસ્ત્રોનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા હતી. શ્રીજીમહારાજે પણ વિચાર કર્યો કે આ સંપ્રદાયમાં પોતે પ્રવર્તાવેલ નીતિ, રીતિ અને વિધિ-વિધાન તેમજ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતમાં બે મુખ્ય વાત - બ્રહ્મ અને પરબ્રહ્મની હતી. આ સિદ્ધાંતનું જો વ્યવસ્થિત રીતે પ્રસારણ કરવું હોય, તો આવી શાસ્ત્રસભા અનિવાર્ય જ છે. તેમાં આપણે પ્રવર્તાવેલા સિદ્ધાંતનું હાર્દ સમગ્ર રીતે વિદ્વદ્જનોને સમજાય તો સંપ્રદાયનું ગૌરવ વધે અને સંપ્રદાય પ્રત્યે તેઓ આકર્ષાય.

મસ્તુબાગમાં સભામાં શાસ્ત્રાર્થ

સભામાં આવેલા તમામ વિદ્વાનોને મહારાજે ભારપૂર્વક આવકાર આપ્યો. શ્રીહરિના મુખારવિંદના ભાવથી સૌ પ્રભાવિત થઈ ગયા ! છતાં જે દ્વેષી હતા, જેમને મહારાજનો પરાભવ કરવાની મનમાં ઇચ્છા હતી, તે તો તે પ્રકારનો

૬૨. પટેલ નગીનદાસ શંકરભાઈના 'શ્રી સ્વામિનારાયણ' માસિક, વર્ષ-૪૧, અંક-૪ એપ્રિલ ૧૯૭૮ લેખના આધારે.

ભાવ અંતરમાં સંઘરીને જ બેઠા હતા. એટલે આ સભામાં તે પ્રકારના વિદ્વાનોએ નક્કી જ કર્યું હતું કે એવા કૂટપ્રશ્નો પૂછવા કે સ્વામિનારાયણ તેનો ઉત્તર જ ન આપી શકે. તેમણે એક પછી એક પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું : "ચાર આચાર્યોએ સ્થાપેલા ફક્ત ચાર જ સમ્પ્રદાય છે, તો તમારો આ પાચમો સમ્પ્રદાય તેને સંપ્રદાય કેમ કહેવાય ? ઉદ્ધવજી કાંઈ આચાર્ય ન હતા. જે આચાર્ય હોય તેમણે પ્રસ્થાનત્રયી ઉપર સ્વતંત્ર ટીકા રચી હોય. અન્ય આચાર્યોએ લખેલી ટીકાને તે પ્રમાણ માને જ નહીં. આવું જ્ઞાન ધરાવનાર આચાર્ય પછી દિગ્વિજય કરવા નીકળી પડે. સ્ત્રીઓને સ્ત્રીઓ જ મંત્રદીક્ષા કેમ આપી શકે ? સ્ત્રીઓને મંત્ર-દીક્ષા આપવાનો શાસ્ત્રમાં અધિકાર આપ્યો જ નથી. દરેક સંપ્રદાયમાં એક જ આરાધ્ય દેવને ઇષ્ટ માન્યા છે જ્યારે તમે તો નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, શિવપાર્વતી, સૂર્ય, ગણેશજી વગેરે સૌને પૂજો છો." આવા આવા કેટલાક પ્રશ્નો તેમણે શ્રીહરિને પૂછ્યા.

શ્રીહરિએ પણ તેના સચોટ ઉત્તર શાસ્ત્રોનાં પ્રમાણોથી આપ્યા અને મુખપાઠી પંડિતોને જ્ઞાની કોને કહેવાય તે સમજાવતાં કહ્યું : "उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः । બ્રહ્મ અને પરબ્રહ્મનાં સનાતન તત્ત્વોનો સાક્ષાત્કાર કરેલા જ્ઞાનીપુરુષના અનુગ્રહથી જ શાસ્ત્રોમાં ઉદ્બોધેલું તત્ત્વજ્ઞાન યથાર્થ રીતે સમજાય છે."[૬૩]

વિદ્વાનો મહારાજની સ્તુતિ કરે છે

મહારાજે આપેલા તેમના બધા જ પ્રશ્નોના સપ્રમાણ ઉત્તરથી ત્યાં બેઠેલા વિદ્વાનો નતમસ્તક બની ગયા. તેમને પ્રતીતિ થઈ કે સર્વ જ્ઞાનનું મૂળ પરમાત્મા જ છે, તેથી મહારાજને એવા પરાત્પર પરમાત્મા જાણી તેમણે મહારાજની સ્તુતિ કરી :–

प्रकृतिपरेऽक्षरे निजसुधामनि ब्रह्मपुरे
सततसमर्चितांघ्रि युगमक्षरमुक्तगणैः।

---

૬૩. આ તમામ પ્રશ્નોનું વિસ્તૃત વિવરણ સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીએ તેમના 'શ્રીહરિ-દિગ્વિજય' ગ્રંથના ઉલ્લાસ ૪૩ થી ૪૬માં કર્યું છે. તેઓ સભામાં હાજર હતા. તેથી શ્રીહરિએ આપેલ ઉત્તરોનું યથાર્થ નિરૂપણ કરી શક્યા છે. શ્રીસત્સંગિજીવન, પ્ર. ૪, અ. ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૨માં પણ આ પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી આપ્યા છે.

बहुलमहोऽन्वितावयवराजितदिव्यतनुं
शरणमजामहे हरिमनन्त ! भवन्तमजम् ॥[૬૪]

– શ્રીહરિદિગ્વિજય, ઉલ્લાસ ૪૫, શ્લોક-૨૨૩

છેલ્લે દિવસે મહારાજની પધરામણી શ્રીમંત સરકારે તેમના રાજમહેલમાં કરાવી. આ પ્રસંગે ફરી પાછી શાનદાર સવારી નીકળી. મહારાજ પોતાના મુખ્ય મુખ્ય સંતો, પાર્ષદો અને અંગરક્ષકો સાથે કચેરીમાં પધાર્યા. સરકારની કચેરી આજ ચિક્કાર ભરાઈ ગઈ હતી. વિદ્વાનોનું ઘમંડ ઉતારનાર, તેમને વિનમ્ર બનાવનાર ભગવાન સ્વામિનારાયણ સૌને અદ્વિતીય પુરુષ લાગ્યા. કાવતરાબાજો તેમની સામે ન ફાવ્યા. કુટિલ રાજનીતિજ્ઞો પણ શ્રીહરિના પ્રાવીણ્યથી પરાભવ પામી ગયા. શ્રીહરિની જ્ઞાનગહનતાથી ઘમંડી વિદ્વાનોનો ઘમંડ ઊતરી ગયો. તેમણે જે જે ક્ષેત્રોમાં કાર્ય કર્યું હતું, ત્યાં તેમનો વિરોધ કરનારા તેમને ઘણા મળ્યા હતા. પરંતુ તેમને પણ कालीग्निरिवदुःसहः એવા તેઓ લાગ્યા. સૌ વિચાર કરવા લાગ્યા. શ્રીકૃષ્ણે શસ્ત્રો ઉપાડ્યાં; જ્યારે આમણે પોતાના આશ્રિતોને નિઃશસ્ત્ર બનાવી, ક્ષમા અને ધીરજ જેવા અજેય શસ્ત્રોથી પોતાના બાહ્ય તેમજ અંતઃશત્રુઓનો પરાભવ કરાવ્યો. આ ભગવાન રાજારૂપે પણ હતા અને સાધુરૂપે પણ હતા. બંનેનો તેમનામાં સમન્વય હતો, છતાં તેમના જીવનમાં સાધુતાની ફોરમ વિશેષ મહેકતી સૌને દેખાતી. સભામાં વિદ્વાનો આવા વિચારોની પરંપરામાં ખોવાઈ ગયા હતા. તેમને લાગ્યું કે આ ભગવાન ખરેખર ભક્તવત્સલ છે, કારણ કે શરણે આવેલાનો તેમણે કદી ત્યાગ કર્યો નથી.

ફરી રાજ્ય કચેરીમાં

એટલામાં રાજપુરોહિતના વેદમંત્રો સંભળાયા. તેમણે રાજોપચારથી શ્રીમંત સરકાર તથા તેમના કુંવરો પાસે મહારાજનું પૂજન કરાવ્યું. એ વિધિ પત્યા બાદ મહારાજે દીવાનની ખુરશી તરફ દૃષ્ટિ કરી. ખુરશી ખાલી હતી.

---

૬૪. "જગતમાં સર્વથી પર પ્રકૃતિપુરુષ છે. તેથી પર અક્ષરબ્રહ્મધામ છે. જેને બ્રહ્મપુર પણ કહે છે. એવા પરમધામમાં બિરાજેલા આપના ચરણ-યુગ્મની સેવા અનંત કોટિ મુક્તો હંમેશાં કરી રહ્યા છે. આપના અંગમાંથી તેજનો પ્રવાહ વહી રહ્યો છે એવો આ દિવ્ય દેહ આપે ધારણ કર્યો છે. એવા હે હરિ ! વડોદરા શહેરના અમે સર્વ પંડિતો - આ સભામાં બેઠેલા વિનમ્રભાવે આપનાં ચરણકમળનું શરણ યાચીએ છીએ."

મહારાજે કહ્યું : "દીવાનજીને બોલાવો. વિદાયની છેલ્લી શીખ તેમને અમારે આપવી જોઈએ. તેઓ અમારું તો કાંઈ અહિત કરી શકે તેમ નથી, પરંતુ અહિત કરવાના સંકલ્પોમાં પણ અમારા સ્વરૂપનું તેમણે ધ્યાન કર્યું છે, તેથી અમે પ્રસન્ન છીએ."

એટલું કહીને મહારાજે શ્રીમંત સરકારને આશીર્વાદ આપતાં કહ્યું : "રાજન્ ! તમે અતિ પુણ્યશાળી છો, કારણ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ-નારાયણ અને બ્રહ્મવેત્તા એવા તેમના સંતો તમારે ત્યાં પધાર્યા. તમારી સેવા અંગીકાર કરી. માટે તમો તો જનક, અંબરીષ, જયદેવ આદિ ભક્ત તુલ્ય છો. બીજાને દેહ મૂકીને જે પ્રાપ્તિ મળે છે, તે તમને દેહ છતાં મળી ગઈ. એટલે તમારે હવે જીવનમાં કાંઈ જ કરવું રહ્યું નથી. તમો પૂર્ણકામ અને કૃતાર્થ થઈ ગયા છો." એમ કહીને મહારાજે તેમને પોતાની માળા આપીને કહ્યું : "આ માળાથી સ્વામિનારાયણ નામના મંત્રનો જપ કરજો. રોજ પાંચ માળા ફેરવ્યા પછી જ ભોજન લેવું તેવો નિયમ રાખજો."

જે બ્રહ્મબીજ નથી તે તો લાખ અશ્વમેધ યજ્ઞો કરે તોપણ બ્રાહ્મણ બની શકતો નથી

દીવાનજી આવ્યા. એટલે મહારાજે તેમને સંબોધીને કહ્યું : "દીવાનજી ! અમે જાદુ કરીને કે ઇન્દ્રજાળ પાથરીને કોઈને વશ કરતા નથી. અમારે કોઈનું રાજ્ય જોઈતું નથી. એ તો જેના પ્રારબ્ધમાં એ ભાર ઉપાડવાનો લખ્યો છે તે તે ભાર ઉપાડે. અમારે ચૌદ લૌકના રાજ્યનું સુખ તે પણ નરક તુલ્ય મનાઈ ગયું છે." એટલું કહીને મહારાજે જરા ભ્રૂકુટી વાંકી કરીને દીવાન તરફ જોયું. દીવાને આંખો ઢાળી દીધી. તે મહારાજની વક્રદૃષ્ટિ સહન કરી શક્યો નહીં.

મહારાજે તેને કહ્યું : "દીવાનજી ! તમે તો અમારા સંબંધી ગમે તેવી વાતો ફેલાવતા હશો. પરંતુ અમે સામવેદી બ્રાહ્મણ છીએ. અમારું સાવર્ણિ ગોત્ર છે. કૌથુમી શાખા છે. કોઈ બ્રાહ્મણ દેહ પામી ક્રિયાભ્રષ્ટ કે ધર્મભ્રષ્ટ થયો હોય, પરંતુ તે પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઈ જાય છે. પરંતુ જે બ્રહ્મબીજ જ નથી, તે તો લાખ અશ્વમેધ યજ્ઞો કરે તોપણ બ્રાહ્મણ બની શકતો નથી."

આ સાંભળી શ્રીમંત સરકાર પણ સ્તબ્ધ થઈ ગયા ! દીવાનના જીવનના ઈતિહાસથી તેઓ અપરિચિત ન હતા. તેમને લાગ્યું કે દીવાન મૂર્ખ છે તેથી હવે તો તે જરૂર વિફરશે. એટલે તેમણે મહારાજનો પગ દબાવ્યો. નિત્યાનંદ

સ્વામીએ પણ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! જીવ તો અનાદિ કાળથી અવળા જ હોય છે, માટે હવે ક્ષમા કરો."

આ સાંભળી મહારાજ પોતાના અસલ સ્વરૂપમાં આવી ગયા. સૌને આશ્ચર્ય થયું કે ઘડી પહેલા ક્રોધથી રતુમડું થઈ ગયેલું મહારાજનું મુખારવિંદ એકાએક કેવી રીતે સ્વસ્થ થઈ ગયું !

પછી કુંવર ગણપતરાવે તથા ખંડેરાવે મહારાજની પૂજા કરી. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. ગણપતરાવની ઉંમર તે વખતે અગિયાર વર્ષની હતી અને ખંડેરાવની ઉંમર સાત વર્ષની હતી. તેમણે જરિયાની સુરવાળ, ડગલી અને ગાયકવાડી પાઘ પહેર્યા હતા. શ્રીમંત સરકારની આજ્ઞાથી બંને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. દંડવત્ કરતાં ખંડેરાવની પાઘ નીચે પડી ગઈ, એટલે મહારાજે તેના મસ્તક ઉપર બે હાથ મૂકી દીધા. ગણપતરાવની પાઘ ઉપર મહારાજે બે હાથ મૂક્યા. ગણપતરાવને આવરણ સહિત આશીર્વાદ મળ્યા અને ખંડેરાવને આવરણ રહિત મહારાજના આશીર્વાદ મળ્યા.

પછી મહારાજે શ્રીમંત સરકારને કહ્યું : "સરકાર ! તમારા આ બંને પુત્રો બહુ જ પ્રતાપી થશે. તેમાં પણ ખંડેરાવ વધુ પ્રતાપી થશે અને તમારા રાજ્યની પ્રતિષ્ઠા વધારશે." એમ કહી ખંડેરાવને મહારાજે ફરી આશીર્વાદ આપવા પાસે બોલાવ્યા. તેમણે મસ્તક નમાવ્યું અને તેમની પાઘ પાછી નીચે પડી ગઈ. મહારાજે તેમને માથે બે હાથ મૂક્યા. તેમની પાઘ પોતે લઈ પ્રસાદીની કરીને તેમને પહેરાવી અને પછી પોતાના કંઠમાંથી બધા હાર કાઢ્યા. એક ગણપતરાવને પહેરાવ્યો. એક ખંડેરાવને પહેરાવ્યો. મોગરાનો ત્રીજો હાર મહારાજે દીવાનજીને પહેરાવતાં કહ્યું : "તમને અમે ઠપકો બહુ આપ્યો છે. તેની શાંતિ માટે આ પ્રસાદીનો હાર લ્યો."

દીવાનજીએ ઊભા થઈને મહારાજના હાથમાંથી હાર લઈ લીધો. પછી તે પોતાની ખુરશી ઉપર બેસી ગયો.

મહારાજ દીવાનજીને પોશ ભરીને સાકર આપે છે

ત્યારબાદ મહારાજ ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં પણ તેમણે કહ્યું : "સરકાર ! તમારા દીવાનજીનો અમને પ્રત્યક્ષ મેળાપ થયો છે. તેથી હવે અમારા પ્રત્યેનો તેમનો રાગ-દ્વેષ ઓગળી જશે. તમારા રાજ્યની આબાદી વધશે અને સર્વત્ર શાંતિ પ્રસરશે." એટલું કહી મહારાજે ચાલવાની તૈયારી કરી.

એટલામાં 'સ્વામિનારાયણ ભગવાનની જય'ના શબ્દનો ઘોષ થયો. ઝરૂખામાંથી રાણી ચીમનાબાઈ તથા અન્ય સ્ત્રીઓએ પણ મહારાજને સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યા અને જયઘોષમાં સૂર પુરાવ્યો. નાથ ભક્તે તરત જ સાકર ભરેલો મોટો થાળ મહારાજને ભેટ આપ્યો. તે સાકરના થાળને મહારાજે પોતાના હાથે સ્પર્શ કર્યો. એ રીતે પ્રસાદીભૂત થયેલી સાકર સૌને વહેંચી દેવા મહારાજે કહ્યું. તેમાંથી પ્રથમ પોતે પોશ ભરી સાકર લઈ દીવાનજીને આપી. પછી શ્રીહરિ શ્રીમંત સરકારનો જમણો હાથ પકડી આખા મહેલમાં ફર્યા. બધી જગ્યા પ્રસાદીની કરી.

વડોદરાથી વિદાય

મહારાજ અહીંથી વિદાય લેવાના હતા. એટલે મહારાજ નીચે ઊતર્યા કે તરત જ સુવર્ણની અંબાડીથી શોભતો મોટો ગજરાજ મહારાજ સન્મુખ ઝૂક્યો. મહારાજ તે ઉપર બિરાજ્યા. નારુપંત નાના પાછળ બેસી મહારાજને ચામર ઢોળવા લાગ્યા. બીજા સંતો પણ જુદા જુદા હાથીઓ, મેના, પાલખીમાં જેમ ઘટે તેમ બેસી ગયા. કાઠી ઘોડેસવારો પોતાના તેજીલા ઘોડા ખેલાવતા સવારીની આજુબાજુ ફરવા લાગ્યા. મહારાજના અંગરક્ષકો મહારાજના હાથીની સાથે ને સાથે જ ચાલતા હતા.

સવારી ચાંપાનેરી દરવાજા પાસે થઈને છીપવાડને મોટે રસ્તે નીકળી. અહીં હજારોની સંખ્યામાં ભાવિકો મહારાજનાં દર્શન કરવા રાહ જોઈ ઊભાં હતાં. અહીં રસ્તામાં નારુપંત નાના, બાપુ રાવજી તેમજ વૈદ્યરાજ રામચંદ્રભાઈનાં ઘર આવતાં હતાં તેમજ જમાદાર જાંબુમિયાં તથા આબુમિયાંની હવેલીઓ પણ આ રસ્તે જ હતી. સૌએ મહારાજનાં દર્શન કર્યાં. ઓઝલવાળી સ્ત્રીઓએ પડદા પાછળથી મહારાજનાં દર્શન કર્યાં, સોના-રૂપાનાં ફૂલોથી મહારાજને વધાવ્યા.

રસ્તામાં મહેતા પોળમાં ગોવર્ધનનાથજીનું મંદિર આવ્યું. મહારાજે ત્યાં ભેટ તથા નૈવેદ્ય માટે સામગ્રી મોકલાવી. આગળ જતાં બાજવાડાના ખાંચામાં શ્રી બળદેવજીનું મંદિર છે. ત્યાં પણ તે પ્રમાણે ભેટ તથા સામગ્રી મોકલાવી. મંદિરના કર્મચારીઓને સ્વામિનારાયણ ભગવાનની આવી વિશાળ ભાવનાથી તેમના પ્રત્યે ભાવ થયો.

શ્રીહરિની સવારી આગળ ચાલી. શેઠ લલ્લુ બહાદુર તથા શેઠ ખુશાલચંદની મોટી હવેલીના ઝરૂખામાં તેમની પત્નીઓ તથા પરિવાર બેઠાં

હતાં. મહારાજનો હાથી પાસે આવ્યો કે તરત જ અક્ષત અને પુષ્પોથી મહારાજને વધાવ્યા. મીઠાઈની છાબડિયો ભેટ મોકલાવી. સવારી આગળ ચાલી. કાંતારેશ્વર મહાદેવને પણ ભેટ તથા સામગ્રીઓ મોકલાવી.

સવારી જેમ જેમ આગળ ચાલતી જાય, તેમ તેમ જયઘોષ વધતો જાય. હજારોની સંખ્યામાં ભાવિકો ઊમટયા હતા. આજ ભગવાન સ્વામિનારાયણની આ દિવ્ય શોભાયાત્રાનાં દર્શન કરી સૌ કૃતકૃત્ય થઈ ગયાં હતાં ! સૌના મુખ ઉપર આનંદની લહરી ફરકતી હતી.

જોવા જેવા તો એક મહારાજ છે

સવારી છીપવાડને લાંબે રસ્તે આવી. અહીં વૈદ્યરાજ રામચંદ્ર હરિશ્ચંદ્રની હવેલીમાંથી તેમના પરિવારે મહારાજની દૂરથી જ પૂજા કરી લીધી. ભેટ, સામગ્રી, મહારાજ માટે પોષાક વગેરે પદાર્થ નાથ ભક્ત પાસે આવતા હતા. નાથ ભક્ત તે બધું એક મોટા સિગરામમાં એકઠું કરતા હતા.

સવારી આગળ ચાલી એટલે એક સત્સંગી રણછોડ ભાવસારે તેની સ્ત્રીને કહ્યું : "જો ઘેર બેઠા ગંગા આવી છે. મહારાજ હાથી ઉપર બિરાજ્યા છે. માટે મૂર્તિ ધારીને દર્શન કરી લે !"

તે સાંભળી તેની સ્ત્રીએ રડતાં રડતાં કહ્યું : "તમારે તો આંખો છે તે દર્શન કરો છો અને દર્શનનો સ્વાદ માણો છો. હું રહી આંધળી, મેં ભગવાનને દેખ્યા જ નથી તો શી રીતે તેમની મૂર્તિ ધારવી ? માટે જો ભગવાન સાચા હોય, તો મને દર્શન દે."

તેણે આ પ્રમાણે કહ્યું કે તરત જ તેનાં નેત્રની કીકી ઉપર વીસ વરસથી છારી બાઝી ગઈ હતી તે એકદમ દૂર થઈ ગઈ અને તેનાં બંને નેત્ર પ્રકાશથી ભરાઈ ગયાં ! જાણે વીજળીનો પ્રકાશ પથરાયો હોય તેમ વીસ વર્ષથી દૂર રહેલો સમગ્ર પ્રકાશ તેનાં નેત્રમાં વ્યાપી ગયો ! તેને મહારાજનાં દર્શન થયાં ! તેજ તેજના અંબાર રૂપ મહારાજના દિવ્ય સ્વરૂપને દેખીને તે તો ગાંડા જેવી થઈ ગઈ ! રણછોડ ભાવસારના આનંદનો પણ પાર ન રહ્યો. તેણે પછી તેની સ્ત્રીને કહ્યું : "જો મહારાજ ભગવાન છે, તો તને પ્રકાશ આપ્યો. માટે જોવા જેવા તો એક મહારાજ જ છે, તો તેમના વિના બીજું હવે જોઈશ નહીં."

"હવે તો મૂર્તિ અંતરમાં ઊતરી ગઈ છે. એટલે અંદર અને બહાર મને મહારાજ જ દેખાય છે !" તેની સ્ત્રીએ કહ્યું.

એટલામાં નારુપંત નાનાનું ઘર આવ્યું. તેણે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! મારે આપનું પૂજન કરવાનો ભાવ છે. પૂજા-સામગ્રી બધી તૈયાર રાખી છે. આપ આજ્ઞા કરો તો હાથી ઝુકાવીએ."

મહારાજે તરત જ કહ્યું : "નાના સાહેબ ! હજુ ઉતારે પહોંચતા સાંજ પડશે. સવારના સૌ ભૂખ્યા-તરસ્યા છે. માટે અહીં પૂજન કરી લ્યો."

નાના સાહેબે ઈશારો કર્યો એટલે તરત જ ઝરૂખામાંથી તેમની પત્ની સાવિત્રીબાઈએ પૂજનની સામગ્રી મોકલાવી. નાના સાહેબે હાથી ઉપર જ મહારાજનું પૂજન કરી લીધું. સમય સાચવી લેવાની તેની આ સરળતાથી મહારાજ તેના ઉપર પ્રસન્ન થઈ ગયા.

સવારી પાણી દરવાજા બહાર નીકળી ત્યાં શ્રીમંત સરકારના માસી ગયાબાઈએ પણ મહારાજને સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યા. આબુમિયાં અને જાંબુમિયાંની પત્નીઓએ પણ મહારાજના દીદાર કર્યા અને બંદગી કરી.

રાજમાર્ગની સડક ઉપર પાંચસો વર્ષથી સાત બાબી મુસલમાનોની સાત કબરો વચ્ચોવચ્ચ હતી. તેના છાપરામાંથી એક બુઢ્ઢો નાગો ફકીર નીકળ્યો. તેને જોઈ મહારાજે અંબાડીમાંથી જ પુષ્પની છાબડીમાંથી મૂઠી ભરી પુષ્પ તેના ઉપર ફેંક્યાં. તે બધાં જ પુષ્પો તેના ઉપર પડ્યાં કે તરત જ સફેદ જગન્નાથી કાપડની તેમાંથી અલફી બની ગઈ અને ફકીરના શરીરને પગની પાની સુધી ઢાંકી દીધું ![૬૫] આ ચમત્કારથી તે ફકીર મહારાજ સામું જોઈ રહ્યો. મહારાજની સ્તુતિ કરવા લાગ્યો : "યા અલ્લાહ, યા ખુદા, યા સ્વામિનારાયણ ! તુમ હી પરવર-દિગાર હો." એમ નાચતો-કૂદતો મહારાજના હાથી પાસે આવી ગયો અને ઠેઠ મહારાજના મુકામ સુધી સાથે આવ્યો.

મહારાજ ઉપર પુષ્પો તથા પુષ્પહારની વૃષ્ટિ એટલી બધી થતી કે આખી અંબાડી પુષ્પોથી ભરાઈ ગઈ. નાથ ભક્તનું સિગરામ પણ ભેટો-સામગ્રીઓ વડે ભરાઈ ગયું. શ્રીજીમહારાજની આ દિવ્ય શોભાયાત્રાનાં દર્શન કરવા માટે લોકો એટલી પડાપડી કરતા હતા કે એક જગ્યાએથી દર્શન કરી તરત જ બીજી જગ્યાએ દર્શન કરવા દોડતા અને ત્યાંથી આગળ આગળ પહોંચી જતા. સ્વામિ-નારાયણનો જયઘોષ, સંતોનાં કીર્તનો તથા વાજિંત્રો અને પડઘમના ઘોષથી સમગ્ર વડોદરા શહેર ગાજી ઊઠ્યું !

૬૫. તે ફકીર ત્યારબાદ તે અલફી સદા પહેરી રાખતો. 'સ્વામિનારાયણ ખુદા' એમ એ જીવ્યો ત્યાં સુધી તેણે ભજન કર્યું.

એટલામાં શ્રીમંત સયાજીરાવ સરકાર મોટા બળદોથી જોડેલી સુંદર ગાડી લઈને ભીડમાંથી ધીરે ધીરે રસ્તો કરતા મહારાજ પાસે પહોંચી ગયા. મહારાજે તેમને કહ્યુ : "તમે આગળ ચાલો."

એટલે તેમણે કહ્યું : "આપ મારા ઈષ્ટદેવ છો, એટલે આપનાથી આગળ મારાથી રહેવાય નહીં."

ત્યારે મહારાજે હસીને કહ્યું : "એમ નહીં. તમે આગળ મુકામ ઉપર પધારો અને ત્યાં બંદોબસ્ત કરાવો." શ્રીમંત સરકાર તરત જ ઉપડ્યા.

શામળ બેચર શેઠની હવેલી પાસે મહારાજનો ગજરાજ આવ્યો. ત્યારે તેમણે મહારાજને સ્તુતિ કરી : "મહારાજ ! હવેલીમાં પધારો તો આપનું પૂજન કરવાનો ભાવ છે તે પૂરો થાય."

મહારાજે કહ્યું : "હવે સાંજ પડવા આવી છે, એટલે સવારી થંભાવીએ તો મોડું બહુ જ થાય. માટે અહીં જ પૂજન કરી લ્યો."

આ સાંભળી તેમણે મહારાજને પહેરાવવા હાથીની સૂંઢમાં હાર મૂક્યો. તરત જ હાથીએ સૂંઢ ઊંચી કરી. મહારાજે તે હાર લઈ લીધો. તે પ્રસાદીનો હાર મહારાજે તેમને પાછો આપ્યો. તેમણે શ્રીહરિ માટે પોષાક, અલંકાર તેમજ રૂપિયા ભરેલા થાળ - તે બધી ભેટ નાથ ભક્તને આપી દીધી.

લગભગ સાંજ પડી ગઈ હતી. તેથી મહારાજે કહ્યું : "સવારી હવે જલદી ચલાવો." એટલે મહારાજના કાઠી અસવારો તરત જ ઘોડા ઉપર ફરતા સૂચના આપવા લાગ્યા. સવારીની ગતિ વધી.

તંબોળીવાડ, લક્કડ પીઠું અને ખારવાવાડ આગળ થઈને ચિત્રોડાના મહાદેવને તથા ચોવીશાના તથા ઉમિયાશંકરના મહાદેવને ભેટ મોકલી. ડભોઈયા વાડી, સોની વાડી, કંસારા વાડી થઈને ગોસ્વામીની બેઠકમાં શ્રી દ્વારિકાનાથજીને ભેટ મોકલી. સવારી કેવડાબાગ પાસે આવી. ધીરે ધીરે સવારી ભેંસાણ તથા મસ્તુબાગના વિશાળ સ્થાનમાં આવી. અહીં આજુબાજુથી હજારો વાળંદને બોલાવ્યા હતા. તેમણે મશાલો ચેતાવી મસ્તુબાગને રોશનીથી ઝળહળતું કરી દીધું હતું.

અહીં હાથી ઝૂક્યો.મહારાજ સીડી ઉપરથી ધીરે રહીને નીચે ઊતર્યા. નીચે ઊભેલા શ્રીમંત સરકારનો મહારાજે હાથ પકડ્યો. અહીં પણ શ્રીમંત સરકારે પોતાના શ્રેષ્ઠ સંગીત વાદ્યકારો પાસે સંગીતના સૂરો વહેતા મુકાવ્યા હતા. મહારાજ આવું કર્ણપ્રિય સંગીત સાંભળી સરકાર સામે જોઈને હસ્યા. તેમના

ભાવમાં ભક્તિ હતી. મહારાજ મંડપની બરોબર વચ્ચે મંચ ઉપર બિરાજમાન થયા. તેમની જમણી બાજુએ શ્રીમંત સરકાર બેઠા. ડાબી બાજુએ સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટેરા સંતો બેઠા. સભામાં ગાલીચા પાથરી દીધા હતા. તે ઉપર પ્રતિષ્ઠિત નગરજનો બેસી ગયા. નાંખી નજર ન પહોંચે એટલી વિશાળમેદની ત્યાં ઉભરાણી હતી.

રાજ્યના રસોડામાંથી બ્રાહ્મણ રસોઇયાઓ પાસે બનાવેલી રસોઈની સામગ્રીઓ, બ્રાહ્મણો પાણીનો છંટકાવ કરતા આગળ લઈ આવતા હતા. તે બધી સામગ્રી એક મોટા તંબુમાં એકઠી કરાવી. ભેટમાં જે સાકર આવી હતી તે સભાજનોમાં વહેંચી દેવા મહારાજે આજ્ઞા કરી. એટલામાં મહારાજને જમવા માટે તેડું આવ્યું. તેથી મહારાજ ઊઠ્યા. શ્રીમંત સરકારને તેમણે કહ્યું : "સરકાર ! તમો પણ સવારથી આજે ભેગા જ છો, બહુ જ શ્રમ લીધો છે. તો આપ પણ પધારો અને ભોજન લઈને આરામ કરો."

મહારાજ માટે સદાશિવભાઈ પોતાના ઘેરથી તાજા દૂધના પોતે જ બનાવેલા પેંડા, કેળાં વગેરે લઈ આવ્યા. મહારાજ વિષ્ણુને નૈવેદ્ય ધરાવી થોડું જમ્યા. ગોપાળજીએ મહારાજ માટે શીરો, પૂરી, શાક, ભજિયાં વગેરે તૈયાર કર્યાં હતાં, તે થાળ મહારાજ જમ્યા. ત્યારબાદ નાના સાહેબ તથા બાપુ સાહેબને સૂચના આપી કે "સંઘના તમામ માણસોને વ્યવસ્થા કરી બરોબર જમાડી દ્યો." તેમણે આ વ્યવસ્થા તેમના હાથ નીચેના માણસોને રોકીને કરી લીધી હતી. એટલે રાત્રીના બાર સુધી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રો તથા યવનો તમામને જમાડ્યા. સરકારના રસોડેથી જે વિવિધ સામગ્રીઓ આવી હતી તે કાઠી દરબારોને જમાડી.

અક્ષર સમ સુખ જીવને પણ ભૂખે દુર્બળ દેહ

મહારાજ પોતાના તંબુમાં પોઢવા માટે પધાર્યા. ત્યારે નાના સાહેબ, બાપુ સાહેબ પણ ત્યાં આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "બધાને બરોબર જમાડ્યા ને ?"

તેમણે હાથ જોડી કહ્યું : "હા, પ્રભુ ! આપની દયાથી સમગ્ર સંઘને જમાડી દીધો છે. પહેલેથી જ એ પ્રકારની વ્યવસ્થા રાખી હતી." પછી તેમણે કહ્યું : "મહારાજ ! આજની શોભાયાત્રાનો ઉત્સવ એં તો ખરેખર 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવો થઈ ગયો !"

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "તે તો સાચું, પણ મહારાજના આ કાઠી સખા જેમને ચાર વાર આહુતિ આપવા જોઈએ તે ઠેઠ

રાત્રે જમવા પામ્યા." એમ કહી સુરાખાચર સામું જોઈને પૂછ્યું : "કેમ સુરા આપા ! ખરું ને ?"

સુરાખાચરે કહ્યું : "મહારાજ ! ઉત્સવ રૂડો થઈ ગયો તે ખરું અને આ બ્રહ્માનંદ સ્વામી કહે છે તે પણ ખરું. અમને કાઠીને ભૂત ને ભવિષ્ય એવી બોલી ન આવડે. અમે તો સાખીમાં સમજીએ અને બીજાને સમજાવીએ."

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે પૂછ્યું : "એવી સાખી બનાવી છે ?"

તરત જ સુરાખાચર બોલ્યા : "એ બનાવવાનું કામ બ્રહ્માનંદનું. અમે તો જે હૈયે આવે તે તરત જ હોઠે બોલી દઈએ." એમ કહી બોલ્યા :

"હૈયે આંખે અમૃત ઢળ્યું અને અમૃત ઉદિયા મેહ;
અક્ષર સમ સુખ જીવને પણ ભૂખે દુર્બળ દેહ."

આ સાખી સાંભળી મહારાજ તથા ત્યાં બેઠેલા સૌ હસી પડ્યા.

મહારાજે કહ્યું : "સ્વામી ! આ સાખીમાં તો સુરા બાપુએ બેય વાત મરમમાં સમજાવી દીધી."

પછી મહારાજ પોઢી ગયા !

મહારાજને પકડવાનો દીવાનનો છેલ્લો પાસો

નિરાશ થયેલા દીવાને છેલ્લો પાસો મહારાજને પકડવા અજમાવ્યો. રાત્રે જ ગમે તેમ કરીને મહારાજને પકડી લેવા. તોફાન, ધમાલ થાય તો ભલે પણ છેલ્લા દાવમાં તે ભગવાનની કારી ફાવવા દેવી નથી તેવો તેણે નિશ્ચય કરી લીધો. તેનો આ મનસૂબો મહારાજથી કેમ અજાણ્યો રહે ? મહારાજ સ્થૂળ દૃષ્ટિએ નિદ્રાધીન થયા હતા છતાં મહારાજ વિચારતા હતા કે સભામાં આટલો ઉપદેશ આપ્યો, પ્રસાદીનો હાર આપ્યો, પોશ ભરીને પ્રસાદીની સાકર અમારા હાથે આપી પણ તોય આ તો વિષનું વૃક્ષ ! તેનું બીજ એવું કે તેને સાકરનું પાણી પાઈએ કે શેરડીનું ખાતર નાંખીએ તોપણ ઝેર તે ઝેર જ રહેવાનું ! આવા કેટલાક પરિપકવ અસુરભાવને પામ્યા હોય તેનો પલટો કદાપિ થઈ શકતો નથી.

તે રાત્રે મહારાજની ઇચ્છાથી મૂશળધાર વરસાદ પડ્યો. વડોદરા શહેરમાં પાણી ભરાઈ ગયું. લોકો ઘરની બહાર નીકળી શકે એવી પરિસ્થિતિ રહી નહીં.

મહારાજના તંબુ પાસે ખડેપગે ચોકી કરતાં પાર્ષદો ભગુજી વગેરે તંબુમાં આવી ગયા. મહારાજ પણ જાગી ગયા અને પૂછ્યું : "આ શું થાય છે ?"

ભગુજીએ કહ્યું : "મહારાજ ! અનરાધાર વરસાદ વરસે છે. કમોસમનો વરસાદ થયો તે નુકસાન ઘણું થશે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "ભગુજી ! આજે ઇન્દ્ર રાજાએ અમારી રક્ષા કરી. આજે દીવાનને છેલ્લો પાસો ફેંકવો હતો. અમને કેદ કરવા કાં મારી નાખવા હતા. પણ આ જીવના આદર્યા અધૂરા રહે છે."

ભગુજી આ સાંભળી ચમક્યા. તેમણે એકદમ તલવારની મૂઠ ઉપર હાથ નાંખ્યો. મહારાજે હસતાં હસતાં કહ્યું : "ભગુજી ! હવે એવું કાંઈ કરવાની જરૂર નથી. તેઓ બધા અંધારામાં નાળાના પાણીના પ્રવાહમાં પડ્યા અને અત્યારે તો સમુદ્ર ભેળા થઈ ગયા હશે."

સવાર પડી ને સૂરજદાદાનાં દર્શન થયાં ત્યારે રાતના વરસાદની ભયંકરતાનો લોકોને ખ્યાલ આવ્યો. દીવાનને તેના સાગરીતોના અંતિમ અંજામની ખબર પડી એટલે તે હાથ ઘસતો રહી ગયો !

શ્રીમંત સરકાર પ્રાતર્વિધિથી પરવારી મહારાજ પાસે આવ્યા. તેઓ જાણતા હતા કે આજે મહારાજ વિદાય માગવાના છે. મહારાજે તેમનો સત્કાર કરતાં કહ્યું : "સરકાર ! આપે અહીં ત્રણ દિવસ સુધી અપાર લાભ લીધો અને પ્રજાજનોને પણ અપાવ્યો. હવે અમે આજે આપની વિદાય માગીએ છીએ."

તે સાંભળી શ્રીમંત સરકારની આંખો ભીની થઈ ગઈ. તેમણે કહ્યું : "મહારાજ ! ફરી એક માસ રહેવાય તેવી રીતે આપ પધારો, એવું વચન આપો તો મારા અંતરમાં શાંતિ થાય."

મહારાજે તેમને કહ્યું : "ભગવાનની ઇચ્છા હશે તો એવો જોગ આવી જશે."

એટલામાં ત્યાં નારુપંત નાના આવી ગયા. મહારાજે તેમનો હાથ પકડીને શ્રીમંત સરકારના હાથમાં મૂક્યો અને કહ્યું : "સરકાર ! આ અમારા પરમ ભક્તરાજ છે. કદાચ કોઈ અવળા દેશકાળને યોગે રાજ્યના વાંકમાં આવી જાય તો આપ તેને ક્ષમા કરજો. આટલું અમારું વચન રાખજો."[૬૬]

---

૬૬. થોડાં વર્ષો પછી શ્રીમંત સયાજીરાવ સરકારની રાણી તથા કારભારીએ મળીને વિચાર કર્યો કે શ્રીમંત સરકારને કેદ પકડી ગાદી ગણપતરાવને આપવી. આ કાવતરામાં નારુપંત નાના પણ ભળ્યા અને પોતાને હાથે સહી કરી. સયાજીરાવને આ કાવતરાની ખબર પડી એટલે જેટલા તેમાં ભળ્યા હતા તેમાંના કેટલાકને તેમણે તોપે દીધા, કેટલાકને બાવળના લીલા કાંટાથી બાળ્યા અને રાણીને જીવતી ભીંતમાં ચણી દીધી. ➤

મહારાજે નારુપંત નાના વિશે જે વાત કરી તેનું રહસ્ય શ્રીમંત સરકાર તે વખતે તો સમજી શક્યા નહીં. પરંતુ તેમને લાગ્યું કે મહારાજની કેવળ જીવો ઉપર દયા જ છે. તેમનું તેમને કલ્યાણ કરવું છે. તેથી તેઓ પોતાના ભક્તો માટે આ પ્રમાણે ભલામણ કરે છે. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપની સર્વ જીવો પ્રત્યે અપાર દયા છે. આ પૃથ્વી ઉપર અનંત અવતારો થયા છે પણ આજે કોટી ગણા જીવોનાં કલ્યાણ કેવળ આપના સંબંધથી, આપના સંતોના સંબંધથી અને આપના હરિભક્તોના સંબંધથી આપ કરી રહ્યા છો. આપ તેથી સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છો તેમાં લેશમાત્ર મને સંદેહ નથી. હવે આપનાં ચરણકમળમાં એક જ વિનંતી કે મારા આપના પ્રત્યેના ભક્તિભાવમાં કોઈ વિઘ્ન ન આવે તે પ્રકારના ઉપદેશ કે નિયમોનો કોઈ ગ્રંથ હોય તો આપ મને મોકલશો, જેથી તે રીતે હું વર્તી શકું."

મહારાજ તેમની સમજણથી અત્યંત પ્રસન્ન થયા અને તેમને માથે બે હાથ મૂકી કહ્યું : "સરકાર ! તમારું તથા તમારી પ્રજાનું કલ્યાણ થઈ ગયું છે. છતાં ઉત્તમ સમજણ કેળવાય અને નિયમોથી ઇન્દ્રિયો, અંતઃકરણ વશ થાય તે પ્રકારનો એક ગ્રંથ અમે આપને મોકલીશું."

શ્રીમંત સરકાર મહારાજની તેમના ઉપરની આવી કરુણામય કૃપાથી અતિ ગદ્ગદ થઈ ગયા !

હાથી ઝૂકે કે તરત જ માણકી તૈયાર રાખજો

મહારાજની વિદાય નિશ્ચિત હતી તેથી શ્રીમંત સરકારે પોતાની ચતુરંગી સેના તથા વાજાં, પડઘમ, ત્રંબાળું ઢોલ, તૂરી, રણશીંગા, રામ ઢોલ, શરણાઈ, ડંકા, નોબત તૈયાર જ રાખ્યાં હતાં. વડોદરાની જનતા પણ મહારાજના આ

નારુપંત નાનાને તેમણે પૂછ્યું : "તું આ કપટમાં છો ?"
ત્યારે તેણે ના કહી. એટલે સરકારે તેમની સહીવાળો કાગળ તેમને બતાવ્યો. પછી કહ્યું : "ભગવાન સ્વામિનારાયણે તમારો હાથ મને સોંપ્યો છે એટલે તમને જીવતા જવા દઉં છું." એમ કહીને તેમના ઘરબાર, મિલકત જપ્ત કરવાનો હુકમ કરી દીધો. આવી સ્થિતિમાં નારુપંત નાનાને મહારાજના છેવટના શબ્દો યાદ આવી ગયા અને તે શબ્દોથી જ તેમને જીવતદાન મળ્યું છે તે સમજી ગયા. તેઓ દક્ષિણીઓએ બાંધેલા સદાવ્રતમાંથી શેર ખીચડી લાવી જમતા અને મહારાજનું ભજન કરતા. – નિર્ગુણદાસ સ્વામીની વાતું, વાર્તા નં. ૧૪૦.

વિદાય દર્શન માટે મસ્તુબાગમાં આવવા લાગી. સમગ્ર મસ્તુબાગ ભાવિક જનતાથી ઉભરાવા લાગ્યો.

મહારાજ પોતાના તંબુમાંથી તૈયાર થઈને નીકળ્યા. ગજરાજ ઝૂક્યો. સીડી મુકાણી અને મહારાજ ઉતાવળે ગજરાજ ઉપર ચડી સુવર્ણની અંબાડીમાં બિરાજી ગયા. પાછળ નારુપંત નાના મહારાજને ચામર ઢોળવા લાગ્યા. મહારાજે અંબાડી ઉપરથી સમસ્યા કરીને નાજા જોગિયાને પાસે બોલાવ્યા અને તેમને સૂચના આપી કે "છાણીમાં સવારીને વિદાય કરવાની છે. તે સમયે હાથી ઝૂકે કે તરત જ માણકી હાથી પાસે તૈયાર રાખજો." એટલું કહ્યું ત્યાં હાથી ઊઠ્યો.

મહારાજના હાથીની પાછળ બીજા હાથી ઉપર શુકમુનિ તથા મુક્તાનંદ સ્વામી બેઠા હતા. તોપના અવાજ થયા, બંધૂકો ફૂટી, નોબત વાગી અને નિશાન-ડંકાના અવાજ સાથે પડઘમ વગેરે વાગવા લાગ્યા. ચતુરંગી સેનાની જે પ્રથમ સવારી નીકળી હતી, તે મુજબ જ આ સવારીની વ્યવસ્થા હતી. મહારાજના હાથીની સાથોસાથ મહારાજના પાર્ષદો પોતાના ઘોડાને રેવાળ ચાલમાં ચલાવતા સવારીની વ્યવસ્થામાં વિક્ષેપ ન થાય તે પ્રમાણે ચાલતા હતા.

મહારાજ માણકી ઉપર બેસી વીજળી વેગે રવાના થઈ ગયા !

મહારાજની આ દિવ્ય શોભાયાત્રાનાં દર્શન કરવા હજારોની સંખ્યામાં ભાવિકો ઊમટ્યા હતા. શ્રીમંત સરકાર પોતાના અશ્વ ઉપર બેસી મહારાજની વિદાયનાં અશ્રુભીની આંખે દર્શન કરી રહ્યા હતા. સવારી આગળ ચાલવા લાગી. વડોદરા નગરની હદ છોડી અને મહારાજ વિદાય થયા. છાણી આવ્યું. મહારાજ વડોદરા પધાર્યા ત્યારે અહીંથી જ ગજરાજ ઉપર બિરાજ્યા હતા.

મહારાજની આજ્ઞાથી અહીં હાથી ઝુકાવ્યો. તરત જ નાજા જોગિયાએ માણકી હાથી પાસે લાવીને તૈયાર રાખી. આજુબાજુ પાર્ષદો પોતાના ઘોડા ઉપર મહારાજની માણકીને વીંટળાઈને ઊભા હતા. મહારાજ સીડીના ત્રીજા પગથિયા ઉપરથી જ છલાંગ મારી અને માણકી ઉપર બેસી ગયા ! માણકીના પેંગડામાં મહારાજે પગ મૂક્યો અને માર્ગ દેવા સમસ્યા કરી. તરત જ સમુદ્ર માર્ગ આપે તે પ્રમાણે રસ્તો થઈ ગયો અને માણકી વાયુ વેગે વાજોવાજ ઊપડી. જાણે આકાશમાંથી તારો ખર્યો હોય અને અદૃશ્ય થઈ જાય એમ જોતજોતામાં માણકી સવારીના સમૂહને અગોચર બની ગઈ ! મહારાજના છેલ્લા શબ્દો સંભળાયા : "જય સ્વામિનારાયણ !"

સૌ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. મહારાજના પાર્ષદોએ પણ પાછળ પોતાના ઘોડા દોડાવી મૂક્યા. કાઠી દરબારો પણ મારતે ઘોડે મહારાજને આંબી જવા ઉપડ્યા !

બરાબર આ જ સમયે દીવાનના ચાર સરદારો મહારાજ હાથી ઉપરથી ઊતરે કે તરત જ તેમને પકડી લેવા - તેવી સૂચનાનો અમલ કરવા મહારાજના ઝૂકેલા હાથી પાસે આવી ગયા. પરંતુ એટલામાં તો મહારાજ માણકી ઉપર સવાર થઈને ત્યાંથી રવાના થઈ ગયા હતા. દીવાનનો છેલ્લો દાવ પણ આમ ધૂળમાં મળી ગયો !

ગજરાજ ધીરેથી ઊઠ્યો. મહારાજને પોતાની પીઠ ઉપર પધરાવી તેને ચાલતાં કઠણ નહોતું પડ્યું એટલું તેને ઊઠતાં કઠણ પડ્યું. તેને પણ મહારાજની વિદાય અસહ્ય થઈ પડી. નારુપંત નાનાએ તેની સૂંઢ ઉપર હાથ ફેરવ્યો. મહારાજ જે દિશામાં ગયા હતા તે દિશામાં સૂંઢ ફેરવી અશ્રુ સારતો ગજરાજ સવારી સાથે ત્યાંથી પાછો ફર્યો.[૬૭]

પાછળ રહેલા મોટેરા સંતો તથા સંઘમાં આવેલા મહેમાનોને વરતાલ પહોંચાડવાની વ્યવસ્થા કરી રાખી હતી. તેમને માટે સિગરામ, મેના, ગાડાં વગેરે તૈયાર રાખ્યાં હતાં. તેમનું સર્વેનું પૂજન કરી, તેમને દંડવત્ કરી સૌને વાહનોમાં બેસાર્યા અને વરતાલ જવા વિદાય કર્યા.

નારુપંત નાના સીધા જ રેસિડન્ટ મિ. વિલિયમ્સનને ત્યાં ગયા. મહારાજે તેમને તે પ્રમાણે સૂચના આપી સંદેશો મોકલ્યો હતો. નારુપંત નાનાને જોઈ મિ. વિલિયમ્સને પૂછ્યું : "ભગવાન સ્વામિનારાયણ ગયા ?"

તેમણે કહ્યું : "હા, હમણાં જ છાણીથી વરતાલ પધાર્યા. દીવાને ફરી તેમને પકડવાનું કાવતરું કર્યું હતું. પણ એ તો ભગવાન છે. એમ કોઈની જાળમાં આવે એવા નથી. એટલે હાથી ઉપરથી ઊતરી, સીધા માણકી ઉપર બિરાજી રવાના થઈ ગયા. દીવાનના માણસો જોતા રહ્યા !"

એટલું કહીને તેમણે કહ્યું : "આ પરિસ્થિતિને લઈને તેઓ આપને મળી શક્યા નથી. પરંતુ એક સંદેશો કહેવરાવ્યો છે કે તમારો પુત્ર થોડા જ સમયમાં

---

૬૭. શ્રીમંત સરકાર જ્યારે હાથીખાનામાં જતાં ત્યારે મહારાજના પ્રસાદીના આ ગજરાજને નમસ્કાર કરતા. તેને હંમેશાં મિષ્ટ ભોજન જમાડવાની અને સાથે સાથે દૂધ પણ આપવાની તેમણે મહાવતને સૂચના આપી હતી. ત્યારપછી પોતે કોઈ દિવસ આ ગજરાજ ઉપર સવારી કરી ન હતી.

પાછો આવી જશે. તેની તમો ચિંતા કરશો નહીં."[૬૮]

વિલિયમ્સનને આ સાંભળી આશ્ચર્ય થયું. સ્વામિનારાયણે મારા પુત્ર વિશે ક્યાંથી જાણ્યું કે તે લાપતા થઈ ગયો છે ! પરંતુ નાના સાહેબના આ શબ્દોથી તેમના આનંદનો પાર ન રહ્યો. એટલામાં તેમની પત્ની આવી, તેને પણ આ સમાચાર સાંભળી આનંદ થયો.

---

૬૮. વિલિયમ્સનનો પુત્ર જ્હૉન, લખનૌ અને અયોધ્યાના નવાબોને તાબે કરવા માટે મોકલાવેલ એક ટુકડીનો સરદાર હતો. પરંતુ નવાબના સૈનિકોના હાથમાં તે પકડાઈ ગયો. અંગ્રેજ સરદારોએ તથા વિલિયમ્સને તેનો પત્તો કાઢવા ઘણાં ફાંફા માર્યા. અઢી-ત્રણ માસ થયા પણ તેનો પત્તો લાગ્યો નહીં. છેવટે તેણે મનોમન ભગવાનને પ્રાર્થના કરી. સ્વામિનારાયણ ભગવાને તેની પ્રાર્થના સાંભળી અને લખનૌના નવાબને પ્રેરણા કરી. તેથી તેમણે જ્હૉનને સ્વામિનારાયણ ભગવાન વડોદરાથી વિદાય થયા તેના બીજે જ દિવસે છોડી મૂક્યો. લખનૌમાં રહેતા અંગ્રેજ લશ્કરના સેનાપતિએ તેને તે જ દિવસે લશ્કરી બંદોબસ્ત સાથે વડોદરા મોકલી દીધો. એક અઠવાડિયામાં જ્હૉન વડોદરા આવી ગયો અને પોતાનાં માતા-પિતાને મળ્યો. તેમને ભગવાન સ્વામિનારાયણના આશીર્વાદ અમૂલ્ય લાગ્યા !



ઉદ્‌ગીથ ૧૦

શિક્ષાપત્રી આલેખન તથા ફૂલદોલના ઉત્સવો

(આ.સં. ૧૮૮૨, ઈ.સ. ૧૮૨૫-૧૮૨૬)

શ્રીજીમહારાજ છાણીથી નીકળી સાંજે સંધ્યા આરતી સમયે વરતાલ પહોંચી ગયા. સખા તથા પાર્ષદો પણ સાથે જ હતા. મહારાજનું સ્વાગત વરતાલમાં અગાઉથી આવી ગયેલા હરિભક્તોએ હનુમાનવાળે દરવાજે કર્યું. ભગવાન સ્વામિનારાયણનો જયઘોષ કર્યો. ઉચ્ચ સ્વરે થયેલો જયઘોષ સાંભળી મંદિરમાં રહેલા સંતો-હરિભક્તો તથા વરતાલના નગરજનોને થયું કે મહારાજ પધાર્યા લાગે છે. તેથી આ ભાવિક જનો દર્શનાતુર બની મહારાજનાં દર્શન કરવા દોડી આવ્યા. હનુમાનવાળે દરવાજે ભારે ભીડ જામી. પુષ્પોની, પુષ્પહારોની વૃષ્ટિ થઈ અને લક્ષ્મીનારાયણ દેવના જયઘોષ પણ સંભળાયા. આ જયઘોષ પાછળ લક્ષ્મીનારાયણ દેવનો પણ સૂર હતો એવું સૌને લાગ્યું. કારણ મહારાજે સર્વ દેવોની પ્રતિષ્ઠા કરીને તેમનું બહુમાન કર્યું હતું. સંપ્રદાયને ટૂંકા કુંડાળામાંથી બહાર લાવી સર્વજીવહિતાવહ બનાવ્યો હતો. વડોદરાની ધર્મસભામાં શ્રીજીમહારાજની આ વિશાળ ભાવનાનો વિદ્વાનો ઉપર પ્રભાવ પડ્યો. સંપ્રદાયમાં ઉપસેલાં વૈદિક અને ધાર્મિક મૂલ્યોનો હ્રાસ કરવાનું હવે કોઈ સાહસ કરી શકે તેમ રહ્યું ન હતું.

મહારાજ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન સ્થિર નેત્રે કરી રહ્યા. તે વખતે નારાયણાનંદ બ્રહ્મચારીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપ દૂધ-પૂરી જમવા પધારો. થાળ તૈયાર છે."

મહારાજે કહ્યું : "હમણાં સ્નાન કરીને પછી જમવા આવીશું."

એટલામાં માધવાનંદ બ્રહ્મચારી સ્નાન કરવા માટે ગરમ પાણી લઈને આવ્યા. દક્ષિણ તરફની જે રૂપચોકી છે ત્યાં બેસી મહારાજે સ્નાન કર્યું. પછી પીતાંબર પહેરી મહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની કોળીમાં પધાર્યા અને

ત્યાં જ દૂધ-પૂરીનો થાળ જમ્યા. જમ્યા પછી મહારાજે અક્ષરાનંદ સ્વામીને કહ્યું : "આ બધા મહેમાનો અમારી સાથે આવ્યા છે તેમને, ઉતારાની, જમવાની વ્યવસ્થા કરો. આવતી કાલ સુધીમાં બીજા પણ મહેમાનો આવી પહોંચશે. તેમની પણ વ્યવસ્થા કરવાનું ધ્યાન રાખશો."

બીજે દિવસે વડોદરાથી સંતો, હરિભક્તો આવી પહોંચ્યા. વડોદરામાં મહારાજની શ્રીમંત સયાજીરાવ સરકારે પધરામણી કરી. ધર્મસભામાં મહારાજે તમામ પ્રશ્નોના શાસ્ત્રોનાં પ્રમાણો આપી, ઉત્તર કરી સૌને સંતોષ પમાડ્યો અને સરકાર પણ મહારાજના પરમભક્ત બની ગયા.

આ બધા પ્રસંગોથી સૌને હવે પ્રતીતિ થઈ કે સંપ્રદાયનું ગૌરવ વધ્યું છે. સંપ્રદાયમાં મહારાજે ઉદ્‌બોધેલ જ્ઞાન સર્વોત્કૃષ્ટ છે અને સંતો પણ સૌ સાધુતાનું શીલ સાચવવા સાવધાન વર્તે છે. મૃતઃપ્રાય થયેલા અન્ય સંપ્રદાયોની અપેક્ષાએ આ સંપ્રદાય જીવંત છે, ગતિશીલ છે.

તમો વ્યવહાર કરશો તોપણ વૃત્તિ તો અમારા સ્વરૂપમાં જ રહેશે

પછી દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર વગેરે કાઠી ભક્તોને પોત-પોતાને ગામ જવા મહારાજે આજ્ઞા કરી. ધર્મવંશીઓને પણ ગઢપુર મોકલ્યા. અત્યંત રાજી થઈને સૌને આશીર્વાદ આપતાં મહારાજે કહ્યું : "તમો સૌ અમારે અર્થે ધન, ધામ, કુટુંબ, પરિવાર અને વ્યવહારનો ત્યાગ કરી અમારી સાથે ને સાથે જ ફરો છો, તો હવે ઘેર જઈ તમારા વ્યવહાર કાર્યમાં જોડાઈ જાઓ. તમો તમારો વ્યવહાર કરશો તોપણ તમારી વૃત્તિ તો અમારા સ્વરૂપમાં સદા રહેશે જ." એ પ્રમાણે પ્રસન્નતાપૂર્વક સૌને વિદાય આપી.

પછી મહારાજે કહ્યું : "હવેથી અહીં જેતલપુરનાં ગંગામા, નડિયાદનાં રેવાબા અને વસોનાં જમનાબા – ત્રણે વારાફરતી અમારો થાળ બનાવશે." એમ કહી મહારાજે એ ત્રણેને રહેવા માટે મંદિર પછવાડે તે સમયે હવેલી હતી તેની નીચે બે ઓરડા હતા, તે અક્ષરાનંદ સ્વામીને કહીને અપાવ્યા. મહારાજ નિત્ય આ ઓરડાની ઓસરીમાં થાળ જમવા પધારતા.

એક દિવસ ગોપાળજીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપની સેવા કરવાનો અમને હજુ સુધી લાભ મળ્યો નથી. તેથી આપ જો આપનો થાળ કરવાની સેવા આપો, તો અમને સૌને આપની સેવા-ભક્તિ કર્યાનો આનંદ થશે."

મહારાજ તેમનો ભાવ જોઈ કહ્યું : "ભલે, તમારો થાળ દર ચોથે દિવસે

અમે જમીશું, જેથી સૌને લાભ મળે." એટલું કહીને પછી તેમને કહ્યું : "ગુજરાતી રસોઈ રેવાબા પાસે શીખી લેજો."

રેવાબા તથા ગંગાબાએ મેનાને ગુજરાતી રસોઈ પ્રેમપૂર્વક શીખવી.

✧

કાર્તિક વદ એકાદશી આવી[૬૯] એટલે મહારાજે શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કર્યો. પ્રાગજી દવે કથાકાર તરીકે વ્યાસપીઠ ઉપર બિરાજ્યા. તેઓ વાંચતા અને પ્રસંગોપાત્ત મહારાજ તેના ઉપર વાતો કરતા.

શિક્ષાપત્રી લખવાનો આરંભ

રોજ સાંજે કથા વંચાતી. આ કથા વાંચન દરમ્યાન મહારાજે વિચાર કર્યો કે મારા આશ્રિત બ્રહ્મચારી, સાધુ, પાર્ષદો, ગૃહસ્થો, રાજાઓ, સધવા અને વિધવા સ્ત્રીઓ તથા આચાર્યો તે સૌને પાળવાના નિયમનો એક ગ્રંથ - આચારસંહિતા રચવી જોઈએ. આ સંહિતામાં શ્રુતિ અને સ્મૃતિ તથા અન્ય સર્વ શાસ્ત્રોનો સાર સમાવી લેવો. આ પ્રમાણે વિચાર કરી કાર્તિક વદમાં મહારાજે 'નારાયણ મહોલ'માં[૭૦] બિરાજી શિક્ષાપત્રી લખવાની શરૂઆત કરી.

સતત ત્રણ માસ પછી વસંતપંચમીના શુભ દિવસે તે સમાપ્ત કરી.[૭૧] પાછળથી આ શિક્ષાપત્રી શતાનંદ મુનિએ સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪મા અધ્યાયમાં ગૂંથી લીધી છે.

શિક્ષાપત્રી સંપૂર્ણ કર્યા પછી તેનું સંશોધન મહારાજે નિત્યાનંદ સ્વામી આદિ વિદ્વાન સંતોને હરિમંડપમાં બોલાવી કરાવ્યું. આ પ્રસંગે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના છેલ્લા શ્લોકનું ચોથું ચરણ तनोतु कृष्णोऽखिलमङ्गलं नः। તેમાં મહારાજે પ્રથમ 'वः' શબ્દ મૂક્યો હતો. તેથી નિત્યાનંદ સ્વામીએ વિનંતી કરતાં કહ્યું : "नः શબ્દ હોય તો વધુ યોગ્ય લાગશે. કારણ 'वः' શબ્દથી તો તમારા બધાનું કલ્યાણ થાઓ તે અર્થ થાય છે અને મહારાજની દૃષ્ટિએ એ અર્થ યથાર્થ પણ હતો. પરંતુ વાચક વર્ગ તો મહારાજનો શિષ્યગણ જ

---

૬૯. વરતાલના ત્રીજા વચનામૃતથી શરૂઆત થઈ.

૭૦. આ મકાન 'રામપ્રતાપભાઈનો બંગલો' એ નામે આજે ઓળખાય છે. રામ-પ્રતાપભાઈ પોતાના પરિવાર સાથે અહીં ઊતરતા. મહારાજ અહીં ઘણી વાર થાળ જમ્યા હતા.

૭૧. વરતાલનાં વચનામૃત પૂરાં થયાં.

હોય છે અથવા મુમુક્ષુઓ કે ભાવિકો હોય છે. એટલે તેમને એ પ્રકારની ભાવના થાય કે અમારું સર્વેનું કલ્યાણ થાવ."[૭૨] મહારાજે એ સુધારો માન્ય કર્યો.

સર્વે સદ્‌ગુરુઓએ સમગ્રપણે શિક્ષાપત્રી સાંભળી અને વાંચી-તપાસી. મહારાજે સ્વયં તે લખી હતી તેથી તે તો વેદ કરતાં પણ ઉત્તમ ગ્રંથ કહેવાય. વળી, મહારાજે પોતે જ શિક્ષાપત્રીમાં જ કહ્યું છે : "मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् । મારી આ વાણી તે મારા વા મય સ્વરૂપ છે. માટે તેને પરમ આદર થકી માનવી."

મહારાજે આ શિક્ષાપત્રીની બીજી પ્રતો સવિત્રાનંદ વગેરે સારા લહિયાઓ હતા તેમની પાસે લખાવી અને પોતાના આશ્રિતજનોને નિત્ય તેનો પાઠ કરવાની આજ્ઞા કરી.

શિક્ષાપત્રી : સત્સંગમાં એક સીમાચિહ્‌ન

મહારાજે વસંતપંચમીનો ઉત્સવ વરતાલમાં ધામધૂમથી કર્યો. શિક્ષાપત્રીનો પાઠ કરાવ્યો. આ રીતે આ.સં. ૧૮૮૨ની વસંતપંચમી, એ સંપ્રદાયના ઇતિહાસમાં એક સીમાચિહ્‌ન તરીકે ગણાશે. કારણ સંપ્રદાયના વ્યવસ્થિત બંધારણનો, સંપ્રદાયના તમામ આશ્રિતોને નિયમબદ્ધ કરવા તે દિવસે શિક્ષાપત્રી દ્વારા પાયો નંખાયો, જેથી ભવિષ્યમાં સત્સંગ એ કેવળ બાહ્યાચાર જ ન બની રહે. પોતાના તમામ આશ્રિતોને શિક્ષાપત્રી રૂપી સૂત્રથી મહારાજે બદ્ધ કરી દીધા; તેમની બાહ્ય અને આંતરશુદ્ધિની સિદ્ધિ માટે ! આંતરશુદ્ધિથી અંતઃદૃષ્ટિ થાય અને ત્યારપછી જ મહારાજના સ્વરૂપની ઉપાસનાનું મહત્ત્વ અને રહસ્ય સમજાય. સત્સંગીઓની આધ્યાત્મિક પ્રગતિ માટે શિક્ષાપત્રીના નિયમોનું પાલન મહારાજે આવશ્યક માન્યું અને મનાવ્યું. શિક્ષાપત્રીમાં તેમણે છેવટે લખ્યું :

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्संप्रदायतः ।
बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः सांप्रदायिकैः ॥२०७॥

- આ શિક્ષાપત્રી પ્રમાણે જે નહીં વર્તે, તે સંપ્રદાય થકી બહાર છે એમ અમારા તમામ આશ્રિતોએ જાણવું.

મહારાજને કેવળ બાહ્યાચાર, દંભ કે અંધશ્રદ્ધા ગમતા ન હતા. તે દૂર કરી

---

૭૨. આ પ્રસંગ જો કે પ્રચલિત નથી અને તેનો ક્યાંય પણ ઉલ્લેખ મળતો પણ નથી. છતાં કર્ણોપકર્ણ આ હકીકત સાંભળી છે તે ઉપરથી આ ઉલ્લેખ અહીં કર્યો છે. હકીકત સાચી છે કે ખોટી તેનો નિર્ણય થઈ શકતો નથી. — લેખક

પોતાના આશ્રિતોને તેમણે આધ્યાત્મિક ઉન્નતિની પરિસીમા ઉપર મૂકી દેવા હતા. જેથી સંપ્રદાયમાં સદાય શુદ્ધિ સચવાય અને કદી પણ જડતા પેસે નહીં. આ રીતે સંપ્રદાયમાં શિક્ષાપત્રીનું અતિ મહત્ત્વનું સ્થાન ગણાય છે.[૭૩]

મછિયાવમાં ફૂલદોલના ઉત્સવ માટે સંમતિ

વસંતના ઉત્સવ ઉપર જે જે હરિભક્તો આવ્યા હતા તે તમામને મહારાજે પોતપોતાના ગામ જવાની આજ્ઞા કરી. તે આજ્ઞા પ્રમાણે મછિયાવના દરબાર બાપુભાઈ મછિયાવ જતાં પહેલા મહારાજની રજા લેવા ગયા. મહારાજે તેમને રજા આપી તોપણ તે ઊભા રહ્યા. એટલે મહારાજે પૂછ્યું : "બાપુ ! કાંઈ કહેવું છે ?"

તેમણે હાથ જોડી કહ્યું : "હા, મહારાજ ! ફૂલદોલનો ઉત્સવ આપ મછિયાવમાં કરો એવી અમારી સૌની ઇચ્છા છે. બાએ પણ ખાસ આગ્રહપૂર્વક કહેવરાવ્યું છે કે મહારાજ પાસે હા પડાવીને પછી જ પ્રયાણ કરવું."

મહારાજે તેમનો ભાવ જોઈ તરત જ કહ્યું : "ભલે, મછિયાવમાં અમે ફૂલદોલનો ઉત્સવ કરવા આવીશું. બાને કહેજો રાજી રહે."

બાપુભાઈ મહારાજને પગે લાગીને ગયા.

ફૂલદોલનો ઉત્સવ શ્રીપુરમાં કરો

એટલામાં શ્રીપુરના હરિભક્તો આવ્યા. મહારાજે તેમને કહ્યું : "અમે સમગ્રપણે સૌને વિદાય આપી છે, એટલે આજ્ઞા લેવા આવવાની જરૂર નથી."

છતાં તે મંડળ તો હાથ જોડી ઊભું જ રહ્યું. એટલે મહારાજે તેમને કહ્યું : "મંદિરના વ્યવહાર સંબંધી કાંઈ પૂછવું છે ?"

ત્યારે તેમણે કહ્યું : "ના, મહારાજ ! આપની દયાથી હવે બધું બરોબર ચાલે છે. પરંતુ અમે એક પ્રાર્થના કરવા આવ્યા છીએ."

મહારાજે તરત જ તેમના સામું જોયું અને પૂછ્યું : "શું કહેવું છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! ફૂલદોલનો ઉત્સવ શ્રીપુરમાં કરો. શ્રીપુરના ભાવિક ભક્તોને ઉત્સવોનો બહુ જ ઓછો લાભ મળ્યો છે, તેથી અમારો ખાસ આગ્રહ છે."

આ સાંભળી મહારાજ વિચારમાં પડી ગયા ! હમણાં જ મછિયાવમાં

---

૭૩. શ્રીહરિએ આ પૂર્વે વિ.સં. ૧૮૭૯માં પણ શિક્ષાપત્રી લખ્યાનો ઇતિહાસ છે. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ.

ઉત્સવ કરવાનું નક્કી કર્યું. બાપુભાઈને વચન આપ્યું. ફઈબાના આગ્રહને માન આપ્યું. ત્યાં વળી આ બીજું આમંત્રણ આવ્યું. તેમને થયું કે જો મછિયાવ ઉત્સવ નહીં કરીએ તો ફઈબાને ખોટું લાગશે. તે પ્રેમી છે સાથે સાથે આગ્રહી પણ છે. એટલે તેમને નારાજ કરવાં તે ઠીક નહીં. વળી, શ્રીપુરના ભક્તોની પણ વાત સાચી છે કે તેમને ઉત્સવોનો બહુ જ ઓછો લાભ મળ્યો છે, એટલે તેમને પણ રાજી રાખવા જોઈએ. મહારાજે એકદમ વિચાર કરી લીધો અને તેમને કહ્યું : "ભલે, ફૂલદોલનો ઉત્સવ શ્રીપુરમાં કરીશું. તમે સૌ બરાબર તૈયારી કરજો."

આ સાંભળી શ્રીપુરના ભક્તો અતિ પ્રસન્ન થઈ ગયા.

ફૂલદોલનો ઉત્સવ નજીક આવ્યો. મહારાજને વરતાલથી નીકળવું હતું. તેથી મહારાજે ગોપાળજીને બોલાવીને કહ્યું : "તમે હવે ગઢપુર જાઓ અને ત્યાં રહેજો. અમો જ્યારે તેડાવીએ ત્યારે આવજો."

ગોપાળજીએ મહારાજનું આજ્ઞાવચન શિરે ચડાવ્યું. પોતાના પિતાશ્રી ઈચ્છારામજી મહારાજના મંદવાડ સંબંધી સમાચાર જાણી તેઓ તરત જ પોતાના પરિવાર સાથે ગઢપુર જવા નીકળી ગયા.

ફૂલદોલ ઉત્સવ કરવા મહારાજ બે સ્વરૂપો ધારણ કરે છે

મહારાજ વરતાલથી નીકળી ડભાણ પધાર્યા. ત્યાંથી ફૂલદોલના ઉત્સવો કરવા મછિયાવ અને અમદાવાદ બંને જગ્યાએ જવું હતું. મહારાજે વિચાર કર્યો કે બંને ગામના હરિભક્તોને વચન તો આપી દીધું છે, તેથી હવે બંને ઠેકાણે ઉત્સવ કર્યા સિવાય ચાલશે નહીં. હવે તો જેમ આખા અને પીપલાણામાં બે સ્વરૂપ ધારણ કર્યાં હતાં તે પ્રમાણે બે સ્વરૂપ ધારી બંને જગ્યાએ ઉત્સવ કરવો અને ભક્તોને રાજી કરવા.[૭૪]

મહારાજે સંતો, સખાઓ અને પાર્ષદો સહિત બે સ્વરૂપ ધારણ કર્યાં. એક સ્વરૂપે મછિયાવ પધાર્યા, બીજે સ્વરૂપે શ્રીનગરમાં ! શ્રીનગરના હરિભક્તોએ ઉત્સવ માટે સંપૂર્ણ તૈયારી કરી રાખી હતી. મહારાજ પધાર્યા એટલે તેમના હર્ષનો પાર ન રહ્યો. જ્યારથી વરતાલથી નીકળ્યા ત્યારથી જ ફૂલદોલના ઉત્સવના વિચારો, તેમના અંતરમાં ઊભરાવા લાગ્યા હતા. ઉત્સવ માટે શું શું તૈયારીઓ કરવી, કેમ ઉત્સવ કરવો, કેવી કેવી રસોઈઓ આપવી, મહારાજને કેમ રાજી કરવા - આ બધા જ વિચારોના કેન્દ્રસ્થાને ફક્ત મહારાજ જ હતા.

---

૭૪. શ્રીહરિલીલામૃત; કળશ ૮, વિશ્રામ ૫૦.

આ પ્રકારે ઉત્સવોની પરંપરા યોજી પોતાના લાડીલા ભક્તોની વૃત્તિ પોતાના સ્વરૂપમાંથી ચલિત ન થાય તેવો મહારાજનો આગ્રહ હતો. બાહ્ય દૃષ્ટિએ યોગનાં કોઈ અંગો કે ઉપાંગો આ સાધનામાં ન હતાં; પરંતુ અંતર્દૃષ્ટિથી યોગની સાધના વગર ભક્તોના ચિત્તની વૃત્તિનો નિરોધ મહારાજના સ્વરૂપમાં સહેજે જ આવા પ્રસંગોથી રહેતો. એટલે જ મહારાજે શ્રીમદ્‌ભાગવતનું વચન ટાંકતા સમજાવ્યું છે કે અષ્ટાંગ યોગ કરતાં પણ આ સત્સંગનું ફળ વિશેષ છે. કારણ આ સત્સંગમાં મહારાજનો સાક્ષાત્ સંબંધ રહે છે. અથવા તો તેમના સ્વરૂપ સાથે તાદાત્મ્ય પામેલા સંત દ્વારા પણ મહારાજનો જ સંબંધ રહે છે. તેથી મહારાજ કહેતા કે બાહ્ય દૃષ્ટિનો સત્સંગ મિથ્યા છે અને અંતર્દૃષ્ટિનો સત્સંગ જ સત્ય છે. એ અંતદૃષ્ટિ એટલે મહારાજને જોવાની દૃષ્ટિ. મહારાજના સ્વરૂપમાં ચિત્તવૃત્તિનો નિરોધ.

શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ : આ.સં. ૧૮૮૨

મહારાજ શ્રીનગરના મંદિરમાં પહોંચ્યા[૭૫] અને તરત જ શ્રી નરનારાયણ દેવનાં દર્શન કરવા પધાર્યા. મંદિરના દરવાજા ઉપર જે મેડો છે ત્યાં મહારાજનો ઉતારો હતો. દર્શન કરી મહારાજ દરવાજા પાસે લીમડા નીચે ચોતરા ઉપર પલંગ બિછાવ્યો હતો ત્યાં આવી તે ઉપર બિરાજમાન થયા. સંતો, હરિભક્તો સૌ સભામાં આવી ગયા. સંતોએ હોળીનાં પદો ગાવાની શરૂઆત કરી. આ દિવ્ય સંગીતના સૂરો સાંભળી સભા સ્થિર થઈ ગઈ. મહારાજ સંતોની કીર્તન-ભક્તિથી અતિ પ્રસન્ન થયા. તે દિવસે મંદિર તરફથી કંસારની રસોઈ કરવામાં આવી હતી. મહારાજ પોતે થાળ જમીને સૌ સંતો, સખાને પીરસવા પધાર્યા. સૌને ખૂબ જમાડી તૃપ્ત કર્યા.

મંદિરના કોઠારી તરીકે શરૂઆતથી જ હયગ્રીવાનંદ સ્વામી હતા. તેઓ આનંદ સ્વામીને પૂછીને જ કોઠારનો કારભાર કરતા. તેથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન હતા. ગોવિંદભાઈ, ઘેલાભાઈ, બેચરભાઈ, રણછોડભાઈ ચોકસી મંદિરમાં ભેટ તરીકે આવતી રોકડ રકમ કે પદાર્થો વગેરેનો હિસાબ રાખતા. એ સિવાય અન્ય હરિભક્તો પણ મંદિરનું મમત્વ રાખી સેવા કરતા. મહારાજ તેમની સૌની એક રુચિ અને સુહૃદભાવ જોઈ ખૂબ જ રાજી થતા.

હુતાશનીને દિવસે હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી, વિવિધ ભેટો અર્પણ

૭૫. અમદાવાદ પ્રકરણના વચનામૃતની શરૂઆત થઈ.

કરી. કોઈ સાકરના હાર લાવ્યા તો કોઈક ખજૂર, ખારેક, ધાણી, દાળિયા, પતાસાં વગેરે લાવ્યા. મહારાજને સુગંધી ગુલાબનાં પુષ્પના હારો પહેરાવ્યા અને શિર ઉપર ગુલાબનો ખૂંપ પહેરાવ્યો. મહારાજે એક પ્રહર સુધી હાર તથા ખૂંપ ધારણ કરી રાખ્યા. સૌ આ દર્શનથી કૃતકૃત્ય થઈ ગયા ! પછી મહારાજે તે તમામ હાર તથા પ્રસાદીનો ખૂંપ નિત્યાનંદ સ્વામીને આપ્યા. તેઓ તેમના આસને તે મૂકવા ગયા, પરંતુ ત્યાંથી કોઈ હરિભક્ત પ્રસાદીનું માહાત્મ્ય સમજી લઈ ગયા ! મહારાજે ફગવા આપ્યા હતા તે હરિભક્તોમાં વહેંચાવી દીધા.

રંગોત્સવને દિવસે વડોદરાના નાથ ભક્તની ઘેબરની રસોઈ હતી. મહારાજ પોતે જમીને પછી પીરસવા પધાર્યા. એક ઘેબરના ચાર ટુકડા કરીને મહારાજે સંતોની પંક્તિમાં ચાર-પાંચ વાર ઘેબર પીરસ્યા. આધારાનંદ સ્વામીના ભાગના ઘેબર પણ પંક્તિમાં સૌને પીરસ્યા. ફરી પંક્તિમાં પધાર્યા અને નિષ્કુળાનંદ સ્વામીને આધારાનંદ સ્વામી વતી ઘેબર પીરસ્યા. આ રીતે મહારાજે સૌ સંતોને પીરસીને તૃપ્ત કરી દીધા.

ત્યારબાદ નરનારાયણ દેવની ચલમૂર્તિની ષોડશોપચારે પૂજા કરી. નૈવેદ્ય ધરાવી આસોપાલવ તથા કેળનાં પાન અને પુષ્પના બનાવેલ સુંદર હિંડોળા ઉપર તે મૂર્તિ પધરાવી. પુષ્પની દોરી વડે મહારાજે ઠાકોરજીને ઝુલાવ્યા.

શ્રીહરિ ત્યારપછી ચોકમાં મોટી પાટ ગાદી-તકિયા સહિત ગોઠવી હતી તે ઉપર આવી બિરાજ્યા અને રંગોત્સવ શરૂ થયો. સંતો-હરિભક્તો બે જૂથમાં મળી સામસામા રંગ તથા ગુલાલ છાંટવા લાગ્યા. મહારાજે પણ પિચકારી વડે રંગ છાંટી સૌને રંગભીના કરી દીધા. કેસર, કેસુડા તથા બીજા અનેકવિધ રંગથી અને ગુલાલથી મહારાજની મૂર્તિ નિરભ્ર આકાશમાં મેઘધનુષ્ય શોભે તેમ શોભવા લાગી. સૌ સંતો-હરિભક્તો આ દિવ્ય દર્શન કરતા એકચિત્ત થઈ ગયા. મંદિર તથા ચોક આ અપૂર્વ રંગોત્સવથી રંગાઈ ગયા.

એ જ વસ્ત્રો ધારણ કરી રાખી મહારાજ અશ્વ ઉપર બિરાજ્યા અને સખા સાથે સાબર ગંગાના નીરમાં નહાવા માટે નીકળ્યા. શહેરના મુખ્ય બજારોમાંથી મહારાજની સવારી નીકળી તેથી સૌને દર્શનનો લાભ મળ્યો.

સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયની સ્થાપના કર્યાને થોડાં જ વર્ષો થયાં હતાં, છતાં સંતો-હરિભક્તોનો અપૂર્વ ઉત્સાહ, સેવાભાવ અને ભક્તિથી સંપ્રદાયના ઓજસ વિશેષ ને વિશેષ પ્રકાશિત થવા લાગ્યા. સૌ વિચારવા લાગ્યા કે બીજા સંપ્રદાયોમાં કેવળ પ્રણાલી જ રહી છે પણ પ્રાણ નથી; જ્યારે

અહીં કર્તવ્યની ભાવના છે, સેવા છે, ભક્તિ છે અને સૌમાં પ્રાણ પૂરે તેવા પ્રગટ ભગવાન છે.

લોકવિરુદ્ધ આચરણ ન કરવું

સવારી પાદશાહ વાડી આગળથી પસાર થઈ નારાયણ ઘાટે આવી. અહીં સૌ મહારાજની સાથે જળક્રીડા કરવા તત્પર થઈ ગયા. મહારાજ નહાવા પધાર્યા અને સખા સર્વે મહારાજને વીંટળાઈ વળ્યા. એટલામાં મંજુકેશાનંદ સ્વામી ઘાટ ઉપરથી કૂદીને પાણીમાં પડ્યા. મહારાજે તે જોયું. તેમને તે ગમ્યું નહીં. સ્નાન કર્યા પછી મહારાજે તેમને બોલાવ્યા અને પૂછ્યું : "તમે કોના મંડળમાં રહો છો ? સાધુની રીત સમજ્યા છો કે નહીં ?" એમ કહીને પછી બોલ્યા : "સાધુને આ રીતે આચરણ કરવું તે યોગ્ય ન કહેવાય. અમારી, આ બધા સંતોની, મોટેરા હરિભક્તોની મર્યાદા સાચવવી જોઈએ."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ તો કવિરાજ છે, એટલે પ્રેમમાં મર્યાદાનો ખ્યાલ નહિ રહ્યો હોય."

તે સાંભળી મહારાજ અકળાઈ ગયા. તેમણે કહ્યું : "પ્રેમની રીત ને મર્યાદાની રીતને જો મેળ ન ખાતો હોય તો તેવો પ્રેમ ખોટો છે. લોકો પ્રેમને જોતા નથી, પણ મર્યાદાને જ જુએ છે. માટે લોકવિરુદ્ધ આચરણ કદી પણ ન કરવું." આટલા શબ્દોમાં સૌ મહારાજની રુચિ સમજી ગયા.

ધર્મભાવનાથી જ પાયા મજબૂત બનશે

મહારાજ સ્નાન કરી સંતો, સખા સાથે વાજતે-ગાજતે મંદિરમાં પધાર્યા. મહારાજની પ્રતિભાથી, તેમના કાર્યથી અંગ્રેજ સાહેબોને મહારાજ પ્રત્યે જબ્બર આકર્ષણ થયું હતું. તેથી જ્યારે જ્યારે મહારાજ અમદાવાદ પધારતા, ત્યારે પોતાના બંગલે મહારાજને પધરાવવાનો, અગર મહારાજનાં દર્શન કરવા મંદિરમાં આવી લાભ લેવાનું તેઓ ચૂકતા નહીં. આ વખતે પણ મહારાજ ત્યાંના એડવર્ડ લેઈટન જસ્કિનના આમંત્રણથી તેને બંગલે પધાર્યા. સાહેબે મહારાજનું પૂજન કર્યું, ભેટ ધરી અને મહારાજને તેમના કાર્યમાં જે રીતે પુષ્ટિ થાય તેવી સેવા સોંપવા માટે પણ આગ્રહપૂર્વક કહ્યું.

મહારાજે તેમને કહ્યું : "તમારો ધર્મ પ્રત્યે પ્રેમ છે. વળી, આ ધર્મની પુણ્ય ભૂમિ છે. તેથી તમારી આવી શુભ ભાવનાથી જ તમારા રાજ્યના પાયા મજબૂત

થશે. પણ જ્યારે ભાવના ઓસરી જશે અને સ્વાર્થવૃત્તિ આવશે તો તે પાયા તૂટશે પણ ખરા. માટે ધર્મ પ્રત્યે પ્રેમ રાખવાનો મુદ્રાલેખ અંકિત કરી રાખવો."

મહારાજ ત્યાંથી મંદિરે પધાર્યા. અહીં સંધ્યા આરતી સમયે મહારાજ શ્રી નરનારાયણના મંદિરની સામે વેદિકા ઉપર ઢોલિયો ઢળાવી બિરાજ્યા. મહારાજના કંઠ વિષે ગુલાબના હાર શોભતા હતા અને પાઘની બંને બાજુ ચમેલીના તોરા ઝૂકી રહ્યા હતા. વળી, બંને કાન પર ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. આ વખતે એક સંતે મહારાજના હાથમાં ગુલાબનો ગુચ્છ આપ્યો. મહારાજ તેને ગ્રહણ કરીને મુખારવિંદ ઉપર ફેરવવા લાગ્યા.

નિશ્ચય ન ડગે તેનો ઉપાય

ત્યાં સંધ્યા આરતી થઈ. આરતી પછી છડીદાર કુબેરસિંહે મહારાજને મુદ્દાનો પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! જે પુરુષને ભગવાનનો નિશ્ચય પોતાના હૃદયમાં યથાર્થ થયો હોય, તે નિશ્ચય ક્યારેય ન ડગે તે ઉપાય કહો."

મહારાજ આ પ્રશ્ન સાંભળી પ્રસન્ન થયા. નિશ્ચય એ મોટી વાત છે, કારણ કે જીવ ગમે એટલાં સાધન કરે તોપણ નિશ્ચયમાં કચાશ હોય તો જીવ આત્યંતિક મુક્તિ ન પામે. મહારાજ આ રહસ્ય સમજાવવા તત્પર થયા : "આ વાત તો સૌને સાંભળવા યોગ્ય છે."

એમ કહીને મહારાજે સહુને સાવધાન કર્યા : "પ્રત્યક્ષ એવા જે ભગવાન તેનું આવી રીતે માહાત્મ્ય જાણે તો નિશ્ચય ડગે નહીં. તે માહાત્મ્ય કહીએ છીએ જે, આ સત્સંગને વિષે જે ભગવાન બિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે."

મહારાજને આજે જેવી છે તેવી વાત કહેવી હતી. જ્યાં સુધી જીવને આ પ્રત્યક્ષ વિરાજમાન સ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન થાય, ત્યાં સુધી ખામી ભાંગશે નહીં. વળી, માત્ર પોતાના સર્વોપરી સ્વરૂપને સમજવાથી જ વાત નહીં અટકે. પણ જેવા થઈને પોતાને ભજવાના છે તે અક્ષરબ્રહ્મની પણ ઓળખાણ જીવે કરવી પડશે. મહારાજને આ વાત સમજાવવી હતી ત્યાં જ કુબેરસિંહે પ્રશ્ન પૂછી માર્ગ વધુ મોકળો કરી આપ્યો : "હે મહારાજ ! તે બ્રહ્મપુર (અક્ષરધામ) કેવું છે ?"

મહારાજે આ સાંભળી વાત ઉપાડી : "અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી

પુરુષોત્તમ નારાયણને રહેવા સારુ ધામરૂપ થયું છે. ને સર્વે અક્ષરબ્રહ્મ[૭૬] થકી, ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે ને તે જ ધામના જે પતિ અને અક્ષરાદિક મુક્તના સ્વામી ને પરબ્રહ્મ પુરુષોત્તમ જે છે તે જ આ સત્સંગને વિષે બિરાજમાન છે. આવો જેને નિશ્ચય છે તે જ બ્રહ્મધામને પામે છે."[૭૭]

મહારાજની આ વાત સાંભળી સહુને પ્રતીતિ થઈ કે આ જ શ્રીજી-મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી ભગવાન છે.

બીજે દિવસે બપોર પછી મહારાજે પ્રાગજી દવે પાસે વાસુદેવ માહાત્મ્યનો ગ્રંથ વંચાવ્યો. સંધ્યા ઢળતાં મહારાજ ઊઠીને દરવાજા પાસે લીમડાના વૃક્ષ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. મહારાજના અંગોઅંગમાં ગુલાબના શણગાર શોભતા હતા. અમદાવાદી હરિભક્તોએ મહારાજને જાણે ગુલાબમાં ગરકાવ કરી દીધા હતા. ત્યારે પ્રાગજી દવેએ હાથ જોડીને મહારાજને પ્રશ્ન પૂછ્યો કે "હે મહારાજ ! તમારે વિષે કયે પ્રકારે મન સ્થિર થાય ને વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો."

મહારાજે આ પ્રશ્ન સાંભળ્યો. પછી પોતે અગણોતેરા કાળમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો તે પ્રસંગ સંભારીને યોગસમાધિએ કરીને પોતે ક્ષીરસાગર, કૈલાસ, વૈકુંઠ વગેરે ધામમાં ગયા હતા તે વાત માંડીને કરી. પછી મહારાજ બોલ્યા : "કૈલાસમાં શિવજી પાસે ગયા ને ત્યાં ગરૂડ આવ્યો. તે ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મધામને વિષે જાતાં હવામાં ગરૂડ પણ ઊડી શક્યો નહીં. એટલે અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રી પુરુષોત્તમ નારાયણનું ધામ તેમાં ગયા. ત્યાં હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહીં. એટલે ઠેકાણે ફર્યા." સૌ મહારાજની વાત ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

મહારાજે આગળ વાત કરી : "અને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતર સામું જોયું ત્યારે એમ જણાણું જે, સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી, હું કેવો છું તો

૭૬. 'સર્વે અક્ષરબ્રહ્મ' શબ્દ બ્રહ્મસંજ્ઞાને પામેલા અનંત મુક્તો માટે વપરાયો છે. તેમના કરતાં ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ કહેતાં મૂર્તિમાન અક્ષર તે અનાદિ છે અને શ્રેષ્ઠ છે.

૭૭. વચનામૃત અમદાવાદ દેશનું વધારાનું ત્રીજું.

મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે, તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન સ્થિર થાય ને કોઈ કાળે વ્યભિચારને પામે નહીં. ને જે જે જીવ મારે શરણે આવ્યા છે, એમ સમજશે તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ અને તે સર્વેને અંતર્યામી જેવા કરીશ. ને બ્રહ્માંડોની ઉત્પત્તિ આદિક કરે એવા સમર્થ કરીશ.''[૭૮]

મહારાજની સર્વોપરીપણાની આ વાત સાંભળી સૌનાં અંતર્‌ચક્ષુ ઊઘડી ગયાં. સહુને મહારાજની પ્રાપ્તિનો મહિમા સમજાયો.

ચૈત્ર સુદ બીજને દિવસે મહારાજ અમદાવાદથી નીકળી અશ્લાલી પધાર્યા.[૭૯] ત્યાંથી નીકળી જેતલપુર પધાર્યા. અહીંના હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. મહારાજ મોહોલમાં ઊતર્યા. મહારાજે જેતલપુરમાં પણ જ્ઞાનનો અખાડો જમાવ્યો. સર્વને મહિમાના રંગથી રંગી દીધા.

તમ જેવા સંતની સર્વ ક્રિયા કલ્યાણરૂપ છે

ચૈત્ર સુદ છઠને દિવસે મોહોલમાં મહારાજ દક્ષિણાદા ગોખમાં ગાદી-તકિયાનું ઓઠીંગણ દઈને વિરાજમાન થયેલા, ત્યારે સંતોએ આવીને કેસર-ચંદનથી મહારાજની અર્ચા કરી, મહારાજને શ્વેત પુષ્પની પછેડી ઓઢાડી. મહારાજે શ્વેત હીરકોરી ખેસ પહેર્યો હતો. મહારાજ આજે વધુ પ્રસન્ન જણાતા હતા. સંતોની પોતા પ્રત્યેની ભાવના અને નિષ્ઠા જોઈ મહારાજ ખૂબ ભાવવિભોર બની ગયા. સંતોએ મહારાજની આજ્ઞા પાળવામાં દેહ, લોકલાજ, કષ્ટ સામું જોયું નહોતું. મહારાજની મરજી જોઈને સંતોએ મહારાજની ઝીણામાં ઝીણી આજ્ઞા સદા આનંદમાં રહીને પાળી હતી. સંતોએ રસકસ વગરના પાશેર અનાજના ગોળા ખાધા હતા, કાંકરાવાળી જમીન પર શયન કર્યું હતું, ખટરસનો ત્યાગ કર્યો હતો, બરફ જેવી ઠંડીમાં પણ ઘરનો કે વૃક્ષનો પણ આશરો લીધો નહોતો. અપમાન સહન કરીને ખૂણે ખૂણે મહારાજનો આદેશ પહોંચાડ્યો હતો અને તે પણ પોતાની સાધુતામાં ઊણપ લાવ્યા વિના.

મહારાજે સંતો પ્રત્યે અમીભરી દૃષ્ટિથી જોયું અને કહ્યું : ''ભગવાનની

૭૮. અમદાવાદ દેશનું વધારાનું ચોથું વચનામૃત.

૭૯. અશ્લાલીનું વચનામૃત આજે થયું.

નિરંતર જે સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે. એવી જે સ્મૃતિ તે તમારે સર્વને છે. માટે તમારું કલ્યાણ થઈ જ રહ્યું છે. ને તમે તો સર્વ ઉત્તમ ભક્ત છો, તે ધર્મ-નિયમ યુક્ત એવા જે તમ જેવા સાધુ તેની તો વાત જ નોખી છે. તે હેતુ માટે તમને જે કોઈ ભાવે કરીને જમાડશે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થશે, ને તે અંતે મોક્ષને પામશે. અને તમારાં ચરણનો જે કોઈ સ્પર્શ કરશે તેના કોટિ જનમનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થશે. ને તમે જે જે નદી, તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે, અને તમે જે જે વૃક્ષ તળે બેઠા હો ને જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું જ થાય છે.''

મહારાજ હજી બોલ્યે જતા હતા. સંતો પર આજે મહારાજ ખૂબ પ્રસન્ન હતા. મહારાજને હરિભક્તોને પણ આવા શુદ્ધ વર્તનવાળા સંતોનો મહિમા યથાર્થ સમજાવવો હતો. મહારાજે વાતનો દોર ચાલુ રાખ્યો : ''ને કોઈક ભાવે કરીને તમારાં દર્શન કરે છે, કોઈક તમને ભાવે કરીને નમસ્કાર કરે છે, તેનાં સર્વ પાપનો ક્ષય થાય છે. ને વળી, તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈકને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે, ઇત્યાદિક ધર્મ-નિયમવાળા તમ જેવા સંતની સર્વ ક્રિયા કલ્યાણરૂપ છે.''

સંતો તો મહારાજની આ વાત નિર્માનીપણે સરળ ચિત્તે સાંભળતા હતા. તેઓ સમજતા હતા કે આ બધી મોટપ એક શ્રીજીમહારાજના આશ્રયે કરીને અને સંબંધે કરીને જ છે. આવા સંતોનો મહારાજે સમાગમ આપ્યો છે એમ જાણીને હરિભક્તો પણ કૃતકૃત્ય થઈ ગયા.

ઉદ્‌ગીથ ૧૧



ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૮૨, ઈ.સ. ૧૮૨૬)

કમિયાળામાં હરિનવમી ઉત્સવ : આ.સં. ૧૮૮૨

જેતલપુરથી નીકળી મહારાજ સીધા કમિયાળા પધાર્યા. કમિયાળાના હરિભક્તો શ્રીનગરમાં ઉત્સવ પ્રસંગે આવ્યા હતા ત્યારે મહારાજને કમિયાળા પધારવાનું આમંત્રણ આપી ગયા હતા. તે વચન અનુસાર મહારાજ કમિયાળા પધાર્યા. કમિયાળાના હરિભક્તો સીસા વણાર, હઠીભાઈ, નથુ ગઢવી તથા ખીમરાજ, મોડભાઈ વગેરેએ મહારાજનું ભવ્ય સ્વાગત કર્યું. મહારાજ ઉતારે પધાર્યા ત્યારે આ હરિભક્તોએ મહારાજને વિનંતી કરી : "મહારાજ ! હરિનવમી હવે પાસે આવે છે તો એ ઉત્સવ અહીં કરો."

ઉત્સવોની પરંપરાથી, તે ઉત્સવોના દિવ્ય આનંદથી દરેકનાં અંતર સભર ભર્યા હતા. તેથી તેમને ઉત્સવ સિવાય બીજા સંકલ્પો જ થતા ન હતા. મહારાજે તેમની વિનંતી માન્ય કરી. મહારાજ હરિનવમીનો ઉત્સવ કમિયાળામાં કરવાના છે તે વાત વાયુ વેગે ભાલ દેશમાં પ્રસરી ગઈ અને હરિભક્તોના સંઘ કમિયાળા આવવા લાગ્યા.

ગાંફથી મનુભા દરબાર તેમના ત્રણ પુત્રો બાપુજીરાજ, અર્જુનસિંહ અને રૂપસિંહને લઈને આવ્યા. સાથે પોતાના ભાયાતોને પણ લાવ્યા હતા. પીપળીથી દાદાભાઈ દરબાર આવ્યા. ધોલેરાથી પૂંજાભાઈ દરબાર, અદ્‌ભુતાનંદ સ્વામીના મંડળને લઈને આવ્યા. ફૂલીબા તથા અજુબા પણ સાથે આવ્યાં. ગામોગામથી હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. મહારાજ હરિભક્તોના સંઘને જોઈ ખૂબ જ રાજી થયા.

જે ગામથી જે હરિભક્તો આવ્યા તેમણે પોતપોતાના ગામ તરફથી રસોઈ નોંધાવી દીધી. સૌને ભાવ હતો મહારાજની સેવા કરવાનો. આવો અમૂલ્ય

અવસર જીવનમાં ફરી ક્યારે મળે તેના વિચારો કરતાં હરિભક્તો સેવાની તક તરત જ ઝડપી લેતા. મહારાજને પણ જ્યાં ઉત્સવ થવાનો હોય તે ગામના હરિભક્તોને ભીડો ન પડે તે પણ વિચાર રહેતો. તેથી મહારાજે તેમની સૌની રસોઈ સ્વીકારી લીધી.

કમિયાળામાં મહારાજે હરિનવમીનો ઉત્સવ ખૂબ જ દિવ્ય વાતાવરણમાં કર્યો. મહારાજના સાન્નિધ્યમાં દિવ્યતા પ્રસરી જ રહેતી. એટલે ઉત્સવની ભવ્યતા તેની દિવ્યતામાં દેખાતી. મહારાજ કમિયાળામાં ચૈત્ર સુદ પૂનમ સુધી રોકાવાના હતા. આ દરમ્યાન ધોલેરાના પૂજાજી બાપુએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આપે નિષ્કુળાનંદ સ્વામીને તથા અદ્ભુતાનંદ સ્વામીને ધોલેરા મોકલ્યા. આપની કૃપાથી ત્યાં મંદિર તૈયાર થઈ ગયું છે. જે કામ બાકી રહ્યું છે તે ધીરે ધીરે થશે, પરંતુ આપ જો પધારો તો મૂર્તિપ્રતિષ્ઠાનો મંગળ પ્રસંગ ઉજવાઈ જાય."

મહારાજે તરત જ તેમને કહ્યું : "તમે ધોલેરા જાઓ અને અમે એક-બે દિવસમાં ત્યાં આવી પહોંચીશું. ત્યાં આવ્યા પછી પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરીશું."

મહારાજે પોતાની પ્રાર્થના સ્વીકારી લીધી તેથી પૂજાજી બાપુ અદ્ભુતાનંદ સ્વામીને લઈને તરત જ ધોલેરા જવા રવાના થઈ ગયા.

જૂનાગઢમાં મંદિરનું ખાતમુહૂર્ત થાય છે

જૂનાગઢમાં પણ મહારાજે ઠાકોર ઝીણાભાઈની વિનંતી સાંભળી બ્રહ્માનંદ સ્વામીને મંદિર નિર્માણના કાર્ય માટે મોકલ્યા હતા. બ્રહ્માનંદ સ્વામીને નવાબ સાથે સારા સંબંધો હતા. પરંતુ જૂનાગઢમાં સ્વામિનારાયણનું મંદિર થાય તેમાં નાગર અમલદારોનો સખત વિરોધ હતો. તેથી ઠાકોર ઝીણાભાઈની ઉતારાની જગ્યાનું નક્કી કરી બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે આવી ગયા હતા. મહારાજે તેમને પૂછી લીધું કે "પાકો દસ્તાવેજ કરાવી લીધો કે નહીં ?"

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ઝીણાભાઈએ તથા તેમના પરિવારે તો જમીન કૃષ્ણાર્પણ કર્યાનો સંકલ્પ દૃઢ કર્યો છે. પરંતુ નાગર અમલદારોના વિરોધને લીધે પાકો દસ્તાવેજ પછી કરીશું એમ નક્કી કર્યું છે. ઝીણાભાઈના ભાઈ દાદાભાઈએ પણ તેમની વાડી મંદિરને અર્પણ કરી દીધી છે." મહારાજ આ સમાચાર સાંભળી રાજી થયા.

મહારાજ ધોલેરા જવા નીકળ્યા ત્યારે તેમણે ગોપાળાનંદ સ્વામી,

બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ જવાનું કહ્યું અને ત્યાં મુહૂર્ત જોવરાવી મંદિરનું ખાતમુહૂર્ત કરી દેવા સૂચના આપી : "હાલ દરબારનો કબજો છે એટલે ખાતમુહૂર્ત કરવામાં બીજા કોઈ વાંધો લઈ શકશે નહીં. ખાતમુહૂર્ત કરી તમે ધોલેરા આવી જજો."

મહારાજની આજ્ઞાનુસાર ત્રણે સદ્‌ગુરુઓ અન્ય સંતોને લઈને જૂનાગઢ પહોંચ્યા. અહીં ઠાકોર ઝીણાભાઈ હાજર જ હતા. તેથી તેઓ સંતોને જોઈ બહુ રાજી થયા. સંતોએ કહ્યું : "મહારાજે કહ્યું છે કે મંદિરનું ખાતમુહૂર્ત કરીને તમે ધોલેરા આવી જજો. એટલે અમે આવ્યા છીએ."

ઝીણાભાઈએ તરત જોષીને બોલાવ્યા અને તેમણે વૈશાખ સુદ ૩નું મુહૂર્ત કાઢી આપ્યું.

શ્રીહરિ ધોલેરામાં

મહારાજ ધોલેરા પધાર્યા. અહીં મંદિર કરવા મહારાજે અગાઉ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, અખંડાનદ સ્વામી તથા ધર્મ-પ્રસાદાનંદજીને મોકલ્યા હતા. કડિયાકામ કરવા માટે દયારામ તથા ભૂષણને સાથે મોકલ્યા હતા. મહારાજ અહીં આવી અદ્‌ભુતાનંદ સ્વામીનો હાથ પકડી મંદિર જોવા પધાર્યા. સાથે નિષ્કુળાનંદ સ્વામી પણ હતા. મહારાજે બધે ફરીને મંદિરનું કામકાજ જોયું, ખૂબ જ રાજી થયા. તેમને થયું કે સંતોએ અંતરની ભક્તિનો રસ આ મંદિરના બાંધકામમાં રેડી દીધો છે, નહીં તો વગર સાધને, વગર નાણે આવું અદ્‌ભુત કલાત્મક મંદિર કરવું મુશ્કેલ છે. તેમણે પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે નારાયણ જોષીને બોલાવ્યા.

ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

નારાયણ જોષીએ આ.સં. ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩નું મુહૂર્ત આપ્યું. આથી મહારાજે વિચાર કર્યો કે મુહૂર્ત વેગળું ગયું તેથી એટલા બધા દિવસ અહીં રોકાવું ઠીક નહીં. તેમણે પૂંજાભાઈને કહ્યું : "અમે એક-બે દિવસમાં ગઢપુર જઈશું અને પછી પ્રતિષ્ઠા ઉપર બે-ત્રણ દિવસ અગાઉથી આવીશું ?"

પરંતુ પૂંજાભાઈનો આગ્રહ હતો કે મહારાજ ધોલેરામાં જ રોકાય અને સૌને દર્શન-સમાગમનું સુખ આપે. મહારાજે તેમની વિનંતી માન્ય કરી.

થોડા દિવસ બાદ મહારાજે પૂંજાભાઈને કહ્યું : "આપણા અહીંના મંદિર

માટે રાધાકૃષ્ણની મૂર્તિઓ ગઢપુરમાં રાખી છે, તો બે અસવારોને ગઢપુર મોકલો. ત્યાંથી તે મૂર્તિઓ ગાડામાં સારી રીતે ગોઠવી અહીં લઈ આવે."

દરબાર પૂંજાભાઈનો આગ્રહ હતો કે દાદાખાચરનો પરિવાર અને ધર્મકુળ પણ પ્રતિષ્ઠા પ્રસંગે ખાસ હાજર રહે - તેવી શ્રીહરિ આજ્ઞા આપે. પૂંજાભાઈનો પ્રેમભાવ જોઈ મહારાજે તે પ્રમાણે અસવાર સાથે કહેવરાવ્યું.

મહારાજની આજ્ઞાનુસાર બે સવારો ગઢપુર જવા તરત જ રવાના થયા.

પ્રતિષ્ઠાનો સમય નજીક આવ્યો અને હરિભક્તોના સંઘ પણ આવવા લાગ્યા. પ્રથમ ગઢપુરથી દાદાખાચર તથા તેમના પરિવારના સહુ સભ્યો આવ્યા. તેમની સાથે ધર્મકુળ પણ આવ્યું.

ગઢપુરથી રાધાકૃષ્ણની મૂર્તિઓ આવી ગઈ. તે મૂર્તિઓ ત્યાં એક ઓરડામાં[૮૦] મૂકી. મહારાજ મૂર્તિઓ જોવા પધાર્યા અને મૂર્તિઓ ઉપર હાથ ફેરવતાં કહ્યું : "મૂર્તિઓ બહુ સુંદર અને ચમત્કારી છે."

પ્રતિષ્ઠાના મુહૂર્તને થોડા દિવસ બાકી રહ્યા ત્યારે મહારાજે ઉમરેઠથી હરિપ્રસાદ શર્માને વેદોક્તવિધિ અનુસાર મૂર્તિપ્રતિષ્ઠા કરાવવા માટે તેડાવ્યા. બીજા પણ ઘણા વિપ્રોને તેડાવ્યા. કર્મકાંડી બ્રાહ્મણો પણ આવ્યા અને તે વેદોક્ત-વિધિમાં મદદ કરવામાં જોડાઈ ગયા.

હરિપ્રસાદ શર્માએ શાસ્ત્રની વિધિ પ્રમાણે યજ્ઞકુંડ તૈયાર કરાવ્યો. વરુણ તરીકે બ્રાહ્મણોને બેસારવાના હતા. તેમાં ધોલેરાવાસી નાગજી દવે તથા તેમના ત્રણ પુત્રો - વીરજી, દેવેશ્વર[૮૧] અને ઘેલાભાઈ; ગાંફના વસ્તા રાવળભા, ભાઈજીભાઈ, મેઘજીભાઈ, જગાભાઈ, પૂંજાભાઈ, નાગજીભાઈ અને ગંગાભાઈ વ્યાસ તેમજ પંડ્યા નાથજી હીરજી, ઓધવજી, પુરુષોત્તમ ઠાકર, બેચરભાઈ વ્યાસ, દેવકૃષ્ણ તથા વ્યાસ જગજીવન, નારાયણજી શુકલ, જગજીવન શુકલ, આશારામ શુકલ; તેમજ પીંપળીના પંડ્યા લક્ષ્મીરામ, કેશવજી, માવજીભાઈ, જાની જીવણભાઈ, મહેતા ભાઈજીભાઈ; તથા ગામ પચ્છમના જાદવજી, હરજીવન, જેઠાભાઈ, ઓધવજી, રાજારામ; રોજકાના પુરાણી શિવશંકર,

---

૮૦. આ જગ્યાએ ગાંફના દેવકૃષ્ણ વ્યાસે છત્રી કરાવી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

૮૧. દેવેશ્વરે પાછળથી આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા લીધી હતી. તેમનું નામ નિષ્કામાનંદ બ્રહ્મચારી રાખ્યું હતું. તેઓ ઘણું ખરું વડતાલમાં રહી દેવસેવા કરતા.

ગોવિંદરામ, ત્રવાડી જયશંકર, જગજીવન, ગગા ભટ્ટ, પંડ્યા વસ્તાભાઈ, રાઘવજી, ભાણજીભાઈ, બેચરભાઈ, નારાયણજી, કૃષ્ણજી, પુરુષોત્તમ મહેતા; ખડોળના જોષી કૃષ્ણજી, હરિભાઈ; ભડિયાદના પુરુષોત્તમ, મયારામ, જયશંકર, જાદવજી; ખરડના બેચર દવે તથા ભીમજી પંડ્યા; ચોકડીના રામેશ્વર, નારાયણ અધ્યારુ, નંદરામ; અણિયાળીના જગજીવન, વજેરામ, નારાયણ, પુરુષોત્તમ, દામજીભાઈ, રાઘવજી; ઝીંઝરના હરિરામ તથા ભોળાદના હંસરાજ વગેરે બ્રાહ્મણ હરિભક્તોને મહારાજે વરુણ તરીકે બેસાર્યા.

સ્વામી તો અમારી મરજીના જાણનારા છે

બરાબર આજ દિવસે જૂનાગઢથી ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી ધોલેરા આવી ગયા. મહારાજ તેમને જોઈ ખૂબ જ રાજી થયા. પછી મંદિરના ખાતમુહૂર્ત અંગે વાત પૂછી એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "વૈશાખ સુદ ૩નું મુહૂર્ત આવતું હતું. તે દિવસે વેદોક્ત-વિધિપૂર્વક ખાતમુહૂર્ત ગુણાતીતાનંદ સ્વામી પાસે કરાવ્યું."

મહારાજ આ સાંભળી હસ્યા. ગુણાતીતાનંદ સ્વામી તો નીચી દૃષ્ટિ રાખી મહારાજ સન્મુખ ઊભા હતા. મહારાજે કહ્યું : "ગોપાળ સ્વામી અંતર્યામી છે, તેથી જાણે છે કે આ ગુણાતીતાનંદ સ્વામીને જ જૂનાગઢ રહેવાનું છે. તેથી તેમની પાસે ખાતમુહૂર્ત કરાવવું."

આ સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! ગોપાળાનંદ સ્વામીએ આપ કહો છો તેમ જ કહ્યું હતું."

મહારાજ ફરી હસ્યા અને બોલ્યા : "સ્વામી તો અમારી મરજીના જાણનારા છે."

મૂર્તિઓનું વેદોક્તવિધિપૂર્વક પૂજન કરાવ્યું અને બરાબર પ્રતિષ્ઠાના મુહૂર્ત પ્રમાણે આ.સં. ૧૮૮૨ના વૈશાખ સુદ ૧૩ના દિવસે રાધા અને કૃષ્ણની મૂર્તિઓ મંદિરમાં પધરાવી. મહારાજે કૃષ્ણની મૂર્તિનું નામ મદનમોહન રાખ્યું. પોતે આરતી ઉતારી. શ્રીહરિની મૂર્તિમાંથી નીકળતો શીતળ શાંત પ્રકાશ મદનમોહનની મૂર્તિમાં પ્રવેશ્યો. આરતી પૂરી થયા બાદ મહારાજે કહ્યું : "આ મદનમોહનની મૂર્તિ બહુ જ ચમત્કારી છે અને જે ભક્ત ભક્તિભાવથી તેનું પૂજન કરશે, તેના સર્વ મનોરથ તે પૂરા કરશે."

મહારાજે દરબાર પૂંજાભાઈનો સંકલ્પ પૂરો કર્યો. તેમણે મંદિર કરવા માટે

જમીન કૃષ્ણાર્પણ આપી હતી. હાલ જે મંદિરનો સભામંડપ છે તેની પાછળ પૂંજાભાઈના દરબાર હતા.[૮૨] તેમના તાબાનાં નવ ગામ હતાં : ધોલેરા, ખૂણ, મહાદેવપરુ, ભાણગઢ, નવું ગામ, રાતવાવ, ભીમતળાવ, મૂંડી અને ઝાંખી. તેમને કુંવર ન હતો પરંતુ ફૂલજીબા કુંવરી હતાં, જેમને મહારાજ પ્રત્યે અપાર ભક્તિ હતી. ફૂલજીબાને કરમડ પરણાવ્યાં હતાં. પૂંજાજીભાઈનાં બહેન અજુબા પણ મહારાજનાં પરમ ભક્ત હતાં.

મહારાજ વૈશાખી પૂનમ સુધી ધોલેરામાં રોકાયા. પડવાને દિવસે નીકળી મહારાજ ગઢપુર પધાર્યા.

---

૮૨. હાલ આ જગ્યાએ કલાત્મક છત્રી કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.



ઉદ્‌ગીથ ૧૨

ગઢપુરમાં ચાતુર્માસ, વરતાલમાં પ્રબોધિની ઉત્સવ

(આ.સં. ૧૮૮૨-૮૩, ઈ.સ. ૧૮૨૬-૧૮૨૭)

લગભગ સાત મહિના પછી મહારાજ ગઢપુર પધાર્યા[૮૩] એટલે ગઢપુરવાસીઓના આનંદનો પાર ન રહ્યો. જો કે વરતાલ, ધોલેરામાં મહારાજનાં દર્શનનો લાભ તો તેમને મળ્યો જ હતો, પણ સેવાના લાભથી વંચિત રહ્યા હતા. તે ભાવ હવે અહીં પૂરો થશે એનો સૌને આનંદ હતો.

ગઢપુર ગામ, દાદાનો દરબાર, ઉન્મત્ત ગંગાના તટ આ બધું મહારાજ પધાર્યા અને જાણે જીવંત બની ગયું ! સૌમાં નવી ચેતના આવી. એ જ ગઢપુર ગામ હતું. એ જ દાદાના દરબાર હતા અને ઉન્મત્ત ગંગા પણ એની એ જ હતી. પરંતુ મહારાજના સંબંધથી બધું જાણે દિવ્ય ચેતનવંતું બની જતું હતું. સૌનાં અંતરમાં આનંદના ઊભરા આવતા. અને આનંદ અને ઉત્સાહમાં મહારાજ અને સંતો, હરિભક્તોની સેવા કેમ થઈ જતી તેની કોઈને ખબર ન રહેતી.

મહારાજ સ્વામીને ભાતું બંધાવે છે : આ.સં. ૧૮૮૨

જેઠ સુદ પૂનમ આવી. તે દિવસે સવારે મહારાજે અક્ષર ઓરડીમાં ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા. સ્વામી પધાર્યા એટલે મહારાજે તેમને કહ્યું : “જૂનાગઢમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું છે તે હવે ત્યાં જઈ કામ ચાલતું કરો.”

એમ કહી મહારાજે પોતાનો પાઘ સ્વામીને માથે પહેરાવ્યો. પછી બોલ્યા : “આવો તમને ભાતું બંધાવીએ.” એમ કહી મહારાજ બોલ્યા : “જે તમારી સાથે જૂનાગઢ આવશે, તેની કરોડ જન્મની કસર અમે એક જ જન્મમાં ટાળી નાંખીશું.”

સ્વામી મહારાજ સન્મુખ સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યા. મહારાજે પછી કહ્યું :

---

૮૩. ગઢડા અંત્ય પ્રકરણનાં વચનામૃત શરૂ થયાં.

"સ્વામી ! ઝીણાભાઈના ઉતારાની પડખે જ દાદાભાઈની વાડી છે ત્યાં વાવ છે. તેની પાસે જ પૂર્વ તરફનું ઉત્તરાદા બારનું ત્રણ શિખરવાળું મંદિર કરવાનું છે. તમારી જોડમાં તત્ત્વાનંદ આવશે."

સ્વામી આ બધું સાંભળી રહ્યા હતા. થોડી વારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! ત્યાં નવાબી રાજ્ય છે. વળી, નાગર અમલદારો પણ આપણા દ્વેષી છે તે વિઘ્નો બહુ નાંખશે."

એટલે મહારાજે કહ્યું : "બ્રહ્માનંદ સ્વામીને ત્યાં મોકલીશું, તે રાજ્ય સંબંધી બધું જ કામ કરશે. નાગરો બધા દબાઈ જશે અને કોઈનું કાંઈ ઉપજશે નહીં."

સ્વામી આ સાંભળી મહારાજને દંડવત્ કરી જૂનાગઢ જવા તૈયાર થયા.[૮૪]

મહારાજ ! તમને ભગવાનનાં દર્શન થાય છે ?

બીજે દિવસે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન થયા હતા. સવારનો સમય હતો અને અક્ષર ઓરડીમાં કોઈ હતું નહીં. એટલે મહારાજ માથે ધાબળો ઓઢી સ્વસ્વરૂપનું ધ્યાન કરતા બેઠા હતા. તે સમયે બ્રહ્માનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમણે મહારાજને માથે ધાબળો ઓઢી ધ્યાન કરતા જોયા, એટલે તેમને હસવું આવ્યું. પછી ઉતાવળે બોલ્યા : "હે મહારાજ ! તમને ભગવાનની મૂર્તિ દેખાય છે ? અમને તો નથી દેખાતી."

બ્રહ્માનંદ સ્વામી આ રીતે બે-ત્રણ વાર બોલ્યા, ત્યારે મહારાજે જાણ્યું કે આ સ્વામી ધ્યાન કરવા દેશે નહીં. તેમણે તરત જ માથેથી ધાબળો કાઢી નાંખ્યો. એટલે બ્રહ્માનંદ સ્વામી હસતાં હસતાં બોલ્યા : "મહારાજ ! હવે અમને ભગવાનનાં દર્શન થાય છે." મહારાજ હસવા લાગ્યા.

મહારાજ પછી ચોકમાં લીંબડા નીચે પધાર્યા અને અહીં પાટ ઉપર બિરાજ્યા. એટલામાં વરસાદના છાંટા આવવા માંડ્યા, એટલે એક હરિભક્તે આવીને કહ્યું : "મહારાજ ! પાંચુબાના કોઠલા ઉપર ચૂવે છે ને કોઠલો પલળે છે."

મહારાજે તરત જ સભામાં કહ્યું : "કોઈ ઊઠો અને જઈને સમું કરો."

પરંતુ કોઈ ઊઠ્યું નહીં. તેથી મહારાજ પંડે ઊઠ્યા અને પાંચુબાના ઓરડામાં પધાર્યા. અહીં તેમણે જોયું તો કોઠલો પલળતો હતો. મહારાજે તેમની સાથે આવેલા પાર્ષદોને કહ્યું : "આ કોઠલો ઉપાડો."

૮૪. સ્વામી કહેતા કે "અમારી સાથે અર્ધો તત્ત્વાનંદ હતો. પાણા ભાંગવા હથોડી ન હતી, તે પાણા વતી પાણા ભાંગતા, એવા દેશકાળમાં જૂનાગઢનું મંદિર કર્યું છે."

એટલે પાર્ષદોએ કહ્યું : "મહારાજ ! એક તો આવડો મોટો કોઠલો, વજનદાર અને વળી માંહી દાણા ભર્યા છે તે શી રીતે ઊપડે ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "લાવો દોરડા. દોરડા વડે બાંધીને ખસેડી લઈએ. એમાં ક્યાં વાર લાગવાની હતી ?"

બધાને લાગ્યું કે મહારાજ કોઠલો ઉપડાવ્યે જ રહેશે એટલે રાંઢવા લઈ આવ્યા. કોઠલા ફરતાં તે બાંધ્યા ને પછી મહારાજે દોરડાનો એક છેડો પકડ્યો એટલે પાર્ષદો બધા પકડવા લાગ્યા. સૌએ જોર કર્યું અને કોઠલાને ખસેડીને ઉગમણે ખૂણે મૂકી દીધો.

અહીં ભીંતમાં દર હતું. તેમાં મોટો સર્પ હતો. તેણે મોઢું બહાર કાઢ્યું અને ફેણ ચડાવી. મહારાજે પાર્ષદોને કહ્યું : "બે સાણસા લાવો. સર્પ મોટો છે એટલે એક સાણસાથી પકડાશે નહીં."

બે સાણસા લાવ્યા અને બે-ચાર જણાએ માડ માડ સર્પને પકડ્યો. પણ સર્પ બહુ મોટો હતો એટલે વજન પણ ખૂબ હતું. મહારાજ ઉગમણા બારને ઓરડે ઊભા હતા. સર્પ મહારાજ સામું ફેણ માંડીને જોતો હતો, પણ સાણસાની ભીંસથી પીડાતો હતો એટલે જીભના લબરકા મારી ફૂંફાડા પણ મારતો હતો. સર્પને પાર્ષદો દૂર જઈને મૂકી આવ્યા.

આ બધા સાધારણ કાઠી નથી, આને તો દેવની પણ ઉપમા ન દેવાય

મહારાજ પછી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. રામપ્રતાપભાઈ આ બધું જોઈ રહ્યા હતા. તેમને મનમાં સંકલ્પ થયો કે ઘનશ્યામ ઘેર હતા ત્યારે તો કાંઈ જ કામ કરતા ન હતા. ચીભડા નીંદવા ગયા ત્યારે બધા વેલા ઉખેડી નાંખ્યા અને આંહીં આ કાઠીઓના ગોલાપા કરે છે.

તેમનો સંકલ્પ જાણીને મહારાજ બોલ્યા : "આ સભામાં કોઈને સંકલ્પ થતા હશે કે મહારાજ ઘેર હતા ત્યારે તો કાંઈ કામ કરતા નહીં અને આંહીં તો તન તોડીને કાઠીઓનું કામ કરે છે. પણ આવા સંકલ્પ જેને થાય છે તેને ખ્યાલ નથી કે આ બધા કોઈ સાધારણ કાઠીઓ નથી. તેમને તો મોટા મોટા દેવોની પણ ઉપમા ન દેવાય તેવા છે. અમે ઉત્તર ભારતમાંથી નીકળ્યા, વનમાં ફર્યા, રજવાડાંઓમાં રહ્યા પણ અમને કોઈ રાખી શક્યા નહીં. જ્યારે અહીં આ દરબારોએ અમારું ગમતું કરીને અમને વશ કરી લીધા છે. એમની ભક્તિથી જ અમે અહીં ટક્યા છીએ. તેમણે તેમનું સર્વસ્વ અમને અર્પણ કરી દીધું છે.

અમારાથી કાંઈ પણ અંતરાય રાખ્યો નથી. એટલે અમારે એમની ખબર રાખવી પડે છે."

મહારાજનો કહેવાનો મર્મ રામપ્રતાપભાઈ સમજી ગયા !

✧ ✧ ✧

વરતાલ - પ્રબોધિની ઉત્સવ ઉપર

આ.સં. ૧૮૮૩નું વર્ષ બેઠું. મહારાજે નક્કી જ કર્યું હતું કે ચાતુર્માસના બધા જ ઉત્સવો ગઢપુરમાં જ કરવા. એટલે જન્માષ્ટમી તેમજ અન્નકૂટના ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યા.[૮૫]

પ્રબોધિનીનો ઉત્સવ કરવા મહારાજે વરતાલ જવાનું નક્કી કર્યું. સૌ સખાઓને મહારાજે કહ્યું : "આપણે પ્રબોધિનીનો ઉત્સવ વરતાલ કરવો છે અને મોટી સવારી લઈને ત્યાં જવું છે."

મહારાજના આ વચન ઉપર સૌ સખાઓ તૈયાર થઈ ગયા. દાદાખાચરે ઢોલ, ત્રાંસાં, નગારા, શરણાઈ વગેરે વાજિંત્રો મંગાવીને મહારાજના સંકલ્પ પ્રમાણે સવારી કાઢવાનું નક્કી કર્યું. સાથે ઘોડેસવારો, પાર્ષદો, દાદાખાચરનો પરિવાર, સંતો વગેરેને પણ લેવાના હતા. મહારાજને ગામેગામથી આ સંઘમાં હરિભક્તોને સાથે લેવા હતા.

મહારાજે સંતોને કહ્યું : "તમે સૌ પરોઢિયે નીકળજો. અમે જમીને ચાલશું."

મહારાજની આજ્ઞા પ્રમાણે સંતો પરોઢિયે નીકળી ગયા. મહારાજ જમીને ચાલ્યા. દાદાખાચરની આજ્ઞાથી આખું ગઢપુરનગર ધામધૂમથી સવારી કાઢીને મહારાજને વળાવવા નીકળ્યું. સંઘ નીકળ્યો. ગઢપુરની સીમ આવી એટલે મહારાજે નગરજનોને, વાજિંત્રોવાળાને પાછા વળાવ્યા અને પોતે સખાઓ સાથે સીધા સારંગપુરની વાટે ચડ્યા.

મહારાજ સારંગપુર પધાર્યા. અહીં રાત રહ્યા. અહીંથી જીવાખાચર તથા બીજા ભક્તોને લઈને મહારાજ બીજે દિવસે નીકળી સીધા સુંદરિયાણા પધાર્યા.

સુંદરિયાણામાં થોડો વિશ્રામ કરીને મહારાજ ભાલમાં પચ્છમ ગામે પહોંચ્યા. અહીં તળાવને કાંઠે મહારાજ અને સંઘે ઉતારો કર્યો. પચ્છમના ભક્તોએ મહારાજ પધાર્યા તેથી અહોભાગ્ય માની રસોઈ બનાવી આખા સંઘને જમાડ્યો.

---

૮૫. ગઢડા અંત્ય પ્રકરણનાં દસ વચનામૃત પૂરાં થયાં.

એ બધાં ભૂત હતાં

મહારાજ રાત્રે પોતાના તંબુમાં ઢોલિયામાં પોઢી ગયા. પાર્ષદો વારાફરતી ચોકી કરતા હતા. ચોકી કરવાનો વારો સોમલાખાચરનો હતો. બીજા બધા પાર્ષદો સૂઈ ગયા હતા. સોમલાખાચર હાથમાં તલવાર લઈને ખડી ચોકી કરતા મહારાજના તંબુ આગળ ઊભા હતા. એવામાં તેમણે એક આશ્ચર્ય જોયું. નાનાં બાળકો ગણ્યાં ગણાય નહીં એટલી સંખ્યામાં ત્યાં આવતાં દેખાયાં. તે બધાં જ સોમલાખાચર ખડી ચોકીમાં હતા તોપણ તંબુની અંદર દાખલ થઈ ગયાં અને મહારાજને સૌ દંડવત્ કરી પગે લાગવા માંડ્યા. મહારાજે સૌનાં માથા ઉપર હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપતાં કહ્યું : "હવે સત્સંગમાં જન્મ ધરજો. તમારો મોક્ષ થઈ જશે." તરત જ આ બધાં જ બાળકો અદશ્ય થઈ ગયાં !

સોમલાખાચર આ આશ્ચર્ય જોઈ અવાક્ બની ગયા ! તેમને થયું આટલાં બધાં નાનાં બાળકો મારી ચોકી વટાવીને અંદર ચાલ્યાં ગયાં ! બધાં જ તંબુમાં સમાઈ ગયાં ! વળી, મહારાજે સૌને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ! આ બધું શું થઈ ગયું ? તે ધીરે રહીને તંબુમાં ગયા. મહારાજ પલંગમાં જાગતા જ પોઢેલા હતા. તેણે મહારાજને દંડવત્ કર્યા. પછી હાથ જોડી બોલ્યા : "મહારાજ ! આજે આપનો અપરાધ થઈ ગયો છે."

મહારાજ કાંઈ સમજ્યા નહીં. એટલે પૂછ્યું : "શું અપરાધ થઈ ગયો છે ?"

ત્યારે સોમલાખાચરે કહ્યું : "મહારાજ ! મારી ખડી ચોકી વટાવીને આટલાં બધાં બાળકો આપના તંબુમાં દાખલ થઈ ગયાં ! હું જોતો રહ્યો. પાછા એ જ રીતે તે બધાં તંબુમાંથી બહાર નીકળી પણ ગયાં ! મારી આબરૂને આજે બટ્ટો લાગ્યો છે."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા પછી કહ્યું : "સોમલા ભગત ! આ જે બાળકો આવ્યાં હતાં તેમને કોઈ ચોકી નડી શકતી નથી. એ બધાં કોણ હતા તે તમે જાણો છો ?"

સોમલાખાચરે તરત જ કહ્યું : "ના મહારાજ ! હું તો કાંઈ જ જાણતો નથી."

મહારાજ હસ્યા. પછી બોલ્યા : "એ બધાં કૃષ્ણાવતારના સમયમાં વ્રજભૂમિનાં ગોપબાળકો હતાં. પૂતનાએ તેમને મારી નાંખ્યાં હતાં. આજે એમને અમારાં દર્શન થયાં, આશીર્વાદ મળ્યા અને હવે સૌ સત્સંગમાં જન્મ ધરશે. પછી તેમનું કલ્યાણ થશે."

સોમલાખાચર આ સાંભળી સ્તબ્ધ બની ગયા ! તેમણે પૂર્વવત્ મુઝવણ અનુભવતાં કહ્યું : "પણ મહારાજ ! મારી ચોકી કેમ વટાવી ગયા ?"

મહારાજે કહ્યું : "સોમલા ભગત ! તેમને કોઈ આવરણ નડતું નથી, એટલે તમારી સાત ચોકી હોય તોપણ તમે તેમને રોકી શકો નહીં."

સોમલાખાચરને આ સાંભળી નિરાંત થઈ. તેમને થયું કે મહારાજ આ અવસરે કેટલાય જીવોનાં કલ્યાણ કરવા પધાર્યા છે. એટલે આ ગોપબાળકોનું પણ આજે કામ થઈ ગયું !

બીજે દિવસે સવારે મહારાજ ત્યાંથી વહાણમાં બેસી સાબરમતીના તટ ઉપર પધાર્યા. અહીં નદીના ભાઠામાં સરસ રીંગણાં થયાં હતાં. સોમલાખાચરે એક રૂપિયાનાં રીંગણાં લીધાં. હરિભક્તોએ મહારાજને આગ્રહ કરી રાત રોક્યા. સંઘ માટે સીધું લાવ્યા. ઘોડાઓ માટે ઘાસ અને ચંદી લાવ્યા. ગોપાળજીએ મહારાજ માટે પૂર્વ પ્રદેશની રીત પ્રમાણે ઘઉંના લોટની ઉત્તમ બાટીઓ બનાવી. રીંગણાંનું શાક બનાવ્યું. મહારાજ બાટી અને શાક જમ્યા. સોમલાખાચરને મહારાજે પ્રસાદીનો થાળ આપ્યો. મહારાજ જમીને પોઢી ગયા. સવારે વહેલા ઊઠીને નીકળ્યા અને રસ્તામાં ક્યાંય ન રોકાતાં સીધા વરતાલ પધાર્યા.

વરતાલમાં પ્રબોધિની ઉત્સવ : આ.સં. ૧૮૮૩

પ્રબોધિની ઉત્સવ ઉપર હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. મહારાજ આટલા વિશાળ પ્રમાણમાં આવતા સંઘને જોઈ પ્રસન્ન થયા. તે દિવસે પ્રબોધિની એકાદશીનો ઉપવાસ હતો એટલે મહારાજે ગોમતી ગળાવવાના કામમાં સૌ સંતો-હરિભક્તોને જોડી દીધા. સાંજ સુધી આ કામ ચાલ્યું.

રાત્રે શયન આરતી પછી મહારાજ ચોકમાં બિરાજ્યા. સંતોએ રાસ શરૂ કર્યો. લગભગ મધ્યરાત્રિ સુધી સંતો રાસ રમ્યા એટલે મહારાજે તેમને સૌને કહ્યું : "આજે ગોમતી ગાળવાના કામમાં જોડાયા હતા, રાત્રે રાસ રમ્યા. હવે તમો બધા આજે ઉપવાસને લઈને થાકી ગયા હશો, માટે પોતપોતાના આસને જઈ વિરામ કરો."

મહારાજ વરતાલમાં જેટલા દિવસ રહ્યા ત્યાં સુધી તેમણે સમગ્ર સંઘને રોક્યો. રોજ નવી નવી રસોઈ થાય. મહારાજ સ્વયં સૌને પીરસવા પધારે. સવાર-સાંજ ભગવદ્‌વાર્તાનો લાભ આપે. આમ, દિવ્ય આનંદમાં દિવસો પસાર થવા લાગ્યા.

ગુડેલથી જીભાઈ આવ્યા. પોતાની સાથે જાતવાન સુંદર ઘોડી તમામ સાજ સાથે શણગારીને લાવ્યા હતા. મહારાજનાં દર્શન કર્યાં અને પછી તેમણે ઘોડી મહારાજને અર્પણ કરી દીધી. મહારાજે તેને ભાવપૂર્વક ગ્રહણ કરી. કાઠી દરબારો જાતવંત ઘોડી જોઈ રાજી થઈ ગયા. પણ તેમને મનમાં બીક લાગી કે જો હમણાં કોઈ બ્રાહ્મણ આવશે તો મહારાજ તેને ઘોડી અર્પણ કરી દેશે.

ગઢપુર તરફ પ્રયાણ

મહારાજ ઉત્સવ પૂરો કરી ગઢપુર જવા માટે જીભાઈએ આપેલ ઘોડી ઉપર બિરાજમાન થયા. ગાડા ગામ ભણીની જે સીમ તેની લગોલગ જ સીંજીવાડાની સીમ છે. મહારાજે ત્યાં ખેતરમાં એક ખીજડો જોયો. મહારાજ ઘોડી ઉપર તે ખીજડા તરફ ગયા અને ખીજડાની આજુબાજુ ઘોડી કુંડાળે નાંખીને ફેરવી. ખેડેલા ખેતરમાં ખીજડાની આજુબાજુ ચતુરાઈપૂર્વક ઘોડીને કુંડાળે ફેરવતા જોઈ સર્વે સખા મહારાજની ઘોડેસવારીમાં અદ્‌ભુત નિપુણતા જોઈ મનમાં આનંદ પામ્યા. ઘોડીઓના ખેલાવનારા તો કાઠિયાવાડના કાઠી દરબારો જ, પાણીદાર ઘોડીઓ તો કાઠી દરબારોની જ એવો તેમના મનમાં જે ગર્વ હતો તે મહારાજની ઘોડી ખેલાવવાની કળા જોઈ ઊતરી ગયો. મહારાજે તો કાંઈક એવા પ્રસંગોએ ઘોડા ખેલવવામાં તેમના અરમાન ઉતારી દીધા હતા, છતાં તેનું જાણપણું ન રહેતા આવા પ્રસંગે ફરી પાછો પોતાનો ભાવ અંતરમાં આવી જતો.

મહારાજ સીંજીવાડામાં જગરૂપ બારોટને ત્યાં રોકાયા. ત્યાંથી બીજે દિવસે નીકળી મહારાજ માર્ગમાં આવતા હરિભક્તોના ગામે રોકાતાં રોકાતાં થોડા દિવસે ગઢપુર પહોંચી ગયા. ગઢપુરના હરિભક્તોનાં અદકેરાં ભાગ્ય હતાં કે મહારાજ વળી વળીને ગઢપુરમાં જ પધારતા. અક્ષરધામ તુલ્ય આ દિવ્ય તીર્થભૂમિની રજેરજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણના ચરણારવિંદથી અંકિત થઈ ગઈ હતી ! દૃષ્ટિ દિવ્ય થઈ જાય તો આ ભૂમિનું માહાત્મ્ય સમજાય. સ્થૂળ દૃષ્ટિએ ગઢપુર એક નાનકડું શહેર જ દેખાતું હતું.

✧

આ.સં. ૧૮૮૩ના પ્રબોધિની ઉત્સવ પછી મહારાજ ગઢડા આવ્યા ત્યારે જૂનાગઢથી બ્રહ્માનંદ સ્વામી ગઢડા આવી ગયા હતા. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કાંઈક કાર્ય પ્રસંગે પાછળ રોકાયેલા. થોડા દિવસ બાદ

તેઓ પણ આવી પહોંચ્યા. ત્યારે મહારાજે અક્ષર ઓરડીમાં સૌ પરમહંસોને બોલાવેલા. તેમને સહુને મહારાજે કહ્યું : "તમને સૌને અમે પંચવર્તમાન પાળવાનાં કહ્યાં છે, તે પ્રમાણે સૌએ પાળવાં અને તેમાં કાંઈ ફેર પડવા દેવો નહીં. પરંતુ તેમાં ફેર નહીં જ પડે એવા તમે અમને અંદરોઅંદર એકબીજાના જામીન દો." પછી સૌ સંતોએ જેને જેની સાથે વધુ મેળ હતો તેમણે અરસપરસ એકબીજાના જામીન દીધા. સૌ એકબીજાના જામીન થઈ ગયા.

તે જ વખતે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી આવ્યા. સ્વામી મહારાજનાં દર્શન કરવા સીધા જ અક્ષર ઓરડીએ પધાર્યા અને દંડવત્ કરી પગે લાગ્યા. એટલામાં બ્રહ્માનંદ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : "મહારાજ ! લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી પણ આવી ગયા. હવે એમના જામીન કોણ થશે ? દરેક અરસપરસ એકબીજાના જામીન થઈ ગયા છે. હવે કોઈ બાકી રહ્યું નથી."

મહારાજ આ સાંભળી હસ્યા અને પછી બોલ્યા : "સ્વામી ! એમના તો અમે નિરંતરના જામીન છીએ."

આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ ! સૌને લાગ્યું કે મહારાજને સ્વામી સાથે અનન્ય હેત ને એકાત્મભાવ છે.

ઇચ્છારામનો અક્ષરવાસ

મહારાજ ગઢપુર પધાર્યા ને તેમને ખબર પડી કે નાના ભાઈ ઇચ્છારામની સ્થિતિ ગંભીર બની ગઈ છે. તરત જ તેઓ અક્ષર ઓરડીમાંથી નીકળી ત્યાંથી દક્ષિણાદો વાસુદેવ નારાયણનો ઓરડો હતો ત્યાં ઇચ્છારામભાઈનો ઉતારો હતો ત્યાં પધાર્યા. ઇચ્છારામભાઈનું શરીર કૃશ થઈ ગયું હતું. મહારાજનાં દર્શનની જ તેમને ઝંખના હતી. મહારાજ પધાર્યા અને તેમના અંતરમાં અતિ આનંદ થયો. હર્ષનાં આંસુ આંખમાંથી ટપકવા લાગ્યાં. તે જોઈ મહારાજે તેમને કહ્યું : "તમારું આયુષ્ય તો આજે પૂરું થાય છે. પણ જો આ લોકમાં વધુ રહેવાની ઇચ્છા હોય તો વધુ આયુષ્ય આપીએ."

આ સાંભળી ઇચ્છારામભાઈએ બે હાથ જોડ્યા અને કહ્યું : "આપ પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ છો, તેથી આપની સાન્નિધ્યમાં મારો દેહ પડે તેથી બીજું મોટું શું ભાગ્ય હોય ! મારું શરીર હવે જીર્ણ થઈ ગયું છે. આ લોકની કોઈ વાસના અંતરમાં નથી. આપના સ્વરૂપમાં જ મારી વૃત્તિ સ્થિર થઈ ગઈ છે. તેથી આ દેહ છોડાવી, બ્રહ્મમય તનુ ધરાવી, અક્ષરધામમાં આપની સેવામાં મૂકી દ્યો

અને એ શાશ્વત સુખનો અનુભવ કરવા દ્યો. હવે બીજી કોઈ ઇચ્છા નથી.''

મહારાજ તેમની સમજણ જોઈ રાજી થયા. એક ક્ષણમાં તેમણે સંકલ્પ કર્યો અને ઇચ્છારામભાઈએ આ.સં. ૧૮૮૩, પોષ સુદ આઠમે દેહત્યાગ કરી દીધો !

ઇચ્છારામભાઈ ધામમાં ગયા તે સમાચાર દરબારમાં પ્રસરી ગયા. સૌ દિલગીર થઈ ગયા. દાદાખાચરે તરત જ જરી અને કિનખાબ ભરેલ સુંદર વિમાન તૈયાર કરાવ્યું. ઇચ્છારામભાઈના દેહને ષોડશોપચારે સ્નાન કરાવી સુંદર વસ્ત્રો પહેરાવી વિમાનમાં પધરાવ્યું. રઘુવીરજી મહારાજે તેમના દેહનું પૂજન કર્યું. આરતી ઉતારી. પછી રઘુવીરજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાળજી મહારાજ અને વૃંદાવનજી મહારાજ, આ ચારેએ વિમાન ઉપાડ્યું. ઝાઝ-પખવાજ વગાડતા, કીર્તન-ભક્તિ કરતાં, નારાયણ ધૂન કરતાં, હજારો હરિભક્તો સ્મશાનયાત્રામાં ચાલ્યા. મહારાજ તથા દાદાખાચર પણ સાથે ચાલ્યા. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓ પણ સાથે હતા. હરિભક્તો પૈસા તથા દાણા ઉછાળતા હતા.

નારાયણ ધૂન કરતા ઉન્મત્ત ગંગાને કાંઠે ત્રીજા ઓરિયાથી ઉગમણી દિશામાં પહોંચ્યા. અહીં એક સુંદર જગ્યા જોઈ મહારાજની આજ્ઞાથી વિમાન ઉતાર્યું. હરિભક્તોએ સુખડ, કપૂર, નારિયેળ વગેરે લાવી ચિતા તૈયાર કરી. ઇચ્છારામભાઈના દેહને તેમાં પધરાવ્યો અને રઘુવીરજીએ વિધિ કરી અગ્નિ ચેતાવ્યો. ઇચ્છારામભાઈનો દેહ ભસ્મસાત્ થઈ ગયો, એટલે સૌ ઊઠ્યા. ઉન્મત્ત ગંગામાં સૌએ સ્નાન કર્યું.

તે વખતે આકાશમાં અંધકાર છવાઈ ગયો અને કેટલાંક અપશુકન થવા લાગ્યાં. આ જોઈ હરિભક્તો તથા સંતો ઉદાસ થઈ ગયા. મહારાજે સૌને કહ્યું : ''આ ઈશ્વરરૂપ ઇચ્છારામભાઈએ દેહ મૂક્યો એટલે આવાં અપશુકનો થાય છે. માટે હે પરમહંસો ! આ સંસાર નાશવંત છે ને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ છે. પરંતુ જે અમારા સ્વરૂપને વિષે નિષ્ઠા રાખશે તેનો ક્ષય નહીં થાય ને તે મુક્ત દશાને પામશે.'' એટલું કહી મહારાજ ઊઠ્યા અને સૌ સંતો, હરિભક્તો સાથે દરબારમાં પધાર્યા.

ધર્મકુળે ઇચ્છારામભાઈની ઉત્તરક્રિયા કરાવી.

મહાભારતની કથાનો આરંભ

મહારાજે પછી વિચાર કર્યો કે નિત્યાનંદ સ્વામી પાસે મહાભારતની કથા

કરાવવી. મહાભારતનો ગ્રંથ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ભાવનગરના કાશીરામ ભટ્ટને ત્યાંથી ઐશ્વર્ય બતાવીને લઈ આવ્યા હતા. તે ગ્રંથની મહારાજે લહિયાઓ પાસે નકલ કરાવી લીધી હતી. આ ગ્રંથની કથાનો આરંભ કરાવવાનું નક્કી કર્યું.

મહારાજને થયું કે મહાભારતની કથા લગભગ બે માસ સુધી ચાલશે, તેથી જારની ખાણ તૈયાર કરાવી તેમાં જાર ભરી દેવી, જેથી શ્રોતાઓને જમાડવામાં કોઈ વાંધો આવે નહીં. તે પ્રમાણે પાર્ષદો પાસે ખાણ તૈયાર કરાવી તેમાં જાર ભરાવી દીધી. ઘેલા ધાધલના આથમણા બારના ઓરડાની ઓસરીમાં પ્રાતઃકાળે મહારાજ કોમળ આસન ઉપર બિરાજતા અને નિત્યાનંદ સ્વામી વ્યાસપીઠ ઉપર બેસી મહાભારતની કથા વાંચતા.[૮૬] સંતો-હરિભક્તો સૌ આ કથાનો લાભ લેતા. અરજણભાઈ રોજ રીંગણાં લાવતા અને મહારાજ તેનું શાક જમતા. ઘેલા ધાધલના પુત્ર માણસિયા ધાધલ રોજ ગલગોટાનાં પુષ્પોનો હાર બનાવી મહારાજને પહેરાવતા. બે માસ સુધી ઘેલા ધાધલ પોતાની ભેંસોનું દૂધ સારી રીતે ઉકાળી તેમાં એલાયચી, સાકર નાખી મહારાજને રોજ આપતા. આ રીતે બે માસ મહાભારતની કથા નિત્યાનંદ સ્વામીએ વાંચી. તેની પૂર્ણાહુતિને દિવસે મહારાજે નિત્યાનંદ સ્વામીની પૂજા કરી તેમને પોષાક અર્પણ કર્યો. બીજા જે જે સંતોએ શ્રદ્ધાપૂર્વક કથા સાંભળી અથવા કથા દરમ્યાન કોઈ સેવા કરી તેમને સૌને મહારાજ પ્રેમથી ભેટ્યા. સૌને ત્રણ ત્રણ વસ્ત્રો આપ્યાં. મુકુંદ બ્રહ્મચારીને પણ મહારાજે તેમની ઇચ્છા ન હતી છતાં પોષાક આપ્યો. ઇચ્છારામભાઈ પાછળ આવું સત્કર્મ કરાવીને મહારાજે સૌને શિક્ષા આપી કે મૃત્યુ અનિવાર્ય છે, પરંતુ સત્સંગીઓ માટે તો મૃત્યુ અક્ષરધામગમનનો એક દિવ્ય પ્રસંગ છે, તેની દિવ્યતા સૌને અનુભવાય તેટલા માટે જ આવા અવસરે સત્શાસ્ત્રોની કથા કરાવી પરમાત્માના સ્વરૂપમાં ચિત્તને જોડી દેવું.

ગઢપુરમાં વસંતોત્સવ

આ.સં. ૧૮૮૩ના વસંતનો ઉત્સવ મહારાજને ગઢપુરમાં જ કરવો હતો.

---

૮૬. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨માં એવો ઉલ્લેખ છે કે સાંધવ નદી જે સ્થળે ઉન્મત્ત ગંગાને મળે છે તે સ્થળે મહારાજે આ કથા કરાવી હતી અને મહારાજ બે માસ સુધી ત્યાં તંબુ બંધાવી રહ્યા હતા. મોટીબા, લાડુબા, પાંચુબા, રાજબાઈ વગેરે મહારાજ માટે રોજ થાળ તૈયાર કરાવી બ્રહ્મચારી સાથે મોકલતાં.

ઘેલા ધાધલે મહારાજને પ્રાર્થના કરી કે "મહારાજ ! આપે ઘણા ઉત્સવો બાપુ દાદાખાચરના દરબારમાં કર્યા છે, તો આ ઉત્સવ મારા ઘરના આંગણામાં થાય એવી મારી ઇચ્છા છે. જો કે મારું ઘર પણ બાપુ દાદાખાચરના દરબારનો એક ભાગ જ છે."

મહારાજે તેનો ભાવ જોઈ કહ્યું : "ભલે, આ વસંતનો ઉત્સવ તમારે ત્યાં કરીશું."

ઘેલા ધાધલ દાદાખાચરના મામા હતા. દાદાખાચર પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ હતો. વસંતનો ઉત્સવ ઘેલા ધાધલને ત્યાં હતો તેથી ઘેલા ધાધલ, મોટા રાઠોડ ધાધલ, નાના રાઠોડ ધાધલ વગેરે તે ઉત્સવની તૈયારી કરવામાં પડી ગયા.

વસંતને દિવસે મહારાજ પોતાની સાથે સંતો, પાર્ષદોને લઈને ઘેલા ધાધલને ત્યાં પધાર્યા. દાદાખાચર તથા તેમનો પરિવાર, જીવાખાચર અને તેમનો પરિવાર તથા ગઢપુરના ભાવિક નગરજનોની ભીડ ઘેલા ધાધલના વિશાળ પ્રાંગણમાં થઈ. અહીં મહારાજે બ્રાહ્મણ પાસે સર્વતોભદ્ર મંડળ બનાવડાવી ઘેલા ધાધલ પાસે વસંતની પૂજા કરાવી. પછી સંતો તથા પાર્ષદોના બે વિભાગ કરી સામસામા વસંતોત્સવની રંગક્રીડા કરે એવી યોજના કરી.

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, અચિંત્યાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, મુકુન્દાનંદ બ્રહ્મચારી, જયાનંદ બ્રહ્મચારી, અખંડાનંદ બ્રહ્મચારી, નારાયણાનંદ બ્રહ્મચારી તથા પદ્મનાભાનંદ સ્વામી વગેરે સંતોનું એક બાજુ મંડળ તૈયાર કર્યું.

બીજી બાજુ મહારાજની સાથે દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, પૂંજાજી, માતરા ધાધલ, વસ્તાખાચર, લાધા ઠક્કર, કુરજી ઠક્કર, રાઠોડ ધાધલ, જીવાખાચર, મિયાંજી, ગુમાનજી, ભીમાજી તથા ધર્મકુળના સભ્યો વગેરે ગૃહસ્થો અને પાર્ષદોનું મંડળ હતું.

'રંગભર સુંદર શ્યામ રમે...'

નારાયણજીભાઈએ પાટ ઉપર ઊભા રહી વસંતનો કળશ મસ્તક ઉપર

ધારણ કરી રાખ્યો. પ્રથમ મહારાજે પિચકારીથી રંગની શેડ સંતો, હરિભક્તો ઉપર નાંખી અને ઉત્સવ શરૂ થયો. મેઘની ધારાની જેમ સંતો, પાર્ષદો સામસામા રંગની ધારા ઉઠાડવા માંડ્યા. ગુલાલના ગોટા પણ ઊડ્યા. ત્રંબાળું ઢોલ ઢબૂકતો અને સંતો, પાર્ષદોના પગમાં જોમ આવતું. મહારાજ પણ સંતો-હરિભક્તોનાં વૃંદમાં જાણે ફેરફૂદડી ફરતા હોય તેવી ચપળતાથી એક હાથમાં પિચકારી અને બીજા હાથમાં ગુલાલ લઈને ફરવા માંડ્યા અને સંતો, હરિભક્તોને રંગ અને ગુલાલથી રંગી પાવન કરી દીધા. બ્રહ્માનંદ સ્વામી મહારાજની મનોહર મૂર્તિ જોઈ પંચાળામાં રચેલી કીર્તન પંક્તિઓ ગાવા લાગ્યા :

સર સર પર સધર અમર તર અનુસર કરકર વર ધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉર હરખ ભરે;
નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર નીકર મુકુટ શિર સવર નમે,
ઘણરવ પટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે.

એમ ગાતાં ગાતાં મહારાજની મૂર્તિ સામું સ્થિર દૃષ્ટિએ જોવા લાગ્યા. એટલામાં મહારાજે તેમની આંખોમાં જ ગુલાલ નાંખ્યો. તેમનું ગાવાનું બંધ થઈ ગયું. બ્રહ્માનંદ સ્વામીને લાગ્યું કે પૂરબિયા રંગ રમવામાં કુશળ હોય છે. પણ હવે આજે મહારાજને છોડવા નથી. ગુલાલના ગોટે ગોટાથી આકાશ લાલ થઈ ગયું. રંગની મેઘ વર્ષાથી પૃથ્વી પણ લાલ થઈ ગઈ. સંતો અને સખા પણ સૌ લાલ થઈ ગયા. આમાં મહારાજને કયાં ગોતવા ? મહારાજ ચપળતાથી બંને પક્ષમાં ફરતા હતા.

એટલામાં બ્રહ્માનંદ સ્વામીએ નારણજીભાઈના માથા ઉપરથી રંગનો ઘડો લઈ લીધો. મહારાજ બાજુમાં જ ઊભા હતા તે દેખાયા. તેમણે તે રંગનો ઘડો મહારાજ ઉપર ઢોળી દીધો. સંતો સર્વે મહારાજને વીંટળાઈ વળ્યા. મહારાજ આ રંગલહાણથી લિંબતરુ ઉપર ચડવા દોડ્યા, પણ મૂળજી બ્રહ્મચારી, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિએ તેમને પકડી રાખ્યા. પછી મૂળજી બ્રહ્મચારીએ મહારાજને ઉગમણા બારની ઓસરી ઉપર પાટ ઉપર બેસારી દીધા. એટલામાં ગોપાળજીના મામા સુફળ પાટ પાસે આવ્યા અને મહારાજ ઉપર રંગનો ઘડો રેડી દીધો. એટલે મહારાજ ઊભા થઈ ગયા. તેની સાથે પણ રંગે રમ્યા. મહારાજ રંગથી રસબસ થઈ ગયા !

આ પાદુકાનું નિત્ય પૂજન કરજો

સુફળના પ્રેમથી મહારાજે પ્રસન્ન થઈ પોતાની પાદુકાઓ પૂજવા આપી.

ઉત્સવ પૂરો થયો અને મહારાજ તથા સર્વે સંતો, સખાઓ ઉન્મત્ત ગંગામાં નહાવા પધાર્યા. નાહીને મહારાજ જ્યારે દરબારમાં પધાર્યા ત્યારે સુફળ મામાએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આ બદરીનાથ, સીતારામ અને વૃંદાવનને ઉપવીત-સંસ્કાર કરી દ્યો તો સરવાર દેશમાં લઈ જઈ તેમને પરણાવી દઉં અને ત્રણે કન્યાને અહીં લઈ આવું જેથી આપનાં દર્શન અને સેવાનો તેમને લાભ મળે." મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. પછી ઉત્તમ મુહૂર્ત જોવરાવી બદરીનાથને જનોઈ દીધી.

જ્યારથી મહારાજે સુફળ મામાને પાદુકા આપી, ત્યારથી ગોપાળજીને મહારાજની પાદુકા લેવાનો સંકલ્પ અંતરમાં થયા કરતો હતો. મહારાજે તેમને સ્વહસ્તે પાદુકા ન આપી, તેથી તેમણે મહારાજની પાદુકા લઈને કોઠીમાં સંતાડી દીધી. મહારાજે જ્યારે પાદુકાની શોધ કરી, ત્યારે ગોપાળજીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપે જ્યારથી સુફળ મામાને પાદુકાઓ આપી, ત્યારથી મને પણ આપના સ્વહસ્તે પાદુકા મળે એવો સંકલ્પ રહ્યા કરતો હતો. પરંતુ આપે તે ન આપી તેથી મેં આપની પાદુકા લઈ લીધી છે અને આ કોઠીમાં સંતાડી છે." એમ કહી તેઓ કોઠીમાંથી પાદુકા લઈ આવ્યા.

મહારાજે તે પહેરી અને પછી ગોપાળજીને આપી અને કહ્યું : "આ પાદુકાનો મહિમા સમજી નિત્ય પૂજા કરજો."

મહારાજે આ કૃપા કરી તેથી ગોપાળજી ધન્ય થઈ ગયા !

યાજ્ઞવલ્કય સ્મૃતિની કથા

ઘેલા ધાધલના ઘરની પાછળ જ સારંગપુરના રાઠોડ ધાધલના ઘર હતા. મહારાજે તેમને કહ્યું : "તમારા ઘરના વિશાળ ચોકમાં આપણે નિત્યાનંદ સ્વામી પાસે એક મહિના સુધી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથા કરાવવાનો વિચાર કર્યો છે."

આ સાંભળી રાઠોડ ધાધલ ખૂબ જ રાજી થઈ ગયા. તેમણે કથા માટેની તમામ પ્રકારની તૈયારી કરી લીધી.

વસંતના ઉત્સવ પછી થોડા દિવસે મહારાજે આ કથાની શરૂઆત કરાવી. દરમ્યાન મહારાજ પ્રસંગોપાત્ત વાતો કરતા. સાંજે વિદ્વાન સંતો, ભગવદાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી પાસે તેમની બુદ્ધિની પરીક્ષા કરવા શાસ્ત્રાર્થ પણ કરાવતા. શાસ્ત્રાર્થમાં જે જીતતા તેમને મહારાજ પ્રેમથી ભેટતા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથા, તેના ઉપર મહારાજનું નિરૂપણ, વિદ્વાન સંતોનો પરસ્પર શાસ્ત્રાર્થ

અને મહારાજની અમીવર્ષા - આ બધાથી જ સૌને નવીન ઉત્સાહ રહેતો.

અહીં આમલીના વૃક્ષ નીચે કોમળ આસન ઉપર બિરાજી મહારાજ કોઈ કોઈ વખત દાદાખાચર પાસે પટ્ટાના દાવ ખેલાવતા. પટ્ટાબાજીમાં તેમની નિપુણતા જોઈ મહારાજ તેમના ઉપર પણ અત્યંત પ્રસન્ન રહેતા. ક્ષત્રિય-કુળશિરોમણિ બાપુ દાદાખાચરને મહારાજે પોતાના પ્રસંગમાં સતત રાખી સર્વ ગુણ સંપન્ન કરી દીધા હતા. આ પટ્ટાના એક પ્રસંગે મહારાજે દાદાખાચરને પોતાની પ્રસાદીનાં અમૂલ્ય વસ્ત્રો આપ્યાં હતાં. તેમની સાથે દાવ ખેલનારા પાર્ષદોને પણ મહારાજે પ્રસાદીનાં વસ્ત્રો આપ્યાં હતાં. ચાલતી કથા લગભગ ફાગણ સુદમાં પૂરી થઈ, એટલે મહારાજે ફૂલદોલનો તથા હરિનવમીનો ઉત્સવ કરવા વરતાલ જવા નક્કી કર્યું.



ઉદ્‌ગીથ ૧૩

વરતાલમાં હરિનવમીનો ઉત્સવ

(આ.સં. ૧૮૮૩, ઈ.સ. ૧૮૨૭)

મહારાજે દાદાખાચર તથા તેમના સમગ્ર પરિવારને વરતાલ હરિનવમીના ઉત્સવ ઉપર આવવા આજ્ઞા કરી.

મહારાજ પોતાની સાથે સંતમંડળ તથા સશસ્ત્ર પાર્ષદો તેમજ હરિભક્તોનો સંઘ લઈને ગઢપુરથી વરતાલ જવા નીકળ્યા. રાધાવાવે મહારાજ પધાર્યા અને સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને હાર પહેરાવ્યા. ત્યાંથી નીકળી મહારાજ ઉગામેડી પધાર્યા. અહીં વાવનું નિર્મળ જળ મહારાજે પીધું અને પછી સંઘને લઈને નિંગાળા પધાર્યા. અહીં નદીના સામે કાંઠે થોડી વાર વિશ્રામ કરવા ઉતારો કર્યો.

સાચા હરિજન એ કહેવાય જે સંસારના સંકલ્પ-વિકલ્પથી હારી ન જાય

એ વખતે ધર્મકુળનો ચાકર અર્જુન મહારાજ પાસે આવ્યો. મહારાજે તેને જોઈને પૂછ્યું : "અર્જુન ! તું અહીં સત્સંગમાં આવ્યો ત્યારે તને ત્યાગી થવાનો વિચાર હતો. પરંતુ હવે ઘરના સંકલ્પો કેમ થાય છે ?"

આ સાંભળી અર્જુનને આશ્ચર્ય થયું ! તેણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપ સર્વજ્ઞ છો એટલે મારા મનની બધી જ વાત જાણો છો. મને ઘરના સંબંધીઓ તો નથી સાંભરતા, પણ હું જ્યારે ઘેર હતો ત્યારે ગાયો ચરાવવા જતો હતો, ત્યારે ગાયોનું દૂધ પીને હું તૃપ્ત થાતો. એ બધું વારંવાર યાદ આવી જાય છે."

મહારાજને તેની વાત સાંભળી તેના ઉપર દયા આવી. મહારાજે તેને કહ્યું : "જેમ આપણે મળનો ત્યાગ કરીએ છીએ, પછી તેની સ્મૃતિ આપણા અંતરમાં થાય છે ખરી ?"

એટલે અર્જુને કહ્યું : "ના મહારાજ ! એવી નકામી વસ્તુની સ્મૃતિ કેમ થાય ?"

એટલે મહારાજે હસતાં હસતાં તેને કહ્યું : "એમ જ જો સંસારનો મળની માફક ત્યાગ કર્યો હોય, તો તેની સ્મૃતિ કદી અંતરમાં થાય જ નહીં."

અર્જુન સમજી ગયો કે મહારાજને પોતાની મૂર્તિ સિવાય બીજા કોઈ સ્વરૂપની સ્મૃતિ અંતરમાં રહેવા દેવી નથી. પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા અને તેમને કહ્યું : "સ્વામી ! તમે *'હરિજન સાચા રે ઉરમાં હિંમત રાખે'* એ જે ચાર પદો બનાવ્યાં છે તે ગાવ."

બ્રહ્માનંદ સ્વામી તે પદો ગાવા લાગ્યા, તે સાંભળી મહારાજે કહ્યું : "સાચા હરિજન એ કહેવાય જે સંસારના સંકલ્પ-વિકલ્પથી હારી ન જાય. હિંમત રાખી તેની સાથે લડાઈ લે તો અંતે ભગવાન તેની સહાય કરે." એટલું કહીને મહારાજ ઊઠ્યા. ઝીંઝાવદર પહોંચ્યા ત્યાં સુધી વારંવાર આ પદો મહારાજે ગવરાવ્યા.

મહારાજ ઝીંઝાવદર પધાર્યા. જમીને ત્યાંથી નીકળી મહારાજ કારિયાણી પધાર્યા. અહીં રાત રોકાવાનો કાર્યક્રમ હતો. અહીં વસ્તાખાચરના દરબારમાં મહારાજ ઊતર્યા. બીજે દિવસે મહારાજે આખા સંઘને સારી રીતે લાડુ જમાડી તૃપ્ત કરી દીધા.

કારિયાણીથી વહેલી સવારે નીકળી મહારાજ સમઢિયાળા પધાર્યા. અહીં કુંડળથી તથા બરવાળાથી હરિભક્તો આવ્યા. બંનેએ મહારાજને પોતપોતાને ગામ પધારવા આગ્રહ કર્યો. મહારાજે તેમને કહ્યું : "અમે આ માણકીની લગામ છૂટી મૂકી દઈશું, તે જે ગામ લઈ જશે તે ગામ જઈશું." એમ કહી મહારાજે માણકીની લગામ છૂટી મૂકી દીધી અને માણકી સીધી બરવાળાની વાટે ચડી ગઈ ! આથી બરવાળાના હરિભક્તો અત્યંત રાજી થયા.

બરવાળા આવી મહારાજે ત્યાંના સત્સંગીઓ વીરજી ભૂતા તથા દ્વારકાદાસ ભૂતાની સેવા ગ્રહણ કરી.

પછી ત્યાંથી નીકળી નાવડા પધાર્યા. અહીં લીંબડાનાં વૃક્ષો નીચે ઉતારો કર્યો. મહારાજ માટે થાળ તૈયાર કર્યો તે મહારાજ જમ્યા. ત્યારબાદ સતો-પાર્ષદોને પોતે લાડુ પીરસી ખૂબ જમાડ્યા.

નાવડાથી નીકળી સામરસદ રાત રહ્યા. અહીંથી બીજે દિવસે નીકળી મહારાજ ધોલેરા પધાર્યા. અહીં મહારાજે મંદિરમાં ઉતારો કર્યો.

ધોલેરા મંદિરનું કેટલુંક કામ હજુ ચાલતું હતું. મહારાજ પધાર્યા એટલે તે કામને વેગ મળ્યો. સદ્ગુરુ અદ્ભુતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! મંદિરના બાંધકામમાં ચૂનાની જરૂર છે અને તે તૈયાર કરવા બરવાળાથી કાંકરી લઈ આવવાની છે."

મહારાજે તરત જ ખેડૂતોને બોલાવ્યા. તેમને કહ્યું : "જે આ સેવા કરશે તેના ઉપર અમે બહુ રાજી થઈશું."

મહારાજનું વચન કોઈને હેઠું પડવા દેવું ન હતું. તેથી ત્યાં જેટલા ખેડૂતો હતા તેમણે સૌએ કહ્યું : "મહારાજ ! અમે ચૂના માટે કાંકરી પૂરી પાડીશું."

તેમનો આવો સેવાભાવ જોઈ મહારાજ તેમને સૌને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

ધોલેરાથી નીકળી ભોગાવો ઊતરી મહારાજ વારણે પધાર્યા. અહીં તળાવની પાળે એક મેડીબંધ મઠ હતો. મહારાજ પધાર્યા છે તે જાણી, તે મઠના મહંતે મહારાજને પોતાની મેડીમાં ઉતારો આપ્યો. મહારાજ અને સંઘ માટે પણ રસોઈ કરાવી. અતીતના આવા ભક્તિભાવથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા !

મહારાજ વારણેથી નીકળી સાબરમતી ઊતરી વરસડ, ઇંદ્રણજ તથા સીંજીવાડા થઈને વરતાલ પધાર્યા.

મહારાજ વરતાલમાં કડિયાને ચૂનાનું તગારું આપે છે

ફૂલદોલના ઉત્સવ ઉપર મહારાજ પધારવાના હતા તેથી હરિભક્તોએ મહારાજના સન્માન માટે, સંઘની સેવા માટે સંપૂર્ણ તૈયારીઓ કરી દીધી હતી. મહારાજનું ફૂલહારથી સ્વાગત કર્યું. મહારાજ સીધા જ લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં પધાર્યા. અહીં દર્શન કરી મહારાજ મંદિરના વિશાળ પ્રાંગણમાં પોતાને માટે જે નવો ઉતારો બનાવ્યો હતો તે 'હરિમંડપ'માં પધાર્યા. આથી મહારાજનાં દર્શન તથા પ્રસંગનો નિત્ય યોગ સૌને રહેવા લાગ્યો.

વરતાલમાં મંદિરનું અધૂરું રહેલું કામ ચાલતું હતું. મહારાજ પધાર્યા અને તે કામને વેગ મળ્યો. કડિયા, દાડિયા સૌ મહારાજને રાજી કરવા રાત-દહાડો કામ કરવા લાગ્યા.

એક દિવસ કડિયાએ ચૂનો માંગ્યો. મહારાજ સામે જ ખુરશી નંખાવીને ઉપર બેઠા હતા. કડિયાને ચૂનો આપવા કોઈ દાડિયા કે પાર્ષદો હતા નહીં,

એટલે મહારાજ જાતે ઊઠ્યા અને ચૂનાની ચક્કીમાંથી પાવડા વડે તગારું ભરી કડિયાને દેવા ગયા. તે જોઈ નિત્યાનંદ સ્વામી એકદમ દોડ્યા અને મહારાજના હાથમાંથી તગારું લઈ લીધું. પછી તેમણે કહ્યું : "મહારાજ ! અમે બધા અહીં છીએ અને આપને તગારા ઉપાડવાના હોય ?"

ત્યારે મહારાજે હસીને કહ્યું : "અમને ભક્તિ કરવી ગમે છે. જ્યારે દેહથી ભગવાનની ભક્તિ થાય, ત્યારે દેહ સાર્થક થયો કહેવાય."

તે સાંભળી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો પૂર્ણકામ છો, પરંતુ ભક્તિની રીત અમને શીખવવા માટે જ આપ જાતે સેવા કરો છો."

મહારાજ ઈંટો માથે ઉપાડે છે

હાલ જે જ્ઞાનબાગ છે તેની પાસે ઈંટવાડો હતો. મહારાજ ત્યાં પણ જતાં અને ઈંટો સારવાના કામ ઉપર દેખરેખ રાખતા. એક દિવસ મહારાજે પોતે ઈંટવાડામાંથી ઈંટો ઉપાડી માથે મૂકી. મહારાજને આ પ્રમાણે સેવા કરતા જોઈ સૌ સંત, પાર્ષદો પણ ઈંટો ઉપાડવા લાગ્યા. ત્યાં તો નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે પહોંચી ગયા અને મહારાજને કહ્યું : "પ્રભુ ! મારા માથા ઉપર ઈંટો ઓછી છે તો આપ બે-ત્રણ ઈંટો મને આપો."

બ્રહ્માનંદ સ્વામી પણ આવ્યા. તેમણે પણ ઈંટો માંગી. મહારાજે બંનેને એક એક ઈંટ આપી અને બીજી ઈંટો પોતે ઉપાડી. મંદિરમાં ઈંટો જ્યાં ખડકાતી હતી ત્યાં આવી મહારાજે પોતાના માથા ઉપરથી ઈંટો ઉતારી તેમાં મૂકી. પછી બીજી વખત ઈંટો લેવા જતા હતા ત્યારે ગંગામાએ કહ્યું : "મહારાજ ! અમને પણ આ સેવા કરવા દ્યો."

મહારાજે તરત જ કહ્યું : "ભલે, તમે સૌ જાવ અને તમામ ઈંટો અહીં સારી દ્યો."

બહેનોએ સહર્ષ આ સેવા ઉપાડી લીધી.

સંતો-હરિભક્તો સૌ મંદિરના કામની સેવામાં જોડાઈ ગયા. કોઈ સંતો કડિયાને ઈંટો આપતા તો કોઈ ગારો કે ચૂનો આપતા. મહારાજ તેમને સેવા કરતા જોઈ બહુ જ પ્રસન્ન થતા અને તેમના સૌના ગારાવાળા શરીર હોવા છતાં મહારાજ તેમને પ્રેમથી ભેટતા. મહારાજ કહેતા : "આ ગારો નથી પણ ચંદન છે."

દેવની સેવામાં જે વસ્તુ આવે તેનું મૂલ્ય વધી જાય.

દેવસેવા એ મજૂરી નથી પણ ભક્તિ છે

આ રીતે સંતોને સેવા કરતા જોઈ હરિભક્તો બધા ભેગા મળી મહારાજ પાસે આવ્યા. તેમણે મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! આવા સંતો જેમને મોટા મોટા રાજાઓ પણ માન આપે છે, તેમની પાસે આપ આ કામ કરાવો છો તે અમને યોગ્ય લાગતું નથી. અમે નાણાં આપીએ અને આપ દાડિયા રોકી મંદિરનું કામ કરાવો."

તે સાંભળી મહારાજે તેમને કહ્યું : "આ સેવા એ મજૂરી છે એમ તમો માનો છો ? મોટા મોટા દેવતાઓ પણ નરતનુ ધારી આવી સેવા કરવા ઇચ્છે છે. અમારા આ સંતો બધા નિર્માની છે. બીજા તેમને માન આપે છે તે મોટાઈનું માન પણ તેમના અંતરમાં નથી. તેમની પળે પળે અમે પરીક્ષા કરી લઈએ છીએ. અમે તો આવાં સોનાનાં મંદિરો ભૂતળમાંથી કાઢીએ કાં આકાશમાંથી ઉતારીએ, પણ તેથી સંતો-હરિભક્તોને દેવસેવાની આ ભક્તિ ક્યાંથી મળે ?"

મહારાજની વાતનો મર્મ સૌ સમજી ગયા. દેવસેવા એ મજૂરી નથી પણ ભક્તિ છે. તે પ્રકારની ભક્તિ કરવાથી દેહભાવ ઘસાઈ જાય છે અને નિર્માનીપણું આવે છે.

મંદિરના કામની સાથે સાથે મહારાજે ગોમતી તળાવ ગળાવવાનું કામ પણ ચાલુ રખાવ્યું હતું.

આ દરમ્યાન વૃંદાવન, બદરિ અને સીતારામનાં લગ્ન લેવાની સુફળ મામાને ઇચ્છા હતી. આથી તેમણે અયોધ્યા જવા મહારાજની આજ્ઞા માંગી. તેમની સાથે ત્રણ મૂરતિયાઓ તેમજ ગોપાળજી વગેરે વરતાલથી જ અયોધ્યા જવા નીકળ્યા.

હુતાશની ઉત્સવ મહારાજે વરતાલમાં ધામધૂમથી કર્યો. મહારાજે મંદિરનું કામ તથા ગોમતીનું કામ ચાલતું રહે તેથી વરતાલમાં આ.સં. ૧૮૮૩, ચૈત્ર સુદ પૂનમ સુધી રોકાવાનું નક્કી કર્યું હતું.

પરમાત્મા સુધી પહોંચાડવાની સેવા એ જ જનાર્દનની સેવા છે

હરિનવમીનો ઉત્સવ પૂર્ણ ઉત્સાહ અને ભક્તિભાવથી ઉજવાઈ ગયો. મંદિરનું કામ પણ ઝડપથી આગળ વધતું હતું. મહારાજ આ પ્રકારની ભક્તિમાં જે શ્રમ કરતા તે શ્રમને શ્રમયજ્ઞ કહેતા. જનસેવાના કાર્યમાં મનુષ્યોનું

આધ્યાત્મિક ઉત્થાન કરી પરમાત્મા સુધી પહોંચાડવાની સેવાને તેઓ જનાર્દનની સેવા કહેતા. તેઓ દરેક કાર્યમાં પરમાત્માનો સંબંધ રખાવતા જ ! એ સિવાયની સેવા એ સત્કર્મ નથી પણ સાત્ત્વિક કર્મ છે, જેમાં સત્ત્વગુણનો અહંભાવ સદા રહે છે અને શ્રમ એ યજ્ઞ નથી પણ કેવળ મજૂરી જ છે !

મહારાજ અવારનવાર જોબન પગીની મેડીમાં પણ પધારતા. આજે ચૈત્રી પૂનમનો દિવસ હતો. મહારાજ સવારે ત્યાં પધાર્યા અને ત્યાં જ સભા કરી. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ વગેરે સદ્‌ગુરુઓ પણ ત્યાં હતા. વળી, મહારાજ આજે ગઢપુર જવા પધારી જવાના હતા. તેથી સૌ સંતોએ મહારાજનું પૂજન કર્યું અને ફૂલહાર પહેરાવ્યા. હરિભક્તોએ પણ મહારાજને ફૂલહાર પહેરાવ્યા ને ભેટ ધરી. સંતોને ધોતિયાં ઓઢાડ્યાં.

આજે આપણે જૂનાગઢના મહંત નીમીએ

પછી મહારાજે કહ્યું : "આપણે દરેક મંદિરના મહંત નીમ્યા હતા.[૮૭] તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું હતું કે 'જૂનાગઢ મંદિરના મહંત વિચારીને નીમજો. કારણ ત્યાં નવાબી રાજ્ય છે અને રાજ્યના નાગર અમલદારો આપણા સંપ્રદાયની વિરુદ્ધ છે. તેથી જેવા તેવા મહંત ત્યાં નભશે નહીં અને વારંવાર ફેરવણી કરવી પડશે.' માટે આજ તો આપણે જૂનાગઢ મંદિરના મહંત નીમી જ દઈએ." એમ કહી મહારાજ ઊઠ્યા. તેમણે સંતોની સભામાં જોયું. તેમાં ગુણાતીતાનંદ સ્વામી છેલ્લા બેઠા હતા. મહારાજ તેમની પાસે આવ્યા અને પોતાના કંઠમાં જેટલા હાર હતા તે બધા જ કાઢી સ્વામીને પહેરાવ્યા અને બોલ્યા : "આ જૂનાગઢના મહંત !"

સ્વામી તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગયા ! પછી હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! મહંતાઈ બીજાને આપો તો ઠીક. મને એ ઉપાધિ ફાવશે નહીં."

આ સાંભળી મહારાજે કહ્યું : "આ સભામાં જૂનાગઢના મંદિરની મહંતાઈનો હાર જે લે તેને તમે પહેરાવો અને તમે આળસો. અમે તો જૂનાગઢના મંદિરની મહંતાઈ કરે એવા તમારા સિવાય બીજા કોઈને દેખતા

૮૭. વરતાલ મંદિરના મહંત - અક્ષરાનંદ સ્વામી, ભુજ મંદિરના મહંત - વૈષ્ણવાનંદ સ્વામી, ગઢડા મંદિરના મહંત - વિરક્તાનંદ સ્વામી, અમદાવાદ મંદિરના મહંત - સર્વજ્ઞાનંદ સ્વામી, ધોલેરા મંદિરના મહંત - અદ્‌ભુતાનંદ સ્વામી.

નથી. તેથી તમને આ હાર પહેરાવ્યો છે.'' મહારાજે આટલું કહ્યું એટલે સ્વામી કાંઈ બોલી શક્યા નહીં.

એટલામાં ગોપાળાનંદ સ્વામી ઊઠ્યા અને સ્વામી પાસે આવ્યા. સ્વામીને તેમણે કહ્યું : ''સ્વામી ! મહારાજે રાજી થઈને તમને મહંતાઈના હાર પહેરાવ્યા છે તો રાખો.''

એટલે મહારાજે કહ્યું : ''સ્વામી ! તમે મુઝાશો નહીં. આ ગોપાળાનંદ સ્વામી તમારું કામ ચલાવશે. રાજા તો આવા જ જોઈએ. પણ કામ કારભારી કરે.'' એમ કહી મહારાજે કહ્યું : ''સ્વામી ! આ ગોપાળાનંદ સ્વામી, અખંડાનંદ બ્રહ્મચારી અને પરમાનંદ સ્વામી એ ત્રણ તમારા કારભારી !'' એમ કહી મહારાજે પોતે પહેરેલો તમામ પોષાક ઉતારીને સ્વામીને આપ્યો અને પોતાની પાઘ સ્વામીને માથે મૂકી આશીર્વાદ આપ્યા.[૮૮]

'લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી - અમારું અક્ષરધામ - તમને બક્ષિસ આપીએ છીએ'

તે વખતે સભામાં પીપલાણાના કુરજી દવે બેઠા હતા. મહારાજે તેમની સામું જોઈ કહ્યું : ''કુરજી દવે ! જ્યારે રામાનંદ સ્વામી ભુજથી પીપલાણા પધાર્યા, ત્યારે તે સંદેશો લઈ તમે લોજ આવ્યા હતા. તે સંદેશાના વધામણામાં મુક્તાનંદ સ્વામીએ તમને પોતાના માથાનો તરફાળ ભેટ આપ્યો હતો. તે યાદ છે ને ?''

એટલે કુરજી દવેએ કહ્યું : ''હા, મહારાજ ! બરોબર યાદ છે.'' તે તો રાજી થઈ ગયા. તેને થયું કે મહારાજ હમણાં મને તે વધામણીની કાંઈક ભેટ આપશે.

પછી મહારાજે તેમને કહ્યું : ''દવે ! અમે પણ તમને કહ્યું હતું, 'અમે તમને અમારું અક્ષરધામ આપીશું.' તે સાંભરે છે ?''

ફરી કુરજી દવેએ કહ્યું : ''હા, મહારાજ !''

મહારાજ તેમની અણસમજણ જોઈ હસ્યા. પછી બોલ્યા : ''દવે ! લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી - અમારું અક્ષરધામ તે તમને બક્ષિસ આપીએ છીએ. સોરઠ દેશના સત્સંગીઓને અમારું સુખ અમે યથાર્થપણે આપી શક્યા નથી; તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. માટે તેમની સેવા અને સમાગમ કરશો, તો

૮૮. પુરુષોત્તમચરિત્ર, પ્રકરણ ૧૦૦.

તમારું કામ થઈ જશે.''

એટલું કહીને મહારાજ સ્વામી તરફ ફર્યા અને સ્વામીને કહ્યું : ''સ્વામી ! મુઝાશો નહીં. જે જૂનાગઢ આવી, તમારી અનુવૃત્તિ સાચવી, સેવા કરશે, તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાખીશું. એટલું તમારું કામ કરીશું.''

આ છોકરો મનને જીતીને આવ્યો છે

તે જ સાંજે મહારાજ ગોમતી કાંઠે સભામાં બિરાજ્યા હતા. સંતો સર્વે દુક્કડ, સરોદ વગાડી કીર્તન-ભક્તિ કરતા હતા. એવામાં ગામ મહુડિયાપરાથી એક સોળ વર્ષનો પગીનો છોકરો હાથમાં મોટી કાકડી લઈને સભામાં આવ્યો. મહારાજે આંગળીનો ઈશારો કરી તેને પોતાની પાસે બોલાવ્યો. તે મહારાજ પાસે આવ્યો અને મહારાજને દંડવત્ કરી, તેમના ચરણસ્પર્શ કર્યા. પછી તે કાકડી લાવ્યો હતો તે તેણે મહારાજના ચરણારવિંદમાં મૂકી દીધી. મહારાજે નીચા નમીને તે કાકડી લઈ લીધી અને તે છોકરાને પાસે બોલાવી તેને માથે બે હાથ મૂક્યા.

એટલામાં સુરતના હરિભક્તો આવ્યા અને તેમણે બરફીની માટલીઓ મહારાજ પાસે મૂકી. મહારાજે તે માટલીમાંથી ચાર માટલી આ છોકરાને આપી. આ જોઈ સભામાં બધાને આશ્ચર્ય થયું કે આ છોકરો એક કાકડી લાવ્યો તેમાં મહારાજે તેને બરફીની ચાર માટલી આપી દીધી ! મહારાજ તેમનો સંકલ્પ જાણી બોલ્યા : ''સાંભળો, સભાજનો ! આ છોકરો આ કાકડી લઈ આવ્યો તેની તો કાંઈ કિંમત નથી, પરંતુ તે મન સાથે લડાઈ કરતો કરતો છેવટે મનના સંકલ્પોને હઠાવી અહીં આવ્યો અને આ કાકડી ભેટ મૂકી.'' મહારાજે આટલી વાત કરી, પરંતુ વાતનું રહસ્ય કોઈ સમજી શક્યા નહીં.

તેથી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : ''મહારાજ ! તેણે મન સાથે કેમ લડાઈ લીધી ?''

મહારાજ આ પ્રશ્ન સાંભળી હસ્યા. પછી કહ્યું : ''સાંભળો મુક્તમુનિ ! આ છોકરાના વાડામાં તેણે કાકડી રોપી હતી, ત્યારે તેણે સંકલ્પ કર્યો હતો કે 'પહેલી કાકડી ઉતારીને હું મહારાજને ભેટ આપીશ.' કાકડી તૈયાર થઈ અને તેણે સારામાં સારી કાકડી લીધી. પણ પછી સંકલ્પ થયો કે 'મહારાજને તો મોટા મોટા ભક્તો અનેક મેવા, મીઠાઈઓ આપે છે. તેમાં મારી આ કાકડીનો શો

હિસાબ ?' એમ સંકલ્પ કરીને તેણે નક્કી કર્યું કે 'હું જ આ કાકડી ખાઈ જાઉં.' પણ ફરી સંકલ્પ થયો કે 'મહારાજને ભેટ ધરવાની છે, તો તને કેમ ખાવાનો સંકલ્પ થયો ?' એમ ખેતરેથી અહીં આવતાં સુધી તેણે મન સાથે લડાઈ લીધી. મનના સંકલ્પોને હઠાવ્યા અને અહીં આવી અમને એ ભેટ આપી. તેની આવી શૂરવીરતાથી જ અમે તેના ઉપર પ્રસન્ન થઈ તેને બરફીની માટલીઓ આપી દીધી. મોટા મોટાને પણ મન હરાવી દે છે. ગીતામાં અર્જુનને પણ શ્રીકૃષ્ણ ભગવાનને કહેવું પડ્યું કે :

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥'' (६-३४)

સભાજનોને લાગ્યું કે મહારાજની પ્રસન્નતા સહેજે પ્રાપ્ત થતી નથી. મનને જીતવું તે વાયુના જેવું દુષ્કર છે. જેણે મનને જીત્યું છે, તેણે સમગ્ર જગત ઉપર જીત મેળવી છે.

મહારાજ જાત, વર્ણથી નહીં પણ ભક્તિથી રીઝે છે

આ દરમ્યાન બરવાળાથી લાધો કુંભાર મહારાજનાં દર્શન કરવા જ ખાસ વરતાલ આવ્યો હતો તે સભામાં આવ્યો. પરંતુ સભામાં મોટા મોટા હરિભક્તો આગળ બેઠા હતા, તેથી તેને આગળ આવતાં સંકોચ થયો. તે એક ઠેકાણે ઊભો રહ્યો. તેને મનમાં સંકલ્પ થયો કે 'હું જાતનો કુંભાર, એટલે મોટેરા બેઠા હોય ત્યાં આગળ જવાય નહીં અને મહારાજનાં દર્શન મન ભરીને થાય નહીં. વળી, બહેરો છું એટલે કથાવાર્તા પણ સંભળાય નહીં.' તેને તેની આ બંને ખોટ સાલી, પણ કર્મવશાત્ બધું થાય છે તેમ માની, અંતરમાં મહારાજનું ભજન કરવા લાગ્યો.

એટલામાં મહારાજે તેને આંગળીના ઈશારાથી પાસે બોલાવ્યો. તેના આનંદનો પાર ન રહ્યો. તે ધીરે ધીરે પાસે આવ્યો. મહારાજે તેને બોલાવ્યો હતો, તેથી સભામાં સૌએ તેને રસ્તો કરી આપ્યો. મહારાજે તેને પોતાના ઢોલિયા પાસે બેસાર્યો. પછી તેના માથા ઉપર હાથ મૂકી તેના કાનમાં મહારાજે કહ્યું : ''ભગત ! જેમ સૂર્ય એક જગ્યાએ ઊગે છે પણ તેનાં કિરણો બધે પ્રસરે છે. છતાં કિરણોને અને સૂર્યને એકતા છે. તેમ અમારી જે આજ્ઞા પાળતા હોય તેવા ભક્ત ભલે અમારાથી છેટા હોય તોપણ અમારે તે ભક્ત સાથે એકતા છે અને જે અમારી આજ્ઞા ન પાળતા હોય, તે ભલે અમારી પાસે હોય છતાં અમારે અને તેને કાંઈ લેવાદેવા નથી.''

મહારાજના આ શબ્દોથી મહારાજે તેનો સંકલ્પ જાણી અને વાત કરી તેથી લાધો કુંભાર અત્યંત રાજી થઈ ગયો. તેની જાતનું અને દૈહિક ખોડનું જે તેને દુઃખ હતું તે ટળી ગયું. તેને થયું કે 'મહારાજ તો સાક્ષાત્ ભગવાન છે, તે જાત, વર્ણથી રીઝતા નથી પરંતુ અંતરના ભક્તિભાવથી પ્રસન્ન થાય છે.' મહારાજને પગે લાગીને તે દૂર જઈને બેઠો.

✧

મહારાજ વરતાલ થોડા દિવસ રોકાયા. ત્યાંથી નીકળી રસ્તામાં રોકાતાં રોકાતાં મહારાજ ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૪

ગઢપુરમા ચાતુર્માસ અને કરમડમાં અન્નકૂટોત્સવ

(આ.સં. ૧૮૮૩-૮૪, ઈ.સ. ૧૮૨૭)

ગઢપુરમાં ઘેલા ધાધલના ઘરની પાછળ આંસુબાનાં ઘર હતાં. તે ઘરમાં જ સંતો તથા પાર્ષદોનું રસોડું હતું. મહારાજ આ રસોડામાં ઘણી વાર જમ્યા હતા. સંતો, પાર્ષદો જે દાદાખાચરના બીડમાં કામ કરતા હતા તેમને નિત્ય રોટલા જમાડવાની મહારાજે આંસુબાને આજ્ઞા કરી હતી. તે પ્રમાણે આંસુબા રોજ સંતો માટે બીડમાં ભાત મોકલતાં.

મહારાજ આંસુબાનું રૂપ ધારણ કરે છે

ચંદન યાત્રા(વૈશાખ સુદ ત્રીજ)નો ઉત્સવ હોવાથી આંસુબા મહારાજનાં દર્શન કરવા દરબારમાં આવ્યાં. મહારાજની રમણીય મૂર્તિનાં દર્શન કરતાં તેમને અંતર્વૃત્તિ થઈ ગઈ. તેથી એમ ને એમ ત્યાં કેટલોક સમય બેસી રહ્યાં. જ્યારે જાગૃત થયાં ત્યારે તેમને ખબર પડી કે આજે સંતો, પાર્ષદોને જમાડવાનું ભૂલી ગઈ ! હવે ભાત મોકલવાનું શું થશે ? મેં તો ફક્ત ગોળની રાબ જ કરી છે ! રોટલા કરવાના હજુ બાકી છે. મહારાજની આજ્ઞા ચુકાઈ ગઈ ! એ વિચારના મંથનમાં તે ઊઠ્યાં ને ઘેર જઈ રોટલા બનાવી ભાત મોકલી દેવા ઉતાવળાં ચાલ્યાં.

શ્રીહરિ સમજી ગયા કે આંસુબાને અહીં દર્શન કરતાં અંતર્વૃત્તિ થઈ ગઈ હતી, તેથી નિયમ પ્રમાણે રોટલા બનાવી શક્યા નથી. વળી, અમારી આજ્ઞા છે એટલે તે આજે જરૂર ઉપવાસ કરશે. તેથી તેઓએ આંસુબાનું રૂપ ધારણ કરી, આંસુબા પોતાનાં દર્શન કરી રહ્યાં હતાં તે જ વખતે તેમને ઘેર જઈ રોટલા-શાક બનાવી સાધુ, પાર્ષદોને ત્યાં જ જમવા બોલાવરાવ્યા. સૌ આવી ગયા એટલે આંસુબાએ(મહારાજે) તેમને રોટલા-શાક પીરસાવી સારી રીતે જમાડ્યા. જમીને

તૃપ્ત થયા પછી તેઓ બીડમાં જતા હતા. ત્યાં તેમને આંસુબા સામા મળ્યાં. આંસુબાએ તેમને જોઈ આંખમાં અશ્રુ સાથે હાથ જોડી કહ્યું : "તમને આજે બીડમાં રોટલા મોકલવાનું ચૂકી ગઈ છું, તેથી મહારાજની આજ્ઞા લોપાણી છે. મારે તો મહારાજની આજ્ઞા પ્રમાણે ઉપવાસ કરવાનો જ છે. પરંતુ તમને સૌને હું થોડી વારમાં રોટલા, શાક, ગોળની રાબ વગેરે મોકલું છું."

આ સાભળી પાર્ષદોને આશ્ચર્ય થયું ! તેમણે કહ્યું : "આંસુબા ! તમે આ શું કહી રહ્યાં છો ? હમણાં તો તમે જ અમને બધાને રોટલા-શાક અને ગોળની રાબ સારી રીતે જમાડ્યા. અમે તમારે ઘેર જમીને જ હવે પાછા બીડમાં જઈએ છીએ."

આંસુબા આશ્ચર્યવત્ આ સાંભળી રહ્યાં. એક ક્ષણ તો તેમને કાંઈ સમજણ પડી નહીં. પછી એકાએક સ્ફુર્યું કે નક્કી મહારાજનું જ આ કાર્ય છે ! ભગવાન ભક્તવત્સલ છે. મારી સેવામાં ખામી પડે, મારું ખોટું દેખાય તે તેમને ગમે નહીં. તેથી તેમણે બીજું સ્વરૂપ ધારણ કરી આ કાર્ય કર્યું છે ! તેમની આંખો મહારાજની મૂર્તિની સ્મૃતિ કરતાં બંધ થઈ ગઈ ! આંખમાંથી ચોધાર આંસુઓ પડવા માંડ્યાં. પાર્ષદોને પણ સમજાયું કે મહારાજ આંસુબાનું રૂપ લઈને અમને જમાડી ગયા.[૮૯]

ગઢપુરમાં ચાતુર્માસ

આ.સં. ૧૮૮૪ની સાલ બેઠી.[૯૦] ચાતુર્માસનો મંગળ પ્રારંભ થયો. આ વખતે પણ મહારાજે ગઢપુરમાં ચાતુર્માસ રહેવાનું નક્કી કર્યું તેથી ગઢપુર-વાસીઓને ખૂબ આનંદ થયો.

મહારાજનું વિચરણ અવિરત હતું. વિદ્યુત્વેગે તેઓ ગુજરાત, સૌરાષ્ટ્રનાં કેટકેટલાં ગામોમાં ફરતા, ત્યાંના હરિભક્તોના મનોરથો પૂરા કરતા. ઉત્સવ, સમૈયા પણ કરાવતા અને દરેકને પોતાના સંબંધનું યથાર્થ સુખ આપી કૃતકૃત્ય કરી દેતા ! આ બધું આશ્ચર્યવત્ હતું. કારણ કેટલાક સ્થળે મહારાજ પંદર દિવસ કે એક માસ ને બે માસ પણ રોકાતા. ગઢપુરમાં ચાતુર્માસ પણ કરતા અને છતાં ગણ્યાં ગણાય નહીં એટલાં ગામડાંઓમાં મહારાજ વિચરણ પણ કરી આવતા. કેટલેક સ્થળે તો બે, ત્રણ કે પાંચ-દસ વખત પણ ગયા હતા. ભક્તોને આશ્ચર્ય થતું કે મહારાજ કઈ રીતે આ પ્રકારનું વિચરણ કરી શકતા હશે ! પોતાની

૮૯. દુર્ગપુર માહાત્મ્ય; પા. ૩૨૮-૩૨૯.

૯૦. ગઢડા અંત્ય પ્રકરણના ૧૧મા વચનામૃતથી શરૂઆત થઈ.

વ્યાપક શક્તિથી જ્યાં પ્રગટ થવું ઘટે ત્યાં પ્રગટ થતા હશે કે પોતે સાક્ષાત્ પધારતા હશે તે કોઈના સમજ્યામાં આવે એવું ન હતું. મહારાજની આ અતિમાનવ શક્તિ કલ્પનાતીત રહેતી !

પ્રત્યક્ષ ભગવાનના સંબંધનું બળ વિશેષ છે

ગઢપુરમાં ચાતુર્માસના વિવિધ ઉત્સવોની તડામાર તૈયારીઓ થઈ ગઈ. સંતો, હરિભક્તોના સંઘ આવતા. ઉત્સવ કરી પાછા જતા, ફરી આવતા. આમ, અવિરત ક્રમ ચાલતો જ રહેતો. સંતો-હરિભક્તોને મહારાજનાં દર્શન વિના ચેન પડતું નહીં. મહારાજને પણ તેમને બોલાવ્યા વિના રહેવાતું નહિ. દાદાખાચરના દરબારમાં ઉત્સવોના મંડાણ મંડાતા હતા. દિવ્યતાની ફોરમ મહેકી રહેતી અને મહારાજના સંબંધે સંતો, હરિભક્તોના અંતરમાં ભક્તિનાં પૂર ઉછળતાં હતાં. કોઈના અંતરમાં જગતના સંકલ્પો ઊઠતા ન હતા. ગુણના ભાવથી પર થઈ સૌ ત્રિગુણાતીત બ્રહ્મસ્થિતિમાં મસ્ત બની દર્શન, સેવા અને સમાગમનો લાભ લેતા. મહારાજનો આ પ્રભાવ હતો ! પોતાના સંબંધથી જ ભક્તોની ઈન્દ્રિયો અંતર સન્મુખ થઈ જતી અને જગત તરફ ઉન્મુખ રહેતી. યોગ, વ્રત, દાન કે તપ કરતાં પણ પ્રત્યક્ષ ભગવાનના સંબંધનું બળ વિશેષ હતું.

જન્માષ્ટમીનો ઉત્સવ, જળઝીલણી ઉત્સવ તેમજ દશેરાના ઉત્સવો મહારાજે ધામધૂમથી કર્યા. હરિભક્તો તથા સંતોને બોલાવી લાભ આપ્યો. મહારાજને ગઢપુર રહેવું ગમતું, ત્યાંના ભક્તોની સેવા પણ ગમતી. મહારાજ કહેતા કે અમને નિષ્કામ ધર્મ પ્રિય છે. અને ગઢપુરના હરિભક્તો પણ એ વ્રત શિર સાટે પાળે છે. અમને રાખવાનો તેમને ભાવ છે. તેથી અમારી મરજી પ્રમાણે જ, અમારી અનુવૃત્તિ સાચવીને જ તેઓ રહે છે. એવો ધર્મ કે ભાવ અમો ન જોઈએ તો અમને રાખ્યાના કોટિ ઉપાય કરે તોપણ અમે ન રહીએ.

એક શેર ચોખામાં કેટલા માણસ જમે ?

મહારાજ એક દિવસ અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. તે સમયે સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી ત્યાં આવ્યા. મહારાજને દંડવત્ કરી પાસે બેઠા. એ વખતે એક હરિભક્ત શેર ચોખા મહારાજને આપી ગયા હતા, તે બતાવી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! એક શેર ચોખામાં કેટલા માણસો જમે ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ ઇચ્છો એટલા જમે."

એટલે મહારાજે પૂછ્યું : "પાંચ જમે ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! પાંચ તો જરૂર જમે !"

તે સાંભળી મહારાજે ફરી કહ્યું : "સ્વામી ! તમને ગણતરી નથી આવડતી. એક શેર ચોખામાં તો દસ માણસો જમી જાય."

એટલે સ્વામીએ કહ્યું : "હા, મહારાજ ! આપ ખરું કહો છો. દસ તો જમે જ."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "સ્વામી ! અમને તો એમ લાગે છે કે શેર ચોખામાં સો માણસો જમે."

તરત જ મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "એ તો ખરું મહારાજ ! સો જરૂર જમે."

આ વાત દરમ્યાન મહારાજ મુક્તાનંદ સામું જોઈને હસતા હતા. પછી ફરી બોલ્યા : "સ્વામી ! તમારી ગણતરી હજી ખોટી છે. અમને તો એમ લાગે છે કે પાંચસો જમે."

મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ ધારો તો જરૂર પાંચસો જમે."

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! એક શેર ચોખામાં પાંચસો માણસો કેમ જમે ? તમે ખોટું હા એ હા કરો છો."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ ઇચ્છો અને તૃપ્તિ મૂકી ઘો તો એક ચોખાના દાણામાં પણ મનુષ્ય તૃપ્ત થઈ જાય, તો એક શેર ચોખામાં કેટલા માણસો તૃપ્ત થાય ?"

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "સ્વામી ! તમે ખરા ગુરુભક્ત છો."

મુક્તાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ કર્તાહર્તા છો, એટલે આપની ઇચ્છામાં આવે તો એક કણથી પણ પૂરું કરી ઘો અને નહીં તો મણ પણ ઓછું પડે."

તમારી સેવા અને ભક્તિનું ઋણ અમારાથી ચૂકવાય તેવું નથી

દિવાળીના દિવસો નજીક આવતા હતા. તેથી જીવુબા તથા લાડુબા મહારાજને અન્નકૂટની તૈયારી કરવા માટે પૂછવા આવ્યાં. મહારાજે તેમને કહ્યું : "બે દિવસ પછી વાત. હજુ અન્નકૂટ ક્યાં કરવો તે નક્કી કર્યું નથી."

આ સાંભળી જીવુબા, લાડુબાને થયું કે મહારાજનો વિચાર ગઢપુરમાં

અન્નકૂટ કરવાનો નથી લાગતો. તેમણે હાથ જોડીને કહ્યું : "કૃપાનાથ ! આટલા ઉત્સવો અહીં કર્યા તો પછી અન્નકૂટનો ઉત્સવ પણ અહીં જ કરો એવી અમારી વિનંતી છે."

મહારાજ તેમની સામું જોઈ રહ્યા. પછી કહ્યું : "મોટીબા ! તમે બંને બહેનો કેટલો ભીડો વેઠો છો ! અમને અમારા સંતો, પરમહંસો સહિત રાખવા તે મોટા મોટા રાજાઓથી પણ ન બને. જ્યારે તમારી આટલી નાની રિયાસત છે, તેની આવકમાંથી તમે આ બધું કઈ રીતે કરી શકો છો તે અમને સમજાતું નથી. તમારી સેવા અને ભક્તિનું ઋણ અમારાથી ચૂકવાય એવું નથી."

બંને બહેનોની આંખમાં આ સાંભળી આંસુ આવી ગયાં. તેમણે હાથ જોડી કહ્યું : "દયાળુ ! બધો આપનો જ પ્રતાપ છે. આપ જ અમી પૂરો છો એટલે બધું સહેજે સહેજે થઈ જાય છે. અમે તો ફક્ત નિમિત્તમાત્ર છીએ. આપે આ દરબાર આપનો માન્યો છે. દાદાનો આપે હાથ પકડ્યો છે. તો પછી આમાં અમારું શું છે ? અમે આપની તથા આપના ભક્તોની યત્‌કિંચિત્‌ કાંઈ સેવા કરીએ તે જ અમારું સત્કર્મ !"

મહારાજ એકદમ ઊભા થઈ ગયા. તેમની પાસે આવીને કહ્યું : "તમે અક્ષરધામમાંથી જ આ સેવા કરવા અહીં આવ્યા છો, નહીં તો અમારા સંતો માંદા-સાજા થાય તેની ભક્તિભાવથી નિરંતર સેવા કરી શકાય નહીં. વળી, અમારા સ્વભાવને અનુરૂપ થવા તમે તમારા સ્વભાવ છોડ્યા, રાજ્ય-વૈભવ છોડ્યા અને અમને જ પ્રસન્ન રાખવાની રુચિ રાખી. આવી ભક્તિ તો જે ઉત્તમ કોટિના મુક્ત હોય તે જ કરી શકે. બીજા તો થાકે, કંટાળે, અમારા સ્વરૂપમાં મનુષ્યભાવ પણ આવી જાય." એટલું કહી મહારાજે કહ્યું : "હું અહીં ન હોઉં તોપણ તમારી સાથે સદાય છું. તમારા ચરિત્રમાંથી સૌને અમારા સ્વરૂપમાં અને અમારા ભક્તોના સ્વરૂપમાં સદા દિવ્યભાવ જોવાની દૃષ્ટિ આવી છે. તે અતિ ઉત્તમ પ્રકારની સેવા તમે કરી રહ્યા છો."

શ્રીજીમહારાજના આ શબ્દો જીવુબા તથા લાડુબાના અંતરતળ સુધી પહોંચી ગયા. તેઓ તો જાણતા જ હતા કે ક્યાં પુરુષોત્તમ નારાયણ અને ક્યાં આ જીવ ! છતાં મહારાજે આપણને દૃષ્ટિમાં લઈ લીધા છે તે જ આપણાં મોટાં ભાગ્ય છે ! તેમણે મહારાજને પ્રણામ કર્યા અને કહ્યું : "પ્રભુ ! આપને યોગ્ય લાગે ત્યારે અન્નકૂટની સેવાનું અમને જણાવજો."

મહારાજ ફરી તેમની સામું જોઈ હસ્યા.

અન્નકૂટ ઉત્સવ કરમડમાં : આ.સં. ૧૮૮૪

બીજે દિવસે ધોલેરાથી પૂંજાભાઈ તથા તેમના કાકાના દીકરા બાપુજીભાઈ આવ્યા. તેમની સાથે જેઠીભાઈનાં દીકરી ફૂલજીબા તથા પૂંજાભાઈનાં બહેન અજુબા અને બનેસિંહજીના પુત્ર ભોજોભાઈ પણ હતાં. ફૂલજીબાને કરમડ પરણાવ્યાં હતાં. તેમણે કરમડમાં મહારાજને પધરાવવાનો અને અન્નકૂટનો ઉત્સવ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે ફૂલજીબાના સંકલ્પની વાત કરી અને કહ્યું : "મહારાજ ! જો આપ કરમડ નહીં પધારો, તો ફૂલજીબાએ એવો સંકલ્પ કર્યો છે કે અહીં રહીને તપ કરવું."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "પૂંજાભાઈ ! અમારું વિચરણ જ અમારા ભક્તોના મનોરથો પૂરા કરવા માટે છે. તેથી એવું આકરું વ્રત લેવાની કોઈ જરૂર નથી. અમો ખુશીથી કરમડ આવીશું અને ત્યાં અન્નકૂટનો ઉત્સવ જરૂર કરીશું."

આ સાંભળી પૂંજાભાઈ રાજી થયા. મહારાજે તેમને કહ્યું : "તમો સૌ આવતી કાલે કરમડ જાઓ. તમારી સાથે સવિત્રાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી અને જેરામ બ્રહ્મચારી આવશે. તેમની મદદથી ઉત્સવની તૈયારીઓ કરો. અમે ઉત્સવ અગાઉ ત્યાં આવી જઈશું."

મહારાજની આજ્ઞા થઈ એટલે બીજે દિવસે જ પૂંજાભાઈ તથા ફૂલજીબા વગેરે મંડળ સંતોને લઈને કરમડ જવા નીકળી ગયું. મહારાજે જીવુબા તથા લાડુબાને બોલાવ્યાં અને તેમને કહ્યું : "અન્નકૂટનો ઉત્સવ કરમડ કરવાનું ઠરાવ્યું છે. ગઈ કાલે જ ફૂલજીબા તથા પૂંજાભાઈ નક્કી કરવા આવ્યાં હતાં."

તે સાંભળી જીવુબાએ કહ્યું : "હા, મહારાજ ! તે દિવસે આપે ચોક્કસ કહ્યું નહીં ત્યારથી જ અમને થયું હતું કે કોઈ પ્રેમી ભક્તનો બળવાન સંકલ્પ હશે. આપના શબ્દોનું રહસ્ય પ્રસંગ આવે ત્યારે જ સમજાય છે."

થોડા દિવસ પછી કરમડ જવા મહારાજ પોતાની સાથે સંતો તથા હરિભક્તોને લઈને ગઢપુરથી નીકળ્યા[૯૧] અને બોટાદ જઈ રાત રહ્યા. બીજે દિવસે સવારે મહારાજ બોટાદથી રાણપુર જવા નીકળી ગયા. ભાદર નદીની પાસે જ રાણપુરના હરિભક્તો વિશ્રામભાઈ, જીવરામભાઈ, વિપ્ર સંઘજીભાઈ વગેરેએ મહારાજનું સન્માન કર્યું. પુષ્પહાર પહેરાવ્યા અને વાજતે-ગાજતે

૯૧. ગઢડા અંત્ય પ્રકરણનાં ૨૨ વચનામૃત પૂરાં થયાં.

મહારાજને ગામમાં પધરાવ્યા.

તેનું નામ જ સુખો છે તે હવે સુખો રહેશે

મહારાજની સાથે સાથે જ તેમના ઘોડેસવાર પાર્ષદો ચાલતા હતા. મહારાજ સીધા જ સુખા મહારાજને ઘેર આવ્યા. સુખા મહારાજે દૂરથી જોયું કે મહારાજ સંઘ લઈને પધાર્યા છે એટલે ખડકી બંધ કરી દીધી અને તેના છોકરાને કહ્યું : "મહારાજ પૂછે તો કહેજે કે સુખા મહારાજ ગામતરે ગયા છે."

મહારાજ તેની ડેલી પાસે આવ્યા. ત્યાં તેનો છોકરો ઊભો હતો. મહારાજે તેને પૂછ્યું : "છોકરા ! તારા બાપા ઘરમાં છે ?"

છોકરાએ તરત જ કહ્યું : "ના, મહારાજ ! બાપા તો ગામતરે ગયા છે."

મહારાજ આ સાંભળી હસ્યા. એટલે સુરાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! સુખો મહારાજ આપની સો મણ પ્રસાદીની સાકર અત્યાર સુધીમાં ખાઈ ગયો હશે, પણ ટાણું આવ્યું ત્યારે જ ગામતરે ગયો. રાણપુર આપને પધરાવવાની તાણ તો બહુ કરતો હતો !"

મહારાજે કહ્યું : "તેનું નામ જ સુખો છે. અમે તો તેને લીલો કરવા આવ્યા હતા, પણ તેના ભાગ્યમાં નહીં એટલે સુખો (સૂકો) જ રહેશે." એમ કહી મહારાજે ઘોડીની સરક મરડી.

હિંદુ હોય કે મુસલમાન હોય પણ આત્મા જો સંસ્કારી હોય તો તેને ભગવાન ઓળખાય છે

મહારાજે સૌ પાર્ષદોને કહ્યું : "આપણે મોલેસલામને ચોરે જઈએ. ત્યાં બડેમિયાંને મળીને પછી લોયા જઈએ." એટલે સૌ મોલેસલામને ચોરે ગયા. ત્યાં બડેમિયાંનો નાની ઉંમરનો દીકરો આલમ બેઠો હતો. મહારાજે તેને પૂછ્યું : "બડેમિયાં છે ?"

ત્યારે તેણે કહ્યું : "ના, મહારાજ ! તે તો અમદાવાદ ગયા છે."

એટલે મહારાજે કહ્યું : "અમને ઉગામેડીમાં મળ્યા હતા અને રાણપુર આવવાની તાણ કરી હતી."

તે સાંભળી આલમમિયાંએ કહ્યું : "અરે મહારાજ ! બડેમિયાં અમદાવાદ ગયા છે પણ ઘર તો અહીં જ મેલીને ગયા છે ! માટે હવે તો જમાડ્યા સિવાય જવા જ નહીં દઉં." એમ કહી તેમણે તરત જ માણકીની સરક પકડી.

મહારાજે તેને કહ્યું : "આલમ ! અમારે હજુ લોયા પહોંચવું છે. મોડું થઈ જાય માટે અમને જવા દ્યો."

પણ આલમમિયાં એમ શેં માને ? તેણે કહ્યું : "મહારાજ ! સામે બ્રાહ્મણના ઘર છે, ત્યાં હમણાં જ સંઘ માટે ખીચડી, કઢી, રોટલા બનાવરાવી દઉં. એમાં કાંઈ વાર નહીં લાગે. ધમાકામાં થઈ જશે."

મહારાજ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા. ઘોડી ઉપરથી ઊતર્યા અને તેને માથે હાથ મૂક્યો. મહારાજે તેને કહ્યું : "આલમ ! એવડી ઉપાધિ કરવાની જરૂર નથી. તું સાકર લઈ આવ એટલે તારી રસોઈ અમે જમ્યા બરોબર થઈ જશે."

આલમમિયાં તરત જ સાકરના થાળ ભરીને લઈ આવ્યા. બીજા હરિભક્તો મેવા-મીઠાઈની સામગ્રી લઈ આવ્યા. મહારાજે પોશ ભરી ભરીને સંઘમાંના સૌ ભક્તોને વહેંચી. પછી ત્યાંથી લોયા જવા નીકળ્યા.

રસ્તામાં મહારાજે સુરાખાચરને કહ્યું : "હિંદુ હોય કે મુસલમાન હોય પણ આત્મા પૂર્વજન્મનો સંસ્કારી હોય તો જ તેને ભગવાન ઓળખાય છે અને ભગવાનની સેવા મળે છે. આલમમિયાં તો નાના છે પણ સંસ્કારી છે, તેથી તેણે સેવા ઝડપી લીધી. જ્યારે સુખા મહારાજ કોરા રહી ગયા !"

સુરાખાચર વિચાર કરવા લાગ્યા કે મહારાજને હિંદુ, મુસલમાન એવો ભેદ નથી. તેઓ તો મુમુક્ષુ હોય તેને અપનાવી લે છે.

રાણપુરની ભાગોળ સુધી રાણપુરના હરિભક્તો મહારાજને વળાવવા આવ્યા હતા. અહીં પીપળાધાર આગળ નારેચાણાં હનુમાન છે, ત્યાંથી મહારાજે સૌને પાછા વાળ્યા. સાંજે મહારાજ લોયે પહોંચી ગયા.

લોયામાં મહારાજ સુરાખાચરના દરબારમાં ઊતર્યા. સંતો બધા ત્યાંના મંદિરમાં ઊતર્યા. ધર્મવંશીને સંઘા પટેલના ડેલામાં ઉતાર્યા.

આપણને પરચો આપે તો ભગવાન સાચા

બીજે દિવસે સવારે સાયલાથી માણેકચંદ શેઠ તથા લીંબડીથી તલકશી શેઠ અને તેમના સગા લોયે આવ્યા. રસ્તામાં તેમણે સકલ્પ કર્યો કે 'સ્વામિનારાયણને સૌ ભગવાન કહે છે, પણ આપણને કાંઈ પરચો આપે તો ભગવાન સાચા !' અજ્ઞાની માણસો પરચાથી જ ભગવાનપણું સમજતા હોય છે. તેમાં ઉત્તમ મુમુક્ષુઓ પણ ભૂલા પડી જાય છે. તેમણે વિચાર કર્યો કે આ દેશમાં સૂતરફેણી મળે નહીં, તેથી આપણને જો સૂતરફેણી સ્વામિનારાયણ આપે તો તે

ભગવાન સાચા !

તેઓ આવ્યા એટલે મહારાજે સુરાખાચરને બોલાવ્યા. તેમણે કહ્યું : "આ હરિભક્તોને ઉતારો કરાવો." એટલામાં બીજા ગામના હરિભક્તો પણ આવ્યા. તેઓ મહારાજને પગે લાગ્યા અને મહારાજ પાસે મીઠાઈની માટલીઓ મૂકી. તેમાંથી બે માટલી લઈ મહારાજે માણેકચંદ શેઠને આપી અને તેમને કહ્યું : "ઉતારે જઈને જમજો. જમવાનું મોડું થશે, એટલે થોડો આધાર રહે."

તે હરિભક્તો માટલી લઈને ઉતારે ગયા. ત્યાં જઈને માટલીઓ ખોલી તો તેમાં સૂતરફેણી જોઈ ! આથી તેમને આશ્ચર્ય થયું ! માણેકચંદ શેઠે કહ્યું : "તલકશી શેઠ ! જોયું ને ? મહારાજે આપણો સંકલ્પ પૂરો કર્યો. તો હવે મહારાજ ભગવાન ખરા ને ?"

પણ તલકસી શેઠને લાગ્યું કે સ્વામિનારાયણને લોકો જાદુગરા કહે છે, તે તેમણે જરૂર કાંઈ જાદુ કર્યું લાગે છે. તે વિચારમાં પડી ગયા. માણેકચંદ શેઠે તેમને કહ્યું : "લ્યો તલકશી શેઠ ! હવે સૂતરફેણી જમો."

પણ તેમણે ના કહી. તેમણે કહ્યું : "આ તો કાંઈ ઇલમથી સૂતરફેણી આવી લાગે છે. એટલે હું જમીશ નહીં." તેમની સાથેના શેઠે પણ ના કહી. માણેકચંદ શેઠને તેમની દયા આવી. કાંઈ પણ બોલ્યા સિવાય તેઓ તો સૂતરફેણી જમ્યા.[૯૨]

માણકી લઈ જાય ત્યાં જઈશું

બીજે દિવસે ભેંસજાળથી કાયાજીભાઈ વગેરે દરબારો આવ્યા. તેમણે મહારાજને ભેંસજાળ પધારવા વિનંતી કરી. એટલામાં સુરાખાચરે કહ્યું : "મહારાજ ! નાગડકા પાસે જ છે એટલે નાગડકા થઈને ભેંસજાળ પધારો."

આ સાંભળી કાયોજી દરબાર વિચારમાં પડી ગયા. તેમને થયું કે કરમડમાં અન્નકૂટનો ઉત્સવ છે. દિવાળીના દિવસો પાસે આવતા જાય છે. એટલે જો મહારાજ નાગડકા પધારશે, તો પછી ત્યાં જ સુરાખાચર બે-ત્રણ દા'ડા રોકી પાડશે અને ભેંસજાળ આવવાનું બનશે નહીં. તેમણે તરત જ હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ ! આપ ગરીબનિવાજ છો, એટલે અમારા ગરીબનું રાખો તો સારું."

એટલે સુરાખાચરે કહ્યું : "પણ મહારાજે ભેંસજાળ આવવાની ક્યાં ના

૯૨. આજે માણેકચંદ શેઠના પરિવારમાં જ સત્સંગ ચાલુ રહ્યો છે.

પાડી છે ? નાગડકાથી ભેંસજાળ પધારશે.''

તેમની ખેંચતાણ જોઈ મહારાજે કહ્યું : ''તમે સાંભળો. અમારે કોઈ પક્ષપાત નથી. અમે તો માણકીની લગામ છૂટી મૂકી દેશું એટલે તે જ્યાં લઈ જશે ત્યાં જઈશું.''

બપોરે મહારાજ લોયાથી નીકળ્યા અને માણકીની લગામ ઢીલી મૂકી દીધી. માણકી ભેંસજાળના માર્ગે ચાલી. મહારાજે કાયાજીભાઈને કહ્યું : ''બાપુ ! તમારો ભાવ તો અમારી માણકી પણ જાણી ગઈ ?'' કાયાજીભાઈને લાગ્યું કે મહારાજે યુક્તિ કરી કોઈને ખોટું ન લાગે તેવું કર્યું.

મહારાજ ભેંસજાળ પહોંચ્યા. સંઘ પણ સાથે હતો. કાયાજી દરબારે સૌને જમવાનું પૂછ્યું ત્યારે કેટલાકે હા કહી અને કેટલાકે ના કહી. પરંતુ દરબાર એમ છોડે તેવા ન હતા. તેમણે તરત જ ખીચડી, કઢી, રોટલા, માખણ, ઘી વગેરે સામગ્રી તૈયાર કરી દીધી. સૌને સારી રીતે જમાડ્યા. સૌ જમી રહ્યા એટલે મહારાજ ઓરડામાં બિરાજી સભામાં વાતો કરવા લાગ્યા. કાયાજીભાઈ તથા જુણાજીભાઈના ઓઝલવાળાં બૈરાંને તથા બીજી બાઈઓને મહારાજનાં દર્શન થતાં નહીં. વળી, દરબારો મહારાજ પાસે બેઠા હોય એટલે મહારાજ પાસે તેમનાથી અવાય પણ નહીં. તેમને સૌને આથી મુઝવણ થવા લાગી.

રાત્રે મહારાજ પોઢી ગયા. ભગુજી તથા બ્રહ્મચારી ઓરડાની બહાર સૂતા. એટલામાં પછીતેથી બાઈઓએ બાકોરું પાડ્યું અને એક પછી એક સૌ મહારાજનાં દર્શન કરવા ઓરડામાં આવ્યાં. મહારાજ એકદમ સફાળા ઊભા થઈ ગયા અને પોતે ઓઢેલી રજાઈ એ તરફ ફેંકી અને મહારાજે બૂમ મારી : ''ભગુજી ! બ્રહ્મચારી ! બધા ક્યાં ગયા ? અહીં તો આવો ને જુઓ કે આ પછીતમાં બાકોરું પાડી કોઈએ ખાતર પાડ્યું.''

તે સાંભળી ભગુજી અને બ્રહ્મચારી એકદમ જાગી ગયા અને ઓરડામાં ગયા. મહારાજે બ્રહ્મચારીને કહ્યું : ''જુઓ, અમારી રજાઈ કોઈ ઉપાડી ગયું.''

દીવો કરીને જોયું તો ભીંતમાં બાકોરું દીઠું. બાઈઓ હજુ તેમાંથી મહારાજની આ લીલાનાં દર્શન કરી રહી હતી. મહારાજની આ લીલા જોઈ બાઈઓ હસવા લાગી. બ્રહ્મચારીએ તેમના તરફ જોયું તો તેમણે રજાઈ બતાવી. એટલે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! તમારાં જ આ કામ છે ને પાછળથી અમને ઠપકો અપાવો છો ! રજાઈ તો આ સામે રહી !''

મહારાજ તે જોઈ હસ્યા. દરબારો બધા ભેગા થઈ ગયા. તેમણે જોયું કે

બાઈઓએ મહારાજનાં દર્શન કરવા ભીંતમાં બાકોરું પાડ્યું હતું. તેમને પણ થયું કે ઓઝલવાળી બાઈઓને આપણે મહારાજનાં દર્શન કરવા ન દીધાં, તેથી તેમણે આ યુક્તિ કરી. મહારાજે પણ તેમનો ભક્તિભાવ જોઈ પ્રસાદીની રજાઈ તેમને આપી દીધી.

કરમડમાં શ્રીહરિ

સવારે મહારાજ પ્રાતર્વિધિથી પરવારી કરમડ પધાર્યા. આગલે દિવસે થોડા સંતોને કરમડમાં રસોઈ કરવા માટે મોકલી દીધા હતા. તેમણે સમાચાર આપ્યા કે મહારાજ કાલે સવારે પધારશે. એટલે અગરસિંહજી બાપુ તથા બીજા દરબારો સામૈયું લઈને મહારાજ સન્મુખ ઢોલ, ત્રાંસાં, શરણાઈ વગેરે વાજિંત્રો લઈને ગયા. ગામના પાદરમાં જ વાજિંત્રોના ઘોષ થયા. ચાલકા, ભેંસજાળ, મીણાપર, લોયા વગેરે ગામોના હરિભક્તો ઉપર મહારાજે આ ઉત્સવ માટે કંકોત્રીઓ લખાવી હતી. તેથી ત્યાંથી પણ હરિભક્તોના સંઘ આવ્યા હતા. તે બધા કરમડ ગામના પાદરે આવી ગયા. આટલી બધી મેદની કોઈ વખત અહીં ઊભરાઈ ન હતી.

મહારાજ માણકી ઉપર પધાર્યા. સૌ મહારાજને દંડવત્‌ કરવા લાગ્યા. દિવાળીના નવા દિવસોના ઉત્સવોનો સૌને ઉત્સાહ હતો. તેમાં પણ અન્નકૂટ અહીં થવાનો હતો. મહારાજ પધાર્યા, સંતો-હરિભક્તો પધાર્યા એટલે સૌનો ઉત્સાહ અદમ્ય હતો. આ દિવ્ય આનંદથી બધા ઘેલા જેવા થઈ ગયા. યુદ્ધના મંડાણ થયા હોય તેમ જોરથી ત્રંબાળું ઢોલ ઉપર ઢોલીઓ દાંડીઓ મારતા, ઘોષ કરતા મહારાજનું સ્વાગત ઉત્સાહભેર કરવા લાગ્યા. મહારાજ સૌનો ઉત્સાહ જોઈ પ્રસન્ન થયા. તેમના મુખ પર હાસ્ય ફરકતું હતું. કારણ પ્રગટ ભગવાનની સેવામાં, તેમના સંબંધમાં આ બધા મુમુક્ષુ જીવો આવી ગયા હતા. સૌ અક્ષરધામના અધિકારી બની ગયા.

તમે સૌ અચ્યુત ગોત્રી છો

મહારાજ વાજતે-ગાજતે ફૂલજીબાના દરબારમાં પધાર્યા. ઘોડીએથી ઊતરી મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. સંતમંડળ સૌ ગઢમાં ઊતર્યા હતા. થાળ તૈયાર થયો એટલે મહારાજ ઊઠ્યા અને સ્નાનવિધિ કરી, પીતાંબર પહેરી જમવા પધાર્યા. મહારાજ જમીને ઊઠ્યા એટલે બોલ્યા : “ચાલો, સંતોની

પંક્તિમાં પીરસવા જઈએ."

ત્યારે પૂર્ણાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! કાલે રાત્રે રાધાકૃષ્ણવાળા અને લક્ષ્મીનારાયણવાળા એ બે વિભાગના સંતોએ રસોઈ કરી છે. પણ હવે રાધાકૃષ્ણવાળા કહે છે કે લક્ષ્મીનારાયણવાળા સંત પંક્તિમાં ન ફરે."

આ સાંભળી મહારાજ વિચારમાં પડી ગયા. થોડી વારે તેમણે કહ્યું : "ભલે, એમ હોય તો રાધાકૃષ્ણની પંક્તિમાં રાધાકૃષ્ણવાળા સંત લાડુનો થાળ લઈને અમારી સાથે ફરે અને લક્ષ્મીનારાયણની પંક્તિમાં લક્ષ્મીનારાયણવાળા આવે." એમ આજ્ઞા કરી મહારાજ સંતોની પંક્તિમાં પાંચ વખત ફર્યા અને સૌને સારી રીતે લાડુ જમાડ્યા. પછી હાથ ધોઈ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

થોડી વારે સર્વ સંતો જમીને મહારાજ પાસે આવ્યા અને મહારાજની સન્મુખ બેઠા. તેમને જોઈને મહારાજે કહ્યું : "તમે ત્રણે દેવના જુદા જુદા સંતો છો, પરંતુ તેથી તમારાં જુદાં જુદાં રસોડાં થાય તે ઠીક નહીં. માટે તમો બધાએ આજથી એક પંક્તિમાં બેસીને જમવું. તમે સર્વે અચ્યુત ગોત્રી જ કહેવાઓ. અમારી આ આજ્ઞા છે તે તમારે સૌએ પાળવી, નહીં તો ભવિષ્યમાં સત્સંગમાં ભાગલા પડી જશે."[૯૩]

બીજે દિવસે અન્નકૂટ હોવાથી મહારાજ થોડી વાર પોઢીને પછી અન્નકૂટની સામગ્રી જોવા પધાર્યા. વેજલકાના ભીમ પંડ્યા તથા નાગનેશના ડોસો ભક્ત આ બંને વિપ્રો બહુ સારા કંદોઈ હતા. તેમણે બરફી, પેંડા અને બીજાં અનેક પકવાનો તૈયાર કર્યાં હતાં. બીજી સામગ્રી બહેનોએ ચોખ્ખી બનાવી હતી. વિવિધ શાકો, દાળ, રાયતાં વગેરે વસ્તુઓ મહારાજે સંતોને બનાવવાની આજ્ઞા કરી દીધી હતી. તેથી સંતોએ આખી રાત જાગી આ વસ્તુઓ તૈયાર કરી દીધી.

આ રચનામાં કળાનું દર્શન ન હતું, ભક્તિ હતી

અન્નકૂટના દિવસે જેરામ બ્રહ્મચારીએ ઠાકોરજી આગળ અન્નકૂટની તમામ સામગ્રીઓની કલાત્મક રચના કરી. રાણપુરથી ફળફળાદિ પણ મંગાવ્યાં હતાં. કેળના સ્તંભો રોપી તેનાં પાનોની કમાનો કરી. શેરડીના સાંઠાઓ બાંધી વિવિધ સ્તંભો બનાવ્યા. મહારાજ આ રચના જોઈ ખૂબ રાજી થયા. આ રચનામાં મહારાજ પ્રત્યેની ભક્તિ હતી, કેવળ કલાનું દર્શન ન હતું. મહારાજે

૯૩. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૩, વાત ૨૯૫.

તમામ સામગ્રી ઝીણવટથી જોઈ આનંદ બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી મહારાજ ! બધી જ સામગ્રીઓ ગોઠવાઈ ગઈ છે. સંતોએ થાળ ગાઈ લીધા. હવે તમે આરતી ઉતારો."

દેશદેશથી આવેલા તમામ ભક્તો આ દિવ્ય અન્નકૂટ ઉત્સવ મહારાજના સાન્નિધ્યમાં ઉજવવાનો લાભ મળ્યો તેથી પ્રફુલ્લિત થઈ ગયા. મહારાજની ક્રિયામય મૂર્તિની અંતરમાં સ્મૃતિ સહેજે રહી જાય તેથી સૌ નીરખી નીરખીને મહારાજનાં દર્શન કરવા લાગ્યા.

આરતી પૂરી થઈ એટલે મહારાજ જમવા પધાર્યા. ફૂલજીબાએ મહારાજ પાસે પણ અન્નકૂટની રચના કરી હતી. મહારાજ તે જોઈ રાજી થયા. તે સામગ્રીને સ્પર્શ કરી મહારાજે કહ્યું : "આ પ્રસાદીની સામગ્રી તમો સૌ જમજો અને દરબારમાં પણ સૌને વહેંચજો !"

મહારાજ જમી રહ્યા પછી ફૂલીબાએ બાપુજી તથા પૂંજાભાઈ પાસે મહારાજની પૂજા કરાવી. મહારાજને ઉત્તમ વસ્ત્રો, કિંમતી આભૂષણો ભેટ ધર્યાં. પછી મહારાજને ફૂલીબાએ વિનંતી કરી : "મહારાજ ! આ વસ્ત્રો અને આભૂષણો ધારણ કરો એવી મારી ઇચ્છા છે."

મહારાજ તરત જ ઊભા થયા અને તે બધાં જ વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં. ફૂલીબાએ મહારાજની આ શોભાયમાન મૂર્તિનાં દર્શન કર્યાં જ કર્યાં, જાણે અંતરમાં સમગ્ર મૂર્તિને સમાવી દેવાના ભાવથી મહારાજની મૂર્તિ તરફથી તેમની દૃષ્ટિ ખસતી જ ન હતી. મહારાજે તેમને પ્રસન્નતાપૂર્વક કહ્યું : "ફૂલીબા ! તમારો સંકલ્પ સિદ્ધ થશે. મૂર્તિ અંતરમાં અખંડ દેખાશે !"

આ સાંભળી ફૂલીબા કૃતકૃત્ય થઈ ગયાં ! મોટા મોટા દેવોને, ઋષિ-મુનિઓને પણ જે સ્વરૂપની ઝાંખી થતી નથી, તે પુરુષોત્તમ નારાયણ આજે આટલા સોંઘા થઈ ગયા ! આજે તેમનો જન્મ સફળ થઈ ગયો !

કરમડથી વિદાય

બીજે દિવસે મહારાજે કહ્યું : "પૂંજાભાઈ ! હવે અમારે વરતાલ જવાની ઇચ્છા છે તો તમો રાજી થઈને રજા દ્યો."

આ સાંભળી આ પ્રસંગે ઝાલાવાડના હરિભક્તો આવ્યા હતા તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ ઝાલાવાડમાં ઘણાં વખતથી પધાર્યા નથી, આ વખતે જોગ છે તો દયા કરો."

મહારાજ તેમનો ભાવ જોઈ બોલ્યા : "ભલે, તમારે ત્યાં આવીને પછી વરતાલ જઈશું. પણ પ્રથમ અમારે ક્યાં જવું ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! પહેલાં શિયાણી."

મહારાજે કહ્યું : "ભલે."

એટલે કંથારિયાના દરબાર મેઘાભાઈએ કહ્યું : "મહારાજ ! અમારું કંથારિયા તારવી ન દેશો."

મહારાજે કહ્યું : "ત્યાં પણ આવીશું."



ઉદ્‌ગીથ ૧૫

ઝાલાવાડમાં વિચરણ, શ્રીનગરમાં પ્રબોધિની ઉત્સવ

(આ.સં. ૧૮૮૪, ઈ.સ. ૧૮૨૭-૧૮૨૮)

મહારાજ બીજે દિવસે કરમડથી શિયાણી જવા નીકળી ગયા. તેમની સાથે મોટા સદ્‌ગુરુઓ તેમજ અંગરક્ષક પાર્ષદો હતા. મહારાજ શિયાણી પધાર્યા. અહીં મેઘા પટેલને ઘેર ઉતારો કર્યો. મહારાજ જ્યારે સ્નાન કરીને જમવા પધાર્યા, ત્યારે કુંવરબાઈના ભાઈ મોરારજી મહારાજને પીરસવા આવ્યા. મહારાજ તેને જોઈને ખુશ થયા. બ્રાહ્મણ ભક્તો ભક્તિભાવથી પોતાની સેવા કરી રહ્યા છે તેનો મહારાજને આનંદ હતો. મહારાજે તેના ગળામાં કંઠી જોઈ પૂછ્યું : "મોરાર ! તેં ગળામાં રુદ્રાક્ષની માળા નથી પહેરી અને આડું ત્રિપુંડ્ર કરવાને બદલે તેં તિલક-ચાંદલો કેમ કર્યો છે ? અમે તો અમારા બ્રાહ્મણ ભક્તને રુદ્રાક્ષની માળા ધારણ કરવાની અને ત્રિપુંડ્ર કરવાની આજ્ઞા કરી છે."

રુદ્રાક્ષની માળા રજોગુણાત્મક છે

મોરારજી આ સાંભળી મુઝાયો. પરંતુ તરત જ તેને તેના પિતા શિવરામે સમજાવેલી વાત યાદ આવી. તેણે કહ્યું : "મહારાજ ! આપ તો મુક્તિદાતા છો, એટલે બીજી કોઈ અપેક્ષા રાખીને અમારે ભક્તિ કરવાની હોતી નથી. મારા પિતાએ મને સમજાવ્યું છે કે મહારાજે તો બ્રાહ્મણોને તેમની પરંપરાગતની રૂઢિ તૂટે નહીં તેથી એવી આજ્ઞા કરી છે. પરંતુ રુદ્રાક્ષની માળા રજોગુણાત્મક છે અને તુલસીની માળા મુક્તિદાયક છે. આપ પાસે અમો કેવળ મુક્તિ ઇચ્છીએ છીએ. તેથી આપની આજ્ઞાનું ઊંડું રહસ્ય મારા પિતાએ મને સમજાવી, તુલસીની કંઠી તથા ઊર્ધ્વપુંડ્ર કરવાનું કહ્યું છે."

મહારાજ તેની ડહાપણભરી વાત સાંભળી પ્રસન્ન થયા. પછી મહારાજે કહ્યું : "અમે શિક્ષાપત્રીમાં જે જે આજ્ઞા કરી છે તેનું રહસ્ય વિચારીને તેમજ

અમારો અભિપ્રાય તથા સિદ્ધાંત રુચિ સમજીને તે આજ્ઞા પાળવાની હોય છે.''

આમાં તો જીવનું જોખમ છે

મહારાજ શિયાણીથી નીકળી તાવી પધાર્યા. અહીં પણ સત્સંગનો સમૂહ સારો એવો હતો. આપાભાઈ, જેઠીભાઈ, પૂજાભાઈ, અદાભાઈ વગેરે દરબારોમાં સત્સંગ સારો એવો જામ્યો હતો. મહારાજ ઘણા વખતે પધાર્યા તેથી તેમનો ઉત્સાહ પણ ભારે હતો. મહારાજની સેવા કરી, સંતો-હરિભક્તોની પણ તેમણે સેવા કરી. મહારાજને રાજી કરી દીધા. એકાએક મહારાજે કહ્યું : ''અહીં જો વાળંદ સારો હોય, તો વતું કરાવવું છે.'' એટલે અદાભાઈએ તરત જ વાળંદને બોલાવ્યો.

ગામડામાં તો વાળંદ વતુંયે કરે અને પાડા પણ મૂંડે. તેથી તેને કોરે અસ્ત્રે જ વતું કરવાની ટેવ પડી ગઈ હોય છે.

મહારાજ વાળંદની સામે બિરાજ્યા. વાળંદે તેની રોજની ટેવ પ્રમાણે કોરે અસ્ત્રે જ મહારાજનું વતું કરવાનું શરૂ કર્યું. આથી મહારાજને અસહ્ય પીડા થવા માંડી. તેમણે તરત જ કહ્યું : ''અદાભાઈ ! આમાં તો જીવનું જોખમ છે. માટે કોઈ સારો વાળંદ હોય તો બોલાવો.'' એટલે બીજાને બોલાવ્યો. પણ તે તો પહેલાથી પણ વધુ આકરો લાગ્યો. મહારાજ અડધી હજામતે ઊઠી ગયા. મહારાજે તરત જ ઊઠીને સ્નાન કરી લીધું. પછી ત્યાંથી નીકળી ગયા.

તે વખતે દેવળિયાના જાલમસિંહ દરબાર ત્યાં હતા. તેણે મહારાજને કહ્યું : ''મહારાજ ! મારા દેવળિયામાં સારો વાળંદ છે. આપ કહો તો તેને લઈ આવું !''

મહારાજે કહ્યું : ''ભલે, લઈ આવો.'' એમ કહી મહારાજ સંઘ સાથે દેવળિયાના માર્ગે આગળ ચાલ્યા. રસ્તામાં ડોળી તળાવડી આવી ત્યાં મહારાજ બિરાજ્યા. મહારાજ સન્મુખ સભા થઈ ગઈ. સૌ સંતો-હરિભક્તો બેસી ગયા.

અહીં તો દેહનું જોખમ છે

એટલામાં જાલમસિંહ દરબાર ઘોડી ઉપર ત્યાં આવી ગયા. તેને ખભે વાળંદની કોથળી હતી અને ઘોડીનું પેગડું પકડી વાળંદ દોડતો આવતો હતો. દરબાર ઘોડી ઉપરથી ઊતર્યા અને વાળંદની કોથળી ખભેથી ઉતારી. મહારાજ એકદમ ઊઠ્યા. વાળંદ પાણીનો પ્યાલો ભરીને લાવ્યો. મહારાજ તેની સામે વતું કરાવવા બેઠા. તે વખતે મુક્તાનંદ સ્વામી બાજુમાં ઊભા હતા. વાળંદ

મહારાજનું વતું કરતો હતો, તે જોઈ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! કેમ છે ? મારે પણ વતું કરાવવાનો સંકલ્પ છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "સ્વામી ! તાવીમાં જીવનું જોખમ હતું, અહીં દેહનું જોખમ છે ! માટે તમે સંકલ્પ બંધ રાખો."

વાળંદે માંડ માંડ મહારાજનું વતું પૂરું કર્યું. મહારાજની આંખમાંથી પણ વેદનાને લીધે પાણી ચાલ્યાં જતાં હતાં. પછી મહારાજે 'ડોળી'[૯૪] તળાવડીમાં સ્નાન કર્યું અને સભામાં આવી બિરાજ્યા.

આ બંને માનની મૂર્તિઓ છે

તે જ સમયે પૂર્ણાનંદ અને નિર્વિકારાનંદ આવ્યા. મહારાજની આજુબાજુ બધા સંતો બેસી ગયા હતા. પોતે સદ્‌ગુરુ હોવાથી તેમને બેસવાનું યથાર્થ સ્થાન તેમણે જોયું નહીં તેથી મૂક વદને ઊભા રહ્યા. મહારાજે તેમને બંનેને જોઈને સભાજનોને કહ્યું : "આ બંને સદ્‌ગુરુઓ ઊભા રહ્યા છે તેમને જોયા ? બંને માનની મૂર્તિઓ છે ! સદ્‌ગુરુઓ હોય પણ તેમની મોટપ આસનથી નથી પણ વર્તનથી છે. આ જાલમસિંહ બાપુ ગરાસિયા છે. છતાં માન મૂકીને વાળંદની કોથળી પોતાને ખભે ભરાવીને અહીં આવ્યા. જેમને માન ઘટે છે તે નિર્માની થયા અને જેમણે માન મૂકવું જોઈએ એવા સંતો આજે માન માગી રહ્યા છે !" એમ કહીને મહારાજે કહ્યું : "કામ, ક્રોધ વગેરે દોષો કોઈ વખત પણ જિતાય, પણ માન તો ક્યારેય જિતાય જ નહીં. માની હોય તે સત્સંગમાં નભી શકે નહીં. જ્યારે ત્યારે પણ વિમુખ થાય જ. અમે આજ્ઞા કરીએ તોપણ જે માની હોય તે અમારી આજ્ઞા પાળી શકે નહીં. તેનું અપમાન થાય એટલે શત્રુની જેમ સામો થાય. આવો માનીમાં દોષ છે. માટે અમને તો નિર્માની ભક્ત હોય તે જ વહાલા છે."

મહારાજ પછી ત્યાંથી ચાલ્યા અને દેવળિયા પધાર્યા. દેવળિયામાં મહારાજ રાત રહ્યા. ત્યાંથી બીજે દિવસે નીકળી કંથારિયા પધાર્યા. મહારાજની સાથે મોટેરા સદ્‌ગુરુઓ, હરિભક્તો તથા અંગરક્ષક પાર્ષદો હતા. બીજા કેટલાક સંતોને મહારાજે સીધા અમદાવાદ જવાની આજ્ઞા કરી હતી.

અહીંના દરબારોએ મહારાજનું ભારે સામૈયું કરીને ગામમાં પધરાવ્યા. ગામના મોટા તળાવના કાંઠા ઉપર ઊંચી જગ્યાએ એક ગાડું ગોઠવી તે ઉપર

---

૯૪. મહારાજે આ તળાવડીમાં સ્નાન કર્યું તેથી તેને 'અક્ષર તળાવડી' એવું નામ આપવામાં આવ્યું છે.

લાલા સંઘજીનો ઢોલિયો બિછાવ્યો હતો. સૌને મહારાજનાં દર્શન થાય એવી ગોઠવણ કરી હતી. મહારાજની સાથે પરમહંસોને આજુબાજુની વાડીઓમાં ઉતાર્યા હતા.

ભીમજી ભટ્ટની બા મહારાજ માટે થાળ તૈયાર કરતાં હતાં. તે તૈયાર થયો એટલે મહારાજ જમવા પધાર્યા. સ્નાન કરી મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા અને થાળ જમ્યા.[૯૫] મહારાજનાં દર્શન કરતાં કાનજી શાહ તથા મેઘાભાઈ દરબાર મહારાજ સન્મુખ બેઠા હતા. મહારાજે તેમને પ્રસાદીનો થાળ આપ્યો. પરમહંસો માટે ગામ બહાર વાડીમાં રસોઈ કરી હતી. ત્યાં તેમને સૌને જમાડ્યા.

જમ્યા પછી થોડી વાર આરામ કરી મહારાજ ગામના હરિભક્તોની ઈચ્છાથી પધરામણીએ જવા નીકળ્યા. મહારાજ માવાભાઈના દરબારમાં પધાર્યા. અહીં આંબલિયાના પ્રતાપસિંહની પુત્રી નાનીબાએ મહારાજની પૂજા કરી. સોનાનાં પુષ્પોથી વધાવ્યા. પછી રવાભાઈના દરબારમાં તથા નાથાભાઈ, જાલમસિંહ, બાવાજી વગેરે દરબારોના દરબારમાં પધારી મહારાજ કાનજી શાહ, વિપ્ર મંછારામ, વિપ્ર જીવરામ, વિપ્ર કાશીરામ વગેરે ભક્તોને ઘેર પધાર્યા. લાલજી સંઘજી, નારણજી સોનીએ પણ લાભ લીધો.

પધરામણી બાદ મહારાજ પાછા તળાવને કાંઠે આવી ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અહીં મશાલો ચેતાવી હતી. તેના પ્રકાશમાં સંતોએ દુક્કડ, સરોદ વગેરે સાથે કીર્તન-ભક્તિ કરી. મહારાજે ત્યારબાદ ઉપદેશની વાતો કરી.

કંથારિયામાં રાત રહી મહારાજ બીજે દિવસે સવારે ભલગામડા જવા નીકળી ગયા. વાસલ નદી સુધી ગામના દરબારો તથા હરિભક્તો મહારાજને વળાવવા આવ્યા. મહારાજે વાસલ નદીમાં સૌ પરમહંસો સાથે સ્નાન કર્યું. પછી સૌને પાછા જવા આજ્ઞા કરી મહારાજ ભલગામડા પધાર્યા.

ભલગામડામાં થોડો સમય વિશ્રામ કરી મહારાજ ત્યાંથી મછિયાવ જવા નીકળ્યા. મહારાજને ગઢપુરમાં સમાચાર મળ્યા હતા કે ફૈબાને તેમનાં પુત્રવધૂ સાથે અણબનાવ થયો હતો અને તેથી વહુને તેમના પિયર મોકલી દીધાં હતાં. મહારાજને સત્સંગીઓના વ્યવહારમાં પણ આ પ્રકારનો ક્લેશ પસંદ ન હતો. સાસુ, વહુ બંને સત્સંગી હતાં. તેથી બંને વચ્ચે આ રીતે અણબનાવ થાય તો બંનેનું કલ્યાણ બગડે, તે વિચારથી મહારાજે મછિયાવ જવા નક્કી કર્યું. કોઈ પણ રીતે બંનેનું સમાધાન કરાવી મેળ કરાવી દેવાની તેમની ઇચ્છા હતી.

---

૯૫. આ જગ્યાએ હાલ બહેનોનું મંદિર છે.

ફૈબાનો વહુ સાથે અણબનાવ

મછિયાવ જતાં રસ્તામાં મેલનસાર (મેલાસણા) ગામ આવ્યું. અહીં ફૈબાના દીકરાની વહુનું પિયર હતું. તેથી મહારાજે ઘોડી ઊભી રાખી સૌ સંતો, હરિભક્તોને કહ્યું : "તમે સૌ મછિયાવ જાવ અને ત્યાં જઈ રસોઈનો આદર કરજો. ફક્ત દાળ, ભાત વગેરે અમે આવીએ ત્યારપછી કરજો. અમે મેલનસારમાં પધરામણી કરી ત્યાં આવી પહોંચીએ છીએ."

મહારાજની આજ્ઞા થઈ એટલે સંઘ મછિયાવને રસ્તે પડ્યો.

મહારાજે મેલનસાર ગામમાં ખબર કહેવરાવ્યા એટલે ત્યાંના દરબારો તરત જ ગામની ભાગોળે આવ્યા. મહારાજ તથા તેમની સાથે બે પાર્ષદો હતા, તેમને તેઓ ધામધૂમથી ગામમાં તેડી ગયા. મહારાજ ગામમાં પધાર્યા છે તે સમાચાર ફૈબાના દીકરાની વહુને મળ્યા, એટલે તેમણે મહારાજને કહેવરાવ્યું કે મહારાજ મારે ઘેર પધારે તો મારી મૂંઝવણ ટળે. મહારાજને આ સંદેશો મળ્યો એટલે મહારાજ તરત જ તેને ઘેર પધાર્યા. મહારાજ માટે બાઈએ ખુરશી નાંખી દીધી. પોતે આડો ચક નાંખી બેઠા અને મહારાજનાં દર્શન કર્યાં. દર્શન કરતાં તેની આંખમાંથી ચોધાર આંસુ પડવા માંડ્યાં. તે વખતે તેણે તેના ભાઈની સાથે મહારાજને કહેવરાવ્યું કે "મારે મહારાજને ખાનગીમાં મળવું છે. એટલે મહારાજ પાસે હમણાં કોઈ ન આવે તેવો બંદોબસ્ત કરો."

મહારાજે પાર્ષદોને તરત જ હુકમ કરી દીધો કે "હમણાં કોઈને અંદર આવવા દેશો નહીં. તમે દરવાજા આગળ ઊભા રહો."

પછી તે બહેને મહારાજને ફૈબાએ તેને કરેલા અન્યાયની બધી વિગતવાર વાત કરી અને મહારાજની માફી માંગી કહ્યું : "મહારાજ ! મારી ભૂલ થઈ છે તેથી જ મને તેડાવતા નથી. પણ મારે તો મછિયાવ જવું જોઈતું હતું. હવે આપ કાંઈક સમાધાન કરાવી દ્યો. આપનું ફુઈ માનશે."

મને જ્યાં વેચશે ત્યાં હું વેચાઈશ

મહારાજે તેમને કહ્યું : "અમે કહીએ તેમ કરશો ? તમારો પરસ્પરનો કજિયો મટાડવા જ અમો અહીં આવ્યા છીએ. માટે તમે જે વિચાર કર્યો હોય તે કહો."

ત્યારે બાઈએ કહ્યું : "મહારાજ ! મારે તો આપને રાજી કરવા છે.

આપની આજ્ઞા ઉપર મારે પગ મૂકવો નથી. મારાં સાસુ મારે માથે ખડનો ભારો મૂકી મને જ્યાં વેચશે તો હું ત્યાં વેચાઈશ ને મને જે આજ્ઞા કરશે તે પ્રમાણે કરીશ. માટે જો આપ આજ્ઞા કરો, તો આપની સાથે મછિયાવ આવું."

મહારાજે તેની વાત સાંભળી. તેની સરળતાથી મહારાજ પ્રસન્ન થયા. પછી તેમણે કહ્યું : "હમણાં તમારે અમારી સાથે આવવાની જરૂર નથી. અમે મછિયાવ જઈને તમારાં સાસુ સાથે વાતચીત કરી તમને સંદેશો મોકલીશું. પછી તમે આવજો."

તમારા વ્યવહારના પણ અમે ધણી છીએ

મહારાજ પછી ત્યાંથી નીકળી સીધા મછિયાવ પધાર્યા. અહીં આવી ઘોડી ઉપરથી ઊતરી મહારાજ સીધા ફૈબા પોતાના મુકામે બીજે માળે હરિકૃષ્ણ મહારાજની પૂજા કરતાં હતાં ત્યાં પધાર્યા. મહારાજને એકાએક પોતાના મુકામે આવેલા જોઈ ફૈબા એકદમ ઊભાં થઈ ગયાં. મહારાજને પગે લાગીને કહ્યું : "મહારાજ ! આજ તો કાંઈ બહુ કૃપા કરી ?"

તે સાંભળી મહારાજે કહ્યું : "ભક્તો ઉપર તો અમારે સદા કૃપા રહે જ છે. એકાએક અમોએ મછિયાવ આવવાનું નક્કી કર્યું તેનું કારણ તો તમારાં સાસુ-વહુના કજિયાનું સમાધાન કરાવવાનું જ છે. મારે રોકાવું નથી અને જમીને સીધા શ્રીનગર જવું છે. તમારા વ્યવહારના પણ અમે ધણી છીએ. માટે અમે કહીએ તેમ તમારે કરવાનું છે."

સમાધાન સિવાયની બીજી વાત કરો

આ સાંભળી ફૈબાના મુખ ઉપરની રેખાઓ એકદમ ફરી ગઈ ! તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! અમારા એ વહેવારની વાત મૂકીને બીજી આપ જે આજ્ઞા કરશો તે પ્રમાણે હું કરીશ. પણ એ બાઈનું નામ મારી પાસે લેશો નહીં. તમે મેલનસાર જઈને આવ્યા છો તે મેં જાણ્યું. એટલે તમને એ બાઈએ ભરમાવ્યા છે. માટે એ વાત તો કોઈ રીતે બને તેમ નથી." ફૈબાએ તરત જ કહી દીધું.

મહારાજ તેમની વાત સાંભળીને એકદમ સ્થિર થઈ ગયા ! ફૈબાએ કહ્યું : "મહારાજ ! હું મારા દીકરાને બીજે ગમે ત્યાં પરણાવીશ, પણ એ બાઈનું મોઢું તો આ જિંદગીમાં જોવું હરામ છે."

મહારાજ આ સાંભળી રહ્યા. મહારાજને લાગ્યું સમૈયા-ઉત્સવમાં ભક્તિ-

ભાવનો રંગ દેખાડતાં આ ફૈબા કાંઈક જુદી જ માટીનાં લાગે છે.

મહારાજે ફરી કહ્યું : "ફૈબા ! તમે એમ વિચાર કરો કે તમને કહેવા કોણ આવ્યું છે ! તમે અમને તમારા દરબારમાં પધરાવ્યા, ઉત્સવો કરાવ્યા, અમારા અર્થે હજારો રૂપિયાનું તમે ખર્ચ કર્યું, તે બધું તમે અમને શું સમજીને કર્યું હતું ? આજે એ ભાવ, એ નિષ્ઠા બધું સવી ગયું ?"

ફૈબા કાંઈ બોલ્યાં નહીં. મહારાજે તેમને ફરી કહ્યું : "ફૈબા ! જવાબ આપો અમને. આજે અમે સમાધાન કરાવવા જ આવ્યા છીએ અને તમે જો હઠ પકડી રાખશો તો અમે ચાલ્યા જઈશું. ફરી કદી મછિયાવમાં પગ નહીં મૂકીએ. હઠ, માન, ઈર્ષા જેના અંતરમાં હોય તેની તો અમને સદા ઉપેક્ષા જ રહે છે."

ફૈબાએ તરત જ હાથ જોડ્યા. મહારાજને કહ્યું : "મહારાજ ! તમે ભગવાન છો એ હું જાણું છું, પણ અમારા વ્યવહારમાં અમારાં બંને વચ્ચે આંટી પડી ગઈ છે તે કોઈ રીતે હવે છૂટી શકે તેમ નથી. આપ પધાર્યા છો, સંતોએ રસોઈ બનાવવી શરૂ કરી છે, તો આપ જમીને જાવ અને મારો ગુનો માફ કરી, મછિયાવ ફરી ન આવવાનું આપે કહ્યું - તે શબ્દો ભૂલી જાવ."

મહારાજ બહુ જ ગંભીર થઈ ગયા હતા. મહારાજે ફક્ત એટલું જ કહ્યું : "ફૈબા ! સમાધાન કરવું છે ?"

"ના, મહારાજ ! એ સિવાયની બીજી વાત કરો, બીજી આજ્ઞા કરો, તમારી દાસી થઈને હું તે પાળીશ." મહારાજ તરત જ દાદરો ઊતરી ગયા.

રસોઈ તૈયાર થઈ ગઈ હતી. સંતો સર્વે ઠાકોરજીને થાળ ધરાવી પંક્તિમાં બેસી ગયા હતા અને મહારાજના પધારવાની રાહ જોઈ રહ્યા હતા. પંક્તિમાં બધા સદ્ગુરુઓને બેઠેલા જોઈ મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "જૂનાગઢના મહંત ક્યાં છે ?" એટલે કોઈ ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી લાવ્યું. મુક્તાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "સ્વામી ! તમારે જમવું નથી ?"

એટલે તેમણે તરત જ કહ્યું : "અહીં જમવાનું બને તેમ નથી."

મુક્તાનંદ સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું !

અમે શીરા માટે સાધુ થયા નથી

એટલામા મહારાજ પધાર્યા. મહારાજની મુખમુદ્રા ખૂબ જ ગંભીર હતી. મહારાજે પંક્તિમાં બેઠેલા સંતોને કહ્યું : "સંતો ! ઊઠી જાવ. અહીં જમવાનું નથી. મછિયાવનું પાણી આજથી હરામ છે."

સંતોને તો મહારાજની આ આજ્ઞાથી જાણે વજ્રપાત થયો હોય તેમ લાગ્યું ! જે દરબારમાં મહારાજ ઘણી વાર પધાર્યા, ઉત્સવો કર્યા, તે દરબારમાં એવું તે શું બની ગયું કે મહારાજે મછિયાવનું પાણી હરામ કરી દીધું ! સૌ સંતો તરત જ ઊઠી ગયા. તેમને પંક્તિમાંથી ઊઠતા જોઈ રામપ્રતાપભાઈએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! મારો ભાઈ તો ભગવાન છે. એ તો ગમે તે લીલા કરે, પણ આ શીરો તૈયાર છે તે જમીને સૌ ચાલો."

તે સાંભળીને મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મોટાભાઈ ! અમે સૌ તમારા ભાઈ માટે જ સાધુ થયા છીએ, શીરા માટે નહીં. માટે અમને તો હવે તેમની આજ્ઞા થઈ એટલે જમીશું નહીં." એમ કહીને પાસે ઊભેલા ગુણાતીતાનંદ સ્વામીને જોઈ તેમણે કહ્યું : "જુઓ, આ જૂનાગઢના મહંતે તો અગાઉથી જ ભાખ્યું હતું : આંહીં જમવાનું બનશે નહીં."

એટલે સ્વામીએ હસીને કહ્યું : "સ્વામી ! મેં તો ઝોળીમાંથી પત્તર કાઢ્યું જ ન હતું."

મહારાજ સૌ સંતો સાથે મછિયાવથી નીકળી ગયા. ફૈબા હવે ખરેખર મુઝાયાં. તેમને થયું કે મહારાજને પાછા બોલાવવા હું પાછળ જાઉં. ત્યાં તેમના દીવાન આવ્યા. તેમણે કહ્યું : "બા ! સ્વામિનારાયણ તો નવા નવા ઘણા ફતવા કરશે. હમણાં તળાવ સુધી જઈને પાછા આવશે. આટલા બધા માણસોને કોણ જમાડવાનું હતું ? તમે રાજ્યમાતા કહેવાવ. વળી, આપણે ઓઝલવાળા. તેથી સાધુની પાછળ જવું એમાં આપણી શોભા નહીં."

ફૈબા આ સાંભળી માથે હાથ મૂકી એકદમ સ્થંભી ગયાં ! રાજ્યમાતા તરીકેનું માન, વ્યવહારની હઠ અને ઈર્ષા આ ત્રણે ભાવ તેમનામાં એકઠા થઈ ગયા ! તે ત્યાં જ બેસી ગયાં ! દીવાન આટલું કહીને ચાલ્યા ગયા.

મહારાજ ત્યાંથી કુંવાર પધાર્યા અને ત્યાં સરોવર ઉપર ઊતર્યા. ત્યાં સંતોની ઝોળીમાંથી અન્ન કઢાંવી એક વસ્ત્રમાં ભેગું કર્યું અને પછી મહારાજે સૌને ખોબે ખોબે તેમાંથી આપ્યું.[૯૬]

ત્યાંથી જમીને મહારાજ મનીપર[૯૭] પધાર્યા. અહીં મહારાજે શીરાની રસોઈ તૈયાર કરાવી. રસોઈ તૈયાર થઈ એટલે મહારાજે તળાવની સામે

૯૬. મછિયાવના હરિભક્તો કહે છે કે મહારાજે તળાવ પાસે ખીચડી કરીને સૌને જમાડ્યા હતા.

૯૭. મણીપુર.

સાધુઓની પંક્તિ કરાવી સૌને સારી રીતે શીરો પીરસ્યો. મુક્તાનંદ સ્વામીએ મોટાભાઈને કહ્યું : "મોટાભાઈ ! શીરો મળ્યો ને ?"

ત્યારે તેમણે હસતાં હસતાં કહ્યું : "ભાઈ તો ભગવાન છે, તે આકાશમાંથી પણ શીરાનો વરસાદ વરસાવે."

તે સાંભળી મુક્તાનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "એવો નિશ્ચય છે તો મછિયાવમાં કેમ શીરા માટે આકળા થઈ ગયા હતા ?"

રામપ્રતાપભાઈ કાંઈ બોલ્યા નહીં.

શ્રીનગરમાં પ્રબોધિની ઉત્સવ : આ.સં. ૧૮૮૪

મહારાજ અહીંથી શ્રીનગર પધાર્યા. મંદિરમાં આવીને સીધા નરનારાયણ દેવનાં દર્શન કરવા પધાર્યા. અગાઉ સંતો આવી ગયા હતા તેથી મહારાજ શ્રીનગર પધારવાના હતા તે સૌએ જાણ્યું હતું. નરનારાયણનું મંદિર હરિભક્તોની મેદનીથી હકડેઠઠ ભરાઈ ગયું હતું. તસુભાર જગ્યા કોઈ ઠેકાણે ન હતી.

મહારાજ દર્શન કરી ચોકમાં પોતાના આસને પધાર્યા. પાર્ષદોએ વ્યવસ્થા કરી સૌને બેસાડી દીધા. મહારાજે બે હાથ ઊંચા કરી સૌને શાંત કર્યા. પછી કહ્યું : "આવતી કાલે પ્રબોધિનીનો ઉત્સવ છે, તે પ્રસંગે તમો સૌ કાલે સવારથી આવજો. અત્યારે તો અમે પણ થાક્યા છીએ. એટલે વિધિ કરી આરામમાં જઈશું." મહારાજની રુચિ સૌ સમજી ગયા. ધીરે ધીરે મેદની વીખરાવા લાગી. મહારાજ પોતાને ઉતારે પધાર્યા.

પ્રબોધિનીનો ઉત્સવ મહારાજે ધામધૂમથી શ્રીનગરમાં કર્યો. કાર્તિકી પૂર્ણિમા સુધી મહારાજ ત્યાં રોકાયા. પછી શ્રીનગરથી નીકળી ગામડી પધાર્યા. ત્યાંથી કનીજ જઈ તળાવની પાળ પાસે રાયણના વૃક્ષની નીચે થોડી વાર વિશ્રામ કરી મહારાજ મહેમદાવાદ પધાર્યા.

કલ્યાણનો સ્વાર્થ સાધી લેવો

અહીં મહારાજ બેચર ભટ્ટને ઘેર ઊતર્યા. દુર્લભરામે મહારાજ માટે થાળ તૈયાર કર્યો તે મહારાજ જમ્યા. પછી મહારાજ સભાસ્થાને[૯૮] પધાર્યા. મહારાજે અહીં હરિભક્તોને ઉપદેશતાં કહ્યું : "અંદર અંદર સંપ અને સુહૃદભાવ રાખવો. કલ્યાણના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન અંદર અંદર કુસંપ. એકબીજા પ્રત્યે રાગ-

૯૮. અત્યારે જે જૂનું મંદિર છે તે જગ્યાએ.

દ્વેષના આ બધા દોષો છે. માટે મોંઘો મનુષ્યદેહ મળ્યો છે અને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તો આ દોષ ટાળી કલ્યાણનો સ્વાર્થ સાધી લેવો.''

બીજે દિવસે મહારાજ ત્યાંથી જમીને ડભાણ પધાર્યા. અહીં વિશાળ વડ નીચે ઉતારો કર્યો. સત્સંગીઓને મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે તરત જં સૌ મહારાજ પાસે આવવા લાગ્યા. સીધાની સામગ્રી પણ લાવ્યા. બ્રહ્મચારીએ મહારાજ માટે થાળ તૈયાર કર્યો. એટલામાં સંતોએ પણ રસોઈ કરી નાંખી. મહારાજ થાળ જમ્યા પછી સંતોને પીરસવા પધાર્યા. સૌ સંતોને સારી રીતે જમાડ્યા.

મહારાજ ડભાણથી સવારે નીકળી વરતાલ પધાર્યા. અહીં મહારાજ હરિમંડપમાં ઊતર્યા. વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવનાં મહારાજે દર્શન કર્યાં. પછી સીધા ગોમતીએ પધાર્યા.

મહારાજ જેટલા દિવસ વરતાલ રહ્યા, એટલા દિવસ રોજ સવાર-સાંજ ગોમતીમાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા પધારતા. સંતો કીર્તન ગાતા ને સ્નાન કરી રાસ પણ રમતા. મહારાજના સાન્નિધ્યનો આનંદ અને ઉલ્લાસ વરતાલમાં સૌના મુખ પર જોવા મળ્યો હતો. સૌનાં અંતર દિવ્ય આનંદથી સભર બની ગયાં હતાં.

વરતાલમાં થોડા દિવસો રહી મહારાજ પ્રસાદીભૂત મહેળાવ ગામે પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૬

ગઢપુરમાં ફૂલદોલોત્સવ, વરતાલમાં હરિનવમી

(આ.સં. ૧૮૮૪, ઈ.સ. ૧૮૨૮)

મહેળાવમાં ગામ બહાર તળાવને કાંઠે થોડો વિશ્રામ કર્યો. ત્યાંના હરિભક્તો અજુભાઈ, શંભુભાઈ વગેરેએ મહારાજની સેવાનો લાભ લીધો. મહારાજ ત્યાં થોડો વખત રોકાઈ ત્યાંથી મુકામ કરતાં કરતાં ધોલેરા પધાર્યા.

ધોલેરામાં મહારાજે મદનમોહન દેવનાં દર્શન કર્યાં. મંદિરમાં જ ઉતારો કર્યો. મંદિરની બાજુમાં જ બીજી જગ્યા હતી તે લઈ લેવા માટે મહારાજે પૂંજાભાઈ દરબારને કહ્યું : "આ જગ્યા મોકાની છે. મંદિરમાં આજુબાજુ જગ્યાની છૂટ રહે માટે લઈ લ્યો."

દરબારે મહારાજની આજ્ઞા થઈ એટલે તરત જ જગ્યા ખરીદી લીધી. પછી મહારાજ ત્યાંથી નીકળી બરવાળા પધાર્યા.

'હું તો ભરવી ભૂલી જળ હેલ રે'

બરવાળામાં ઉતાવળી નદીમાં મહારાજ ઘોડીને પાણી પાતા હતા. મહારાજને જોઈ, નદીમાં પાણી ભરવા આવેલ વશરામ લુહાણાની સ્ત્રી રાધા તથા ડાહ્યાભાઈ સુથારની મા - આ બંને નદીના પટમાં પોતાનાં બેડાં મૂકી મહારાજનાં દર્શન કરવા દોડી. એટલામાં મહારાજ ઘોડીને પાણી પાઈને ત્યાંથી નીકળી ગયા. આ બંને સ્ત્રીઓ પણ મહારાજની પાછળ દોડતી, મહારાજનાં દર્શન કરતી, મહારાજની પાછળ દોડવા લાગી.

મહારાજ ત્યાંથી કુંડળ થઈને ગઢડાના રસ્તે ચાલ્યા. આ બંને બહેનો પણ પોતાના દેહનું, ઘરકામનું બધું જ ભાન ભૂલીને મહારાજની પાછળ પાછળ દર્શન કરવાના લોભમાં દોડતી જતી હતી.

મહારાજ ગઢપુર પધાર્યા. આ બંને બહેનો ગઢપુર આવી ગઈ. અહીં

મહારાજ દરબારગઢમાં આવ્યા અને ઘોડી ઉપરથી ઊતર્યા ત્યારે પણ તે બંને બહેનો મહારાજનાં સ્થિર નેત્રે દર્શન કરી રહી હતી.

મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા. થોડી વારે સ્નાન કરી, સ્વસ્થ થઈ, ચોકમાં નિંબતરુ નીચે ઢોલિયા ઉપર બિરાજ્યા. મહારાજની સન્મુખ સંતો, હરિભક્તોની સભા થઈ. તે સભામાં સુરાખાચર મહારાજની સન્મુખ બેઠા હતા. તેમણે મહારાજને પ્રશ્ન પૂછ્યો : "મહારાજ ! આ પ્રાગજી પુરાણીએ ભાગવતની કથા વાંચી, તેમાં ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રત્યેના ભક્તિભાવનું વર્ણન સાંભળી મને એમ થાય છે કે આજે કોઈ તનનું, મનનું, કુટુંબનું ભાન ભૂલીને આપની પાછળ દોડતી હશે ખરી ?"

મહારાજ આ પ્રશ્ન સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સુરા આપા ! આ તમે જ અમારી પાછળ પાછળ ફરો છો, દરબાર, કુટુંબ, પરિવાર અને ગરાસની ચિંતા છોડીને; તે એવી ભક્તિ વિના ફરો છો ? આ દાદાખાચરનું આખું કુટુંબ, સારંગપુરના જીવાખાચર, વસ્તાખાચર, આ બધાએ અમારા માટે સર્વસ્વનો ત્યાગ કર્યો છે. તે ઉપરથી એ સિદ્ધ થાય છે કે જ્યારે ભગવાન પ્રગટ હોય, ત્યારે એવા ભક્તિભાવવાળા ભક્તો પણ હોય જ !"

એટલું કહીને મહારાજે કહ્યું : "અને છતાં આજની જ વાત જો નજરે જોવી હોય તો જુઓ પાછળ બે બાઈઓ બેઠી છે. તે બરવાળાની છે અને આપણે ઉતાવળીમાં ઘોડીને પાણી પાતા હતા, ત્યાંથી પાણી ભરવું ભૂલીને તે બંને આપણી પાછળ પાછળ અહીં સુધી આવી ગઈ છે."

અમને કાંઈ ભાન રહ્યું નહીં

એટલું કહીને મહારાજે તે બંને સ્ત્રીઓને આગળ બોલાવી. સર્વે સંતો દૂર ચાલ્યા ગયા. મહારાજે સુરાખાચરને કહ્યું : "બરવાળાના વશરામ લુહાણાની સ્ત્રી આ રાધા અને આ ડાહ્યા સુથારની મા. નદીમાં પાણી ભરવા આવી હતી, પણ બેડાં ત્યાં જ મૂકી આપણી પાછળ આવી છે."

સુરાખાચરે તેમને પૂછ્યું : "તમે બંને બરવાળાથી આવી છો ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, અમે નદીમાં પાણી ભરવા આવી હતી. પણ મહારાજને જોયા એટલે બેડાં ત્યાં ને ત્યાં જ મૂકીને અમે પાછળ દોડી. અમને કાંઈ ભાન રહ્યું નહીં. અત્યારે તમે પૂછ્યું ત્યારે અમને ખબર પડી કે અમારાં બેડાં હજુ ત્યાં જ પડ્યાં હશે, કાં તો કો'ક લઈ ગયું હશે."

સંસારમાં રહેવું અને ભક્તિ પણ કરવી

તે સાંભળીને સુરાખાચરને ખરેખરં આશ્ચર્ય થયું ! મહારાજે રાધાને પૂછ્યું : "રાધા ! તારી ત્રણ પુત્રીઓ છે, તેમાં એક તો પાંચ મહિનાની જ છે. તે રોઈ રોઈને મરી જશે. માટે હવે તમે બંને ઝટ ઘેર જાઓ."

ત્યારે રાધાએ કહ્યું : "મહારાજ ! તેની ગર્ભમાં પણ રક્ષા આપે જ કરી છે, તો અત્યારે નહીં કરો ? માટે અમે તો અહીંથી જવાના નથી."

મહારાજે તેમને સમજાવતાં કહ્યું : "જુઓ, તમે ઘરબારવાળાં રહ્યાં. લોકલાજ, કુળની મર્યાદા આ બધું સાચવવું જોઈએ. નહીં તો અમારું ખોટું દેખાય."

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! આ બધાનો ત્યાગ કરીને અમે તો તમને જ રાખ્યા છે."

મહારાજ આ સાંભળી હસ્યા. પરંતુ ફરી તેમને સમજાવતાં કહ્યું : "સંસારમાં રહેવું ને ભક્તિ પણ કરવી. અમારી આજ્ઞા છે એટલે દરબારમાં જઈને જમી લ્યો અને પછી તંરત જ બરવાળા જવા નીકળી જાઓ !"

મહારાજની આ આજ્ઞા સાંભળી તે બંનેની આંખમાંથી આંસુ પડવાં લાગ્યાં. સુરાખાચર આશ્ચર્યવત્ આ બહેનોના ભક્તિભાવને જોઈ રહ્યા ! તેમને પ્રતીતિ થઈ ગઈ કે ગોપીઓ કરતાં પણ અધિક પ્રેમ અને ભક્તિભાવનાં આજે પણ સત્સંગમાં દર્શન થાય છે.

✧

મહારાજ લગભગ પોષ માસની આખરે ગઢપુર પધાર્યા હતા. તેથી વસંતોત્સવ ગઢપુરમાં જ કરવા નક્કી કર્યું. પરંતુ આ ઉત્સવ ઉપર ફક્ત આજુબાજુ ફરતા સંતો, હરિભક્તોને જ તેડાવવાનું નક્કી કર્યું, તેથી તે પ્રમાણે પત્રો લખાવ્યા.

મહારાજ શુકમુનિ પાસે કાગળ લખાવે છે

એ અરસામાં ઠંડી બહુ જ પડતી હતી. શુકમુનિ મહારાજની પાસે જ સદા રહેતા. મહારાજ જે કાંઈ કહે તેની નોંધ તેઓ તરત જ કરી લેતા. તે પ્રમાણે પત્રો લખતા. એક દિવસ મહારાજ અક્ષર ઓરડીમાં પલંગ ઉપર બિરાજ્યા હતા ત્યારે અચાનક તેમને શુકમુનિનું કામ પડ્યું. તેથી ભગુજીને બોલાવ્યા ને કહ્યું : "શુક સ્વામીને હમણાં ને હમણાં અહીં બોલાવો."

ભગુજી મહારાજનો સંદેશો લઈને ગયા એટલે તરત જ શુક સ્વામી મહારાજ પાસે આવી પહોંચ્યા. મહારાજે તેમને કહ્યું : "શુકમુનિ ! એક પત્ર લખવો છે. અમે કહીએ તે પ્રમાણે લખો."

તરત શુકમુનિ કાગળ, કલમ અને ખડિયો લઈ આવ્યા. મહારાજે તેમને કાગળ લખાવ્યો, તે પ્રમાણે તેમણે પત્ર લખ્યો. પછી મહારાજે કહ્યું : "કાગળ વાંચો જોઈએ." તેમણે કાગળ વાંચ્યો. ત્યારે મહારાજે કહ્યું : "બરાબર લખાયો નથી માટે ફાડી નાંખો." શુકમુનિએ કાગળ ફાડી નાંખ્યો. મહારાજે ત્રણ-ચાર વાર કાગળ લખાવ્યો. પરંતુ દરેક વખતે પત્ર વંચાવીને ફાડી નંખાવતા.

રાત્રીના લગભગ ત્રણ થઈ ગયા હતા. દીવામાં તેલ ખૂટ્યું. એટલે તે પણ ઝાંખો થઈ ગયો હતો. તેથી શુકમુનિએ કહ્યું : "મહારાજ ! લગભગ ત્રણ વાગી ગયા છે. હવે આપ પોઢી જાઓ. કાગળ સવારે લખીશું."

એટલે મહારાજે કહ્યું : "કાગળ અગત્યનો છે એટલે અત્યારે જ લખવો જોઈએ."

એટલામાં દીવામાં તેલ ખૂટ્યું અને દીવો ઓલવાઈ ગયો. તેથી શુકમુનિએ કહ્યું : "મહારાજ ! હવે તો દીવો પણ ઓલવાઈ ગયો. એટલે સવારે જ લખવાનું રાખીએ."

પણ મહારાજ એમ શેના માને ? તેમણે કહ્યું : "સ્વામી ! અહીં તો પ્રકાશનો ભંડાર ભર્યો છે." એમ કહીને મહારાજે પોતાનું જમણું ચરણ પ્રસાર્યું. તે ચરણના અંગૂઠામાંથી પ્રકાશ નીકળ્યો. શુકમુનિ આ જોઈ રહ્યા ! તેમણે કાગળ, કલમ અને ખડિયો લીધાં. મહારાજે કાગળ લખાવ્યો, ફરી વંચાવ્યો અને ફરી ફાડી નાંખવાની આજ્ઞા કરી. લગભગ ચાર વાગી ગયા હતા. સાધુઓ બધા ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને આવી ગયા હતા.

લ્યો, આ સુખડીનાં પારણાં કરો

મહારાજે શુકમુનિને કહ્યું : "મુનિ ! હવે એમ કરો, સવારે જ કાગળ લખીશું. અત્યારે તો તમે હવે સ્નાન કરવા જાઓ અને કાલની એકાદશીનાં પારણાં કરો."

એટલે શુકમુનિએ કહ્યું : "મહારાજ ! લગભગ બધા જ સંતો સ્નાન કરીને આવી ગયા છે. એટલે મારે હવે તેઓ પરવારે ત્યારે જોડ લઈને જવું પડશે."

તે સાંભળી મહારાજે કહ્યું : "તો તો મોડું થઈ જાય." એમ કહી પોતાની

પાસે ડબો હતો તેમાંથી સુખડી કાઢી શુકમુનિને કહ્યું : "લ્યો, આ સુખડીના પારણાં કરો."

શુક સ્વામી આશ્ચર્યવત્ મહારાજની સામું જોઈ રહ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! હજુ સ્નાન, પૂજા કાંઈ જ કર્યું નથી એટલે પારણાં કેમ કરીને થાય ?"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમારી આજ્ઞાથી થાય."

શુકમુનિ તરત સુખડી જમી ગયા. મહારાજ તેમની સરળતાથી ખૂબ જ પ્રસન્ન થયા.

જો વળીઓ કાઢી શકાય, તો આ શુકમુનિને તપાડીએ

ત્રણ-ચાર દિવસ પછી મહારાજે રાત્રે દાદાખાચરને બોલાવ્યા. દાદાખાચર આવ્યા. મહારાજે તેમને કહ્યું : "દાદા ! આ વળીઓ નીકળે ખરી ?"

દાદાખાચર આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે કહ્યું : "મહારાજ ! વળીઓ નીકળે તો ખરી, પણ જો કાઢીએ તો ઉપર ઉઘાડું થઈ જાય; અને અત્યારે ટાઢ પડે છે, એમાં ઉપર એટલું ઉઘાડું રખાય નહીં. આપને તકલીફ પડે."

તે સાંભળી મહારાજે કહ્યું : "અમને તો એમ કે જો વળીઓ કાઢી શકાય તો આ શુક સ્વામીને તપાડીએ. ટાઢ બહુ પડે છે અને મોડી રાત સુધી તે અમારી સેવામાં રહે છે, એટલે તેમને સારી પેઠે તપાડવા છે."

દાદાખાચરે કહ્યું : "મહારાજ ! હમણાં તલસરીની ભારીઓ મોકલાવું છું. તેનાથી શુક સ્વામીને તપાડીએ."

દાદાખાચરની આ પ્રકારની અનુવૃત્તિ જોઈ મહારાજ પ્રસન્ન થઈ ગયા. દાદાખાચરે તરત ભારીઓ મોકલાવી અને મહારાજે તાપણી કરાવી શુકમુનિને સારી રીતે તપાડ્યા.

✧

આ.સં. ૧૮૮૫ના વસંતનો સમૈયો મહારાજે ગઢપુરમાં ધામધૂમથી કર્યો. પછી મહારાજે વિચાર કર્યો કે જૂનાગઢના મંદિરનું કામ ચાલે છે તે કેટલે સુધી આવ્યું તે જોવા ત્યાં જવું જોઈએ. તેથી તેમણે સંત-પાર્ષદોને કહ્યું : "આપણે જૂનાગઢ જવું છે અને શિવરાત્રીનો ઉત્સવ ત્યાં કરવો છે."

ધાર્યું તો એક ભગવાનનું જ થાય છે

મહારાજની આજ્ઞા થઈ એટલે સંતો, પાર્ષદો તૈયાર થઈ ગયા. મહારાજ

ગઢપુરથી નીકળી મુકામ કરતાં કરતાં જૂનાગઢ પધાર્યા. મહારાજ પધાર્યા તેથી બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે અત્યંત રાજી થઈ ગયા. મહારાજે મંદિરનું ચાલતું કામ ઝીણવટથી જોયું. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "આપની કૃપાથી નવાબ સરકારે પથ્થર ઉપર અને મંદિર માટે જોઈતી બીજી વસ્તુઓ ઘી, તેલ, ગોળ, સાગનાં લાકડાં વગેરે ઉપર દાણ માફ કર્યું છે અને નવાબ સાહેબ બહુ જ રાજી છે. પરંતુ નાગર અમલદારોનો દ્વેષ વધતો જાય છે. તેમનું હાટકેશ મહાદેવનું દેરું નાનું છે, જ્યારે તેમની પાસે જ આપણું ત્રણ શિખરનું આભને આંબે એવું મંદિર થતું જોઈ તેઓ મનમાં બહુ અકળાયા છે. પોતાનું ચાલે તો મંદિર તોડી પણ નાંખે."

મહારાજ આ સાંભળી હસ્યા. મહારાજે કહ્યું : "ધાર્યું તો એક ભગવાનનું જ થાય છે. મનુષ્ય મનસૂબા કરે તે મુજબ જો થતું હોય તો જગતનું સંચાલન બરાબર ન થાય. માટે તમો ચિંતા કરશો નહીં."

બ્રહ્માનંદ સ્વામીને આ સાંભળી હિંમત આવી ગઈ.

શિવરાત્રી મહોત્સવ : આ.સં. ૧૮૮૪

મહારાજે અહીં શિવરાત્રીનો મહોત્સવ કર્યો. નાગર અમલદારોને આમંત્રણ આપ્યું, પણ કોઈ આવ્યા નહીં. ફક્ત રૂપશંકર કિકાણી તથા તેમના સંબંધીઓ જે સત્સંગી હતા તેમણે જ આ ઉત્સવનો લાભ લીધો. મહારાજે પછી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અહીં આપણે મૂર્તિમાન મહાદેવ અને પાર્વતીજીને પધરાવવા છે. નાગરોના તે ઇષ્ટદેવ છે. તેથી તેમને સૌને ગુણ આવશે અને ધીરે ધીરે સત્સંગી થઈ જશે."

બ્રહ્માનંદ સ્વામીને મહારાજના આ શબ્દો પાછળનું રહસ્ય સમજાઈ ગયું. મહારાજ શિવરાત્રીનો ઉત્સવ કરી પાછા ગઢપુર ફાગણ સુદ આઠમે પધાર્યા.

કવિ દલપતરામ ગઢપુર આવે છે

આ જ દિવસે ગઢપુરમાં શ્રીમાળી બ્રાહ્મણ કનકા તરવાડીની માની વર્ષી હતી. તે પ્રસંગે કનકા તરવાડીએ ગોહીલવાડના પચ્ચીસ પાદરના ઘર તેડ્યા હતા ને જનોઈ દીઠ એક એક રૂપિયો દક્ષિણા આપવાનું નક્કી કર્યું હતું. શ્રીમાળી ન્યાતના બધા ગઢપુર આવ્યા. સાથે સાથે વઢવાણથી ડાહ્યાભાઈ તરવાડી તેમના દીકરા દલપતરામને લઈને ગઢપુર આવ્યા. તેમણે સૌએ

સાંભળ્યું હતું કે ભગવાન સ્વામિનારાયણ જૂનાગઢથી આવી રહ્યા છે. એટલે બજારમાં તેમની સવારીનાં દર્શન કરવા સૌ નગરજનો સાથે તેઓ બધા પણ રાહ જોતા ઊભા રહ્યા.

એ વખતે સંધ્યાકાળનો સમય હતો. અંધારું પણ નહીં અને અજવાળું પણ નહીં. એટલે ઝાંખું દેખાતું હતું. મહારાજ માણકીએ અસવાર હતા. સંતો, હરિભક્તો, પાર્ષદોનો સંઘ પાછળ આવતો હતો. કીર્તનો ગવાતાં હતાં. ધીમે ધીમે રાજેશ્રી પગલે સવારી ચાલતી હતી. બજારના ચોકમાં કીર્તન મંડળી ઘડીક થંભી એટલામાં મહારાજની સવારી દાદાખાચરના દરબારમાં પહોંચી ગઈ. ડાહ્યાભાઈ તેમના પુત્ર દલપતરામને તથા સકળ બ્રાહ્મણ મંડળને લઈને દાદાખાચરના દરબારમાં મહારાજનાં દર્શને ગયા. મહારાજ ઘોડીએથી ઊતરી અને ઘોડીની લગામ ભગુજીને આપી.

દલપતરામનું સ્વામી સંપ્રદાય અંગીકાર કરવાનું બીજ નંખાયું

પછી મહારાજ તરત જ સભામાં પધાર્યા. સામાન્ય રીતે મહારાજ બહારગામથી જ્યારે આવતા ત્યારે સ્નાન કરી સ્વસ્થ થઈને જ સભામાં પધારતા. પરંતુ આજે બ્રાહ્મણ મંડળી આવી હતી તેથી મહારાજ તરત જ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયો ઢળાવી બિરાજ્યા. તેમના ફરતું સંતમંડળ હતું. સન્મુખ હરિભક્તો હતા. ભૂદેવોને સભામાં આવેલા જોઈ મહારાજે સસ્મિત વંદન કર્યાં. આ દરમ્યાન બાળ દલપતરામની દૃષ્ટિ ને વૃત્તિ તો શ્રીજીમાં જ પ્રોવાયેલા હતા. શ્રીજીમહારાજ સન્મુખ શ્રીમાળી બ્રાહ્મણ સમાજની સભા ભરાઈને બેઠી હતી. મહારાજે બ્રાહ્મણોના ધર્મ વિશે સભામાં ઉપદેશ કર્યો. મહારાજની સુધા સમ અને શાસ્ત્ર સંબંધ વાતો સાંભળી બ્રાહ્મણો રાજી થયા. તેમણે શ્રીજીમહારાજની જય ઉચ્ચારી. પછી તેઓ બધા ઊઠવા લાગ્યા.

એટલામાં મહારાજે તેમને સંબોધીને કહ્યું : "સાંભળો, ભૂદેવો ! તમો ભૂદેવો છો, પૃથ્વીના પણ પૂજ્ય છો. હવે કોઈ વર્તમાન ધરાવો છો ? બ્રાહ્મણો પંચવર્તમાન પાળે તો બીજા વર્ણોય પાળતા શીખે. અમે કંઈ અધર્મ ઉપદેશતા નથી. શાસ્ત્ર સમ્મત સદ્ધર્મ સ્થાપીએ છીએ. અમે શાસ્ત્રને ઉથાપવા નથી આવ્યા, પણ શાસ્ત્રની મર્યાદાને સ્થાપવા આવ્યા છીએ. શાસ્ત્ર અને બ્રાહ્મણ અમારે પૂજ્ય છે."

મહારાજની આ વાણી સાંભળી કેટલાક બ્રાહ્મણો વર્તમાન ધરાવવાને

ઊભા થયા. નિયમનો સંકલ્પ કરાવવા શ્રીજીએ પાણી મંગાવ્યું. દલપતરામના મામા પ્રેમાનંદે ત્યાં જ શ્રીજીના વરદ હસ્તે પંચવર્તમાન ધારણ કીધાં. દલપતરામનું સ્વામી સંપ્રદાય અંગીકાર કરવાનું બીજ ત્યારે નંખાયું.

આ પ્રસગે દલપતરામને એક જીવન સંભારણું રહી ગયું. મહારાજ દાદાના દરબારમાં આવી માણકીએથી ઊતર્યા અને હાથ લાંબો કરી ભગુજીને કહ્યું : "ભગુજી ! ઘોડીને પાવરો ચડાવજો."

મહારાજનું એ વાક્ય અને હાથનું લટકું દલપતરામના જીવનમાં એવા તો સજ્જડ ચોંટી ગયા કે એ લટકું તો એ જીવનભર વિસરી શક્યા ન હતા. સહજાનંદ સ્વામીની મુખમુદ્રાનાં આકર્ષણ એવાં હતાં ![૯૯]

ગુજરાત તરફ પ્રયાણ

મહારાજે ફૂલદોલનો ઉત્સવ ગઢપુરમાં જ કર્યો. ગઢપુરમાં પોતાના પ્રાણપ્રિય ભક્તોને મહારાજ અધિકાંશ લાભ આપતા હતા. છતાં આ લાભ વિશેષ ને વિશેષ મળે તે માટે જયા અને લલિતા, દાદાખાચર, લાધા ઠક્કર વગેરેએ મહારાજ પાસે જઈ વિનંતી કરી : "મહારાજ ! હરિનવમીનો સમૈયો પણ અહીં થાય એવી અમારી સૌની ઇચ્છા છે."

મહારાજ તેમની વાત શાંતિથી સાંભળી રહ્યા. પછી બોલ્યા : "ગુજરાતના હરિભક્તોને પણ દર્શન, સેવા, સમાગમનો લાભ મળે ને ! અમારે તો દરેક મુમુક્ષુ જીવોને પોષણ આપવું છે. પરંતુ આવતી હરિનવમી અમે અહીં કરીશું."

મહારાજની મરજી જોઈ સૌ હરિભક્તોએ પોતાનો આગ્રહ છોડી દીધો. મહારાજે તેમને કહ્યું : "અમે હરિનવમીનો ઉત્સવ કરી તરત જ પાછા અહીં આવી જઈશું. પછી જૂનાગઢમાં પ્રતિષ્ઠા પ્રસંગે જવાનું થશે. ત્યાં તમારે સૌએ આવવાનું છે."

મહારાજની આજ્ઞા અને રુચિ સમજીને જ સૌ વર્તતા, તેથી મહારાજ પણ તેમની ભક્તિથી પ્રસન્ન રહેતા. જયા, લલિતા અને દાદાખાચરે મહારાજને રાજી થઈને વરતાલ હરિનવમીનો ઉત્સવ કરવા જવાની રજા આપી. મહારાજ તેથી પ્રસન્ન થઈ સંત, પાર્ષદોને લઈને ગઢપુરથી વરતાલ જવા નીકળી ગયા.

મહારાજ ગઢડાથી નીકળી કારિયાણી થઈને ધોલેરા પધાર્યા. અહીં

૯૯. કવીશ્વર દલપતરામ; ભાગ-૧લો. પાનું. ૭૪ થી ૭૬. લેખક : ન્હાનાલાલ દલપતરામ કવિ; વિ.સં. ૧૯૮૯, સને ૧૯૩૩. પ્રકાશક : પ્રેમભક્તિ ગ્રંથમાળા.

મંદિરમાં મહારાજ રાત રહ્યા.

બીજે દિવસે ધોલેરાથી નીકળી પીપળિયા થઈને કમિયાળા પધાર્યા. અહીંના હરિભક્તોનો આગ્રહ જોઈ મહારાજે સંઘને વિદાય કર્યો. પોતે ત્યાં રોકાયા અને જમીને ત્યાંથી ભોગાવો નદી ઊતરી ભોળાદની સીમમાં તળાવની નજીક શમડાના ઝાડ નીચે ઉતર્યા.

ઉનાળાનો તાપ સખત હતો એટલે સંતોએ તળાવમાંથી પાણી લાવી પૃથ્વી ટાઢી કરી દીધી. મહારાજ માટે ત્યાં આસન પાથર્યું અને લૂગડાં ભીનાં કરી આજુબાજુ બાંધી દીધાં, જેથી ઠંડક રહે. મહારાજ સંતોની આ સેવાથી ખૂબ જ રાજી થયા. પરંતુ સંતોનું તપ જોઈ મનમાં વિચાર કરવા લાગ્યા કે આવા સખત તાપમાં મારા સંતો ઉઘાડે પગે ચાલે છે અને મને રાજી કરવા તપ કરે છે. તેમણે તરત નક્કી કરી લીધું કે સંતોને હવે પગરખાં પહેરવાની આજ્ઞા કરવી.

મહારાજ થોડી વાર આરામ કરી ઊઠ્યા અને તરત તૈયાર થયા. સંત, સખા અને પાર્ષદો સાથે ચાલ્યા. સાબરમતી નદી ઊતરીને વરસડે પધાર્યા. અહીં મહારાજ રાત રહ્યા.

વરતાલમાં હરિનવમીનો ઉત્સવ

બપોરે ત્યાંથી નીકળી સીંજીવાડા થઈને સીધા વરતાલ પધાર્યા. વરતાલમાં હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. હરિનવમીનો ઉત્સવ હતો એટલે સંતો-હરિભક્તો હજારોની સંખ્યામાં આવી ગયા હતા. મહારાજનાં દર્શનના સૌ પ્યાસી હતા. કેટલાકને તો થોડા સમય પહેલાં જ મહારાજનાં દર્શન થયાં હતાં. છતાં મહારાજની નયનરમ્ય મૂર્તિનાં આકર્ષણ જ એવાં હતાં કે દર્શનથી તૃપ્તિ જ થતી ન હતી.

સત્સંગીઓનો સમૂહ જોઈ, સાધુઓના શીલ જોઈ, મહારાજનું ઐશ્વર્ય જોઈ અસુરો હવે દબાઈ ગયા હતા. તેમને મનમાં પ્રતીતિ થઈ ગઈ હતી કે આ સંપ્રદાયને તોડવાને ગમે તેટલો પ્રયાસ કરીશું છતાં જ્યાં સુધી તેમાં ભગવાન પ્રગટ છે અને સાધુઓ ચારિત્ર્યશીલ છે ત્યાં સુધી કોઈનું પણ ચાલવાનું નથી. એટલું જ નહીં, પરંતુ જ્યાં જ્યાં ઉપાધિનાં ઘેરાં વાદળો ઊઠ્યાં હતાં ત્યાં જ સત્સંગ વિશેષ પ્રમાણમાં પ્રસરી ગયો હતો. ગામેગામ હરિમંદિરો થવા લાગ્યાં હતાં. ભાગવત ધર્મના પ્રસારણનું, ભગવાન સ્વામિનારાયણ તથા તેમના સંતોનું આવું કાર્ય જોઈ વિરોધીઓ હવે હતાશ થઈ ગયા હતા. તેમના હાથ હેઠા પડી

ગયા હતા ! શૂન્યમનસ્ક બની સંપ્રદાયનો થતો વિસ્તાર વિસ્ફારિત નેત્રે તેઓ જોઈ રહ્યા હતા.

મહારાજે હરિનવમીનો સમૈયો ખૂબ ભવ્યતાપૂર્વક કર્યો. સમયોચિત ઉપદેશની વાતો કરી. બીજે દિવસે સૌને પારણાં કરાવી રજા આપી અને પોતે પણ ત્યાંથી નીકળવા તૈયાર થયા.

મહારાજ વરતાલથી નીકળી સીંજીવાડે રાત રહ્યા. ત્યાંથી વરસડા, ગલિયાણા થઈને આગળ ચાલ્યા. ત્યાં માર્ગમાં એક તળાવ આવ્યું. અહીં મહારાજે સ્નાન કર્યું એટલે શૂન્યાતીતાનંદ સ્વામી મહારાજ માટે સાથવો લઈ આવ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ સાથવો જમ્યા. ત્યાંથી જાખડા, ધોલેરા, બરવાળા થઈને મહારાજ ગઢપુર પધાર્યા.



ઉદ્‌ગીથ ૧૭

જીર્ણદુર્ગમાં મૂર્તિપ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૮૪, ઈ.સ. ૧૮૨૮)

મહારાજ ગઢપુર પધાર્યા પછી રામપ્રતાપભાઈના પુત્ર નંદરામના બે પુત્રો રામશરણ અને નારાયણપ્રસાદને ઉપવીત સંસ્કાર કરાવ્યા.

આ તારો રંગીલદાસ

જૂનાગઢમાં મંદિર થઈ રહ્યું હતું તેમાં અનેક ઉપાધિઓ આવી અને મહારાજની કૃપાથી તે દૂર પણ થઈ ગઈ. છેવટે ત્યાંના દીવાન રંગીલદાસને[૧૦૦] નાગરોએ ઉશ્કેર્યો. તે વખતે તે રાજ્યના કામ અંગે વડોદરા ગયો હતો. ત્યાંથી તેણે સંદેશો મોકલ્યો કે "હું આવું છું અને સ્વામિનારાયણના મંદિરની કાંકરીએ કાંકરી તોડી–ફોડીને ત્યાં પાદર કરી દઈશ, માટે કાંઈ ફિકર કરશો નહીં."

આ વાતની રૂપશંકરભાઈ કિકાણી તથા રામજી મહેતાને ખબર પડી. એટલે તેઓ એકદમ ઉદાસ થઈ ગયા અને મંદિરમાં આવી બ્રહ્માનંદ સ્વામીને વાત કરી. સ્વામી પણ આ વાત સાંભળી વિચારમાં પડી ગયા.

તે વખતે ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં હતા અને મહાપૂજામાં મહારાજની મૂર્તિ ઉપર તુલસીનાં માંજર ચડાવતા હતા અને બોલતા હતા કે

---

૧૦૦. રંગીલદાસ દીવાન હતો તેમ સંપ્રદાયમાં પરંપરાગત રીતે ઉલ્લેખ મળે છે. પરંતુ તે મજમુદાર હતો. તે જૂનાગઢના પરગણાંઓનો કર વસૂલ કરવાનો અમલદાર હતો. ઈ.સ. ૧૮૦૨માં સૌરાષ્ટ્રનાં રાજ્યો પાસેથી ખંડણી વસૂલ કરવા ગાયકવાડના સેનાપતિ બાબાજી આપાજી એક મોટી સેના લઈને આવ્યા હતા ત્યારે રંગીલદાસે તેની સાથે રહીને ખંડણી ઉઘરાવવાનું ખૂબ મોટું કામ કર્યું હતું. શક્ય છે કે પાછળથી તેની કામગીરીને લક્ષમાં લઈને તેને દીવાનપદું સોંપ્યું પણ હોય.
– 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', લે. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, ત્રીજી આવૃત્તિ, ૧૯૯૦, પૃષ્ઠ ૭૧૬.

"મંદિરના શિખર તો આમ થઈ જશે."

બ્રહ્માનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમણે સ્વામીને આ રીતે બોલતા સાંભળ્યા. એટલે તેમણે કહ્યું : "સ્વામી ! તમે મહાપૂજામાં મહારાજની મૂર્તિ ઉપર તુલસી ચડાવી શિખર કરો છો પણ રંગીલદાસ તો મંદિરની કાંકરીએ કાંકરી ઉડાવી દેવાનું કહે છે. અને વડોદરાથી ખાસ તે માટે જ એક-બે દિવસમાં નીકળવાનો છે."

આ સાંભળી ગોપાળાનંદ સ્વામી હસ્યા. તેમણે કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી ! મહારાજના કાર્ય આગળ રંગીલદાસ બિચારો કોણ ? તમે ચિંતા કરશો નહીં."

પરંતુ બ્રહ્માનંદ સ્વામીના મુખારવિંદ ઉપર ઉદાસીનતા જોઈ સ્વામી પોતાની બગલમાં હાથ નાંખી એક મુવાળો તોડી બોલ્યા : "સ્વામી ! આ તમારા રંગીલદાસ ! જુઓ, આ મુવાળાની પેઠે ક્યાંય ઊડી જશે અને આપણું મંદિર પૂરું થઈ જશે." બ્રહ્માનંદ સ્વામીને સ્વામીના આ વચનથી શાંતિ થઈ ગઈ !

બીજે દિવસે ખબર આવી કે રંગીલદાસ વડોદરાથી નીકળી ગયો છે. ત્યારે ગોપાળ સ્વામીએ કહ્યું : "ભલે નીકળી ગયો પણ જૂનાગઢમાં પ્રવેશ કરી શકશે નહીં."

ત્યારપછી બે દિવસે સમાચાર આવ્યા કે રંગીલદાસ જૂનાગઢ આવતો હતો અને રસ્તામાં કોઈ જંગલી જાનવર આડું આવ્યું એટલે તેનો ઘોડો ભડક્યો. રંગીલદાસ નીચે પડી ગયો. તેની ભેટે ખોસેલી બરછી તેના પેટમાં પેસી ગઈ અને પેટ ચીરીને બહાર નીકળી ગઈ. રંગીલદાસ ત્યાં જ મૃત્યુ પામ્યો !

નવાબ સાહેબને આ સમાચાર આપવામાં આવ્યા ત્યારે તેમણે ફરમાન કર્યું : "મૈયતને શહેરમાં લવાય નહીં. રાજ્યનું અમંગળ થાય. માટે ત્યાંથી જ તેની જ્યાં વિધિ કરવાની હોય ત્યાં લઈ જાવ."

આ રીતે રંગીલદાસના મનસૂબા અધૂરા રહ્યા અને ગોપાળાનંદ સ્વામીના વચન અનુસાર તે જૂનાગઢમાં પ્રવેશ કરી શક્યો નહીં.

ત્યારપછી થોડા દિવસમાં મંદિરનું અધૂરું કામ પૂરું થઈ ગયું. પ્રતિષ્ઠા કરી શકાય એટલું કામ થયું એટલે પ્રતિષ્ઠાવિધિનો સૌ વિચાર કરવા લાગ્યા.

બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, ઝીણાભાઈ,[૧૦૧] ગગાભાઈ, ઉમેદસંગ, દાદાભાઈ, અંબારામ, માણેકલાલ, રૂપશંકર, જટાશંકર, શિવશંકર,

૧૦૧. જૂનાગઢમાં મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે ઝીણાભાઈની હયાતી વિશે જુદા જુદા મત પ્રવર્તે છે. સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં ઝીણાભાઈનો અક્ષરવાસ આ.સં. ૧૮૮૨ની આસપાસમાં વર્ણવ્યો છે. વળી, રાજકવિ ભક્તરાજ માવદાનભાઈ ➤

અમરજીભાઈ, માધવરાય, હિંમતરામ, દયાળભાઈ, દેવરામ, કાનજીભાઈ, ભીમજીભાઈ, દુર્ગાદાસ બધા જ ભેગા થયા. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ક્યારે કરવી તે અંગે પત્ર લખીને મહારાજને મોકલવાનું તેમણે ઠરાવ્યું. મહારાજ ઉપર પત્ર લખાયો. સૌને વાંચી સંભળાવ્યો. પછી ગગાભાઈને પત્ર આપી ગઢપુર મોકલ્યા.

ગગાભાઈ તરત જ જૂનાગઢથી નીકળી ગયા અને ગઢપુર પહોંચ્યા. મહારાજને તેમણે પ્રણામ કર્યા અને પત્ર આપ્યો. મહારાજે શુકમુનિને બોલાવીને

રત્નુએ લખેલા પુસ્તક 'ઠાકોર ઝીણાભાઈ'માં આ.સં. ૧૮૮૨ માગશર સુદ દશમની તિથિએ ઝીણાભાઈ ધામમાં પધાર્યા એવો ઉલ્લેખ છે.

પરંતુ ગઢડા અંત્યનું પહેલું વચનામૃત, જે આ.સં. ૧૮૮૨ વૈશાખ વદ એકાદશીના દિવસનું છે, તેમાં મહારાજ કહે છે : 'તે જ્ઞાનના અંગવાળા તો ઝીણાભાઈ, દેવરામ અને પ્રભાશંકર છે' અને વળી, આ.સં. ૧૮૮૪ના ભાદરવા વદ ચોથના દિવસના વચનામૃત ગઢડા અંત્ય ૨૨માં પણ મહારાજ કહે છે કે 'એવું તો ઝીણાભાઈનું અંગ છે તથા પર્વતભાઈ અને મૂળજી એમનાં પણ એવાં અંગ હતાં...' આથી સ્પષ્ટ જણાય છે કે આ સં. ૧૮૮૪ ભાદરવા વદ ચોથ સુધી તો ઝીણાભાઈ હતા. વળી, સંપ્રદાયમાં પ્રચલિત પ્રસંગ છે કે શ્રીહરિના નાના ભાઈ ઇચ્છારામ આ.સં. ૧૮૮૩ પોષ સુદ આઠમના ધામમાં પધાર્યા ત્યારે એમની નનામી શ્રીહરિએ ઊંચકી ન હતી અને ઝીણાભાઈની નનામી ઊંચકેલી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ એ અંગે પ્રશ્ન પૂછેલો કે "તમારા ભાઈની નનામી ન ઊંચકી અને ઝીણાભાઈની ઊંચકી એનું રહસ્ય શું ?"

આથી આ. સં. ૧૮૮૨ માગશર સુદ દશમની તિથિ શંકાસ્પદ જણાય છે. વળી, હરિલીલામૃત તથા સત્સંગિજીવનમાં ઝીણાભાઈ જૂનાગઢની મંદિરની પ્રતિષ્ઠા સમયે (આ.સં. ૧૮૮૪ વૈશાખ વદ બીજ) હાજર હતા એવો ઉલ્લેખ મળે છે. પરંતુ આટલા ભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગનાં વર્ણનો જોતાં એ આશ્ચર્ય થાય છે કે તેમાં ક્યાંય મંદિરના મુખ્ય સૂત્રધાર સમા ઝીણાભાઈનું કોઈ મહત્ત્વનું કાર્ય કે મહત્ત્વનો કોઈ વાર્તાલાપ પણ મળતો નથી. તેમનું અગ્રેસરપણું પણ ઊપસતું નથી. ઝીણાભાઈ જેવા મહારાજના લાડીલા ને અગ્રણી ભક્તરાજ સમગ્ર ઉત્સવમાં સાવ મૂક પ્રેક્ષક બની રહે તે માન્યામાં આવે તેવું નથી. શક્ય છે કે કેટલાક ગ્રંથકારોએ ઝીણાભાઈના મંદિરનિર્માણના મૂળ સંકલ્પને લક્ષમાં લઈને તેઓની પ્રતિષ્ઠા પ્રસંગે હયાતી કલ્પી હોય. આમ, આ અને અન્ય તમામ પરિપ્રેક્ષ્યનો વિચાર કરતાં એમ ચોક્કસ લાગે છે કે ઝીણાભાઈનો અક્ષરવાસ પ્રતિષ્ઠા પૂર્વે ૧૮૮૪ની સાલમાં જ થયેલો હોવો જોઈએ. છતાં આ ગ્રંથમાં જૂનાગઢના પ્રતિષ્ઠા પ્રસંગે ઝીણાભાઈની ઉપસ્થિતિ દર્શાવીને તેમનો અક્ષરવાસ આ. સં. ૧૮૮૫માં લીધો છે અને માગશર સુદ દશમની તિથિ એની એ રાખી છે.

પત્ર વંચાવ્યો. પછી બીજા સંતો તથા હરિભક્તોને બોલાવ્યા. રામચંદ્ર જોષીને પણ બોલાવ્યા અને તેમને જૂનાગઢના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત કાઢી આપવા કહ્યું. રામચંદ્ર જોષીએ તરત ટીપણું કાઢીને મુહૂર્ત જોયું અને મહારાજને કહ્યું : ''પ્રભુ ! વૈશાખ વદ ૨ને ગુરુવારે સરસ મુહૂર્ત આવે છે. આપની દયાથી બધું નિર્વિઘ્ને પતી જશે.''

મહારાજ તેના ઉપર પ્રસન્ન થયા, કારણ કે તેને જ્યોતિષ કરતાં પણ મહારાજની કૃપાનો આધાર વધુ હતો. મહારાજે તે પ્રમાણે બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા જૂનાગઢના હરિભક્તો ઉપર પત્ર લખાવ્યો, અને લખાવ્યું કે ''અમે ત્યાં વૈશાખ સુદ ૧૨-૧૩ના અરસામાં આવી જઈશું.''

પછી ગગાભાઈને મહારાજે કહ્યું : ''તમે કાલે જૂનાગઢ જવા નીકળી જજો.''

બીજે દિવસે ગગાભાઈ જૂનાગઢ જવા નીકળી ગયા અને વળતે દિવસે જૂનાગઢ પહોંચી ગયા. મહારાજનો પત્ર તેમણે બ્રહ્માનંદ સ્વામીને આપ્યો. બ્રહ્માનંદ સ્વામીએ બધા જ હરિભક્તોને બોલાવી મહારાજનો પત્ર વાંચી સંભળાવ્યો. પછી કહ્યું : ''હવે આપણે પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ કરવા મંડી પડવાનું છે.''

પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ

ઉત્સવ દરમ્યાન રસોડાના સામાન માટેની તૈયારીઓ હરિભક્તો કરવા લાગ્યા. નાગર પાંચીબાઈએ કહ્યું : ''વડી, પાપડ વગેરે સામગ્રીઓ તૈયાર કરવાની છે, તો આખા ગામના નારાયણ દવેના ઘરનાં બૈરાંઓને બોલાવવાં પડશે. વળી, ધોરાજીમાં માવજીભાઈ રહે છે તેમનાં ઘરનાં બૈરાંઓ પણ આવા કામમાં ચતુર છે. માટે તેમને બધાંને તેડાવો એટલે કામ જલદી ઉકલે.''

પાંચીબાઈની સૂચના પ્રમાણે બધે સંદેશાઓ મોકલી દીધા અને પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીઓ તડામાર થવા લાગી.

બ્રહ્માનંદ સ્વામીની સૂચના અનુસાર ગામેગામ પ્રતિષ્ઠા ઉત્સવના આમંત્રણની કંકોત્રીઓ લખાવા માંડી. મહારાજે દાદાખાચરને સપરિવાર જૂનાગઢ આવવાની આજ્ઞા કરી દીધી. તે પ્રમાણે જીવાખાચર તેમજ સારંગપુર, કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર, બોટાદ, લોયા વગેરે ગામોમાંથી પણ બધાને સહકુટુંબ જૂનાગઢ આવવા માટે સંદેશાઓ મોકલાવી દીધા.

સારંગપુર, કુંડળ, કારિયાણી, બોટાદ, લોયા વગેરે ગામોના મહારાજના સખાઓ ગઢપુર આવી ગયા. બીજા હરિભક્તો, સંતો પણ સૌ તૈયાર થઈ ગયા.

મહારાજ સંઘ સાથે ગઢપુરથી નીકળ્યા. વાંકિયામાં રાત રહ્યા અને ત્યાંથી ઉતાવળા ચાલતા, મુકામ કરતાં કરતાં જૂનાગઢ તરફ રવાના થયા.

જૂનાગઢમાં મહારાજનું ભવ્ય સામૈયું

આ પ્રસંગે હાથી ઉપર સુવર્ણની અંબાડીમાં મહારાજને પધરાવી આખા નગરમાં નગરયાત્રા કાઢવાનો બ્રહ્માનંદ સ્વામી તથા ત્યાંના સૌ હરિભક્તોએ નિર્ણય કર્યો હતો. બ્રહ્માનંદ સ્વામી નવાબ સરકાર[૧૦૨] પાસે ગયા. રાજ્યમાંથી લશ્કરી ઘોડેસવારો, પાયદળ, આરબની બેરખ, હાથી-ઘોડા, ડંકા, નિશાન વગેરેની નવાબ સરકાર પાસે માંગણી કરી, જેથી મહારાજનું નગરમાં ભવ્ય સ્વાગત થઈ શકે. નવાબ સરકારને મહારાજ પ્રત્યે ખૂબ જ ભાવ હતો. તેથી તેમણે તરત જ સ્વામીની માગણી પ્રમાણે બધું જ મોકલવા હુકમ કરી દીધો.

પરંતુ રાજ્યના મુખ્ય નાગર દીવાનને પ્રથમથી જ મંદિરની પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ હતો. છતાં નવાબ સાહેબના હુકમને તે પાછો ઠેલી શકે તેમ ન હતું. તેથી તેણે એક યુક્તિ કરી. ઘોડશાળના મુખ્ય માણસને બોલાવીને તેને કહ્યું : "સ્વામિનારાયણની નગરમાં સવારી કાઢવાની છે. એટલે નવાબ સરકારનો મોટો વાળી ઘોડો છે તેના ઉપર પલાણ માંડીને શણગારીને તે મોકલવાનો છે અને નવાબ સાહેબનું ફરમાન છે કે 'બ્રહ્માનંદ સ્વામી જ આ ઘોડા ઉપર બેસે' - એ પ્રમાણે તેમને કહેવાનું છે."

ઘોડશાળમાંથી તે પ્રમાણે વાળી ઘોડો કાઢી, શણગારી, સવારીમાં મોકલવાની તેના મુખ્ય સંચાલકે તૈયારી કરી દીધી. દીવાનના આ ફરમાનમાં તેનો મલિન આશય હતો. વાળી ઘોડો તોફાની હતો. વળી, ઘોડીને જોતાં અથવા તેની ગંધ આવતાં તે ઉશ્કેરાતો. તેથી દીવાનને થયું કે ચાલુ સવારીમાં બ્રહ્માનંદ સ્વામીને વાળી ઘોડો ઉછાળીને પાડી દેશે એટલે સવારીમાં ભંગાણ પડશે. નવાબ સરકારના હુકમ અનુસાર હાથી, ઘોડા, લશ્કર, પાયદળ, મેના, પાલખી, બે ઘોડાની ફેટનો(બગી) વગેરે મહારાજના ભવ્ય સામૈયા માટે મોકલી દીધાં.

સવારીમાં મહારાજ સોનાની અંબાડીથી શોભતા હાથી ઉપર બિરાજ્યા. તેમની પાછળ મૂળજી બ્રહ્મચારી મહારાજને ચામર ઢોળતા બેઠા. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સુવર્ણની પાલખી તેમજ મ્યાના અને તાવદાનમાં બેઠા. બીજા સદ્‌ગુરુઓ બે ઘોડાની ફેટનોમાં, વેલ્યોમાં, રથમાં બેઠા. અન્ય સંતો

---

૧૦૨. બહાદુરખાન ૧લા. ઈ.સ. ૧૮૧૧ થી ૧૮૪૦.

તથા ઉત્સવિયા મંડળ કીર્તનગાન કરતા આગળ હતા. સૌથી આગળ ઊંટ ઉપર ભીમ ભગત મોટી પાઘ ઉપર લાલ મદ્રાસી રંગની બોકાની બાંધી સવારીની દેખરેખ રાખતા બેઠા હતા. નોબતો વાગતી હતી. પછવાડે ઢોલ, શરણાઈ તેમજ પડઘમ, વાજાં વગેરે વાગતાં હતાં. કાઠી પાર્ષદો બંધૂકોના ભડાકા કરતા હતા. મહારાજની આગળ કાઠિયાવાડી ઘોડીઓ ઉપર શંખલાદિ પલાણો નાંખી, હાથમાં બરછી-ભાલા, ખભે ઢાલ, કેડે તલવાર વગેરે શસ્ત્રો સજી મહારાજના સખા કાઠી દરબારો હતા.

નવાબ સાહેબ મહારાજની સવારીનાં દર્શન કરવા ઝરૂખામાં બેઠા. તેમની પાછળ જ દીવાન બેઠો. તે તો મનમાં સંકલ્પ કરતો હતો કે બ્રહ્માનંદ સ્વામી ઘોડા ઉપરથી પડે અને સવારી વેરવિખેર થઈ જાય ! મજેવડી દરવાજેથી સામૈયું ચડ્યું ત્યારે નવાબનો વાળી ઘોડો શણગારી બે ખાસદારો બ્રહ્માનંદ સ્વામી પાસે લાવ્યા અને સ્વામીને કહ્યું : "નવાબ સાહેબનું ફરમાન છે કે આપે આ ઘોડા ઉપર બેસવાનું છે." બ્રહ્માનંદ સ્વામી વાળી ઘોડાને[૧૦૩] જોઈ દીવાનની ચાલ સમજી ગયા. તે જાણતા હતા કે વાળી ઘોડો જ્યારે આગલા બે પગ ઊંચા કરી ઝાડ થાય ત્યારે બે ખાસદારો તેના ગળે વળગી પડે ત્યારે જ તે પગ હેઠા મૂકે એવો તાકાતવાળો હતો. ઘોડીઓને જોઈ તે વધુ ઉન્મત થતો.

બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે

બ્રહ્માનંદ સ્વામીએ તે ઘોડાને થાબડ્યો એટલે તે હાવળ દેવા લાગ્યો. પછી સ્વામીએ તેની પ્રદક્ષિણા કરી, તેના કાનમાં શાંતિમંત્ર ભણી, સ્વામિનારાયણનું નામ લઈ, તેના જમણા કાનમાં ફરી જોરથી ફૂંક મારી. તેની કેશવાળી માથે હાથ ફેરવ્યો, તેની આંખમાં પોતાની દૃષ્ટિ પરોવીને ડાબી બાજુએ જઈને ખાસદારો પાસેથી લગામ લઈ લીધી અને તેમને કહ્યું : "તમે હવે આઘા ખસી જાવ."

'જય સ્વામિનારાયણ' કહી સ્વામી ઘોડા ઉપર સવાર થઈ ગયા ! ખાસદારો હજુ ઘોડાની પાસે જ ઊભા હતા. તેમને બીક હતી કે ઘોડો તેના સ્વભાવ પ્રમાણે તોફાન કરશે એટલે તેને પકડી રાખવા માટે જ તેઓ ત્યાંથી ખસ્યા નહીં. તેમને ત્યાં ઊભેલા જોઈ સ્વામીએ તેમને કહ્યું : "તમે ચિંતા કરશો નહીં. ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે આ વાળી ઘોડો હવે શાંત થઈ જશે.

---

૧૦૩. વાળી ઘોડાને સવારીના કામમાં લેવાય જ નહિ. ફક્ત ઉમદા વછેરા ઉત્પન્ન કરવાના ઉપયોગમાં જ તે આવે.

ભગવાન આગળ તો ચોર, લૂંટારુઓ અને ડાકુઓએ પણ સ્વભાવ મૂકી દીધા છે. માટે આ ઘોડો પણ તેનો સ્વભાવ અત્યારે મૂકી દેશે !''

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજનો પ્રતાપ બતાવવા માટે વાળી ઘોડાની લગામ ખેંચી એટલે તે ઊછળ્યો અને ચાર પગે દોડીને મહારાજના હાથી આગળ કાઠી દરબારો પોતાની ઘોડીઓ ઉપર સવારી કરી ચાલતા હતા ત્યાં આવી ગયો. સ્વામીએ તેને ઘોડીઓ વચ્ચે મૂકી દીધો. મહારાજને પ્રતાપે અને સ્વામીની દૃઢ ભક્તિથી વાળી ઘોડો ઘોડીઓ વચ્ચે આવ્યો છતાં શાંત થઈ ગયો ! બ્રહ્માનંદ સ્વામીના યતિપણાના પ્રતાપે વાળી ઘોડો પણ નિષ્કામી થઈ ગયો !

દીવાનના મનસૂબા ભાંગીને ભુક્કો થઈ ગયા !

શહેર મધ્યે માણેકચોકમાં થઈને મહારાજનો હાથી નીકળ્યો. મહારાજે નવાબ સરકાર તરફ મીઠી નજરથી જોયું. નવાબ સરકાર મહારાજની આ દૃષ્ટિથી જાણે પાક બની ગયા હોય તેમ અંતરમાં શાંતિ અનુભવતા મંદમંદ હસવા લાગ્યા. ઝરૂખામાંથી જ મહારાજ ઉપર પુષ્પવૃષ્ટિ થઈ. બ્રહ્માનંદ સ્વામીને વાળી ઘોડા ઉપર બેસી સ્થિર દૃષ્ટિથી માળા ફેરવતા જોઈ દીવાન તો તાજુબ બની ગયો ! તેને થયું કે તેના બધા મનસૂબા ભાંગીને ભુક્કો થઈ ગયા.

મહારાજના આ ભવ્ય સામૈયામાં એક અપંગ મીર ત્રાંસા વગાડતો હતો.[૧૦૪] મહારાજે તેના ઉપર રહેમ કરી. તેને મહારાજમાં ખુદાનાં દર્શન થયાં.

ધીરે ધીરે સવારી નાગરવાડામાં મંદિર પાસે આવી. હાથી ઝૂક્યો અને મહારાજ નીચે ઊતર્યા. તરત જ બ્રહ્માનંદ સ્વામી વાળી ઉપરથી ઊતરી મહારાજ પાસે આવી ગયા. મહારાજે તેમનું કાંડું પકડ્યું. બીજી બાજુ ગોપાળાનંદ સ્વામી આવ્યા. મહારાજે તેમનું પણ કાંડું પકડ્યું. બંને સદ્‌ગુરુઓનાં કાંડાં પકડી મહારાજ મંદિર જોવા પધાર્યા. મંદિર જોઈ મહારાજ ખૂબ જ રાજી થયા.

મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે

મહારાજ ઝીણાભાઈના દરબારમાં પૂર્વદ્વારની અક્ષર ઓરડીમાં પધાર્યા.

---

૧૦૪. વાજિંત્રો વગાડનારા મીરોને બોલાવ્યા હતા પરંતુ તેમણે ના કહી. તેમાંથી એક અપંગ મીરે હા કહી અને ત્રાંસા વગાડવા આવ્યો. તે જોઈ બીજા મીરોએ તેને કટાક્ષમાં કહ્યું : ''તને તો સ્વામિનારાયણ પાઘ બંધાવશે, કારણ કે તારા વગર તેમનું સામૈયું અટકી જવાનું હતું !'' મીર કાંઈ બોલ્યો નહિ.

અહીં તેમણે એકાએક તે લંગડા મીરને યાદ કર્યો. એટલે એક પાર્ષદ બહાર તપાસ કરવા ગયો. તે વખતે લંગડો મીર જોરથી ત્રાંસા વગાડતો હતો. પાર્ષદે તેની પાસે જઈને તેને કહ્યું : "તને મહારાજ યાદ કરે છે."

આ સાંભળી મીર તો તાજુબ થઈ ગયો ! પોતાના જેવા એક ઊતરતી જાતિના માણસને મહારાજ બોલાવે છે ! તે ખોડંગાતો ખોડંગાતો મહારાજ પાસે ગયો. મહારાજે તેને પોતાની સોનેરી તારવાળી પાઘ આપી. મહારાજની આ કૃપાથી મીરની આંખમાં આંસુ આવી ગયાં ! તેના સગાંઓએ તેને મહેણું માર્યું હતું કે તને સ્વામિનારાયણ પાઘ બંધાવશે અને મહારાજે ખરેખર તેને પાઘ આપ્યો ! તેણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! મારા ઉપર બહુ જ મહેર કરી. મને આપને શરણે લ્યો." એમ કહી તેણે ફરી હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ તો સાક્ષાત્ ખુદા છો એટલે બધું જાણો છો. છતાં હું કહું છું કે બાઈઓને જોઈને કદાચ મનમાં મને ભૂંડા ઘાટ થયા હશે, પણ દેહે કરીને હું ભ્રષ્ટ થયો નથી."

મહારાજ તેનો નિષ્કપટ ભાવ જોઈ રાજી થઈ ગયા અને તેને માથે બે હાથ મૂક્યા.

અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ

વૈશાખ સુદ ૧૫ને દિવસે મહારાજ ફરી મંદિર જોવા પધાર્યા. મંદિરનું સંપૂર્ણ નિરીક્ષણ કરી મહારાજ આસોપાલવનાં તોરણોથી તેમજ હાંડીઓ, ઝુમ્મર વગેરેથી શણગારેલા ભવ્ય મંડપમાં પધાર્યા. મંડપમાં અગાઉથી જ હરિભક્તોની ભારે ભીડ જામી હતી. પાટ ઉપર ગાદી-તકિયા બિછાવ્યા હતા તે ઉપર મહારાજ બિરાજમાન થયા. સભામાં હરિભક્તોની આવી ભીડ ભાળી મહારાજ તેમની ભક્તિ અને ઉત્સાહથી પ્રસન્ન થઈ ગયા.

તેમણે સભાને સંબોધતાં કહ્યું : "આવું રૂડું મંદિર બહુ જ થોડા વખતમાં તૈયાર કરી દીધું તે માટે બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી તથા અહીંના તમામ હરિભક્તો, કારીગરો વગેરે સૌને ધન્યવાદ છે. મહિમા સમજાયો હોય તો જ તન, મન, ધનથી આવું કાર્ય થઈ શકે. આ મંદિર થવાની તૈયારીમાં હતું ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ અમને કહ્યું હતું કે બીજાં મંદિરોના મહંતો તો આપે નીમ્યા, પરંતુ જૂનાગઢ મંદિરના મહંત વિચારીને નીમજો. કારણ અહીંનું નવાબી રાજ્ય છે. વળી, નાગર અમલદારોની પણ ઉપાધિ છે. એટલે અમે

વરતાલમાં ગુણાતીતાનંદ સ્વામીને આ મંદિરના મહંત નીમી દીધા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ગુણાતીતાનંદ સ્વામી હશે ત્યાં સુધી આ મંદિરના મહંત તે રહેશે, ફેરવણી કરવી પડશે નહીં. એટલું જ નહીં, પણ તેમના સંબંધથી સોરઠના સત્સંગને પણ પોષણ મળશે અને નવાબ સાહેબને વિશેષ સદ્‌ભાવ થશે. તેમના અદ્‌ભુત પ્રતાપથી બધા જ નાગર અમલદારો દબાઈ જશે. એવા એ મહાસમર્થ સંત છે. એટલું જ નહીં, પણ અમારું જે દિવ્ય અક્ષરધામ છે તે ધામના તેઓ અવતાર છે. ધામરૂપે અમને તથા અનંત કોટિ મુક્તોને તેઓ ધારી રહ્યા છે અને સેવકરૂપે અમારી અહીં અને ધામમાં સેવા કરી રહ્યા છે. તમને સૌને સેવા-સમાગમનો લાભ મળે તે માટે આ સ્વામી જે અમારું સર્વસ્વ છે તે આ આખા સોરઠ દેશને આજે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ.''

મહારાજ સ્વામીનું ગાદી-તકિયાથી સન્માન કરે છે

એટલું કહીને મહારાજે પોતાની પાટની બાજુમાં ગાદી-તકિયો નંખાવ્યા અને સંતોની પંક્તિમાં દૂર બેઠેલા સ્વામીને પાસે બોલાવ્યા. સ્વામી સંકોચ પામતા મહારાજ પાસે આવ્યા. એટલે મહારાજે ઊભા થઈને પોતાના કંઠમાં જેટલા હાર હતા તે બધા જ સ્વામીને પહેરાવી દીધા અને તેમને માથે આશીર્વાદનો હાથ મૂકતાં કહ્યું : ''સ્વામી ! આજે અમારે તમારો સત્કાર કરવો છે. આ ગાદી-તકિયો તમારા સારુ જ નંખાવ્યા છે. તો તે ઉપર તમે બેસો. મોટા મોટા સદ્‌ગુરુઓનું અમે ગાદી-તકિયા અપાવી સન્માન કર્યું છે. જો કે તમારી મોટપ ગાદી-તકિયાથી નથી પણ અનાદિની છે. છતાં આ લોકના રિવાજ પ્રમાણે અમે આજે આ ગાદી-તકિયો આપી તમને સન્માનીએ છીએ.''

મહારાજની આજ્ઞા થઈ તેથી સ્વામી સંકોચ પામતાં ગાદીની કોર ઉપર બેસી ગયા. સન્માનમાં જે સંકોચાય તે ગુણાતીત સ્થિતિનું લક્ષણ છે. સ્વામી તો સાક્ષાત્ ગુણાતીત હતા જ છતાં તેમનામાં રહેલાં ગુણાતીત લક્ષણોનો ભાવ આવા પ્રસંગે સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને જણાઈ આવતો.

મહારાજના મુખારવિંદ ઉપર ભક્તિનો ભાવ પ્રકાશે છે

સ્વામીનું સન્માન કરી મહારાજ તરત જ યજ્ઞશાળામાં પધાર્યા. અહીં રણછોડ ત્રિકમરાય તથા રાધારમણ દેવ તેમજ સિદ્ધેશ્વર મહાદેવ અને પાર્વતીજીની મૂર્તિઓ વેદોક્તવિધિથી પૂજન કરવા માટે મૂકવામાં આવી હતી.

વેદજ્ઞ બ્રાહ્મણોએ પ્રથમ મહારાજ પાસે મૂર્તિઓની પૂજા કરાવી, પછી યજમાન પાસે મૂર્તિઓની પૂજા કરાવી. મહારાજના મુખારવિંદ ઉપર ભક્તિનો ભાવ હતો. પોતાની જ વિભૂતિરૂપ આ સ્વરૂપોની પૂજા કરતાં કરતાં મહારાજ મૂક ઉપદેશ આપી રહ્યા હતા કે પુરુષોત્તમ નારાયણનો અપરિમિત મહિમા જેના અંતરમાં હોય તે તેમનાં વિભૂતિ સ્વરૂપોને પણ પૂજ્ય માને, બ્રહ્માંડોના અધિપતિ દેવોને પણ પૂજ્ય માને, તેમની વિડંબના ક્યારેય પણ કરે નહીં. એવા ભક્તોના અંતરમાં જ પોતાના ઉપાસ્ય સ્વરૂપ પુરુષોત્તમ નારાયણનો યથાર્થ મહિમા છે તેમ કહી શકાય.

વિધિ બાદ મૂર્તિઓને મંદિરમાં યથાસ્થાને પધરાવી દીધી. મધ્ય મંદિરમાં શ્રી રણછોડ ત્રિકમરાય, પૂર્વ મંદિરમાં રાધારમણ દેવ અને પશ્ચિમના મંદિરમાં શ્વેત આસનના સિંહાસનમાં સિદ્ધેશ્વર મહાદેવ તથા સતી પાર્વતીજીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ ગઈ. મહારાજે ન્યાસવિધિ કર્યો અને મૂર્તિઓમાં પોતાના ઐશ્વર્યથી તે તે વિભૂતિ સ્વરૂપો પ્રગટ કરી દીધાં ! પછી ઘંટ, નગારા અને ઝાલરોના નાદ સાથે મહારાજે મહાનીરાજન કર્યું. સર્વત્ર જયજયકાર થઈ ગયો !

તે સમયે બ્રહ્માનંદ સ્વામીના બુલંદ અવાજમાં રાધારમણ દેવની સ્તુતિના શબ્દો સંભળાયા :

જેહી નાદ આધા ગયંદ સાધા જલ અગાધા અંતરે
જબ જૂડ ખાધા કરિય હાધા શરણ લાધા અનુસારે,
મીટ ગઈ ઉપાધા ચેન બાધા બંધ દાધા ધાકરી
જય રમણ રાધા મિત્ર માધા હરન બાધા શ્રીહરિ.

બ્રહ્માનંદ સ્વામીએ તત્કાલીન રચિત આ સ્તુતિનાં છંદો ગાવાની શરૂઆત કરી. તેમના ભક્તિભાવભર્યા બુલંદ અવાજથી ભક્તો બધા આનંદવિભોર બની ગયા ! સ્તુતિ બાદ મહારાજે કહ્યું : "આ રાધારમણ દેવના છંદમાં શ્રીમદ્-ભાગવતના દશમ સ્કંધનો તમામ સાર આવી જાય છે. વળી, સિદ્ધેશ્વર મહાદેવજીના છંદમાં શિવપુરાણમાં વર્ણવેલો શ્રી મહાદેવજીનો મહિમા તેમણે સમાવી દીધો છે."

જૂનાગઢના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો વિધિ પૂરો થયો. મહંત પણ ગાદી-તકિયાના સન્માન સાથે નિમાઈ ગયા. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ ભાગવત ધર્મનું પ્રસારણ અને તેમણે ઉદ્‌બોધેલા દિવ્ય બ્રહ્મ-પરબ્રહ્મ અર્થાત્ અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનના રહસ્યનું કેન્દ્ર આ રીતે જૂનાગઢનું સ્વામિનારાયણ

મંદિર બની ગયું !

સાંજે ચાર વાગે સભા થઈ. હાલ પ્રદક્ષિણામાં જ્યાં ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે તે જ જગ્યાએ મહારાજ સભા કરી બિરાજમાન થયા. આ પ્રસંગે ઊનાના શેઠ ગણેશજીએ મહારાજનું પ્રથમ પૂજન કર્યું. મહારાજને વસ્ત્રો, અલંકારો તથા થાળ ભરીને રૂપિયા ભેટ ધર્યા. ઝીણાભાઈએ, ગગાભાઈ દરબારે, ઝીણાભાઈના પરિવારે અને અન્ય ભક્તોએ મહારાજનું પૂજન કર્યું. થાળ ભરીને રૂપિયા ભેટ આપ્યા. વસ્ત્રો અને અલંકારોનો ઢગલો થઈ ગયો !

શ્રીહરિ જૂનાગઢના નવાબના મહેલમાં પધારે છે

બીજે દિવસે નવાબ સરકારે મહારાજને પોતાના દરબારમાં પધરાવવા આમંત્રણ મોકલ્યું. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ મહારાજને પૂછ્યું. મહારાજે કહ્યું : "નવાબ સરકારને કહેવરાવો કે આજે સાંજે અમે આવીશું."

સાંજે મહારાજ મોટા સદ્‌ગુરુઓ, બ્રહ્મચારીઓ, કાઠી દરબારો, ઝીણાભાઈ, દાદાખાચર, ગગાભાઈ તેમજ સ્થાનિક મુખ્ય હરિભક્તોને લઈને નવાબ સાહેબના રાજમહેલમાં પધાર્યા. નવાબે મહારાજનો સત્કાર કર્યો. મહારાજને પોતાની કચેરીમાં સ્વચ્છ, સુંદર અને સુશોભિત આસન ઉપર પધરાવ્યા. અન્ય સદ્‌ગુરુઓ તથા કાઠી દરબારોને પણ યથાસ્થાને બેસાર્યા. બ્રાહ્મણ પાસે મહારાજની પૂજા કરાવી. પછી મહારાજ સન્મુખ શેલાં, શાલ, દુશાલા, પાઘ, સુવર્ણના અલંકારો, કોરીઓ વગેરેના થાળ ભેટ તરીકે મૂક્યા. સદ્‌ગુરુઓનું પણ ચંદનની અર્ચા કરી પૂજન કરાવ્યું અને તેમને સૌને પણ ધોતિયાં ઓઢાડ્યાં. પછી મહારાજનાં ચરણ પાસે કુર્નિશ કરી નવાબ બેઠા અને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "આપ તો સાક્ષાત્‌ ખુદા છો, તો અમારા ઉપર રહેમ નજર રાખજો. આપના દિદાર આજે થયા એટલે મને બહુ જ શાંતિ થઈ છે."

મહારાજે પોતે પહેરેલો પ્રસાદીનો હાર નવાબ સાહેબને પહેરાવ્યો ને આશીર્વાદ આપ્યા.

નવાબ સાહેબને ત્રણ કુંવર થશે

તે વખતે નવાબના ખાનગી કારભારીએ મહારાજને કહ્યું : "મહારાજ ! નવાબ સાહેબને કુંવર નથી એ ખોટ છે."

મહારાજે તરત જ આશીર્વાદ આપતાં કહ્યું : "નવાબ સાહેબને ત્રણ કુંવર

થશે. તેમાંથી બે કુંવર રાજગાદી ભોગવશે અને મંદિરની સેવા પણ કરશે.''[૧૦૫]

✧

મહારાજ વૈશાખ વદ ૧૧ સુધી જૂનાગઢમાં રહ્યા. બારસનાં પારણાં કરી મહારાજે નીકળવાની તૈયારી કરી. નવાબ સાહેબ પણ મહારાજના દર્શન કરવા આવી ગયા. મહારાજને નીકળવાની તૈયારી કરતા જોઈ નવાબ સાહેબે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! આપે તો મને વચન આપ્યું હતું કે આપ અહીં કાયમ રહેશો અને આપ તો નીકળવાની તૈયારી કરી રહ્યા છો !''[૧૦૬]

મહારાજ આ સાંભળી હસ્યા. જવાબ આપતા તેમણે નવાબ સાહેબને પૂછ્યું : ''અમે રહીએ કે અમારા જેવા ફકીરને રાખીએ ?''

એટલે નવાબ સાહેબે કહ્યું : ''મહારાજ ! આપ જૈસા તો આપ હી હૈ, લેકિન આપ જૈસા દૂસરા કોઈ ફકીર હો તો ઉનકો જરૂર રખીએ.''

મહારાજે કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. એટલે એમને અમે અહીં રાખીને જઈએ છીએ.'' નવાબ સાહેબ આ સાંભળી ખુશ થયા.

સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ અહીં આવી સ્વામીનો સમાગમ કરવો

મહારાજે જૂનાગઢથી નીકળતાં પહેલાં મંદિરની સેવા વ્યવસ્થિત રીતે થાય તે જોયું. વાઘા, આભૂષણો ભેટમાં આવ્યાં હતાં તે બધાં ઠાકોરજી માટે આપી દીધાં. વાસુદેવાનંદ બ્રહ્મચારીને ઠાકોરજીની સેવામાં રાખ્યા. ગુણાતીતાનંદ સ્વામી મંદિરના મહંત હતા. મંદિરનો તમામ કારભાર તેમને માથે હતો. એટલે તે સંબંધી મહારાજને કાંઈ ચિંતા ન હતી. પછી મહારાજે સૌ સંતો, હરિભક્તોની સભા કરી. સૌને ઉદ્‌બોધન કરતાં મહારાજે કહ્યું : ''અહીં ઝીણાભાઈના આગ્રહથી જ આ

---

૧૦૫. મહારાજના આશીર્વાદથી નવાબ સાહેબને ત્રણ કુંવર થયા. તેમાં પ્રથમ નવાબ હામદખાન બીજાએ સને ૧૮૪૦ થી ૧૮૫૧ સુધી રાજ્ય કર્યું. ત્યારબાદ નવાબ સર મહોબ્બતખાને સને ૧૮૫૧ થી ૧૮૬૨ સુધી રાજ્ય કર્યું. ત્રીજા શેરખાન ફટાયા કુંવર તરીકે હતા. પહેલા કુંવરને તથા શેરખાનને પ્રજા થઈ ન હતી. મહોબ્બત-ખાનને ત્રણ કુંવર થયા હતા. સર બહાદુરખાન, સર રસુલખાન અને એદલખાન.

૧૦૬. મંદિર માટે જ્યારે વાડીનો લેખ કર્યો, ત્યારે તે ઉપર રાજ્યની મહોરછાપ મરાવવા માટે મહારાજ પંડે નવાબ સાહેબની કચેરીમાં ગયા હતા. ત્યારે નવાબ સાહેબે મહારાજને કહ્યું હતું : ''આપ જો અહીં રહો તો મહોરછાપ મારી આપું.'' મહારાજે તે વખતે જૂનાગઢમાં રહેવાનું વચન આપ્યું હતું.

મંદિર અમે કર્યું છે. તેમને ભાવ હતો કે અહીં મંદિર થાય તો સોરઠના તમામ સત્સંગીઓને પોષણ મળે. વળી, નવાબ સાહેબને પણ મંદિર પ્રત્યે મમત્વ છે. એટલે રાજ્યનો સહકાર પણ સારો મળશે. માટે હવે તમને બધાને સૌ સદ્‌ગુરુઓ, સંતો અને સમગ્ર સત્સંગના તમામ હરિભક્તોને આજે અમે એક વિશેષ આજ્ઞા કરીએ છીએ. આજે અમે નવાબ સાહેબને કહ્યું કે 'અમે અહીં અમારા જેવા જ સાધુ રાખી જઈએ છીએ.' નવાબ સાહેબને અમારા વચનમાં વિશ્વાસ છે એટલે તે તેથી રાજી થયા. તમો તો સૌ અમારા જ છો. માટે તમને સૌને અમે આજ્ઞા કરીએ છીએ કે આ મંદિરના મહંત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી એ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ, વચને રાખજો. તો તમે સૌ બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. માટે સૌ ત્યાગી સાધુ-બ્રહ્મચારી તથા સમગ્ર સત્સંગના સૌ હરિભક્તોએ અહીં જૂનાગઢ દર વર્ષે આવી, આ ગુણાતીતાનંદ સ્વામીનો એક માસ રહી સમાગમ કરવો."[૧૦૭]

એટલું કહીને પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમારે તો આ ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત છે અને તમે તો તેમને યથાર્થ ઓળખો છો. માટે તમારે પણ દર વરસે એક માસ અહીં આવીને રહેવું અને કદાચ એક વરસ ન અવાયું, તો બીજે વરસે આવીને એક સામટા બે માસ રોકાવું."

મહારાજની આજ્ઞા ગોપાળાનંદ સ્વામીએ તરત જ ઝીલી. સૌ સંતો, હરિભક્તોએ પણ મહારાજને કહ્યું : "મહારાજ, આપની આજ્ઞા પ્રમાણે અમે અહીં આવીશું."

મહારાજ સૌ સંતો, હરિભક્તોની સદ્‌રુચિ જોઈ ખૂબ પ્રસન્ન થયા. પછી ગઢપુર જવા માટે નીકળવાની તૈયારી કરી. સખા તથા પાર્ષદો તૈયાર થઈ ગયા. સંતો પણ તૈયાર થયા અને મહારાજ જૂનાગઢથી નીકળી મુકામ કરતાં વૈશાખ વદિ અમાસે ગઢપુર પહોંચી ગયા.

---

૧૦૭. શ્રીજીમહારાજનાં આ આજ્ઞાવચન સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમણે રચેલા 'પુરુષોત્તમ પ્રકાશ'ના પ્રકરણ-૩૨માં લખી દીધાં છે.

મંદિર કરાવ્યું જે મહારાજે રે, સહુ જીવોનાં કલ્યાણ કાજે રે,
કોઈ આવીને દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે.
એહ મોટો કર્યો ઉપકાર રે, બહુ જીવ તારવા આ વાર રે,
પશ્ચિમ દેશ કરવા પુનિત રે, કર્યું મંદિર સારું શોભિત રે.
વળી સંતને આપી આગન્યા રે, રહેવું નહિ આંહિ આવ્યા વિના રે,
વરસોવરસ એક માસ રે, કરવો આ મંદિરમાં વાસ રે.



ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા

(આ.સં. ૧૮૮૪-૮૫, ઈ.સ. ૧૮૨૮-૧૮૨૯)

ગઢપુરમાં દાદાખાચર અને બહેનોના ભક્તિભાવને વશ થઈને શ્રીહરિએ તેમના દરબારમાં જ મંદિરનો આરંભ કરાવી દીધો હતો. મહારાજને મંદિરના પાયા ગળાવીને ઝડપભેર કામ આદરવું હતું અને ઝડપથી પૂર્ણ કરવું હતું.

થોડા દિવસ પછી મહારાજે નારાયણજી સુથારને બોલાવ્યા. નારાયણજી સુથાર આવ્યા એટલે મહારાજે કહ્યું : ''આજે મુહૂર્ત સારું છે, એટલે મૂર્તિ કંડારવાની શરૂઆત કરો.''

નારાયણજી સુથારે કહ્યું : ''મહારાજ ! હું પણ આપની આજ્ઞાની જ વાટ જોતો હતો. મેં તે અંગેની બધી જ તૈયારી કરી રાખી છે. પણ હું કામ શરૂ કરું તે પહેલાં આપ મારી સન્મુખ સ્થિર થઈ બિરાજો, એટલે હું બરોબર આપની મૂર્તિનું નિરીક્ષણ કરી લઉં.''

મહારાજ નારાયણજીભાઈની સૂચના પ્રમાણે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ બાજોઠ ઉપર બિરાજ્યા. નારાયણજીભાઈ મહારાજની મૂર્તિનું સમગ્ર-પણે નિરીક્ષણ કરવા લાગ્યા. ઘડીક આગળ આવે, પાછળ જાય, વળી આગળ આવે એમ નારાયણજીભાઈએ મહારાજનાં સર્વે અંગ નિહાળી લીધાં.

દેવની સેવા મૂકી લાકડાં શું તાણો છો ?

એટલામાં મંદિરના પાયામાં નાંખવા માટે પથ્થરનાં ગાડાં આવવા લાગ્યાં. સંતો, પાર્ષદો તરત જ ગાડાંમાંથી પથ્થર ઉતારવા માંડ્યા. મહારાજ એકદમ ઊભા થયા અને કડામાં બાંધેલું દોરડું પકડી ઊભા રહી સંતોની સેવા જોવા લાગ્યા. ત્યાં તેમની નજર એક સાધુ પર પડી. તે બેઠાં બેઠાં માળા ફેરવતા હતા. એટલે મહારાજે તેમને પાસે બોલાવ્યા અને કહ્યું : ''મહાપુરુષ ! દેવની આવી

સેવા મૂકીને લાકડાં શું તાણો છો ? પથ્થર ઉતરાવો પથ્થર !"

તે સાધુ સમજી ગયા કે મહારાજની મરજી સેવામાં જોડવાની છે, તે મૂકી કટાણે માળા ફેરવવી તે લાકડાં તાણ્યા બરોબર જ છે. તે તરત જ માળા મૂકી પથ્થર ઉતરાવવા પહોંચી ગયા.

નારાયણજીભાઈ મૂર્તિ ઘડતા હતા તે બધો સમય મહારાજ તેમની સન્મુખ જ બિરાજતા. થાળ પણ ત્યાં જ મંગાવીને જમતા. સભા પણ ત્યાં જ ભરતા. આથી સર્વે સંતો-હરિભક્તોને સમજાયું કે મહારાજને પોતાનું જ સ્વરૂપ પધરાવી, પોતાની જ ઉપાસના પ્રવર્તાવવાની ઇચ્છા છે. તેમની જ ઉપાસના અને નિષ્ઠા એ જ આત્યંતિક કલ્યાણનું એકમાત્ર સાધન છે. આથી નિષ્ઠાવાળા સર્વે હરિભક્તો અંતરમાં ખૂબ જ પ્રસન્ન થયા.

એક વખત તે સ્થળે જ સભા થઈ હતી. ત્યારે મહારાજે સભાને સંબોધતાં કહ્યું : "આ મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો નાંખે તેને પણ અમે તેડવા આવીશું."

મહારાજની વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા ! આ ગઢપુરના મંદિરનો આટલો બધો મહિમા ! તેમનો સંકલ્પ જાણી મહારાજે કહ્યું : "અમે વિચારીને જોયું ત્યારે જણાયું કે ભગવાનનાં મંદિરો જો હશે તો જ ઉપાસનાનો અને કલ્યાણનો માર્ગ ચાલુ રહેશે. એવો વિચાર કરીને જ અમે આ મંદિરો કરાવવાની પ્રવૃત્તિ ઉપાડી છે. તેમાં જે કોઈ ભાવથી યથાશક્તિ સેવા કરશે, તેના ઉપર અમે પ્રસન્ન થઈશું અને તેમનું જરૂર કલ્યાણ કરીશું."

આ સભામાં તે વખતે અલિયાસ જમાદાર બેઠા હતા. તેણે વિચાર કર્યો કે સ્વામિનારાયણ ભગવાને આજે કલ્યાણના વાવટા છૂટા મૂક્યા લાગે છે. જો પાયામાં એક પથ્થર નાખવાથી કલ્યાણ થતું હોય, તો આજે જ ઘેલામાંથી એક પાણો લાવીને પાયામાં નાખું. તે ઊઠીને સીધો ઘેલા નદીએ ગયો. ત્યાંથી એક મણનો પથ્થર તેણે લીધો અને માથે ઉપાડી મંદિરમાં લાવ્યો. મહારાજ તે વખતે ત્યાં ખુરશી નાંખીને મંદિરના કામ ઉપર દેખરેખ રાખતા હતા. તેણે મહારાજને કહ્યું : "દેખો સ્વામિનારાયણ ! હું આ મણનો પાણો આ પાયામાં નાખું છું. તમે કહ્યું છે તો હવે મારું કલ્યાણ કરજો."

મહારાજ તેની વાત સાંભળી હસ્યા અને કહ્યું : "જમાદાર ! આ લોકના મનુષ્ય કદાચ ખોટાં વચન આપતા હશે પણ અમે આ લોકના નથી. તમે અમારા વચને પાયામાં પથ્થર નાંખ્યો એટલે તમારા અંત સમયે અમે જરૂર

તમને તેડવા આવીશું."[૧૦૮]

સૌ સંતો ઘેલામાં જ્યારે નહાવા જતા ત્યારે પાયામાં પૂરવા માટે પથ્થર પણ માથે મૂકીને લઈ આવતા. મહારાજની આ આજ્ઞા હતી, જેથી ગાડામાં બહુ પથ્થર સારવા ન પડે અને સંતોને પણ સેવા મળે. મહારાજ સંતો સાથે સ્નાન કરવા પધારતા, ત્યારે સૌ સંતોની સાથે સાથે પોતે પણ માથે પથ્થર મૂકીને લઈ આવતા. આ જોઈ સંતો મહારાજને કહેતા : "મહારાજ ! આપ શા માટે તકલીફ લ્યો છો ? અમે સૌ છીએ ને ?"

મહારાજ હસીને કહેતા : "અમે તો આ રીતે ભક્તિ કરીએ છીએ." મહારાજના આ શબ્દો સાંભળી મહારાજે પ્રવર્તાવેલી ભક્તિની અનોખી રીત સૌને સમજાણી.

મહારાજ જ્યારે જ્યારે મંદિરનું કામ જોવા પધારતા ત્યારે દરેક પથ્થરને મહારાજ હાથ અડાડતા, કડિયાઓને આશીર્વાદ આપતા, મજૂરો તરફ મીઠી દૃષ્ટિએ જોતા અને તેમને ઉત્સાહ પ્રેરતા. દાદાખાચરના પ્રેમને વશ થઈ મહારાજ આ મંદિરના ચણતરમાં આવતા એક એક પથ્થરને પ્રસાદીનો કરતા. સમગ્ર મંદિરને જાણે પોતાના સ્વરૂપનું પ્રતીક ન બનાવી દેવું હોય !

હાથમાં મોરલી ધરાવવી છે અને પગને આંટી આપવી છે

નારાયણજીભાઈ મહારાજના એક એક અંગનું દોરી વડે માપ લઈ તે માપ પ્રમાણે જ મૂર્તિ બનાવતા હતા. આ રીતે મૂર્તિ લગભગ તૈયાર થવા આવી. તે દરમ્યાન મહારાજ પાસે એક વાત પ્રસરતી પ્રસરતી આવી કે મહારાજ પોતાનું જ સ્વરૂપ પધરાવવા માંગતા હોય તેમ લાગે છે. કેટલાકને અસંતોષ પણ થયો અને કેટલાક મુઝાવા પણ માંડ્યા. મહારાજ આથી સમજી ગયા. એમણે તરત જ નારાયણજીભાઈને કહ્યું : "નારાયણજીભાઈ ! હવે અંગ તો માપ પ્રમાણે આવી ગયું છે, પણ હાથમાં મોરલી ધરાવવી છે. તેથી હાથને તે પ્રમાણે વળાંક આપો અને જમણા પગને ડાબા પગ ઉપર આંટી આપો, જેથી

૧૦૮. અલિયાસ જમાદારનો અંત સમય આવ્યો ત્યારે મહારાજે તેને દર્શન દીધાં. તેણે હાથ જોડ્યા અને પૂછ્યું : "સ્વામિનારાયણ ! તમે ક્યાંથી ?"
મહારાજે તરત જ પોતાના હાથમાંનો પથ્થર બતાવતાં કહ્યું : "તમે ગઢપુર મંદિરના પાયામાં પથ્થર નાંખ્યો એટલે. 'અમે તમને તેડવા આવીશું' - તે વચન પાળવા અમે આવ્યા છીએ. માટે ચાલો." અલિયાસે તરત જ દેહ છોડી દીધો.

શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે તેમ સૌને સમજાય.''

નારાયણજીભાઈને આ સાંભળી દુઃખ થયું. પ્રથમથી જ મહારાજે પોતાના જ અંગના માપ પ્રમાણે મૂર્તિ કરાવવા તેને તો કહ્યું હતું અને તે પ્રમાણે મૂર્તિ કરાવવા મહારાજ પોતે જ તેની સન્મુખ બેસતા. તેથી મહારાજ પોતાની જ મૂર્તિ બનાવવા ઇચ્છે છે એમ નક્કી હતું. પરંતુ લોકમાં પ્રસરેલી આ વાતોથી મહારાજે વિચાર બદલ્યો. તેથી તેમને લાગ્યું કે મહારાજની રુચિ પ્રમાણે કામ થયું નથી. લોક લાગણીને માન આપી અને એ રીતે પણ સૌને પોતાને વિષે સદ્‌ભાવ રહે, તેમનું કલ્યાણ થાય, એવી ભાવના મહારાજને હતી, તે નારણજીભાઈને સમજાઈ ગયું.

આ લક્ષ્મીજી જ અમને કડાં આપે છે

મંદિરના કામમાં નાણાંની જરૂર હોય જ. પરંતુ સમયસર નાણાં પૂરતાં ન મળતાં ત્યારે અહીંના મંદિરના મહંત વિરક્તાનંદ સ્વામીને મુઝવણ રહેતી. મહારાજ પાસે જઈ વાત પણ કરતા. મહારાજ તેમની વાત સાંભળી ઊંડા ઊતરી જતા. દાદાખાચરે તો સર્વસ્વ આપી દીધું હતું. તેથી તેની પાસે તો હવે કાંઈ જ રહ્યું નથી. એક દિવસ તેમણે જીવુબાને બોલાવ્યાં. જીવુબા તરત જ આવ્યાં. મહારાજે તેમને કહ્યું : ''બા, આ કડિયાના પગાર ચડ્યા છે અને કોઠારમાં તો નાણાં નથી. તો શું કરશું ?''

જીવુબા સમજી ગયાં. તેમણે કહ્યું : ''મહારાજ ! શું કરશું એવું આપને પૂછવાનું હોય ? આપે તો અમને આજ્ઞા જ કરવાની હોય. અમારી પાસે જે કાંઈ છે તે બધું જ આપનું છે.'' એમ કહી જીવુબા તેમના ઓરડામાં ગયાં અને પોતાના પગમાં પહેરવાનાં સુવર્ણનાં કડાં લઈ આવ્યાં. મહારાજનાં ચરણ પાસે મૂકી હાથ જોડી કહ્યું : ''પ્રભુ ! આપે દરેક ક્ષણે અમને ધન્ય બનાવ્યાં છે. આ લોકમાં આપનાં ચરણોમાં તો લક્ષ્મીજી આળોટે છે. રિદ્ધિ-સિદ્ધિ આપની સેવામાં છે.''

મહારાજ જીવુબા સામું જોઈ રહ્યા. તેમની આ વાત સાંભળી મહારાજે હસતાં હસતાં કહ્યું : ''લાડુબા ! આ લક્ષ્મીજી જ અમને કડાં આપે છે.'' જીવુબા નીચું જોઈ ગયાં.

જીવુબા પોતાના ઓરડામાં ગયાં અને તરત જ દાદાખાચર આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : ''દાદા ! કંઈ પૂછવું છે ?''

એટલે દાદાખાચરે કહ્યું : ''મહારાજ ! આ આ.સં. ૧૮૮૫નો શ્રાવણ તો

બેઠો અને આપ આસોમાં પ્રતિષ્ઠા કરવાનું કહો છો. તો મંદિર ક્યારે પૂરું થશે ? મને તો મુઝવણ થાય છે."

મહારાજ હસ્યા. પછી કહ્યું : "રાત્રે બે વાગે અમારી પાસે આવજો, ત્યારે તમારી વાતનો ખુલાસો કરીશું."

દાદાખાચર મનની મુઝવણ લઈને જ પાછા ગયા.

મહારાજ વિચારવા લાગ્યા કે દાદાને ને તેમના પરિવાર માટે મારે શું કહેવું ? તેમણે તેમના ગામ, ગરાસ, કુળ, કુટુંબ કોઈનું મમત્વ રાખ્યું નથી. એક અમારા માટે, અમારા ભક્તો માટે અને અમારા કાર્ય પ્રત્યે જ મમત્વ રાખ્યું છે. અમારી છાયામાં ઢંકાઈને પોતાનું અસ્તિત્વ જ ભૂલી ગયા છે. ભગવાનના સ્વરૂપમાં ભક્તનું આ પ્રકારનું વિલીનીકરણ એ જ ખરી ભક્તિની પરાકાષ્ઠા છે ! અમારા સ્વરૂપની ઉપાસના પ્રવર્તશે તે સાથે સાથે જ દાદાખાચરના સમગ્ર પરિવારની પણ તેમને પ્રાતઃસ્મરણીય સમજી તેમની સૌ સ્મૃતિ કરશે, વંદન કરશે. અરે, ભજન પણ કરશે !

દાદાની તોલે આજે સત્સંગમાં કોઈ ન આવે

એટલામાં સુરાખાચર ત્યાં આવ્યા. મહારાજ એકલા જ હતા અને વળી ઊંડા વિચારમાં હતા. આથી સુરાખાચરને આશ્ચર્ય થયું ! તે ધીરે રહીને મહારાજના ઢોલિયા પાસે બેસી ગયા. મહારાજને વિચારમાંથી કેવી રીતે જાગ્રત કરવા તેનો તે વિચાર કરતા હતા. એકાએક તેમને સૂઝ્યું. તેમણે કહ્યું : "મહારાજ ! ભક્તો દર્શનની વાટ જોતા બહાર બેઠા છે. પરંતુ આપ તો કોઈ ઊંડા વિચારમાં પડી ગયા હો તેમ દેખાય છે."

તે સાંભળી મહારાજે નેત્ર ખોલ્યાં. સામે સુરાખાચરને જોઈને મહારાજે કહ્યું : "સુરા બાપુ ! અમે પણ ભક્તના જ વિચારમાં ડૂબી ગયા હતા. ભક્તો અમને સંભારે અને અમે તેમને સંભારીએ, એમ પરસ્પર ભક્ત અને ભગવાનને આધ્યાત્મિક એકતા છે. જેટલો ભક્તનો ભાવ, જેટલી તેને અમારા સ્વરૂપની નિષ્ઠા, તેટલી તેની સ્મૃતિ અમારા અંતરમાં થાય છે !"

એમ કહી મહારાજે કહ્યું : "સુરાખાચર ! આ દાદાએ તેમનો આખો દરબારગઢ સોંપી દીધો. વળી, તેમની ખેતી બંધ રાખી ગાડાં, બળદ, માણસો પણ મંદિરની સેવામાં મૂકી દીધાં. કડિયાના પગાર ચડ્યા હતા તે વાત જીવુબાને કરી ત્યારે તેમણે તેમના પગનાં સોનાનાં કડાં લાવીને આપી દીધાં ! તેમનું આ

ઋણ અમે ક્યારે ચૂકવી શકીશું ?"

સુરાખાચર સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું : "મહારાજ ! આપ ખરું કહો છો. દાદાની તોલે આજે સત્સંગમાં કોઈ ન આવે."

મહારાજ ઊઠ્યા અને સભામાં પધાર્યા.

મહારાજ દાદાખાચરને સુવર્ણનું મંદિર બતાવે છે

મહારાજની આજ્ઞા પ્રમાણે દાદાખાચર રાત્રે બે વાગે અક્ષર ઓરડીમાં ગયા. મહારાજ પોઢ્યા હતા એટલે તેમને અંદર જતા સંકોચ થયો. એટલામાં મહારાજ બોલ્યા : "આવી ગયા દાદાખાચર ?"

"હા, મહારાજ !" દાદાખાચરે કહ્યું.

મહારાજે તેમને ઢોલિયા પાસે બેસાર્યા. તેમને માથે હાથ ફેરવ્યો અને પછી પૂછ્યું : "બોલો, શું મુઝવણ છે ?"

એટલે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! આ મંદિર ક્યારે પૂરું થશે ? નાણાંની પણ તંગી રહે છે. વળી, આસો માસને તો હવે દોઢ મહિનો જ રહ્યો છે."

મહારાજ દાદાખાચરની વાત શાંતિથી સાંભળી રહ્યા હતા. તેમણે ધીરેથી દીવાની વાટ સંકોરી. પ્રકાશ વધ્યો. મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! આમ જો !" એમ કહી મહારાજે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો.

દાદાખાચરે ઊંચું જોયું અને તેમની સમક્ષ સુવર્ણનું મંદિર, સુવર્ણના કળશ, ધજા, પતાકા સાથે દેખાયું ! દાદાખાચર તો આ મંદિર જોઈ વિસ્મિત થઈ ગયા ! તેમણે મહારાજને હાથ જોડી દીધા. થોડી વારે મહારાજને કહ્યું : "મહારાજ ! આ જ મંદિર અહીં રાખી દ્યો ને ! બધી માથાકૂટ મટી જાય. પ્રતિષ્ઠા પણ જલદી થઈ જાય. આવું શોભાયમાન મંદિર જોઈ હરિભક્તો બધા બહુ જ રાજી થશે."

શ્રમથી કમાયેલ ધન જો ભક્તિના કામમાં આવે તો કલ્યાણ થઈ જાય

મહારાજ દાદાખાચરની વાત સાંભળી રહ્યા. તેમણે તેમના માથા ઉપર હાથ મૂક્યો. પછી કહ્યું : "દાદા ! અહીં જે મંદિર થશે તે આવું ભવ્ય થશે. આ તેનો નમૂનો છે. પણ આ જ મંદિર રાખીએ તો તમને બધાને સેવા શું મળે ? અહીં મંદિર થાય છે, તો કોઈ ધનથી, કોઈ તનથી, કોઈ વસ્તુઓ, કોઈ નાણાં આપીને સેવા કરે છે. તેમનું સૌનું અમારે કલ્યાણ કરવું છે. આજે લક્ષ્મીજી પણ

સેવા કરવા તૈયાર થઈ ગયા છે. અમે આજ્ઞા કરીએ તો ધનનો વરસાદ વરસાવે, પરંતુ શ્રમથી કમાયેલ ધન જો ભક્તિના કામમાં આવે તો કલ્યાણનો માર્ગ મોકળો બની જાય, માટે ચિંતા કરશો નહીં.''

દાદાખાચરના અંતરમાં શાંતિ થઈ ગઈ ! મુઝવણ ટળી ગઈ ! તેમણે મહારાજને બે હાથ જોડીને કહ્યું : ''પ્રભુ ! તમારી અકળ લીલાનો પાર આવી શકે તેમ નથી. આપના મનસૂબા અતિ મોટા હોય, તે અમારા નાના મનથી સમજાય નહીં. આપ જે રીતે કાર્ય કરો છો, તે સર્વથા યોગ્ય જ છે.''

મહારાજે તરત જ કહ્યું : ''દાદા ! જેમ અમારી લીલાનો પાર આવે તેમ નથી, તેમ તારી અમારા પ્રત્યેની ભક્તિનો પણ કોઈ તાગ કાઢી શકે તેમ નથી. તારા સમગ્ર પરિવારે અમને બંધનમાં જકડી લીધા છે. નહીં તો ગોદોહનમાત્ર જ અમે એક સ્થાનમાં રહીએ એવો અમારો સ્વભાવ છે.''

દાદાખાચર મૂક વદને આ સાંભળી રહ્યા. મહારાજની અત્યંત કૃપાના ભારથી તેમનું હૈયું દબાઈ ગયું હતું. તે તરત જ ઊઠ્યા. મહારાજને કહ્યું : ''મહારાજ ! આપ હવે પોઢી જાવ. બહુ મોડું થઈ ગયું છે.''

✧

મંદિર માટે સંતો ઘેલાના ઉગમણે આરેથી પથ્થર તોડીને લાવતા હતા. મહારાજ ત્યાં પધાર્યા અને સંતોને સેવા કરતા જોઈ મનમાં રાજી થયા. એક મોટો પથ્થર સંતો તોડતા હતા, પરંતુ તે કોઈ રીતે તૂટતો ન હતો.

એટલામાં ગામ કુંડળના ભોજા ભગત મહારાજનાં દર્શને ત્યા આવ્યા. મહારાજના દર્શન કરી પાસે બેઠા. ત્યાં તેમનું ધ્યાન ગયું કે સંતો મોટો પથ્થર તોડે છે પણ તે તૂટતો નથી. એટલે તે એકદમ ઊઠ્યા અને સંતો પાસે આવીને કહ્યું : ''લાવો મહારાજ ! ઘણ મને આપો.'' એમ કહી સંતના હાથમાંથી ઘણ લીધો. પછી પથ્થરના સાંધામાં છીણી ભરાવી, તે છીણી ઉપર તેમણે જોરથી ઘણ માર્યો કે તરત જ પથ્થરના બે ટુકડા થઈ ગયા !

મહારાજ આ જોઈ બહુ જ પ્રસન્ન થઈ ગયા. તેમને પાસે બોલાવી તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

તમે રત્ના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ?

ગઢપુરમાં મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. મહારાજ ચાલતા કામ ઉપર દેખરેખ રાખવા ત્યાં જ ખુરશી નાંખીને બેસતા. ચણતર કામ રત્નો કડિયો

કરતો હતો અને સાધુ બધા પથ્થરો તથા ચૂનાનાં તગારાં તેને પહોંચાડતા હતા. નિષ્કુળાનંદ સ્વામી એક મોટો પથ્થર ખભા ઉપર ચડાવીને રત્નાને પહોંચાડવા લાકડાની સીડી ઉપર ચડતા હતા. એવામાં 'વાસુદેવ હરે' થયા એટલે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : "રત્ના ! થોડી વાર ખમજે હું આવી ગયો છું." એટલું કહેતામાં તો તે ઉપર પહોંચી ગયા. પણ રત્નાએ તેમના ખભા ઉપરથી પથ્થર લઈ નીચે ફેંકી દીધો. એટલે સ્વામીએ કહ્યું : "આટલી મહેનત કરી પથ્થર ઉપર લાવ્યો અને તેં ફેંકી દીધો ?"

એટલે રત્નાએ કહ્યું : "હરે' થયા એટલે કામ બંધ કરવાનો વખત થઈ ગયો. પથ્થર જમ્યા પછી જ ચોંટાડવાનો હતો."

"પણ ઉપર રાખી મૂકવો હતો ને ? ફેંકી શું કામ દીધો ?" સ્વામીએ જરા ગુસ્સે થઈને કહ્યું.

"તેની તમારે શી પંચાત ? કામ તો જેમ થાતું હોય તેમજ થાય." રત્નાએ તરત જ જવાબ દઈ દીધો. સ્વામીને થયું કે એવાની સાથે જીભાજોડી કરવામાં સાર નથી.

સૌ જમવા ગયા. જમીને સ્વામી ફરી કામ ઉપર આવ્યા અને પથ્થર ખભા ઉપર ઊંચકી ઉપર ચડાવ્યો. પણ રત્નો કડિયો તો કામ ઉપર આવ્યો જ ન હતો. કોઈકે કહ્યું કે તે રિસાયો છે એટલે કામ ઉપર આવ્યો નથી.

મહારાજને આ વાતની ખબર પડી, એટલે મહારાજે કહ્યું : "રત્ના કડિયાને મંદિરનો જેટલો મમત હોય તેવો નિષ્કુળાનંદ સ્વામીને ન હોય. સાધુ તો આજે આ મંદિરમાં તો કાલે વળી બીજા મંદિરમાં જાય."

રત્ના કડિયાને કોઈકે જઈને આ વાત કરી કે "મહારાજે તો તારા વખાણ કર્યા કે રત્ના કડિયા જેવો સ્વામીને મંદિરનો મમત નથી."

આ સાંભળી રત્નો કડિયો તરત જ કારખાના ઉપર આવ્યો. તે વખતે નિષ્કુળાનંદ સ્વામી પથ્થર ઉપર ચડાવીને ત્યાં બેઠા હતા અને રત્નાની રાહ જોતા હતા. તેમણે પણ મહારાજે કહેલા શબ્દો સાંભળ્યા હતા. તેથી તેમને થયું કે આપણી ભૂલ થઈ ગઈ. એટલામાં રત્નો કડિયો આવ્યો. તેણે તરત જ પથ્થર લીધો. નિષ્કુળાનંદ સ્વામી તેને ચૂનો અને પાણી પણ પહોંચાડવા લાગ્યા. રત્નો કડિયો આમ કામે લાગી ગયો.

બીજે દિવસે સવારે નિષ્કુળાનંદ સ્વામી મહારાજનાં દર્શને અક્ષર ઓરડીમાં ગયા. મહારાજને દંડવત્ કરી સન્મુખ બેઠા, ત્યારે મહારાજે તેમને

કહ્યું : "સ્વામી ! તમે રત્ના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ? એ તો મુક્તાનંદ સ્વામીને રીસ ન ચડે, બીજાને તો ચડે જ. કડિયાકામ તમને આવડતું નથી અને અમને પણ આવડતું નથી. માટે એવાને તો રાજી રાખીને જ કામ લઈ લેવું પડે. ક્યારેક થાળ પણ આપવો પડે !"

સ્વામીએ તરત જ મહારાજને કહ્યું : "મહારાજ ! મારી ભૂલ થઈ ગઈ !" એટલું કહીને નિષ્કુળાનંદ સ્વામી ઊઠીને કારખાનાના કામમાં જોડાઈ ગયા.

મહારાજ પણ કોઈ કોઈ વખત રત્ના કડિયાને ચૂનાનાં તગારાં આપતા. મુક્તાનંદ સ્વામીએ તેથી એક દિવસ મહારાજને કહ્યું : "મહારાજ ! આપ રહેવા દ્યો. આ સાધુ, પાર્ષદો બધા એ કામ કરશે."

એટલે મહારાજે તેમને કહ્યું : "તમો બધા બહુ થાક્યા છો, માટે થોડી વાર બેસો અને અમને લેવા દ્યો."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! તમે મુક્તાનંદ સ્વામી પ્રત્યે ગુરુભાવ રાખો છો પણ તેમની આજ્ઞા તો પાળતા નથી."

આ સાંભળી મહારાજ હસ્યા અને તરત જ તગારાં મૂકી દીધાં.

કોઠારમાં તો દોકડોય નથી

મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું, પરંતુ નાણાંની ખેંચ બહુ પડતી. આથી હરજી ઠક્કર વારંવાર મહારાજ પાસે આવીને કહેતા કે "કડિયાના પગાર ચડી ગયા છે, કાંઈ બંદોબસ્ત કરવો જોઈએ." મહારાજ તેમની વાત શાંતિથી સાભળતા.

તેવામાં એક દિવસ ઉમરેઠથી હરિભક્તો આવ્યા. તેઓ સીધા અક્ષર ઓરડીમાં મહારાજનાં દર્શને ગયા. મહારાજ તે વખતે પોઢી ગયા હતા. પરંતુ ધીમેથી તેમણે સૌએ મહારાજને દંડવત્ કર્યા અને પછી ત્યાંથી જવાની તૈયારી કરતા હતા એટલામાં મહારાજ જાગ્યા. તેમને સૌને જોઈને મહારાજે ઢોલિયામાં બેઠા થઈને તેમના કુશળ પૂછ્યા. આ હરિભક્તોને મહારાજનાં દર્શન થયાં તેથી ખૂબ આનંદ થયો. તેઓ બધા મહારાજ સન્મુખ બેસી ગયા. મહારાજે તેમના સામું જોઈને તેમને પૂછ્યું : "તમે બધા વહેવારે સારી પેઠે સુખિયા છો ને ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, મહારાજ ! આપની કૃપાથી અમે સુખિયા છીએ. પણ આપને શરીરે કસર જેવું વર્તાય છે તેનું અમને દુઃખ છે."

એટલે મહારાજે કહ્યું : "એ તો શરીરના ધર્મ છે. ક્યારેક સારું રહે અને

ક્યારેક કસર જેવું પણ દેખાય.'' એમ કહીને મહારાજે ફરી તેમને પૂછ્યું : ''પણ તમે તો બધા વહેવારે સુખી છો ને ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, મહારાજ ! અમારો વહેવાર સારો છે અને આપની દયાથી સુખી છીએ.''

ફરી મહારાજે તેમને પૂછ્યું : ''વહેવાર કેવો સારો છે ?''

મહારાજે આ રીતે ફરી ફરીને તેમને પૂછ્યું, પરંતુ તેઓ મહારાજના કહેવાનું રહસ્ય સમજી શક્યા નહીં અને ફરી ફરી કહ્યું : ''મહારાજ ! વહેવાર સારો છે.''

પછી મહારાજે વિરક્તાનંદ સ્વામીને બોલાવ્યા. તેઓ આવ્યા એટલે તેમને મહારાજે પૂછ્યું : ''સ્વામી ! આપણા કોઠારમાં રકમ કેટલી છે ?''

વિરક્તાનંદ સ્વામીએ તરત જ કહ્યું : ''મહારાજ ! કોઠારમાં તો દોકડોય નથી. હરજી ઠક્કરને પણ મેં પૂછ્યું કે તમારી પાસે કાંઈ નાણાં છે ? આ કડિયાના પગાર ચડી ગયા છે તે ચૂકવવા છે. પણ તેમણેય કહ્યું કે કાંઈ નથી.''

ઉમરેઠના હરિભક્તો આ વાત સાંભળતા હતા. છતાં આ વાતનો મર્મ તેઓ સમજી શક્યા નહીં. એટલે મહારાજ બોલ્યા : ''હરિભક્તો તો સારા હોય, પણ સાધુ થકી સમજે તો અમારી રુચિ સમજાય, પણ તે વિના તો કાંઈ ખબર પડે નહીં.''

ઉમરેઠના હરિભક્તો પછી વિરક્તાનંદ સ્વામી સાથે કોઠારમાં ગયા. તેમને તેમણે કહ્યું : ''સ્વામી ! મહારાજે અમને ત્રણ વખત પૂછ્યું કે 'તમારો વહેવાર કેમ છે ?' પણ તે રહસ્ય અમે સમજી શક્યા નથી. માટે તમે સમજાવો !''

એટલે વિરક્તાનંદ સ્વામીએ કહ્યું : ''અહીં મંદિરનું કામ ચાલે છે અને નાણાંની ખેંચ છે. કડિયાના પગાર ચડી ગયા છે એટલે હરજી ઠક્કર મહારાજને વારંવાર કહે છે. તેથી મહારાજે તમને પૂછ્યું હશે કે તમારે વહેવારે કેમ છે ?''

સ્વામીએ આ ખુલાસો કર્યો એટલે આ હરિભક્તો સમજી ગયા. તરત જ તેઓ મહારાજ પાસે ગયા અને કડિયાના ચડેલા પગારની રકમ મહારાજનાં ચરણ પાસે મૂકી. મહારાજ તેમની ભોળપ અને સરળતા જોઈ ખૂબ પ્રસન્ન થયા. મહારાજે રકમ તરત જ કોઠારમાં મોકલાવી દીધી.

✧

મહારાજ મંદિરના કામકાજની દેખરેખ રાખવા ગઢપુરમાં જ રોકાયા હતા. તેથી હરિભક્તો મહારાજનાં દર્શન કરવા અવારનવાર આવતા. મહારાજ તેમની

પાસે મંદિરની સેવા પણ કરાવતા. મહારાજ એક દિવસ અક્ષર ઓરડીમાંથી કારખાનાનું કામ જોવા આવતા હતા, ત્યાં સામેથી વેળાવદરના રૂડા પટેલ મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા તે મહારાજને સામે મળ્યા. મહારાજને દંડવત્ કર્યા અને પછી પાસે આવી ચરણસ્પર્શ કર્યો. મહારાજ તેમનો હાથ પકડી આગળ ચાલ્યા. એવામાં તેમની નજર રૂડાભાઈએ ત્યાં છોડેલ ગાડી અને બળદ ઉપર પડી. એટલે મહારાજે તેમને પૂછ્યું : "રૂડાભાઈ ! આ ભાવનગરી ગાડી અને બળદ તમારાં છે ?"

તેમણે હાથ જોડી કહ્યું : "હા, મહારાજ ! આ બળદ અને ગાડી મારાં છે."

મહારાજે બંને બળદ ઉપર હાથ ફેરવ્યો. રૂડા પટેલ પછી રાજી થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : "રૂડાભાઈ ! આવા બળદ અને ગાડું જો હોય તો આ મંદિરના કામમાં આવી જાય."

રૂડાભાઈએ તરત જ કહ્યું : "મહારાજ ! હું જોતો રહીશ. આવા બળદ મળશે કે તરત જ આપને જણાવીશ." મહારાજ આ સાંભળી રહ્યા, પણ કાંઈ બોલ્યા નહીં.

મહારાજ તો કારખાનાના કામ ઉપર પહોંચી ગયા. એટલે એક પાર્ષદે રૂડા પટેલને કહ્યું : "મહારાજના કહેવાનો મર્મ સમજ્યા નહીં ? મંદિરનું અત્યારે કામ ચાલે છે. પથ્થર, રેતી, ચૂનો સારવા ગાડાં અને બળદની અત્યારે જ જરૂર છે, પણ તમે સમજ્યા વગર જ કહી દીધું કે 'હું જોતો રહીશ.' આ ગાડું અને બળદ હમણાં જ મંદિરની સેવામાં આપીને જાવ. મંદિર પૂરું થશે એટલે બંને તમને પાછા મોકલી દેશું."

રૂડા પટેલે આ સાંભળ્યું, પણ તેમને થયું કે જો બળદ ન હોય તો મારી ખેતીનું કામ બગડે. મહારાજને સેવાના કરનારા ઘણા મળી રહે. એમ વિચાર કરી તે સાંજે મહારાજની રજા લઈ વેળાવદર ઉપડી ગયા.[૧૦૯]

---

૧૦૯. મહારાજ ધામમાં ગયા પછી રૂડા પટેલને અંતરમાં અત્યંત બળતરા થવા લાગી કે મહારાજે ગાડું ને બળદ માંગ્યાં અને મારાથી તે ન અપાયાં. એટલે તે ગઢડા ગયા અને કોઠારીને વાત કરી. કોઠારીએ કહ્યું : "આપણા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને બળદ અને ગાડી આપશો તો તમને અંતરમાં શાંતિ થઈ જશે."
રૂડાભાઈએ બાર જોડ વાછડા ઉછેરીને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની ગાડીએ જોડવા આપ્યા. આથી મહારાજ તેમના ઉપર પ્રસન્ન થયા અને તેમને દર્શન દીધાં. આ દર્શનથી તેમના અંતરમાં શાંતિ થઈ !

દાદાખાચર તેમના દરબારમાં કોઠો કરાવે છે

ગઢપુરના મંદિરના કોઠલા તૈયાર થઈ ગયા. જીવાખાચર મંદિરના કામકાજ ઉપર ઝીણી નજરથી દેખરેખ રાખતા હતા. ભાવનગર નરેશ વજેસિંહજી બાપુને તેમણે વાત પહોંચાડી કે "દાદાખાચર તો તેમના દરબારમાં કોઠો કરાવે છે. તેમાં દારૂગોળો અને શસ્ત્રો રાખવાના છે. એટલે સાવચેતી રાખવા જેવું છે."

તે સમયે ભાવનગર રાજ્ય સામે ખુમાણો બહારવટે ચડ્યા હતા. તેમાં પણ જોગીદાસ ખુમાણની રંજાડ વધારે હતી. આથી વજેસિંહ બાપુને પણ ચિંતા થવા લાગી કે ખુમાણો અને ખાચરો જો ભળી જશે તો ઉપાધિ વધુ થશે. તેમણે તેથી બસો આરબોને ગઢડા મોકલ્યા અને તેના ઉપરીને કહ્યું : "તમારે દાદાખાચરને જઈને કહેવું કે 'રાજ્યનો હુકમ છે તો આ કોઠલો ચણો છો તે કામ બંધ કરો.' પણ કાંઈ તોફાન કરશો નહીં."

બસો આરબની ફોજ ગઢપુરના પાદરમાં દાખલ થઈ અને દાદાખાચરના દરબારમાં તે સમાચાર પહોંચી ગયા. એટલામાં તેમના ઉપરીએ મોકલાવેલ આરબ આવ્યો અને તેણે કહ્યું : "વજેસિંહ બાપુનો હુકમ છે કે તમારા આ કોઠાના ચણતરનું કામ બંધ કરવું."

મહારાજને આ વાત પહોંચાડી. મહારાજે તરત જ ભગુજીને બોલાવ્યા. તેમને કહ્યું : "તમે આ આરબના સરદાર પાસે થોડા પાર્ષદો લઈને જાવ અને તેને કહો કે આ કોઠો નથી થતો પણ મંદિર થાય છે. એટલે તે કામ બંધ રહેશે નહીં. દરબાર વજેસિંહ જાતે આવીને જોઈ જાય અને ખાતરી કરી લે. ઊડતી વાત સાંભળીને રાજ્ય સરકાર તકરાર કરવા તૈયાર થાય તે ભાવનગર નરેશને શોભતું નથી."

ભગવાનના કામ ઉપર રાજ્યનો હુકમ ચાલે નહીં

ભગુજી તરત જ વીસ પાર્ષદો લઈને જ્યાં આરબની ફોજે પડાવ નાંખ્યો હતો ત્યાં ગયા. આરબના ઉપરીએ ખબડ અને મતારા સામેના યુદ્ધમાં ભગુજીના પરાક્રમની ગાથા સાંભળી હતી. ભાવનગર નરેશ પણ તેમનું પરાક્રમ સાંભળી બોલ્યા હતા કે "આવા વીરપુરુષ આપણે ત્યાં આવે તો લશ્કરના સેનાપતિ બનાવીએ."

ભગુજી ઘોડા ઉપરથી ઊતરીને સીધા તે આરબ જમાદારના તંબુમાં ગયા. તે જમાદારે ભગુજીને જોયા અને જોતાં જ તેના પાણી ઊતરી ગયા ! તેને લાગ્યું કે આ ભગુજી એકલા જ મારી ફોજને પૂરા પડે તેમ છે. ત્યારે તેની સાથે બીજા પાર્ષદો પણ છે અને દરબારમાં પણ બીજા હશે. તેથી તે ભગુજીને જોઈ ઊભો થઈ ગયો. ભગુજીએ તેને મહારાજે કહેલી વાત સમજાવી. એટલે તેણે કહ્યું : "અમે તો દરબારનો હુકમ થયો એટલે આવ્યા છીએ. પણ હવે તમારી વાત પણ દરબારને પહોંચાડશું. પણ બીજો હુકમ ન આવે ત્યાં સુધી તમે કોઠાનું કામ આગળ ચલાવશો નહીં."

આ સાંભળી ભગુજીએ કહ્યું : "કોઠો કરતા હોઈએ તો કામ બંધ રાખીએ, પણ અમે તો મંદિર કરીએ છીએ. એટલે ભગવાનના કામ ઉપર રાજ્યનો હુકમ ચાલે નહીં. તમે બાપુને કહેજો."

જમાદાર આ સાંભળી સ્તબ્ધ બની ગયો ! તેને થયું કે વધુ વાતચીત કરવામાં સાર નથી. તેથી તેણે કહ્યું : "ભલે, હું તમારી વાત બાપુને પહોંચાડીશ."

તેણે તરત જ ત્યાંથી મુકામ ઊઠાવ્યો અને ભાવનગર તરફ રવાના થવા નીકળી ગયો.

માથા પડશે પણ મૂર્તિપ્રતિષ્ઠા તો થશે જ

મહારાજ પાસે ભગુજી આવ્યા અને મહારાજને બધી વાત કરી. મહારાજે ભગુજીની હિંમતને બિરદાવી, પણ એટલું કહ્યું : "ભગુજી ! આપણે સાવચેત તો રહેવું પડશે. મૂર્તિપ્રતિષ્ઠા આપણને નિર્વિઘ્ને કરવા દેશે નહીં."

ભગુજી આ સાંભળી રહ્યા. તેમને થયું કે મહારાજ આ શબ્દો બોલે છે એટલે ઉપાધિ થવાની એ નક્કી જ છે. તેને પહોંચી વળવા તૈયાર તો રહેવું પડશે. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! તે વખતે આપ જો આજ્ઞા કરશો તો કોઈ પ્રકારનું વિઘ્ન આવવા નહીં દઈએ. માથા પડશે પણ મૂર્તિપ્રતિષ્ઠા તો થશે જ !"

મહારાજ તેમનું શૂરાતન જાણતા હતા, પણ છતાં કહ્યું : "ભગુજી ! આવા શુભ પ્રસંગે હિંસા થાય તેમાં આપણી શોભા નહીં. વળી, ઇતિહાસમાં લખાઈ જાય કે મૂર્તિપ્રતિષ્ઠાના મંગળ પ્રસંગે લોહી રેડાયું. એટલે તે પ્રસંગ આવ્યે શું કરવું તે જોઈ લેશું." ભગુજી આ સાંભળી મહારાજને પગે લાગ્યા અને ત્યાંથી નીકળી ગયા.

મંદિર કોઠલા સુધી તૈયાર થઈ ગયું હતું. કોઠલાને કોઠો સમજી ભાવનગર દરબાર તરફથી મનાઈ હુકમ આવી ગયો હતો, છતાં તે પાછો ઠેલીને કામ શરૂ રાખ્યું હતું. પરંતુ મહારાજને થયું કે હવે મૂર્તિપ્રતિષ્ઠા કરી દઈએ, જેથી ભાવનગર નરેશને કાંઈ ગેરસમજણ રહે નહીં અને ખોટી રીતે તકરારમાં ઊતરવું પડે નહીં. મહારાજે દાદાખાચર, જયા, લલિતા એ સૌને બોલાવ્યાં અને કહ્યું : "આપણે હવે અહીં મૂર્તિપ્રતિષ્ઠા કરી નાંખીએ. તેની તૈયારીઓ તમે કરવા માંડો. આ તો આપણું મુખ્ય સ્થાન છે, એટલે વરતાલ, અમદાવાદમાં આવ્યા હતા તેથી હજારોની સંખ્યામાં હરિભક્તો આ પ્રસંગે અહીં આવશે. તેમને માટે ઉતારા, પાગરણ તથા જમવાની વ્યવસ્થા કરવાની છે. તેમજ પ્રતિષ્ઠાવિધિ અંગે યજ્ઞ વગેરેની પણ તૈયારીઓ કરવાની છે."

દાદાનો દરબાર અક્ષરધામ તુલ્ય બની ગયો હતો

દાદાખાચર તથા તેમના પરિવારના અંતરમાં મહારાજે આપેલ આ શુભ સમાચારથી આનંદ થયો. પોતાના જ દરબારમાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણના વરદ હસ્તે મંદિર થાય, તેમાં મૂર્તિપ્રતિષ્ઠા થાય અને હજારોની સંખ્યામાં સંતો-હરિભક્તો આ શુભ પ્રસંગે પોતાને આંગણે પધારે તેનાથી જીવનમાં બીજો કયો લહાવો હોઈ શકે ! બીજાં કયાં પરમ ભાગ્ય હોઈ શકે ! અન્ય રાજવીઓના દરબારગઢમાં તો રાજકારણના દાવપેચ રમાતા હોય, વેરઝેરના તણખા ઝરતા હોય, દારૂ અને અફીણના પ્યાલાની મહેફિલો જામતી હોય અને વેશ્યાઓના નાચગાનના મુજરા થતા હોય ! જ્યારે દાદાનો દરબાર અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણના સંબંધે અક્ષરધામ તુલ્ય બની ગયો હતો ! સંતો-હરિભક્તોની કીર્તન-ભક્તિના રંગે રંગાઈ ગયો હતો. શ્રીજીના અમૃતમય શબ્દોથી, તેમના પાદસ્પર્શની રજથી, દરબારગઢના અણુએ અણુ દિવ્યતાને પામી ગયા હતા. ઉત્સવોના આનંદથી સચ્ચિદાનંદ બ્રહ્મના આનંદનો અનુભવ સૌએ માણ્યો હતો. તે દરબારગઢ વિશ્વના સમગ્ર મુમુક્ષુઓ માટે એક પરમ પુનિત યાત્રાનું ધામ સમ બની ગયો હતો. જેની રજ શરીરે ઊડે તો શરીર પવિત્ર થઈ જાય. જ્યાં પવનની લહરીના સ્પંદનથી અંતઃકરણ નિર્મળ બની જાય તેવું આ પુરુષોત્તમ નારાયણના સંબંધનું ધામ યાવચ્ચંદ્રદિવાકરૌ પૃથ્વીનાં સર્વ તીર્થોમાં તીર્થરાજ સમું બની ગયું હતું. તેમનું મન આવા દિવ્ય તરંગોના વાસથી વાસુદેવમય બની ગયું.

મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રારંભ

મહારાજે મુહૂર્ત જોવરાવ્યું. આ.સં. ૧૮૮૫ના આસોના શુકલ પક્ષની દ્વાદશીનું મુહૂર્ત આવ્યું. આ શુભમુહૂર્તના પ્રસંગે તમામ ગ્રહો પણ પોતાના ભાવ છોડી એક થઈ ગયા ! મહારાજની પ્રસન્નતાના તેઓ પ્યાસી હતા. આ પ્રસંગે મહારાજે ઉમરેઠથી વેદમૂર્તિ હરિપ્રસાદ શર્માને યજ્ઞ તથા પ્રતિષ્ઠાવિધિ માટે જલદી આવી જવા પત્ર લખ્યો. બીજા વિદ્વાન બ્રાહ્મણોને પણ આ પ્રસંગે આવવા માટે પત્રો લખાવ્યા. તે સિવાય શુકમુનિ પાસે દેશોદેશમાં પત્રો લખાવી ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગે આવવાનાં આમંત્રણો મોકલાવ્યાં. વરતાલ પ્રતિષ્ઠા સમયે જે જે બ્રાહ્મણ હરિભક્તો વરૂણી તરીકે બેઠા હતા તેમને સૌને પણ તેડાવ્યા. ગઢપુરમાં પ્રતિષ્ઠાવિધિ અંગેની સમગ્રપણે તૈયારીઓ ધમધોકાર થવા માંડી.

દાદાખાચર તથા જીવુબા, લાડુબાને બોલાવી મહારાજે તેમને કહ્યું : ‘‘ઠાકોરજી તો પધરાવીશું પરંતુ તેમને માટે સુંદર વાઘા, આભૂષણ જોઈશે. તો તે પણ તૈયાર કરાવજો.’’

મહારાજે આ આજ્ઞા કરી ત્યારે તેમને સમજાયું કે આટલી જબરજસ્ત પ્રવૃત્તિમાં પણ મહારાજ સૂક્ષ્મ વસ્તુઓનું કેવું ધ્યાન રાખે છે ! બધું જ થાય પરંતુ ઠાકોરજી માટે વસ્ત્રો, આભૂષણો જો તૈયાર ન હોય તો કેટલી ખામી દેખાય ! તરત જ તેમણે હરજી ઠક્કરને કહી ભાવનગર માણસ મોકલ્યો. મખમલના તાકા, સુવર્ણના તારની જરી વગેરે મંગાવ્યા. મુગટ માટે પણ સામગ્રી મંગાવી અને સારા કારીગર દરજીઓને પણ સાથે લઈ આવવા કહ્યું. પોતાનાં આભૂષણો મંગાવી તેમાંથી ઠાકોરજી માટે આભૂષણો કરાવવાની વ્યવસ્થા કરી દીધી.

પ્રતિષ્ઠાનો દિવસ પાસે આવતો હતો તેમ ગઢપુર નગર પણ હરિભક્તો તથા સંતોનાં વૃંદોથી ઊભરાવા લાગ્યું. ઉન્મત્ત ગંગાને તીરે સંતોના ઉતારા માટે ઝૂંપડીઓ બાંધી દીધી. તે સિવાય લક્ષ્મીવાડીમાં રાધાવાવ પાસેના બીડમાં જ્યાં જ્યાં ખુલ્લી જગ્યા હતી ત્યાં તંબુઓ ખોડી દીધા હતા. સ્વામિનારાયણના જયઘોષથી, બ્રાહ્મમુહૂર્તમાં પ્રભાતી પદોના સૂરોથી, વહેલી સવારે અને સાંજે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જતાં મધુર સ્વરમાં સંભળાતાં કીર્તનોના સુરમ્ય સૂરોથી, શરણાઈ વાદનથી, ગઢપુર નગરી જાણે અક્ષરધામનું પ્રતીક બની ગઈ હોય તેમ શોભવા લાગી ! પ્રવેશ કરતાં જ મનના સંકલ્પ વિરામ પામી જતાં,

અંતઃકરણના મલિન ભાવો ઓસરી જતા, ભક્તિના રંગથી અંતર રંગાઈ જતું અને મહારાજની જ મૂર્તિનું અખંડ ચિંતવન થવા લાગતું. તેવા દિવ્ય વાતાવરણમાં ગઢપુરમાં ગોપીનાથજી દેવની મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રારંભ થયો.

વિશાળ યજ્ઞશાળામાં આજુબાજુ બ્રાહ્મણો વરૂણી તરીકે બેસી અનુષ્ઠાન કરતા હતા. વેદિયા વિપ્રો વેદમંત્રોથી યજ્ઞનો પ્રારંભ કરાવતા હતા. મહારાજ સ્વયં યજ્ઞશાળામાં પધાર્યા. દાદાખાચર પણ સાથે આવ્યા. યજ્ઞવિધિમાં મહારાજ બિરાજ્યા. પાસે જ દાદાખાચરને બેસાર્યા. વેદમંત્રોના ઘોષથી આરણ્યકોના તપોવન સમું નૈમિષારણ્ય ક્ષેત્ર જેવું દિવ્ય વાતાવરણ અહીં પ્રસરી ગયું. મહારાજના સંબંધનો આ પ્રતાપ હતો. તેમના સબંધે અક્ષરધામ પણ તેમના ભેળું જ હતું પણ તે અકળ હતું.

મહારાજ ગોપીનાથજીની મૂર્તિને ભેટે છે

યજ્ઞવેદીમાં ઘીની આહુતિઓ મંત્રોચ્ચાર સાથે મહારાજ આપતા હતા. તે પ્રસાદી સ્વીકારવા દેવો ધન્ય બની અંતરીક્ષમાં આવી ગયા હતા ! એટલામાં નિત્યાનંદ સ્વામી ગોપીનાથની મૂર્તિઓ લેવરાવી ત્યાં આવ્યા. વાસુદેવ નારાયણના ઓરડામાંથી તે મૂર્તિ તેમજ ધર્મપિતા અને ભક્તિમાતાની મૂર્તિઓ પણ આવી. માર્તંડ દેવ પણ આવી ગયા. મહારાજે દરેક મૂર્તિઓનું ષોડશોપચારે વિધિપૂર્વક સ્નાન કરાવી પૂજન કર્યું. પછી ત્યાં જ મહારાજે ન્યાસવિધિ કર્યો. સૌને આશ્ચર્ય થયું કે આ વિધિ તો મંદિરના સ્થાનમાં મૂર્તિ પધરાવ્યા પછી જ થાય, તો પછી મહારાજે એ વિધિ અહીં કેમ કર્યો ?

મહારાજ ગોપીનાથજીની મૂર્તિને સ્થિર દૃષ્ટિથી નિહાળી રહ્યા. પોતાના અંગમાંથી શીતળ, શાંત તેજની ધારા છૂટી અને ગોપીનાથજીની મૂર્તિમાં તે તેજનો પ્રવેશ થયો ! સૌને ગોપીનાથજીની મૂર્તિની શોભા અલૌકિક લાગી. તે જ રીતે ધર્મ, ભક્તિ અને વાસુદેવની મૂર્તિનો તથા સૂર્યદેવની મૂર્તિનો વિધિ કર્યો. પુલહાશ્રમમાં મહારાજના તપથી પ્રસન્ન થઈને પ્રગટ થયેલા સૂર્યદેવ પણ આજે કૃતકૃત્ય થઈ ગયા ! તેમને તરત જ સ્મરણ થયું કે હું માખી જેવો હતો, પરંતુ પુરુષોત્તમ નારાયણની ઉપાસનાથી આજે માર્તંડ દેવ બનીને જગતને પ્રકાશ આપું છું. પુલહાશ્રમમાં મહારાજનાં દર્શન થયાં. આજે મહારાજના વરદ હસ્તે અહીં મારી પ્રતિષ્ઠા થઈ. હવે આ પુણ્ય સંબંધે દેવતા મટી અક્ષરમુક્તની પંક્તિમાં ભળી જઈશ.

મહારાજ આ વિધિ પૂરી થઈ એટલે ઊઠ્યા. ગોપીનાથજીની મૂર્તિને આલિંગન આપી ભેટ્યા. દાદાખાચર, જીવુબા, લાડુબા તથા સમગ્ર પરિવાર આ દર્શનથી ગદ્ગદ થઈ ગયાં ! હરિભક્તો તથા સંતોને પણ લાગ્યું કે મહારાજે આજે અલૌકિક વિધિ કર્યો.

આરતી તો આપને ઉતારવાની હોય ને ?

મહારાજ તરત જ અક્ષર ઓરડીમાં પધાર્યા. નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દાદાખાચર સૌને ત્યાં બોલાવ્યા. તે સૌ આવ્યા. બીજા જે તેમની સાથે આવ્યા તેમને મહારાજે બહાર જવા કહ્યું. અક્ષર ઓરડીનાં દ્વાર બંધ કરાવ્યાં. પછી મહારાજે તેમને સૌને સંબોધીને કહ્યું : "આજે રાત્રે આ મૂર્તિઓ તેમના યથાસ્થાનમા પધરાવી દેજો. અમે દાદાખાચરના પરિવાર સાથે રાત્રે જ નીકળી જઈશું."

આ સાંભળી નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "પણ મહારાજ ! આરતી તો આપને ઉતારવાની હોય ને !"

મહારાજ ગંભીર બની ગયા. તેમણે કહ્યું : "સાંભળો, આ સમાચાર ભાવનગર પહોંચી ગયા છે. રાત સુધીમાં ત્યાંથી ફોજ અહીં આવી જશે. તે પહેલાં મૂર્તિઓ ગોઠવી દેજો. સવારે આરતી નિત્યાનંદ સ્વામી ઉતારશે."

આ સાંભળી સૌ શૂન્યમનસ્ક બની ગયા ! બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ફોજ આવશે તો આપણા પણ પાર્ષદો કયાં નથી ?"

"આ પ્રસંગ ધિંગાણું કરવાનો નથી. અમારી ઇચ્છાથી જ આ બન્યું છે. એટલે જેનું જેવું સ્વરૂપ હશે તે ઉઘાડું પડી જશે અને અમારી ઇચ્છાથી જ આપણું કાર્ય નિર્વિઘ્ને પતી જશે. કોઈ મુશ્કેલી આવશે નહીં. પરંતુ અમો તથા દાદાખાચર અને તેમનો પરિવાર જો અહીં રહીશું તો ઉપાધિ થશે." મહારાજે ગંભીર વદને કહ્યું.

પ્રસંગની ગંભીરતા સૌ સમજી ગયા. દાદાખાચર પણ ઉદાસ થઈ ગયા. મહારાજે કહ્યું : "ઉદાસ થવાનું કાંઈ જ કારણ નથી. અમે બધી જ વિધિ કરી લીધી છે. હવે ફક્ત આરતી કરવાની છે તે નિત્યાનંદ સ્વામી કરશે. તે વખતે નગારા અને ઝાલરું, ઘંટા વગેરે જોરથી વગાડશો એટલે અમે જાણીશું કે આરતી થઈ ગઈ."

એટલું કહીને મહારાજે કહ્યું : "આ વાત બહાર પાડવાની નથી. હમણાં

તમો બધા જાઓ અને સંતો, હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા કરો.''

એમ કહી દાદાખાચરને કહ્યું : ''આપણે રાત્રે નીકળી જવું છે અને રાધાવાવ રાત રોકાશું. આરતીના ડંકા સંભળાશે પછી કારિયાણી જઈશું.''

પછી નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''તમે તથા અદ્‌ભુતાનંદ સ્વામી તરત જ કારિયાણી આવજો. ભગુજીને તથા પાર્ષદોને અહીં જ રાખજો, જેથી મંદિરની રક્ષામાં તેઓ રહે.''

ભાવનગરથી બસો માણસની કુમક આવે છે

રાત્રે ભાવનગરથી બસો માણસોની કુમક આવી ગઈ. મંદિરનું કામ તથા પ્રતિષ્ઠાવિધિ બધું જ બંધ કરાવવાનો હુકમ લઈને તેઓ આવ્યા હતા. આ હુકમ દાદાખાચર ઉપર બજાવવાનો હતો, એટલે તેમનો ઉપરી દાદાખાચરના દરબારમાં આવ્યો. પરંતુ સમગ્ર ગઢડા નગરમાં આ પ્રસંગે હજારો હરિભક્તો હતા તે તેણે જોયા. શ્રીજીમહારાજના પાર્ષદો પણ ભગુજીના હુકમથી શસ્ત્ર-સજ્જ બનીને દરબારગઢ પાસે ચોકીમાં હતા. તેણે બહારથી જ આ પાર્ષદોને પૂછ્યું : ''દાદાખાચર ક્યાં છે ?''

ત્યારે તેણે કહ્યું : ''દાદાખાચર તો મહારાજ સાથે પરગામ ગયા છે.''

આ સાંભળી તે કુમકનો ઉપરી સજ્જડ થઈ ગયો ! વળી, પાર્ષદોનો મિજાજ પણ તેણે જોઈ લીધો. હરિભક્તો પણ હજારોની સંખ્યામાં જોયા. વળી, યજ્ઞવિધિ માટેની યજ્ઞશાળા અને સર્વત્ર મંગળ કાર્ય થતું જોયું. તેથી તેને લાગ્યું કે અહીં દારૂગોળો અને શસ્ત્રો રાખવા માટે કોઠો થાય છે તે વાત જ ખોટી છે. અહીં તો માંગલિક પ્રસંગનું જ વાતાવરણ દેખાય છે. તે થોડી વાર વિચાર કરીને તરત જ પાછો ફર્યો.

જબરેશ્વર બેઠા

યજ્ઞશાળામાંથી રાત્રે જ મૂર્તિઓ મંદિરમાં લાવ્યા. ગોપીનાથજીની મૂર્તિ મધ્ય મંદિરમાં પધરાવી. ડાબી બાજુના ખંડમાં ધર્મ, ભક્તિ અને વાસુદેવની મૂર્તિઓ પધરાવી અને જમણી બાજુના ખંડમાં રથમાં બિરાજેલા સૂર્યનારાયણની મૂર્તિ પધરાવી. આ રીતે મૂર્તિઓ ગોઠવી દીધી. મુકુંદ બ્રહ્મચારીએ મૂર્તિઓને શણગાર ધરાવ્યા. આભૂષણો પહેરાવ્યાં. આ બધી વિધિ પૂરી થઈ ત્યાં સવાર થવા આવી.

મહારાજ સવારે મૂર્તિઓની આરતી ઉતારવાના હતા, તેથી આખું મંદિર હરિભક્તોથી ભરાઈ ગયું હતું. સંતો પણ આવી ગયા હતા. સૌ મહારાજની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ મહારાજ દેખાયા નહીં. નિત્યાનંદ સ્વામી આવ્યા અને નિજ મંદિરમાં ગયા. બ્રહ્મચારીએ આરતી પ્રગટાવી અને નગારા અને અને ઝાલરુંના ઘોષ થયા. નિત્યાનંદ સ્વામીએ જીતરંગો શંખ વગાડ્યો અને પછી પડદો ખોલીને આરતી શરૂ કરી. સૌને આશ્ચર્ય થયું ! અંદરોઅંદર એકબીજા સામું સૌ જોવા લાગ્યા. નિત્યાનંદ સ્વામી ધીરગંભીર વદને આરતી ઉતારી રહ્યા હતા. નગારા અને ઝાલરું તથા ઘંટના નાદ અને જીતરંગા શંખનો ધ્વનિ રાધાવાવ સુધી સંભળાયો.

મહારાજે તરત જ દાદાખાચરને કહ્યું : "જબરેશ્વર બેસી ગયા ! હવે શત્રુનું કટક પાછું ફરશે. વિરોધીઓના હાથ હવે હેઠા પડ્યા." એટલું કહીને મહારાજે દાદાખાચરને કહ્યું : "આપણે હવે અહીંથી કારિયાણી જઈએ. જીવુબા, લાડુબા મેનામાં આવે અને તેમની સાથે બે પાર્ષદો રહેશે." એમ કહી મહારાજે અને દાદાખાચરે કારિયાણી તરફ ઘોડીઓ દોડાવી મૂકી.

મંદિરમાં પણ સૌ બોલવા લાગ્યા : "જબરેશ્વર બેઠા. જબરેશ્વર બેઠા" અને ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ ભગવાનની જય, ગોપીનાથ દેવની જયના ઉચ્ચારો થયા.[૧૧૦] ભાવનગરથી આવેલી કુમકને પણ ખાત્રી થઈ કે આંહીં શસ્ત્રો સંઘરવાનો કોઠો નથી થયો પણ મંદિર જ થયું છે. તે પોતાની કુમક લઈને ભાવનગર પાછો ફર્યો.

મહારાજ કારિયાણી પહોંચે છે

મહારાજ અને દાદાખાચર કારિયાણી પહોંચી ગયા. થોડી વારે જીવુબા, લાડુબાનો રથ પણ પહોંચી ગયો. તેઓ આવ્યાં પછી તેમણે મહારાજ માટે થાળ કરવાની શરૂઆત કરી. થાળ તૈયાર થયો એટલે મહારાજ સ્નાન કરી જમવા પધાર્યા. એટલામાં અદ્‌ભુતાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી ત્યાં આવી ગયા. મહારાજ તેમને જોઈને એકદમ ઊભા થઈ ગયા. તેમને બંનેને બાથમાં ભીડીને મળ્યા અને અત્યંત રાજીપો બતાવ્યો. પછી તેમણે મહારાજને સઘળી હકીકત કહી : "ભાવનગરથી કામ બંધ કરાવવાનો હુકમ લઈને ત્યાંની લશ્કરી ટુકડી

૧૧૦. અદ્‌ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્‌ભુત વાર્તા, વાર્તા-૧૯૦. લેખક, સંશોધક અને સંપાદક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ, સં. ૨૦૨૯.

આવી હતી. પરંતુ ભગુજીને તથા શસ્ત્રધારી પાર્ષદોને જોયા, હજારો હરિભક્તોને જોયા અને માંગલિક પ્રસંગનું વાતાવરણ જોયું તેથી કોઈ કાંઈ બોલી શક્યા નહીં. દાદાખાચર ઉપર કામ બંધ કરવાનો હુકમ હતો. પરંતુ તે તો ત્યાં ન હતા એટલે હુકમ બજાવી શક્યા નહીં. આપની કૃપાથી બધું કાર્ય નિર્વિઘ્ને પાર પડી ગયું છે.''

મહારાજ આ સાંભળી બહુ જ રાજી થયા. પછી તેમને પૂછ્યું : ''જમ્યા છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''મહારાજ ! બાજરાના રોટલાના ખુરમા અને છાશ જમીને આવ્યા છીએ.''

એટલે મહારાજે મોટીબાને કહેવરાવ્યું : ''તમારા દરબારમાં આ બંને સાધુ ઠાકોરજી પધરાવીને આવ્યા છે, એટલે આજે તો થાળની બધી જ પ્રસાદી એમને જ આપજો.''

તે સાંભળી મોટીબાએ કહેવરાવ્યું : ''પ્રસાદી તો રોજ આપીએ છીએ. આપ પહેલાં જમી લ્યો.''

ત્યારે મહારાજે ફરી કહ્યું : ''રોજ તો ભલે આપતા હો, પણ આજ તો વિશેષપણે આપવી જોઈએ. કેમ કે, ઠાકોરજી પધરાવવાનો બહુ દાખડો કરીને આવ્યા છે.'' એમ કહી મહારાજ જમ્યા અને પ્રસાદીનો આખો થાળ નિત્યાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને આપી દીધો.

ગઢપુરમાં મૂર્તિઓ મહારાજના સ્વરૂપમાં લીન થાય છે

મહારાજ કારિયાણીમાં થોડા દિવસો રહ્યા. શરદપૂનમ આવી એટલે અન્નકૂટ ઉત્સવ કરવા મહારાજ ગઢપુર પધાર્યા.[૧૧૧] મહારાજ સીધા જ ગોપીનાથજી દેવનાં દર્શન કરવા પધાર્યા. ગોપીનાથજીની મૂર્તિ સામે જોતાં મહારાજ સ્થિર નેત્રે ઊભા રહ્યા અને દર્શન કર્યાં. સૌ ભક્તો મહારાજની આ તલ્લીનતા જોઈ રહ્યા. દાદાખાચર પણ મહારાજની સહેજ પાછળ ઊભા હતા. તેઓ પણ મહારાજની એકાગ્રતા જોઈ રહ્યા. એટલામાં ત્યાં ઊભેલા સર્વે ભક્તોએ જોયું કે ગોપીનાથજીની મૂર્તિ મહારાજની મૂર્તિમાં પ્રવેશ કરી તેમનામાં લીન થઈ ગઈ !

ત્યારપછી મહારાજ ધર્મ, ભક્તિ અને વાસુદેવની મૂર્તિઓનાં દર્શન કરવા

---

૧૧૧. ગઢડા અંત્ય પ્રકરણના ૨૩મા વચનામૃતથી શરૂઆત થઈ.

બીજા ખંડમાં પધાર્યા. ત્યારે તે મૂર્તિઓ પણ મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગઈ ! સૂર્યનારાયણની મૂર્તિ પણ મહારાજના સ્વરૂપમાં લીન થઈ ગઈ ![૧૧૨] મહારાજનો આ પ્રતાપ સૌએ જોયો. મહારાજના સ્વરૂપનો પ્રભાવ જોયો કે મહારાજના સ્વરૂપમાં ગોપીનાથજી તથા અન્ય મૂર્તિઓ લીન થઈ ગઈ ! તેમને પ્રતીતિ થઈ કે આ ઐશ્વર્ય પુરુષોત્તમ નારાયણનું જ છે. મહારાજ સર્વ અવતારોના કારણ છે !

ગોપીનાથજી મહારાજનો પ્રથમ અન્નકૂટ ખૂબ જ ધામધૂમથી મહારાજની સાન્નિધ્યમાં થયો. પ્રતિષ્ઠા પ્રસંગે હજારો હરિભક્તો આવી ગયા હતા. તેથી આ પ્રસંગ ઉપર ફક્ત સ્થાનિક હરિભક્તો તથા આજુબાજુનાં ગામોમાં ફરતા સંતો તથા હરિભક્તો આવ્યા હતા. અનેક પ્રકારની વાનગીઓ જીવુબા, લાડુબા તથા અન્ય બહેનોએ બનાવી હતી. લખુ કંદોઈ પણ સેવામાં જોડાઈ ગયા હતા. મહારાજ અન્નકૂટની સામગ્રી જોઈ પ્રસન્ન થઈ ગયા. પછી પોતે ગોપીનાથજી દેવની આરતી ઉતારી. પ્રતિષ્ઠા પ્રસંગે નિત્યાનંદ સ્વામીએ આરતી ઉતારી હતી. આજે મહારાજે પોતે જ આરતી ઉતારી. સ્વયં પુરુષોત્તમ નારાયણ પોતાની આરતી ઉતારે છે, અક્ષરધામના પતિ આજે ભક્તની ભક્તિ કરી રહ્યા છે. આ મર્મ તો જેમને મહારાજના સ્વરૂપમાં સર્વોપરી પુરુષોત્તમ નારાયણનો ભાવ હોય તેને જ સમજાય. મહારાજ આરતી ઉતારી પોતાના ઉતારામાં પધાર્યા.

સુવાસિનીબા તો આપની જ વાત કર્યા કરે છે

મુકુન્દ બ્રહ્મચારી મહારાજ માટે થાળ લાવ્યા. શુદ્ધ જળથી મહારાજના હાથ-પગ ધોવરાવ્યા. પછી મહારાજ બાજોઠ ઉપર બિરાજ્યા. બ્રહ્મચારી મહારાજ સન્મુખ બેઠા.

બ્રહ્મચારી એક એક વાનગી વખાણતા જાય અને મહારાજને જમાડતા જાય. મહારાજે આ જોઈ બ્રહ્મચારીને પૂછ્યું : "અત્યાર સુધી તો કોઈ દિવસ આવી રીતે વાનગીઓના વખાણ કરતા ન હતા. આ તમને કોણે શીખવાડ્યું ?"

"સુવાસિનીબાએ વળી. બીજા કોણ શીખવાડતા હશે ?" બ્રહ્મચારીએ કહ્યું.

મહારાજ આ સાંભળી હસ્યા. પછી કહ્યું : "અમારી ભેગા આટલાં વર્ષો રહ્યા અને ન શીખ્યા અને ભાભી પાસે થોડા દિવસમાં શીખી ગયા ?"

બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! સુવાસિનીબા તો આપની જ વાત કર્યા

---

૧૧૨. દુર્ગપુર માહાત્મ્ય; પા. ૨૭૪. રચયિતા : આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ.

કરે છે. આપને આ વસ્તુ ભાવે, આ વાનગી આપને બહુ પ્રિય છે અને પાછા પૂછે : તમે મહારાજને એવી વાનગીઓ બનાવી એવી રીતે જમાડો છો ?''

પછી થોડું હસીને બ્રહ્મચારી બોલ્યા : ''મહારાજ ! હું તો રહ્યો જાડધરો, એટલે લાડવા સિવાય બીજું રાંધતા મને ન આવડે. પણ આજે આ બધી જુદી જુદી વાનગીઓ આપને ભાવે એવી બનાવી છે. એટલે આજે મને પણ સુવાસિનીબાની આજ્ઞા પ્રમાણે આપની સેવા કરવાની તક મળી.''

મહારાજ આ સાંભળી રહ્યા. મહારાજ જાણતા હતા કે સુવાસિની ભાભીના અંતરમાં અમારા સિવાય તેના પુત્રો કે પતિ કોઈ નથી. માના ભાવથી અમને ઉછેર્યા, લાડ લડાવ્યા અને આજે આટલાં વર્ષોના વિયોગ પછી પણ અમારી મૂર્તિ સિવાય તેમના અંતરમાં બીજું કાંઈ જ નથી.

આ વિચારમાં ને વિચારમાં મહારાજે ચળું કરી લીધું. બ્રહ્મચારી આ જોઈ બોલી ઊઠ્યા : ''અરે મહારાજ ! હજુ દૂધ-ભાત તો પીરસવાના બાકી છે. દૂધની તર સાકર નાંખીને તૈયાર રાખી છે તે પણ બાકી છે.''

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : ''બ્રહ્મચારી ! પ્રેમીભક્તોના ભાવથી અમે તૃપ્ત થઈ ગયા છીએ. હવે કાલે પીરસજો.''

બ્રહ્મચારી જોઈ રહ્યા. તેમને લાગ્યું કે મહારાજ કેવળ ભાવના ભૂખ્યા છે, વાનગીઓના નહીં !

મહારાજ ભૂમાપુરુષનું સ્વરૂપ ધારણ કરે છે

મહારાજ જમી રહ્યા એટલે એક પાર્ષદ તેમને બોલાવવા આવ્યા. તેણે મહારાજને દંડવત્ કરી કહ્યું : ''મહારાજ ! આપને પાંચુબાએ તેમના નવા ઓરડા તૈયાર થઈ ગયા છે તેમાં પધારવા માટે વિનંતી કરી છે.''

મહારાજ તરત જ ચાલ્યા. પાંચુબાના દક્ષિણાદા બારના ઓરડા પાડી ત્યાં ગોપીનાથજીનું મંદિર કરાવ્યું હતું. તેમને પાછળના ભાગમાં ઉગમણા બારના બે ઓરડા નવા કરાવી આપ્યા હતા. પરંતુ મહારાજ તેમાં પધારે, મહારાજની તેઓ પૂજા કરે, પછી જ તે ઓરડામાં રહેવા જવાની તેમની ઇચ્છા હતી. એટલે તેમણે મહારાજને બોલાવવા પાર્ષદને મોકલ્યો હતો.

મહારાજ પધાર્યા અને બંને ઓરડા તથા ઓસરીમાં પોતે ફરીને પગલાં કર્યાં. પાંચુબાએ ઢોલિયો ઢાળીને તૈયાર રાખ્યો હતો. તે ઉપર મશરૂનાં ગાદલાં-તકિયા વગેરે ગોઠવ્યાં હતાં. મહારાજ તે ઉપર બિરાજ્યા. પાંચુબાએ મહારાજનું

પૂજન કર્યું. થાળ ભરી રૂપિયા તથા સાકર ભેટ મૂક્યાં. પછી તે મહારાજનાં દર્શન સ્થિર દષ્ટિથી કરવા લાગ્યાં. એટલામાં તેમને મહારાજનું સ્વરૂપ બદલાતું દેખાયું. મહારાજને બદલે તેમને ભૂમાપુરુષનાં દર્શન થયાં ! તે સ્થિર થઈ ગયાં ! થોડી વારે જાગ્રત થયાં ત્યારે તેમણે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો અને ભૂમાપુરુષ સ્વરૂપે કેમ દર્શન આપ્યાં ?"

ત્યારે મહારાજે હસતાં હસતાં કહ્યું : "તમને પ્રતીતિ કરાવવા કે અમે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. અમે વિભૂતિઓનાં સ્વરૂપ ધારણ કરી શકીએ છીએ પરંતુ વિભૂતિઓ અમારું સ્વરૂપ ધારણ કરી શકે નહીં."

પાંચુબા સમજી ગયાં.

'સત્સંગિજીવન' ગ્રંથ રચવાનો પ્રારંભ

મહારાજે ગઢપુરમાં જ વસંત અને ફૂલદોલના ઉત્સવો કરવાનું નક્કી કર્યું હતું. તેથી ગઢપુરમાં રોકાયા. આ દરમ્યાન શતાનંદ મુનિ મહારાજ પાસે આવ્યા. મહારાજને દંડવત્ કરી સન્મુખ બેઠા. એટલે મહારાજે પૂછ્યું : "મુનિ ! કેમ પધારવું થયું ?"

શતાનંદ મુનિએ કહ્યું : "મહારાજ ! આપનાં દર્શન સારું જ." એમ કહીને પછી કહ્યું : "મહારાજ ! મને એક સંકલ્પ રહે છે. જો આપ મારા ઉપર પ્રસન્ન હો તો મારો બહુ દિવસનો એક મનોરથ છે તે પૂરો કરો !"

એટલે મહારાજે પૂછ્યું : "શું મનોરથ છે ? અમે તો સૌના સંકલ્પો પૂરા કરવા જ પ્રગટ થયા છીએ."

શતાનંદ મુનિએ હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપના ચરિત્રનો ગ્રંથ રચવાની મારી ઇચ્છા છે. આપ જો કૃપા કરો તો મેં જે વિદ્યાભ્યાસ કર્યો છે તે આપના ચરિત્રનો ગ્રંથ રચવાથી સફળ થશે."

મહારાજ તેમનો આવો શુભ મનોરથ સાંભળી પ્રસન્ન થયા. પછી કહ્યું : "ભલે, મુનિરાજ ! તમે અમારા ચરિત્રનો ગ્રંથ ખુશીથી રચો અને તેમાં અમારાં ચરિત્ર જેવાં સાંભળ્યાં છે અને દેખ્યાં છે તે રીતે વર્ણન કરજો."[૧૧૩] એમ કહીને મહારાજે કહ્યું : "આ ગોપીનાથજીના મંદિરમાં તમને એકાંત સ્થાને બેસી, લખવા માટે એક ઓરડી આપીશું. ત્યાં રહી તમો આ ગ્રંથની રચના કરજો."

શતાનંદ મુનિએ એ પ્રમાણે આ.સં. ૧૮૮૫ના માગશર માસમાં

૧૧૩. સત્સંગિજીવન; પ્રથમ પ્રકરણ-૧, ભૂમિકા; પા. ૧૨૩

સત્સંગિજીવન ગ્રંથ રચવાની શરૂઆત કરી.[૧૧૪]

મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહેવાય જ કેમ ?

શતાનંદ મુનિએ સત્સંગિજીવનનો ગ્રંથ લખવાની શરૂઆત કરી. જેમ જેમ પ્રકરણો, તેના અધ્યાયો, લખાતાં જતાં હતાં તેમ તે મહારાજને વંચાવતા. મહારાજ સાંભળી રહેતા. તેથી શતાનંદ મુનિને લાગતું કે આ લખાણમાં મહારાજની મૂક સંમતિ છે. પરંતુ જ્યારે મહારાજના સ્વરૂપના નિરૂપણનો પ્રસંગ આવ્યો અને શતાનંદ મુનિએ શ્રીજીમહારાજ એ જ શ્રીકૃષ્ણ છે એવા ભાવના શ્લોકો રચ્યા, ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! મહારાજ તો સર્વોપરી અને સર્વ અવતારોના કારણ અને અવતારી પુરુષોત્તમ નારાયણ છે. તેમને શ્રીકૃષ્ણ જેવા કેમ કહેવાય ?"

આ સાંભળી શતાનંદ મુનિ સ્તંભી ગયા. પરંતુ પોતાની માન્યતા સાચી જ છે એ પુરવાર કરાવવા આ પ્રશ્ન તેઓ મહારાજ પાસે લઈ ગયા. મહારાજે કહ્યું : "આપણે મોટેરા સંતોને પૂછીએ. તેઓ કેમ સમજે છે તે જાણીને પછી જ નિર્ણય કરીએ."

પછી મહારાજે બધા જ મોટેરા સંતોને પૂછ્યું કે "નિત્યાનંદ સ્વામી સત્સંગિજીવન ગ્રંથ લખાય છે તેમાં ઉપાસનાના વિષયમાં અમારા સ્વરૂપને કૃષ્ણથી અધિક કહે છે. અમે તો જેમ શતાનંદ મુનિ લખે છે તે યોગ્ય જ છે, એમ કહીએ છીએ. તો હવે તમો અમારા પક્ષમાં છો કે નિત્યાનંદ સ્વામીના પક્ષમાં ?"

એટલે સંતોએ કહ્યું : "મહારાજ ! અમે તો આપની આજ્ઞાને આધીન છીએ. એટલે આપના જ પક્ષમાં છીએ."

ત્યારે મહારાજે કહ્યું : "નિત્યાનંદ સ્વામીને બોલાવો."

સ્વામી આવ્યા. મહારાજે તેમને કહ્યું : "જેમ શતાનંદ મુનિ સમજે છે તેમ જ ગ્રંથ લખાશે. તમારે માન્ય હોય તો અહીં રહો. બધા સંતો પણ શતાનંદ મુનિ સમજે છે તેમ જ સમજે છે, અને તમે એકલા પડો છો. માટે અમારું વચન માનો."

નિત્યાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! હું આપની બીજી તમામ આજ્ઞા પાળવામાં તત્પર રહું છું. પરંતુ આપના સર્વોપરી સ્વરૂપની જે

---

૧૧૪. સત્સંગિજીવન ગ્રંથ શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા બાદ પૂર્ણ થયો હતો, એવો ઉલ્લેખ સત્સંગિજીવન, પ્રકરણ-૫, અધ્યાય-૬૮માં છે.

નિષ્ઠા મારા અંતરમાં દૃઢ થઈ છે, તે કહેતાં જો મને દુઃખ આવશે તો હું સહન કરી લઈશ. પરંતુ બીજા અવતારો જેવું આપનું સ્વરૂપ છે એવું તો લખવા નહીં જ દઉં.''

મહારાજ નિત્યાનંદ સ્વામીને દેશવટો આપે છે

મહારાજે તરત જ ભગુજીને તથા ડુંગરજીને આજ્ઞા કરતાં કહ્યું : ''આ નિત્યાનંદ સ્વામી અમારા સામા પડ્યા છે, તો તેમને અહીંથી દૂર કોઈ વિકટ સ્થાને લઈ જાવ. તેમને અમો દેશવટો દઈએ છીએ.''

આ સાંભળી બંને પાર્ષદો ઊઠ્યા અને સ્વામીને કહ્યું : ''સ્વામી ! ઊઠો.'' સ્વામી તરત જ ઊઠ્યા.

તે વખતે સુરાખાચર ત્યાં બેઠા હતા. તેમણે જાણ્યું કે મહારાજ અત્યારે રૂઠ્યા છે, પણ થોડા દિવસ પછી શાંત થઈ જશે. વળી, નિત્યાનંદ સ્વામીની સમજણ બરોબર છે. તેથી તેમણે કહ્યું : ''મહારાજ ! નિત્યાનંદ સ્વામીને કેવા સ્થાનમાં મૂકી આવવા તેની આ પાર્ષદોને ખબર ન હોય. અમે તો આ દેશના ભોમિયા કહેવાઈએ, એટલે તે કામ આપ મને જ સોંપો.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! સુરોખાચર ઠીક કહે છે.''

આ સાંભળી મહારાજના મુખ ઉપર સ્મિતની આછી રેખા ફરકી ગઈ, પરંતુ કોઈની નજરમાં તે ન આવી. મહારાજે કહ્યું : ''ભલે સુરાખાચર, તમો તેમને લઈ જાવ.''

તરત નિત્યાનંદ સ્વામીએ મહારાજને દંડવત્ કરી ચરણ સ્પર્શ કર્યા અને પછી સુરાખાચર સાથે નીકળી ગયા. સૌ સંતો મહારાજે આવા સમર્થ સદ્‌ગુરુને આવી શિક્ષા કરી તે જોઈ રહ્યા. પરંતુ પ્રશ્ન સિદ્ધાંતનો હતો અને મહારાજ પણ તેમના મતમાં ભળી ગયા હતા. તેથી કાંઈ બોલી શક્યા નહીં.

નિત્યાનંદ સ્વામી સભાનું ભૂષણ હતા

બે-ત્રણ દિવસ થયા એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને સભામાં કહ્યું : ''મહારાજ ! નિત્યાનંદ સ્વામી વિના સભા શોભતી નથી. તેઓ તો આપણી સભાનું ભૂષણ હતા.''

ત્યારે મહારાજે તેમને કહ્યું : ''અમે તો તમને પૂછ્યું હતું. તે વખતે તમે કહ્યું હોત તો આમ ન થાત.''

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! મેં તો આપને કહ્યું હતું કે મારો આત્મા નિત્યાનંદ સ્વામી સાથે છે, દેહ આપની સાથે છે. માટે આત્મા વગરના દેહને ઝાઝી વાર રખાય નહીં. તેની પણ કાંઈ વલે કરો."

આ પરિસ્થિતિથી મોટેરા સંતો સૌ દિલગીર થઈ ગયા. એટલે મહારાજે કહ્યું : "અમને ગોપાળાનંદ સ્વામીએ તથા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું કે 'નિત્યાનંદ સ્વામી ઠીક કહે છે.' પણ અમે તેમને પણ કહ્યું હતું કે 'અમને ઠીક પડશે તેમ કરીશું.' હવે શું કરવું ? નિત્યાનંદ સ્વામીને તો સુરાખાચર ગીરના જંગલમાં જઈને મૂકી આવ્યા હશે, ત્યાં તેમનો દેહ સલામત શી રીતે હોય ?"

એમ કહીને મહારાજે સુરાખાચરને કહ્યું : "તમારા પસાયતાને કહો કે સ્વામીને જ્યાં મૂકી આવ્યા હો ત્યાંથી પાછા લઈ આવે."

તે પસાયતા તે વખતે ત્યાં જ હતા. તેમણે હાથ જોડીને મહારાજને કહ્યું : "મહારાજ ! ગીરની ઝાડીમાં તો વાઘ-દીપડા હોય, એટલે હવે સ્વામી મળવા મુશ્કેલ છે."

તે સાંભળી મહારાજે દિલગીર થતાં કહ્યું : "અમારી બહુ ભૂલ થઈ ગઈ. અમે આવું નો'તું જાણ્યું."

પછી મહારાજે તે પસાયતાઓને કહ્યું : "જો તમે સ્વામીને પાછા લઈ આવો, તો મુક્તાનંદ સ્વામી જેવું તમારું કલ્યાણ કરીશ."

મહારાજની આજ્ઞા થઈ એટલે સુરાખાચરે તેમના પસાયતાઓને કહ્યું : "તમે જઈને તપાસ તો કરો. મહારાજની ઇચ્છા છે તે મળી પણ જાય." એમ કહી તેમણે બ્રહ્માનંદ સ્વામી સામું જોયું અને બંને સામસામું મર્માળુ હસ્યા. પરંતુ સભામાં બધા જ ઉદાસ થઈ ગયા હતા.

નિત્યાનંદ સ્વામી પાછા આવે છે

મોડી રાત્રે પસાયતાઓ પાછા ફર્યા. મહારાજ તે રાત્રે થાળ જમ્યા ન હતા અને ઉદાસ થઈ ગયા હતા. ત્યાં તેમને ખબર પડી કે પસાયતાઓ સ્વામીને લઈને આવી ગયા છે, એટલે પલંગમાં પોઢ્યા હતા તે બેઠા થઈ ગયા. એટલામાં બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર અને પસાયતાઓ નિત્યાનંદ સ્વામીને લઈને આવ્યા. પસાયતાઓએ કહ્યું : "મહારાજ ! સ્વામીને જે જગ્યાએ અમે બેસાર્યા હતા ત્યાંથી જ તેઓ મળી આવ્યા."

નિત્યાનંદ સ્વામી મહારાજને દંડવત્ કરવા લાગ્યા. પરંતુ મહારાજે

તેમનો હાથ પકડી દંડવત્ રખાવ્યા અને બાથમાં ભીડીને ખૂબ પ્રેમથી મળ્યા. પછી મહારાજ થાળ જમ્યા અને પ્રસાદી નિત્યાનંદ સ્વામીને આપી. થોડી વારે મહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓને પૂછ્યું : "હવે સૌ રાજી થયા ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! અત્યંત રાજી થયા છીએ."[૧૧૫]

---

૧૧૫. શ્રી બ્રહ્મસંહિતા, પા. ૬૩૪. લેખક : રાજ્યકવિ માવદાનભાઈ રત્નુ.

આ પ્રસંગ રાજ્યકવિએ 'શ્રી સ્વામિનારાયણ દિગ્વિજય' અંક, સને ૧૯૪૨માંથી લીધો છે તેમ તેઓ લખે છે.

આ જ પ્રસંગ નિત્યાનંદ સ્વામી કૃત 'શ્રીહરિદિગ્વિજય'માં પા. ૨૫, તેમનું જીવન-ચરિત્ર આલેખતાં શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસ (વરતાલ) લખે છે : "એક દિવસ મહારાજના સ્વરૂપના નિશ્ચયની વાત લખવાના પ્રસંગે કેટલાક સંતોએ કહ્યું : 'મહારાજને બીજા અવતાર માફક સામાન્ય રીતે ભગવાન છે તેમ લખવું.' કેટલાકે કહ્યું : 'બુદ્ધાવતાર જેવા લખવા.' એમ સહુ પોતપોતાની સમજણ પ્રમાણે કહેવા લાગ્યા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજને બીજા અવતાર જેવા લખાય જ કેમ ? એ તો સર્વ અવતારના અવતારી, સર્વકારણ પરાત્પર પુરુષોત્તમ જ છે.' આમ, પરસ્પર મોટો મતભેદ ઊભો થયો. સ્વયં શ્રીજી પણ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. તે માટે સ્વામીને ઘણા સમજાવ્યા. પરંતુ સ્વામી તો તેમના નિશ્ચયમાં અતિ દૃઢ પર્વતપ્રાય રહ્યા, પણ બિલકુલ ડગ્યા નહીં. ત્યારે મહારાજે સ્વામીને દુરાગ્રહી કહીને પંક્તિ બહાર કર્યા અને પોતાના અદ્વિતીય માનપાત્ર મહાપુરુષને આમ એકદમ તરછોડ્યા. સ્વામીએ પણ એ કસોટીમાંથી પસાર થવાનો દૃઢ નિશ્ચય કરેલો હોવાથી પોતે સભામાં ન આવતા; પંક્તિમાં જમવા પણ ન આવતા. જેમ વનનું મૃગ હોય તેમ સર્વથી એકલા પડી ગયા.

આ પ્રમાણે સાત દિવસ ચાલ્યું, પણ મહારાજે સ્વામીને બોલાવ્યા નહીં. આઠમે દિવસે સર્વાન્તરાત્મા પ્રભુ શ્રીહરિએ, સ્વામીને પોતે જ સભામાં બોલાવીને, સ્વામીની પૂજા કરીને ગુલાબનો હાર પહેરાવ્યો અને સર્વને કહ્યું : 'હે પરમહંસો ! આ નિત્યાનંદ સ્વામીનો અમે આટલો અનાદર કરીને અપમાન કર્યું, અમે પોતે સમજાવ્યા, છતાં તે પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. માટે આ નિત્યાનંદ સ્વામીની સમજણ સર્વોપરી છે અને ઉપાસક તો આવા જ હોવા જોઈએ. માટે તમારે સર્વેએ એ સમજે છે તેમ સમજવું અને તેમનો સમાગમ કરી કસર ટાળવી."

આ પ્રસંગ વિધાત્રાનંદ સ્વામીના પત્રો અને શ્રીહરિદિગ્વિજયમાં લખાયેલ નિત્યાનંદ સ્વામીના જીવનચરિત્ર અનુસાર વરતાલમાં બન્યો હતો - એવો પણ ઉલ્લેખ છે.

ઝીણાભાઈની અસાધ્ય માંદગી

બીજે દિવસે જૂનાગઢથી નવલસિંહ ગઢપુર આવ્યા. તેઓ દરબારમાં ઉતારો કરી સીધા મહારાજ પાસે ગયા. મહારાજે તેમને પૂછ્યું : "કેમ નવલસિંહ ! એકાએક આવવાનું થયું ?"

ત્યારે તેમણે ગંભીર વદને કહ્યું : "મહારાજ ! ઠાકોર ઝીણાભાઈને અસાધ્ય માંદગી છે. તેમને પોતાને પણ લાગી ગયું છે કે દેહ હવે રહેશે નહીં. તેથી આપને ખાસ તેડી જવા માટે મને મોકલ્યો છે."

મહારાજ આ સમાચાર સાંભળી ગંભીર થઈ ગયા. થોડી વારે તેમને કહ્યું : "નવલસિંહ ! આપણે કાલે વહેલી સવારે નીકળીશું."

આ સાંભળી નવલસિંહ મહારાજને પગે લાગી પોતાના ઉતારે ગયા.

સાંજે સૌને ખબર પડી કે દરબાર ઝીણાભાઈને અસાધ્ય માંદગી છે અને મહારાજ નવલસિંહ સાથે જૂનાગઢ પધારે છે. મહારાજની ભક્તવત્સલતાનાં દર્શન પ્રસંગે પ્રસંગે સૌને થતાં હતાં.

બીજે દિવસે મહારાજ દાદાખાચરને તથા થોડા પાર્ષદોને લઈને ગઢપુરથી જૂનાગઢ જવા નીકળી ગયા. મહારાજ બે દિવસે જૂનાગઢ પહોંચ્યા. મહારાજ પધાર્યા તે જાણી ઝીણાભાઈનાં માતુશ્રી ગંગાબા બહુ જ રાજી થયાં. તેમને થયું કે "હવે મારો ઝીણો સાજો થઈ જશે."

મહારાજ સીધા જ ઝીણાભાઈના દીવાનખાનામાં પધાર્યા. તેમના ખાટલા ઉપર જ મહારાજ બેસી ગયા. ઝીણાભાઈને શરીરે હાથ ફેરવતાં મહારાજે તેમને પૂછ્યું : "ઝીણાભાઈ ! કાંઈ ઇચ્છા છે ?"

તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! હવે તો અક્ષરધામમાં આપનાં ચરણમાં રહેવાની ઇચ્છા છે. બીજી કાંઈ ઇચ્છા નથી."

મહારાજે જાણ્યું કે દરબારને હવે જગત સંબંધી કોઈ વાસના રહી નથી. શુદ્ધ થઈ ગયા છે, તો હવે ધામમાં મોકલી દેવા.

ઝીણાભાઈને તો અમારે એવા મોટા બનાવવા છે કે મૃત્યુ તેમની પાસે આવે જ નહીં

થોડી વારે મહારાજ ગંગામાને ઓરડે પધાર્યા. મહારાજ આવ્યા એટલે ગંગામા તરત જ ઊભા થઈ ગયાં. મહારાજ માટે ચાકળો પાથર્યો અને પોતે

મહારાજ સન્મુખ બેઠાં. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપ પધાર્યા તે બહુ દયા કરી. હવે મારો ઝીણો સાજો થઈ જશે. આપની જ તેને ઝંખના હતી."

મહારાજ આ સાંભળી નીચું જોઈ ગયા. પછી બોલ્યા : "મા ! ઝીણાભાઈને તો અમારે બહુ મોટી પદવી આપવી છે. તેમને એવા બનાવી દેવા છે કે મૃત્યુ તેમની પાસે આવે જ નહીં."

ગંગામા આ સાંભળી બહુ જ રાજી થઈ ગયાં. તેમણે દયામણે મોઢે કહ્યું : "અરે મહારાજ ! આપની દયાનો પાર નથી. આપ તો અમ જેવા નાના જીવને મોટા કરી જાણો છો. તે ઝીણાને તો આપનો સંબંધ થયો ત્યારથી મોટો થઈ ગયો છે !" મહારાજ ગંગામાની સમજણથી રાજી થયા.

ઝીણાભાઈને અંગ્રેજનું રાજ્ય અપાવું તો....?

પછી મહારાજે કહ્યું : "મા ! આ ઝીણાભાઈ તો ફક્ત બે જ ગામના રાજા છે. પણ તેને જો જૂનાગઢના નવાબ સરકારનું રાજ અપાવું તો તમે રાજી કે નહીં ?" ગંગામાના આનંદનો પાર ન રહ્યો. તેમનો શોક શમી ગયો.

એટલે મહારાજે ફરી કહ્યું : "પણ મા ! મને તો એમ થાય છે કે જૂનાગઢના નવાબ પણ અંગ્રેજ સરકાર પાસે તો ખંડિયા રાજા કહેવાય. એટલે એવી તાબેદારી ભોગવવી તે કરતાં તો અંગ્રેજોનું રાજ્ય જ સારું; જે રાજ્યમાં સૂરજ આથમતો જ નથી !"

ગંગામાની રોમાવલી આ સાંભળી ઊભી થઈ ગઈ. તેને થયું, હવે ઝીણો નક્કી સાજો થઈ જશે. કારણ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પોતે જ એને અંગ્રેજોનું રાજ્ય અપાવવાના છે.

મહારાજે જાણ્યું કે ગંગામાનો શોક ઓસરી ગયો છે. આજે એટલી વાત રાખી ફરી કાલે બીજી વાત કરીશું. પછી મહારાજ ઊઠ્યા. ઊઠતાં ઊઠતાં કહ્યું : "મા ! ઝીણાભાઈની ફિકર કરશો નહીં."

એટલે ગંગામાએ કહ્યું : "મહારાજ ! એ તો આપનો થયો એટલે ચિંતા તો આપને જ હોય ને !"

મહારાજ ઊઠ્યા અને પોતાને ઉતારે પધાર્યા.

ઝીણાભાઈનો અસાધ્ય જણાતો રોગ, તેમના દેહમાં અસહ્ય પીડા, આ બધું મહારાજનાં તેમને દર્શન થયાં એટલે શાંત થઈ ગયું ! તેથી સૌને લાગ્યું કે ઝીણાભાઈને હવે વળતાં પાણી થશે. ગંગામાને પણ સૌ ધીરજ દેવા લાગ્યા.

અતિ મોટા અક્ષરધામમાં ઝીણાભાઈને મોકલીએ

બે દિવસ પછી મહારાજ ગંગામા પાસે આવ્યા. ગંગામાએ સાંગામાંચી ઢાળી દીધી. તે ઉપર રેશમી ધડકી પાથરી. મહારાજ તે ઉપર બિરાજ્યા. ઝીણાભાઈની તબિયતની વાત કરી. પછી મહારાજે કહ્યું : "મા ! અમને તો એમ થાય છે કે અંગ્રેજનું રાજ્ય કે ઈન્દ્ર પદવી કે બ્રહ્માનું સ્થાન આ બધાં એક દિવસ નાશ થઈ જવાનાં. પરંતુ જ્યાં કાળ પહોંચે નહીં, જ્યાં મૃત્યુ સંભવે જ નહીં એવા અતિ મોટા અક્ષરધામમાં ઝીણાભાઈને મોકલીએ અને અનંત બ્રહ્માંડોનો અધિકાર સોંપીએ તો કેવું ?"

"અરે મહારાજ ! આપ જે કરશો તે તો ઝીણા માટે સારું જ હશે." ગંગામાએ કહ્યું.

"પણ મા ! ઝીણાભાઈ ત્યાં આટલાં બધાં બ્રહ્માંડોનું રાજ્ય કરતા હશે પણ તમને દેખાશે નહીં તો તમે અકળાશો તો નહીં ને ?" મહારાજે ધીરે ધીરે ગંગામાને ધીરજ આપવા વાત વધારી.

તે સાંભળી ગંગામાએ કહ્યું : "મહારાજ ! હું ન દેખું, પણ મને મનમાં તો એમ રહે ને કે મારો ઝીણો અક્ષરધામમાં રહીને કેવડું મોટું રાજ્ય કરે છે !"

મહારાજ આ સાંભળી રાજી થયા. પછી માજીને પૂછ્યું : "તો મા ! ઝીણાભાઈને અક્ષરધામમાં મોકલી દઈએ ?"

"હા, મહારાજ ખુશીથી મોકલી દ્યો, હું રાજી છું." માએ કહ્યું અને મહારાજ ઝીણાભાઈ પાસે માને લઈને ગયા.

હઠીસિંહની કાંઈ ભલામણ કરવી છે ?

મહારાજે ઝીણાભાઈને કહ્યું : "ઝીણાભાઈ ! તમે અક્ષરધામમાં રહી અનંત કોટિ બ્રહ્માંડો ઉપર રાજ્ય કરો તે જાણી ગંગામા રાજી થયાં છે. પણ તમારે કાંઈ હઠીસિંહની ભલામણ કરવી છે ?"

ઝીણાભાઈએ તરત જ આંખ મીંચી દીધી. પછી કહ્યું : "મહારાજ ! હઠી જો તમારો ભગત રહેશે તો મારી ભલામણ વગર પણ તમે તેનું ધ્યાન રાખશો અને એ જો ભગત મટી જશે તો હું તમને કહીશ તોપણ તમે તેનું ધ્યાન રાખવાના નથી. માટે એ સત્સંગી રહે એવી દૃષ્ટિ કરજો."

મહારાજ ઝીણાભાઈની સમજણ જોઈ અત્યંત પ્રસન્ન થઈ ગયા. પરંતુ

હઠીસિંહને સંગને લીધે સત્સંગના સંસ્કાર ઓસરતા જતા હતા, તેથી થોડા ખિન્ન પણ થઈ ગયા.

પછી મહારાજે ગંગામાને કહ્યું : "મા ! હવે અમે ઝીણાભાઈને અક્ષરધામમાં મોકલી આપીએ છીએ." એટલું કહીને મહારાજે ચપટી વગાડી અને તરત જ ઝીણાભાઈએ આંખ ઢાળી દીધી !

ઝીણાભાઈ સં. ૧૮૮૫ના માગશર સુદ ૧૦ને દિવસે ધામમાં બેસી ગયા ! પરંતુ મહારાજના સાક્ષાત્ સંબંધથી, તેમની સાન્નિધ્યમાં અને તેમની જ ઇચ્છાથી ઝીણાભાઈ અક્ષરધામમાં બિરાજી ગયા તેથી કોઈના અંતરમાં શોકની છાંય સરખી પણ વ્યાપી નહીં. ગંગામાને પણ થયું કે મારા ઝીણાને મહારાજે કેટલાંય બ્રહ્માંડોનું રાજ્ય કરવા અક્ષરધામમાં મોકલ્યો છે. તેથી તેમના અંતરમાં પણ આનંદ હતો.

ઝીણાભાઈના દેહને ષોડશોપચારે સ્નાન કરાવ્યું, કપાળમાં ચંદનની અર્ચા કરી, મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સૌએ આરતી ઉતારી. મહારાજ ખુરશી નાંખી સન્મુખ બેઠા હતા. ઝીણાભાઈના માથા ઉપર મહારાજે બે હાથ મૂક્યા. પછી અગ્નિસંસ્કાર વિધિ કરવા દામોદર કુંડ જવા તૈયારી કરી. મહારાજે સ્વયં ઝીણાભાઈની નનામી ઉપાડી અને થોડાં ડગલાં ચાલ્યા. પછી મહારાજના ખભા ઉપરથી નનામી લઈ લીધી. મહારાજ ઠેઠ દામોદર કુંડ સુધી સાથે ગયા.

મુક્તાનંદ સ્વામીએ આ વાત જ્યારે સાંભળી ત્યારે તેમણે મહારાજને આ વાતનું રહસ્ય પૂછ્યું : "મહારાજ ! આપે ઝીણાભાઈની નનામી ઉપાડી એ તો બહુ મોટી વાત કહેવાય ! આપના ભાઈ ઇચ્છારામભાઈની નનામી પણ આપે ઉપાડી નહોતી, તો ઝીણાભાઈનાં એવાં કયાં સત્કર્મ હશે કે જેથી આપે સ્વયં એમની નનામી ઉપાડી ?"

ત્યારે મહારાજે કહ્યું : "એ તો સાવ નાની વાત છે. ઝીણાભાઈ અમારા ભક્ત કમળશી વાંઝાનો ખાટલો ખભે ઉપાડીને ચાલ્યા, તે જેટલાં ડગલાં તેમણે ભર્યાં, તેથી બમણાં અમે ભર્યાં. અમારા ભક્ત કમળશીની સેવા કરીને ઝીણાભાઈએ અમારા માથે બહુ મોટું ઋણ મૂકી દીધું હતું. તેનો બદલો તો અમે વાળી શકીએ તેમ નથી."

સૌ સમજી ગયા કે મહારાજ તો ભક્તના પણ ભક્ત છે. મહારાજના ખરા સગા-સંબંધી તો તેમના ભક્ત જ છે. પોતાના ભક્તનો જે પક્ષ રાખે, તેની સેવા કરે, તે ઉપર મહારાજ સદા પ્રસન્ન રહે છે.

ઝીણાભાઈ તો મહામુક્ત હતા

બીજે દિવસે માગશર સુદ ૧૧એ મહારાજની આજ્ઞાથી મોટી સભા ભરવામાં આવી. જેટલા હરિભક્ત તથા ઝીણાભાઈના સંબંધીઓ, ભાયાતો આવ્યા હતા તે તમામ આ સભામાં આવી ગયા. વચ્ચે મહારાજ માટે પાટ ગોઠવી હતી. મહારાજ પધાર્યા અને તે પાટ ઉપર બિરાજ્યા. ઝીણાભાઈના કુટુંબના મોટેરા એમના સગા કાકાના દીકરા સૂરજસિંહ જે દાદાભાઈના નામે ઓળખાતા હતા, તે પણ આવ્યા. દાદાખાચરે ઊભા થઈને તેમનું બહુમાન કર્યું અને તેમને સૌથી આગળ મહારાજ સન્મુખ શ્રેષ્ઠ આસન ઉપર બેસાડ્યા.

પછી મહારાજે કહ્યું : "ઝીણાભાઈ તો મહામુક્ત હતા અને અહીં સત્સંગની સેવા કરવા જ તેમણે દેહ ધર્યો હતો. તેમનું કાર્ય પૂરું કરી તેઓ અક્ષરધામમાં બેસી ગયા છે. આપણે સૌએ પણ અંતે તો તે ધામમાં જ જવાનું છે. જેમનું કાર્ય વહેલું પૂરું થાય તે વહેલા જાય. માટે ઝીણાભાઈ નથી એવું કોઈએ માનવું નહીં. તેમના સંકલ્પ પ્રમાણે અમે અહીં મંદિર કર્યું છે તે ઝીણાભાઈના સંકલ્પનું મૂર્તિમાન પ્રતીક છે. તેને જોશો અને ઝીણાભાઈની સેવા-ભક્તિની સ્મૃતિ થઈ આવશે. તેમના જીવનમાંથી પ્રેરણા મળશે."

✧

મહારાજે દાદાભાઈને અગાઉના વરસોની સ્મૃતિ કરાવી આપી. મહારાજે દાદાભાઈને કહ્યું હતું : "હવે તમે કુટુંબમાં મોટેરા છો અને અમારે મન તો તમે ઝીણાભાઈને ઠેકાણે જ છો."

તે સાંભળી દાદાભાઈ ગદ્ગદ થઈ ગયા હતા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું હતું : "મહારાજ ! મને તમારો જ ગણજો અને જેમ ઝીણાને સેવા બતાવો છો તેમ મારા લાયક સેવા ફરમાવજો."

ત્યારે મહારાજે કહ્યું હતું : "અમે ઝીણાભાઈને વચન આપ્યું છે કે તમારી જગ્યામાં અમે મંદિર કરીશું. પણ એ જગ્યા બહુ નાની છે, તેથી ત્યાં મંદિર કરવાનું મન થતું નથી. પણ ઝીણાભાઈએ તો કહ્યું છે કે મેડી પાડીને પણ મંદિર અહીં જ કરજો."

એટલે દાદાભાઈએ કહ્યું હતું : "મહારાજ ! આપ અહીં મંદિર કરતા હો તો હું આજે જ મારી વાડી આપને અર્પણ કરી દઉં." મહારાજ તેમના ભાવથી બહુ જ રાજી થયા અને ઊભા થઈને તેમને માથે બે હાથ મૂકેલા.

દાદાભાઈ હજી પૂર્વની સ્મૃતિ વાગોળતા હતા. મહારાજે લાધા ઠક્કરને કહ્યું હતું : "લાધા ઠક્કર ! દાદાભાઈની વાડીનો લેખ તૈયાર કરો."

એટલે દાદાભાઈએ કહ્યું : "વાડી તો આપે સંકલ્પ કર્યો ત્યારથી જ હું દઈ ચૂક્યો છું. માટે લેખ નિરાંતે કરાવજો."

લાધા ઠક્કર મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું : "બાપુ ! ધરમના કામમાં ઢીલ ન કરાય. લેખ તો આજે જ કરી લઈએ. આજે એકાદશીનો ભારે પુણ્યશાળી દિવસ છે એટલે લેખ થઈ જાય તો મોટું સત્કર્મ થયું ગણાય."

દાદાભાઈએ તરત જ કહ્યું : "ભલે મહારાજ ! લેખ તૈયાર કરાવો, હું સહી કરી આપું."

લાધા ઠક્કરે તરત જ લેખ તૈયાર કર્યો. તેમાં દાદાભાઈએ સહી કરી. પછી મહારાજે સભા વિસર્જન કરી.

બીજે દિવસે મહારાજ કેટલાક સંતો, હરિભક્તોને લઈને દાદાભાઈએ જે વાડી અર્પણ કરી હતી તેમાં બધે ફર્યા હતા. પછી એક જગ્યાએ આવી[૧૧૬] તેના છેડાથી સાધુના ભંડારના ખૂણા સુધી પગની મોજડીથી લીટો તાણી મહારાજ એમ બોલ્યા : "નાગરવાડામાં મંદિર કરવું અને બોરીયામાં સાધુઓ માટે ધર્મશાળા કરવી." એમ કહી ત્યાં રેતીનો ઢગલો હતો તે ઉપર મહારાજ આવીને સૂઈ ગયા અને બોલ્યા કે "સાધુઓને તો આવી રીતે જડભરત દશા વર્તવી જોઈએ."[૧૧૭]

દાદાભાઈના માનસપટ પર ભૂતકાળનાં આ એક પછી એક કડીબદ્ધ દૃશ્યો ઉપસવા લાગ્યાં. મહારાજે પૂર્વની સ્મૃતિમાં ઊંડા ઊતરી ગયેલા દાદાભાઈને ઢંઢોળ્યા. દાદાભાઈ મહારાજને પગે લાગ્યા : "મહારાજ ! મારી સેવા અંગીકાર કરી મને કૃતાર્થ કરી દીધો."

મહારાજ ત્યારબાદ જૂનાગઢથી નીકળી ગઢપુર પધાર્યા.

જીવાખાચરનો મંદવાડ

આ અરસામાં જીવાખાચર માંદા થયા. જોતજોતામાં મંદવાડ વધી ગયો. સગાં-સંબંધી સૌને લાગ્યું કે બાપુ હવે આ મંદવાડમાંથી ઊભા નહીં થાય.

---

૧૧૬. જ્યાં અસલ બ્રહ્મચારીની જગ્યા હતી તે જગ્યા.

૧૧૭. જે સ્થળે રેતીના ઢગલા ઉપર મહારાજ સૂઈ ગયા હતા ત્યાં સ્મૃતિ માટે છત્રી કરાવી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

મંદવાડ અસાધ્ય છે અને દવાની કોઈ કારી ફાવતી નથી. અમૂલાબાને થયું કે મહારાજને બોલાવવા. બાપુને છેલ્લાં દર્શન દેવા પધારે અને બાપુનાં દુષ્કૃત્યોની માફી આપી તેમની સદ્‌ગતિ કરે.

તેથી તે મહારાજ પાસે આવ્યાં. મહારાજને પંચાંગ પ્રણામ કરી પછી હાથ જોડી કહ્યું : "પ્રભુ ! બાપુનો મંદવાડ અસાધ્ય છે. હવે છેલ્લી ઘડી - બે ઘડી છે, તો આપ દર્શન દેવા પધારો. જો કે કયે મોંએ મારે આપને આ કહેવું તેની મને ખબર પડતી નથી. પણ આપ ભગવાન છો અને આપ જીવના ગુના સામું જોતા નથી. તો બાપુનાં કર્યાં કૃત્યો સામે ન જોતાં આપ તેમને દર્શન દેવા પધારો. મારી આપને આ વિનંતી છે."

મહારાજે તરત જ કહ્યું : "અમૂલા ! અમે અમારું બિરુદ સદા સાચવીએ જ છીએ. તારા બાપુએ ભલે દાદાખાચરનો પેટ ભરીને દ્રોહ કર્યો, ન કરવાનું બધું જ કર્યું, પણ સાથે સાથે અમારી સેવા પણ તેમણે ભક્તિભાવથી કરી છે. તે સેવાનું ફળ આપવા પણ અમારે આવવું જ જોઈએ." એટલું કહી મહારાજ ઊઠ્યા. બે પાર્ષદોને તથા દાદાખાચરને સાથે લઈને મહારાજ જીવાખાચરના દરબારમા પધાર્યા.

તમારું કલ્યાણ અમે કરીશું

મહારાજ સારુ ઢોલિયો ઢાળી દીધો. મહારાજ તે ઉપર બિરાજ્યા. પછી જીવાખાચરને માથે હાથ ફેરવી, તેમની આંખમાં આંખ પરોવી બોલ્યા : "બાપુ ! ચિંતા ન કરશો, તમારું કલ્યાણ અમે કરશું."

આ સાંભળી જીવાખાચરની આંખોમાંથી આંસુની ધારા ચાલી. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! મારું કલ્યાણ થાય તેવો હું નથી. કેમ કે, આ મંદિર થાતા ભાવનગર દરબાર સાથે તકરાર કરાવી, તે મેં કરેલ છે. ને ભાણ-ખાચર પાસે તમારા પાળાને કવરાવ્યા તે પણ મારાં કામો છે. વળી, આ દાદા સાથે પણ મેં અન્યાયે કરીને બહુ જ તકરાર કરી છે. માટે હું તો જરાસંધ, શિશુપાળ અને કંસથી પણ આઘો ગયો છું. એટલે મારું કલ્યાણ કેમ કરીને થાય ?"

તેમના પરિતાપના આ શબ્દો સાંભળી મહારાજે જીવાખાચરનો જમણો હાથ પોતાના હાથમાં લીધો અને કોલ આપતાં કહ્યું : "તમને તમારાં કૃત્યોનો પસ્તાવો થયો છે. તેથી જાઓ અમે તમારું કલ્યાણ કરીશું." એમ કહીને મહારાજ એકદમ ઊઠ્યા.

જીવાખાચર દેહ મૂકે છે

મહારાજ ઉતારે પહોંચ્યા ત્યાં સમાચાર આવ્યા કે જીવાખાચરે દેહ મૂકી દીધો. તે સાંભળી મહારાજે દાદાખાચરને બોલાવ્યા અને કહ્યું : "જીવાખાચરે દેહ મૂકી દીધો છે, તો એંશી પાળા સાથે લઈને તમે આભડવા માટે જાવ !"

દાદાખાચર મહારાજની આજ્ઞા પ્રમાણે પાર્ષદોને લઈને જીવાખાચરની સ્મશાનયાત્રામાં ગયા.

તેના બે ગુણો જોઈ અમે તેનાં કલ્યાણ કર્યાં

સાંજે દરબારમાં સભા થઈ. તે વખતે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમે જીવાખાચરનાં કલ્યાણ કર્યાં."

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો અધમ ઉદ્ધારણ અને પતિત પાવન છો. તેથી આપ તેનું કલ્યાણ કરો એમાં શું આશ્ચર્ય !"

પછી મહારાજે કહ્યું : "સ્વામી ! જીવાખાચરના બે ગુણ જોઈને અમે તેનાં કલ્યાણ કર્યાં."

એટલે સ્વામીએ પૂછ્યું : "તેમના કયા બે ગુણ ?"

મહારાજે કહ્યું : "અમને હાથધોણું થયું હતું ત્યારે જીવાખાચરે ઘરમાં ખાડો કરી આપ્યો હતો. એટલે અમે કહ્યું : 'ઘરમાં ખાડે જવાય નહીં.' ત્યારે તેમણે કહ્યું : 'મહારાજ ! બહાર અનરાધાર વરસાદ વરસે છે, તો આપ બહાર ક્યાં જશો ? માટે આપને વાસ્તે તો બધું જ કુરબાન છે.' અને બીજું, તેને ત્યાં અમે શેરડી જમતા હતા. તે સુધારતાં અમારી આંગળીએ છરી વાગી ને આંગળીએ લોહી નીકળ્યું, એટલે જીવાખાચરે માથે મેકર બાંધ્યો હતો તેને છેડે કસબ હતો તે ફાડીને અમારી આંગળીએ પાટો બાંધ્યો.' પછી અમે તેમને પૂછ્યું : 'કસબ કેમ ફાડ્યો ?' ત્યારે તેમણે કહ્યું કે 'તમારા ઉપર તો વારીફેરીને બધું નાંખી દઈએ તોપણ ઓછું છે.' આ બે ગુણ જાણી તેમનું કલ્યાણ કર્યું છે."[૧૧૮]

---

૧૧૮. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાત-૨૯૬.



ઉદ્‌ગીથ ૧૯

ખુમાણોની ભાવનગર રાજ્ય સાથેની તકરારનું સમાધાન

(આ.સં. ૧૮૮૫, ઈ.સ. ૧૮૨૯)

જીવાખાચરના કારજ પ્રસંગે ખુમાણો, વાળાઓ તથા કાઠી ગરાસદારો તમામ આવ્યા. જોગીદાસ ખુમાણ પણ આવ્યા હતા. ભાવનગર રાજ્ય સામે જોગીદાસ બહારવટે ચડ્યા હતા અને ભાવનગર દરબાર વજેસિંહજીને પણ ખબર મળ્યા હતા કે જોગીદાસ જીવાખાચરના કારજ પ્રસંગે ગઢડા જવાના છે. આ વખતે તેમને પકડી લેવાની તક હતી. પરંતુ ભાવેણા દરબારનું મન મોટું હતું, તેને જોગીદાસ પ્રત્યે દુશ્મનાવટ હતી પણ તે રાજ્યની અંગત બાબત હતી. વ્યવહારના આવા પ્રસંગે આવા શૂરવીરને પકડવા જવું તેમાં વજેસિંહ બાપુની ખાનદાનીને લાંછન લાગતું હતું.

હું જોગીઓનો દાસ કહેવાઉં એટલે મારાથી પરસ્ત્રી સામે કેમ જોવાય ?

કારજનો વિધિ પતી ગયો. પછી જોગીદાસ દાદાખાચરના દરબારમાં મહારાજનાં દર્શને આવ્યા. તે વખતે મહારાજ સભામાં બિરાજમાન હતા. તેમણે જોગીદાસને પ્રેમથી બોલાવ્યા અને પોતાની સન્મુખ બેસાર્યા. મહારાજે જોગીદાસને પૂછ્યું : ''જોગીદાસ ! અમે સાંભળ્યું છે કે એક વખત તમારાથી પરસ્ત્રી સામું જોવાઈ ગયું, તેથી તમે આંખમાં મરચાં ભર્યાં હતાં. તેનું શું કારણ ?''

એટલે જોગીદાસે કહ્યું : ''મહારાજ ! હું જોગીઓનો દાસ કહેવાઉં, તે મારાથી પરસ્ત્રી સામું કેમ જોવાય ? અને જોઉં તો મારા ગુરુ લાજે. એટલે આંખમાં મરચાં ભર્યાં હતાં !''

તે સાંભળી મહારાજે સભામાં બેઠેલા સંતોને કહ્યું : ''સાંભળો સંતો ! આ જોગીદાસને પોતાના ગુરુની કેટલી બધી લાજ છે ? એમ જે લાજ રાખે તેનાથી

ધર્મ પળે, નહીં તો ધર્મ પળે નહીં. લાજ એ ધર્મની બહેન છે."

આ પ્રસંગ પછી ભાવનગર નરેશને લાગ્યું કે "ખુમાણો જે રાજ્ય સામે બહારવટે ચડ્યા છે તેનું સમાધાન કરવું હોય તો દાદાખાચરને જ તે કામ સોંપવું જોઈએ. જોગીદાસ પણ દાદાખાચરના સ્નેહી છે અને તેમના દરબારમાં સ્વામિનારાયણનાં દર્શન કરવા ગયા હતા." તેથી તેમણે દાદાખાચરને ભાવનગર તેડાવવાનું નક્કી કર્યું.

ખુમાણોની રંજાડથી તેઓ ત્રાસી ગયા હતા. ખુમાણોએ સને ૧૮૨૪માં ભાવનગરના ગામ જુણવદર ઉપર હલ્લો કર્યો હતો અને ઢોર ઉપાડી ગયા હતા. વળી, વાળા કાઠીઓના ગામ વલારડી તથા ઘુઘરલામાં આશ્રય લીધો. અહીંથી જોગીદાસ ખુમાણના બે દીકરા હરસૂર અને ગોલણ તથા દીકરી કમરીબાઈને ભાવનગરની કુમક બાન તરીકે પકડી ગઈ. તે ધિંગાણામાં હાદા ખુમાણ મરાયા.

બીજે વરસે વળી ધારુકા અને પીપરડી ઉપર ધાડ પાડી. તે દરમ્યાન જોગીદાસ ખુમાણે ભાવનગર લૂટવાનું નક્કી કર્યું અને પાલિતાણા જઈ સાગરીતોને એકઠા કર્યા. પછી હળિયાદ ઉપર હલ્લો કર્યો. સને ૧૮૨૭માં ખુમાણોએ ફરી હલ્લો કરી શિહોર લૂટ્યું અને ટાણાથી મોકલાવેલ રાજ્યની કુમકને હરાવી.[૧૧૯]

ખુમાણો સાથે સમાધાન માટે વજેસિંહ બાપુ દાદાખાચરને બોલાવે છે

ખુમાણોની આ રંજાડથી ત્રાસી વજેસિંહ બાપુએ સમાધાન માટે માણસ મોકલી દાદાખાચરને ભાવનગર બોલાવ્યા. દસ અસવાર લઈને દાદાખાચર ભાવનગર ગયા. વજેસિંહ બાપુને મળ્યા. બાપુએ તેમને કહ્યું : "દાદાખાચર ! તમને હેરાન કરવામાં અમે કાંઈ બાકી રાખી નથી. પરંતુ તે તો જે થયું તે થઈ ગયું. પણ હવે તમારું ખરું કામ પડ્યું છે. ખુમાણોનો ત્રાસ વધતો જાય છે અને તમારે જોગીદાસ સાથે તથા તેમના સાગરીતો સાથે સારા સંબંધો છે. તો તેમની સાથે તમારે રાજ્યનું સમાધાન કરી દેવાનું છે. આ કામ તમે જ કરી શકશો."

દાદાખાચરે કહ્યું : "બાપુ ! આપની આજ્ઞા શિરે ચડાવું છું. પરંતુ હું મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા વિના કોઈ કામ કરતો નથી. એટલે તેમને પૂછીને તેમની આજ્ઞા થશે તો તરત જ આ કામ તેમની કૃપાથી પાર પડી જશે."

---

૧૧૯. હિસ્ટરી ઑફ કાઠિયાવાડ; પાન - ૧૯૮ થી ૨૦૭. લેખક : વિલ્બરફોર્સ બેલ.

બાપુ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "ભલે, સ્વામિનારાયણ ભગવાનને પૂછીને પછી અમને આ કાસદ સાથે લખી જણાવજો. કાસદ તમારી સાથે જ ગઢડા આવશે !"

દાદાખાચર બીજે દિવસે ગઢપુર આવ્યા. મહારાજને બધી વાત કરી. મહારાજે કહ્યું : "આ તો પરોપકારનું કામ કહેવાય. નિર્દોષ મનુષ્યોને રંજાડ થતી હોય તો આપણો ધર્મ છે કે તે બંધ કરાવી દેવું જોઈએ. માટે તમે વજેસિંહ બાપુને સંદેશો મોકલો કે 'તેઓ સો સવારો મોકલે, સમાધાનનો કાગળ મોકલે.' તે આવે એટલે તમે ઊપડજો."

મહારાજના સૂચન પ્રમાણે દાદાખાચરે ભાવનગરથી સાથે આવેલ કાસદ સાથે સંદેશો મોકલ્યો.

વજેસિંહ બાપુને સંદેશો મળ્યો. તેમણે તરત જ સો અસવારો અને દાદાખાચર નક્કી કરે તે પ્રમાણે સમાધાન કરવાની કબૂલાતનો કાગળ લખી મોકલ્યો. આ અસવારો ગઢપુર આવ્યા અને દાદાખાચરને વજેસિંહ બાપુનો પત્ર આપ્યો. તેમણે તે પત્ર મહારાજને બતાવ્યો. મહારાજે કહ્યું : "હવે ઉપડો. ભગવાન તમારી ભેગા છે."

દાદાખાચર પોતાના બીજા ચાલીસ સવારો લઈને બાબરિયાવાડમાં સાણાના ડુંગરમાં જ્યાં આ બહારવટિયાનો મુકામ હતો ત્યાં ગયા. તે ડુંગરથી બે ગાઉ છેટે અસવારો તથા પોતાનાં તમામ હથિયારો રાખી, પોતે દસ-બાર સવાર સાથે તે મુકામ તરફ ગયા. બહારવટિયાએ દૂરથી દસ-બાર હથિયાર બંધ આદમી આવે છે તે જોઈને બંધૂકનો ઘા કર્યો. તેમાં રાજા ભક્ત મરાયા. દાદાખાચરે તરત જ લૂગડું બતાવી સમસ્યા કરી. એટલે તેમને થયું કે આ તો આપણા જ માણસો લાગે છે. તેથી બંધૂકના બાર કરતાં બંધ થયા. દાદાખાચર નજીક પહોંચ્યા એટલે તેમને ભામોદરાના ઓઘડ ખુમાણે ઓળખી લીધા. પછી દાદાખાચરે તેમને સમાધાનનો કાગળ આપ્યો. તે વાંચીને તેમણે સૌએ રાજકોટ મિ. બ્લેઈનને મળવા જવાનું નક્કી કર્યું. તરત જ તેઓ બધા રાજકોટ જવા રવાના થયા.

રાજકોટ આવી બ્લેઈન સાહેબને મળ્યા અને સમાધાનની શરતો મૂકી. નેસડી, જીરા, વીજપડી, ભામોદરા, મીતિયાળા, આંબરડી અને દોલતી આ સાત ગામો ખુમાણોએ ભાવનગરને કરેલા નુકસાન બદલ આપવા કબૂલ્યું.

મિ. બ્લેઈને આ શરતો મુંબઈ સરકારને મોકલી અને તેમણે તે મંજૂર

રાખી.[૧૨૦] આ રીતે દાદાખાચરે ખુમાણોનું બહારવટું બંધ કરાવી, ભાવનગર રાજ્ય સાથે બંનેની પ્રતિષ્ઠા સચવાય તે રીતે સમાધાન કરાવ્યું. શ્રીજીમહારાજ દાદાખાચરની કુનેહથી ખૂબ જ પ્રસન્ન થયા. વજેસિંહ બાપુ પણ દાદાખાચરના ઉપકાર નીચે દબાઈ ગયા.

આ બધામાં એક મુક્ત બળિયો છે

રાજકોટથી દાદાખાચર ખુમાણોને લઈને ગઢપુર આવ્યા. દાદાખાચર તેમને મહારાજ પાસે લઈ ગયા. મહારાજને પગે લાગીને સૌ મહારાજ સન્મુખ બેઠા. પછી મહારાજે કહ્યું : "તમે આજે બહુ સારું કામ કરીને આવ્યા છો. રાજ્ય તરફથી તો તમને અન્યાય થયો હશે, પરંતુ તે માટે રાજ્યની ગરીબ પ્રજાને પીડવી, તેમના મોલ બાળી નાંખવા તે ન્યાય મેળવવાની રીત નથી. છતાં તમે સૌએ મોટું મન રાખીને ભાવનગર રાજ્ય સાથે સમાધાન કર્યું અને બાપુ વજેસિંહજીએ પણ તમારી શરતો મંજૂર રાખી તેથી અમને ખૂબ જ આનંદ થયો છે. આજે તમને સૌને દાદાખાચર તરફથી નોતરું છે."

એમ કહીને મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ બધામાં એક મુક્ત બળિયો છે. જો તેને સત્સંગ થાય તો બધાને થાય."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : "કોણ ! જોગીદાસ ખુમાણ ?"

ત્યારે મહારાજે કહ્યું : "ના, જોગીદાસ નહીં, પણ ભામોદરાના ઓઘડ ખુમાણ એ એવા બળિયા છે ને પૂર્વના સંસ્કારી છે."

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ યોગાનંદ સ્વામીને કહ્યું : "તમે બાબરિયાવાડમાં ફરો છો તો તમારે હવે ઓઘડ ખુમાણને સત્સંગ કરાવવાનો છે."

યોગાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા શિરે ચડાવી અને મહારાજની કૃપાથી ઓઘડ ખુમાણને સત્સંગી કર્યા.[૧૨૧]

આ પ્રસંગ પછી ભાવનગર દરબાર વજેસિંહજીને મનમાં થયું કે ગઢડા જવું. દાદાખાચરનું ઋણ ફેડવું અને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં.

---

૧૨૦. હિસ્ટરી ઑફ કાઠિયાવાડ. લેખક : વિલ્બરફોર્સ બેલ.

૧૨૧. આ પ્રસંગ પછી ઓઘડ ખુમાણને ભાવનગરમાં યોગાનંદ સ્વામીનો યોગ થયો. આ પ્રસંગે તેમની કીર્તન-ભક્તિથી અને ઉપદેશની વાતોથી ઓઘડ ખુમાણના અંતરમાં થયું કે આવા સાધુ હજુ સુધી જોયા નથી. તેથી તેમણે તરત જ વર્તમાન ધરાવ્યા અને ખરેખરા એકાંતિક ભક્ત થયા. તેમના પ્રસંગથી મહારાજે કહ્યું હતું તેમ, ➤

ભાવનગર નરેશ ગઢપુર પધારે છે

બીજે દિવસે ભાવનગર રાજ્યનો કાસદ રુક્કો લઈને આવ્યો. દાદાખાચરને ખબર પડ્યા એટલે તેમણે તેને બોલાવ્યો. તેમના નામનો જ રુક્કો હતો એટલે તે કાઢીને વાંચ્યો. તેમના મુખ ઉપર આનંદના ભાવ દેખાવા લાગ્યા. એટલે મોટીબાએ પૂછ્યું : "દાદા ! શેનો રુક્કો છે ? ભાવનગર રાજ્યમાંથી આવ્યો છે તેની ખબર પડી એટલે મને તો ફાળ પડી ગઈ !"

તેમની ન્યાતના સર્વે ખુમાણોએ દારૂ-માંસ ત્યજી દીધાં.

– શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાર્તા-૨૧૬.

કોઈ આ પ્રસંગ કુંડલાના આલા ખુમાણનો પણ કહે છે. તેમને યોગાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો હતો. ત્યારપછી તેઓ મહારાજનું અખંડ ભજન-સ્મરણ કરતા અને ધર્મ, નિયમ પણ પૂર્ણ રીતે પાળતા. મહારાજના સ્વરૂપની તેમને એટલી દૃઢ નિષ્ઠા હતી કે સ્વામિનારાયણ મંત્રથી કોઈને વળગેલાં ભૂત પણ કાઢતા. નિયમની એકાદશીએ તેમણે સંત પાસે નિયમ લીધો કે જો કોઈ વિધવા સ્ત્રીને જાણીને અથવા ભૂલથી અડી જવાય તો તરત જ સાબોળ સ્નાન કરી લેવું અને તે દિવસે ઉપવાસ કરવો.

એક દિવસ તેમનાં ફોઈ તેમને મળવા આવ્યાં. ફોઈ વિધવા હતાં. એટલે આલા ખુમાણે છેટેથી તેમને 'જય સ્વામિનારાયણ' કહ્યા. પરંતુ ફોઈબાને તો ભત્રીજાનાં મીઠડાં લેવાં હતાં. એટલે તે તેમની પાસે આવ્યાં. તે જોઈ આલા ખુમાણે તેમને કહ્યું : "આઘા રહેજો. મેં સાધુ આગળ નિયમ લીધું છે. એટલે વિધવાને અડતો નથી." આ સાંભળીને ફોઈબાને રીસ ચડી અને રીસમાં ને રીસમાં બોલ્યાં : "તારા માટે હવે હું સાઠ વરસે બીજો પતિ કરું ત્યારે તારા મીઠડાં લેવા આવું ને ?"

પછી તો ફોઈબાએ આલા ખુમાણને ઘણાં કડવાં વેણ કહ્યાં. પણ આલા ખુમાણ કાંઈ બોલ્યા નહીં અને ફોઈબા રીસમાં ને રીસમાં ચાલ્યાં ગયાં. આલા ખુમાણે તેમને રોકવાની તાણ ન કરી.

મહારાજે જ્યારે આલા ખુમાણની આ વાત જાણી ત્યારે મહારાજ બહુ જ પ્રસન્ન થયા અને બોલ્યા : "આવા શૂરવીર થાય ત્યારે જ નિયમ-ધર્મ પળે."

આલા ખુમાણે દેહ મૂક્યો ત્યારે મહારાજ તેમને તેડવા પધાર્યા. તે દર્શન તેમના ભાઈ દાનાભાઈ તથા બીજા હરિભક્તોને પણ થયાં.

– શ્રી સહજાનંદ સ્વામિ ચરિત્ર; પા. ૧૯૮-૧૯૯. લેખક : આત્માનંદ સ્વામી (વડતાલ), શોધક : સદ્. બ્ર. પૂ. શાંતિપ્રિયાનંદજી (વડતાલ); છપાવી પ્રસિદ્ધ કરનાર : પટેલ મોતીભાઈ ત્રિકમભાઈ, પીજ, સં. ૨૦૧૯, હરિજયંતી, તા. ૨-૪-૧૯૬૩.

દાદાખાચરે તરત જ કહ્યું : "બહેન ! ખુશીના ખબર છે. વજેસિંહ બાપુ અહીં મહારાજનાં દર્શને પરમ દિવસે આવવાના છે. તેમને નજરાણું કરવું પડશે, પોષાક ધરવો પડશે અને મેવા-મીઠાઈ પણ તૈયાર કરાવવાં પડશે. હું હમણાં મહારાજ પાસે જાઉં છું અને મહારાજ શું શું તૈયારી કરવાનું કહે છે તે તેમને પૂછીને તમને કહીશ. તે પ્રમાણે બધી તૈયારી કરજો. આ તો મહારાજનો પ્રતાપ કહેવાય કે ભાવેણા દરબાર સામે ચાલીને આપણી નાની રિયાસતમાં પધારે."

મોટીબા આ સાંભળી બહુ જ રાજી થયાં. તેમને પણ મનમાં થયું કે ભાવેણા દરબારના અહોભાગ્ય કે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનાં તેમને દર્શન થશે.

દાદાખાચર તરત જ રુક્કો લઈને મહારાજ પાસે ગયા. રાજ્યના કાસદને તેમણે ડેલીની દોઢીમાં બેસવાનું કહ્યું. એટલે તે ત્યાં જઈને બેઠા. દાદાખાચર મહારાજ પાસે ગયા અને મહારાજને ભાવનગર રાજ્યમાંથી આવેલ રુક્કાની વાત કરી. એટલે મહારાજે કહ્યું : "વાંચો."

દાદાખાચરે તે રુક્કો વાંચ્યો. મહારાજ તે સાંભળી પ્રસન્ન થયા. મહારાજે કહ્યું : "ગોહિલ કુળ તો સૂર્યવંશી કહેવાય. ચંદ્રને કલંક લાગે પણ સૂર્યને ન લાગે. ભાવનગર દરબારની એ ખાનદાની છે કે પોતાના કુળને કદી કલંક લાગવા દે નહીં. આપણી સાથેનો સંબંધ બીજાના કહેવાથી કદાચ થોડો કડવો થયો, પણ બાપુના અંતરમાં કોઈ કપટ કે વેર-ઝેરનાં બી નથી."

મહારાજને દાદાખાચરે તરત જ પૂછ્યું : "મહારાજ ! વજેસિંહ બાપુ પધારે છે તો આપણે શું તૈયારી કરવી ? નજરાણામાં કેટલી રકમ આપવી, પોષાકમાં શું આપવું ને બીજી શી શી વાનગીઓ તૈયાર કરાવવી ? ભાવનગર રાજ્યના મોભા પ્રમાણે આપણે સ્વાગત કરવું જોઈએ."

ત્યારે મહારાજે કહ્યું : "બાપુ તો અહીં દર્શન કરવા આવે છે, એટલે નજરાણું કાંઈ સ્વીકારશે નહીં. છતાં આપણે તૈયારી રાખવી. પાંચસો ને એક રૂપિયા થાળમાં મૂકવા. પોષાકમાં સાફો અને શેલું અને મોતૈયા, જલેબી, સાટા વગેરે મીઠાઈ લખુ કંદોઈ પાસે બનાવરાવો."

તે સાંભળી દાદાખાચર ઊઠ્યા. દરબારમાં ગયા અને મહારાજે જે તૈયારી કરવાની કહી તે બધી વાત મોટીબાને કરી. મોટીબાએ તરત જ કહ્યું : "ભાઈ ! હવે તમે ચિંતા ન કરતા, હું બધી તૈયારી કરાવી લઈશ."

દાદાખાચરને તો નિરાંત જ હતી કે જ્યાં સુધી મોટી બહેન અને લાડુબા છે ત્યાં સુધી વ્યવહારની કાંઈ ચિંતા તેમને માથે પડી ન હતી. જસુબાને પણ

પોતાની નાની બહેનની જેમ જ સૌ સાચવતા. મહારાજના પ્રતાપથી પોતાના સમગ્ર પરિવારમાં પરસ્પર આવો પ્રેમ જોઈને સૂરપ્રભાદેવીનો કોઠો તો ટાઢો રહેતો. તે તો કેવળ મહારાજની ભક્તિમાં અને જે કાંઈ સેવા કરવાની હોય તેમાં જ રત રહેતાં.

નક્કી દિવસ પ્રમાણે ભાવેણા દરબાર વજેસિંહ ગઢપુર પધાર્યા. ગઢપુરના પાદરમાં જ દાદાખાચર તથા નાગમાલા, રાઠોડ ધાધલ વગેરે દરબારોએ બાપુનું સન્માન કર્યું. પુષ્પહાર પહેરાવ્યા. ત્યાંથી વાજતે-ગાજતે બંધૂકના ભડાકા કરતાં વજેસિંહ બાપુ સીધા દાદાખાચરના દરબારમાં પધાર્યા. કારભારીની ઇચ્છા એવી હતી કે બાપુ ઉતારે જઈ થોડો આરામ કરીને પછી દરબારમાં જાય. પરંતુ વજેસિંહ બાપુને મહારાજનાં દર્શન કરવાની તત્પરતા હતી. તેથી તેમણે કહ્યું : "કામદારને મોકલી ઉતારે બધી વ્યવસ્થા કરાવો, આપણે મહારાજનાં દર્શન કરીને પછી ઉતારે જઈશું."

તે વખતે મહારાજ નિંબતરુ નીચે પાટ ઢળાવીને તે ઉપર બિરાજમાન થયા હતા. વજેસિંહ બાપુ માટે પણ તેમની બાજુમાં જ પાટ ઢાળી હતી. તે ઉપર મશરૂના ગાદલા, રેશમી ઓછાડ, ગાલિચા પાથર્યા હતા. પાછળ મશરૂનો તકિયો અને બાજુમાં ગાલ-મશુરિયા મૂક્યા હતા. વજેસિંહ બાપુને આવતા જોઈ મહારાજ એકદમ પાટ ઉપરથી ઊભા થઈ ગયા. છડીદારે છડી પોકારી. એટલામાં મહારાજ અને બાપુ ભેગા થઈ ગયા. બાપુએ મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા. મહારાજે તેમના બંને હાથ પકડી લીધા. દાદાખાચરે અહીં ફરી બાપુને ગુલાબના પુષ્પનો હાર પહેરાવ્યો. મહારાજે બાપુનો હાથ પકડી પોતાની બાજુની પાટ પર બેસાર્યા. તરત જ મહારાજના એક ચારણ ભક્ત કવિએ બ્રહ્માનંદ સ્વામી રચિત મહારાજના સર્વોપરી સ્વરૂપના મહિમાનો છંદ લલકાર્યો :

'અવતાર અનેક લિયો અવિનાશિય, લાખ અલેખ અબે લયસી,
સહજાનંદ રૂપ અનૂપ સબેહિય વ્યાપક રૂપ રચો વિલસી;
નિત નિમિત્ત રૂપ અનૂપ નિરંજન લાડુય તાહિકી ઓટલહી,
અતિ આનંદ કંદ મુનીંદ આરાધત, સો સહજાનંદ રૂપ સહી.'

ચારણી છંદના મર્મના ભાવેણા બાપુ માલમી હતા. તેઓ આ છંદનો અર્થ તરત જ સમજી ગયા અને મહારાજનો મહિમા પણ તેમને સમજાયો.

પછી તેમને ઉદ્દેશીને મહારાજે કહ્યું : "બાપુ ! અમે ગઢપુરમાં છેલ્લાં ચોવીસ વર્ષથી રહીએ છીએ. પણ કોઈ વખત એવી પ્રવૃત્તિ નથી કરી કે જેથી

રાજ્યને નુકસાન થાય. ઊલટું, અમારા ઉપદેશથી રાજ્યના લોકોએ દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરે દૂષણો છોડી દીધાં છે અને સારા એકાંતિક ભક્ત થયા છે. અમારા સંતો પણ એવા નિર્માની અને નિર્મત્સર છે અને આ દાદાખાચર જેવા ભક્ત હજુ બ્રહ્માંડમાં પાક્યા નથી. તમારા રાજ્યની તો તેઓ શોભા ગણાય. તેમના જ પ્રયાસથી ખુમાણોની રાજ્ય સાથેની તકરારનું સમાધાન થઈ ગયું. એટલે હવે આપ જ વિચાર કરો કે અમો રાજ્ય વિરુદ્ધ પ્રવૃત્તિ કરીએ છીએ કે રાજ્યને પુષ્ટિ થાય તેવી પ્રવૃત્તિ કરીએ છીએ.''

વજેસિંહ બાપુ આ સાંભળી રહ્યા. વજેસિંહ બાપુને અચાનક સગરામ વાઘરીની યાદ આવી ગઈ. સ્વામિનારાયણના પ્રતાપે શૂદ્રો પણ વૈષ્ણવને શરમાવે તેવા ધર્મ-નિયમ પાળે છે એ વાત સાંભળીને એમને આશ્ચર્ય થયેલું. સગરામ વાઘરી લીમલી ગામના હતા. વજેસિંહે એની ખાતરી કરવા સગરામને પોતાના દરબારમાં બોલાવ્યા હતા અને બધી વાત પૂછી હતી. સગરામનાં ધર્મપત્ની તો સગરામને પણ ચાર આંગળ ચઢે તેવાં હતાં. એક વાર દુકાળના સમયમાં ગામતરું કરવા નીકળી પડેલા બંને પતિ-પત્ની ગુજરાત તરફ જતાં હતાં. રસ્તામાં એક જાન પસાર થયેલી. તેમાંથી કોઈકનો રૂપાનો તોડો પડી ગયો હતો. દુકાળની પરિસ્થિતિને કારણે બાઈ માણસનું મન લલચાશે એમ સમજી સગરામે તોડા પર ધૂળ વાળી. પાછળ આવતાં તેમનાં પત્નીએ આ જોયું. પાસે આવીને સગરામને પૂછ્યું : ''ત્યાં શું કરતા હતા ?''

''કંઈ નહીં.''

''તો ધૂળ કેમ વાળી ?''

''મને એમ કે તારું મન રૂપાનો તોડો જોઈને, આ દુકાળનો સમય છે એટલે લલચાશે અને આપણે તો મહારાજની આજ્ઞા છે કે પડી વસ્તુ પણ કોઈની લેવી નહીં. એટલે મેં તોડા પર ધૂળ વાળી.''

સગરામનાં પત્ની આ સાંભળીને બોલ્યાં : ''લ્યો, એમાં ધૂળ ઉપર ધૂળ શું વાળી ?''

સ્વામિનારાયણે, પારકી વસ્તુને આવા શૂદ્રો પણ ધૂળ તુલ્ય માને એવા સંસ્કારો સિંચ્યા હતા. બ્રાહ્મણ નદીમાંથી ગાળ્યા વિના પાણી પીવે ને આ સગરામ જેવો વાઘરી બે ગળણે ગાળીને, ભગવાનને ધરાવીને પાણી પીવે. એવું આમૂલ પરિવર્તન સ્વામિનારાયણ વિના બીજા કોઈ પણ ન કરી શકે.

વજેસિંહ બાપુને મહારાજના કાર્યની મહત્તા સમજાઈ.

"બાપુ !" મહારાજનો મધુર અવાજ સંભળાયો. વજેસિંહ બાપુ વિચારમાંથી જાગ્યા.

વજેસિંહજી મહારાજની માફી માગે છે

બાપુએ હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ તો પરમાત્મા છો, એટલે દિલાવર દિલ તો હોય જ. પણ મેં જાણે-અજાણે આપનો કોઈ અપરાધ કર્યો હોય તો ક્ષમા કરશો. દાદાખાચરને પણ રાજ્ય તરફથી ઘણી પરેશાની ભોગવવી પડે છે. તે બધાની આજે હું ક્ષમા ચાહું છું."

મહારાજે તરત જ હસતાં હસતાં કહ્યું : "બાપુ ! રાજ્ય તો રાજ્યની રીતે જ ચલાવવું પડે. આપને જેવા સમાચાર મળતા રહે તે પ્રમાણે આપ અમલ કરો, એમાં આપનો કાંઈ વાંક નથી. આપ તો ગોહિલ-કુળ-શિરોમણિ છો. ભાવનગરનું રાજ્ય તો રામરાજ્ય કહેવાય છે. આપે જોગીદાસ ખુમાણ સાથે દુશ્મનાવટમાં પણ જે ખાનદાની બતાવી તેવું તો કોઈક જ કરી શકે. આપની ખાનદાની તો વંશ પરંપરાગત છે. અમે તે બધું જાણીએ છીએ. આપના જેવા રાજવી તો ભગવાનનું વિભૂતિ-સ્વરૂપ કહેવાય. માટે આપને માફી માંગવાની હોય નહીં." એટલું કહીને મહારાજે તેમને કહ્યું : "આ દાદાખાચર જેવા કોઈ ભક્ત નથી. તમારા રાજ્યનું એ ભૂષણ છે. તેની એ સ્થિતિને અનુરૂપ તેની અને તેના રાજ્યની સંભાળ રાખજો. એટલી અમારી આપને ભલામણ છે."

મહારાજના આ શબ્દો સાંભળી બાપુએ બે હાથ જોડી અને કહ્યું : "મહારાજ ! દાદાની હું સંભાળ રાખીશ તો તમે મારા રાજ્યની સંભાળ રાખશો મને ખાતરી છે. માટે એમાં તો મારો સ્વાર્થ છે." મહારાજ તેમની વાણી સાંભળી પ્રસન્ન થયા.

આ ટાણે નજરાણું હોય નહીં

પછી દાદાખાચરે નજરાણું ધર્યું. એક થાળમાં રૂપિયા અને બીજા થાળમાં સાફો અને શેલું અને બીજા ચાર-પાંચ મીઠાઈના થાળ વજેસિંહ બાપુ પાસે મુકાવ્યા. બાપુ આ જોઈને એકદમ અચકાયા. તેમણે કહ્યું : "મહારાજ ! હું તો આપનાં દર્શને આવ્યો છું. આ ટાણે નજરાણું હોય જ નહીં."

મહારાજે તરત જ કહ્યું : "અમારો એ વ્યવહાર છે. આપના જેવા રાજવીનું સન્માન કરવું તે ધર્મ છે. દાદાખાચર એ ધર્મ કદી ન ચૂકે. માટે આપને

અંગીકાર કરવું પડશે."

વજેસિંહ બાપુ મુઝાયા. પરંતુ તેમણે એક જ ક્ષણમાં નિર્ણય કરી લીધો. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપની જેવી આજ્ઞા ! પરંતુ આ રૂપિયાનો થાળ હું ઠાકોરજીને ભેટ ધરું છું. આ સાફો અને શેલું પણ મારા વતી આપ ઠાકોરજીને ધરાવશો. આટલું મારું સત્કર્મ થશે તેમાં મારા રાજ્યનું હિત છે, તો આપ એટલી કૃપા કરો." એમ કહીને તેમણે કહ્યું : "આ મીઠાઈના થાળમાંથી બે થાળ ઉતારે મોકલાવો. બાકી આપ અહીં સંતો માટે તેનો ઉપયોગ કરજો."

મહારાજ તેમના ભાવથી પ્રસન્ન થયા.

આ મંદિર છે કે કોઠો ?

પછી મહારાજે તેમને કહ્યું : "બાપુ ! ચાલો દેવનાં દર્શન કરવા જઈએ." એમ કહી પોતે ઊઠ્યા. વજેસિંહ બાપુનો હાથ પકડ્યો અને ગોપીનાથ દેવનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરતાં કરતાં મહારાજે કહ્યું : "બાપુ ! આપને તો કોઈએ ભરમાવ્યા હશે કે અમે કોઠો કરીએ છીએ અને તેમાં શસ્ત્રો અને દારૂગોળો રાખવાના છીએ. પણ આપ હવે જાતે જ જુઓ કે અમે શું કર્યું છે. આ ગોપીનાથ દેવનું મંદિર તમારા રાજ્યમાં જાત્રાનું મોટું ધામ બની જશે. તમારા રાજ્યની આબાદી અને શોભા આ દેવની કૃપાથી વધશે."

એટલું કહીને મહારાજે કહ્યું : "અમે તો કાઠીઓ અને બહારવટિયાઓને ભક્તો બનાવી શસ્ત્રો મુકાવીએ છીએ અને તેમના હાથમાં માળા આપીએ છીએ; પણ ગો, બ્રાહ્મણ કે સ્ત્રી તેમજ પોતાના રાજ્યની રક્ષા માટે શસ્ત્રો વાપરવાની છૂટ પણ આપીએ છીએ. પરંતુ, અન્યનું રાજ્ય ઝૂંટવી લેવા માટે શસ્ત્રો વાપરવાની મનાઈ કરીએ છીએ. નીતિ, ધર્મ અને ન્યાયથી સૌ પોત-પોતાના રાજ્યનું કે રિયાસતનું સંચાલન કરે, રક્ષણ કરે એ અમારો આદેશ છે. છતાં કોઈ દુરાગ્રહ રાખી બીજાનું રાજ્ય પચાવી પાડવા પેરવી કરે તો યુદ્ધની નોબતો પણ અમે વગડાવીએ છીએ. ભડલીના ભાણખાચરે મોકલાવેલ ખબડ અને મતારાની અમારા ભગુજીએ અમારી આજ્ઞાથી જે દુર્દશા કરી દીધી તે પણ આપ જાણતા હશો."

બાપુને ઘા દેખાડો

ભગુજીનું નામ સાંભળી વજેસિંહ બાપુ ચમક્યા ! તેમણે તરત જ પૂછ્યું :

"ક્યાં છે એ ભગુજી ? મારે તેમને જોવા છે."

ભગુજી મહારાજની પાછળ જ હતા. મહારાજે તરત જ પાછળ જોયું અને દરબારને કહ્યું : "આ રહ્યા ભગુજી !"

બેઠી દડીના શરીરે મજબૂત ભગુજીને જોઈ બાપુ વજેસિંહની છાતી ફૂલી ગઈ ! તેમણે પૂછ્યું : "તમને જ જનોઈવઢ ઘા વાગ્યો હતો ?"

ભગુજીએ હસતાં હસતાં 'હા' કહી. મહારાજે કહ્યું : "ભગુજી ! કેડિયું કાઢીને બાપુને ઘા દેખાડજો." એટલું કહી મહારાજ દર્શન કરી પાછા વળ્યા.

બાપુએ મહારાજને કહ્યું : "મહારાજ ! પાજી મનુષ્યો એમ બોલતા હશે અને તેથી કદાચ મારી મતિમાં પણ એવું એ વખતે સૂઝ્યું હશે. પરંતુ આપના પ્રતાપથી મારું રાજ્ય સોનાના ફૂલે ફૂલી રહ્યું છે. આપે આજે મારો હાથ પકડ્યો છે, તે કદી હવે છોડશો નહીં. મારી આપને એ વિનંતી છે અને આપ પણ અમારો ભાવનગરનો દરબાર પાવન કરો એવી મારી નમ્ર પ્રાર્થના છે."

મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. બાપુએ પછી મહારાજની રજા માંગી. મહારાજે પ્રસન્ન વદને રજા આપી. જતાં જતાં બાપુએ કહ્યું : "મહારાજ ! ભગુજીને ઉતારે મોકલજો. મારે તેમનો ઘા જોવો છે."

મહારાજે કહ્યું : "આપની સાથે જ આવશે."

મહારાજે ભગુજીને કહ્યું : "ભગુજી ! બાપુની સાથે જાઓ, તમારો ઘા જોશે તેમાં અમારો મહિમા વધશે કે આવા શૂરવીર સુભટ્ટો અમારા સેવકો છે." ભગુજીને સંકોચ થતો હતો પરંતુ મહારાજે આજ્ઞા કરી એટલે બાપુની સાથે ગયા.

મહારાજ સીધા દરબારમાં સભામાં પધાર્યા.

શૂરવીરના એંધાણ

ઉતારે ગયા પછી વજેસિંહ બાપુએ ભગુજીને પોતાની સામે ગાદી ઉપર બેસવા કહ્યું. ત્યારે ભગુજીએ કહ્યું : "નેક નામદાર ! મારાથી આપની સમક્ષ ગાદી ઉપર બેસાય નહીં."

પરંતુ મહારાજાએ આગ્રહ કરી તેમને બેસાર્યા. પછી ભગુજીને કહ્યું : "ખબડ અને મતારા સાથેના ધિંગાણામાં તમારે શરીરે ખબડે જનોઈવઢ ઘા કર્યો હતો તે અમારે જોવો છે."

તરત જ ભગુજીએ પોતાનું અંગરખું કાઢી નાંખ્યું અને વજેસિંહ દરબારને ઘા બતાવ્યો. વજેસિંહ બાપુ તો ઘા જોઈને તાજુબ થઈ ગયા ! તેમણે બીજા

દરબારીઓને કહ્યું : "જુઓ, આ શૂરવીરના એંધાણ !"

પછી મહારાજાએ ભગુજીને પૂછ્યું : "આવા ઘા પછી પણ તમે ખબડને ચીરી નાંખ્યો ?"

ભગુજીએ કહ્યું : "નામદાર સાહેબ ! એ બધી મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણની કૃપા ! મને તો એ વખતે કાંઈ જ ભાન ન હતું. ઘા પડ્યો એટલે માથેથી ફેંટો ઉતારી કેડ વાંસો મજબૂત બાંધી મેં તેના ઉપર મારા ઈષ્ટદેવનું નામ લઈને ઘા કર્યો અને તરત જ તે ઘા તેના શરીરમાં ઊતરી ગયો અને તે ભાગ્યો. ઘોડાનું કાઠું પણ બે કટકા થઈ પડ્યું."

સૌ આશ્ચર્ય પામ્યા ! મહારાજાએ વીર ભગુજીને શાલ ઓઢાડી નવાજ્યા. ભગુજી પછી દરબારમાં આવ્યા.

✧

મહારાજે વસંતનો ઉત્સવ ગઢપુરમાં જ કર્યો. આ.સં. ૧૮૮૫ના ફાગણનો ફૂલદોલ ઉત્સવ વરતાલ કરવાની મહારાજની ઇચ્છા હોવાથી મહારાજ[૧૨૨] ફાગણ સુદ ૧૧ ગઢપુર કરી, બારશનાં પારણાં કરી, વરતાલ જવા તૈયાર થયા.

---

૧૨૨. ગઢડા અંત્ય પ્રકરણનાં ૩૩ વચનામૃત પૂરાં થયાં.



ઉદ્‌ગીથ ૨૦

વરતાલમાં ફૂલદોલોત્સવ, ભાવનગરમા પધરામણી

(આ.સં. ૧૮૮૫, ઈ.સ. ૧૮૨૯)

મહારાજ પોતાના સખા તથા પાર્ષદો, સંતો અને વર્ણીઓના સંઘ લઈને ગઢપુરથી નીકળ્યા. રસ્તામાં જ્યાં સત્સંગીનાં ગામ આવે ત્યાં મહારાજ તેમને દર્શન દેવા રોકાતા.

પછી બુધેજ થઈને ઇન્દ્રણજ ગામે પધાર્યા. અહીં વાંક નામનું તળાવ છે. ત્યાં ચારસો ગાયોનું ધણ ઝાડના છાયા નીચે બેઠું હતું. ભરવાડ ખભે ડાંગ લઈને આજુબાજુ ફરતો હતો. એવામાં તે ધણમાંથી નવ ગાયો પૂંછડાં ઊંચાં કરીને દોડી અને જ્યાં મહારાજ બિરાજ્યા હતા ત્યાં આવી. તે વખતે મહારાજે અસવારોને કહ્યું : "તમારે સૌએ અમારી સાથે જ રહેવું." એટલે સૌ અસવારો મહારાજ પાસે આવી ગયા. એટલામાં નવ ગાયો પણ મહારાજ પાસે આવી ગઈ અને ત્યાં ભાંભરડા દેતી મહારાજને વીંટળાઈ વળી. આ ગાયોએ મહારાજની સાત પ્રદક્ષિણા કરી. પછી મહારાજે હાથ ઊંચો કરી સમસ્યા કરી એટલે તે બધી ગાયો પાછી તેના ધણમાં ચાલી ગઈ. આ આશ્ચર્ય જોઈ ગોવાળ બોલ્યો : "આમાં કોઈ મોટાપુરુષ હોવા જોઈએ."

તે સાંભળી મહારાજની સાથેના અસવારોએ તેને કહ્યું : "આ સ્વામિનારાયણ ભગવાન પંડે છે, માટે તુંય પગે લાગી લે. કલ્યાણ થઈ જશે."

ભરવાડ ભાવિક હતો. તે મહારાજ પાસે આવ્યો અને મહારાજને પગે લાગ્યો.

મહારાજ ત્યાંથી ચાલ્યા અને ગામ હાડેવા પહોંચ્યા. અહીં ખળાવાડમાં મહારાજે મુકામ કર્યો. ગામના સત્સંગીઓને ખબર પડી કે મહારાજ પધાર્યા છે. તેથી સૌ તરત જ ખળાવાડમાં આવી પહોંચ્યા. રસોઈનો સામાન લઈ આવ્યા. સંતોએ રસોઈ કરી સૌને જમાડ્યા. મહારાજ માટે બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો

હતો. તે મહારાજ જમ્યા.

સવારે ત્યાંથી નીકળી અલીંદ્રા, પલાણા થઈને મહારાજ વસો પધાર્યા. વસોના હરિભક્તોને દર્શન દઈ મહારાજ ફાગણ સુદ પૂનમના દિવસે વરતાલ પહોંચ્યા. વરતાલના હરિભક્તોએ મહારાજનું ધામધૂમથી સ્વાગત કર્યું. લાગટ અગિયાર માસથી મહારાજનાં દર્શન થયાં ન હતાં. એટલે મહારાજ પધાર્યા તેથી વરતાલના હરિભક્તો ઉત્સાહમાં આવી ગયા. ગુજરાતનાં ગામોમાંથી પણ મહારાજ ફૂલદોલ ઉપર વરતાલ પધારવાના છે તે સમાચાર મળ્યા એટલે હરિભક્તોના સંઘ આવવા લાગ્યા. આજુબાજુ ફરતા સંતો પણ આવી ગયા. મહારાજ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી પોતાના ઉતારે હરિમંડપમાં પધાર્યા.

વરતાલમાં ફૂલદોલ ઉત્સવ : આ.સં. ૧૮૮૫

હાલ જ્યાં જ્ઞાનબાગ છે, ત્યાં મહારાજે ફૂલદોલનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું હતું. ત્યાં રંગ ભરવા પાકા હોજ પણ બનાવી દીધા હતા. તેથી વારંવાર રંગને માટે તપેલાં, કુંડીઓ વગેરે વાસણોની વ્યવસ્થા કરવી ન પડે.

બીજે દિવસે રંગોત્સવ કર્યો. ઠાકોરજીને પારણામાં ઝુલાવ્યા. સૌ સંતો, હરિભક્તો રંગે રમ્યા. મહારાજ આગલે જ દિવસે પધાર્યા હતા એટલે પંથનો થાક હતો. વળી, થોડા અસ્વસ્થ પણ જણાતા હતા. તેથી મહારાજ એક સ્થાને બેસી સંતો, હરિભક્તોની રંગોત્સવની લીલા નિહાળી રહ્યા. દીનાનાથ ભટ્ટ પણ આવ્યા હતા. તેમણે પણ રંગોત્સવનો લાભ લીધો. સૌ રંગે રમ્યા. મહારાજે સૌને ખૂબ આશીર્વાદ આપ્યા. સંતો, હરિભક્તો ઉપર મહારાજ આજે ખૂબ પ્રસન્ન હતા. દીનાનાથ ભટ્ટને માથે બે હાથ મૂકી તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. શિરપાવ આપ્યો, દક્ષિણામાં રૂપિયા રોકડા આપ્યા.

ભગવાન કાં મોટા સંતના સંબંધથી જ મુમુક્ષુઓમાં ભક્તિ પાંગરે

પછી મંદિરમાં આવી લક્ષ્મીનારાયણ દેવની મહારાજે આરતી ઉતારી. અહીં પણ સૌને રંગે રમાડ્યા. આરતી પછી મહારાજે દેવની પ્રદક્ષિણા કરી. જ્યારથી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા મહારાજે કરી, ત્યારથી જ્યારે જ્યારે મહારાજ વરતાલ પધારતા, ત્યારે લગભગ એકસો આઠ પ્રદક્ષિણા દેવની કરતા. ઘણી વખત ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી મહારાજને

પ્રાર્થના કરતા કહેતા : "મહારાજ ! આપ તો સ્વયં પુરુષોત્તમ નારાયણ છો. આપને આ રીતે પ્રદક્ષિણા કરવાની ન હોય."

ત્યારે મહારાજ કહેતા : "ભગવાન કાં મોટા સંતના સંબંધથી જ મુમુક્ષુઓમાં ભક્તિ પાંગરે. તેથી ભક્તોને અમોએ પ્રતિષ્ઠા કરેલ દેવનો મહિમા સમજાવવા, તેમના અંતરમાં ભક્તિ પ્રગટાવવા અમો આ બધી વિધિ કરીએ છીએ." સંતો મહારાજની ક્રિયાનું રહસ્ય સમજી ગયા.

'વાસુદેવ હરે' થયા એટલે મહારાજ જમવા પધાર્યા. થાળ જમીને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. હરિભક્તોની પંક્તિમાં પણ પધાર્યા. સૌને ખૂબ જમાડ્યા. તૃપ્ત કર્યા. સૌ જમી રહ્યા પછી મહારાજ હરિમંડપમાં પધાર્યા. એટલામાં દીનાનાથ ભટ્ટ મહારાજની રજા લેવા આવ્યા. મહારાજે તેમને કહ્યું : "પાસે જોખમ છે એટલે સાચવીને જજો."

દીનાનાથ ભટ્ટ મહારાજની રજા લઈ તરત જ નીકળી ગયા.

ભટ્ટજીનો ભાર તસ્કરો હળવો કરે છે

દીનાનાથ ભટ્ટે વરતાલ છોડ્યું અને વાટમાં તસ્કર મળ્યા. તેઓ તેમની સાથે ચાલવા લાગ્યા. અન્ય વટેમાર્ગુ જેવા તેમને જાણીને દીનાનાથ ભટ્ટ તેમની સાથે વાતો કરવા લાગ્યા : "વરતાલ ગયો હતો. ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરીને હવે ઘરે જઉં છું." એમ વાતો કરતા હતા.

એટલે તે તસ્કરોએ પૂછ્યું : "ભગવાને તમને કંઈ નવાજ્યા !"

એટલે દીનાનાથ ભટ્ટે કહ્યું : "એ તો ભગવાન છે. અમારા જેવા બ્રાહ્મણ ઉપર તો બહુ દયા રાખે છે. ક્યારેય ખાલી જવા દેતા નથી."

તસ્કરો સમજી ગયા. તરત તેમણે દીનાનાથ ભટ્ટનો ખડિયો ખભેથી ખેંચ્યો. તે જોઈ ભટ્ટજી મુંઝાયા. તેમણે કહ્યું : "અરે, આ તમે શું કરો છો ?"

તસ્કરોએ હસતાં હસતાં ભટ્ટજીને કહ્યું : "કાંઈ નહીં. તમારો ભાર હળવો કરીએ છીએ." એમ કહી ખડિયામાંથી બધું જ લઈ લીધું. ભટ્ટજી વીલે મોઢે આ જોઈ રહ્યા ! ચોરો તો માલ લઈને ત્યાંથી રસ્તે પડી ગયા.

ભટ્ટજીને હવે મુઝવણ થવા લાગી. હવે ખાલી હાથે ઘેર જવું પડશે. તેના મનમાં વિચારો ઘોળાયા કર્યા. તેને થયું હજુ વરતાલથી બહુ દૂર નથી અવાયું. માટે પાછો વરતાલ જઉં. એમ વિચાર કરી પાછા વરતાલના માર્ગે ચડ્યા. સાંજે ભટ્ટજી વરતાલ પહોંચી ગયા.

અમે આપેલ ચૈતન્ય મૂડી અંતરમાં સાચવશો

તેઓ સીધા જ મહારાજ પાસે ગયા. મહારાજે તેમને જોઈને પૂછ્યું : "ભટ્ટજી ! કેમ પાછા આવ્યા ?"

ભટ્ટજી માથે હાથ દઈને મહારાજની સામે બેસી ગયા. મહારાજ આ જોઈ હસવા લાગ્યા. આટલાં વર્ષો સાથે રહ્યા, ગ્રંથો લખ્યા, ગ્રંથો વાંચ્યા અને મહારાજની વાતો પણ સાંભળી, તોય હૈયામાંથી જગતના પદાર્થનું પ્રધાનપણું ટળ્યું નહીં. મહારાજે ફરી પૂછ્યું : "ભટ્ટજી ! કહો તો ખરા શું થયું ? આમ માથે હાથ દઈને શું બેસી ગયા ?"

ભટ્ટજીની આંખમાં આંસુ આવી ગયાં. તેણે રડતાં રડતાં મહારાજને કહ્યું : "મહારાજ ! આપે તો સાવચેત રહેવાનું કહ્યું હતું. પણ બરોબરના ગઠિયા મળી ગયા. તે વાતે ચડાવી બધું જાણી લીધું અને પછી ખભેથી ખડિયો ખેંચી બધી જ માલમત્તા ઉપાડી ગયા !"

મહારાજ આ સાંભળી હસવા લાગ્યા. પરંતુ દીનાનાથ ભટ્ટે પૂછ્યું : "મહારાજ ! એ માલમત્તા પાછી મળશે કે નહીં ?"

ત્યારે મહારાજે કહ્યું : "એ તો એમના નસીબની હતી તે લઈ ગયા. હવે પાછી મેળવવાની આશા રાખશો નહીં."

"તો તો મહારાજ ! ખાલી હાથે ઘેર જવું પડશે." ભટ્ટજીએ કહ્યું.

મહારાજ ભટ્ટજીનો લોભ જોઈ હસ્યા. તેમણે કહ્યું : "અમે તમને ખાલી હાથે નહીં જવા દઈએ. બીજો શિરપાવ આપીશું, દક્ષિણા આપીશું. પણ એ મૂડી તો ગમે તેટલી હશે તોપણ રહેવાની નથી. અમે આપેલી ચૈતન્ય મૂડી અંતરમાં રહેશે. તેને સાચવજો, તેનું જતન કરજો, નહીં તો સાવ લૂટાઈ જશો."

ભટ્ટજી સમજી ગયા ! મહારાજે ફરીવાર શિરપાવ અપાવ્યો, દક્ષિણા આપી અને તેમને ઠેઠ ઘેર પહોંચાડવા તેમની સાથે બે પાર્ષદો મોકલ્યા. ભટ્ટજી મહારાજને પ્રણામ કરીને નીકળ્યા.

મહારાજ વરતાલથી નીકળે છે

મહારાજે વરતાલથી નીકળવાની તૈયારી કરી. પરંતુ નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિને મંદિરનું ચાલતું કામ જોવા માટે ત્યાં રાખ્યા. સંઘને રજા દીધી અને પોતે પણ પાર્ષદો તથા સખાઓ સાથે વરતાલથી નીકળવાની તૈયારી કરી.

તે વખતે નિત્યાનંદ સ્વામીએ વિચાર કર્યો કે "મહારાજ માટે થાળ કોણ કરશે ? મહારાજ ઝડપથી ચાલે છે એટલે એમની ભેગા બ્રહ્મચારી ચાલી શકશે નહીં." તેમણે તરત જ વિચાર કરી લીધો. પછી પોતાના શિષ્યો શૂન્યાતીતાનંદ સ્વામી તથા વૈકુંઠાનંદ વર્ણીને મહારાજની સાથે મોકલ્યા.

મહારાજ વરતાલથી નીકળી સીંજીવાડે પધાર્યા. અહીં પ્રભુદાસ બારોટ તથા પટેલ રખીભાઈ વગેરે હરિભક્તો તરત જ સંઘ માટે સીધા-સામગ્રી લઈ આવ્યા. શૂન્યાતીતાનંદ સ્વામીએ મહારાજ માટે થાળ બનાવ્યો. મહારાજ જમ્યા. સંઘના સૌ હરિભક્તોને પણ જમાડ્યા.

સીંજીવાડામાં રાત રહી સવારે નીકળી મહારાજ ગલિયાણા આવ્યા. અહીં હરિભક્ત સાથવો લાવ્યા હતા. તે જમ્યા. ત્યાંથી જાખડે રાત રહી પીપળિયા થઈ ધોલેરા પધાર્યા. અહીં મદનમોહન દેવનાં દર્શન કર્યાં. પૂંજાભાઈ તથા તેમના સમગ્ર પરિવારને મહારાજ પધાર્યા તેથી ખૂબ જ આનંદ થયો. રસોઈની સામગ્રી તરત જ તૈયાર કરી દીધી. મહારાજ ત્યાં જમ્યા. રાત રહી ત્યાંથી નાવડા પધાર્યા અને નાવડાથી રાત્રે કારિયાણી પહોંચી ગયા. અહીં શૂન્યાતીતાનંદે મહારાજ માટે થાળ કર્યો. મહારાજ ત્યાં જમ્યા. પછી શૂન્યાતીતાનંદ સ્વામીને કહ્યું : "વસ્તાખાચરને તથા અન્ય કાઠી દરબારોને બોલાવો."

તરત જ તેઓ બધા મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને કહ્યું : "અમારે અહીંથી ભાવનગર જવું છે."

તે સાંભળી દાદાખાચર તથા સુરાખાચરે કહ્યું : "મહારાજ ! જો ભાવનગર જવું હોય, તો તમામ રસાલા સાથે જવું જોઈએ. આપણા મુખ્ય મુખ્ય કાઠી હરિભક્તો, પાર્ષદો તથા અસવારો, સંતો, હરિભક્તો તમામને લઈને ભાવનગર જઈએ એમાં આપણી શોભા કહેવાય."

મહારાજ આ સાંભળી રહ્યા. પછી કહ્યું : "તો એક અસવારને ગઢડા મોકલો અને ત્યાંથી સંતો સૌ સીધા ભાવનગર જાય તેમ સંદેશો મોકલો. તે પ્રમાણે કુંડળ, સારંગપુરથી કાઠી ભક્તોને અહીં બોલાવો. એટલે આપણે બધા અહીંથી સાથે જ નીકળીએ." મહારાજની સૂચના પ્રમાણે અસવારોને ગઢપુર, સારંગપુર, કુંડળ વગેરે ગામોમાં મોકલી દીધા.

ધર્મનો એવો પ્રતાપ છે તેમાં નવનિધિ અને અષ્ટસિદ્ધિ રહેલા છે

શૂન્યાતીતાનંદ સ્વામીએ વિચાર કર્યો કે રસ્તામાં ટીમણ કરવા કાંઈક

ભાતું જોઈશે. તેથી તે ભાતું કરવાની તૈયારી કરવા લાગ્યા. વળી, મહારાજના થાળ માટે પણ સીધા-સામગ્રી સાથે લેવા તૈયારી કરી. એટલામાં મહારાજ ત્યાં આવ્યા. તેમણે શૂન્યાતીતાનંદ સ્વામીને આ બધી તૈયારી કરતા જોયા. એટલે તરત જ પૂછ્યું : "સ્વામી ! આ શું કરવા માંડ્યું છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! રસ્તામાં સંતોના ટીમણ માટે ભાતું તૈયાર કરવાનું છે અને આપને માટે પણ સીધાની સામગ્રી સાથે લઈ લેવી છે."

તે સાંભળી મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "ગામોગામ હરિભક્તો છે તો ભાતા ને સીધાની શી જરૂર છે ? આપણે તો સંત કહેવાઈએ. આપણે આપણો ધર્મ જો પાળીએ તો સીધા-સામગ્રી આપોઆપ આવીને મળે. ધર્મનો એવો પ્રતાપ છે કે તેમાં નવનિધિ અને અષ્ટસિદ્ધિ રહી છે. જે દૃઢતાપૂર્વક ધર્મ પાળે છે તેને માટે સિદ્ધિઓ બધું જ તૈયાર રાખે છે. માટે જે સંતમાં ધર્મ હશે તે જ્યાં જશે ત્યાં લોકો તેને પૂજશે, જમાડશે અને સેવા કરશે." મહારાજે આ પ્રમાણે કહ્યું એટલે શૂન્યાતીતાનંદ સ્વામીના બધા સંકલ્પો બંધ થઈ ગયા.

મહારાજ ! આ ભામણે તો ભારે સેવા કરી

મહારાજ સવારના જ પોતાના કાઠી ભક્તો, પાર્ષદો અને અસવારો તથા જે જે સંતો સાથે હતા તેમને લઈને કારિયાણીથી નીકળી રોહિશાળા પધાર્યા. અહીં કુંડળથી તથા બીજાં ગામોથી કાઠી હરિભક્તો આવી ગયા હતા. અહીંના લક્ષ્મીરામ ઓઝાએ સંતો, હરિભક્તો માટે રસોઈ કરાવી. મહારાજ માટે ઘણી જ વાનગીઓનો થાળ કરાવ્યો. બધાને ખૂબ જમાડી તૃપ્ત કર્યા. મહારાજ પણ તેમની સેવાથી પ્રસન્ન થયા. આટલા બધા હરિભક્તો, સંતોને આવા પ્રેમથી આ વિપ્રે જમાડ્યા, તેથી સુરાખાચરને આશ્ચર્ય થયું. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આ ભામણે તો ભારે સેવા કરી."

મહારાજ આ સાંભળી હસ્યા. પછી બોલ્યા : "સુરાખાચર ! જ્યારે ડભાણમાં યજ્ઞ થયો, ત્યારે આ બ્રાહ્મણને સેવા કરવાની ઇચ્છા હતી પણ તેની પાસે કાંઈ જ ધન નહોતું. પછી ઘરમાં જે થોડું ઘણું ખાવા માટે અન્ન હતું તે તેણે વેચી દીધું. તેના રૂપિયા સોળ આવ્યા. તે લઈને તે બ્રાહ્મણ ડભાણ આવ્યા અને અમને સોળ રૂપિયા ભેટ ધર્યા. તેમનો આવો ભક્તિભાવ જોઈ અમે સભામાં કહ્યું : "ડભાણનો યજ્ઞ પૂરો થશે. હવે નાણાંની કાંઈ ખોટ રહેશે નહીં."

એટલું કહી મહારાજ લક્ષ્મીરામ સામું જોઈ હસ્યા. પછી કહ્યું :

"લક્ષ્મીરામ ! પછી શું થયું ?"

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! યજ્ઞમાંથી અહીં આવ્યો અને ધાર્યું ન હતું ત્યાંથી અન્ન અને ધન બંને મળ્યાં."

સુરાખાચર લક્ષ્મીરામની શ્રદ્ધા-ભક્તિ જોઈ વિચારમાં પડી ગયા. તેમને થયું જ્યાં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ બિરાજતા હોય ત્યાં આવા ભક્તો પણ હોય, વિભૂતિઓ પણ હોય ! તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. આ તો બધો તેમનો સાજ કહેવાય. તેવા જો ન હોય તો બીજામાં ભક્તિનો ભાવ શી રીતે પ્રગટે ?

રોહિશાળાથી મહારાજ વલ્લભીપુર પધાર્યા. અહીં પાદરમાં ઘેલો નદી નીકળે છે, તેમાં સ્નાન કર્યું. વલ્લભીપુરના દરબાર હરભમજીને ખબર પડી કે મહારાજ પધાર્યા છે. એટલે તરત જ તે પોતાના સવારો તથા ઢોલ, નગારા લઈને મહારાજનું સન્માન કરવા આવી ગયા. મહારાજને ધામધૂમથી પોતાના ગામમાં પધરાવ્યા. તેમના દરબારમાં મહારાજ ઊતર્યા.

તરત જ વિપ્રો બોલાવી રસોઈની તૈયારી કરી દીધી. મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ તો શેરડીની પાછળ એરંડીને પાણી મળી ગયું ! ભાવનગર દરબારને ત્યાં આપ પધારો છો, તેમાં અમને પણ લાભ મળી ગયો."

થોડી વારમાં રસોઈ તૈયાર થઈ ગઈ. મહારાજ થાળ જમ્યા. સંતો, ભક્તો પણ સૌ જમ્યા. પછી તેમણે મહારાજની પૂજા કરી, વસ્ત્રો તથા આભૂષણો ભેટ ધર્યાં. જમીન પણ કૃષ્ણાર્પણ કરીને આપી.

મહારાજ ભાવનગર પધારે છે

મહારાજ વલ્લભીપુરથી તરત જ નીકળ્યા અને સાંજે વરતેજ પહોંચ્યા. ગામની પશ્ચિમમાં નદી છે તેમાં મહારાજે સ્નાન કર્યું. વૈકુંઠાનંદે મહારાજ સારુ ટીમણ તૈયાર જ રાખ્યું હતું તે મહારાજ જમ્યા. રૂપાભાઈને ત્યાં ગઢડાથી સંતોનો સંઘ આવી ગયો હતો. મહારાજ પણ પોતાના સખા, પાર્ષદો અને સંતો સાથે ભાવનગરના પાદરે પહોંચ્યા. ત્યાં તો રૂપાભાઈ તથા રાજાભાઈ ઢોલ, શરણાઈ, ત્રાંસાં વગેરે લઈને સામૈયું કરવા સામે આવ્યા હતા. ગઢડાથી આવેલા સંતો તથા ભાવનગરથી હરિભક્તો પણ સૌ આવી ગયા હતા. મહારાજને પુષ્પહાર પહેરાવ્યા. પછી ધામધૂમથી ભાવનગર શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર

થઈને વડવામાં પોતાના દરબારમાં રૂપાભાઈએ મહારાજને પધરાવ્યા.

અહીં આગળથી સંતો આવ્યા હતા. તેમણે સમગ્ર સંઘ માટે રસોઈ તૈયાર કરી દીધી હતી. વૈકુંઠાનંદે મહારાજ માટે થાળ કર્યો. મહારાજ સ્નાન કરીને થાળ જમ્યા. સંતો તથા હરિભક્તોને પણ જમાડ્યા. પછી મહારાજ સભા કરી અને ઉપદેશની ઘણી વાતો કરી પોઢી ગયા. સંતોએ મોડી રાત સુધી કીર્તન-ભક્તિ કરી. સવારે મહારાજ જાગ્યા એટલે તરત જ શૂન્યાતીતાનંદ સ્વામી સેવામાં આવી ગયા. ત્યાં લીંબડા નીચે મહારાજને સ્નાન કરાવ્યું. પછી અંગ લૂછી પીતાંબર પહેરવા આપ્યું. તે પછી મહારાજ નિત્યવિધિ કરવા બિરાજ્યા.

એટલામાં રૂપાભાઈ મહારાજ પાસે આવ્યા. નિત્યવિધિ પૂરી થઈ એટલે મહારાજે રૂપાભાઈને કહ્યું : "તમે દરબારમાં જાઓ અને વજેસિંહ બાપુને કહેવરાવો કે અમારે તેમને મળવા આવવું છે તો ક્યારે આવીએ ?"

રૂપાભાઈ તરત જ દરબારગઢમાં ગયા. અહીં કાસદ દ્વારા બાપુને સંદેશો મોકલ્યો. બાપુએ તરત તેમને બોલાવ્યા. બાપુને નમસ્કાર કરી રૂપાભાઈ સન્મુખ બેઠા, ત્યારે વજેસિંહ બાપુએ કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન આપણા શહેરમાં પધાર્યા તે આપણાં બહુ મોટાં ભાગ્ય કહેવાય. તેમનાં દર્શનની અમને ઇચ્છા છે."

તે સાંભળી રૂપાભાઈએ કહ્યું : "બાપુ ! મહારાજે પણ એ જ કહેવરાવ્યું છે કે આપને મળવું છે તો ક્યારે ગોઠવીશું ?"

એટલે વજેસિંહ બાપુએ કહ્યું : "કાલે સવારે રાખો. બધા જ અમલદારો, કચેરીના સભ્યો, પ્રતિષ્ઠિત શહેરીજનો વગેરે તમામને કહેવરાવી દઈએ. એટલે ભર કચેરીમાં જ મહારાજ પધારે તો સૌને દર્શન પણ થાય. મહારાજને મારા પ્રણામ કહેજો અને આવતી કાલે સવારનું અમારું આમંત્રણ સ્વીકારે એવી વિનંતી કરજો."

રૂપાભાઈ તરત જ ઊઠ્યા. વજેસિંહ બાપુએ દીવાનને બોલાવ્યા. તેમને કહ્યું : "આવતી કાલે સવારે ભગવાન સ્વામિનારાયણ આપણા દરબારમાં પધારવાના છે. તો તેમના સન્માન માટેની બધી જ તૈયારી કરવાની છે. તેમજ કચેરીના તમામ સભ્યોને પણ કહેવરાવી દેવાનું છે કે કાલે સવારે દરબાર ભરવાનો છે તો સૌ અચૂક કચેરીમાં હાજર રહે."

દીવાને કહ્યું : "ભલે મહારાજ ! બધો જ બંદોબસ્ત થઈ જશે." એમ કહી તેઓ ગયા.

રૂપાભાઈ પણ પોતાના દરબારમાં પહોંચી ગયા. મહારાજને તેમણે કહ્યું : "આપણે આવતી કાલે સવારે કચેરીમાં જવાનું છે."

મહારાજે કહ્યું : "ભલે, તે પ્રમાણે તૈયારી કરાવો."

એવામાં ત્યાં સુરતથી આત્મારામ દરજી મહારાજનાં દર્શને આવ્યા. તેમને ઠેઠ સુરતથી આવેલા જોઈ મહારાજને આશ્ચર્ય થયું. મહારાજે તેમને પૂછ્યું : "આત્મારામ ! અમે વરતાલ હતા ત્યાં દર્શને ન આવ્યા અને અહીં કેમ આવ્યા ?"

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ વરતાલ હતા ત્યારે હું એક કામમાં રોકાયો હતો એટલે ન આવી શક્યો. તે કામ પૂરું થયું એટલે તરત જ અહીં આપ બિરાજો છો તે ખબર મળ્યા એટલે આવ્યો. અમે તો સુરતથી વહાણમાં બેસી જઈએ અને આ ભાવનગર બંદરે ઊતરી જઈએ. એટલે અહીં આવવાનું અમને કઠણ ન પડે."

તે સાંભળી મહારાજે હસતાં હસતાં પૂછ્યું : "ધંધામાં હમણાં કામ સારું ચાલતું લાગે છે."

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "દયાળુ ! આપની દયાથી ધંધો તો સારો ચાલે છે, પણ એ ધંધાની એક કારીગરી જે હું શીખ્યો છું તે કારીગરી આપના સારુ એક ડગલી બનાવવામાં મેં અજમાવી. તે ડગલી પૂરી થઈ કે તરત તે લઈને અહીં આવ્યો."

આત્મારામની ડગલી

મહારાજને આશ્ચર્ય થયું કે ડગલી સીવવામાં તે વળી કેવી કારીગરી હશે કે આટલો સમય તેમને લાગ્યો. મહારાજે કહ્યું : "આત્મારામ ! લાવ, જોઈએ તો ખરા તારી ડગલી ! કેવી કારીગરી કરી છે !"

આત્મારામે તરત જ તેમના પોટલામાંથી કપડામાં સંભાળપૂર્વક વીંટીને તૈયાર કરેલી ડગલી કાઢી. મહારાજને કહ્યું : "પ્રભુ ! પહેલાં આપનું પૂજન કરું અને પછી આપને આ ડગલી હું જ પહેરાવું."

મહારાજને વળી આ બીજું નવીન લાગ્યું. તેમણે કહ્યું : "ભલે, પૂજન કરી લે."

આત્મારામે મહારાજનું પૂજન કર્યું. પછી કપડામાં વીંટેલી ડગલી કાઢી, ઉખેળી, તે જોઈને સૌને આશ્ચર્ય થયું ! મખમલના કાપડ ઉપર સોનેરી તારના

બુટ્ટા તેમજ સૂર્ય અને ચંદ્રનાં ઝીણાં સ્વરૂપો જડેલાં, સોનેરી તારના જ ઝીણા બખિયા લીધેલા. આવી સુંદર કલાત્મક ડગલી મહારાજ તો જોઈ જ રહ્યા.

આત્મારામ મહારાજને તે પહેરાવવા અધીરો બની ગયો હતો. પરંતુ મહારાજે કહ્યું : "ભલા આદમી ! આવી સુંદર ડગલી સીવીને લાવ્યો છે તે જોવા તો દે. અમે પહેરીશું તો કારીગરી બીજાને દેખાશે અમને નહીં દેખાય !" એમ કહીને મહારાજે ડગલીને ઝીણવટથી જોઈ. આગળ-પાછળ ફેરવીને જોઈ અને પછી પૂછ્યું : "આત્મારામ ! આ ડગલી બનાવતાં કેટલો વખત લાગ્યો ?"

"મહારાજ ! છ મહિના લાગલગાટ કામ કર્યું ત્યારે આ ડગલી તૈયાર થઈ. એમાં જ હું વરતાલ ન આવી શક્યો."

મહારાજ સાંભળી રહ્યા. પછી પૂછ્યું : "ત્યાં સુધી તારા ધંધાનું શું થયું ?"

આત્મારામ હસ્યો. તેણે કહ્યું : "મહારાજ ! ધંધો તો આપના નામના જાપનો અખંડ ચાલુ જ હતો. ત્યારે તો આ ડગલી તૈયાર થઈ અને મારે રોમેરોમે ટાઢક વળી ગઈ !"

આ સાંભળી મહારાજ તેમના તરફ અમૃત દૃષ્ટિથી જોઈ રહ્યા. મહારાજે ડગલી પોતાના હાથમાં લઈને સૌને બતાવી. પછી કહ્યું : "જોઈ લ્યો, આ આત્મારામની ડગલી ! તેમાં તેમણે તેમનો આત્મા પરોવ્યો છે અને અમને સીવી લીધા છે." સૌને લાગ્યું કે આત્મારામે ખરેખર હેતના ટેભા લીધા છે. નહીં તો આવું કામ ન થાય.

મહારાજે આત્મારામને કહ્યું : "આત્મારામ ! તું જ અમને ડગલી પહેરાવ !" તે તરત પાસે આવ્યો. તેમણે કહ્યું : "મહારાજ ! મારો પણ એ જ મનોરથ હતો." એમ કહી તેમણે મહારાજને ડગલી પહેરાવી. સૌએ મહારાજનાં દર્શન કર્યાં. બધાને લાગ્યું મહારાજ આ ડગલીથી કેવા શોભે છે ! તેમના સંકલ્પ જાણીને મહારાજે પણ કહ્યું : "આ ડગલીથી અમે કેવા શોભીએ છીએ ?"

ત્યારે આત્મારામે કહ્યું : "અરે મહારાજ ! આપે આ ડગલી પહેરી તેમાં જ ડગલીની શોભા છે !"

બધાને આ સાંભળીને થયું આત્મારામે ખરું કહ્યું. મહારાજના સંબંધે ભક્તિભાવપૂર્વક અર્પણ કરેલું સર્વ કાંઈ શોભાયમાન અને દિવ્ય બની જાય છે.

થોડી વાર મહારાજે ડગલી પહેરી રાખી. પછી તે ડગલી કાઢીને મયારામ ભટ્ટને આપીને કહ્યું : "ભટ્ટજી ! આને આત્મારામે ગડી કરી હતી તેવી બરાબર ગડી કરી અને લૂગડામાં વીંટાળી રાખો. કાલે દરબારમાં આ ડગલી પહેરીને જ

જવું છે !" આત્મારામને અહોભાગ્ય લાગ્યાં. મહારાજે તેમને કહ્યું "આત્મારામ ! તું કાલ દરબારમાં અમારી ભેગો આવજે. ભાવેણા દરબારને પણ ખબર પડે કે એમના રાજ્યમાં ન થતી હોય એવી કારીગરી સ્વામિનારાયણના ભક્તમંડળમાં છે." આત્મારામે ફક્ત માથું જ હલાવ્યું.

બીજે દિવસે સવારે દરબારમાં જવાની મહારાજે તૈયારી કરી. સફેદ વસ્ત્ર પરિધાન કર્યાં. ઉપર આત્મારામની ડગલી પહેરી. પહેરતાં પહેરતાં પણ મહારાજ ડગલીને નીરખતાં થાકતા જ નહોતા. એટલામાં રૂપાભાઈએ મહારાજનાં વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. મહારાજે પૂછ્યું : "આ શું કર્યું ?"

તે તો કાંઈ બોલ્યા નહીં પણ રાજાભાઈએ કહ્યું : "મહારાજ ! અત્તર છાંટ્યું. અમારાં રજવાડાંઓમાં આ રિવાજ હોય. શરીર મઘમઘે !"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "અંતર ગોબરું હોય, તેમાં વિકાર હોય તે પરસેવા વાટે ગંધ મારતો બહાર નીકળે. શરીરની એ દુર્ગંધ ઢાંકવા તમારાં રજવાડાંઓ આ રીત સારી શીખ્યા છે. પણ અંતર વિકાર વિનાનાં ચોખ્ખાં રાખો અને પ્રભુ-ભક્તિથી તેને રંગી દ્યો તો શરીરમાંથી અત્તરને ભુલાવે તેવી સુગંધ છૂટશે." રાજાભાઈ આ સાંભળી શરમાઈ ગયા.

મહારાજ દરબારગઢમાં પધારે છે

ભાવેણા દરબારે મહારાજ માટે બગલા જેવા સફેદ, જાતવાન ચાર ઘોડા જોડેલી બગી મોકલી હતી. તેમાં સુંદર ગાલીચો પાથર્યો હતો. મશરૂના તકિયા મૂક્યા હતા. રાજ્યની લશ્કરી પલટન તથા પદાતિઓ, વાજાંઓ અને રાજ્યની પ્રતિષ્ઠાને દર્શાવતો કેસરિયો ધ્વજ સાથે હતા. રાજ્યની સવારી મહારાજને તેડવા આવી ગઈ છે તે સૂચવતા બંધૂકોના બાર થયા. મહારાજ તરત જ બહાર આવ્યા અને બગીમાં બેસી ગયા એટલે કાઠી પાર્ષદોએ બંધૂકના બાર કર્યા. મહારાજની બગીની બંને બાજુ ચાર-ચાર કાઠી સશસ્ત્ર અસવારો ગોઠવાઈ ગયા. પાછળ પણ એ જ રીતે અસવારો ગોઠવાયા. મહારાજના કાઠી સખાઓ બધા પોતપોતાના ઘોડા ઉપર રાજ્યના પાયદળની પાછળ હારબંધ ગોઠવાઈ ગયા. મોટેરા સંતો માટે રથ મોકલ્યા હતા. તે બધા તેમાં બેઠા. બીજા સંતોએ ઝાંઝ-પખવાજ સાથે કીર્તન-ભક્તિ શરૂ કરી.

ધીરે ધીરે સવારી ભાવનગર શહેરના મુખ્ય બજારોમાં ફરતી દરબારગઢ તરફ ચાલી. મહારાજની આ સવારીનાં દર્શન કરવા મુખ્ય બજારોમાં અને

શેરીઓમાં, અટારીઓમાં અને ઝરૂખામાં હજારો શહેરીજનો ઊમટ્યા હતા. મહારાજનાં દર્શન કરતાં કરતાં ડગલી પર સૌની નજર પડતી ત્યારે તે જોઈને સૌ તાજુબ બની જતા. તેમના મુખમાંથી શબ્દો સરી પડતા : "શું ડગલી છે !"

મહારાજની સવારી દરબારગઢમાં પહોંચી, પણ દરેકના હોઠે આ શબ્દો બોલાતા હતા : "શું ડગલી છે !"

દરબારગઢની કચેરીમાં આ શબ્દો પહોંચી ગયા. વજેસિંહ બાપુ પણ આ સાંભળી આશ્ચર્ય પામ્યા ! આ શું ? "શું ડગલી છે !" એમ બોલતા લોકો થાકતા જ નથી. તે એવી તે કેવી ડગલી સ્વામિનારાયણે પહેરી છે ? એ વિચારમાં જ તે મહારાજનું સન્માન કરવા પોતાની ગાદી ઉપરથી ઊઠીને કચેરીના દરવાજા સુધી આવ્યા.

નીચે રાજ્યના દીવાને તથા અન્ય ઉચ્ચ અમલદારોએ મહારાજનું પુષ્પહારથી સન્માન કર્યું. મહારાજનો હાથ પકડી દીવાન મહારાજને કચેરીમાં લઈ આવ્યા. મહારાજાએ મહારાજને નમસ્કાર કર્યા. પરંતુ મહારાજનાં દર્શન કરતાં કરતાં તેમણે મહારાજે પહેરેલી ડગલી જોઈ લીધી. ડગલી જોઈ તેઓ પણ મુગ્ધ બની ગયા !

મહારાજ માટે મખમલનાં જરિયાન વસ્ત્રો પાથરી સુંદર ગાદી બનાવી હતી. વજેસિંહ બાપુએ મહારાજનો હાથ પકડી મહારાજને તે ગાદી ઉપર બેસાર્યા. મહારાજ ગાદી ઉપર બિરાજ્યા કે તરત જ સભામાં ઉપસ્થિત રાજ્ય-પંડિતોએ વેદમંત્રોના ઉચ્ચાર કર્યા. વેદમંત્રના ઘોષ સાંભળી મહારાજ અત્યંત પ્રસન્ન થયા. સભા શાંત થઈ ગઈ. વેદમંત્રોનું ઉચ્ચારણ પૂરું થયું. એટલે મહારાજે ભાવેણા દરબારને કહ્યું : "બાપુ ! આપ ગો-બ્રાહ્મણપ્રતિપાલ ખરા. કારણ, બીજા રાજાઓના દરબારમાં પણ રત્નો હોય છે પણ ગવૈયા, કવિઓ, કલાકારો કે ચારણો. પણ આપે આવા વિદ્વાન પંડિતોને પોષ્યા છે તેમાં ખરેખર રાજ્યની શોભા છે."

વજેસિંહ બાપુએ કહ્યું : "મહારાજ ! આપના પ્રતાપે અમારા આ શહેરમાં રાજ્ય તરફથી સંસ્કૃતની પાઠશાળાઓ ચાલે છે. તેમાં બ્રાહ્મણ બાળકોને ભણાવીએ છીએ. વેદના મંત્રો, વિધિ-વિધાન કે અન્ય શાસ્ત્રો શીખીને તે બધા પારંગત થાય છે. તેથી અમારા આ શહેરમાં વેદમંત્રોના ઘોષથી જ પ્રાતઃકાળ શરૂ થાય છે."

"એટલે જ આપ પણ ભગવાનનું સ્વરૂપ છો. યથા રાજા તથા પ્રજા. તેમ

આપની પ્રજામાં પણ ધર્મ, નીતિના સંસ્કારો છે તે જાણી અમને આનંદ થાય છે. જે રાજ્યની પ્રજા ધાર્મિક હોય, નીતિવાન હોય અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધાવાન હોય તે રાજ્યને રામરાજ્ય કહી શકાય. તમારે ત્યાં રામરાજ્ય છે." મહારાજે વજેસિંહ રાજાની અને તેમની પ્રજાની પ્રશંસા કરતાં કહ્યું.

વજેસિંહ બાપુ નીચું મુખ રાખી આ સાંભળી રહ્યા હતા. તેમના મુખ પર ભગવાનની પ્રશંસાને પાત્ર બની શકવાના ગૌરવના ભાવ હતા. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! એ બધો આપનો જ પ્રતાપ છે. તેમની સૌની ભક્તિથી અમારું રાજ્ય સંસ્કારી બન્યું છે."

વજેસિંહ બાપુ મહારાજની પૂજા કરે છે

પછી બ્રાહ્મણોએ ફરી વેદમંત્રો શરૂ કર્યા. રાજોપચારથી મહારાજનું પૂજન કર્યું. મહારાજ માટે જરિયાન વસ્ત્રો, આભૂષણો, મેવા, મીઠાઈ વગેરેના થાળ મહારાજને ભેટ કરવા લાવવામાં આવ્યા. વજેસિંહ બાપુએ પોતે જ મહારાજને પોષાક તથા અલંકાર ધરાવ્યા. રૂપિયાના થાળ પાસે મૂક્યા. મહારાજે તરત જ કહ્યું : "આ રૂપિયા અહીં બેઠેલા આ વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દ્યો."

મહારાજનો બ્રાહ્મણો પ્રત્યે સદા સદ્‌ભાવ જ રહેતો. બ્રાહ્મણોને મહારાજ વિદ્યાગુરુ કહેતા. તેમની સર્વ પ્રકારે સંભાવના રાખતા. મહારાજાએ સૌ સંતોને પણ વસ્ત્રો ઓઢાડ્યાં. દાદાખાચરને સાફો બંધાવ્યો તથા કિંમતી શાલ ભેટ આપી. દાદાખાચરે બહુ આનાકાની કરી. છતાં વજેસિંહ બાપુએ કહ્યું : "તમે તો રાજ્યમાં શાંતિ સ્થાપી દીધી છે. વળી, ભગવાન સ્વામિનારાયણને તમારા ગામમાં રાખી રાજ્યમાં ધર્મનું અને ભક્તિનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. તમારે માટે તો જે કાંઈ કરીએ તો તે ઓછું છે."

બીજા કાઠી દરબારોને પણ સાફા ભેટ ધર્યા. આ બધી વિધિ પૂરી થઈ એટલે બ્રહ્માનંદ સ્વામીએ કવિત શરૂ કર્યું :

શ્વેતદ્વિપપતિ રૂપ શુભ, વાસુદેવ જગ વ્યાપ;
સો નર તન ધર ફિરત જગ, અકળ અનૂપ અમાપ.
તુર્યાતીત પુનિત પદ, અક્ષર ધામ અનૂપ;
તેહીપર પુરુષોત્તમ પ્રગટ, રહો સો મમ ઉર રૂપ.
સતા કરી વ્યાપક સકળ, સ્વે સબસે વ્યતિરેક;
અચ્યુત, અજર, અખંડ, અજ, આદિ અંત મધ્ય એક.

જાકી ચૈતન શક્તિ કરી, જડ પુનિ ચૈતન હોત;
સો પ્રભુ તનુ સુંદર સુભગ, ઉર મમ રહ ઉદ્યોત.[૧૨૩]

શ્રીજીમહારાજના પ્રાગટ્યનો, તેમના પુરુષોત્તમ સ્વરૂપનો, સર્વવ્યાપક છતાં તુર્યાતીત એવા અક્ષરધામમાં સદા બિરાજમાન મહારાજના વ્યતિરેક સ્વરૂપનું સુંદર વર્ણન તેમણે આ દુહામાં તેમના બુલંદ અવાજે કર્યું. તેમની કવિત્વ શક્તિનો તો સૌને ખ્યાલ હતો. પરંતુ મહારાજના અપરિમિત મહિમાનો, અધોર્ધ્વ અને પ્રમાણે રહિત તેમના અક્ષરધામને, તુર્યાતીત વર્ણવી તેમણે આ અવર્ણનીય સ્વરૂપોનું ચાર પંક્તિમાં જ યથાર્થ વર્ણન કરી દીધું.

મહારાજ બહુ જ રાજી થયા. વજેસિંહ બાપુએ તેમને ધરાવેલ કિંમતી શાલ તેમણે સ્વામી તરફ ફેંકી. સ્વામીએ તે શિરે ચડાવી ને પછી કહ્યું : "મહારાજ ! આવાં કિંમતી વસ્ત્રો રાખવાની આપની આજ્ઞા નથી, તેથી આપ જ તે સ્વીકારો અને તેનો ઉપયોગ કરી બાપુને રાજી કરો !" વજેસિંહ બાપુને થયું કે સ્વામિનારાયણે આવા નિઃસ્પૃહી સંતો પકવ્યા છે તે જ તેમની મહત્તા છે.

થોડી વાર બેસીને મહારાજે બાપુની રજા માંગી. બાપુએ પ્રસન્ન વદને બે હાથ જોડી રજા આપી અને કહ્યું : "મહારાજ ! મારા ઉપર પ્રસન્ન રહેજો અને મંદિરના કામમાં કાંઈ પણ અડચણ આવે અથવા તો કોઈ વસ્તુની જરૂર પડે તો તરત જ મને કહેવરાવજો. મારા યોગ્ય સેવા જરૂર કરીશ !"

કચેરીના દરવાજા સુધી તેઓ મહારાજને મૂકવા આવ્યા. મહારાજ નીચે પધાર્યા ને જે રીતે દરબારગઢમાં પધાર્યા હતા, તે જ પ્રકારે પાછા વડવામાં રૂપાભાઈના દરબારમાં પધાર્યા.

મહારાજે ઉતારે આવીને તરત જ ગઢપુર જવાની તૈયારી કરી. દરબારમાં જતાં પહેલાં મહારાજે સંઘના વધારાના સાધુ, હરિભક્તોને કહી દીધું હતું કે "તમે નીકળી જજો. અમે દરબારમાંથી નીકળી સીધા વરતેજ આવીશું. તમે ત્યાં અમારી રાહ જોજો !" એટલે તે સંઘ તો નીકળી ગયો હતો. મહારાજે મોટા સદ્‌ગુરુઓ, કાઠી દરબારો તથા પાર્ષદો સાથે ભાવનગરથી નીકળી વરતેજની વાટ પકડી. રૂપાભાઈ, રાજાભાઈ તથા અન્ય હરિભક્તો મહારાજને વળાવવા આવ્યા. તેમને સૌને મહારાજે ભાવનગરની હદ છોડતાં રજા આપી પાછા વાળ્યા.

મહારાજ વરતેજ નજીક આવ્યા. ત્યારે હરજી ઠક્કરની પુત્રી પ્રેમીબાઈ જેને વરતેજમાં પરણાવી હતી, તે મહારાજનાં દર્શન કરવા આવી. મહારાજ

૧૨૩. નારાયણ ગીતા, બ્રહ્મસંહિતા; પા. ૩૬૦. લેખક : કવિ માવદાન રત્નુ.

એક પીપરનું ઝાડ હતું ત્યાં પહોંચી ગયા હતા. પ્રેમીબાઈ દોડીને ત્યાં આવી. મહારાજને પ્રણામ કરી, તેની પાસે એક રૂપિયો હતો તે તેણે મહારાજને ભેટ ધર્યો. મહારાજે તે પ્રેમપૂર્વક ગ્રહણ કર્યો. પછી પોતાની પાસે રાજાભાઈએ આપેલ મેવો હતો તે તેમણે પ્રેમીબાઈને આપ્યો. પ્રેમીબાઈ તો આ પ્રસાદીથી કૃતાર્થ થઈ ગઈ ! તેણે કહ્યું : "મહારાજ ! આપનાં દર્શનથી હું કૃતાર્થ થઈ ગઈ છું, પણ અહીં આપનો વિયોગ છે એટલે અહીં રહેવું ગમતું નથી."

મહારાજે ધીરજ દેતાં કહ્યું : "ભગવાનનું ભજન કરજે એટલે કષ્ટમાત્ર દૂર થઈ જશે !"

મહારાજ વરતેજમાં પધાર્યા. ત્યાં પ્રેમીબાઈના ધણી મેઘજી ઠક્કર મહારાજનાં દર્શને આવ્યા. મહારાજને રોકાવા માટે તેણે ઘણી તાણ કરી, પરંતુ મહારાજે કહ્યું : "અમારે ઉતાવળ છે માટે રોકાશું નહીં." એમ કહી મહારાજ ત્યાંથી નીકળી ગયા અને માલેજરી નદી પાસે આવ્યા.

અહીં એક કાળિયો આંબો હતો. તેની ઘટા ખૂબ જ પ્રસરી હતી. મહારાજે તેની નીચે ઉતારો કર્યો. તે વખતે અવલબા ભાવનગરથી મેવા-મીઠાઈ લાવ્યાં હતાં તે તેઓ મહારાજ પાસે લાવ્યા. મહારાજ તેમાંથી થોડું જમ્યા. બીજી પ્રસાદી સખાઓને આપી દીધી. ભાવનગરથી કેટલાક હરિભક્તો અહીં સુધી મહારાજને વળાવવા આવ્યા હતા. તેમને મહારાજે અહીંથી રજા આપી.

અહીં વર્ણીએ મહારાજ માટે રસોઈ બનાવી દીધી. તે મહારાજ પાસે આવ્યા. મહારાજે તરત જ કહ્યું : "આ સંતો અને કાઠી હરિભક્તો માટે જમવાની શું વ્યવસ્થા કરી છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! તેમને માટે પણ રસોઈ તૈયાર છે. તેમને પણ હમણાં જમાડી દઈશું."

તે સાંભળી મહારાજે કહ્યું : "તો ભલે, તેમનો સૌનો જમવાનો બંદોબસ્ત થયો હોય તો જ અમારાથી જમાય."

અહીં થોડો આરામ કરી મહારાજ આ.સં. ૧૮૮૫, ચૈત્ર સુદ પડવાને દિવસે ગઢપુર પધાર્યા.[૧૨૪]

---

૧૨૪. ગઢડા અંત્ય પ્રકરણના ૩૪મા વચનામૃતની શરૂઆત થઈ.



ગઢપુરમાં હરિજયંતી તથા ચાતુર્માસના ઉત્સવો

(આ.સં. ૧૮૮૫-૮૬, ઈ.સ. ૧૮૨૯)

હરિનવમીના ઉત્સવ ઉપર મહારાજ વરતાલ પધારવાના નથી. તે સમાચાર બધે પ્રસરી ગયા. તેથી આ ઉત્સવ ઉપર સંતો, હરિભક્તો ગઢપુર આવવા લાગ્યા. મહારાજનાં દર્શન કરી સૌ કૃતકૃત્ય થઈ જતા અને મહારાજ પણ તેમને દર્શન દઈ તેમના ભાવ પૂરા કરતા. મહારાજને હરિભક્તો ઉપર પ્રેમ હતો. હરિભક્તો વગર તેઓ રહી શકતા નહીં. તેથી આવા ઉત્સવના પ્રસંગે સંતો, હરિભક્તો આવે તેવું તેઓ ઇચ્છતા.

જાઓ, ગોપીનાથ દેવનાં દર્શન કરી આવો

સંતો, હરિભક્તો આવતા અને પ્રથમ મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીમાં જતા. મહારાજને દંડવત્ કરી ચરણસ્પર્શ કરી સન્મુખ બેસવા ઇચ્છા કરતા, ત્યાં તો મહારાજ તેમને કહેતા : ''જાઓ, ગોપીનાથ દેવનાં દર્શન કરી આવો. અમારી પ્રસાદીભૂત મૂર્તિઓ છે. અમારી વિભૂતિ છે.'' એટલે સૌ દેવનાં દર્શને જતા. ગોપીનાથ દેવમાં પણ તેમને મહારાજનાં દર્શન થતાં. તેમને અહીં પણ મહારાજનાં દર્શન થતાં. એટલે તેમને પ્રતીતિ થતી કે આ બધી વિભૂતિઓ મહારાજના અન્વય ભાવના સંબંધથી નમસ્કાર કરવા યોગ્ય છે, પૂજવા યોગ્ય છે. મહારાજ પણ સભા પ્રસંગે હંમેશાં કહેતા : ''જેમને મૂર્તિઓને વિષે નાસ્તિક ભાવ આવશે, તેમને ભગવાનના પ્રગટ સ્વરૂપમાં પણ નાસ્તિક ભાવ જરૂર આવશે. માટે મંદિરમાં આવી દેવનાં દર્શન કરવાનો નિયમ રાખવો.''

હરિજયંતીનો ઉત્સવ

આ.સં. ૧૮૮૫ના હરિનવમીનો ઉત્સવ આવી ગયો. મહારાજે આગલે

દિવસ રાત્રે જ સૌને સૂચના આપી દીધી હતી કે "આવતી કાલે સવારે સંતો, હરિભક્તો અને સખાઓ સાથે નારાયણ ધરે[૧૨૫] સ્નાન કરવા જવાનું છે. માટે સૌ વહેલા તૈયાર થઈ જજો."

હરિનવમીને દિવસે વહેલી સવારે મહારાજની સૂચના અનુસાર નાજા જોગિયા માણકી શણગારીને લાવ્યા. મહારાજ તે ઉપર બિરાજમાન થયા. મુકુંદ બ્રહ્મચારીએ બાજુમાં રહીને મહારાજ ઉપર છત્ર ધર્યું. મોટેરા સંતોને રથમાં બેસાર્યા. બીજા સંતો, હરિભક્તો ભજન-કીર્તન કરતા ચાલવા તૈયાર થઈ ગયા. આ સમૂહ સાથે મહારાજ નારાયણ ધરે સ્નાન કરવા ઊપડ્યા. નારાયણ ધરે પહોંચ્યા એટલે મહારાજ માણકી ઉપરથી ઊતરીને ધરાના કિનારા ઉપર પધાર્યા. બ્રહ્મચારીએ મહારાજને વસ્ત્ર આપ્યું, મહારાજે તે પહેર્યું. મહારાજે ઉતારેલાં વસ્ત્રો બ્રહ્મચારીએ લઈ લીધાં. સ્નાન પછી મહારાજને પહેરવાનાં ધોયેલાં વસ્ત્રો તેઓ સાથે લઈ આવ્યા હતા. તેથી મહારાજનાં આ વસ્ત્રો તેમણે તરત જ ત્યાં ધોઈ નાંખ્યાં.

નારાયણ ધરામાં જળક્રીડા

મહારાજ નારાયણ ધરામાં સ્નાન કરવા પડ્યા. સાથે સૌ સખાઓ પણ પડ્યા. ઘણી વાર સુધી સખાઓ સાથે મહારાજે જળક્રીડા કરી સૌને ખૂબ આનંદ કરાવ્યો. સંતોની મંડળી કરી કીર્તનો પણ ગવરાવ્યાં. સ્નાન કરી મહારાજ બે સંતોના હાથ પકડી બહાર નીકળ્યા. બ્રહ્મચારીએ તરત જ કોરા રૂમાલથી મહારાજનું અંગ લૂછ્યું. પછી ધોયેલાં કોરાં વસ્ત્રો પહેરવા આપ્યાં. વસ્ત્ર પરિધાન કરીને મહારાજ બાજુમાં આસન પાથર્યું હતું તે ઉપર બિરાજ્યા. સૌ સંતોએ મહારાજનું કેસર-ચંદનની અર્ચા કરી પૂજન કર્યું. કપાળમાં તિલક કર્યું. વચ્ચે કુમકુમનો ગોળ ચાંદલો કર્યો. હરિભક્તોએ મહારાજને પુષ્પહાર પહેરાવ્યા. પાઘમાં તોરા ગૂંથ્યા. મહારાજે અહીં પણ હરિનવમીનો મહિમા કહ્યો.

થોડી વારે મહારાજ ઊઠ્યા. માણકી તૈયાર જ હતી. તે ઉપર મહારાજ બિરાજ્યા. સંતો પણ પોતપોતાના રથમાં બેસી ગયા. સવારી વાજતે-ગાજતે

---

૧૨૫. ઉન્મત ગંગામાં 'દેવશિલા' નામનું તીર્થ છે. તે ઉપર મહારાજ બિરાજ્યા હતા અને ત્યાં દેવોની સભા થઈ હતી. તે દેવશિલાથી પૂર્વ દિશામાં આરો છે. તે આરાથી પૂર્વમાં મોટો ધરો છે. તે 'નારાયણ ધરા' નામે ઓળખાય છે.

– દુર્ગપુર માહાત્મ્ય, પા. ૮૯.

ભજન અને કીર્તનની રમઝટ ઉડાડતી ગઢપુર નગરમાં આવી પહોંચી. મહારાજ દરબારમાં આવી સીધા જ અક્ષર ઓરડીમાં પધાર્યા.

મધ્યાહ્ન સમય થયો ત્યારે રામજન્મનો ઉત્સવ કરવા, મહારાજ દરબારમાં નિંબતરુ નીચે મંડપ બાંધ્યો હતો ત્યાં પધાર્યા. સાથે મોટેરા સંતો અને ધર્મવંશી પણ બેઠા. તે સમયે મહારાજે નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : "આપણા સત્સંગમાં કોણે કોણે સંસ્કૃતવિદ્યાનો વિશેષ અભ્યાસ કર્યો છે ?"

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ઈચ્છારામભાઈના પુત્ર સીતારામ સંસ્કૃત સારું જાણે છે."

તે સાંભળી મહારાજ પ્રસન્ન થયા. પછી મહારાજે સીતારામને કહ્યું : "કાંઈક શ્લોકો રચ્યા હોય તો બોલો."

સીતારામ તરત જ શ્લોક બોલ્યા :

(છંદ વૈતાલીય અક્ષર ચિંતામણિ)

नृहितांगधृतं च भूपतिं, जितमारं जलजाभलोचनम् ।

चिरभोगपदं कलाकरं, सहजानंदगुरुं भजे सदा ॥ धीमंतं कृपालु च[૧૨૬] ॥

મહારાજ આ શ્લોક સાંભળી અત્યંત પ્રસન્ન થયા. સીતારામને પાસે બોલાવ્યા અને બે હાથ માથે મૂકી પોતાની પાઘ તથા શાલ તેમને ભેટ આપી.

જે ધામમાં મૂર્તિ છે તે આ જ છે

રાત્રે હરિજન્મ મહોત્સવ ઉજવવાની તૈયારીઓ થવા માંડી. મહારાજ સભામાં પધાર્યા. સંતોએ કીર્તનગાન કર્યું. બરાબર દસ વાગે જ જન્મોત્સવની આરતીનો સમય થયો, ત્યારે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પારણામાં પધરાવી. આગળ અનેક પ્રકારની વાનગીઓનો અન્નકૂટ ગોઠવ્યો. આરતીનો સમય થયો એટલે મહારાજ સ્વયં ઊઠ્યા અને હાથમાં આરતી લીધી. આરતીનો એક આંટો ફેરવ્યો એટલે સૌને પારણામાં શ્રીજીમહારાજના બાલસ્વરૂપનાં દર્શન થયાં ! આ દર્શનથી સૌ આનંદવિભોર બની ગયા !

મહારાજ ક્ષણે ક્ષણે પ્રતીતિ કરાવતા હતા કે જે ધામમાં મૂર્તિ છે તે આ જ

૧૨૬. મનુષ્યોના હિતને અર્થે માનવ શરીર ધારણ કરનારા અને પૃથ્વીનું રક્ષણ કરનારા અને જીત્યો છે કામદેવ જેમણે તથા કમળની કાંતિ જેવાં નેત્રો જેમનાં છે, તેમજ નિરંતર ભોગયુક્ત જે સ્થાન છે વળી જેમનું, અનેક કળાઓના સ્થાનરૂપ એવા સહજાનંદ ગુરુને હું ભજું છું. તે કેવા છે ? બુદ્ધિમાન અને દયાવાળા છે.

છે. આવાં દિવ્ય દર્શન કરાવી, જ્ઞાનવાર્તા કરી, તે એટલા માટે કે સૌને એ નિશ્ચય થાય કે અક્ષરધામસ્થ પુરુષોત્તમ સ્વયં આજે પૃથ્વી ઉપર આ ભગવાન સ્વામિનારાયણ સ્વરૂપે દર્શન દે છે. આ નિશ્ચય એ જ આત્યંતિક કલ્યાણનું મૂળ છે, સાધન છે અને તે જ સાધ્ય છે.

આનંદવિભોર બનેલા સભાજનોએ સહજાનંદ સ્વામીની જય ઘોષણા કરી. થોડી વારે મહારાજે કહ્યું : "આજ તો સૌને નિર્જળા ઉપવાસ છે. તેથી હવે સૌ સૂવા માટે જાઓ." એમ કહી પોતે પણ અક્ષર ઓરડીમાં પધાર્યા.

એટલામાં આ સમૈયામાં આવેલા બોચાસણના કાશીદાસ પટેલ મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરી હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આવતી કાલે મારા તરફથી રસોઈ રાખો. સંતો, હરિભક્તોને ખૂબ જમાડો."

મહારાજ તેમનો ભાવ જોઈ પ્રસન્ન થયા. પછી કહ્યું : "મોતૈયા લાડુ બનાવરાવો. લખુ કંદોઈ કહે તેટલો સામાન તેમને અત્યારે જ પહોંચતો કરો."

તે આજ્ઞા લઈને કાશીદાસ મુખી લખુ કંદોઈ પાસે ગયા. તેમણે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે મોતૈયા લાડુ માટેની સામગ્રી તેમણે તેમને ઘેર પહોંચાડી દીધી.

લખુ કંદોઈએ સીધાની સામગ્રી અડધી જ વાપરી

બીજે દિવસે જમવાનો સમય થયો ત્યારે લખુ કંદોઈ મોતૈયા લાડુની ચોકીઓ લઈ આવ્યા. તે જોઈ કાશીદાસને લાગ્યું કે મેં જે પ્રમાણે સીધાની સામગ્રી આપી હતી તે પ્રમાણે લાડુ બનાવ્યા નથી. અર્ધા ઓછા છે. પહેલી જ પંક્તિમાં ખૂટશે. સંતોને પણ તેમ લાગ્યું. એટલે તેઓ તરત જ પૂરીઓ બનાવવા લાગ્યા.

કાશીદાસ મહારાજ પાસે ગયા અને મહારાજને વાત કરી : "મહારાજ ! લખુ કંદોઈને તો મેં પૂરતો સામાન આપ્યો હતો પણ તેણે તેમાંથી અર્ધો જ સામાન વાપર્યો લાગે છે. લાડુ પહેલી પંક્તિમાં ખૂટશે. મારે તો બધા જ સંતો, હરિભક્તોને આપ આજે સારી રીતે જમાડી તૃપ્ત કરો એવી ઇચ્છા હતી."

તેમને દિલગીર થયેલા જોઈ મહારાજે કહ્યું : "કાશીદાસ, ઉદાસ ન થશો. ચાલો અમે આવીએ છીએ." એમ કહી મહારાજ ભંડારમાં ગયા અને લાડુ ભરેલી ચોકીઓ જોઈ. તેમને પણ લાગ્યું કે લખુ કંદોઈએ સીધાની સામગ્રી તેને આપી હતી તે મુજબ વાપરી નથી. લાડુ ઓછા જણાય છે. પણ હવે તેનો ઉહાપોહ કરવો નહીં.

મહારાજે કાશીદાસને કહ્યું : "મોટા ! તમારો મનોરથ પૂરો થશે. આ તો ઘણો માલ છે. સૌને સારી રીતે જમાડશું." પછી મહારાજે સંતોને કહ્યું : "આ ચોકીઓ ઉપર લૂગડાં ઢાંકી ઘો. ઠાકોરજી પધરાવો અને ઘીનો દીવો કરો. અમને ચોકીમાંથી લાડુ કાઢી આપજો, અમે પીરસીશું."

લાડુ એક લ્યો તો મૂકું શિર હાથ

મહારાજે સંતોની, હરિભક્તોની પંક્તિ કરાવી. થાળમાં સંતે લાડુ લીધા. મહારાજ તેમાંથી લાડુ લઈને પંક્તિમાં ફરવા લાગ્યા. એક એક હાથમાં બબ્બે લાડુ લઈને સંતોના પત્તરમાં મહારાજ પીરસવા લાગ્યા. દરેક સંતના પત્તરમાં ચાર-ચાર લાડુ પહેલા જ પીરસ્યા. આ જોઈ કાશીદાસને થયું હવે તો અર્ધી પંક્તિએ જ લાડુ ખૂટશે.

સંતોએ જમવાની શરૂઆત કરી એટલે મહારાજ ફરી પીરસવા પધાર્યા. બીજા બબ્બે લાડુ દરેક સંતના પત્તરમાં પીરસ્યા. ફરી ત્રીજી વખત પધાર્યા અને દરેક સંતના પત્તરમાં એક એક લાડુ મૂક્યો. હરિભક્તોને પણ એ જ રીતે પીરસાવ્યું. પછી ફરી ચોથી વાર પંક્તિમાં ફર્યા અને સંતોને કહ્યું : "સંતો, એક એક લાડુ જો લ્યો તો છાતીમાં ચરણારવિંદ આપું, માથે હાથ મૂકું. છેવટે અર્ધો લ્યો, આ મહાપ્રસાદ ફરી નહીં મળે."[૧૨૭] એમ કહી મહારાજ બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા. તેમને કહ્યું : "સ્વામી ! અર્ધો લાડુ તો લ્યો, બે હાથ માથે મૂકીશ."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "મહારાજ ! આપની કોમળ આંગળીને લાડુ ભાંગવાનો શ્રમ પડે તે કરતાં તો ઉચિત છે કે આપ આખો જ લાડુ મારા પત્તરમાં મૂકી ઘો અને છાતીમાં ચરણારવિંદ આપો તથા માથે બે હાથ પણ મૂકો."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તેમના પત્તરમાં આખો લાડુ મૂકી દીધો. પછી પૂછ્યું : "સ્વામી ! ચરણારવિંદ પણ જોઈએ અને માથે હાથ

---

૧૨૭. *આખો લાડુ કોઈ ન લિયે જ્યારે, અર્ધો લાડુ લ્યો એમ કહે ત્યારે. ૩૬*
મૂઠીમાં દાબી કહે રસિયો, મહારાજો મહાપ્રસાદ લિયો.
બહુ ધરવીને બોલે તે નાથ, લાડુ એક લ્યો તો મૂકું શિર હાથ. ૩૭

— કવિ રાઘવદાસ

કવિ રાઘવદાસ જોગીદાસ ખુમાણની આંબરડી ગામના હતા. મહારાજના સમકાલીન હતા અને પરમ ભક્તરાજ હતા.

મૂકવાનું બંને કેમ બને ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "આપે જ કહ્યું હતું કે એક લાડુ લ્યો તો ચરણારવિંદ આપીશ અને અર્ધો લેશો તો માથે હાથ મૂકીશ. એટલે મેં એક લાડુ તો લીધો અને તમારે અડધો લાડુ આપવાની ઇચ્છા હતી તે વચન પાછું ઠેલ્યું નહીં. એટલે હું બંનેનો અધિકારી થયો છું."

મહારાજ રાજી થયા. તેમને માથે બે હાથ મૂક્યા અને કહ્યું : "જમીને આવો એટલે ચરણારવિંદ પણ આપીશું."

સૌ સંતોને સારી રીતે પીરસીને મહારાજ હાથ ધોઈ કાશીદાસ પાસે આવ્યા. તેમને કહ્યું : "મોટા ! રાજી થયા ને ?"

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપે બહુ કૃપા કરી. મારા મનોરથ પૂરા કર્યા."

મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા. કાશીદાસ ભંડારમાં ગયા. સૌ જમી રહ્યા હતા. એટલે સંતોએ ચોકીઓ ઉપરથી ઢાંકેલાં વસ્ત્રો લઈ લીધાં. તેમણે જોયું તો બધી જ ચોકીઓ ચિક્કાર ભરેલી હતી. મહારાજને સંતોએ આ વાત કરી. મહારાજે કહ્યું : "દાદાના દરબારમાં અને મોટી ડેલીએ લાડુ મોકલાવો. ગામમાં પણ ઘેરઘેર પીરસણાં મોકલાવો અને કાશીદાસને પણ ભેગા બંધાવજો એટલે બોચાસણમાં સૌ પ્રસાદ જમે. અમારાં ચરણથી અંકિત થયેલી બોચાસણની ભૂમિ બહુ પવિત્ર છે. બહુ મોટું તીર્થ છે. ત્યારે તો ત્યાં આ કાશીદાસ જેવા મુક્તે જન્મ લીધો."

✧

મહારાજે હરિનવમી ઉપર આવેલા સંતો, હરિભક્તોને ચૈત્રી પૂર્ણિમા સુધી રોક્યા. ચૈત્રી પૂનમનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

આ ઉત્સવ પછી દેશદેશથી આવેલા સંતો, હરિભક્તોને મહારાજે વિદાય આપી. વિદાય લેતા હરિભક્તોએ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ ગુજરાતમાં ક્યારે પધારશો ?"

ત્યારે મહારાજે કહ્યું : "પ્રબોધિની ઉત્સવ અમે વરતાલમાં કરીશું. ત્યાં સુધી અહીં જ રોકાઈશું."

ગઢપુરના હરિભક્તો મહારાજની આ અસીમ કૃપાથી રાજી રાજી થઈ ગયા ! તેમના મુખ ઉપરના ભાવ જાણે શરીરના પંચકોશના વિકાસની સંપૂર્ણ અભિવ્યક્તિ બતાવતા હતા. મહારાજને પણ તેમને રાજી કરવા હતા.

આ પ્રત્યક્ષ પુરુષોત્તમ સર્વોપરી છે

નૃસિંહ ચૌદશ આવી. મહારાજ તૈયાર થઈ રહેલા ગોપીનાથજીના મંદિરમાં બિરાજ્યા. સર્વે સંતો અને હરિભક્તો પણ મહારાજની સન્મુખ સભાના રૂપમાં ગોઠવાઈ ગયા હતા. સભામાં મહારાજે સાંખ્યની વાત કરી અને પછી ભગવાનના દિવ્ય સ્વરૂપની વાત સમજાવતાં પોતાના પુરુષોત્તમપણા પર પ્રકાશ ફેંક્યો : "સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોનાં કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઇષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કોઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."[૧૨૮]

મહારાજની પરભાવની આ વાત સાંભળી સૌ આનંદવિભોર બની ગયા. પછી મહારાજે શાશ્વત સુખ માટે ભગવાનના ધારક એકાંતિક સંત સાથે જીવને જડી દેવાની અને એમની આજ્ઞામાં મન-કર્મ-વચને વર્તવાની શીખ આપી.

ભીમ એકાદશીનો સમૈયો પણ મહારાજે ગઢડામાં કર્યો.

✧ ✧ ✧

આષાઢી સંવત ૧૮૮૬નું વર્ષ બેઠું. મહારાજે વદ દશમીના પોતાના અવતરણના હેતુની સારરૂપ, આત્મા-પરમાત્માનો વેગ લગાડી દઈ આત્યંતિક મોક્ષપદવી પ્રાપ્ત કરવાની વાત કરી.[૧૨૯] મહારાજનો આ અંતિમ આદેશ હતો. અનંત જીવોના મૂળ અજ્ઞાનનો નાશ કરી, એમને જે પરમપદ આપવા માટે શ્રીજીમહારાજ સ્વતંત્રપણે આ બ્રહ્માંડમાં પધાર્યા હતા, તે હેતુની સિદ્ધિ માટેનો

૧૨૮. વચનામૃત ગઢડા અંત્ય-૩૮મું.

૧૨૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનું ૩૯મું. આ દિવસે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામીએ સંગ્રહિત કરેલાં શ્રીજીમહારાજની પરાવાણીનાં વચનામૃતો સમાપ્ત થયાં.

આ આત્યંતિક ઉપાય હતો.

આસનથી મોટપ નથી

સંવત ૧૮૮૬ના શ્રાવણ માસમાં કૃષ્ણ જયંતીના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામી ગઢડા ગયા. બરોબર શ્રાવણ સુદ ૧૫ના દિવસે સ્વામી ગઢપુર પહોંચ્યા અને સીધા મહારાજનાં દર્શને અક્ષર ઓરડીએ ગયા. અહીં મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા. તે વખતે શુકમુનિ મહારાજ પાસે બેઠા હતા અને પત્ર લખતા હતા. સ્વામી હવે જૂનાગઢના મહંત હતા, એટલે તેમને બેસવા માટે શુકમુનિ ઊભા થઈને આસન શોધવા લાગ્યા. એટલે મહારાજે તેમને પૂછ્યું : "શું ખોળો છો ?"

ત્યારે શુક સ્વામીએ કહ્યું : "આ જૂનાગઢના મહંત માટે આસન શોધું છું."

તે સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા : "આસનની એમને જરૂર નથી. એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. એ તો જેમ અમારી મોટપ અનાદિની છે, તેમ એમની મોટપ પણ અનાદિની છે. શાસ્ત્રમાં ચોથો ભેદ બ્રહ્મનો કહ્યો છે, તે જ અનાદિ બ્રહ્મ આ સ્વામી છે. માટે તેમની મોટપ પણ અનાદિની જ છે. આસનથી જેણે મોટપ માની હોય તે મોટપ તો ચલિત છે, એટલે ટળી પણ જાય. વળી, જે સાધન દશાવાળા હોય, તે જ તેવી મોટપને ઇચ્છે. જ્યારે આ તો અનાદિ સિદ્ધ, શુદ્ધ, ચૈતન્ય બ્રહ્મ છે, જેને સદા જીવ, ઈશ્વર અને માયા આધીન રહે છે."

અનાદિ બ્રહ્મ સ્વામી શ્રી ગુણાતીતાનંદજીનો આવો મહિમા શ્રીજીમહારાજના શ્રીમુખે સાંભળી શુકમુનિ તો સ્તબ્ધ બની ગયા.

પરંતુ હજુ જાણે અધૂરું હોય તેમ શ્રીજીમહારાજ ફરી કહેવા લાગ્યા : "શુકમુનિ ! તમને હું શું કહું ? આ સ્વામી જે અક્ષરબ્રહ્મનો અવતાર છે તેમને અમારી સાથે એકતા છે અને છતાં સેવ્યભાવ પણ છે. અમારી મરજી પ્રમાણે જ તે બોલે છે. સદા અમારા ધ્યાનમાં જ મગ્ન રહે છે. જગતનો ગંધ લેશમાત્ર જેમનામાં નથી એવા આ સ્વામી દ્વારા જ અમે અમારું સર્વ કાર્ય કરીએ છીએ. તેનો મહિમા તો કો'ક જ જાણી શકે." એટલું કહીને મહારાજ અટક્યા, પણ જાણે હજુ કાંઈક અધૂરું હોય તેમ ફરી બોલ્યા : "શુક સ્વામી ! પ્રકૃતિ-પુરુષ સુધીના લોકની મોટપ તો આવે અને ટળી જાય તેવી છે. એ તો માયિક મોટપ છે. કલુષિત અને અંતે બંધનકારી છે. માટે જ્યારે આ અક્ષરના સંબંધે અક્ષર

થશો, ત્યારે અમારો મહિમા જેવો છે તેવો સમજાશે. એક અક્ષર જ અમારો મહિમા યથાર્થ જાણે છે. અમારો મહિમા તો શાસ્ત્રમાં લખી શકાય તેવો નથી તેમજ મુખેથી કહી શકાય તેવો પણ નથી. અમારા અતિ અપાર મહિમાના દિવ્ય શબ્દો આ સ્વામી થકી સાંભળી, મોટા મોટા પંડિતો પણ અંતરમાં ઊંડા ઊતરી ગયા છે."

આ બધું સાંભળી શુકમુનિને સ્વામીની મોટાઈ અંતરમાં સમજાણી.

✧

જન્માષ્ટમી ઉત્સવ પ્રસંગે હજારો હરિભક્તો આવ્યા. ગઢપુરના મંદિરનું કાર્ય હજી ચાલુ જ હતું. સૌ સંતો-હરિભક્તો સેવામાં જોડાઈ ગયા હતા.

મહારાજને ગઢપુરમાં રહીને મંદિરનું બાકીનું કામ પૂરું કરાવવું હતું. નાણાંની વારંવાર મુશ્કેલીઓ પડતી. દાદાખાચરનું તો સર્વસ્વ આ મંદિરમાં હોમાઈ ગયું હતું. તેથી તેમને તો કાંઈ કહેવાનું રહ્યું જ ન હતું. એટલે તેવી જરૂરિયાતના પ્રસંગે જો મહારાજ ગઢપુરમાં હોય તો કોઈની પણ પાસેથી નાણાં મળી શકે.

આ દાદાનું અમે જ એક જીવન છીએ

વળી, કેવળ મંદિરનું કામકાજ પૂરું કરવાનો જ એક પ્રશ્ન ન હતો. ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી હતી, તેથી તેમના માટે પાકા થાળનો પણ કાયમી બંદોબસ્ત કરવાનો હતો. આ માટે જો મંદિરના નામે જમીન હોય, તો તેની આવકમાંથી મંદિરનો નિભાવ થઈ શકે. મહારાજ આ વિચારમાં પણ હતા.

એક દિવસ મહારાજ દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. તેમની સન્મુખ સંતો તથા હરિભક્તો બેઠા હતા. તે વખતે મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! આપણે અહીં મંદિર કર્યું અને મૂર્તિઓ પધરાવી. પરંતુ ઠાકોરજીને રોજ પાકા થાળ જમાડવાના હોય છે. તેથી તે માટે કાયમી આવક થાય તેવી જમીન ઠાકોરજીને અર્પણ કરો, તો અમારી ચિંતા મટે."

દાદાખાચર આ સાંભળી એકદમ મહારાજના પગમાં પડી ગયા. તેમણે એ જ સ્થિતિમાં મહારાજને કહ્યું : "મહારાજ ! અમારું જે કાંઈ છે તે બધું આપનું જ છે. અમારે તો ફક્ત આપ જ છો એટલે આપને પૂછવાનું ન હોય.

આપને જે જમીન આ મંદિર માટે જોઈતી હોય, તે આપ કહો એટલે તરત જ તેનો દસ્તાવેજ હું કરી આપું."

મહારાજને પળે પળે દાદાખાચરના સ્વાર્પણનું, ભક્તિનું દર્શન પોતાના સંતો, હરિભક્તોને કરાવવું હતું. સૌને લાગ્યું કે રંતિદેવની તો ફક્ત થોડા જ દિવસ ભગવાને પરીક્ષા કરી હતી, પણ દાદાખાચરની અને તેમના પરિવારની તો પચ્ચીસ વર્ષથી મહારાજ સતત પરીક્ષા કરી રહ્યા હતા. તેમને આકરી કસોટીમાં મૂક્યા, સંજોગો વિષમ બતાવ્યા, અન્નને અને દાંતને વેર થાય એવી પરિસ્થિતિ પણ તેમણે સર્જી. પરંતુ દાદાખાચરનો અને તેમની બહેનોનો, અરે સમગ્ર પરિવારનો, મહારાજ પ્રત્યેનો ભાવ અતૂટ રહ્યો. તેમના રૂંવાડે રૂંવાડે મહારાજ પ્રત્યેની ભક્તિના દીપ પ્રકાશતા હતા. તેમને ફક્ત તેનો જ આનંદ હતો. મહારાજ દાદાખાચર સામું સ્થિર દૃષ્ટિથી જોઈ રહ્યા. તેમની આંખમાં આંસુ આવી ગયાં. તેમને થયું કે આ દાદાનું અમે જ એક જીવન છીએ. અમે નહીં હોઈએ ત્યારે તેમનું શું થશે ?

મહારાજે તેમને ઊભા કર્યા. પછી કહ્યું : "દાદા ! તમારું જે કાંઈ છે તે અમે અમારું જ માન્યું છે. કારણ, તમે અમને તમારું સર્વસ્વ અર્પણ કરી દીધું છે. તમારું કાંઈ જ રાખ્યું નથી. છતાં લોક વ્યવહારે પૂછવું પડે." એમ કહી મહારાજે કહ્યું : "દાદા ! સોમબાઈની વોંકળી અને પીપળના માર્ગ વચ્ચે ચારેકોરે થોરની વાડ છે. તેની અંદરની ઓરિયાની જે જમીન છે તે તમે ગોપીનાથ દેવને અર્પણ કરો."

દાદાખાચરે કહ્યું : "ભલે મહારાજ ! આપ કહેશો ત્યારે લેખ કરી દઈશ."

પછી મહારાજે કહ્યું : "પણ મોટીબા તથા લલિતાને પૂછી જુઓ. પછી લેખ કરવાનું કરીશું."

મોટીબા દૂર જ બેઠાં હતાં. તેમણે તરત જ કહેવરાવ્યું : "મહારાજ ! એમાં અમને શું પૂછવાનું હોય ? આપની આપેલી જમીન છે તે જ અમે અર્પણ કરીએ છીએ." મહારાજ આ સાંભળી રહ્યા.

જળઝીલણી ઉત્સવ : આ.સં. ૧૮૮૬

બીજે દિવસે જળઝીલણી એકાદશી હતી. મહારાજે જરિયાની વસ્ત્રો ધારણ કર્યાં. માણકી ઉપર અસવાર થયા. ઠાકોરજીની ચલ મૂર્તિને પાલખીમાં પધરાવી અને સંતો, હરિભક્તો તથા હથિયારબદ્ધ પાર્ષદો સાથે મહારાજ ઉન્મત્ત

ગંગામાં ઠાકોરજીને જળ ઝિલાવવા માટે નીકળ્યા. આગળ ઢોલ, શરણાઈ, ત્રાંસાં વગેરે વાગતાં હતાં. ઉગમણી દિશાએ ખોપાળાના ઝાંપે થઈને મહારાજ નીકળ્યા અને જે જગ્યાએ ઇચ્છારામભાઈને અગ્નિસંસ્કાર કર્યો હતો, ત્યાં આવીને પોતે માણકી ઉપરથી ઊતર્યા. ઠાકોરજીની પાલખી પણ ત્યાં ઊતરાવી.

અહીં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને પાણીના તરંગો ઉપર સારી પેઠે ઝુલાવી અને સ્નાન કરાવ્યું. ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બ્રહ્મચારીને આપી. બ્રહ્મચારીએ મૂર્તિને લૂછી, વસ્ત્રો પહેરાવી પાલખીમાં પધરાવી. તે વખતે ત્યાં દાદાખાચરે હોડી તૈયાર રાખી હતી. તેમાં મહારાજ બિરાજમાન થયા અને નદીમાં પાંચ આંટા ફર્યા. તે પછી એકાએક જરિયાન વસ્ત્રો સાથે જ મહારાજ હોડીમાંથી ધૂબકો મારી ઉન્મત્ત ગંગાના નીરમાં પડ્યા. સૌ સંતો, હરિભક્તો મહારાજની આ લીલા જોઈ રહ્યા ! આનંદમાં આવીને 'સહજાનંદ સ્વામીની જય' બોલાવી. મહારાજ પણ થોડી વાર સુધી પાણીમાં રહ્યા. પછી તાળીઓ પાડીને નારાયણ ધૂન્ય બોલવાની શરૂઆત કરી. જાણે મેઘાડંબર ગાજતો હોય તેવો નારાયણ ધૂન્યનો પ્રચંડ અવાજ થવા લાગ્યો, ભાદરવાનો તાપ શીતળ થઈ ગયો. વાયુ પણ પુષ્પો અને ફળની તથા પૃથ્વીની માદક સુગંધ પ્રસારવા લાગ્યો.

તાળીઓના ગડગડાટથી મેઘ પણ આકર્ષાયો. થોડી વારમાં વાદળાં ફેલાઈ ગયાં, ધીમો ધીમો વરસાદ પડવા લાગ્યો. મહારાજ જળમાંથી બહાર નીકળ્યા. બ્રહ્મચારીએ તરત જ મહારાજનાં ભીનાં વસ્ત્રો કાઢી નાંખ્યાં, શરીર લૂછ્યું અને કોરાં સફેદ વસ્ત્રો મહારાજને પહેરવા આપ્યાં. મહારાજને આ જોઈ આશ્ચર્ય થયું. તેમણે કહ્યું : "તમે વસ્ત્રો સાથે લાવ્યા હતા ?"

બ્રહ્મચારીએ તરત જ કહ્યું : "હા, હું તો જાણું જ કે ઉન્મત્ત ગંગાને આપ વિશેષ ને વિશેષ પ્રસાદીભૂત કરવા સ્નાન કરશો જ. એટલે કોરાં વસ્ત્રો સાથે જ રાખું છું."

બ્રહ્મચારી મહારાજની રુચિના જાણકાર હતા. મહારાજ પ્રત્યેની અસીમ ભક્તિનો સ્રોત્ર તેમના અંતરમાંથી પ્રસંગે પ્રસંગે આ રીતે વહેતો. મહારાજ પણ પોતાના સ્વરૂપમાં બ્રહ્મચારીના આવા દિવ્યભાવથી તેમના ઉપર સદા પ્રસન્ન રહેતા.

મહારાજે ઝીણા પોતનું સુંદર ધોતિયું પહેર્યું. મસ્તક ઉપર પાઘ બાંધી અને શ્વેત ચાદર ઓઢી. તે વખતે મુક્તાનંદ સ્વામીએ મહારાજને મોગરાનો સુંદર હાર પહેરાવ્યો. એટલામાં મહારાજની નજર બ્રહ્મચારી ઉપર પડી. તે

મહારાજનાં જરિયાન વસ્ત્રો પોતાની સાથે રાખેલ માટલામાં મૂકતા. મહારાજે તે જોઈ તેમને કહ્યું : "બ્રહ્મચારી ! એ વસ્ત્રો દાદાખાચરને અર્પણ કરી દીધાં છે, માટે દરબારમાં જઈને મોટીબાને આપી દેજો."

બ્રહ્મચારીએ કહ્યું : "ભલે મહારાજ !"

મહારાજ ફરી ત્યાં બિરાજ્યા. વરસાદ બંધ થઈ ગયો હતો. તે સમયે મુક્તાનંદ સ્વામીએ 'છાંડી કે શ્રીકૃષ્ણદેવ ! ઓર કી જો કરું સેવ, કાટી ડારો કર મેરો, તીખી તલવાર સે...' એ પદ ગાયું. તે સાંભળી મહારાજ ઘણા જ પ્રસન્ન થયા અને કહ્યું : "પોતાના ઈષ્ટદેવ પ્રત્યે આવી પતિવ્રતાની ભક્તિ જો હોય તો જ તે ભક્તિનું ફળ મળે છે. સર્વ અવતારો, દેવો તે બધા જ આ ભગવાનનાં વિભૂતિ સ્વરૂપો છે, એટલે તે સર્વ નમસ્કાર કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય છે; પરંતુ ઉપાસના કરવા યોગ્ય તો તમને જે પ્રત્યક્ષ સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે તે જ છે."

મહારાજના આ શબ્દોમાં પોતાની જ ઉપાસના કરાવવાનો ભાવ હતો. પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય છે. તેમના વિભૂતિ સ્વરૂપ અવતારો, વિભૂતિઓ અસંખ્ય હોય છે; પરંતુ આત્યંતિક કલ્યાણનું સાધન તો પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણની ઉપાસના અને ભક્તિ એ જ છે !

એકાએક ત્યાં ચંદનનો વરસાદ થયો. કાંઠે ઊભેલા હજારો હરિભક્તોએ આ જોયું. સૌને લાગ્યું કે અંતરિક્ષમાં દેવો પણ મહારાજનાં દર્શન કરવા આવ્યા હશે, તેથી તેઓ સૌ ચંદનથી મહારાજની પૂજા કરી રહ્યા છે. મહારાજે સૌને કહ્યું : "તમો બધા ઠાકોરજીની પાલખી લઈને દરબારમાં જાઓ."

તે સાંભળી હરિભક્તોએ મહારાજને પ્રાર્થના કરી : "મહારાજ ! અમારે ઠાકોરજીની અમારે ઘેર પધરામણી કરાવવી છે."

મહારાજ તે સાંભળી રાજી થયા અને કહ્યું : "ભલે, તો પધરામણી કરાવીને પછી દરબારમાં ઠાકોરજીને લઈ જજો." મહારાજની આજ્ઞા થઈ તેથી ઠાકોરજીને હરિભક્તોને ઘેર પધરામણી કરાવવા લઈ ગયા.

મહારાજ તથા દાદાખાચર બે જ ત્યાં રહ્યા. મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! એભલખાચરે તારું કાંડું અમારા હાથમાં સોંપ્યું છે. તે માટે તું મારો પુત્ર છો અને અમે તારા પિતા છીએ. જે જમીન તેં, તારા પરિવારે, ઠાકોરજીના થાળમાં અર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે તે જમીનમાં આજે પગલાં કરીએ. પછી તેનો પાકો લેખ કરાવી તુલસી સહિત ઠાકોરજીને અર્પણ કરી દેજે."

દાદાખાચરે તે આજ્ઞા શિરે ચડાવી.

મહારાજે માણકી ઉપર સવારી કરી. દાદાખાચરે પણ પોતાના ઘોડા ઉપર સવારી કરી. બંને ત્યાંથી ચાલ્યા. પ્રથમ ઘેલાને કાંઠેથી પીપળને માર્ગે આવ્યા. સોમબાઈની વોંકળી સુધી અને પછી વોંકળીથી ઉત્તરાદા ચાલ્યા. ત્યાંથી વોંકળીને કાંઠે આથમણા ચાલ્યા. પછી જે જગ્યાએ પ્રથમ ઊભા હતા ત્યાં આવ્યા. અહીં આવી મહારાજ માણકી ઉપરથી ઊતર્યા, દાદાખાચર પણ પોતાના ઘોડા ઉપરથી ઊતર્યા અને ઉઘાડે પગે જમીનમાં ચાલ્યા.

એટલામાં પૂંજા શેઠ ત્યાં આવી ગયા. તેમણે મહારાજને પગલે પગલે ચાલીને દિવ્ય ચરણરજ લઈ તેની ફાંટ બાંધી દીધી. મહારાજ આ જોઈ હસ્યા. ત્યારબાદ મહારાજ તથા દાદાખાચર સીધા તે જમીનની વચ્ચે અરધ આથમણી અને અરધ ઉગમણી નજર રાખી પછી ઉત્તર મુખે ચાલ્યા અને હાલ જ્યાં ભક્તિબાગનો કૂવો છે ત્યાં આવ્યા.

ત્યારબાદ મહારાજ, દાદાખાચર, પૂંજા શેઠ વગેરે દક્ષિણાદિ દિશામાં જ્યાં ચડાણ હતું ત્યાં એક ખોરડું કર્યું હતું, ત્યાં આવી બિરાજ્યા. થોડી વાર ત્યાં બેસીને મહારાજે ત્રણેને કહ્યું : "તમે અહીં બેસો. અમે હમણાં આવીએ છીએ." એટલું કહી મહારાજે માણકી ઉપર સવારી કરી અને દાદાખાચરે અર્પણ કરેલી જમીનમાં પંદર આંટા ઘોડી ઉપર બેસીને માર્યા.

દાદાખાચર આ જોઈ રહ્યા. તેમને લાગ્યું કે આજે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ વરસવા જ બેઠા છે. તેમને વરસવા દ્યો. મારા જીવનની બીજી ધન્ય પળ આથી કઈ વિશેષ હોઈ શકે ?

થોડી વારે મહારાજ તે ખોરડા પાસે આવ્યા. ત્યાં પૂંજા શેઠે ખાટલો ઢાળી દીધો. તે ઉપર પોતાનો ખેસ પાથર્યો. મહારાજ તે ઉપર બિરાજ્યા. દાદાખાચર, રઘુવીરજી મહારાજ અને પૂંજા શેઠ મહારાજની સન્મુખ બેસી ગયા.

તું મારો ખરો પુત્ર છો

મહારાજે દાદાખાચર સામું જોઈને કહ્યું : "આ જમીન તમે દેવને અર્પણ કરી તેનું મહામોટું પુણ્ય થયું છે અને તેથી જ તમે છતી દેહે અક્ષરરૂપ થઈ ગયા છો. એભલખાચરનો સંકલ્પ આજે પૂરો થયો." એટલું કહી મહારાજ ખાટલા ઉપરથી ઊઠ્યા અને દાદાખાચરને ઊભા કરી, બે હાથમાં લઈ, છાતી સાથે છાતી અડાડી, બાથમાં લઈને પ્રેમથી ભેટ્યા. પછી તેમની છાતીમાં પોતાના

ચરણારવિંદ આપ્યા અને વાંસો ઠબકારી કહ્યું : "દાદા ! તું મારો ખરો પુત્ર છે !" આ દિવ્ય સુખના અનુભવથી દાદાખાચર વિહ્વળ બની ગયા ! તેમને લાગ્યું કે અનંત બ્રહ્માંડની કદાચ સંપત્તિ મળે તોપણ પૂર્ણ પુરુષોત્તમ-નારાયણની આ પ્રસન્નતા પાસે તો તે તણખલા તુલ્ય છે. તેમનું જીવતર તેમને આજે અતિ ધન્ય બની ગયું લાગ્યું !

મહારાજ પછી ત્યાંથી માણકી ઉપર બિરાજી દાદાખાચર તથા પૂંજા શેઠ સાથે દરબારમાં પધાર્યા.

બીજે દિવસે દાદાખાચરે તે જમીનનો પાકો દસ્તાવેજ કરાવી, તેમાં પોતાના સમગ્ર પરિવારની સહી કરાવી, તે ઉપર તુલસીપત્ર મૂકી, મહારાજની સન્મુખ ઠાકોરજીને તે લેખ અર્પણ કર્યો.

મહારાજ ઉદાસ જણાય છે

થોડા દિવસો વીત્યા અને મહારાજ કાંઈક ઉદાસ જણાવા લાગ્યા. સખાઓના આનંદ-પ્રમોદના પ્રસંગોમાં પહેલા મહારાજ છૂટે મોઢે હસતા, તે હાસ્ય હવે વિલાઈ ગયું હોય તેવું દેખાતું હતું. સખાઓને મહારાજના સ્વભાવમાં થયેલો ફેરફાર સમજાતો ન હતો. મહારાજ પણ વિચારતા કે ગઢપુર મારું પ્રિય સ્થાન, ત્યાં મેં આ છેલ્લું મંદિર કર્યું. પંચાળામાં કરેલા બધા જ સંકલ્પો પૂરા થયા. હવે ફક્ત અમારા સર્વાવતારી સ્વરૂપની દૃઢ નિષ્ઠા અને અમારા અનાદિ અક્ષરધામની યથાર્થ ઓળખાણ અને એ ધામરૂપ થઈને અમારી ઉપાસના પ્રવર્તનનું કાર્ય બાકી રહ્યું છે. પરંતુ કાળને હવે થંભાવવો ન હતો. માનવીનું મન નાનું અને આ સર્વોપરી સ્વરૂપની ઉપાસનાની વાત મોટી ! તે તેના પેટમાં કેમેય કરીને અત્યારે તો સમાશે નહીં. સમય આવશે ત્યારે તે કામ મારે જ મારાં અન્ય સ્વરૂપ દ્વારા કરવું પડશે.

મહારાજ વિચારમાં પડી ગયા હતા. તે વિચારના વમળમાં વધુ વિચારો આવવા લાગ્યા. તેમણે વિચાર્યું કે સમય આવવાની હવે રાહ જોવી નથી. મારું ધામ સાક્ષાત્ ગુણાતીતાનંદ સ્વામી, તે તેના માટેની ભૂમિકા બાંધશે. ત્યારપછી આ કાર્ય સરળ થઈ જશે. અત્યાર સુધી આટલી વાતો, ઉપદેશ અને જ્ઞાનની ઝડીઓ વરસાવ્યા છતાં પણ મનુષ્યના હૈયામાં શાસ્ત્રોના શબ્દોના જે પાશ પડી ગયા છે તે અત્યારે પૂરેપૂરા ઓગળશે નહીં અને ત્યાં સુધી આ વાત પણ પ્રસરશે નહીં. એ સર્વોપરી સ્વરૂપના જ્ઞાનનો ધોધ અત્યારે છૂટો મૂકીશ તોપણ

કોઈથી તે જીરવાશે નહીં. એટલે બહુજન સમાજ માટે અત્યાર સુધી જે કાર્ય થયું છે તેનાથી ભાગવત ધર્મનાં બી વવાઈ ગયાં છે. વચનામૃતમાં અમારા સર્વોપરી સ્વરૂપના અને અમારા ધામના મહિમાના શબ્દો અમે વણી લીધા છે. આથી આ વટવૃક્ષ ભવિષ્યમાં ફાલશે, ફૂલશે ત્યારે બ્રહ્મરૂપ થઈને અમારી ભક્તિ કરવી તે પ્રકારના જ્ઞાનથી આત્યંતિક કલ્યાણની વાટ વહેતી થશે. અત્યારે તો ફક્ત અમારા સંબંધથી અને અમારા સ્વરૂપની સર્વોપરી નિષ્ઠાના ભાવથી સૌ આ મુક્તિના અધિકારી બની ગયા છે.

એકાએક મહારાજે તાળી પાડી. એક પાર્ષદ તરત જ આવ્યો. મહારાજે કહ્યું : "નાજા જોગિયાને કહો માણકી તૈયાર કરીને લાવે !"

પાર્ષદ ગયો. થોડી વારે આવીને કહ્યું : "મહારાજ ! માણકી આવી ગઈ છે."

મહારાજ તરત જ ઊઠ્યા. દરબારમાં આવ્યા અને માણકી ઉપર સવારી કરી. બીજા સંતો તથા પાર્ષદો પણ તૈયાર થઈ ગયા. મહારાજે કહ્યું : "સૌ લક્ષ્મીવાડીએ આવો !" એમ કહી મહારાજ પાર્ષદોની સાથે બજારમાં થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. હાલ જ્યાં બળદ બાંધવાની ગમાણ છે તે જગ્યાએ મહારાજ ઘોડી ઉપરથી ઊતર્યા અને પછી ત્યાંથી ચાલીને ઓટા પાસે આવ્યા. પાર્ષદોએ તે ઉપર આસન પાથરી દીધું. મહારાજ તે ઉપર બિરાજ્યા.

રોગ જો પ્રારબ્ધનો હશે તો નહીં મટે

થોડી વારમાં સંતો આવ્યા એટલે મહારાજ ત્યાંથી ઊઠીને થોડે છેટે વાયવ્ય ખૂણામાં એક આંબો હતો તેની નીચે ઉગમણો આથમણો ઢોલિયો ઢળાવી તે ઉપર દક્ષિણાદે મુખે બિરાજમાન થયા. એટલામાં ત્યાં સિદ્ધાનંદ સ્વામી અને સંતોષાનંદ સ્વામી આવ્યા અને મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા. તેમને જોઈ મહારાજે તેમને કહ્યું : "સર્વેશ્વરાનંદ સ્વામીને બોલાવી લાવો !" તેથી સિદ્ધાનંદ સ્વામી તેમને બોલાવવા ગયા. થોડી વારે તે આવ્યા અને દૂર ઊભા રહ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! અહીં ઓરા આવો."

મહારાજની આજ્ઞા થઈ એટલે તે મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમની સામું જોઈ કહ્યું : "સ્વામી ! તમને હવે કેમ રહે છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! હાથનાં અને પગનાં તળિયાં બળે છે અને આંખો પણ બળે છે !"

તે સાંભળી મહારાજે કહ્યું : "તમને પિત્તનો રોગ હોય તેવું જણાય છે.

તમારા કાનો પર સોજા ચડી ગયા છે !" એટલું કહીને થોડી વારે મહારાજે તેમને કહ્યું : "રોગ જો પ્રારબ્ધનો હશે તો તો મટશે નહીં. પરંતુ ક્રિયમાણનો હશે તો મટી જશે."

સર્વેશ્વરાનંદ સ્વામી આ સાંભળી રહ્યા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! તોપણ કાંઈક ઔષધ તો બતાવો. રોગ મટાડવો કે ન મટાડવો તે તો આપના હાથમાં છે. પણ આપનું બતાવેલું ઔષધ જો કરીશ તો થોડી રાહત રહેશે."

એટલે મહારાજે કહ્યું : "નદીમાંથી શેવાળ લાવી હાથ-પગનાં તળિયાં ઉપર રાખો ને નાભિ ઉપર પણ રાખજો, માથા ઉપર શેવાળ રાખી તે ઉપર લૂગડું બાંધી દેજો. આટલું ઔષધ કરશો તો સારું થઈ જશે."

મહારાજે અનહદ કૃપા કરી ઔષધ બતાવ્યું. તેથી સર્વેશ્વરાનંદ સ્વામીને ખૂબ જ શાંતિ થઈ ગઈ !

સેવાનંદ સ્વામીએ મહારાજને જમાડવા માટે બાજરાનો રોટલો, રીંગણાનું ભડથું અને દહીં તૈયાર કર્યાં હતાં. તે લઈને નીલકંઠાનંદ સ્વામી તથા લક્ષ્મી-નારાયણાનંદ સ્વામી આવ્યા અને મહારાજ સન્મુખ ઊભા રહ્યા. મહારાજે તેમને પૂછ્યું : "સ્વામી ! શું લઈ આવ્યા ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! આપને માટે થાળ લાવ્યા છીએ, તો આપ જમવા પધારો."

મહારાજે હસતાં હસતાં પૂછ્યું : "અમારે માટે થાળ લાવ્યા છો પરંતુ આ સંતો અને પાર્ષદોને જમાડવાની કંઈ વ્યવસ્થા કરી છે ? અમે એકલા જમતા નથી !"

તેમણે તરત જ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! દરબારમાંથી રસોઈ આવે છે તે સૌને જમાડશું." મહારાજ આ સાંભળી રાજી થયા.

મહારાજ ઊઠ્યા અને હાથ-પગ ધોઈ જમવા બિરાજ્યા. થાળમાં બાજરાનો રોટલો અને રીંગણાનું ભડથું મૂક્યું અને પછી મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ જમો !"

થાળમાં બાજરાનો રોટલો જોઈ મહારાજે પૂછ્યું : "આ રોટલો કેવી રીતે કર્યો ?"

ત્યારે નીલકંઠાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! સેવાનંદ સ્વામીએ તે કર્યો છે. પ્રથમ રોટલો ઘડીને તાવડીમાં નાંખ્યો. થોડી વારે તેને ફેરવી બીજી

બાજુ ઉપર આંગળી વતી ખાડા કરી તે ઉપર ઘી નાંખીને ઉપર લોઢી ઢાંકી દીધી ને સારી પેઠે ચડવા દીધો, પછી ઉતાર્યો."

મહારાજ રસપૂર્વક તેમની વાત સાંભળતા હતા. પછી તેમણે જમવાની શરૂઆત કરી. રોટલો મીઠો લાગ્યો. એટલે બોલ્યા : "સ્વામી ! રોટલો બહુ સારો થયો છે. આવો તો અમે અત્યાર સુધીમાં ખાધો જ નથી." એમ રોટલાના વખાણ કરતાં કરતાં મહારાજ આખો રોટલો, રીંગણાનું ભડથું અને દહીં જમી ગયા. ત્યાં અશોકાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામી ભાત અને ઘીની વાટકી લઈને આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "શું લાવ્યા ?"

તેમણે કહ્યું : "મહારાજ ! ભાત લાવ્યા છીએ."

મહારાજે હસતાં હસતાં કહ્યું : "લાવો, તે પણ પીરસો."

મહારાજના થાળમાં ભાત પીરસ્યો અને તે ઉપર અશોકાનંદ ઘી રેડતા હતા, પણ મહારાજે ના કહી. છતાં થોડું પડી ગયું. પછી ઘી, ભાત અને ગોરસ મેળાવીને મહારાજ જમ્યા.

મહારાજ જમી રહ્યા એટલે પૂછ્યું : "બીજું વાસણ છે ? હોય તો લાવો. આ સિદ્ધાનંદ સ્વામીને પ્રસાદી આપવી છે."

બીજું વાસણ તો હતું નહીં, તેથી પડિયો લાવ્યા. તેમાં સિદ્ધાનંદ સ્વામી માટે પ્રસાદી આપી. બીજી વધી તે નીલકંઠાનંદ અને સેવાનંદ સ્વામીને આપી. પછી ચળું કરી પોતે ઊઠ્યા. એટલામાં દરબારમાંથી સંતો, પાર્ષદો માટે રસોઈ આવી. મહારાજ તેમને પીરસવા ઊઠતા હતા. પરંતુ સંતોએ કહ્યું : "મહારાજ ! આપ આરામ કરો. અમે જમી લઈશું."

એટલે મહારાજ ઢોલિયામાં પડખાભેર થયા. થોડી વાર આરામ કરી મહારાજ માણકી ઉપર બિરાજી દરબારમાં પધાર્યા.

આપની મૂર્તિનાં દર્શનનું આવું સુખ અખંડ કેમ રહે ?

બીજે દિવસે દાદાખાચરના દરબારમાં આથમણા બારની ઓસરી પાસે ડેલીની બાજુમાં ઓટા ઉપર મહારાજ થાળ જમવા પધાર્યા. જમી રહ્યા પછી ચળું કરીને, જે ઓરડામાં વાસુદેવ નારાયણ પધરાવ્યા હતા ત્યાં ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. પોતાની સન્મુખ સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે વખતે મહારાજ ખુલ્લા શરીરે બેઠા હતા. એટલે નૃસિંહાનંદ સ્વામી

મહારાજની મૂર્તિનાં દર્શનનું સુખ લેતા હતા. તેમણે એકાએક મહારાજને પ્રશ્ન પૂછ્યો : "હે મહારાજ ! આપની મૂર્તિનાં દર્શનનું સુખ આવું ને આવું કેમ રહે ?"

તે સાંભળી મહારાજે કહ્યું : "તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણ એ ત્રણ ગુણ જ્યારે જીવને વિષે હોય છે ત્યારે અંતઃકરણ મલિન થઈ જાય છે. એટલે મૂર્તિનું સુખ અંતરમાં આવતું નથી. એટલું જ નહીં, પણ પરમેશ્વરના સ્વરૂપમાં દિવ્યભાવ ભુલાવી મનુષ્યભાવ પણ લાવી દે છે. તે ગુણો કારણ શરીર સાથે રહે છે. તે કારણ શરીર વજ્રસાર જેવું છે. કોઈ રીતે ટળતું નથી. પરંતુ ભગવાનની મૂર્તિની સ્મૃતિ જો અંતરમાં થઈ જાય તો ધીરે ધીરે ગુણના ભાવ ટળતા જાય અને કારણ શરીરનો પણ અંતે નાશ થાય."

એટલું કહી મહારાજે વાત કરી : "ઇન્દ્રને ચાર બ્રહ્મહત્યાનું[૧૩૦] પાપ લાગ્યું હતું. તે પાપના નિવારણનો તે ઉપાય શોધતો હતો. ત્યાં તેમને નારદજી મળ્યા. તેમણે નારદજીને આ પાપમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય પૂછ્યો. નારદજીએ કહ્યું : 'હું ઉપાય તો તને બતાવીશ પણ તારા માનવામાં તે નહીં આવે.' ત્યારે ઇન્દ્રે કહ્યું : 'મારા સુખનો ઉપાય બતાવો તે કેમ માનવામાં નહીં આવે ? માટે સુખેથી કહો.' એટલે નારદજીએ કહ્યું : 'તારો નાનો ભાઈ વામન

૧૩૦. ઇન્દ્રને ત્રિલોકીનું રાજ્ય મળ્યું. તેના મદમાં તેમણે પોતાના ગુરુ બૃહસ્પતિનું સન્માન ન કર્યું. બૃહસ્પતિ તેથી દેવાગારમાંથી ચાલ્યા ગયા. દાનવોએ જ્યારે જાણ્યું કે દેવો હવે ગુરુના રક્ષણ વગરના થઈ ગયા છે તેથી તેમણે દેવો ઉપર ચડાઈ કરી. દેવો હારવાની અણી ઉપર હતા. પરંતુ ઇન્દ્રને સૂઝ્યું તેથી તેમણે વિશ્વરૂપને ગુરુ કર્યા. તેણે તેને નારાયણ કવચનો પાઠ શીખવાડ્યો. તેથી દેવોની જીત થઈ. પછી ઇન્દ્રે યજ્ઞ કર્યો તેમાં વિશ્વરૂપને મુખ્ય પુરોહિત તરીકે બોલાવ્યા, પરંતુ વિશ્વરૂપની માતા અસુર પક્ષની હતી. તેથી આહુતિ આપતા સમયે વિશ્વરૂપ અસુરોને આહુતિ આપવા લાગ્યા. ઇન્દ્રે આ જોયું. તેથી તેમણે વિશ્વરૂપનાં ત્રણ માથાં હતાં તે કાપી નાંખ્યાં. આથી વિશ્વરૂપનો ભાઈ વૃત્રાસુર ક્રોધે ભરાયો. તેમણે દેવો ઉપર જ ચડાઈ કરી. બંને વચ્ચે તુમુલ યુદ્ધ થયું અને દેવો હારવાની તૈયારીમાં હતા. પરંતુ તેઓ બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માએ દેવોને કહ્યું : "વૃત્રાસુર મહાબળિયો છે. તે કોઈ રીતે જીતાય તેમ નથી. પરંતુ જો દધીચિ ઋષિના અસ્થિ મેળવી તેનું ખડ્‌ગ બનાવો તો તેનાથી વૃત્રાસુરનું મૃત્યુ થશે." ઇન્દ્રે તે પ્રમાણે દધીચિ ઋષિના અસ્થિ મેળવ્યા અને વૃત્રાસુરનો નાશ કર્યો. આથી વિશ્વરૂપનાં ત્રણ મસ્તક અને વૃત્રાસુરનું એક મસ્તક એમ ચાર મસ્તક કાપવાથી ઇન્દ્રને ચાર બ્રહ્મહત્યા લાગી હતી.

છે તેનું તું તારા હૃદયમાં ધ્યાન કર.' આ સાંભળી ઇન્દ્ર હસવા લાગ્યો. તેમણે નારદજીને કહ્યું : 'દેવર્ષિ ! તમે પણ મારી મશ્કરી કરો છો. ધિંગી કેડ્ય અને ટૂંકડા હાથ-પગવાળો આ નાનો બાળક તેની હું સ્મૃતિ કરું અને તેનાથી મારા પાપનું નિવારણ થાય ! મને તે મનાતું નથી.' નારદજીએ કહ્યું : 'તેથી જ મેં તને પહેલેથી જ કહ્યું હતું કે હું કહીશ તોપણ તને તે મનાશે નહીં. હવે તને જે ફાવે તે તું કર.' એટલું કહી નારદજી ત્યાંથી ચાલ્યા ગયા.

"થોડા દિવસ પછી ચારે બ્રહ્મહત્યા ઇન્દ્રની છાતી ઉપર જ ચડી બેઠી. ઇન્દ્ર આથી ભયભીત થઈ ગયો. તેને તે વખતે નારદજીના શબ્દો યાદ આવી ગયા. પોતાના નાના ભાઈ વામનજીની તેણે અંતરમાં સ્મૃતિ કરી અને તરત જ ચારે બ્રહ્મહત્યા ત્યાંથી ભાગી. આથી ઇન્દ્રને નારદજીના શબ્દોમાં વિશ્વાસ આવ્યો અને મનમાં પણ પ્રતીતિ થઈ કે નક્કી વામન એ કોઈક વિભૂતિ છે.

"આ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે કે જો અભ્યાસ કરતાં કરતાં અમારી મૂર્તિ જીવમાં અખંડ રહે તો કારણ શરીર નાશ પામે. તે વિના કોટિ ઉપાય કરે તોપણ કારણ શરીર નાશ પામે નહીં. માટે તમારે જો સુખ જોઈતું હોય, તો જીવમાં અમારી મૂર્તિ ધારવાનો અભ્યાસ રાખો. તે મૂર્તિ ધારતાં ધારતાં જીવમાં જ્યારે તે મૂર્તિ સ્થિર થશે ત્યારે કારણ શરીર ટળી જશે અને અમારી મૂર્તિ અખંડ જીવમાં રહેશે, ત્યારે જ તમને અમારા સ્વરૂપનું અખંડ સુખ આવશે અને ગુણના ભાવથી પર થઈ જવાશે !"

આટલી વાત મહારાજે કહી ત્યારે સભામાં બેઠેલા સર્વે સંતો, હરિભક્તોને થયું કે જો કારણ શરીર ટાળી અક્ષરધામમાં જવું હોય તો મહારાજની જ મૂર્તિનું અંતરમાં ધ્યાન કરી તે સિદ્ધ કરવું જોઈએ. તો જ અંતરમાંથી રજ, તમ અને સત્ત્વગુણના ભાવ ટળશે અને ગુણથી પર થઈ જવાશે.

અન્નકૂટ ઉત્સવની તૈયારીઓ

આસો માસ બેઠો અને દરબારમાં જીવુબા, લાડુબા વગેરે અન્નકૂટની તૈયારીઓ કરવા લાગ્યાં. મહારાજે આ ઉત્સવ અહીં કરીને પછી પ્રબોધિની ઉપર વરતાલ જવાનું નક્કી કર્યું હતું. તેથી ઉત્સવની તૈયારીઓ થવા માંડી.

મહારાજ પણ હવે વિચાર કરવા લાગ્યા કે અત્યાર સુધી અહીં સંતો આવતા, તે મોટેરા સંતો દાદાના દરબારમાં રહેતા અને બીજા સંતો ગમે ત્યાં આસન કરી જડભરતની જેમ રહેતા. સંતોને રહેવા માટે પાકો બંદોબસ્ત

કરવાનું મહારાજે નક્કી કર્યું. તેમણે સંતોને બોલાવીને પૂછ્યું : "સંતો ! તમે સૌ અહીં આવો છો ત્યારે રાત્રે ક્યાં રહો છો ?"

ત્યારે સંતોએ કહ્યું : "મહારાજ ! ઘેલાને કાંઠે અને કેટલીક વખત તેની રેતીમાં પણ સૂઈ રહીએ છીએ. કેટલાક સંતો વાણિયાની હાટે પાટિયા ઉપર સૂઈ રહે છે, કોઈક વળી પીપળાવાડીએ તો કોઈક લક્ષ્મીવાડીએ પણ રાતે સૂવે છે."

તે સાંભળી મહારાજે વિચાર કર્યો કે અત્યાર સુધી તો આવી રીતે સંતોએ ચલાવ્યું, ઘણું કષ્ટ વેઠ્યું, પણ હવે તેમને રહેવા માટે ધર્મશાળા કરાવવી જોઈએ. તેમણે તરત જ દાદાખાચરને બોલાવવા કહ્યું.

સંતો માટે ધર્મશાળાની તૈયારી

દાદાખાચર આવ્યા અને મહારાજને પગે લાગી સન્મુખ બેઠા. મહારાજે તેમને કહ્યું : "દાદા ! આ સંતો અત્યાર સુધી તો ઘેલાને કાંઠે કે રેતીમાં કે ઝાડ નીચે રાત્રે પડ્યા રહેતા. પણ હવે તેમને રહેવા માટે કાયમી બંદોબસ્ત જો થાય તો સારું."

દાદાખાચરે તરત જ કહ્યું : "મહારાજ ! મારા ઉત્તરાદા બારના, ઉગમણા બારના અને આથમણા બારના ઓરડા છે, તે બધામાં સંતો રહે."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમને લાગ્યું કે દાદાખાચરના જીવનનો એક એક પ્રસંગ ભક્તિને ઓપ આપે તેવો છે. તેમણે ધીરે રહીને પૂછ્યું : "પછી તમે બધા ક્યાં રહેશો ?"

એટલે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! અમે અંદરની બીજી જગ્યા છે ત્યાં રહીશું." તે સાંભળી સંતોએ કહ્યું : "મહારાજ ! એ તો ન બને. દાદાખાચરને તેમના મોભા પ્રમાણે રાખવા જોઈએ. વળી, માંયલી જગ્યામાં રહે અને આગળ સંતો રહે તો તેમને પાણી ભરવાની પણ અગવડ પડે."

મહારાજે સંતોની આ વાત સાંભળી કહ્યું : "તમારી વાત પણ વાજબી છે." પછી મહારાજે સંતોને કહ્યું : "તમે સૌ રાત્રે વિચાર કરી રાખજો. આપણે કાલે તેનો નિર્ણય કરીશું."

બીજે દિવસે સવારે મહારાજ નિત્યવિધિથી પરવારી, શ્વેત વસ્ત્રો ધારણ કરી, ચાખડીઓ પહેરી, ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તરત જ સર્વે સંતો મહારાજ પાસે આવી ગયા. મહારાજને પગે લાગી સામે બેઠા. ત્યારે મહારાજે કહ્યું : "પ્રાગજી દવેને

બોલાવો. કથા વંચાવીએ."

એક પાર્ષદ પ્રાગજી દવેને બોલાવી લાવ્યા. પ્રાગજી દવેએ શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધની ચાલતી કથાનો એક અધ્યાય વાંચ્યો, એટલે મહારાજે કથાની સમાપ્તિ કરાવી. પછી સંતોને પૂછ્યું : "તમને કાલે જે વાત કરી હતી તે અંગે શું વિચાર કરીને આવ્યા ?"

ત્યારે સંતોએ કહ્યું : "મહારાજ ! લક્ષ્મીબાગમાં રહેવાનું થાય તો ઠીક પડે."

મહારાજે આ સાંભળી કહ્યું : "માણકી તૈયાર કરાવો. હમણાં જ લક્ષ્મીબાગમાં જઈએ અને ત્યાં જગ્યા જોઈને આજે જ ધર્મશાળાનું મુહૂર્ત કરીએ."

નાજા જોગિયા પાસે માણકી તૈયાર કરાવીને દાદાખાચર લાવ્યા. મહારાજ માણકી ઉપર બિરાજ્યા. દાદાખાચર પણ તેમની ઘોડી ઉપર બેઠા. સંતો ચાલવા લાગ્યા. પાર્ષદો પણ સંતો સાથે નીકળ્યા. અહીં મહારાજ પધાર્યા. થોડી વારે સંતો તથા પાર્ષદો પણ આવી ગયા. અંદરના ભાગમાં જે કૂવો હતો તેની ઉગમણી દિશાએ ખીજડો હતો ત્યાં જઈ સૌ ઊભા રહ્યા.

મહારાજે ધર્મશાળાનું મુહૂર્ત કર્યું

અહીં મહારાજે દાદાખાચરને પૂછ્યું : "અહીં આપણે કઈ જગ્યાએ ધર્મશાળા કરીશું ?"

એટલે દાદાખાચરે કહ્યું : "સંતોની જે જગ્યાએ ધર્મશાળા કરવાની મરજી હોય ત્યાં કરો."

તેથી મહારાજે સંતોને પૂછ્યું. તેમણે કહ્યું : "મહારાજ ! અમને એમાં કાંઈ ખબર પડે નહીં. પરંતુ આ નિત્યાનંદ સ્વામી બધી જ બાબતમાં નિપુણ છે, એટલે તેઓ કહે ત્યાં કરો."

ત્યારે સ્વામીએ જગ્યા બતાવીને કહ્યું : "આ જગ્યાથી દક્ષિણાદિ કોરે જે જગ્યા છે ત્યાં કરીએ."

તે સાંભળી મહારાજે તેમને કહ્યું : "તમે આગળ ચાલો અને જગ્યા બરાબર બતાવો, જેથી પાયો ખોદવાનું નિશાન હમણાં જ કરી લઈએ."

મહારાજની આજ્ઞા થઈ એટલે નિત્યાનંદ સ્વામી આગળ ચાલ્યા. તે આથમણી અને ઉગમણી તરફ હાલમાં જે જૂનો કરો છે[૧૩૧] ત્યાં સુધી ચાલ્યા અને કહ્યું : "અહીં ધર્મશાળા કરવા માટે પાયાનું નિશાન કરો." એમ કહીને

૧૩૧. મહારાજના સ્મૃતિ મંદિર ઉપર જે મંદિર હાલ છે તે જગ્યાથી.

બોલ્યા : "હવે જ્યારે મુહૂર્ત આવે ત્યારે પાયા ગળાવીએ."

મહારાજ ઘોડી ઉપરથી નીચે ઊતર્યા અને બોલ્યા : "લાવો કોદાળી."

એક પાર્ષદ કોદાળી લઈને તરત આવ્યો. તે હાથમાં લઈ મહારાજે પાયા ગાળવાની જગ્યાએ પોતાને હાથે સાત ટચકા માર્યા અને કહ્યું : "આ અમે મુહૂર્ત કર્યું. હવે સાધુ, પાર્ષદો સૌ પાયો ખોદવા માંડો. પાણી જોશે તે વાડીએથી ધોરિયો કરી લઈ આવજો."

આપણા હાથ એ પાવડા

સંતો, પાર્ષદો તરત જ કામે લાગી ગયા. વાડીના કૂવામાંથી જે પાણી નીકળી ધોરિયામાં જતું હતું તે ધોરિયો કરી પાયા ગળાતા હતા ત્યાં લઈ આવ્યા. પણ હવે મુશ્કેલી એ આવી કે ગારો કરવા પાવડા ન હતા. ફક્ત એક જ પાવડો હતો તે પાણી વાળવાના કામમાં લીધો હતો. એટલે મહારાજે કહ્યું : "આપણા હાથ એ પાવડા ! વળી, પાવડા માટે કાંઈ કામ ખોટી કરાય ?"

મહારાજની સૂચના પ્રમાણે ધર્મશાળાનું કામ શરૂ થઈ ગયું. સાંજ સુધી કામ કરવા સૌએ નિર્ધાર કરી નાંખ્યો હતો. ઉગમણી તરફના પાયા પુરાઈ ગયા અને ઉગમણો કરો વેંત જેટલો ચણાયો. પછી દક્ષિણાદિ પછીત તરફ કામ શરૂ કરવા માંડ્યા. ત્યારે મહારાજે કહ્યું : "હવે રાખો, રોજ તો બાર વાગે જમતા, આજે ચાર થઈ ગયા. માટે હવે બાકીનું કામ આવતી કાલથી ચાલુ કરજો."

મહારાજની આજ્ઞા થઈ એટલે સાધુ સૌ કૂવા ઉપર હાથ-પગ ધોવા ગયા. હાથ-પગ ધોઈને હાલ જ્યાં બેઠક છે ત્યાં આવ્યા. મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને સૌ દરબારમાં આવ્યા. અહીં આવી મહારાજ થાળ જમ્યા. પછી ચળું કરીને ધર્મશાળાના કામમાં સેવા કરનારા સંતો, પાર્ષદોને તેમણે પીરસ્યું. સર્વેને જમાડીને મહારાજ અક્ષર ઓરડીમાં પોઢવા પધાર્યા.[૧૩૨]

મહારાજના સંબંધે જ આ ભક્તિ થઈ શકે

અન્નકૂટના ઉત્સવને હજી વાર હતી, છતાં હરિભક્તોના સંઘ આવ્યે જતા હતા. મહારાજ પ્રબોધિની ઉપર તો વરતાલ પધારવાના હતા, છતાં ભક્તોને મહારાજનાં દર્શનની એવી લગની લાગી હતી કે ગુજરાત અને સુરત સુધીના હરિભક્તો ગઢપુર આવવા લાગ્યા. મહારાજે પણ આ ધાર્યું ન હતું. પરંતુ તેમને

૧૩૨. શ્રીહરિચરિત્રચિંતામણિ; ભાગ-૨, વાત-૨૪૪, પાન ૪૭૭-૭૯.

થયું કે ભક્તોને ખેંચ છે તેથી ભલે લાભ લ્યે. દાદાખાચર તથા તેમના પરિવારને તો આવા પ્રસંગે સંતો, હરિભક્તો આવે તેમાં વિશેષ આનંદ થતો. જીવુબા, લાડુબાનું તપ તીવ્ર હતું. કોઈ વખત તો ફક્ત એક જ શિંગોડું ખાઈને રહેતાં, કોઈ વખત ફક્ત એક જ વખત જમતાં. વળી, ઉપવાસ પણ એક સામટા કરતાં. દૂધ, દહીં, ઘી કે ખાંડના પદાર્થોનો સમૂળો ત્યાગ કર્યો હતો. ઢોલિયા, પલંગ, હિંડોળાખાટ વગેરે હતા છતાં એક વસ્ત્ર પાથરી નીચે જ સૂઈ રહેતાં. તપથી તેમનું શરીર કૃશ થઈ ગયું હતું. છતાં મહારાજની અને સંતોની સેવા-ભક્તિમાં રંચમાત્ર ખામી આવવા દેતાં નહીં. તેમના સંબંધથી, તેમની સાથે જે સ્ત્રીભક્તો રહેતાં તે બધાં પણ તપ, વ્રત કરવામાં એવા જ આગ્રહી હતાં. તેઓ સૌ કહેતાં, "મહારાજના સંબંધથી જ આ ભક્તિ કે તપ-વ્રત થઈ શકે છે, નહીં તો દેહ આળપપાળ માગે જ."

સુરતથી સંઘ આવ્યો. સુરતના હરિભક્તોની વિશિષ્ટતા હતી. જ્યાં જ્યાં આવા ઉત્સવો થતા ત્યાં પહોંચી જ જતા. એટલું જ નહીં, પરંતુ સુરતી રસોઈનો સામાન પણ સાથે લાવતા. મહારાજ માટે જરિયાન વસ્ત્રો, આભૂષણો દર વખતે નવા કરાવીને લાવતા. મહારાજ તેમના ભક્તિભાવથી પ્રસન્ન હતા.

સુરતના સંઘની આઠ દિવસની રસોઈ

તેઓ સર્વે મહારાજ પાસે આવ્યા અને મહારાજને કહ્યું : "મહારાજ ! અમારે આઠ દિવસ સુધી રસોઈ આપવી છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "તમે આવ્યા ત્યારથી અમે આઠ દિવસ સુધી બીજાની રસોઈ લેવાનું બંધ રાખ્યું છે. બોલો શું રસોઈ દેવી છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! કાલે જલેબી અને બુંદીના લાડુની રસોઈ કરાવીએ. અમે બધો જ સામાન સાથે લાવ્યા છીએ."

મહારાજે કહ્યું : "ભલે, લખુ કંદોઈને બોલાવો."

તરત જ એક પાર્ષદ લખુ કંદોઈને બોલાવવા ગયો. લખુ કંદોઈ આવ્યા. મહારાજે તેમને કહ્યું : "આવતી કાલે આ સુરતના સંઘની રસોઈ છે. જલેબી અને બુંદીના લાડુ બનાવવાના છે. માલસામાન તેઓ પૂરતો લાવ્યા છે. તો કાશીદાસની રસોઈમાં કર્યું તેવું ન કરશો."

લખુ કંદોઈ આ સાંભળી શરમાઈ ગયા. તેણે બે હાથ જોડી કહ્યું :

"મહારાજ ! એ વખતે ભૂલ થઈ ગઈ. હવે નહીં થાય."

સંઘને મહારાજે કહ્યું : "રસોઈનો સામાન એમને ત્યાં પહોંચાડો."

બીજે દિવસે મહારાજ જમીને સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સુરતી ભક્તોના ભાવ પ્રમાણે મહારાજે સંતોને ખૂબ જ જમાડી, અતિ તૃપ્ત કરી દીધા. ત્યારબાદ સુરતના હરિભક્તો મહારાજની પૂજા કરવા અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજનું પૂજન કર્યું. સોનાનાં કડાં, વેઢ, વીંટી, બાજુબંધ, પોંચી વગેરે આભૂષણો મહારાજને પહેરાવ્યાં. જરિયાની જામો, સૂરવાળ અને પાઘ અર્પણ કર્યા. આઠ દિવસ સુધી સુરતના હરિભક્તોએ રસોઈ આપી, મહારાજને પ્રસન્ન કર્યા. પછી મહારાજની આજ્ઞા લઈને સંઘ સુરત રવાના થયો. મહારાજે તેમને કહ્યું : "ત્યાં લાલજી પાસે અન્નકૂટ કરજો અને પ્રબોધિની ઉપર વરતાલ આવજો."

આનંદ સ્વામી મહારાજની પૂજા કરે છે

આ સંઘ મહારાજની પૂજા કરી રજા લઈ સુરત જવા નીકળ્યો. ત્યારે આનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. મહારાજને પગે લાગીને તેમણે કહ્યું : "મહારાજ ! મારે આપની પૂજા કરવી છે."

તે વખતે મહારાજે એક વસ્ત્ર પહેર્યું હતું. આનંદ સ્વામીએ સાત જાતનું ચંદન લાવીને મહારાજના ભાલમાં અર્ચા કરી. વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. પછી આખા શરીર ઉપર ચંદન અર્ચીને કંકુમના ઝીણા ચાંદલા બધે કર્યા. ત્યારબાદ મહારાજને એક સુંદર, શ્વેત અને ઝીણા પોતનો ખેસ ઓઢાડ્યો. તેવા જ ઝીણા પોતના કાપડનો જામો પહેરાવ્યો. તે ઉપર ગુલાબી રંગ છાંટ્યો. તેથી જામો શરીર ઉપર ચોંટી ગયો. મહારાજના શરીર ઉપર અર્ચેલા ચંદન અને કુંકુમના ચાંદલા તે જામા ઉપર અંકિત થઈ ગયા. પુષ્પની ગૂંથેલી પાઘ મસ્તક ઉપર પહેરાવી. આ પ્રમાણે મહારાજની તેમણે પૂજા કરી, વસ્ત્રો ઓઢાડ્યાં. મહારાજનું સ્વરૂપ સૌને દેદીપ્યમાન જણાયું. તે સમયે તેમની મૂર્તિનાં દર્શન કરતાં ત્યાં બેઠેલા સંતો-હરિભક્તોમાંથી કેટલાકને સમાધિ થઈ ગઈ ! મહારાજે થોડો સમય એ જ સ્વરૂપે સૌને દર્શન દીધાં.

એની વાત ને તમારી વાત જુદી છે

પછી મહારાજ ચંદન અને કુંકુમની પૂજાથી અંકિત થયેલા પોતે પરિધાન

કરેલા એ જ વસ્ત્રોમાં ત્યાંથી ઊઠીને નાગમાલના વંડામાં નહાવા પધાર્યા. બ્રહ્મચારીએ અહીં બાજોઠ ઢાળી દીધો. મહારાજે જામો ને સુરવાળ ઉતાર્યા. પછી શરીર ઉપરથી ચંદન ઉતારી બ્રહ્મચારીએ શરીર ચોળીને મહારાજને સ્નાન કરાવ્યું. મહારાજ સ્નાન કરી ઊભા થયા એટલે બ્રહ્મચારીએ શરીર લૂછ્યું. મહારાજને પીતાંબર પહેરવા આપ્યું. તે પહેરી મહારાજ ચાખડી પહેરીને નાનીબાને ઓરડે પધાર્યા. મહારાજે એક પીતાંબર પહેર્યું હતું. શરીર આખું ખુલ્લું હતું. તેથી મહારાજના એ સ્વરૂપનાં દર્શન કરવા સંતો, હરિભક્તોની ત્યાં ભીડ જામી.

તે વખતે માંગરોળવાળા ગોવર્ધનભાઈ ત્યાં આવ્યા. તેમને જોઈ નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : "ગોવર્ધનભાઈ ! તમે ક્યાં ગયા હતા ? આ આનંદ સ્વામીએ મહારાજની પૂજા કરી અને મહારાજના સ્વરૂપનાં દિવ્ય દર્શન સૌને થયાં. એવો મહામોટો લાભ તમે આજે ખોયો."

એટલે મહારાજે કહ્યું : "એને તો અમે એક કોપીનભર હોઈએ તોપણ આનંદ અધિક ને અધિક જ છે."

પરંતુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એ તો ખરું, પરંતુ આજે આપના દિવ્ય સ્વરૂપનાં જે દર્શન સૌને થયાં તે તો વાત જ જુદી હતી."

મહારાજે ગોવર્ધનભાઈ સામું જોઈને કહ્યું : "સ્વામી ! એની વાત ને તમારી વાત જુદી છે." નિત્યાનંદ સ્વામી સમજી ગયા. મહારાજના આ શબ્દોથી ગોવર્ધનભાઈની અલૌકિક સ્થિતિનો તેમને ખ્યાલ આવી ગયો.

પિયા પાયા તો ફિર ક્યા સોના ?

અન્નકૂટ ઉત્સવ પાસે આવતો હતો. સંતો અને હરિભક્તો પણ રોજ મોટી સંખ્યામાં આવ્યે જ જતા હતા. રસોઈઓ પણ રોજ જુદી જુદી ચાલતી હતી. મહારાજ રોજ સંતોની પંક્તિમાં પીરસવા પધારતા. તેથી એક વાર બ્રહ્મચારી ખિજાઈને બોલ્યા : "રોજ રોજ શું પીરસવા જવાનું ? અંદર અંદર બધા પીરસી લેશે." મહારાજ તેમનો રોષ જોઈ હસ્યા. બ્રહ્મચારી સમજી ગયા. તેમણે કહ્યું : "તો બધી વાનગી અહીં મંગાવીએ. હાથ અડાડી દો એટલે પ્રસાદીની થઈ જાય."

એટલે મહારાજે કહ્યું : "પણ દર્શન ન થાય ને ?"

હવે બ્રહ્મચારી ભાવમાં આવી ગયા. તેમણે કહ્યું : "દર્શન તો રોજ સૌ

કરે છે, વિશેષ દર્શન કરવાં હોય તો રાત્રે આપ પોઢ્યા હો ત્યારે બેસી જાય સામે અને દર્શનનો લાભ બરોબર લઈ લ્યે.''

મહારાજને બ્રહ્મચારીની વાત સાંભળી ગમ્મત પડી. તેમને પણ થયું કે બ્રહ્મચારી ખરું કહે છે. એવો ખપ હોય તો નિદ્રા આવે જ નહીં.

એટલામાં મુક્તાનંદ સ્વામીનો સ્વર સંભળાયો : *''પિયા પાયા તો ફિર ક્યા સોના ?''*

મહારાજે તરત જ બ્રહ્મચારીને કહ્યું : ''બ્રહ્મચારી ! તમારી વાત સાચી છે. જુઓ, આ મુક્તાનંદ સ્વામીને સુષુપ્તિ અવસ્થા જ ટળી ગઈ છે. અમારા સ્વરૂપનો તેમને સાક્ષાત્કાર થઈ ગયો છે, તે મસ્તીમાં તેઓ અત્યારે ગાઈ રહ્યા છે.''

મહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડે થાળ જમીને ચળું કરી, રોજના નિયમ પ્રમાણે સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. સૌને સારી રીતે પીરસી, હાથ ધોઈ, મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. એટલામાં નિર્મળાનંદ સ્વામી નાહીને પત્તર લઈને આવ્યા. તેમણે જોયું કે મહારાજ તો સૌને પીરસીને ઢોલિયા ઉપર બિરાજી ગયા છે. તેથી તેઓ મહારાજ પાસે આવ્યા અને મહારાજને પગે લાગીને કહ્યું : ''મહારાજ ! હું આપની પ્રસાદી વિના રહી ગયો.''

તે સાંભળી મહારાજે તેમને કહ્યું : ''સૌ સંતોના પત્તરમાંથી થોડું થોડું માગી લ્યો. હવે અમે હાથ એંઠા કરીશું નહીં.''

સૌનો ગુણ જ લેવો

નિર્મળાનંદ સ્વામી મહારાજની આજ્ઞા અનુસાર દરેક સંત પાસે જઈને પત્તર ધરી કહેવા લાગ્યા : ''સંતો ! મહારાજે કહ્યું છે થોડી પ્રસાદી આપો.''

બધા જ સંતોએ પ્રસાદી આપી તેથી તેમનું પત્તર છલકાઈ ગયું. પછી પોતે એક આસન શોધીને જમવા બેસી ગયા.

સૌ સંતો જમી રહ્યા પછી મહારાજ પાસે આવ્યા અને સન્મુખ બેસી ગયા. તે વખતે મહારાજે સૌને ઉદ્દેશીને વાત કરતાં કહ્યું : ''સાંભળો, સંતો, હરિભક્તો ! કોઈનો પણ અવગુણ ક્યારેય લેવો નહીં. અવગુણ લેવાથી જીવનું જેવું ભૂંડું થાય છે, તેવું બીજા કોઈ પાપથી થતું નથી. ભગવાનના ભક્તની સેવા કરવી અને સૌનો ગુણ લેવો, પણ અવગુણ તો લેવો જ નહીં. જેમ આજે નિર્મળાનંદ સ્વામીએ અમારી આજ્ઞા પાળી સૌ સંતોના પત્તરમાંથી થોડી થોડી

પ્રસાદી માંગી લીધી, તો તેમનું પત્તર છલકાઈ ગયું. તેમ સૌનો થોડો થોડો ગુણ લેવાય ને સૌની સેવા થાય તો જીવ ગુણોથી ભરાય જાય ને બળિયો થાય.'' એટલી વાત કરી મહારાજ અક્ષર ઓરડીએ પોઢવા પધાર્યા.

જોતજોતામાં દીપોત્સવી અને અન્નકૂટ ઉત્સવો આવી ગયા. બંને ઉત્સવો મહારાજના સાન્નિધ્યમાં દિવ્ય વાતાવરણમાં ઉજવવાના હતા. જાણે અક્ષરધામનું જ અવિનાશી સુખ પ્રાપ્ત થયું હોય તેવો આનંદ સૌ સંતો, હરિભક્તોનો હતો. ગોપીનાથજી દેવની પ્રતિષ્ઠા થયા પછી આ બીજો અન્નકૂટ ઉત્સવ અહીં મહારાજના સાન્નિધ્યમાં ઉજવવાનો હતો. દીપની હારમાળા, ગોવર્ધન પૂજા, મહારાજનું સાન્નિધ્ય અને ગોપીનાથ દેવનાં દર્શન આ પ્રસંગો હૃદયની ઊર્મિઓ જગાડે એવા હતા. છતાં એ આનંદના અનુભવની અભિવ્યક્તિ કોઈ ભાષા દ્વારા થઈ શકે તેમ ન હતું. દરેક સંત, હરિભક્ત ભાન ભૂલી ઉત્સવમય બની ગયા હતા, મહારાજમય બની ગયા હતા ! કેવળ મહારાજની મૂર્તિ એ જ તેમનું લક્ષ્ય હતું. તેમની પ્રવૃત્તિ મહારાજની મૂર્તિને સંબંધે યુક્ત હતી. મહારાજનો આ પ્રતાપ હતો, ભક્તોને તેનું ગૌરવ હતું.

અન્નકૂટ ઉત્સવની આરતી મહારાજે કરી, પછી પોતે અક્ષર ઓરડીમાં થાળ જમવા પધાર્યા. જમીને ચળું કરી બે દિવસના સતત પરિશ્રમને લીધે પોઢી ગયા.

અક્ષરધામમાં ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ?

સાંજે અક્ષર ઓરડીની આથમણી ઓસરીમાં મહારાજ વિરાજમાન થયા હતા. મોટેરા સદ્‌ગુરુઓ મહારાજની સન્મુખ બેઠા હતા. બીજા જ્યાં જેમને જગ્યા મળી, ત્યાં બેસી ગયા હતા. સ્ત્રીભક્તો બધાં મર્યાદા પ્રમાણે ચોકમાં બેઠાં હતાં. તે વખતે મહારાજને લાડુબાએ પ્રશ્ન પુછાવ્યો : ''મહારાજ ! અક્ષરધામને વિષે ભક્તને ભગવાન કેવું સુખ આપતા હશે ?''

તેમના પ્રશ્નનો હાર્દ એ હતો કે જે દિવ્યાનંદનો અનુભવ તેઓ મહારાજના સાન્નિધ્યમાં સતત માણી રહ્યાં હતાં, તેવું જ સુખ અક્ષરધામમાં છે કે અન્ય રીતે ?

મહારાજે તેમના પ્રશ્નનો ઉત્તર કરતાં કહ્યું : ''અક્ષરધામમાં ભગવાન ભક્તને સુખ આપે છે તેમાં ભગવાનની મૂર્તિમાંથી જ પાંચે વિષયનું સુખ ભક્તને એકકાળાવિચ્છિન્ન મળે છે. ભગવાનના દિવ્ય દેહના એક અંગનાં દર્શન કરતાં કરતાં તે ભક્ત એકાગ્ર બની મૂર્તિમાં તલ્લીન થઈ જાય છે. તે અંગ છોડી

બીજું અંગ જોવા સમર્થ થતા નથી. આ લોકનાં લાખો વર્ષ સુધી જાણે કોઈ આંખનું મટકું જ ન મારે અને દર્શન કર્યા જ કરે એવું અપરિમિત અને દિવ્ય સુખ ભગવાનના સ્વરૂપના એક એક અંગમાંથી તે ભક્ત ભોગવે છે. આ તો કેવળ ભગવાનના એક અંગના આવા દિવ્ય સુખનું શબ્દોમાં વર્ણન કર્યું છે, પરંતુ ત્યાં તે સમગ્ર રીતે ભગવાનના સ્વરૂપમાં તે ભક્ત તલ્લીન થઈ જાય છે. તેથી ભક્ત પોતાના ભક્તપણાનો ભાવ પણ ભૂલી જાય છે અને ભગવાનની મૂર્તિમાં જ તન્મય બની જાય છે ! તેનો અનુભવ કાં તો સમાધિ અવસ્થામાં થાય અથવા દેહ મૂક્યા કેડે થાય.''

મહારાજના આ શબ્દો સાંભળી ત્યાં બેઠેલા મોટેરા સંતોને મહારાજે પંચાળામાં અક્ષરધામના સુખની વાત કરી હતી તેની સ્મૃતિ થઈ આવી : ''ભગવાનનું એક નિમિષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડના જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેની કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં. આવું અપરિમિત અને દિવ્ય અક્ષરધામનું સુખ મૂકીને આ જીવ કેવળ માયાને વશ થઈને આ લોકનાં તુચ્છ સુખ સારુ મોંઘો માનવ દેહ વેડફી નાંખે છે !''

સંતો અને ભક્તો સૌને મહારાજના આ શબ્દોથી અંતર્દષ્ટિ થઈ ગઈ ! પાછી વૃત્તિ વાળી ભગવાનના સુખનો અનુભવ કરવા માટે મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તી લેવું અને મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી લેવી. તેમણે સૌએ મનોમન આ નિર્ધાર કરી લીધો.

તેમનો આ સંકલ્પ જાણી મહારાજે કહ્યું : ''સાંભળો, સંતો ! ભક્તો ! તમો સૌએ અમારી મૂર્તિનું એ સુખ ભોગવ્યું છે પણ એ તમારો અનુભવ, તમારો પ્રતાપ અને તમારું ઐશ્વર્ય તે બધું જ અમે રૂંધી રાખ્યું છે. તેથી જ તમો આ લોકમાં આવી અમારી આજ્ઞાનુસાર ક્રિયા કરી શકો છો. નહીં તો તમો સૌ અમારી મૂર્તિ મૂકીને છેટે જઈ શકો નહીં.''

મહારાજ જાણતા હતા કે આ બધા અક્ષરધામના મુક્તો જ પોતાની સાથે આવ્યા છે. તે સિવાય બીજા કોઈ મહારાજે આદેશેલા અષ્ટાંગ બ્રહ્મચર્યના કડક નિયમોનું પાલન કરી શકે જ નહીં.



ઉદ્‌ગીથ ૨૨

વરતાલમાં પ્રબોધિની ઉત્સવ, ફરી ગઢપુરમાં

(આ.સં. ૧૮૮૬, ઈ.સ. ૧૮૨૯-૧૮૩૦)

આ.સં. ૧૮૮૬ના અન્નકૂટોત્સવ પછી મહારાજ તરત જ ગઢપુરથી પોતાના સખા તથા પાર્ષદો અને સંતોની સાથે નીકળી વેલમાં બેસીને સીધા સારંગપુર પધાર્યા. એક રાત ત્યાં રોકાઈ સવારે સુંદરિયાણા જવા નીકળ્યા. ત્યાંથી અણિયાળી જતાં રસ્તામાં એક વાવમાંથી મહારાજને પાણી પાયું. બાકી રહેલું પાણી સંતોએ પાછું વાવમાં નાંખી વાવને પ્રસાદીભૂત કરી.

અણિયાળીમાં પૂંજાભાઈને ઘેર ઊતર્યા. ત્યાંથી ધંધુકા જઈને એક વાવ પર રાત ગાળી. સવારે ખસતા પધાર્યા. નદીકિનારે રાત્રી રહ્યા. સવારે ત્યાંથી કમિયાળામાં પધારી બપોરે ભોજન ગ્રહણ કર્યું. બોરૂ ગામે રાત રહી, સાબરમતી ઊતરીને ગલિયાણા સરોવર કિનારે મહારાજે ઉતારો કર્યો. અહીં મહારાજ ચણેચીની ભાજી અને બાજરીનો રોટલો જમ્યા.

બીજે દિવસે વરસડા થઈ સીંજીવાડે આવ્યા. નિત્યાનંદ સ્વામીએ મહારાજને ધોળી શેરડીનાં માદળિયાં કરીને જમાડ્યા. વળતે દિવસે પ્રબોધિની ઉત્સવ પહેલાં મહારાજ વરતાલ પહોંચી ગયા.

લગભગ સાત માસ પછી મહારાજ વરતાલ પધાર્યા. તેથી વરતાલમાં સમગ્ર ગુજરાતનો સત્સંગ ઊમટ્યો હતો. સૌને મહારાજનાં દર્શનની તીવ્ર ઝંખના હતી. એ દર્શનનું સ્વપ્ન કેટલા માસથી તેમના હૈયામાં વસ્યું હતું ! તે આજે સાકાર થઈ ગયું. હરિભક્તોએ મહારાજનું સામૈયું કર્યું. આ કાર્યક્રમ તો મહારાજ જ્યારે વરતાલ પધારતા ત્યારે થતો જ. છતાં મહારાજના જુદા જુદા ભાવનાં દર્શન નિત્ય નવીન રહે તેવી ભાવના હરિભક્તોના મનમાં, આવા કાર્યક્રમો યોજવામાં હતી. તે ભાવનાથી જ અને મહારાજનાં દર્શનની અતિ ઉત્સુકતાથી તેઓ સૌ આ રીતે જ્યારે જ્યારે મહારાજ પધારતા, ત્યારે સામા

જતા અને સામૈયું કરતા. મહારાજ મંદિરમાં પધાર્યા. લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં ને સીધા જ ઉતારે હરિમંડપમાં પધાર્યા.

મહારાજે અહીં પ્રબોધિનીના ઉત્સવ પછી પણ સાત-આઠ દિવસ રોકાવાનું નક્કી કર્યું હતું. તેથી દેશદેશથી આવેલા હરિભક્તો આ પ્રસંગે રસોઈ આપી મહારાજની સેવા-પૂજાનો લાભ લઈ શકે. પ્રબોધિનીના ઉત્સવ પ્રસંગે મહારાજે કિનખાબનો સૂરવાળ, કિનખાબની ડગલી, મસ્તક ઉપર સુંદર - અતિ મૂલ્યવાન મંડીલ ધારણ કર્યાં હતાં. ખભા ઉપર સોનેરી તારનું બુટ્ટાદાર આસમાની રંગનું શેલું મૂક્યું હતું. કમરે રેંટો કસીને બાંધ્યો હતો. રાતની સભામાં મહારાજની આ શોભાયમાન મૂર્તિ જોઈ સંતો, હરિભક્તોના મન ધ્યાનસ્થ થઈ ગયા ! મહારાજની આ દિવ્યમૂર્તિ સૌનાં અંતરમાં ઊતરી ગઈ ! મહારાજને પણ આ જ કરાવવું હતું.

મહારાજે નક્કી કર્યું કે જેટલા દિવસ વરતાલમાં રહેવાનું છે તેટલા દિવસ રોજ નવા શણગાર ધારણ કરવા. જેથી ભક્તોને દર્શનનો આનંદ આવે, ધ્યાન સુલભ બને. મહારાજ માટે નિંબતરુ નીચે પાટ ઢાળી, તે ઉપર ગાદી-તકિયો બિછાવી તૈયાર જ રાખતા. મહારાજ ત્યાં આવી ઉત્તરાભિમુખે બિરાજતા.

મહારાજ વરતાલમાં બિરાજે છે તે સમાચાર મળતાં જૂનાગઢથી હરિભક્તો વરતાલ આવ્યા. તેમની સાથે નારાયણજી સુથાર પણ આવ્યા. સૌ દંડવત્ કરી મહારાજ સન્મુખ બેસી ગયા. એટલામાં મહારાજે આંગળીથી સમસ્યા કરીને નારાયણજી સુથારને પાસે બોલાવ્યા. તે તરત જ નજીક આવ્યા, એટલે મહારાજે તેમને પોતાના ડાબા પડખે બેસાર્યા. નારાયણજીભાઈ મહારાજની ડાબી બાજુના મુખારવિંદને એકાગ્રતાથી નિહાળી રહ્યા હતા. મહારાજની મૂર્તિમાં તેમનું મન સમગ્ર રીતે જોડાઈ ગયું હતું. એટલામાં મહારાજે તેમને કહ્યું : "નારાયણજીભાઈ ! અમારા સ્વરૂપમાં તમારી વૃત્તિ ચોંટી ગઈ છે. તો જેવી મૂર્તિનું તમે ધ્યાન અત્યારે કર્યું તેવી મૂર્તિની છાપ તૈયાર કરો. સૌ સત્સંગીઓ તે મૂર્તિને પૂજશે. તે મૂર્તિની જ ભક્તિ અને ઉપાસના કરશે."

આ સાંભળી નારાયણજીભાઈએ હાથ જોડી કહ્યું : "પ્રભુ ! ચૈત્રનવમીએ આપ જ્યાં હશો ત્યાં એ છાપ તૈયાર કરીને હું આવીશ."

ત્યારે મહારાજે કહ્યું : "ગઢપુર જ આવજો. અમે હવે ત્યાં જ રહેવાના છીએ."

મહારાજે આ પ્રસંગે સભામાં જ્ઞાનવાર્તા કરતાં કરતાં માર્મિક રીતે પોતાને

હવે ધામમાં જવાનો સંકલ્પ થયો છે તે પણ કહી દીધું. પરંતુ આ મર્મવચનો મહારાજે એ રીતે કહ્યાં કે કોઈને સ્પષ્ટપણે સમજાય નહીં. મહારાજને પણ મનમાં એમ હતું કે અત્યારથી જ ભક્તોને આ વાત સ્પષ્ટ થશે તો આઘાત લાગશે, માટે મર્મમાં હળવા હળવા વેણ કહેવાં.

આ પ્રસંગે ગઢપુરથી લાલજી ગોર આવ્યા. તેમણે મહારાજને સમાચાર આપ્યા કે "ગોપાળજીને ત્યાં કાર્તિક સુદ અષ્ટમીને દિવસે પુત્રજન્મ થયો છે." ગોપાળજી શ્રીજીમહારાજ સાથે જ હતા. મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

પુરુષોત્તમ નારાયણ સ્વયં ભક્તોની ચરણરજ ઇચ્છે છે

મહારાજને વરતાલમાં થોડા દિવસ જ રહેવું હતું. તેથી પોતે જ્યાં બિરાજતા ત્યાં બેસીને વાતો કરતા. તે વખતે આસન કે ગાદી-તકિયાની જરૂર જોતા ન હતા. એક દિવસ મંદિરનાં પગથિયા ઉપર મહારાજ બેસી ગયા. સેવકોએ કહ્યું : "મહારાજ ! આસન પાથરી આપીએ."

ત્યારે મહારાજે કહ્યું : "આ દેહને હજારો હરિભક્તોની ચરણરજનો સ્પર્શ થાય તે મહાભાગ્ય ટાળી આસન શા માટે રાખવું ?"

હરિભક્તો મહારાજના આ શબ્દોથી ભક્તો પ્રત્યે મહારાજના અંતરમાં કેટલો ભાવ છે તે જાણી ગદ્ગદિત થઈ ગયા ! પુરુષોત્તમ નારાયણ સ્વયં ભક્તોની ચરણરજ ઇચ્છે છે.

જે અમને પૂછવું હોય તે શિક્ષાપત્રીને પૂછજો

મહારાજે આ પ્રસંગે વાત કરતાં કહ્યું : "સત્સંગ હવે ઘણો વધ્યો છે એટલે અમારાથી ગામોગામ સૌને મળવા, દર્શન દેવા જવાતું નથી. માટે જે અમને પૂછવું હોય તે હવે શિક્ષાપત્રીને પૂછજો. શિક્ષાપત્રી એ અમારું મૂર્તિમાન સ્વરૂપ છે ! માટે તેમાં જે આજ્ઞા સંતો, હરિભક્તો માટે લખી છે તે પ્રમાણે વર્તશે તેનું કલ્યાણ થશે, તે આજ્ઞાનો જે લોપ કરશે તે સત્સંગી કહેવાતો હશે તોપણ તેનું કલ્યાણ નહીં જ થાય, તે સૌએ સમજી લેવું."

મહારાજે આ વાત ગંભીરપણે કહી હતી. હરિભક્તો પણ સમજી ગયા કે મહારાજને જે પોતાની આજ્ઞાનુસાર વર્તે છે, તે ઉપર જ પ્રેમ થાય છે. વળી, સત્સંગમાં મહારાજનો રાજીપો પણ તો જ રહેશે. એટલે સૌએ મહારાજને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ નિશ્ચિંત રહેજો. અમે સૌ શિક્ષાપત્રીમાં આપે લખેલી

આજ્ઞા સૌ સૌના ધર્મ પ્રમાણે પળાવીશું." પોતાની અનુવૃત્તિ સાચવવાના સૌ સંતો, હરિભક્તોના ભાવથી મહારાજ પ્રસન્ન થયા.

વડોદરાથી તે વખતે પ્રભુદાસ, ઈશ્વરભાઈ, વનમાળીદાસ તથા જગજીવન ત્યાં આવ્યા. મહારાજનાં દર્શન કર્યાં ને સૌ સુખિયા થઈ ગયા. તે વખતે પ્રભુદાસે મહારાજને હેમનું માદળિયું સોનાની કંઠીમાં જડીને પહેરાવ્યું. મહારાજ તે પહેરી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શને પધાર્યા. કંઠમાં માદળિયું હતું. મહારાજે વિચાર કર્યો : "આ માદળિયું નારાયણને આપું કે લક્ષ્મીજીને !" અંતે નક્કી કર્યું કે નારાયણને જ આપવું. પછી પોતાના કંઠમાંથી માદળિયું કાઢી મહારાજે નારાયણને તે ધરાવ્યું.

આ પ્રસંગે પ્રભુદાસે મહારાજને કહ્યું : "મહારાજ ! મારે સાધુ થવા ઇચ્છા છે. હવે ઘેર પાછું જવું નથી, તો મને આપ દીક્ષા આપો."

મહારાજે તેમને કહ્યું : "તમે તો અહીં સેવામાં છો, તો હવે કાયમી સેવામાં રહો અને સાંખ્યવ્રત ધારણ કરો. તમોને આ દીક્ષા આપી."

પ્રભુદાસ આ સાંભળી રાજી થયા અને સેવામાં ત્યારથી જ રહી ગયા !

વડોદરાથી ભક્ત રાયજીભાઈ પણ આવ્યા. તેમણે મહારાજને સ્તુતિ કરતાં કહ્યું : "પ્રભુ ! મારે રસોઈ આપવા વિચાર છે તો આપ આજ્ઞા આપો."

એટલે મહારાજે તેમને કહ્યું : "કાલે તમારી રસોઈ. મોતૈયા લાડુ બનાવરાવજો. અમે પીરસવા આવીશું."

મહારાજે આટલી કૃપા કરી તેથી રાયજીભાઈ કૃતકૃત્ય થઈ ગયા ! તરત જ પોતે ઉતારે જઈ રસોઈનો સામાન ભંડારમાં મોકલી આપ્યો.

આ છેલ્લી વાર અમે પીરસીએ છીએ

બીજે દિવસે જલેબી અને મોતૈયાની રસોઈ કરાવી. મહારાજ થાળ જમીને સંતોની ધર્મશાળામાં સંતોને પીરસવા પધાર્યા. અહીં સંતોની જમવાની પંક્તિ થઈ હતી. મહારાજ બે હાથમાં બબ્બે મોતૈયા લાડુ લઈને સંતોની પંક્તિમાં પીરસવા બે-ત્રણ વખત ફર્યા. ત્રીજી વખત ફરતા હતા ત્યાં શ્રમ પડવાથી શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. તેથી ધ્રૂજતા પગે બ્રહ્માનંદ સ્વામી સુધી પહોંચી તેમના પાત્રની સામે મહારાજ એકદમ બેસી ગયા ! મહારાજના મુખારવિંદ ઉપર થાક દેખાતો હતો. શરીરમાં અશક્તિ દેખાતી હતી. તેમને એકદમ આ પ્રમાણે બેસી જતા જોઈ બ્રહ્માનંદ સ્વામી તરત જ ઊભા થઈ ગયા.

"ખમા, ખમા, મારા બાપ !" એમ કહી મહારાજના બંને હાથ તેમણે પકડી લીધા. મહારાજનું શરીર અસ્વસ્થ જોઈ બધા જ સંતો ઉદાસ થઈ ગયા !

મહારાજને બ્રહ્માનંદ સ્વામીએ બેઠા કર્યા. મહારાજે તેમના ખભા ઉપર હાથ મૂક્યો. પછી સંતોને કહ્યું : "સંતો ! સહુ શાંતિથી જમી લ્યો. અમને કાંઈ થયું નથી. આ તો અશક્તિને લીધે થાક લાગ્યો તેથી બેસી જવાયું." એમ કહી સંતોની પંક્તિમાં તેમને હિંમત દેવા ચોથી વાર ફર્યા. મહારાજ સાથે બ્રહ્માનંદ સ્વામી તેમનો એક હાથ ઝાલી ફરવા લાગ્યા. મહારાજે પીરસતાં પીરસતાં સંતોને કહ્યું : "સંતો, લ્યો લાડુ. આ છેલ્લીવાર અમે પીરસીએ છીએ. માટે જમાય તેટલું જમો."

બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી મહારાજનાં આ વચનનો મર્મ સમજી ગયા. બ્રહ્માનંદ સ્વામીએ આંખો લૂછી. મહારાજના હાથ ધોવરાવ્યા અને હાથ પકડી મહારાજને હરિમંડપમાં મૂકવા સાથે ગયા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે જમતાં જમતાં ઊભા થયા છો તે જાઓ. હવે જમી લ્યો."

સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપનાં મર્મવચનો સાંભળ્યાં પછી હવે અનાજ ગળે ઊતરે તેવું લાગતું નથી."

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામી ! અમે છેલ્લીવાર કહ્યું એટલે એમ કે હવે અમે પંક્તિમાં નહીં ફરીએ." પરંતુ બ્રહ્માનંદ સ્વામી મર્મજ્ઞ હતા. મહારાજને પગે લાગીને તેઓ સીધા પોતાને આસને જ ગયા.

સાંજે મહારાજ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શને પધાર્યા. તે વખતે ગોપાળજી પણ સાથે હતા. મહારાજ સ્થિર નેત્રે લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી રહ્યા હતા. મહારાજ દર્શન કરી રહ્યા એટલે પાસે ઊભેલા ગોપાળજીએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આ લક્ષ્મીનારાયણ દેવની બાજુની જગ્યા ખાલી છે. અહીં આપણે ગોમતીજી પધરાવ્યાં છે, તો હવે આ સ્થાને રણછોડરાય પણ જો પધરાવીએ તો દ્વારિકા સુધી તીર્થ કરવા આપણા ભક્તોને જવું ન પડે. ત્યાં ગૂગળી બ્રાહ્મણોનો બહુ જ ત્રાસ છે. પૈસા માટે યાત્રાળુઓને ખૂબ હેરાન કરે છે."

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "ગોપાળજી ! આ લક્ષ્મી-નારાયણ દેવની બાજુની જગ્યામાં અમે ઘણી વાર બેઠા છીએ. એટલે તે જગ્યા પ્રસાદીની થઈ છે. તમારા સંકલ્પ મુજબ રણછોડરાયે દર્શન દઈને અહીં આવવાનું કહ્યું છે. એટલે તેમનો પણ સંકલ્પ પૂરો થશે."

ગોપાળજી આ સાંભળી રાજી થયા.

મહારાજે હવે વરતાલથી નીકળવાનું નક્કી કર્યું. પોતાની સાથે મોટેરા સંતો, સખાઓ, પાર્ષદો અને રામપ્રતાપ તથા ઇચ્છારામનો પરિવાર હતો. મહારાજની તબિયત અસ્વસ્થ હતી એટલે ઘોડી ઉપર ન બેસતાં વેલમાં બિરાજ્યા. મહારાજની અસ્વસ્થ પ્રકૃતિ અને મુખારવિંદ ઉપર ઉદાસીનતા જોઈ વળાવવા આવેલ સંતો, હરિભક્તોની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને સૌને ધીરજ આપી, શાંત કરીને વળાવ્યા.

મહારાજ વરતાલથી પીપળાવ આવ્યા. અહીં માતાના ચોકમાં ઊતર્યા. અહીંના ભક્તરાજ પ્રભાશંકરભાઈએ રસોઈ કરાવીને સૌને જમાડ્યા.

બધું જગત સાધુ થઈ જશે તો સાધુને ભિક્ષા કોણ આપશે ?

રાત્રે માતાના ચોકમાં જ સભા થઈ. સભામાં ગામના પાટીદારો તથા બ્રાહ્મણો કુતૂહલ ખાતર આવ્યા હતા. તેમને મનમાં હતું કે સ્વામિનારાયણ બધાને સાધુ કરી દે છે. તેમની આ પ્રવૃત્તિ વિકસશે તો જગતનો વ્યવહાર અટકી જશે. તેથી તેમનામાંના એક બ્રાહ્મણે મહારાજને પ્રશ્ન પૂછ્યો : "તમે બધાને સાધુ કરવા માંગો છો, તેથી જો બધું જગત સાધુ થઈ જશે તો તે સાધુઓને ભિક્ષા કોણ આપશે ?"

આ પ્રશ્ન સાંભળી મહારાજ આ બ્રાહ્મણના અજ્ઞાન ઉપર હસ્યા. તેમણે કહ્યું : "આ સામે કોઠાનું ઝાડ છે તે ઉપર કોઠાં કોણે કર્યાં છે ?"

ત્યારે તે બ્રાહ્મણે કહ્યું : "એ તો ભગવાને ઉગાડ્યાં છે."

એટલે મહારાજે કહ્યું : "અમે ભગવાન છીએ. જેથી કોઠાંના ઝાડ ઉપર કોઠાં કે આંબાના ઝાડ ઉપર કેરીઓ કરીએ છીએ. તેમ સાધુ થવું એ તમારું કામ છે અને તમે સાધુ થઈ જાવ તો તમારું ભરણપોષણ કરવું એ અમારું કામ છે. સમગ્ર વિશ્વનું ભરણપોષણ ભગવાન કરે છે. તે પોતાના ભક્તોની ઉપેક્ષા કરશે ? માટે જો તમારે અમારા કાર્યની ખાતરી કરવી જ હોય, તો તમે બધા બ્રાહ્મણો આવો અને આ અલફી પહેરી બેસી જાવ અમારા સાધુઓ ભેગા. પછી જુઓ કે ભિક્ષા મળે છે કે નહીં !"

મહારાજનો આ ઉત્તર સાંભળી તે બ્રાહ્મણ તો અવાક્ બની ગયો ! મહારાજ દિવ્યભાવમાં આવી બોલતા હતા. તેથી ત્યાંના પાટીદારો તથા બ્રાહ્મણોને પ્રતીતિ થઈ કે જે ભગવાન હોય તે જ આમ નિધડક થઈને બોલી શકે. તેમણે સૌએ તરત જ વર્તમાન ધરાવ્યાં અને સૌ સત્સંગી થઈ ગયા.

આ બળદ અમારા દેશનો છે તેથી અહીં જ પોષાશે

બીજે દિવસે મહારાજ ત્યાંથી જમીને ચાલ્યા અને મુકામ કરતાં કરતાં ભાલ દેશમાં કમિયાળા ગામે પધાર્યા. અહીંના હરિભક્ત દાદાભાઈ વણારે મહારાજને એક સુંદર અને જાતવાન બળદ કૃષ્ણાર્પણ કર્યો. બળદનું નામ ગાંડો રાખ્યું હતું. તે બળદ જોઈને નિત્યાનંદ સ્વામીએ અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ બળદ તમારા દેશનો કહેવાય, માટે મહારાજ પાસે માંગી લ્યો."

એટલે અદ્‌ભુતાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આ બળદ અમારા દેશનો છે તેથી અહીં જ પોષાશે. વળી, અમારે પણ મીઠું પાણી લાવવા ગાડે જુતે એવા મજબૂત બળદની જરૂર છે. બીજો બળદ દરબાર પૂંજાભાઈ લઈ આપશે."

એ સાંભળી મહારાજે કહ્યું : "એ બળદ તો અમને કૃષ્ણાર્પણ કર્યો છે એટલે તમને ન અપાય."

અદ્‌ભુતાનંદ સ્વામી સમજી ગયા કે મહારાજની બળદ આપવાની મરજી નથી, તેથી વિશેષ આગ્રહ ન કરતાં ત્યાંથી જ મહારાજને પગે લાગીને કહ્યું : "મહારાજ ! અમે હવે ધોલેરા જઈએ છીએ."

ત્યારે મહારાજે તેમને કહ્યું : "ગાંફ સુધી સાથે આવો. પછી જજો." એટલે તેઓ મહારાજ સાથે ચાલ્યા.

કમિયાળાથી નીકળી મહારાજ ગાંફ પધાર્યા. અહીં રાત રોકાવું હતું. અહીંના હરિભક્તોએ જાદરિયાંની રસોઈ તૈયાર કરાવી હતી. મહારાજ સ્નાન કરીને જમવા પધાર્યા. મહારાજ જાદરિયું જમ્યા પછી બોલ્યા : "સંતોને જમાડ્યા જેવું છે." એમ કહી પોતે પીરસવા ઊભા થયા. બધા સંતોને, ભક્તોને, પાર્ષદોને મહારાજે પીરસ્યું. જાદરિયું ખૂબ જમાડ્યું. ઉપરથી દૂધ અને દહીં પણ આપ્યાં. સૌને એ રીતે તૃપ્ત કરી મહારાજ પોતાને ઉતારે પોઢવા પધાર્યા.

બીજે દિવસે સવારે ત્યાંથી નીકળવાનું હતું. અદ્‌ભુતાનંદ સ્વામીને પણ ધોલેરા જવાનું હતું. એટલે તેઓ મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરી પગે લાગી ધોલેરા જવા રજા માંગી. મહારાજે તેમને માથે બે હાથ મૂક્યા. પછી કહ્યું : "સ્વામી ! તમારે ધોલેરામાં પાણીનું બહુ દુઃખ છે. બે ગાઉ દૂર વીરડામાંથી પાણી ઉલેચીને લાવો છો, તે ડહોળું પાણી કોઠીમાં જામે અને કચરો હેઠો બેસે ત્યારે પીવા જેવું થાય છે. તેવું દુઃખ જોઈ અમને થયું કે તમને આ

ગાંડો બળદ આપી દઈએ. વળી, આ બીજો બળદ પારેવો અહીં છે તે તથા વાલજી ખેડૂત અને આ અમારું ગાડું પણ તમારી સેવામાં આપીએ છીએ. એટલે તમને મીઠું પાણી લાવવાની કાંઈ મુસીબત પડે નહીં."

મહારાજની અકારણ કૃપાથી અદ્‌ભુતાનંદ સ્વામી મહારાજ સામું જોઈ જ રહ્યા. મહારાજ તેમનો ભાવ જોઈ હસ્યા. પછી કહ્યું : "તમારા ભાઈ આ નિષ્કામાનંદ સ્વામીને ઠાકોરજીની સેવામાં રાખજો અને તમારા બીજા ભાઈ આ ઉદારાનંદ સ્વામી ઠાકોરજીનો થાળ કરશે, મહંત તો તમે છો જ." અદ્‌ભુતાનંદ સ્વામી સાંભળી રહ્યા.

પછી આ બધો સરંજામ લઈને તેઓ ધોલેરા જવા રવાના થયા. મહારાજને બેસવા માટે હવે ગાડું હતું નહીં. સૌએ મહારાજને કહ્યું : "મહારાજ ! ગઢપુર જઈને પછી ગાડું તથા બળદ ધોલેરા મોકલ્યા હોત તો !"

ત્યારે મહારાજે તેમને કહ્યું : "તેમને પાણીનું કેટલું દુઃખ છે તે જાણો છો ? આપણે તો ગઢપુર ગમે તેમ પહોંચી જઈશું."

મહારાજે પછી નીકળવાની તૈયાર કરી. સંતોનાં પોટલાં ભરવાનું એક ગાડું હતું. તેમાં વળી એક કઢાયું ગોઠવ્યું હતું અને એક કોળું મૂક્યું હતું. મહારાજ પોટલાને ઓઠીંગણ થઈ કોળા ઉપર ચરણ પ્રસારી તે ગાડામાં બેસી ગયા. આથી સંતોને થયું કે મહારાજ પંડે સંતોનાં સુખ સારુ આટલી અગવડ વેઠે છે. સંતો પ્રત્યેની તેમની ભક્તિ ચડે કે આપણી તેમના પ્રત્યેની !

ગાંફથી મહારાજ નીકળ્યા અને ઝીંઝર થઈને સારંગપુર પધાર્યા. સારંગપુરમાં રાત્રે સૌને સારી રીતે જમાડ્યા. સવારે વાઘાખાચરે મહારાજને પોતાનો ઘોડો આપ્યો. મહારાજ તે ઉપર બિરાજ્યા અને ત્યાંથી સીધા ગઢપુર પહોંચી ગયા. આ વખતે મહારાજે પોતે ક્યારે ગઢપુર પાછા ફરશે તે કહ્યું જ ન હતું. એટલે મહારાજ અચાનક દરબારમાં પધાર્યા તેથી સૌને આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો ! મહારાજ અસ્વસ્થ દેખાતા હતા એટલે ઘોડા ઉપરથી ઊતરીને સીધા અક્ષર ઓરડીમાં પધારી ગયા. પછી નાજા જોગિયાને બોલાવીને કહ્યું : "સારંગપુરથી વાઘાખાચરનો ઘોડો અમે લાવ્યા છીએ તે તેમને પાછો મોકલાવી દેજો."

ધીરે ધીરે અક્ષર ઓરડીમાં દાદાખાચર, મોટીબા, લાડુબા, પાંચુબા, સોમ-પ્રભાદેવી તથા સોમબા ફુઈ આવવા લાગ્યાં. મહારાજને સૌએ પ્રણામ કર્યા. દાદાખાચરે મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ થોડા અસ્વસ્થ જણાવ છો

તો કાંઈ ઔષધ કરાવીશું ?"

મહારાજે તરત જ ના કહી અને કહ્યું : "હવે અવસ્થા થઈ એટલે થાક લાગે છે, તે સિવાય બીજી કોઈ બીમારી નથી. માટે કોઈ કાંઈ ચિંતા કરશો નહીં."

એટલામાં મૂળજી બ્રહ્મચારી આવ્યા. દાદાખાચરે તેમને કહ્યું "બ્રહ્મચારીજી ! મહારાજ જરા અસ્વસ્થ દેખાય છે તો કાંઈ ઔષધની કે બીજી કોઈ ચીજની જરૂર પડે તો તરત જ કહેવરાવજો."

તે સાંભળી મહારાજે કહ્યું : "દાદા ! વાતને મોટી ન કરવી. તે બધે ફેલાશે તો ભક્તોનાં ધાડાં અહીં આવશે." એમ કહી પછી બોલ્યા : "અમે તો હમણાં સ્નાન કરી તમારા પટાના ખેલ જોવા આવવાના છીએ." આ સાંભળી દાદાખાચરનું હૈયું હેઠું બેઠું.

બ્રહ્મચારી પાણી ગરમ કરી લાવ્યા અને મહારાજને ખૂબ ચોળીને નવરાવ્યા. મહારાજ સ્નાન કરી, સફેદ વસ્ત્રો ધારણ કરી તૈયાર થઈ ગયા.

થોડી વારે મહારાજ સારંગપુરના મોટા રાઠોડ ધાધલના ઓરડે પધાર્યા. અહીં સામે આંબલીનું વૃક્ષ હતું. તેની નીચે ઊંચું આસન કરાવી મહારાજ ત્યાં બિરાજ્યા. મહારાજ પધાર્યા એટલે સૌ સંતો ત્યાં આવી ગયા. તેમને જોઈને મહારાજે કહ્યું : "ભગવદાનંદ તથા યોગાનંદને બોલાવો. તેઓ વિદ્યા ભણ્યા છે એટલે આજે તેમની પાસે પરસ્પર શાસ્ત્રાર્થ કરાવવો છે. નિત્યાનંદ સ્વામી મધ્યસ્થ રહેશે." તરત ભગવદાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમને જોઈ મહારાજે કહ્યું : "તમો શાસ્ત્રો ભણ્યા છો એટલે આજે તમારી પરીક્ષા કરવા તમારી પાસે શાસ્ત્રાર્થ કરાવવો છે. તમારા ગુરુ નિત્યાનંદ સ્વામી મધ્યસ્થ રહેશે." એમ કહીને મહારાજે તે બંનેને પોતાની સન્મુખ એકબીજાની સામે બેસાર્યા. નિત્યાનંદ સ્વામી માટે ખુરશી મંગાવી.

પરંતુ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મારે ખુરશી ઉપર બેસવું નથી."

મહારાજે તેમનો હાથ પકડી કહ્યું : "બેસવું પડે. શાસ્ત્રાર્થ પ્રસંગનો નિયમ છે કે જે મધ્યસ્થ હોય તે હંમેશાં ઊંચા આસને જ બેસે."

નિત્યાનંદ સ્વામી તરત જ ખુરશી ઉપર બેસી ગયા.

પછી બંને સંતોએ શાસ્ત્રાર્થ શરૂ કર્યો. મહારાજ પોતાના ઊંચા આસન ઉપર ટટ્ટાર થઈને તેમનો શાસ્ત્રાર્થ સાંભળવા લાગ્યા. એક કલાક તેમનો શાસ્ત્રાર્થ ચાલ્યો, ત્યારબાદ નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! બંને કુશળ શાસ્ત્રીઓ છે, આપની કૃપાથી તેમને વિદ્વત્તા વરી છે."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા.

દાદાખાચર પટાના દાવ રમે છે

એવામાં દાદાખાચર ત્યાં આવ્યા. તેમને જોઈ મહારાજે તેમને કહ્યું : "દાદા ! તમને અમે પટાના દાવ શીખવાડ્યા છે. તેની આજે પરીક્ષા લેવી છે, માટે તૈયાર થઈને આવો."

એટલે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! સામે કોણ રહેશે ?"

મહારાજે તરત જ કહ્યું : "ભગુજી, બીજા કોને તમારી સામે મુકાય ?" એમ કહી મહારાજે ભગુજીને કહ્યું : "ભગુજી ! દાદાખાચર સાથે પટાદાવ રમવાના છે. પણ જાણે ખરાખરીનો જંગ ખેલાતો હોય એવા ભાવથી દાવ ખેલવાના છે. મહિમા સમજી હળવા હળવા દાવ ન રમશો."

ભગુજી સમજી ગયા. પરંતુ તેમને અંતરમાં તો હતું જ કે દાદાખાચરને મહારાજે બધા દાવ શીખવાડ્યા છે, વળી ખરા ક્ષત્રિય છે અને મહારાજના કૃપાપાત્ર છે. એટલે આ કાંઈ જેવો તેવો જંગ નહીં ખેલાય. છતાં તે તૈયાર થઈને આવ્યા.

બંને મેદાનમાં ઢાલ-તલવાર સજીને આવ્યા. એટલે સભા સંકોચાઈ ગઈ. અહીં તો તલવારના દાવ ખેલવાના હતા એટલે આડા-અવળા બેઠા હોય ને જો તલવારનો ઝાટકો વાગી જાય તો જિંદગી ટૂંકી થઈ જાય. બંને શૂરવીરો મેદાનમાં પડ્યા. મહારાજે ફરી ભગુજીને કહ્યું : "જો જો હોં, ભગુજી ! તમે ખબડ અને મતારાને માર્યા ત્યારથી ભાવનગર દરબારે તો તમને તેમની સેનાના અગ્રણી તરીકે નીમવાનું નક્કી કરી લીધું હતું. તમારું હીર તેમણે પારખી લીધું હતું. અહીં તે હીર ઝાંખું ન પડે." ભગુજીને આ શબ્દોથી પાણી ચડ્યું.

પછી મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! પટાના દાવ તમને અમે શીખવાડ્યા છે, તે જો જો અમારી લાજ ન જાય !" બંનેને મહારાજે શૂરાતન ચડાવ્યું.

દાદા બાપુના તો આપ શસ્ત્રવિદ્યાના ગુરુ છો

પટાના દાવ મંડાયા. ભગુજીની ચાર હાથ લાંબી અને ચાર આંગળ પહોળી તલવાર કાં તો દાદાખાચરને ઢાલ ઉપર પડે કાં તો તેમની તલવાર સાથે ટકરાય. કોઈ કોઈ વખત બંનેની તલવારો સામસામી ભીંસમાં આવી જાય ત્યારે તેને છોડાવવા બંને દાવ પેચ રમે. દાદાખાચર ભગુજીની તલવારને ભીંસણમાં

નાંખીને ઝડપથી એક પગલું આગળ ઠેકે એટલે તરત જ તલવાર છૂટી જાય. જંગ એવો મંડાયો કે જોનારાના શ્વાસ અદ્ધર થઈ ગયા ! સૌને લાગ્યું કે ભગુજીની તલવાર જો દાદાને અડી જશે તો ભારે ગજબ થઈ જશે ! પરંતુ બંને યોદ્ધાઓ પાછા પડે તેવા ન હતા. જાણે સમરાંગણમાં દાવ ખેલતા હોય તેવું તેમનું શૂરાતન દીપવા લાગ્યું. બંને જણા એકબીજાની તલવારના ઘા ઢાલ ઉપર ચપળતાથી ઝીલી લેતા, કોઈ કોઈ વખત સામસામી તલવારો ટકરાતી પણ ખરી. એટલામાં દાદાખાચર બે ડગલાં પાછળ હઠ્યા અને પછી કૂદકો મારી જોરથી તલવાર વીંઝી અને ભગુજીના હાથમાંથી તેની તલવાર નીચે પડી ગઈ ! મહારાજ આ જોઈ એકદમ ઊભા થઈ ગયા ! દાદાખાચરને બાથમાં લઈને ખૂબ ભીડીને મળ્યા અને બોલ્યા : "રંગ છે દાદા ! રંગ તારી જનેતાને ને રંગ છે એભલ બાપુને કે આવો શૂરવીર સંતાન પકવ્યો." એટલું કહીને મહારાજ ભગુજીને પણ ખૂબ ભેટ્યા. તેમણે કહ્યું : "ભગુજી ! તમને પણ રંગ છે કે દાદાની સામે આટલી વખત ટક્કર ઝીલી શક્યા."

ત્યારે ભગુજીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! દાદા બાપુના શસ્ત્ર-વિદ્યાના ગુરુ તો આપ છો, એટલે તેમની સામે તો મારું કાંઈ ગજુ ન કહેવાય !"

પછી મહારાજે ત્યાં બેઠેલા જીવુબા, લાડુબાને કહેવરાવ્યું, આજે તો કંસાર જમવો છે. દાદો તો બધી વિદ્યામાં પાવરધો થઈ ગયો છે, તેનું અમને ગૌરવ થયું છે. આજના જેવો બીજો રૂડો કયો દિવસ હોઈ શકે ?

જીવુબાએ તરત જ કહેવરાવ્યું : "મહારાજ ! હમણાં જ કંસારના આંધણ મૂકી દઈએ છીએ. પણ ઘી આપે પીરસવું જોશે." મહારાજે તે કબૂલ્યું.

મહારાજ થોડી વારે અક્ષર ઓરડીમાં પધાર્યા. એટલામાં બ્રહ્મચારી થાળ લાવ્યા. થાળમાં કંસાર હતો. પાછળ જ જીવુબા ઘીની તાંબડી લઈને આવ્યાં. મહારાજની થાળીમાં કંસાર હતો તેમાં પોતે ઘી રેડવા લાગ્યાં. મહારાજે 'હં હં' કહ્યું, છતાં જીવુબા આજે આનંદમાં હતાં. તેમણે કહ્યું : "મહારાજ ! આજ તો આપ ફક્ત કંસાર જ જમો." એમ કહી તેમણે કંસાર સારી રીતે મસળ્યો.

મહારાજે કહ્યું : "અમે ઝાઝું જમી શકતા નથી." એમ કહી અલ્પ જમી તે બધી પ્રસાદી જીવુબાને આપી દીધી અને કહ્યું : "થોડી થોડી પ્રસાદી બધાને આપજો." જીવુબા પ્રસાદીનો થાળ લઈને ગયાં.

મહારાજ જમી રહ્યા પછી ચળું કરી, હાથ લૂછી, સંતની પંક્તિમાં ઘી પીરસવા પધાર્યા. સૌને સારી રીતે પીરસ્યું. ભગુજીને તરબોળ કરી દીધા.

મહારાજે તેમને કહ્યું : “ભગુજી ! તમે તો અજેય જ રહેશો. આ બ્રહ્માંડમાં તમને કોઈ જીતી શકશે નહીં.”

એટલે પાસે બેઠેલા પાર્ષદે કહ્યું : “મહારાજ ! પણ દાદાખાચર પાસે તો તે હાર્યા ને !”

એટલે મહારાજે કહ્યું : “હાર્યા ન કહેવાય ! પણ દાદો એ દાદો !”

ભગુજી આ સાંભળી રાજી થયા. તેમણે હાથ જોડી મહારાજને કહ્યું : “મહારાજ ! દાદા બાપુ પછી મારું સ્થાન આવે તે તો મારાં ખરેખરાં અહોભાગ્ય કહેવાય !” મહારાજ હાથ ધોઈ અક્ષર ઓરડીમાં પધાર્યા.

✧

માગશર માસ બેસી ગયો હતો. ટાઢનો ચમકાર વિશેષ હતો. મહારાજ અક્ષર ઓરડીમાં કે બીજે જ્યાં જ્યાં પધારતા ત્યાં કઢાયામાં લાકડાં નંખાવી તાપણી કરાવતા. વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીએ મહારાજ ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. તે વખતે પાસે જ તાપણી કરી હતી. મહારાજ ધીરે ધીરે તાપતા હતા. બ્રહ્મચારી લૂગડાંના ગોટા ગરમ કરી મહારાજને વાંસે શેક કરતા હતા.

આ બળતણ તો સોનાના લાટા કરતાં પણ અધિક છે

ભાઈ આત્માનંદ સ્વામી આ વખતે પીઠવડી ગયા હતા. તેમણે ત્યાં ભગાને તથા મૂળાને કહ્યું : “ટાણાની એક સેવા છે, કરશો ?”

ત્યારે તેમણે હાથ જોડી કહ્યું : “સ્વામી ! આપ બતાવો. અમે જરૂર કરીશું.”

એટલે ભાઈ સ્વામીએ કહ્યું : “અત્યારે ટાઢ બહુ પડે છે. મહારાજ પાસે અખંડ તાપણી રાખવી પડે છે. માટે બળતણ ગઢડે પહોંચાડો તો મહારાજ રાજી થઈ જશે.”

આ સાંભળી બંને ભાઈઓએ કહ્યું : “ભલે સ્વામી ! આપની આજ્ઞા પ્રમાણે બળતણનાં લાકડાંનાં ગાડાં ગઢડે પહોંચાડી દઈશું.”

ભાઈ સ્વામી તેમની શ્રદ્ધા જોઈ રાજી થઈ ગયા. તેઓ પીઠવડીમાં જ રોકાયા હતા. આ બંને ભાઈઓ ગાડાં લઈને ગીરમાં ગયા. ત્યાંથી ખેરના લાકડાં કાપી બે ભર ભરીને પીઠવડી લાવ્યા. અહીં સુથાર પાસે ફડાવીને, નાના કટકા કરાવી, બે ગાડાં ભરી, ગઢડા જવા રવાના થયા.

તેઓ જ્યારે ગઢડા પહોંચ્યા, ત્યારે મહારાજ વાસુદેવ નારાયણના

ઓરડાની ઓસરીમાં, ઢોલિયા ઉપર, ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. એટલામાં ભગા તથા મૂળાએ બંને ગાડાં નિંબતરુ નીચે છોડ્યાં. તેમને જોઈ મહારાજે તેમને બોલાવ્યા અને પૂછ્યું : "આ ગાડાં શેનાં લાવ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આપને તાપવા સારુ બળતણ લાવ્યા છીએ."

એટલે મહારાજે તેમને પૂછ્યું : "તમને કોણે કહ્યું ?"

તેમણે કહ્યું : "અમારે ત્યાં ભાઈ આત્માનંદ સ્વામી આવ્યા છે. તેમણે આપના સારુ બળતણ પોગાડવાનું કહ્યું, એટલે લાવ્યા છીએ."

આ સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા : "આ બળતણ તો સોનાના લાટા કરતાં પણ અધિક છે." એમ કહી ગાડાંમાંથી તે લાકડાં ઉતરાવ્યાં.

મહારાજે પછી બ્રહ્મચારીને કહ્યું : "આ ભગા, મૂળાને વાળું કરાવજો અને પછી કોઠારી પાસેથી બળદ માટે ઘી-ગોળ અપાવજો. અને સાંભળો, જ્યાં સુધી આ બંને ભાઈઓ અહીં રહે, ત્યાં સુધી રોજ અમારા થાળમાંથી પ્રસાદી તેમને આપજો." બ્રહ્મચારી એટલું સાંભળી ભગા, મૂળાને લઈને દરબારમાં ગયા.

ભગો તથા મૂળો ચાર દિવસ ગઢડે રોકાયા. પછી પીઠવડી જવા તૈયાર થયા. મહારાજને પગે લાગવા આવ્યા, એટલે મહારાજે તેમને કહ્યું : "આત્માનંદ સ્વામીને કહેજો કે હવે કોઈને લાકડાંનું કહેશો નહીં. નહીં તો અહીં તો ગાડાંનાં ગાડા ઠલવાશે."

સૌ આ સાંભળી હસવા લાગ્યા. એટલે મહારાજે તેમના સામું જોઈ કહ્યું : "આપણે વળી લાકડાં સારુ જુદી વખાર રાખવી પડે."

પછી ભગા, મૂળાને વળાવીને મહારાજે કહ્યું : "કેવા ભોળા ભક્તો છે ! ભગવાન મળે અને ઓળખાય પછી આવી ભોળપ તે ગુણ છે. તેથી અનુવૃત્તિ સાચવવામાં આવા ભક્તો સદા તત્પર રહે. મન બીજા ઘાટ ઘડે નહીં અને ભગવાન સાથે સદા સરળપણે વર્તાય." એટલું કહી મહારાજ ઊઠ્યા અને અક્ષર ઓરડીમાં પધાર્યા.

ધામમાં જવાનો સંકલ્પ થાય છે

મહારાજની પ્રકૃતિ અસ્વસ્થ હતી. પરંતુ તેઓ તે જણાવવા દેતા નહીં. રોજના ક્રમ પ્રમાણે સવારે સભામાં પધારતા, વાતો કરતા, ગમ્મત પણ કરતા. પરંતુ જમવા બેસતા ત્યારે બહુ જ અલ્પ જમતા. બ્રહ્મચારીને આથી જરા મુઝવણ થવા લાગી. તેમણે એક દિવસ મહારાજને પૂછ્યું : "મહારાજ ! આપ

તો સદા થોડું જ જમો છો. પરંતુ હમણાં હમણાં તો તેમાં પણ બહુ ઓછું જમવાનું કરી નાંખ્યું છે, એટલે શરીરે કાંઈ કસર જેવું જણાય છે ?"

મહારાજ આ સાંભળી બ્રહ્મચારી સામું જોઈ રહ્યા. તેમણે કહ્યું : "બ્રહ્મચારી ! હવે અવસ્થા જેવું જણાય છે. મનમાં પણ થાય છે કે પૃથ્વી ઉપર પ્રગટ થઈ એકાંતિક ધર્મની સ્થાપનાનું જે કાર્ય કરવાનું હતું તે પૂરું થયું છે. પંચાળામાં સંકલ્પ કર્યો હતો તે પ્રમાણે હવે કાર્ય પૂરું થયું છે એટલે ધામમાં જવાનો સંકલ્પ થાય છે."

આ સાંભળીને બ્રહ્મચારી જાણે વજ્રપાત થયો હોય તેમ એકદમ પૃથ્વી ઉપર ઢળી પડ્યા ! મહારાજ તે જોઈ તરત જ ઊઠ્યા અને બ્રહ્મચારીના માથા ઉપર હાથ ફેરવ્યો. થોડી વારે બ્રહ્મચારી સ્વસ્થ થયા. તેમણે આંખ ઉઘાડી. પરંતુ મહારાજે કહેલી વાતની સ્મૃતિ થતાં તરત જ આંખો બંધ કરી, બે હાથ માથે મૂકી દીધા. મહારાજને લાગ્યું કે બ્રહ્મચારી હમણાં છૂટે મોંએ રડી પડશે તો ગોકીરો થશે. એટલે મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! ઊઠો. અમે તો તમારી પરીક્ષા કરતા હતા કે જ્યારે પણ અમારે ધામમાં જવાનું થાય ત્યારે તમને શું થાય ?"

બ્રહ્મચારીએ મહારાજને હાથ જોડી દીધા અને કહ્યું : "મહારાજ ! બીજી બધી વાત કરજો, પણ ધામમાં જવાની વાત કરશો નહીં. આખો સત્સંગ રઝળી જશે ! નોધારો થઈ જશે !"

મહારાજ હસ્યા. તેમણે કહ્યું : "આ લોકમાં તો લોકો સિત્તેર ને એંશી સુધી જીવે છે, ત્યારે અમને તો હજુ પૂરાં પચાસ પણ થયાં નથી. આ તો જરા ગમ્મત કરી. તમારા પ્રેમની પરીક્ષા કરી !"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! આપના પહેલાં હું ધામમાં જાઉં એવી મારા ઉપર દયા કરજો."

એટલે મહારાજ હસતાં હસતાં બોલ્યા : "બ્રહ્મચારી ! આપણે અહીં પણ ભેગા છીએ અને ધામમાં પણ ભેગા ! માટે મુઝાશો નહીં."

બ્રહ્મચારી આ સાંભળી ઊભા થઈ ગયા. મહારાજે તેમને કહ્યું : "આજે જરા વધારે શરદી જેવું લાગે છે તો દરબારમાં જઈને બાજરાની રાબ બનાવી લાવો. તેમાં તજ અને લવિંગ નાંખજો." બ્રહ્મચારી આ સાંભળી રાજી થયા. ધામમાં જવાના મહારાજના શબ્દો વિસરાઈ ગયા.

બ્રહ્મચારી તાંસળી ભરીને રાબ લઈ આવ્યા. નીચે બેસી રાબ ઠારી. થોડી ગરમ રહી એટલે મહારાજને થોડી થોડી આપવા લાગ્યા. મહારાજ બધી જ

રાબ પી ગયા. આથી બ્રહ્મચારીને શાંતિ થઈ !

મહારાજને હવે ગઢપુર છોડી વિચરણ કરવા જવાની ઇચ્છા ન હતી. ફક્ત ડુંગરપુરમાં રણછોડજીની મૂર્તિ થતી હતી તેની પ્રતિષ્ઠા વરતાલમાં કરવાની હતી તે એક જ સંકલ્પ થતો હતો. પરંતુ પછી તો મનમાં ને મનમાં નક્કી કરી લીધું કે વખત આવે તે જોયું જશે. કેમ ગોઠવણ કરવી તે ત્યારે નક્કી કરીશું.

મહારાજ બાવાખાચરને રમાડે છે

એક દિવસ સવારના મહારાજ અક્ષર ઓરડીમાં નિત્યવિધિથી પરવારીને બિરાજ્યા હતા. દરબારમાં સભામાં જવાનો વિચાર કરતા હતા એટલામાં મૂળજી બ્રહ્મચારી કેડમાં દાદાખાચરના પુત્ર બાવાખાચરને તેડીને આવતા હતા. આવતાં આવતાં બાવાખાચર સાથે વાત કરતા હતા : "બાવા બાપુ ! આપણે મહારાજ પાસે જાશું ?"

નાનકડા બાવાખાચર હજુ બોલતાં શીખ્યા ન હતા એટલે માથું હલાવતા હતા. પરંતુ મહારાજે બ્રહ્મચારીના શબ્દો સાંભળ્યા. તરત જ મહારાજ જ મોટેથી બોલ્યા : "આવો, આવો, બાવાખાચર ! આવો."

ત્યાં તો બ્રહ્મચારી અક્ષર ઓરડીમાં આવી ગયા. મહારાજ તે વખતે ઢોલિયા ઉપર પલાંઠી વાળીને બિરાજ્યા હતા.

બ્રહ્મચારીએ બાવાખાચરને નીચે મૂક્યા. બાવાખાચર નિત્યની ટેવ પ્રમાણે મહારાજના પગનો અંગૂઠો ગોતવા લાગ્યા, પણ મહારાજે તે ઢાંકી દીધો. એટલે બાવાખાચરે મહારાજના ઢોલિયાની ઈસ પકડી પ્રદક્ષિણા કરી પણ મહારાજનો અંગૂઠો તેને જડ્યો નહીં. જસુબા રોજ બાવાખાચરને નવરાવી, ધોયેલાં વસ્ત્રો પહેરાવી, મહારાજ પાસે લાવી, તેમનાં ચરણમાં મૂકી દેતાં. મહારાજ જમણો ચરણ ઊંચો કરતા એટલે તેમનો અંગૂઠો બાવાખાચર મોઢામાં લઈ ચૂસતા હતા. તે ટેવ પ્રમાણે આજે પણ બાવાખાચરને મહારાજનો અંગૂઠો શોધતાં ન મળ્યો એટલે તે મહારાજની મોજડી ચૂસવા માંડ્યા. મહારાજ ઊઠ્યા અને તેમની સામે આવી ઊભા રહ્યા. બાવાખાચર હજુ થોડું થોડું ઊભા રહેવાનું શીખ્યા હતા.

મહારાજે તેના બે ગાલ ઉપર બંને હાથ મૂકી વહાલથી દબાવ્યા અને વહાલ કરતાં તેને પૂછ્યું : "બાવાખાચર ! અમને ઓળખો છો ?" એટલે બાવાખાચરે બે હાથમાં મહારાજની મોજડી પકડી જાણે મહારાજને પગે લાગતા હોય તેમ ચેષ્ટા કરી. મહારાજ પણ તેને રમાડતાં હાથનાં લટકાં કરવા લાગ્યા.

દૂરથી જસુબા તથા મોટીબા આ લીલા જોઈ રહ્યાં હતાં. તેમને આ પળ ધન્ય લાગી. દાદાનો પરિવાર પણ મહારાજના સંબંધથી ધન્ય બની ગયો હતો. થોડી વારે ધીમેથી મોટીબાએ કહ્યું : "જસુબા ! આ તો મહારાજના સંકલ્પનો કુંવર છે. તે મહારાજ લાડ લડાવે તેમાં શું નવાઈ ! ચાલ, ચાલ, આપણે જતાં રહીએ, મહારાજ જોઈ જશે તો બાવાખાચરને રમાડતા બંધ થઈ જશે."

બંને તરત જ ત્યાંથી દરબારમાં જતાં રહ્યાં.

મહારાજે ફરી બાવાખાચરને પૂછ્યું : "બાવાખાચર, અમને ઓળખો છો ?" પછી પોતે જ બોલ્યા : "કહો ઓળખું છું." એટલું કહી મહારાજે પોતાનો જમણો ચરણ તેમના તરફ લંબાવ્યો. બાવાખાચર તરત જ અંગૂઠો મોઢામાં લઈ ચૂસવા લાગ્યા. મહારાજ તેની આ ચેષ્ટા જોઈ રહ્યા. પછી હસતાં હસતાં કહ્યું : "બાવાખાચર ! આ અંગૂઠામાં દૂધ નથી, પણ તેનું માહાત્મ્ય ઘણું છે. દૂધ તો તમારી મા પાસે છે." એમ કહી મહારાજે તેની સાથે ખૂબ ગમ્મત કરી. થોડી થોડી વારે મહારાજ અંગૂઠો ખેંચી લે એટલે બાવાખાચર રડવા લાગે. વળી, કોઈ વખત તો તેનો નાનકડો હાથ મહારાજના પગ ઉપર પછાડે. તે જોઈ મહારાજ હસતાં હસતાં બોલતા : "માળો, મારકણો થશે."

પછી બ્રહ્મચારીને કહ્યું : "હવે આને દરબારમાં લઈ જાવ !"

મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે : આ.સં. ૧૮૮૬

પોષ બેઠો અને મહારાજના ગળા ઉપર ઝીણી ઝીણી ફોડલી નીકળી. આ ફોડલીમાંથી એક ફોડલી વધતાં વધતાં મોટી થઈ. પરંતુ તેમાં પાક થતો ન હતો, છતાં દુખાવો સખત રહેવા લાગ્યો. આ દુખાવાને લીધે મહારાજને તાવ પણ શરૂ થયો. મહારાજે અક્ષર ઓરડીમાંથી બહાર નીકળવાનું બંધ કર્યું. બ્રહ્મચારીને મહારાજના આ મંદવાડથી તેમણે આગળ કહેલા શબ્દો યાદ આવી ગયા અને અંતરમાં ધ્રાસકો પડ્યો ! પરંતુ કોઈની આગળ આવું અશુભ કહેવું તે તેમને ઠીક ન લાગ્યું. તેથી ચિંતાગ્રસ્ત સ્થિતિમાં તેઓ મહારાજની સેવામાં મંડી પડ્યા.

નિત્યાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને પણ મહારાજના મંદવાડથી ચિંતા થવા લાગી. તે ગૂમડું મટાડવા અનેક પ્રકારના ઔષધ તેમણે શરૂ કર્યાં. પરંતુ તે ન તો નરમ પડે કે ન ફાટે. આ પીડાથી મહારાજે ખોરાક લેવાનું છોડી દીધું. ક્યારેક બાજરાની રાબ પીવે, તો ક્યારેક ફક્ત દૂધ જ પીવે. બ્રહ્મચારી

ઘણી વાર નરમ ખીચડી બનાવીને લાવે ત્યારે તે જોઈ મહારાજ અણગમો બતાવે અને તેમને વઢતાં વઢતાં કહે : "તમે ખીચડીમાં સારી પેઠે ઘી નાંખીને લાવો છો, તે તમને તો એમ થતું હશે કે મહારાજ જમે અને ઘીથી શરીર પુષ્ટ થાય. પણ હવે એ આશા મૂકી દેજો !"

બ્રહ્મચારી આ સાંભળી અવાક્ થઈ જતા. તેમને થતું કે મહારાજે જે વાત અગાઉ કરી હતી તે કદાચ સાચી પણ પડે. મનમાં મુઝાવાને બદલે તેમણે નક્કી કર્યું કે આ વાત મોટેરા સંતો નિત્યાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને તો કહેવી જ.

નિત્યાનંદ સ્વામીએ મહારાજની સેવામાં દિવસ-રાત જુદા જુદા સંતો ગોઠવી દીધા હતા. રાતના વારાના સંતો આખી રાત જાગતા. મહારાજ પોઢી જતા તોપણ આ સેવા કરનારા સંતો તો જાગતા જ બેસી રહેતા. ક્યારેક મહારાજને પાણી પીવું હોય કે લઘુ કરવા જવું હોય તો બે સંતો મહારાજને ઊઠાડતા. પીવાનું પાણી મહારાજની સૂચના અનુસાર જ્યારે મહારાજ માગે ત્યારે ગાળીને જ આપતા. મુક્તાનંદ સ્વામી વૈદું જાણતા હતા એટલે ગૂમડા ઉપર તેમની સારવાર ચાલતી હતી. પરંતુ પીડા વધતી જ જતી હતી. આથી સૌ સંતો તથા દાદાખાચર, જીવુબા, લાડુબા વગેરે ચિંતાગ્રસ્ત બની ગયાં.

એક દિવસ મહારાજ સવારે સ્નાન કરી, ઢોલિયા ઉપર, પાછળ તકિયે ઓઠિંગણ દઈને બિરાજમાન થયા હતા. તે વખતે મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "નિત્યાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને બોલાવો."

બ્રહ્મચારી તરત જ તેમને બોલાવવા ગયા. બંને સદ્ગુરુઓ મહારાજ પાસે આવી ગયા. એટલે મહારાજે તેમને કહ્યું : "બ્રહ્માનંદ, ચૈતન્યાનંદ, અખંડાનંદ બ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, વૈકુંઠાનંદ, વૈષ્ણવાનંદ, નારાયણાનંદ," આટલાં નામ બોલતાં મહારાજ થાકી ગયા. આંગળીના વેઢા ઉપર તેમની એક આંગળી હતી. કોને કોને બોલાવવા તે ગણતરી કરીને મહારાજ બોલતા હતા. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "અમે બધાને જ બોલાવીએ છીએ. આપને થાક લાગ્યો છે તો આપ બોલશો નહીં." મહારાજ શ્વાસ ખાતા હતા.

અક્ષરમુક્તો ધામમાં પધારવા માટે અમારી સ્તુતિ કરે છે

મુક્તાનંદ સ્વામીએ તરત જ ચાર પાર્ષદોને આ બધા સંતોને તેમજ

દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, ભગુજી, રતનજી, મિયાંજી તથા દીનાનાથ ભટ્ટ, મયારામ ભટ્ટ, બેચરભાઈ, જોગેશ્વર, લાધા ઠક્કર, પૂંજા શેઠ, તેજાભાઈ, હરજી ઠક્કર તથા લાલજી તેમજ સ્ત્રીઓમાં જીવુબા, લાડુબા, અમરીબા, રાજબાઈ, સુવાસિની ભાભી, વરિયાળી વગેરે મુખ્ય મુખ્ય ભક્તોને બોલાવ્યાં. તેઓ સૌ આવી ગયાં અને યથાસ્થાને બેઠાં. ત્યારે મહારાજે તેમને સૌને સંબોધીને કહ્યું : "અમે ભાગવત ધર્મનું સ્થાપન કરવા અને તેનું પ્રસારણ કરવા પ્રગટ થયા હતા. તે કામ પૂરું થઈ ગયું છે. હવે અક્ષરમુક્તો અમને ધામમાં પધારવા માટે અમારી સ્તુતિ કરી રહ્યા છે. અમારે પણ હવે એ જ સંકલ્પ છે. તો તમે સૌ રાજી થઈને રજા આપો."

જાણે વીજળી પડી હોય અને બધાં શબવત્ બની ગયાં હોય તેમ મહારાજના શબ્દો સાંભળી સૌ સ્તબ્ધ બની ગયાં ! કોઈ કાંઈ બોલી શક્યાં નહીં. મહારાજે પણ જાણ્યું કે ફક્ત આટલા સંકલ્પની વાત કરી ત્યાં જ મારા આ સૌ ભક્તોના પ્રાણ જાણે ચાલ્યા ગયા હોય તેવી સ્થિતિ થઈ ગઈ, તો હું ધામમાં જઈશ તો તેમનાં સૌનું શું થશે ? બે ઘડી તો મહારાજ પણ કાંઈ બોલ્યા નહીં.

ગોપાળાનંદ સ્વામી મહારાજના આ શબ્દો સાંભળી સ્થિર દૃષ્ટિથી મહારાજ સન્મુખ જોઈ રહ્યા. તેમના અંતરમાં સ્થિરતા હતી. મહારાજની મરજી તેઓ સમજતા હતા. તે પ્રમાણે જ તેમનું વર્તન હતું. મહારાજના મુખારવિંદ ઉપર મક્કમતાના ભાવ જોઈ તેમને લાગ્યું કે મહારાજ કૃતનિશ્ચયી છે, એટલે જે સંકલ્પ કર્યો તે કદી મૂકશે નહીં. તેમણે મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! આપ તો સૌના જીવનપ્રાણ છો. આપ આવો સંકલ્પ કરો એટલે કોઈનાયે પ્રાણ દેહમાં રહેશે નહીં. છતાં આપ કૃતનિશ્ચયી છો એટલે આપે કરેલા નિશ્ચયમાં કોઈ ફેરફાર કરાવી શકે તેમ નથી. વળી, અમારે સૌને પણ આપની મરજી અનુસાર જ વર્તવું છે. પરંતુ આપે આટલાં વરસો સુધી આટલું અપાર સુખ આપ્યું તે એકાએક ચાલ્યું જશે તો સમગ્ર સત્સંગ મૃતઃપ્રાય થઈ જશે ! તેમની આ દુઃખદ સ્થિતિનો પણ આપે ખ્યાલ રાખવો જોઈએ. સૌના વતી આપને મારી આ પ્રાર્થના છે."

મહારાજે તેમની પ્રાર્થના સાંભળી, પરંતુ કાંઈ જ બોલ્યા નહીં. મહારાજ થાકેલા જણાતા હતા. તેથી તેઓ ઢોલિયામાં પોઢી ગયા. ભક્તો સૌ શૂન્યમનસ્ક બની ધીરે ધીરે બહાર જવા લાગ્યા.

વડોદરાથી મીર સાહેબ મહારાજનાં દર્શને આવે છે

મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા તે સમાચાર મળતાં ગાયકવાડના સૂબા મીર સાહેબ મહારાજનાં દર્શને આવ્યા. અગાઉ તેમને મહારાજનાં દર્શનથી જ અનિદ્રાનો રોગ મટ્યો હતો. તેથી મહારાજનો પ્રતાપ જાણી તેમને ખુદા જેવા તે સમજતા હતા. મહારાજે તેમને લક્ષ્મીબાગમાં ઉતારો આપ્યો. ઉતારે જઈ પરવારી તેઓ મહારાજનાં દર્શન કરવા આવ્યા. બંને ગોઠણ ઉપર બેસી તેમની રીત પ્રમાણે તેમણે મહારાજને કુર્નિશ કરી. પછી મહારાજની બંદગી કરતાં તેમણે કહ્યું : "પ્રભુ ! આપનો જાણે કે અજાણે કાંઈ અપરાધ થયો હોય તો તેની માફી માંગુ છું. મારી ઇચ્છા છે કે આપ લક્ષ્મીબાગમાં જ્યાં મને આપે ઉતારો આપ્યો છે ત્યાં પધારો, તો આપની મારે પૂજા કરવી છે."

મહારાજે કહ્યું : "ભલે, સાંજે અમે ત્યાં આવીશું."

સંતો આ સાંભળી રાજી થયા. તેમને થયું કે આ રીતે પણ મહારાજ જો સ્વસ્થ થઈ જાય તો સમગ્ર સત્સંગનાં ભાગ્ય ઉઘડી જાય.

સાંજે મહારાજે લક્ષ્મીવાડીએ જવા તૈયારી કરી. મહારાજ માટે ગાડું તૈયાર કર્યું. તેમાં ગાદલાં પાથર્યાં. પાછળ તકિયા ગોઠવ્યા. મહારાજ ગાડામાં એકદમ ચડી ગયા. મહારાજની સ્ફૂર્તિ જોઈ બધાને ખૂબ જ આનંદ થયો. સૌ સંતો તથા દાદાખાચર, પાર્ષદો વગેરે પણ મહારાજની સાથે ચાલ્યા.

મહારાજ લક્ષ્મીવાડીમાં પધાર્યા. મીર સાહેબ દરવાજા પાસે જ મહારાજના સ્વાગત માટે ઊભા હતા. મહારાજનો હાથ પકડી તેમણે ગાડામાંથી ઉતાર્યા. પોતાના ઉતારામાં મહારાજ માટે ગાદી-તકિયા બિછાવી રાખ્યા હતા. તે ઉપર કિંમતી ગાલીચા પાથર્યા હતા. મહારાજ તે ઉપર બિરાજ્યા. મીર સાહેબે મહારાજનું પૂજન કર્યું. પછી કિંમતી પોષાક ધરાવ્યો. વળી, પોતે તેમની સાથે એક સુંદર મેનો તૈયાર કરાવીને લાવ્યા હતા. મહારાજ તેમાં બેસીને વિચરણ કરે તે તેમની ઇચ્છા હતી. આ મેનો પણ તેમણે મહારાજને અર્પણ કર્યો અને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપ આરામથી આ મેનામાં બેસી વિચરણ કરો એવા સંકલ્પથી મેં આ મેનો ખાસ કારીગર પાસે તૈયાર કરાવ્યો છે. તેમાં કમાનો પણ જડી છે, જેથી રસ્તામાં રોદા આવે છતાં આપને તેના હેલા લાગે નહીં, એવી કરામત કરી છે."

મહારાજ મેનો જોઈ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "તમારો ભાવ છે તો

અમે આ મેનામાં જ મુસાફરી કરીશું.''

મીર સાહેબ મહારાજની આ કૃપાથી કૃતકૃત્ય થઈ ગયા !

મહારાજે પાર્ષદોને મીર સાહેબને જમાડવા માટે બરોબર બંદોબસ્ત કરવાની સૂચના આપી. થોડી વારે પોતે ઊઠ્યા. એટલે મીર સાહેબે ફરી હાથ જોડ્યા અને કહ્યું : ''મહારાજ ! જમ્યા પછી જવાની મને આજ્ઞા આપો અને મારા ઉપર અખંડ રહેમ રાખજો.'' મહારાજે તેમના માથા ઉપર બે હાથ મૂક્યા.

પછી મહારાજ ત્યાંથી મેનામાં બેસી દરબારમાં પધાર્યા.

મહારાજ હવે પોતાની માંદગીને ગંભીર સ્વરૂપ આપવા લાગ્યા. અત્યાર સુધી તો કોઈ કોઈ વખત અક્ષર ઓરડીમાંથી બહાર પધારતા, કોઈ વખત સભામાં પણ બિરાજતા. પરંતુ છેલ્લા લગભગ પાંચ-છ દિવસથી મહારાજ અક્ષર ઓરડીમાં જ પલંગમાં પોઢી રહેતા. ગૂમડાનું દર્દ વધતું હતું અને ખોરાક લેવાતો ન હતો. શરીર કૃશ થવા લાગ્યું. આ પરિસ્થિતિથી ગોપાળાનંદ સ્વામી સમજી ગયા કે મહારાજે ધામમાં જવા નિર્ધાર કરી લીધો છે. પરંતુ સંપૂર્ણ હિંમત રાખી મહારાજની સારવારમાં પોતે અવિરતપણે જોડાઈ ગયા તેમજ ભક્તિ-ભાવવાળા સંતો પણ મદદમાં રાખ્યા. મહારાજને ઢોલિયામાં બેસારવા માટે હાથ પકડવા પડતા. તે જ પ્રમાણે શૌચક્રિયા કરાવવા પણ બે સંતો હાથ પકડીને લઈ જતા. આવી માંદગી છતાં મહારાજ શૌચક્રિયા કરીને અચૂક સ્નાન કરતા. પ્રાતર્વિધિ તમામ નિયમિત કરતા. દાદાખાચર તથા તેમનો સમગ્ર પરિવાર મહારાજે ગ્રહણ કરેલી આ માંદગીથી આઘાતગ્રસ્ત બની ગયો હતો ! સંતો, હરિભક્તો પણ શોકમાં ડૂબી ગયા હતા. મહારાજે મોટેરા તમામ સંતોને કહ્યું હતું કે સત્સંગમાં કોઈને માંદગીના સમાચાર આપવાના નથી. આથી સૌ શૂન્ય-મનસ્ક બની રોજની ક્રિયા યંત્રવત્ કરવા લાગ્યા.



ઉદ્‌ગીથ ૨૩

રાજકોટમા ગવર્નર સાથે મુલાકાત

(આ.સં. ૧૮૮૬, ઈ.સ. ૧૮૩૦)

મુંબઈના ગવર્નર મહારાજને રાજકોટ પધારવા આમંત્રણ મોકલે છે

[૧૩૩]આ.સં. ૧૮૮૬ના મહા વદ બારશને દિવસે, પૂર્વે વડોદરાના રેસિડેન્ટ કલેક્ટર રહી ચૂકેલા અને તે સમયે મુંબઈ ઇલાકાના ગવર્નરના સેક્રેટરી તરીકે ફરજ બજાવતા થોમસ વિલિયમ્સનનો મહારાજ ઉપરનો પત્ર લઈને તેમનો કાસદ માતાદીન રાજકોટથી ગઢપુર આવ્યો. પત્રમાં તેમણે લખ્યું હતું કે "મુંબઈના ગવર્નર સર જ્હૉન માલ્કમ રાજકોટ કામ પ્રસંગે આવ્યા છે અને આપના કાર્યની પ્રશંસા સાંભળી આપને મળવા ખૂબ જ ઇંતેજાર થયા છે. તો આપ રાજકોટ તેમને મળવા માટે પધારવા કૃપા કરશો."

આ પત્ર મહા વદમાં લખેલો હતો. શુકમનિએ આ પત્ર મહારાજ પાસે વાંચ્યો. મહારાજે કહ્યું : "આવી પરિસ્થિતિમાં રાજકોટ શી રીતે જવાય ? માટે વિનયપૂર્વક લખો કે સ્વામિનારાયણ તેમની નાદુરસ્ત તબિયતને લઈને રાજકોટ આવી શકશે નહીં." મહારાજની આજ્ઞા પ્રમાણે શુકમુનિએ મહા વદ તેરશના દિવસે મહારાજની સૂચના પ્રમાણે આશીર્વાદ સાથે મહારાજની અસ્વસ્થ તબિયતને લઈને રાજકોટ આવી શકાશે નહીં તેવો પત્ર લખ્યો અને તે પત્ર માતાદીનને આપ્યો.

આ બાજુ રાજકોટમાં બીજી ઘટના બને છે. ગવર્નર શ્રી માલ્કમ સાહેબની

---

૧૩૩. મુંબઈ ઇલાકાના ગવર્નર સર જ્હૉન માલ્કમને સકારણ રાજકોટ પધારવાનું થયું. તે વખતે તેમને ઘણા લોકો પાસેથી 'સ્વામિનારાયણ'નો મહિમા અને કાર્ય વિષે જાણકારી મળી. તેથી તેમણે શ્રીજીમહારાજની અંગત મુલાકાત લેવા પ્રબળ વિચાર કર્યો અને રેસિડેન્ટ કલેક્ટર થોમસ વિલિયમ્સનને આ માટે ઘટતું કરવા જણાવ્યું. ને પત્ર લખી મુલાકાત નિશ્ચિત કરવા કહ્યું. (હરિલીલામૃત : ૯/૭)

એક્ટીંગ પોલિટિકલ એજન્ટ મિ. બ્લેઈન સાથે મુલાકાત થાય છે. શ્રી બ્લેઈને શ્રીહરિના પ્રભાવની ચર્ચામાં મહારાજના કાર્યની ઘણી પ્રશસ્તિ કરી. આ અગાઉ માલ્કમ સાહેબે થોમસ વિલિયમ્સન તથા અન્ય અંગ્રેજ અધિકારીઓ પાસેથી મહારાજની ખૂબ પ્રશંસા સાંભળી હતી. તેમાં વળી બ્લેઈન સાથેની ચર્ચાથી તેઓ શ્રીજીમહારાજને મળવા વધુ ઉત્સુક-અધીર બન્યા. એટલે હજી તો પહેલા પત્રનો ઉત્તર નથી આવ્યો ત્યાં તેમણે મિ. બ્લેઈનને કહ્યું : "તમે બીજો પત્ર ફરી લખો અને હમણાં ને હમણાં જ કાસદ મોકલાવો. ને પત્રમાં મારા પ્રણામ લખજો અને મારે તેમને મળવાનું ઘણું કામ છે એમ ભારપૂર્વક લખજો."

મિ. બ્લેઈને તરત જ મહારાજ ઉપર માઘ વદ ૧૪ના દિવસે તા. ૨૨-૨-૧૮૩૦ને સોમવારે, ૫૪૩-જાવક નંબરનો બીજો પત્ર લખ્યો : "માલ્કમ સાહેબ આપને મળવા ખૂબ ચાહે છે ને તે આતુર છે. તેઓશ્રીની મરજીથી આ પત્ર લખ્યો છે. તેઓ રાજકોટમાં મળવા માંગે છે. તો આપ કૃપા કરી રાજકોટ પધારશો. સાહેબ આપને મળીને ખૂબ પ્રસન્ન થશે."

આ પત્ર લખી તેમણે પીરભાઈને આપ્યો અને કહ્યું : "જલદી ગઢડા જાઓ અને ભગવાન સ્વામિનારાયણને આ પત્ર પહોંચાડો."

અસવાર પીરભાઈ તરત જ પત્ર લઈને ગઢડા જવા ઊપડ્યા. ફાગણ સુદ પડવે ગઢડા આવીને મહારાજને તેમણે પત્ર પહોંચાડ્યો. આ પત્ર આવ્યો એટલે મહારાજે અક્ષર ઓરડીમાં મોટેરા સંતો અને દાદાખાચર, સુરાખાચર વગેરેને બોલાવ્યા. શુકમુનિ પાસે પત્ર વંચાવ્યો. પછી મહારાજે સૌને પૂછ્યું : "મુંબઈના હાકેમ સાહેબનો આ બીજો પત્ર આવ્યો. તો હવે આપણે શું કરીશું ?"

ત્યારે મોટેરા સંતોએ કહ્યું : "મહારાજ ! આપની તબિયત બરોબર નથી અને રાજકોટ સુધી મુસાફરી આવી તબિયતે થઈ શકે નહીં. માટે આ સ્થિતિમાં રાજકોટ જવાનું નક્કી કરીએ તો તબિયત વધુ ખરાબ થાય."

આ સાંભળી અંતર્યામી મહારાજ બધું જાણતા હતા છતાં મૌન રહ્યા. કાસદ પીરભાઈને જમાડવાની વગેરે વ્યવસ્થા કરવા જણાવ્યું.

બીજી બાજુ રાજકોટમાં ફાગણ સુદ ૨ના દિવસે મહારાજનો પહેલો ઉત્તર પહોંચ્યો. એ જ વખતે રાજકોટની પોલિટિકલ એજન્ટની કચેરીમાં ભીમ ભક્ત મહારાજનો કાંઈ પત્ર આવ્યો કે નહીં તે ખબર કાઢવા આવ્યા હતા. માતાદીન કાસદ પહેલા પત્રનો ઉત્તર લઈને આવ્યો. તે ગવર્નર સાહેબ પાસે વાંચ્યો. તેમને અત્યંત નિરાશા થઈ અને ઉદાસ થઈ ગયા. તેમણે તેમના અંગત કારકુન

છોટમલાલને કહ્યું : "તમે મને સ્વામિનારાયણની મુલાકાત કરાવી આપો."

તે સાંભળી છોટમલાલે ભીમ ભક્તને કહ્યું : "સાહેબને ભગવાન સ્વામિનારાયણને મળવાની તીવ્ર ઉત્કંઠા છે, તો તમો ફરી પત્ર લખી ખેપિયો મોકલાવી આપો."

આ સાંભળી ભીમ ભક્ત તરત જ ઘેર ગયા અને મહારાજ ઉપર તેમણે પત્ર લખ્યો : "સ્વસ્તિ શ્રી ગઢડું મહાશુભસ્થાને પરમ ગુરુ પરમાત્મા અનેક જન ઉદ્ધારવાને તતપર દિનબંધુ દયાસીંધુ ભક્ત વછલ સ્વામિશ્રીજી મહારાજ શ્રી સહજાનંદજી ચર્ણાન શ્રી રાજકોટથિ લીખિતં દાસાનુદાસ ભક્ત ભીમના સાસટાંગ ડંડવત અંગિકાર કરજો. બીજું લખવા કાર્ણ એ છે જે અમો સરકારની કચારિમાં બેઠા હતા તારે શ્રી છોટમલાલે કયું જે તમારે સ્વામિનારાયણને તેડાવવા હોય તો સરકારનો અસવાર ગયો છે તોય પણ તમે કાશીદ મુકો. આંહયાં શ્યાબને મલ્યાની ઉમેદ છે અને દેશકાલ પણ રુડો જણાય છે. પછે તો શ્રીજીમહારાજની નજરમાં આવે તેમ ખરું. સંવત ૧૮૮૬ના ફાગણ સુદ ૨ને દિવસે લખ્યો."[૧૩૪]

આ સાથે અંગત મંત્રી મિ. થોમસ વિલિયમ્સને પણ ગવર્નર સાહેબના આદેશથી તે જ મિતિનો એક વધુ પત્ર મહારાજ ઉપર લખ્યો.[૧૩૫] તે બંને પત્રો ભુજથી રાજકોટ આવેલા સંતોની સાથે ગઢપુર મોકલ્યા.

મહારાજ સર માલ્કમ સાહેબની આતુરતા સમજતા હતા. ત્રીજો અને ચોથો પત્ર પણ આવે છે તે અંતર્યામીપણે તેમણે જાણ્યું. તેથી તરત જ તેમણે દાદાખાચરને બોલાવ્યા. તેમને કહ્યું : "મુંબઈના હાકમ સાહેબ બહુ જ દિલગીર થઈ ગયા છે, એટલે આપણે રાજકોટ જવું પડશે. તમારે તથા સુરાખાચરને સાથે આવવાનું છે. બીજા પાર્ષદો જેમને લેવા ઘટે તેમને પણ તૈયાર કરો. ગોપાળ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને પણ સાથે લેવાના છે."

દાદાખાચરને આ સાંભળી આશ્ચર્ય થયું ! છતાં મહારાજ જે ભાવથી બોલ્યા તે શબ્દોમાં જોમ હતું. તેથી તેમને થયું કે કદાચ આ પ્રસંગથી મહારાજ માંદગી દૂર પણ કરી દે. એટલે તેમને આનંદ થયો.

મહારાજે તેમને કહ્યું : "સંતોને અહીં મોકલો." તરત જ ગોપાળ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ મહારાજ પાસે આવી ગયા. મહારાજ ઢોલિયામાં બિરાજમાન થયા હતા. તેમની પ્રકૃતિ અચાનક

૧૩૪. શ્રીહરિનું સચિત્ર જીવનચરિત્ર; પા. ૩૮૫

૧૩૫. જુઓ પરિશિષ્ટ.

સ્વસ્થ જણાણી. આથી આ સદ્‌ગુરુઓને અતિ આનંદ થયો. મહારાજે તેમને કહ્યું : "આજે જ આપણે રાજકોટ જવું છે. મીર સાહેબે આપેલો મેનો તૈયાર કરાવો. બીજા સિગરામ લઈ લ્યો. બે દિવસમાં રાજકોટ પહોંચી જવું છે. હાકેમ સાહેબનો ત્રીજો પત્ર પણ આવી રહ્યો છે. આપણે નહીં જઈએ તો તેઓ પોતે અહીં આવશે. પરંતુ તેથી દાદાખાચરની આવી નાની રિયાસતમાં તેમનું યથાયોગ્ય સન્માન થઈ શકશે નહીં. એટલે આપણે જ જવું જોઈએ."

મહારાજ એકધારું બોલતા હતા. તેમની સ્વસ્થતા જોઈ સદ્‌ગુરુઓને આનંદ થયો. તેમને પ્રતીતિ થઈ કે આ પ્રસંગથી મહારાજ માંદગી છોડી દેશે. આપણી પ્રાર્થના સ્વીકારશે. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! આપની જેવી મરજી !"

મહારાજ રાજકોટ જવા નીકળે છે

મહારાજ તે જ દિવસે મીર સાહેબના મેનામાં બેસી ગઢપુરથી રાજકોટ જવા નીકળ્યા. બંને આચાર્યોને પણ સાથે લીધા. બીજા સદ્‌ગુરુઓ, પાર્ષદો, દાદાખાચર, સુરાખાચર વગેરે કાઠી દરબારો પણ સાથે હતા. સાહેબે મોકલેલા સવાર શ્રી પીરભાઈને પણ સાથે લીધા.

ફાગણ સુદ ૨ને બપોરે ખંભાળા પહોંચ્યા. મહારાજ પધાર્યા છે તે ખબર પડી એટલે ઓઘડખાચર તેમના ચાર પુત્રો નાગ, માણસિયો, ભાયો અને ગોદડ તેમને લઈને તરત જ પાદરે આવ્યા. તેમણે મહારાજનાં દર્શન કર્યાં. પુત્રોને પણ પગે લગાડ્યા. મહારાજને દરબારમાં પધારવા પ્રાર્થના કરી. પરંતુ મહારાજે કહ્યું : "અમારે રાજકોટ પહોંચવાની ઉતાવળ છે તેથી અત્યારે રોકાવાય તેવું નથી. એટલે તમારે જમાડવાની તાણ હોય તો જે તૈયાર હોય તે તરત જ લાવો."

ઓઘડખાચર તરત જ તેના દરબારમાં ગયા. દરબારમાં જઈને કહ્યું : "હમણાં ને હમણાં રોટલા ઘડી નાંખો. ગોળ, ઘી, અથાણાં, પાપડ તૈયાર કરો. બને તેટલી બાઈઓને તેડી ધમાકામાં બધું તૈયાર કરી નાંખો. મહારાજ રોકાવાની ના કહે છે." એટલું કહી પછી કહ્યું : "મહારાજ માટે સાથવો તૈયાર કરીને મને આપો. પહેલા હું તે લઈ જાઉં."

તરત જ રસોઈની તૈયારી થઈ ગઈ. સાથવો તૈયાર કરીને આપ્યો. તે લઈ ઓઘડખાચર મહારાજ પાસે ગયા. મહારાજને સાથવો આપ્યો અને કહ્યું : "મહારાજ ! આ કાઠીઓ માટે હમણાં જ છાશું આવે છે. આપ તથા ધર્મવંશી અને સંતો સૌ આ સાથવો જમો." મહારાજ સાથવો થોડો જમ્યા. બાકી સૌને

જમાડ્યો. એટલામાં રસોઈ આવી ગઈ. સૌ કાઠી દરબારો જમ્યા.

તરત મહારાજે કરીમભાઈને કહ્યું : "મેનો ચલાવો."

મહારાજ ત્યાંથી વાંકિયાને માર્ગે ચાલ્યા. દાદાખાચર મહારાજના મેનાની સાથે ઘોડી ઉપર ચાલતા હતા. રસ્તામાં મહારાજે ડુંગરાની ધાર ઉપર પાળિયા[૧૩૬] ખોડેલા દીઠા. એટલે મહારાજે દાદાખાચરને પૂછ્યું : "ધિંગાણામાં આટલા બધા મરાણા હશે ?"

ત્યારે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! ધિંગાણાનો કાંઈ મેળ નહીં. જે મરે તેનો પાળિયો ખોડે એવો અમારી ન્યાતમાં રિવાજ છે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "લોકમાં અજ્ઞાન કેટલું છે કે દેહનો સંબંધ છૂટે તોય તેને સંભારી સંભારીને દુઃખી થાય."

એટલામાં સામેથી અસવારો આવતા દીઠા. એટલે મહારાજે પૂછ્યું : "આ કોના અસવારો આવે છે ?"

કરીમભાઈએ કહ્યું : "મહારાજ ! એ તો વાંકિયાના અસવારો આપની સામા આવે છે."

વાંકિયામાં

મહારાજનો મેનો જોઈ ઘેલાખાચરે પોતાની ઘોડી દોડાવી અને મહારાજ સન્મુખ એકદમ આવી ગયા. ઘોડી ઉપરથી ઊતરીને મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમને પૂછ્યું : "મોકોખાચર ઘેર છે ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! બાપુ તો રાજકોટ ગયા છે. પરંતુ આપે વાંકિયા પધારવાનું છે." એટલું કહી તેણે તેની ઘોડી દોડાવી. સવારો પણ તેમની પાછળ ગયા. વાંકિયામાં જઈ સામૈયાની તૈયારી કરી. તે બધા પાદરમાં ઢોલ, ત્રાંસાં શરણાઈયું વગાડતા ઊભા રહ્યા. મહારાજનો સંઘ નીકળ્યો ત્યારે મહારાજે જોયું કે ઘેલાખાચરમાં બાપના સંસ્કાર પૂરા ઊતર્યા છે. હવે તો વાંકિયા જવું જ પડશે. મહારાજે કરીમભાઈને કહ્યું : "આ સામૈયામાં હરિભક્તો આવ્યા છે તેમની પાછળ પાછળ મેનો ચલાવો, વાંકિયામાં રોકાવું પડશે." એટલે કરીમભાઈએ તે પ્રમાણે મેનો ચલાવ્યો. સંઘ બધો પાછળ આવ્યો.

૧૩૬. રાજપૂતો ધિંગાણામાં જ્યારે મૃત્યુ પામે, ત્યારે તેમની સ્મૃતિ માટે પથ્થરના પાળિયા કરી જ્યાં આગળ મૃત્યુ પામ્યા હોય તે જગ્યાએ ખોડે છે. કેટલાક તેનું પૂજન પણ કરે છે.

મોકાખાચરના દરબારમાં મહારાજ પધાર્યા. ઉત્તરાદા બારના ઓરડામાં મહારાજ માટે ઢોલિયો બિછાવીને તૈયાર જ રાખ્યો હતો. મહારાજ મેનામાંથી ઊતર્યા. બ્રહ્મચારીએ હાથ-પગ શુદ્ધ જળથી ધોવરાવ્યા. કોરા રૂમાલથી લૂછ્યા. પછી મહારાજ ઢોલિયામાં બિરાજમાન થયા. સંતો-હરિભક્તોની સભા મહારાજ સન્મુખ થઈ. મહારાજના મુખ ઉપર મુસાફરીનો શ્રમ દેખાતો હતો. વળી, માંદગીને લીધે શરીર પણ કૃશ થઈ ગયું હતું. છતાં થોડી જ્ઞાનવાર્તા કરી. પછી ઉત્તરાદિ કોરે મસ્તક રાખી, દક્ષિણાદિ કોર ચરણારવિંદ અને આથમણી કોર મુખ રાખી (જમણે પડખે) પોઢી ગયા.

એટલામાં આનંદ સ્વામી થાળ તૈયાર કરીને મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ જમવા પધાર્યા. આનંદ સ્વામીએ ભારે ભારે પકવાનો તૈયાર કર્યાં હતાં. આનંદ સ્વામીએ મહારાજને થાળ પીરસ્યો. જેટલાં પકવાનો બનાવ્યાં હતાં તે બધાં જ થાળમાં મૂક્યાં. પરંતુ મહારાજ તો ફક્ત બાટી અને રીંગણાંનો ઓળો જમ્યા. પછી દાળ અને ભાત તેમાં થોડું ઘી નંખાવીને જમ્યા. ચળું કરીને મુખવાસ લઈને થાળની પ્રસાદી ઘેલાખાચરને આપી. મહારાજ પોતાના ઓરડામાં પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

ગુરુ-ચેલા બધા જ રસોઈ કરવા મંડી પડો

થોડી વારમાં ઘેલાખાચર તથા તેમનાં માતુશ્રી સોઢીબા મહારાજ પાસે આવ્યાં અને મહારાજને હાથ જોડી વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! સંતો, પાર્ષદો માટે શીરા-પૂરીની કે લાડુની કે કંસારની રસોઈ બનાવવાની આજ્ઞા આપો."

ત્યારે મહારાજે કહ્યું : "એમાંનું એકે નથી કરવું. દાળ-રોટલા જ કરાવો."

તે સાંભળી ઘેલાખાચરનાં માતુશ્રીએ કહ્યું : "મહારાજ ! દરબાર ઘેર નથી ને અમે સાધુને રોટલા-દાળ જમાડીએ તો અમને ઠપકો આપે ને ! માટે દયા કરી આજ્ઞા આપો."

પરંતુ મહારાજે કહ્યું : "મોકાખાચરને કહેજો કે મહારાજે આજ્ઞા કરી હતી તે પ્રમાણે સાધુને જમાડ્યા છે. માટે જલદી દાળ-રોટલાની તૈયારી કરો."

તેઓ નિરાશ થઈને ગયા. તેઓ નીકળ્યા એટલે મહાનુભાવાનંદ સ્વામી દાખલ થયા. તેમણે કહ્યું : "મહારાજ ! સાધુ થોડા છે અને પાર્ષદો ઝાઝા છે, તો બે ચોકા કરવા પડશે."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે તરત જ કહ્યું : "સ્વામી ! ગુરુ-ચેલા

બધા જ રસોઈ કરવા મંડી પડો તો સાધુ ઓછા નહીં પડે. ગુરુને બેસી રહેવું છે અને બે ચોકા કરાવવા છે. માટે ઝટ તૈયારી કરવા માંડો."

મહાનુભાવાનંદ સ્વામી હસતાં હસતાં નીકળી ગયા.

રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ સાધુની પંક્તિ થઈ. મહારાજ પંડે પીરસવા પધાર્યા. તે વખતે ઘેલાખાચરે તથા તેમનાં માતુશ્રીએ તાજા ગોળના ભીલા તથા ઘીની તાંબડીઓ મહારાજ પાસે મૂકી. મહારાજ આ જોઈ બોલ્યા : "ઘેલાખાચર ! આ તો લાડવા કે શીરા કરતાં પણ અધિક થયું."

ઘેલાખાચરે કહ્યું : "મહારાજ ! ઘરના વાઢનો ગોળ છે અને આપણી ભેંશુંનું તાજું ઘી છે. માટે સૌને સારી પેઠે પીરસીને જમાડો."

તેમનો ભાવ જોઈ મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "તમે ઘી પીરસો અને ગોપાળાનંદ તથા નિત્યાનંદ સ્વામી ગોળ પીરસશે." તે પ્રમાણે ગોળ અને ઘી મહારાજે પીરસાવ્યાં. પછી ખીચડીમાં મહારાજે પોતે સૌને સારી રીતે ઘી પીરસ્યું. સંતો આવી રીતે જમ્યા તેથી ઘેલાખાચર તથા તેમનાં માતુશ્રી તૃપ્ત થઈ ગયાં !

ફાગણ સુદ ૩ને વહેલી સવારે મહારાજ વાંકિયાથી નીકળ્યા. સામે ઘેલાખાચરનાં માતુશ્રી જસાખાચરને કેડમાં તેડીને ઊભાં હતાં. તેને જોઈ મહારાજે તેને કહ્યું : "હવે અમે નીકળીએ છીએ."

એટલે તેણે કહ્યું : "મહારાજ ! દરબાર ઘેર નથી અને વળી ગઈ કાલે પાકી રસોઈ કરવા દીધી નથી, માટે આજે પાકી રસોઈ જમીને પછી જાઓ."

મહારાજે તરત જ કહ્યું : "કાલે તો પાકી રસોઈ કરતાં અધિકું જમાડ્યું છે; માટે રાજી થઈને રજા દ્યો. અમારે રાજકોટ પહોંચવાની ઉતાવળ છે. ત્યાંના સાહેબે અમને તેડવા સવાર મોકલ્યો છે. તે પણ રાજકોટ પહોંચી ગયો છે."

આ સાંભળી તે કાંઈ બોલી શક્યાં નહીં. જસાખાચરને કેડમાંથી ઉતારી મહારાજને પગે લગાડ્યા. મહારાજે જસાખાચરના માથા ઉપર બે હાથ મૂક્યા અને છાતીમાં પોતાનાં ચરણારવિંદ અડાડ્યાં. સૌને રાજી કરીને મહારાજ વાંકિયાથી નીકળ્યા. ઘેલાખાચર તથા ગામના હરિભક્તો મહારાજને વળાવવા પાદર સુધી ગયા. ઢોલ, ત્રાંસાં, શરણાઈઓના ઘોષ કર્યા. બંધૂકો ફોડી ધડાકા કર્યા. એમ વાજતે-ગાજતે મહારાજ નીકળ્યા. પાદરેથી સૌને મહારાજે પાછા વળાવ્યા.

મોટા સાહેબને આપને મળવાની ખૂબ તાણ છે

એકાદ ગાઉ ચાલ્યા હશે ત્યાં સામેથી બે સાધુને આવતા દીઠા. તેઓ પાસે

આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે મેનો ઊભો રખાવ્યો. પછી તેમને પૂછ્યું : "તમે ક્યાંથી આવો છો ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! અમે પરમચૈતન્યાનંદ સ્વામી સાથે ભુજ જાત્રાએ ગયા હતા. ત્યાંથી રાજકોટ આવ્યા એટલે ત્યાંના મોટા સાહેબે આપને તેડાવવાનો પત્ર લખી અમારી સાથે મોકલ્યો છે. આપની અસ્વસ્થ તબિયતને લઈને રાજકોટ આવી શકશો નહીં તેવો મહા વદ ૧૩નો પત્ર વાંચી મોટા સાહેબ નિરાશ થઈ ગયા છે. આપને મળવાની તેમને ખૂબ તાણ છે એટલે આ બે પત્ર મોકલાવ્યા છે."

મહારાજે કહ્યું : "લાવો કાગળ."

તેમણે તરત જ કાગળ મહારાજને આપ્યો. પછી કહ્યું : "મહારાજ ! મોટા સાહેબ તો ગઢપુર આવવા માંગતા હતા, પણ રાજકોટમાં બધાં રજવાડાંને તેડ્યાં છે અને વળી તેમને મુંબઈ જવાની પણ ઉતાવળ છે એટલે આ પત્રો મોકલ્યા છે."

મહારાજે તે પત્ર શુકમુનિને આપ્યો અને કહ્યું : "વાંચો." શુક સ્વામીએ પત્ર વાંચ્યો. તે સાંભળી મહારાજ બોલ્યા : "જેમ મુક્તમુનિ વિનયભર્યાં વચનો લખે છે તેમજ આ સાહેબે પણ લખ્યું છે. સાહેબનો ભાવ ઘણો જ છે."

બંને સાધુઓને મહારાજે સાથે આવવાનું કહ્યું. દાદાખાચરે કહ્યું : "મહારાજ ! આપે તો અગાઉથી જ કહ્યું હતું કે ત્રીજો પત્ર આવી રહ્યો છે તે આ આવ્યો." મહારાજ હસ્યા.

ચાલતાં ચાલતાં આટકોટને પાદરે નીકળ્યા ત્યારે મહારાજે દાદાખાચરને પૂછ્યું : "આ ગામમાં કોઈ સત્સંગી છે ?"

દાદાખાચરે કહ્યું : "મહારાજ ! સત્સંગી તો છે પણ બધા ગરીબ છે."

પછી મહારાજે પૂછ્યું : "આ ગામમાં કાંઈ ટીમણ મળશે ?"

એટલે દાદાખાચરે કહ્યું : "મળશે." એમ કહી પોતે પોતાની સાથે આવેલા પસાયતાને રૂપિયા આપી ટીમણ લેવા મોકલ્યો. થોડી વારે ટીમણ આવી ગયું એટલે મહારાજ ત્યાંથી ચાલ્યા.

અર્ધો ગાઉ ચાલ્યા ત્યાં બુઢણપરી નદી આવી. અહીં સૌ ઊતર્યા. નદીમાં સ્નાન કરી નિત્યવિધિ કરી. પછી સૌને શેર શેર ભાર ટીમણ આપ્યું. દાદાખાચરને પ્રસાદી આપી. સાધુ સર્વેને મહારાજે કહ્યું : "આપણે બધા આગળ જમીશું."

થોડે આઘે ચાલ્યા ત્યાં બળધોઈ ગામ આવ્યું. મહારાજે કરીમભાઈને કહ્યું :

"મેનો ઊભો રાખો. આ ગામમાં રામાનંદ સ્વામીના બે ભક્તો હરબાઈ અને વાલબાઈ રહે છે તેવું સાંભળ્યું છે. તેમને કહેવરાવો કે અમારાં દર્શને આવે."

પછી ગામમાં ખબર કઢાવી ત્યારે ખબર પડી કે ગામ તો ઉજ્જડ થઈ ગયું છે અને તે બાઈઓ પણ ત્યાં નથી. મહારાજે કહ્યું : "ભલે ત્યારે, ચલાવો મેનો આગળ."

મેનો આગળ ચાલ્યો. રસ્તામાં બોરડીનાં ઝાડ આવ્યાં. તે પરથી બોર પાડીને વૈકુંઠાનંદ બ્રહ્મચારી તથા રાયજી ભક્તે બોર વીણીને મહારાજને આપ્યાં. મહારાજે તે ધોવરાવ્યાં. પછી થોડું જમ્યા. એટલે વૈકુંઠ બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! શબરી ભીલડીએ રામચંદ્રજીને બોર જમાડ્યાં તે આવાં હશે ને ?"

મહારાજે કહ્યું : "ભાવથી જમાડીએ એટલે મીઠાં જ હોય !" એટલું કહી મહારાજ મંદમંદ હસવા લાગ્યા. પછી તો તે બોર જમતા જાય અને સંતોને તથા સખાઓને, પાર્ષદોને પ્રસાદી આપતા જાય. પોતાના ભક્તોને આ રીતે લાડ લડાવતાં, અક્ષરધામનું સુખ આપતાં, પોતાની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તેવી દિવ્ય ક્રિયા કરતાં મહારાજ આગળ ચાલ્યા.

બળધવા ડુંગરનો ઇતિહાસ

સૌને જમાડીને મહારાજ સંઘ સાથે ત્યાંથી ચાલ્યા. દાદાખાચર તથા સુરાખાચર મહારાજના મેનાની સાથે સાથે જ ચાલતા હતા. રસ્તે આવતાં એક ડુંગર ઉપર દેરી જોઈ મહારાજે પૂછ્યું : "આ દેરી કોની છે ?"

ત્યારે દાદાખાચરે કહ્યું : "મહારાજ ! એ દેરીનો એક વિચિત્ર ઇતિહાસ છે. બે ચારણ પોઠિયા ઉપર માલ ભરીને આવતા હતા. આ ડુંગર જોઈ બંને વાદ વધા કે 'જે પોતાના પોઠિયાને ભાર સાથે આ ડુંગર ઉપર ચડાવે તે જીતે ને જે હારે તેણે આ ડુંગર ઉપર દેરી કરાવવી.'

"એટલે બંને ચારણો પોતાના પોઠિયા ડુંગર ઉપર ચડાવવા લાગ્યા. તેમાં એક ચારણ તો પોઠિયા લઈને ડુંગર ઉપર ચડી ગયો પણ બીજો અધવચ્ચ રહી ગયો. તેના પોઠિયા ઉપર ચડી શક્યા નહીં. એટલે પેલા ચારણે કહ્યું : 'આપણે વાદ વધા છીએ, માટે તારે હવે આ ડુંગર ઉપર દેરી કરાવવી પડશે.' તે ચારણ પણ ટેકીલો હતો. તેણે તેના બધા પોઠિયા વેચી નાંખ્યા અને આ દેરી કરાવી. એટલે આ ડુંગરનું નામ પણ બળધવો ડુંગર પડ્યું છે."

મહારાજ આ ઇતિહાસ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "લોકો પણ કેવા

મૂરખ હોય છે કે ખોટા વાદમાં મમતે ચડીને નાણું વ્યર્થ ખરચે છે. આમાં શું પુણ્ય થવાનું હતું ? દેવને અર્થે ધન વાપરવું હોય તો વિચાર કરે. પણ મમતે કરીને પાયમાલ થઈ જાય, પણ મમત છોડે નહીં."

મહારાજનાં આ મર્મવચન સાંભળી હરિભક્તોને થયું કે ખરેખર જગતમાં કેવળ અજ્ઞાનથી જ પોતાનું મમત જાળવવા લોકો ન્યાતવરામાં, લગન પ્રસંગે, જુગારમાં અઢળક નાણું ખર્ચી પાયમાલ થઈ જાય છે; છતાં તેમાં મોટપ માને છે. પરંતુ સંતને અર્થે જો નાણું ખરચવું હોય તો જીવ સંકોચાય છે. સંતને પેટભરા કહે છે, આળસુ કહે છે. અજ્ઞાનમાં જેમ આવે તેમ બોલે છે. પરંતુ અજ્ઞાનને કાઢી સાચું જ્ઞાન આપનારા, જીવતર સુધારનારા તો સંત જ છે, એવું સમજતા નથી.

મહારાજ આગળ ચાલ્યા ત્યાં ભરવાડોના નેસ આવ્યા. ખભે કાળો કામળો, કડિયાળી ડાંગ અને ચમચમતા ઓખાઈ જોડા પહેરીને ફરતા ભરવાડોએ કાઠી દરબારો અને શસ્ત્રધારી પાર્ષદોને જોઈ દાદાખાચરને પૂછ્યું : "આ કોનું કટક ચાલ્યું જાય છે ?"

તે સાંભળી દાદાખાચર હસ્યા. તેમણે કહ્યું : "ભાઈ ! આ કટક નથી પણ સ્વામિનારાયણ ભગવાનનો સંઘ જાય છે !"

આ સાંભળી ભરવાડો મહારાજ પાસે આવ્યા અને મહારાજને પગે લાગવા લાગ્યા. ભરવાડણો પણ દોડી અને મહારાજ પાસે આવી, નીચે બેસી, મહારાજને પંચાંગ પ્રણામ કર્યા અને મહારાજના ઓવારણાં લીધાં. મહારાજનાં દર્શન તેઓ એકીટશે કરતી હતી. થોડી વાર મહારાજ તેમને દર્શન દેવા થોભ્યા. પછી કહ્યું : "ચાલો આગળ."

એટલે ભરવાડણોએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "આપ ભગવાન છો તો અમારા નેસ પાવન કરો. આપને ખપે એવું ટીમણ બનાવશું."

તેમનો ભાવ જોઈ મહારાજની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજે દાદાખાચરને કહ્યું : "તેમને તમે સમજાવો કે અત્યારે રોકાવાય તેવું નથી."

એટલે દાદાખાચરે તેમને હેતથી સમજાવતાં કહ્યું : "અત્યારે રોકાવાની તાણ કરશો નહીં. અમારે રાજકોટ પહોંચવાની ઉતાવળ છે."

ભરવાડણો નિરાશ થઈ ત્યાંથી પાછી ફરી. મહારાજ આગળ ચાલ્યા.

ગોકુળવાસી આવા જ પ્રેમી હતા

રસ્તામાં દાદાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! ભરવાડણોનો પ્રેમ

જોઈ આપની આંખમાં આંસુ આવી ગયાં !"

મહારાજે કહ્યું : "ગોકુળવાસી આવા જ પ્રેમી હતા. ભક્તોનો પ્રેમ જોઈ અમારું અંતર દ્રવી જાય છે."

એટલે પાછળ બેઠેલા બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! આપ જ્યાં હો ત્યાં ગોકુળ જ હોય !"

મહારાજ હસ્યા અને કહ્યું : "અક્ષરધામ હોય !" એટલું કહી મહારાજ બોલ્યા : "પરંતુ ગોકુળવાસીઓનો પ્રેમ અમારાથી અજાણ્યો ન હતો. શ્રીકૃષ્ણમાં અમે અમારી અંતર્યામી શક્તિથી રહી તે પણ અનુભવ્યો હતો !" આમ, વાત વાતમાં મહારાજ પોતાના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની ઝલક આપી દેતા.

સંઘ આગળ ચાલ્યો. ત્યાં ગામ હલેડું આવ્યું. મહારાજે દાદાખાચરને પૂછ્યું : "આ ગામમા રાત રહેવાશે ?"

ત્યારે દાદાખાચરે કહ્યું : "આ ગામનો ગરાસિયો બહારવટે ચડ્યો છે. માટે અહીં રાત રહેવું તે ઠીક નહીં."

એટલે મહારાજે કહ્યું : "ત્યારે ચાલો આગળ, આગળ મુકામ કરીશું."

આગળ ચાલ્યા ને ગામ ઉમરાળી આવ્યું. અહીંના હરિભક્તો રાજો ડાંગર તથા અન્ય ભક્તો સામા આવ્યા. સંઘને ગામમાં લઈ ગયા. મહારાજને પોતાના ઘરમાં ઉત્તરાદા બારના ઓરડામાં ઉતાર્યા.[૧૩૭] મહારાજ માટે બ્રહ્મચારી થાળ તૈયાર કરવા લાગ્યા. બીજા સંતો આખા સંઘ માટે રસોઈ કરવા લાગ્યા. થોડી વારે મહારાજ માટે થાળ તૈયાર થયો એટલે મહારાજ અયોધ્યાવાસીને લઈને પધાર્યા. મહારાજ થાળ જમીને પોતાના ઓરડામાં પોઢવા પધાર્યા. આ દરમ્યાન રાજા ડાંગરે માણસ મોકલી ખોખરા ખબર આપ્યા કે મહારાજ ઉમરાળીમાં પધાર્યા છે અને રાત રોકાવાના છે.

આ સમાચાર મળતાં જ ખોખરાના હરિભક્તો સિંધવ કાનો, અજો, વસ્તો, લખો, કરસન, કાળો, જેઠો મલ્લાર, ચાવડો, ખોડો તથા પટેલ નારણભાઈ વગેરે ગાડાં જોડીને ઉમરાળી જવા નીકળ્યા. રાતના દસ વાગે ઉમરાળી પહોંચ્યા અને બંધૂકોના ભડાકા કર્યા. તે સાંભળી મહારાજ જાગી ગયા અને ઢોલિયામાં બેઠા થઈ ગયા. તેમણે રાજા ડાંગરને પૂછ્યું : "આ બંધૂકોના અવાજ કોણ કરે છે ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! ખોખરાથી હરિભક્તો આવ્યા લાગે છે. રસ્તામાં હમીર વાળાની બીક હોવાથી બંધૂકોના બાર કરતા આવતા હોય તેમ

૧૩૭. આ પ્રસાદીનો ઓરડો હજુ સચવાયો છે.

લાગે છે.''

મહારાજ આ સાંભળી વિચાર કરવા લાગ્યા કે હરિભક્તોને દર્શનની કેટલી ખેંચ છે કે મોડી રાત્રે બહારવટિયાની બીક હોવા છતાં પણ દર્શન માટે આવે છે. તેમણે રાજા ડાંગરને કહ્યું : ''તેમને સૌને ઝટ બોલાવો. બીચારા ખાસ દર્શન માટે જ આવ્યા છે તો હમણાં જ દર્શન કરી લ્યે. પછી અમે પોઢી જઈએ.''

રાજો ડાંગર તરત જ બહાર ગયા. એટલામાં તો આ સૌ હરિભક્તો તેના ફળિયામાં આવી પહોંચ્યા. રાજા ડાંગરે કહ્યું : ''ઝટ હાલો. મહારાજ જાગે છે અને તમને દર્શન કરવા બોલાવ્યા છે.''

હરિભક્તો એકદમ મહારાજના ઓરડામાં ગયા. દંડવત્ કરી સૌએ મહારાજના ચરણ સ્પર્શ કર્યા. મહારાજનું શરીર માંદગીને લીધે દૂબળું થઈ ગયું હતું તે જોઈને કેટલાકની આંખમાં તો આંસુ આવી ગયાં. મહારાજે સૌને આશીર્વાદ આપ્યા. પ્રસન્નતાના બે શબ્દો કહ્યા અને પછી મહારાજ પોઢી ગયા.

ફાગણ સુદ ૪ને વહેલી સવારે મહારાજ જાગ્યા. મહારાજે શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં. શ્વેત ફેંટાની બોકાની વાળી હતી અને ઢોલિયા ઉપર બિરાજમાન થઈ બંને ચરણારવિંદ નીચે રાખી તાપતા હતા. રાજો ડુંગર મહારાજની અખંડ સેવામાં હતા. એટલામાં ખોખરાના હરિભક્તો ફરી દર્શને આવ્યા. મહારાજ તેમને જોઈને પ્રસન્ન થયા. તેમણે મહારાજને વિનંતી કરી : ''મહારાજ ! ખોખરા ઢૂકડું જ છે તો પધારો.''

મહારાજે તેમને કહ્યું : ''અમારે રાજકોટ જવાની ઉતાવળ છે એટલે વળતાં જરૂર આવશું.'' એમ કહીને મહારાજે રાજા ડુંગરને કહ્યું : ''સૌને કહો કે તૈયાર થઈ જાય. હમણાં જ ચાલવું છે.'' તરત જ બધો સંઘ તૈયાર થઈ ગયો.

કાંટા વાગે પણ આપનાં દર્શન કયાંથી ?

ઉમરાળીથી નીકળી મહારાજ સરધારને માર્ગે ચાલ્યા. ખોખરાના હરિભક્તો પણ સંઘ સાથે ચાલ્યા. આગળ ચાલતાં ગામ ખારસીયા પાસે કરમાલ નદી ઊતર્યા. અહીં મહારાજ મેનામાંથી લઘુ કરવા નીચે ઊતર્યા. લઘુ કરીને મહારાજ નદી પાસે હાથ ધોવા પધાર્યા. તે વખતે ખોખરાના હરિભક્તોના છોકરા ગાડામાંથી ઊતર્યા ને મહારાજનાં દર્શન કરવા દોડ્યા. તેમને દોડતા આવતા જોઈ મહારાજે તેમને કહ્યું : ''એમ ક્યાં દોડ્યા આવો છો ? અહીં કાંટા

છે તે વાગશે, માટે પાછા વળીને ગાડામાં બેસી જાવ.''

તે સાંભળી લાખો રાઠોડ બોલ્યો : ''મહારાજ ! કાંટા વાગે પણ આપનાં દર્શન ક્યાંથી ?''

મહારાજ આ સાંભળી રાજી થયા અને કહ્યું : ''તો તો ભલે આવે.''

મહારાજે તે બધાં છોકરાને પાસે બોલાવ્યા અને સૌને માથે બે હાથ મૂક્યા. ખોખરાના હરિભક્તો ત્યાંથી ખોખરા જવાના હતા એટલે મહારાજની રજા લેવા આવ્યા. ત્યારે એક સંતે કહ્યું : ''એક ખડનું ગાડું અને એક છાણાંનું ગાડું લઈ રાજકોટ આવજો.'' તેમને આ સેવા મળી તેથી તેઓ બહુ જ રાજી થયા.

સરધાર તો અમે દેખ્યા છે

રસ્તામાં ચાલતા મહારાજને દાદાખાચરે પૂછ્યું : ''મહારાજ ! આપણે સરધાર જાશું ?''

ત્યારે મહારાજે કહ્યું : ''નથી જાવું. સરધાર તો અમે દેખ્યા છે. પણ ગામમાં ઘાંચી ઘણા રહે છે તો બળદ વાસ્તે ખોળ ને સંઘ માટે પણ ટીમણ મંગાવી લ્યો.'' દાદાખાચરે તરત જ બે પાર્ષદોને મોકલ્યા ને ખોળ અને ટીમણ મંગાવી લીધા.

ત્યાંથી આગળ ચાલતાં એક ગરનાળું આવ્યું. ત્યાં મહારાજે મેનો થોડી વાર ઊભો રખાવ્યો. એટલામાં ગામના હરિભક્તોએ આવી મહારાજને ગામમાં પધારવા તાણ કરી. ત્યારે મહારાજે કહ્યું : ''અમારે ઝટ રાજકોટ પહોંચવું છે એટલે અત્યારે નહીં આવીએ.'' પછી તે હરિભક્તો જે ભેટ લાવ્યા હતા તે મહારાજનાં ચરણ પાસે મૂકી અને મહારાજને પગે લાગ્યા.

સંઘ અણિયાળી પહોંચ્યો. ત્યાંથી ગામ થોરાળા આવ્યા. અહીં આજી નદીને કાંઠે આંબા નીચે મુકામ કર્યો. મહારાજે આજી નદીમાં સ્નાન કર્યું. સંઘના સર્વે સંતો, હરિભક્તો પણ નહાયા. પછી સૌને ટીમણ આપ્યું. સૌને જમાડીને મહારાજ તરત જ નીકળ્યા. પાડાસણ આવ્યા. અહીંના દરબાર સરતાનજીએ પણ મહારાજને ગામમાં પધારવા આગ્રહ કર્યો. મહારાજે તેમને સમજાવી દીધા : ''વળતા આવશું.'' એમ કહી આગળ ચાલ્યા.

રાજકોટ શહેર એક ગાઉ દૂર રહ્યું એટલે મહારાજે માલ્કમ સાહેબે જે સવાર પીરભાઈ સાથે પત્ર મોકલ્યો હતો તે સવારને કહ્યું : ''તમે હવે અહીંથી આગળ જાવ અને સાહેબને ખબર આપો કે સ્વામિનારાયણ આવી ગયા છે.''

સવાર તરત જ ત્યાંથી સાહેબને ખબર આપવા નીકળી ગયો.

દાદાખાચરે રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદ માટે કિંમતી વસ્ત્રો અને આભૂષણ સાથે જ લીધાં હતાં. ડબ્બામાંથી તે કાઢી તેમને પહેરવા માટે આપ્યાં.

માલ્કમ સાહેબને મહારાજ પધાર્યા છે તે સમાચાર મળ્યા એટલે તરત જ તેમણે પોતાની ચતુરંગી સેના, બૅન્ડવાજાં તથા દેશી રજવાડાંઓને મહારાજનું સ્વાગત કરવા મોકલ્યા. મહારાજ માટે રથ તથા અન્ય વાહનો પણ મોકલ્યાં. રાજકોટના હરિભક્તો પણ ફૂલહાર લઈને મહારાજના સ્વાગત માટે આવી ગયા. સાહેબ તરફથી આવેલ રાજદૂતે પ્રથમ મહારાજને પ્રણામ કર્યા. પછી તેણે માલ્કમ સાહેબનો સંદેશો મહારાજને આપતાં કહ્યું : "સાહેબે આપને સલામ કહેવરાવ્યા છે અને જ્યાં આપનો તથા સમગ્ર સંઘનો ઉતારો રાખ્યો છે ત્યાં વાજતે-ગાજતે લઈ જવાની આજ્ઞા કરી છે." મહારાજ તે સાંભળી પ્રસન્ન થયા.

સ્વામિનારાયણની હકૂમત ઠેઠ અંગ્રેજ રાજ્ય સુધી પહોંચી ગઈ છે

રાજકોટના હરિભક્તોએ મહારાજને પુષ્પહાર પહેરાવ્યા. દેશી રાજાઓએ પણ નમસ્કાર કર્યા. આજે તેમને સમજાયું કે સ્વામિનારાયણની હકૂમત ઠેઠ અંગ્રેજ રાજ્ય સુધી પહોંચી ગઈ છે. ધર્મના જે સાચા પ્રવર્તક છે તેમની પ્રતિભા અછતી રહેતી નથી. મહારાજના કાર્યની અંગ્રેજ અમલદારો ઉપર બહુ જ ઊંડી છાપ પડી હતી. તેમણે ગુજરાતમાં પ્રવેશ કર્યો તે સમયે ગુજરાતમાં જે અંધાધૂંધી પ્રવર્તતી હતી તે આજે સમગ્ર રીતે કેવળ સ્વામિનારાયણના પ્રતાપથી, તેમના ધર્મ પ્રવર્તનથી, તેમના સાધુઓના શીલથી નષ્ટ થઈ ગઈ હતી અને સમગ્ર ગુજરાતમાં શાંતિ સ્થપાઈ ગઈ હતી. જે કાર્ય શસ્ત્રોથી થઈ શક્યું ન હતું, તે કાર્ય ભગવાન સ્વામિનારાયણે પ્રેમ અને કરુણાના ભાવથી, અહિંસાના આંદોલનથી સિદ્ધ કર્યું. તેમણે કેવળ શાંતિ સ્થાપી હતી એટલું જ ન હતું, તેમણે લોકોનાં અંતરમાં માનવતા ભરી દીધી હતી. તેથી જ અંગ્રેજ અમલદારોનાં પ્રશસ્તિ વચનો સાંભળીને સર જ્હૉન માલ્કમને મહારાજને મળવાની તીવ્ર ઉત્કંઠા થઈ હતી. તેઓ પોતે પણ ખૂબ સાત્ત્વિક હતા. ધાર્મિક હતા, સત્યમાં આસ્થા હતી અને વિશ્વકર્તા પરમાત્મામાં તેમને પ્રીતિ હતી.[૧૩૮]

---

૧૩૮. તેઓ કદી દારૂ પીતા ન હતા. અન્ય સુખી થાય એવી જ ભાવના સદા સેવતા. પોતાના દુશ્મનનું બૂરું કરી પોતાનો સ્વાર્થ કદી તે સાધતા નહીં. પોતાનાં માતા-પિતાએ આપેલા ધાર્મિક સંસ્કારો તેમણે જીવનમાં વણી લીધા હતા અને ➤

રાજકોટમાં ધામધૂમથી પ્રવેશ

સાહેબે મોકલાવેલ રથમાં મહારાજ બિરાજ્યા. તેમની પાછળ મુકુન્દ બ્રહ્મચારી મહારાજને ચામર ઢોળતા બેઠા. મુક્તાનંદ સ્વામી આદિ અન્ય સદ્ગુરુઓ બીજી ગાડીઓમાં બેઠા. મુક્તાનંદ સ્વામીની સૂચના પ્રમાણે રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજી અશ્વ ઉપર બેઠા. આ રીતે સવારી તૈયાર થઈ. છડીદારો છડી પોકારવા લાગ્યા. સંતોએ કીર્તનગાન શરૂ કર્યું. સાહેબે મોકલાવેલ બૅન્ડવાજાં તથા તેમની ચતુરંગી સેના આગળ ચાલી. તેની પાછળ ઘોડા ઉપર મહારાજના પાર્ષદો હતા. મહારાજની બંને બાજુએ દાદાખાચર તથા સુરાખાચર પોતપોતાના અશ્વો ઉપર બેસી ચાલતા હતા. હરિભક્તો મહારાજની જય બોલાવતા હતા. આ રીતે મહારાજે રાજકોટમાં બેડીના દરવાજેથી પ્રવેશ કર્યો.

સ્વામિનારાયણ ભગવાનને મુંબઈ રાજ્યના ગવર્નરે ખાસ તેડાવ્યા છે તે સમાચાર નગરમાં પ્રસરી ગયા. એટલે નગરજનો કેટલાક કુતૂહલથી, કેટલાક ભક્તિભાવથી, મહારાજનાં દર્શન કરવા શેરીએ શેરીએ જમા થઈ ગયા ! કેટલાક અટારીઓ ઉપર ચડી ગયા. સવારી પસાર થતા કોઈક મહારાજને પુષ્પહારથી, તો કોઈક ચંદન અને અક્ષતથી વધાવતું. સ્ત્રીઓનું હૃદય તો સદા ભક્તિભાવથી ભરપૂર જ હોય છે, એટલે તેઓ મહારાજને સોના-ચાંદીનાં પુષ્પોથી વધાવતી હતી.

સવારી ગામ સોંસરી નીકળી, દક્ષિણાદે કોઠારિયા દરવાજે આવી. અહીં ફૂલવાડીમાં બોરડીથી આથમણી બાજુમાં મહારાજ માટે એક વિશાળ જરિયાન તંબુ બાંધ્યો હતો. મહારાજના તંબુની બાજુમાં જ બંને આચાર્યો માટેના તંબુઓ હતા. મોટા સદ્ગુરુઓ માટે તેમજ કાઠી દરબારો માટે પણ રજવાડી તંબુઓ નાંખી તેમના મોભાને માન આપ્યું હતું.

અહીં આવી મહારાજ રથમાંથી ઊતર્યા. મહારાજની સેવામાં જે સંતો હતા

જીવનપર્યંત તે પ્રમાણે આચરણ કર્યું હતું. ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો માટે તેમને ખૂબ જ આદરભાવ હતો. સર્વકર્તા પરમાત્માએ આ મનુષ્ય જન્મ આપ્યો છે. તેથી તે પરમાત્મા પ્રત્યે સદા કૃતજ્ઞતાનો ભાવ તેઓ રાખતા. તેથી જ તેમનામાં જે ગુણો હતા તે કેવળ તે પરમાત્માની કૃપાને જ આભારી હતા તેવું તેઓ માનતા.

– લાઈફ એન્ડ કોરસપોન્ડન્સ ઓફ મેજર જનરલ સર જ્હૉન માલ્કમ.

લેખક : જ્હૉન વિલિયમ કે.; પ્રકાશક : મેસર્સ સ્મિથ, એલ્ડર એન્ડ કંપની, લંડન.

તે અગાઉથી અહીં આવી ગયા હતા અને મહારાજને જોઈતી તમામ સગવડ તેમણે કરી રાખી હતી. મહારાજ તંબુમાં આવી સીધા ઢોલિયામાં બિરાજ્યા. પોતાના અંગત પાર્ષદોને, કાઠી દરબારોના ઉતારાની વ્યવસ્થા જોવા મોકલ્યા. સદ્‌ગુરુઓ સૌ તેમના તંબુમાં ગયા. તે સમયે લગભગ સાંજ પડી ગઈ હતી.

રાજકોટના હરિભક્તો ઉકાભાઈ, વાલજીભાઈ, માંડણભાઈ, ગોવિંદભાઈ વગેરેએ સંઘ માટે સીધાં-સામગ્રી અગાઉથી જ તૈયાર કરી રાખી હતી. થોડે દૂર પાકશાળા કરી હતી. ત્યાં સંતોએ રસોઈની શરૂઆત કરી દીધી.

તંબુઓથી દૂર એક વિશાળ ચંદની બાંધી ત્યાં સભામંડપ કર્યો હતો. થોડી વારે મહારાજ પણ સભામંડપમાં પધાર્યા. સંતો, હરિભક્તો અગાઉથી જ અહીં આવી ગયા હતા. મહારાજે સભામાં સંતોને કીર્તનો ગાવાની આજ્ઞા કરી. કીર્તન-ભક્તિની શરૂઆત થઈ. એટલામાં સાહેબ તરફથી જમાદાર આવ્યો. તેણે મહારાજને પ્રણામ કરી કહ્યું : "સાહેબે ખાસ કહેવરાવ્યું છે કે જે જે સીધાં-સામગ્રી જોઈએ તે આપ કહો તે પ્રમાણે મોકલી આપે. તેમજ ચોકી-પહેરા માટે પણ લશ્કરી સૈનિકો મોકલે."

એટલે મહારાજે તેને કહ્યું : "અમારા ભક્તોએ રસોઈ માટે બધી જ વ્યવસ્થા કરી દીધી છે. તેથી તેની જરૂર નથી. ચોકી-પહેરાની પણ જરૂર નથી, કારણ કે અમારી પાસે અમારા કાઠી પાર્ષદો છે, તે ચોકીનું કામ કરશે."

મહારાજ માટે આનંદ બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. મહારાજ જમવા પધાર્યા. સંતો તથા પાર્ષદો પણ સૌ જમવા ગયા. મુસાફરીનો થાક હતો તેથી મહારાજ જમીને પોતાના તંબુમાં પધાર્યા અને થોડી વારે પોઢી ગયા.

ફાગણ સુદ ૫ને દિવસે સવારે જાગી, નિત્યવિધિ પતાવી, મહારાજ સભામાં પધાર્યા. તે વખતે તેમણે લાધા ઠક્કર, હરજી ઠક્કર, ભીમ પાર્ષદ તથા દેવજી પાર્ષદ એ ચાર સેવકોને બોલાવ્યા. તેમને કહ્યું : "તમે સાહેબ પાસે જાઓ અને તેમને પૂછો કે અમે ક્યારે મળવા આવીએ. તમારી ઇચ્છા હોય તો તમો જ્યારે કચેરી ભરતા હો ત્યારે આવીએ, નહીં તો એકાંતે આવીએ."

મહારાજની આજ્ઞા પ્રમાણે આ ચાર સેવકો સરકારી કોઠીમાં ગયા અને મહારાજનો સંદેશો સાહેબને કહેવરાવ્યો. સાહેબે તરત જ કહ્યું : "કચેરી ભરાણી હોય તે વખતે ઘણા પ્રકારનો ગડબડાટ હોય. તેમાં મળવાનું ફાવે નહીં. મારે તો મહારાજને એકાંતમાં જ મળવું છે, જેથી શાંતિથી વાત થઈ શકે. તેમની સાથે તેમના જે સુભટો તથા જે મોટા સદ્‌ગુરુઓ હોય તેમને લઈને

ભલે આવે.''

સાહેબનો આ સંદેશ લઈને તેઓ મહારાજ પાસે ગયા. તે વખતે મહારાજ થાળ જમતા હતા. સાહેબને કચેરીનો દેખાવ કરીને પોતાની મોટપ બતાવવાની ઇચ્છા ન હતી. એકાંતમાં મહારાજને મળી મહારાજનાં દર્શન તથા વાતોનો આનંદ માણવાની ઇચ્છા હતી. તેથી મહારાજ રાજી થયા. તેમણે મોટેરા સદ્‌ગુરુઓને બોલાવ્યા. તેમને પૂછ્યું : ''આપણે પાછલે પહોર સાહેબને મળવા જવાનું છે તો સાથે કોને કોને લઈ જઈશું ?''

મહારાજના આ પ્રશ્નનો ઉકેલ તો સૌએ મહારાજ ઉપર જ છોડ્યો. મહારાજની સૂચના પ્રમાણે મોટેરા સંતો અને દાદાખાચર વગેરે અગ્રણી હરિભક્તો સહિત સૌને નિયત સમયે માલ્કમ સાહેબને મળવા જવાનું કહેવાઈ ગયું. સૌ એ રીતે તૈયાર થઈ ગયા.

ત્રીજો પહોર થયો. મહારાજ તૈયાર થઈને તંબુમાંથી[૧૩૯] નીકળ્યા, મેનામાં બિરાજ્યા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ વગેરે ગાડીઓમાં બેઠા.

મહારાજ આ રીતે પોતાના અંગત સંતો, સખાઓ અને પાર્ષદો સાથે પોલિટિકલ એજન્ટના બંગલે જવા નીકળ્યા. એટલામાં અંગ્રેજી લશ્કરી પલટણ બૅન્ડવાજાં સાથે આવી પહોંચી. સવારીની આગળ લશ્કરી બૅન્ડ ચાલવા લાગ્યું. ધીરે ધીરે સવારી શહેરના મુખ્ય રસ્તોઓમાંથી પસાર થવા લાગી ને પોલિટિકલ એજન્ટના બંગલા પાસે આવી પહોંચી. તે વખતે સર જ્હૉન માલ્કમ, તેમના મંત્રી મિ. થોમસ વિલિયમ્સન તથા પોલિટિકલ એજન્ટ મિ. બ્લેઈન અને બીજા છ અંગ્રેજ અમલદારો મહારાજનું સ્વાગત કરવા નીચે ઊભા હતા. મહારાજ મેનામાંથી ઊતર્યા કે તરત જ સર જ્હૉન માલ્કમે મહારાજનો હાથ પકડી લીધો. મહારાજને ગવર્નર બંગલામાં[૧૪૦] લઈ ગયા.

અહીં મહારાજ માટે હાથી દાંતની સુંદર ખુરશી ગાલીચો બિછાવેલી તૈયાર રાખેલી હતી. મહારાજને તે ઉપર સાહેબે બેસાર્યા. બીજા સદ્‌ગુરુઓ તથા કાઠી ભક્તો માટે પણ મહારાજની પાછળ ખુરશીની હાર ગોઠવી દીધી હતી. તે

૧૩૯. આ જગ્યાએ હાલ ત્રણ શિખરનું સુંદર મંદિર છે. મહારાજના પ્રસાદી સ્થાનની સ્મૃતિ સાચવવા કર્યું છે. લોધિકા દરબારે જ્યાં મહારાજનો તંબુ હતો તે સ્થાને ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

૧૪૦. આ જગ્યાએ હાલ પશ્ચિમ રેલવેની કચેરી છે.

બધા તે ઉપર બેસી ગયા. ગવર્નર તથા તેમના મંત્રી અને પોલિટિકલ એજન્ટ મહારાજની સન્મુખ બેઠા. તેમના છ અમલદારો તેમની પાછળ ઊભા રહ્યા. મહારાજની ખુરશીની આજુબાજુ પણ બે પાર્ષદો ઊભા હતા.

આપને એકાંતમાં મળવામાં જ આનંદ આવે

સાહેબે મહારાજને હાથ જોડી કહ્યું : "આપને એકાંતમાં મળવામાં જ આનંદ આવે, વાતચીત થાય અને આપના ધર્મના સિદ્ધાંતો સમજાય." એટલું કહીને તેમણે મહારાજને પૂછ્યું : "આપની તબિયત કેમ છે ?"

મહારાજે કહ્યું : "સારી છે."

પછી માલ્મક સાહેબે કહ્યું : "તમારા પ્રતાપથી સૌરાષ્ટ્રના આ તોફાની વિસ્તારમાં તોફાનો શમી ગયાં છે અને શાંતિ સ્થપાણી છે. ચોર, ડાકુઓ પણ તમારા ભક્તો બની ગયા છે. અમે તલવારથી જે કરી ન શક્યા તે તમે તમારા પ્રતાપથી કરી શક્યા."

તે સાંભળી મહારાજે કહ્યું : "અમારા હિંદુ ધર્મના સિદ્ધાંત પ્રમાણે ભગવાનના અવતાર અધર્મનો નાશ કરવા અને ધર્મનું સ્થાપન કરવા માટે જ થાય છે. તે ભાગવત ધર્મનું સ્થાપન લોકોને નીતિ, ન્યાય ને ધર્મના સિદ્ધાંતો સમજાવી અમે કર્યું છે. જ્યાં આ ત્રણ તત્ત્વો હોય, ત્યાં શાંતિ સ્થપાય જ. તેની ઉપેક્ષા થાય તો અશાંતિ અને અધર્મ પ્રવર્તે."

મહારાજની ગુજરાતી મિશ્રિત મધુર હિન્દી વાણી ગવર્નર સાંભળી રહ્યા. જે વાત તેમને ન સમજાતી તે મિ. બ્લેઈનને તેઓ પૂછતા. તેઓ થોડું હિંદી જાણતા હતા. મહારાજના સિદ્ધાંતો જાણી તેમને ખૂબ જ આનંદ થયો.

પછી તેમણે મહારાજને પૂછ્યું : "તમે ક્યાંના વાસી ? માતા-પિતા કોણ ? ન્યાત શી ? તે કૃપા કરીને કહો તથા સંસારનો શા માટે ત્યાગ કર્યો તે પણ સમજાવો."

મહારાજે બધી વાત વિગતથી કહી. આ સાંભળી ગવર્નર ખૂબ રાજી થયા. મહારાજને તેમણે કહ્યું : "તમારા ધર્મના સિદ્ધાંતો મારે સ્પષ્ટતાપૂર્વક સમજવા છે, તો એવું કોઈ આપનું પુસ્તક હોય તો મને આપો !"

મહારાજે તરત તેમને શિક્ષાપત્રીનું પુસ્તક આપ્યું.[૧૪૧] તે લઈ ગવર્નરે માથે ચડાવ્યું અને બોલ્યા : "આ પુસ્તકનો હું નિરાંતે અભ્યાસ કરીશ."

---

૧૪૧. આ પ્રસાદીની શિક્ષાપત્રી હાલ ઓક્સફર્ડમાં બોડલીયન લાઈબ્રેરીમાં સચવાઈ છે.

આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે.

ત્યારબાદ પૂજાની સામગ્રી લાવ્યા. ગવર્નરે મહારાજને હાર પહેરાવ્યો. સુંદર શાલ ઓઢાડી. મહારાજનાં વસ્ત્રો ઉપર અત્તર છાંટ્યું. મહારાજની સાથેના સંતોનું પણ એ રીતે પૂજન કરી સૌને હાર પહેરાવ્યા અને કિંમતી વસ્ત્રો ઓઢાડ્યાં. બંને આચાર્યોનું પણ પૂજન કરી, હાર પહેરાવી, શાલો અર્પણ કરી. થોડી વારે મહારાજે ગવર્નરને કહ્યું : "આ અમારા દાદાખાચર અમારા પરમ ભક્ત છે. આપને તે સુંદર કાઠિયાવાડી ઘોડો ભેટ આપવા માંગે છે."

ત્યારે ગવર્નરે કહ્યું : "આપે જે શિક્ષાપત્રી મને આપી છે તે હજાર ઘોડા આપ્યા બરોબર છે." એટલું કહીને તેમણે દાદાખાચરને કહ્યું : "તમારાં બહુ મોટાં ભાગ્ય છે કે તમે સ્વામિનારાયણ ભગવાનને તમારા દરબારમાં રાખ્યા છે અને તેમની સેવાનો લાભ લઈ રહ્યા છો." પછી મહારાજ તરફ જોઈ તેમણે હાથ જોડીને કહ્યું : "એવા આશીર્વાદ આપો કે અમારું અને અમારા શત્રુનું બંનેનું ભલું થાય !"

મહારાજ તેમની આ માંગણીથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું : "તમારી બુદ્ધિને ધન્યવાદ ઘટે છે. જે અન્યનું શ્રેય ઇચ્છે તેનું શ્રેય તો જરૂર થાય જ. તમે તો તમારા શત્રુનું પણ શુભ ઇચ્છ્યું, તો તમારું શુભ જરૂર થશે જ."

સાહેબે મહારાજને પૂછ્યું : "આપના આટલા બધા શિષ્યો છે તે આપના નિયમનમાં કેમ કરીને રહે છે ? અમે તો શસ્ત્રોથી, અમારા સિપાઈઓના બંદોબસ્તથી પણ પ્રજા ઉપર નિયમન રાખી શકતા નથી."

ત્યારે મહારાજે તેમને કહ્યું : "અમે જે શિક્ષાપત્રીનું શાસ્ત્ર તમને આપ્યું છે તેમાં અમારા શિષ્યોને નિયમમાં વર્તવાના બધા જ આદેશો છે. તે આદેશો અમારા શિષ્યો અમને પ્રસન્ન કરવા અને પોતાનો મોક્ષ સાધવા પાળે છે. એટલે સહેજે જ નિયમન રહે છે."

આ સાંભળી સાહેબે કહ્યું : "થોડા નિયમો વાંચી સંભળાવશો ?"

એટલે મહારાજે નિત્યાનંદ સ્વામીને નિયમો વાંચવાનું કહ્યું. તેમાં મહારાજે આત્મઘાત કરવાનો નિષેધ કર્યો છે તે નિયમ સાંભળીને સાહેબે કહ્યું : "પોતાના પતિ પાછળ સ્ત્રીઓ સતી થાય છે તે આત્મઘાત ન કહેવાય ?"

મહારાજે કહ્યું : "અમે કાઠીઓમાં અને રાજપૂતોમાં જે આ રિવાજ છે તે તેમને સૌને સમજાવીને બંધ કરાવ્યો છે. એટલું જ નહીં, પણ એવી વિધવા

સ્ત્રીએ દેહપર્યંત પોતાનો ધર્મ પાળી, પરમાત્માને પતિ ધારી, તેમનું ભજન કરવું એવું શીખવાડ્યું છે."

માલ્કમ સાહેબ આ સાંભળી રાજી થયા. તેમને થયું કે રાજા રામમોહનરાયે તો કાયદો કરાવી આ રિવાજ બંધ કરાવ્યો; જ્યારે સ્વામિનારાયણે ઉપદેશથી, સમજણ આપી, આ રિવાજ બંધ કરાવ્યો. સ્વામિનારાયણની મહત્તાનો તેમને ખ્યાલ આવી ગયો !

પછી મહારાજે તેમને કહ્યું : "હવે અમને જવાની રજા આપો."

ત્યારે ગવર્નરે કહ્યું : "થોડા દિવસ રોકાઓ તો અમને આનંદ થશે."

મહારાજે હસતાં હસતાં કહ્યું : "અમારે ઘણું કામ હોવાથી રોકાવાય તેમ નથી. આ તો આપના ત્રણ પત્રો આવ્યા તેથી અવાયું !"

રાજકોટ સુધી આવી નાદુરસ્ત તબિયતમાં મહારાજને આવવાની તકલીફ આપી તે બદલ ગવર્નરે ક્ષમા માંગી. મહારાજને તેમણે કહ્યું : "મહારાજ ! આપને કાંઈ તકલીફ હોય, કોઈ વિઘ્ન આવે તેવું જણાતું હોય, તો અમને કહેવરાવજો. અમો જરૂર મદદ કરીશું."

મહારાજે કહ્યું : "તમારા રાજ્યમાં હવે અમને કાંઈ તકલીફ નથી. બધું જ સાનુકૂળ છે."[૧૪૨] એમ કહી મહારાજ ઊઠ્યા.

ગવર્નરે મહારાજનો હાથ પકડ્યો અને બંગલાની બહાર સુધી જઈ મહારાજને મેનામાં બેસાર્યા. આચાર્યો અને સૌ સદ્‌ગુરુઓ પોતપોતાનાં વાહનોમાં બેઠા. મહારાજનો મેનો ચાલ્યો. તે વખતે ફરીથી ગવર્નરે મહારાજને હાથ જોડી નમન કર્યું.

અચ્છા ફકીર સ્વામિનારાયણ છે

મહારાજ જે રીતે આવ્યા હતા તે જ દબદબાથી પાછા જવા નીકળ્યા. રસ્તામાં ઘોડા ઉપર બેસીને એક ફકીર જતો હતો. તેણે ઘોડેસવાર પાર્ષદને પૂછ્યું : "આ કોનો મિયાનો જાય છે ?"

ત્યારે તેણે કહ્યું : "સ્વામિનારાયણનો છે."

એટલે તેણે મિયાનો ઊભો રખાવ્યો. મહારાજ પાસે ગયો. મહારાજે તેને ઓળખી લીધો અને પૂછ્યું : "તમે અહીં ક્યાંથી ?"

---

૧૪૨. ગવર્નરને મહારાજ સાથે ઘણી વાત થઈ હતી. પરંતુ જેટલી નોંધ હતી, એટલી અહીં સંક્ષિપ્તમાં આપી છે.

ત્યારે તેણે કહ્યું : "હું સાહેબને મળવા ગયો હતો. સાહેબે મને પૂછ્યું કે અત્યારે અચ્છા ફકીર કૌન હૈ ?"

ત્યારે મેં કહ્યું : "સ્વામિનારાયણ.' આ સાંભળી સાહેબ ખુશ થયા."

મહારાજ પણ તેની વાત સાંભળી પ્રસન્ન થયા. પછી મહારાજ આગળ ચાલ્યા. ત્યાંથી મહારાજ પોતાના ઉતારે પધાર્યા. ઉતારામાં આવી મહારાજે મોટેરા સંતોને કહ્યું : "આપણે આવતી કાલે સવારે ચાલવું છે."

ગોપાળ સ્વામીના વચને બોરડી સ્વભાવ છોડે છે

એટલામાં નિત્યાનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમણે મહારાજને કહ્યું : "લોકોમાં અત્યારે કહેવાય છે કે સ્વામિનારાયણ અને ટોપીવાળા એ બંને ભાઈઓ છે તેનું કેમ સમજવું ?"

ત્યારે મહારાજે કહ્યું : "સ્વામિનારાયણને સારા વિશ્વ સાથે સંબંધ છે. ટોપીવાળાનું રાજ્ય નીતિમય હશે ત્યાં સુધી તે ટકશે. અત્યારે તો આપણા દેશમાં અનીતિ પ્રવર્તી છે તેથી તેનું રાજ્ય હજુ વધશે." એમ કહી મહારાજ હસતાં હસતાં બોલ્યા : "ટોપીવાળો બીજાના રાજ્ય લઈ લે છે અને આપણે અન્ય સંપ્રદાયના શિષ્યો લઈ લઈએ છીએ. તેથી તેમની અને આપણી એક જ કળા કહેવાય. એથી લોકો એમ કહેતા હશે." એમ કહીને ગવર્નરે ભેટ આપેલી શાલ નિત્યાનંદ સ્વામીને ઓઢાડી અને બીજી શાલ શુકમુનિને ઓઢાડી.

પછી મહારાજે કહ્યું : "હવે સૌ સાબદા થાઓ." એટલે સૌ તંબુની બહાર નીકળ્યા. તે વખતે આગળ ચાલતાં ગોપાળાનંદ સ્વામીની પાઘ બોરડીના કાંટામાં ભરાઈ અને એક છેડો છૂટો થઈ ગયો. ત્યારે ગોપાળ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "તારી છાયા નીચે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ઊતર્યા અને તેમનો તને સ્પર્શ થયો, છતાં હજુ પણ તેં સ્વભાવ મૂક્યા નથી ?" ગોપાળાનંદ સ્વામીના આ વચને બોરડીના બધા જ કાંટા નીચે ખરી પડ્યા.[૧૪૩]

બીજે દિવસે સવારે મહારાજ રાજકોટથી નીકળ્યા. રાજકોટના હરિભક્તો મહારાજની વિદાયથી ઉદાસ થઈ ગયા. તેમાં પણ મહારાજની તબિયત અસ્વસ્થ હતી તેથી તેમને સૌને વધુ ઉદાસીનતા વ્યાપી ગઈ હતી. અશુભ સંકલ્પો પણ થતા. પરંતુ ઉચ્ચ સ્વરે 'સ્વામિનારાયણ'નું ભજન કરી તે દબાવી દેતા. મહારાજ મીર સાહેબના મેનામાં બેસી જ્યારે નીકળ્યા ત્યારે આ ભક્તો ચોધાર આંસુએ

૧૪૩. આ કાંટા વગરની બોરડી, જ્યાં હાલ મંદિર થયું છે તેના પ્રાંગણમાં હજી ઊભી છે.

રડી પડ્યા. મહારાજે સૌને ધીરજ આપી.

મહારાજ રાજકોટથી નીકળી સીધા પાડાસણ પધાર્યા. અહીંના દરબાર સરતાનજી મહારાજની વાટ જોઈને જ બેઠા હતા. દરબારમાં મહારાજને અનુકૂળતા આવે તેવી ઉતારાની સંપૂર્ણ તૈયારી તેમણે કરી રાખી હતી. સંતો, હરિભક્તો માટે સીધા-સામગ્રી પણ શુદ્ધ કરી તૈયાર રાખી હતી. મહારાજ ક્યારે પધારશે તે તેમને ખબર ન હતી. પરંતુ મહારાજ આજકાલમાં આવવા જોઈએ એવા વિચારમાં તેઓ હતા. ત્યાં જ મહારાજનો મેનો દરબારગઢમાં દાખલ થયો.

મહારાજ ! વચન પાળ્યું ખરું

દરબાર તો મહારાજને જોઈ ઘેલા ઘેલા થઈ ગયા ! એકદમ મેના પાસે ગયા. મહારાજને પગે લાગ્યા અને કહ્યું : "પધારો મહારાજ ! વચન પાળ્યું ખરું !"

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "અમે વચન ન પાળીએ તો અમારો વિશ્વાસ કોણ કરે ?"

એટલે દરબારે મહારાજનો હાથ પકડતાં કહ્યું : "અરે મહારાજ ! એવા ખોટા વાયદા તો આગળ કેટલાય આપ્યા છે. પણ ભક્તોને દિવ્યભાવ ખરો ને ! વળી કલ્યાણનો ખપ પણ ખરો, એટલે બધું સારું જ સમજે."

મહારાજને સરતાનજીની વાત સાંભળવામાં ગમ્મત પડી. મેનામાંથી ઊતરતાં ઊતરતાં બોલ્યા : "એવે ટાણે જ ભક્તની કસોટી થાય ને !"

મહારાજ દરબારમાં પધાર્યા. સૌ સંતોને તથા કાઠી દરબારોને દરબારમાં યોગ્ય ઉતારા આપ્યા. ઘોડાને પાવરા ચડાવ્યા. મહારાજના મેને જોડેલા બળદોને ખીલે બાંધ્યા. પછી પસાયતાને કહ્યું : "આ બળદોને ઘી-ગોળ પાવ."

મહારાજ એમના ઉતારે બિરાજ્યા. જેઠીભાઈ, મઘાભાઈ, હકાભાઈ વગેરે હરિભક્તો સેવામાં જોડાઈ ગયા. સંતોએ થોડી વારમાં રસોઈ તૈયાર કરી દીધી. ધર્મવંશીએ મહારાજ માટે થાળ કર્યો. મહારાજ અલ્પ જમતા. પરંતુ ગઢપુરમાં તો રાબ અને દૂધ પરાણે લેતા. તેથી હવે થોડું પણ જમવાની શરૂઆત કરી, એટલે સૌને આનંદ થયો. હિંમત પણ આવી કે મહારાજ હવે માંદગી દૂર કરશે.

સવારે મહારાજ પાડાસણથી નીકળ્યા. તે સમયે ખોખરાના હરિભક્ત તથા રાજો ડાંગર ત્યાં હતા. તેમણે કહ્યું : "મહારાજ ! ખોખરા પધારવાનું વચન આપ્યું છે તો હવે ના નહીં પડાય."

સરતાનજી બાજુમાં જ ઊભા હતા. તેમને જોઈ મહારાજ હસ્યા. મહારાજે

કહ્યું : "તમે ઊભા છો એટલે ખોખરે જવાની અમારાથી ના નહીં કહેવાય. નહીં તો તમે ટોણો મારો કે વચન કેમ પાળ્યું નહીં ?"

સરતાનજીએ હાથ જોડ્યા અને કહ્યું : "મહારાજ ! આપ તો સ્વતંત્ર છો. અમને સૌને તો ખેંચ રહે, પરંતુ આપની દરેક ક્રિયામાં પરમ રહસ્ય હોય."

મહારાજે કહ્યું : "ખોખરાના હરિભક્તો જે હોય તે આગળ ચાલો." એટલે જીવા ખોડિયા તથા કાના ખેર એ બે આગળ ચાલ્યા. મહારાજનો મેનો પાછળ ચાલતો હતો. રસ્તામાં ગામ સમઢિયાળા આવ્યું. ત્યાં ન રોકાતાં ખોખરાના માર્ગે જવા લાગ્યા. એવામાં સામેથી કાના સિંધવ ઘોડી ઉપર બેસીને આવતા હતા. મહારાજને મેનામાં સામે આવતા જોઈ તે તરત જ ઘોડી ઉપરથી ઊતરી ગયા અને ઘોડી દોરીને મહારાજના મેના પાસે આવ્યા. તેમને જોઈને મહારાજે તેમને કહ્યું : "કાના સિંધવ ! આ સંતો ને પાર્ષદો બધા તમારા મે'માન થવા આવે છે તો સીધા-સામગ્રીનું કેમ છે ?"

એટલે તેણે કહ્યું : "મહારાજ ! આપની દયાથી બધું તૈયાર જ છે. આપ પધારો. અમારાં મોટાં ભાગ્ય !" પછી તેણે પોતાની ઘોડી કાના ખેરને આપી. ઘી, ગોળ, સાકર લેવા સારુ રૂપિયા આપ્યા અને તેને કહ્યું : "તું સરધાર જા અને ઝડપથી આ બધો સામાન લઈને આવી પહોંચ." એટલે કાના ખેરે તરત જ સરધારના માર્ગે ઘોડી દોડાવી.

મહારાજ સાજડિયાળી થઈને ખોખરાની નદીમાં આવ્યા. ત્યાં ખોખરાથી નીકળેલાં રામુ ડોશી સામા મળ્યાં. તેણે કાના સિંધવને કાનમાં કહ્યું : "આપણા ગામમાં લાધા ગોયેલે દેહ મૂકી દીધો છે."

તેમને આમ વાત કરતાં જોઈ રાજા ડાંગરે પૂછ્યું : "ડોશી શું કહે છે ?"

કાના સિંધવે પાસે આવીને કહ્યું : "લાધા ગોયેલે દેહ મૂકી દીધો છે."

તે સાંભળી રાજા ડાંગરે પોતાનો ફેંટો ઉતારી, તેમાંથી ખાપણ માટે લૂગડું ફાડી આપ્યું અને કહ્યું : "ઝટ ગામમાં જાવ અને તેની ક્રિયા કરાવો. એટલી વાર હું મહારાજને અહીં રોકું છું."

રાજા ડાંગર પછી મહારાજ પાસે ગયા અને કહ્યું : "મહારાજ ! આ નદીનું પાણી સારું છે. તો આપ નહાવ તો નદી પવિત્ર થઈ જાય અને અમારે પાદરે સદાનું તીર્થ થાય."

મહારાજે તેનો ભાવ જોયો એટલે વસ્ત્ર બદલીને સ્નાન કર્યું. સૌ સંતોને પણ આજ્ઞા કરી. ગાડાં છોડ્યાં હતાં એટલે બળદને પણ નીરણ નીર્યું. આમ, થોડો

સમય અહીં રોકાઈને પછી મહારાજે રાજા ડાંગરને પૂછ્યું : "હવે ચાલશું ?"

રાજા ડાંગર મહારાજના પ્રશ્ન પૂછવાનો મર્મ સમજી ગયા. તેણે હાથ જોડી કહ્યું : "ભલે મહારાજ ! હવે નીકળીએ."

મહારાજ ગામમાં પધાર્યા અને કાના સિંધવના ઘેર ઊતર્યા. સદ્‌ગુરુઓ તથા સાધુઓ બાજુના ઘરમાં ઊતર્યા. અહીં આવી મહારાજે ફરી સ્નાન કર્યું. એટલામાં થાળ તૈયાર થયો હતો એટલે જમવા પધાર્યા. જમ્યા પછી મહારાજ પોતાના ઓરડામાં પોઢવા ગયા. થોડી વારે જાગ્યા અને ગોવિંદ સિંધવના ફળિયામાં પધાર્યા. ત્યાં મકવાણા કંકુ ડોશીના ઘરના નેવા ઝાલી મહારાજ ઊભા રહ્યા અને ડોશીને પૂછ્યું : "ડોશીમા, કેમ છે !"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! તાવ આવે છે."

મહારાજે હસતાં હસતાં કહ્યું : "ભજન કરજો. તાવ ઊતરી જશે !"

મહારાજ પોતાના ઓરડામાં પધાર્યા. સર્વે સંતો, પાર્ષદો અને હરિભક્તો જમી રહ્યા. મહારાજે તે જાણ્યું એટલે કહ્યું : "હવે સૌ સાબદા થાવ."

પછી પોતે જ ઊઠ્યા અને મેનામાં બિરાજી ગયા. એટલામાં માનબાઈ આવ્યાં. તેણે તેના ખોટના દીકરા ઘેલાને મહારાજને પગે લગાડ્યો. મહારાજે તેના માથે હાથ મૂક્યો અને બોલ્યા : "આ તો અમારી અમર મૂડી."[૧૪૪] મહારાજના આશીર્વાદથી માનબાઈ રાજી થઈ ગયાં. પછી મેનો હંકાર્યો.

સ્વામિનારાયણ મંત્રમાં બધાં મુહૂર્ત આવી ગયાં

મહારાજનો મેનો ચાલ્યો એટલે બાઈઓ મંગળ ગીતો ગાવા લાગી. તે સાંભળી મહારાજ બોલ્યા : "આ ગામ તો ગોકુળ જેવું લાગે છે."

તે વખતે મહારાજના મેના સાથે ચાલતા કાના પટેલે તથા વસ્તા ભક્તે મહારાજને કહ્યું : "મહારાજ ! અમારા ગામમાં કોઈ બ્રાહ્મણ નથી, એટલે મુરત જોવરાવવું હોય ત્યારે મુઝવણ થાય છે."

મહારાજ તેમની વાત સાંભળી હસ્યા. પછી કહ્યું : "સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કહીને સાંતી જોડવા, વાસ્તુ કરવું, લગન લેવાં. બધાં મુરત તે મંત્રમાં આવી જાય છે."

આગળ ચાલતાં હોળીધાર આવી ત્યાં મહારાજે મેનો ઊભો રાખ્યો અને ખોખરાના હરિભક્તોને પાછા વળવા કહ્યું. પરંતુ મહારાજના મેને જોડેલો એક

૧૪૪. તેને સંતાન થઈને ગુજરી જતા હતા તેથી મહારાજે તેને આ રીતે આશીર્વાદ આપ્યા.

બળદ થાકી ગયો હતો એટલે કરસન પટેલ તેને ઘેર ગયા અને તેનો બળદ લઈ આવ્યા. તેને મહારાજના મેને જોડ્યો. મહારાજે કહ્યું : "ગઢડે પહોંચીને પાછો મોકલી દેશું."

ત્યારે કરસન ભક્તે કહ્યું : "મહારાજ ! આપને મેને જોડેલા બળદને માથે અમારાથી ધોંસરું મુકાય નહીં. આ તો કૃષ્ણાર્પણ કરી દીધો."

મહારાજ તરત જ બોલ્યા : "જોયા કાઠિયાવાડના ભોળા ભક્તો ? ભોળા દેખાય છે પણ ભક્તિમાં પ્રવીણ છે."

પછી મેનો આગળ ચલાવ્યો. મહારાજ આગળ ચાલતાં ભંડારિયા, ભાડલા, દહીંસરા થઈને ચેલાખાચરને ગામ મડાળા પધાર્યા. તેમના દરબારમાં મહારાજનો ઉતારો હતો. અહીં આવી ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થયા. પછી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું : "સૌને ટીમણ અપાવો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "અત્યારે સૌને ટીમણ આપશું ત્યારે સવારે શું ખાશે ?" મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "સવારનું જોયું જશે." એટલે ખોખરેથી મોતૈયા લાડુ લાવ્યા હતા તેમાંથી બ્રહ્મચારીએ સૌને એક એક લાડુ આપ્યો. મહારાજ સાથવો જમ્યા.

તે વખતે ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામી આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને અચાનક આવેલા જોઈ પૂછ્યું : "તમે ક્યાંથી ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! અમે વડોદરાથી આવીએ છીએ."

તે સાંભળી મહારાજે તેમને પૂછ્યું : "વડોદરામાં દેશકાળ તો સારા છે ને ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! આપની બીમારીના સમાચાર સાંભળી સૌ હરિભક્તો ઉદાસ થઈ ગયા છે." એટલું કહી તેમણે કહ્યું : "મહારાજ ! વડોદરાના હરિભક્તોએ નારંગી મોકલી છે તે આપ અંગીકાર કરો."

મહારાજે તે જોઈ અને કહ્યું : "સવારે જમશું." પછી સૌને કહ્યું : "વહેલી સવારે નીકળી જવું છે. માટે સૌ તૈયાર રહેજો." એટલું કહીને મહારાજ પોઢી ગયા.

મૂર્તિ ધારીને અંગરખું બનાવ્યું લાગે છે

વહેલી સવારે મહારાજ મડાળાથી નીકળ્યા. ગામ કડુકે પહોંચ્યા. એક દરજી ભક્ત સામા મળ્યા. મહારાજને જોઈ તે આનંદમાં આવી ગયા અને

દંડવત્ કરવા લાગ્યા. મહારાજે મેનો ઊભો રખાવ્યો. તેણે મહારાજના ચરણસ્પર્શ કર્યા. પછી હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપને માટે મેં અંગરખું સીવ્યું છે. તો આપ ઘડીક ખમો તો હું દોડતો જઈને લઈ આવું."

મહારાજે કહ્યું : "જાવ, ઝટ આવજો."

દરજી ભક્ત તરત જ ઘર તરફ દોડ્યા. થોડી વારે અંગરખું લઈને આવ્યા. તે વખતે મહારાજ પોતે પહેરેલ અંગરખું કાઢીને ઉઘાડા બેઠા હતા. મહારાજે તે દરજી ભક્તને કહ્યું : "તમે અંગરખું અમને પહેરાવો." એમ કહી મહારાજ ઊભા થયા. દરજી ભક્તે મહારાજને અંગરખું પહેરાવ્યું. કસો બાંધી. અંગરખું બંધબેસતું આવી ગયું એટલે મહારાજ રાજી થયા. પછી કહ્યું : "મૂર્તિ ધારીને અંગરખું બનાવ્યું લાગે છે."

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપનું ભજન કરતાં કરતાં સીવતો હતો. તે ભજનના પ્રતાપે અંગરખું બંધબેસતું આવી ગયું ! મૂર્તિ તો મેં છેલ્લાં દર્શન કર્યાં ત્યારે પુષ્ટ હતી, પણ અત્યારે તો કૃશ દેખાય છે. તેથી આપની મરજી મુજબ અંગરખું સિવાયું છે."

મહારાજ તેના ઉપર પ્રસન્ન થયા અને તેને માથે હાથ મૂકી પ્રસાદી આપી. તેણે મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "મહારાજ ! ઘેર પધારો."

એટલે મહારાજે કહ્યું : "તમારી સેવા અહીં અંગીકાર કરી લીધી. હવે રોકાશું નહીં." એટલું કહી કરીમભાઈને કહ્યું : "મેનો ચલાવો."

ભગવાન ભેગા છે ને ટીમણની હું ચિંતા કરતો હતો !

મહારાજ આગળ ચાલ્યા. થોડે દૂર એક વડ નીચે સુંદર જગ્યા જોઈ ઉતારો કર્યો. મહારાજે તથા સૌ સંતો, હરિભક્તોએ નદીમાં સ્નાન કર્યું. એટલામાં મડાળાના ચેલાખાચરે કહ્યું : "મહારાજ ! સૌને ટીમણ કરાવો." એમ કહી પોતે પાકના લાડવા કોથળો ભરીને લાવ્યા હતા તે મહારાજ પાસે મૂક્યા.

મહારાજ આ જોઈ આશ્ચર્ય પામ્યા ! તેમણે પૂછ્યું : "ચેલાખાચર ! આ ક્યારે બનાવ્યા ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! તૈયાર જ રાખ્યા હતા. આપ ઝાઝું રોકાવાના ન હતા તે હું જાણતો હતો."

મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું : "બ્રહ્મચારી ! લ્યો આ સવારનું ટીમણ ! સૌને વહેંચી દ્યો."

બ્રહ્મચારીને પણ આશ્ચર્ય થયું ! તેમને મનમાં થયું કે ભગવાન ભેગા છે અને ટીમણની ચિંતા હું કરતો હતો ! તેમણે સૌને પાકના લાડુ વહેંચી દીધા. પછી મહારાજે તેમને કહ્યું : "અમારા માટે સાથવો લાવો." બ્રહ્મચારીએ મહારાજને સાથવો આપ્યો. મહારાજ તરત જ મેનામાં બેસી ગયા અને ચાલતે મેને સાથવો જમવા લાગ્યા.

મોકાખાચર પોતાની ઘોડી આનંદ સ્વામીને આપી પોતે મહારાજના મેના સાથે ચાલવા લાગ્યા. તેમણે કેડે તલવાર બાંધી હતી, વાંસે રોઝી ઢાલ બાંધી હતી અને હાથમાં બરછી પકડી હતી. મહારાજ તેમને મેનાની સાથે સાથે ચાલતા જોઈ બોલ્યા : "ઘોડી કોઈને આપી મેનો પકડીને ચાલવું છે, તે એમ અમે નહીં ચાલવા દઈએ. માટે છેટે ચાલો."

મોકાખાચર આ સાંભળી બોલ્યા : "ભણે બા ! આપે જે ભણો તે ઠીક." મહારાજ હસ્યા. આમ, ગમ્મત કરતાં કરતાં ગામ દેવધારી આવી ગયું.

અહીં ડાહ્યા શેઠે મહારાજને રોકવાનો આગ્રહ કર્યો, પરંતુ મહારાજે કહ્યું : "અમારે આજે ને આજે જ ગઢડા પહોંચી જવું છે. માટે કાંઈ ટીમણ લાવો તો સૌને જમાડીએ."

તેણે પૂછ્યું : "મહારાજ ! શું લાવું ?"

મહારાજે કહ્યું : "ટોપરાં, ખારેક, ખજૂર તમારી દુકાનમાં તૈયાર પડ્યાં છે તે લાવો." શેઠ તરત જ ગામમાં ગયા અને માણસો પાસે ટોપરાં, ખારેક ને ખજૂરની ગુણો ઉપાડીને ત્યાં લાવ્યા. મહારાજે તે જોઈને કહ્યું : "અરે શેઠ ! આટલો બધો ભાર ન હોય !"

ડાહ્યા શેઠે કહ્યું : "મહારાજ ! મારાં ભાગ્ય ક્યાંથી કે આપ અને સંતો, હરિભક્તો સૌ જમે. વધે એટલું ગઢડામાં સૌને વહેંચી દેજો."

સંતો, હરિભક્તોનો તેમને આવો મહિમા છે તે જાણી મહારાજ પ્રસન્ન થયા. મહારાજે આનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું : "સંઘમાં બધાંને આ વહેંચી દ્યો."

આનંદ સ્વામી તરત જ ઘોડી ઉપરથી ઊતર્યા અને સંઘમાં ડાહ્યા શેઠે લાવેલો માલ વહેંચી દીધો. સૌએ ટીમણ જમી લીધું, એટલે મહારાજ ત્યાંથી ચાલ્યા. સુખપરને પાદર થઈ મહારાજ સંધ્યા ટાણે દાદાના દરબારમાં પહોંચી ગયા.

ઉદ્‌ગીથ ૨૪



ગઢપુરમાં મહારાજ ઘેરો મંદવાડ ગ્રહણ કરે છે

(આ.સં. ૧૮૮૬, ઈ.સ. ૧૮૩૦)

અમને ભારે ભારે વસ્ત્રો અને આભૂષણો પહેરાવો

ગઢપુરમાં મહારાજ પધાર્યા એટલે હરિભક્તોને તો જાણે આનંદના ઓઘ વળ્યા. મહારાજનાં દર્શન કરી સૌને શાંતિ થઈ ગઈ ! મહારાજે માંદગી દૂર કરી રાજકોટ સુધી પ્રવાસ કર્યો, સાહેબના મનોરથ પૂરા કર્યા, એટલે હવે સૌ ભક્તોના મનોરથ પણ મહારાજ પૂરા કરશે અને હવે કોઈ પણ પ્રકારની માંદગી ગ્રહણ નહીં કરે, એવા સૌ સંકલ્પો કરતા હતા. મહારાજ તો ભક્તવત્સલ છે એટલે જરૂર દયા કરશે.

દરબારમાં આવી મહારાજ સીધા જ અક્ષર ઓરડીમાં પધાર્યા. મહારાજને મુસાફરીનો પરિશ્રમ જણાતો હતો. તેથી વસ્ત્રો બદલી તરત જ પોઢી જવા વિચાર કર્યો. બ્રહ્મચારીએ પલંગ તૈયાર કરી દીધો. મહારાજ પોઢી ગયા.

સવારે મહારાજ વહેલા ઊઠ્યા, નિત્યવિધિથી પરવારી મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા. એ સમયે રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીની ઇચ્છા હતી કે વસ્ત્ર-આભૂષણે સહિત મહારાજની પૂજાવિધિ કરવી છે. તરત જ અંતર્યામીપણે મહારાજે તેમને બોલાવીને કહ્યું : "તમે બંને અમને ભારે ભારે વસ્ત્રો તથા આભૂષણો પહેરાવો." આ સાંભળી બ્રહ્મચારીએ વસ્ત્રો તથા આભૂષણો કાઢી આપ્યાં. બંને બંધુઓએ મહારાજને તે પહેરાવ્યાં. પછી બંનેના ખભા ઉપર હાથ મૂકી મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં પધાર્યા અને ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા.

એ સમયે જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી મહારાજની માંદગીના સમાચાર સાંભળી ગઢપુર આવ્યા હતા. તેઓ મહારાજ પાસે આવ્યા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને જોઈને પૂછ્યું : "તમે ક્યાંથી ?"

તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપે માંદગી ગ્રહણ કરી છે તે સમાચાર મળ્યા એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : 'તમે ગઢપુર જઈ આવો.' એટલે ત્યાંથી નીકળી અમે કાલે જ અહીં આવ્યા છીએ."

મહારાજ તેમને જોઈ ખૂબ જ રાજી થયા. માથે બે હાથ મૂક્યા અને બોલ્યા : "સ્વામી ! તમારાં દર્શનથી શાંતિ થઈ ગઈ !"

સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર હતા અને મહારાજને અખંડ ધારી રહ્યા હતા. પરંતુ, મહારાજને તો પોતાના સ્વરૂપની નિષ્ઠાવાળા સંત કે હરિભક્તોનો મહિમા હતો તો અક્ષરબ્રહ્મનો મહિમા તો હોય જ ને ! સ્વામી પધાર્યા તેથી મહારાજ અત્યંત પ્રસન્ન થયા.

મહારાજ સન્મુખ સંતો, હરિભક્તોની સભા થઈ ગઈ હતી. મહારાજે તે વખતે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! રાજકોટની વાત સાંભળવા સૌ આતુર છે, તો તમો સાહેબના કેવા ભાવ હતા તે બધી વાત વિગતવાર કહો."

મહારાજની આજ્ઞા થઈ તેથી મુક્તાનંદ સ્વામીએ સર માલ્કમ સાહેબના મહારાજ પ્રત્યેના અપૂર્વ પ્રેમની વાત કરી. તેમણે મહારાજનું કેવી રીતે સન્માન કર્યું; મહારાજના સન્માન માટે પોતાની ચતુરંગી સેના, તેમને મળવા આવેલા તમામ રજવાડાંઓ, બૅન્ડવાજાં વગેરેને સામા મોકલ્યાં. મહારાજ તેમને બંગલે પધાર્યા ત્યારે દરવાજા પાસે મહારાજની વાટ જોઈને બધા સાહેબો ઊભા હતા. માલ્કમ સાહેબે મહારાજનો હાથ પકડીને મહારાજને મેનામાંથી ઉતાર્યા. મહારાજનું પૂજન કર્યું, અત્તર છાંટ્યું, શાલો ઓઢાડી અને પછી જ્ઞાનવાર્તા સાંભળી, શિક્ષાપત્રી માગી લીધી. મહારાજ પાછા ફર્યા ત્યારે પણ મહારાજનો હાથ પકડી નીચે ઠેઠ મેના સુધી મૂકવા આવ્યા અને મહારાજને મેનામાં બેસાર્યા. ફરી પાછી ચતુરંગી સેના, વાજાં વગેરેની ધામધૂમ સાથે મહારાજને વળાવ્યા વગેરે વાત કરી.

મહારાજના સ્વરૂપની વાત ઠેઠ વિલાયત સુધી પહોંચશે

મુક્તાનંદ સ્વામીએ બધી જ વાત ખૂબ વિગતથી કહી અને સૌ હરિભક્તોનાં મન આ સાંભળી પ્રફુલ્લિત થઈ ગયાં. તેમને સૌને લાગ્યું કે મહારાજના સ્વરૂપની વાત હવે ઠેઠ વિલાયત સુધી પહોંચશે અને જે જે તે સાંભળશે તે સૌનું કલ્યાણ થશે.

પરંતુ આ વાત સાંભળી દ્વેષીઓના મનમાં બળતરા થવા લાગી. તેમને

મનમાં થયું કે સ્વામિનારાયણે તેમની વશીકરણ વિદ્યાથી ગવર્નર સાહેબને પણ વશ કરી દીધા. તેમના અંતરમાં રહેલા આસુર ભાવથી તેઓ મહારાજના સ્વરૂપમાં દિવ્યભાવ કલ્પી શક્યા નહીં. સભામાં સૌ સ્થિર મનથી મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી રહ્યા હતા. બહેનો પણ દૂર બેઠી હતી. પોતાના ઈષ્ટદેવના મહિમાની આ વાત જાણે ફરી ફરી સાંભળ્યા જ કરીએ તેવા ભાવ સૌના મુખ ઉપર દેખાયા. તે વખતે મહારાજ માટે થાળ તૈયાર થઈ ગયો હતો. એટલે મહારાજ ઊઠવાની તૈયારી કરતા હતા. ભક્તોના મનોરથ જાણી મહારાજે સૌને કહ્યું : "આવતી કાલે નિત્યાનંદ સ્વામી વાતો કરશે."

રણછોડજીની મૂર્તિ તૈયાર થાય છે

ત્રણ-ચાર દિવસ પછી ગોપાળજી ગઢપુર આવ્યા. તેઓ સીધા જ અક્ષર ઓરડીમાં મહારાજ પાસે ગયા. મહારાજને દંડવત્ કરવા લાગ્યા. તેમને જોઈ મહારાજે તેમને પૂછ્યું : "ગોપાળજી ! આટલા દહાડા તમે ક્યાં હતા ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞાથી વરતાલથી હું ડુંગરપુર રણછોડજીની મૂર્તિ લેવા ગયો હતો. તે મૂર્તિ લઈને તે વરતાલ પહોંચાડી હું આજે જ વરતાલથી આવી ગયો." એટલું કહીને તેમણે મહારાજના ચરણસ્પર્શ કર્યા.

મહારાજનાં દર્શન કરતાં મહારાજનું શરીર દૂબળું થયેલું તેમણે જોયું. વરતાલમાં જ તેમણે મહારાજની માંદગીના સમાચાર તો સાંભળ્યા હતા પણ આટલો મંદવાડ હશે એવી તેમને કલ્પના ન હતી. મહારાજનો આવો દેહ જોઈ તેમની આંખોમાં આંસુ આવી ગયાં. મહારાજે તેમને સાંત્વન આપ્યું. પછી મહારાજે તેમને પૂછ્યું : "અમે આપેલ માપ પ્રમાણેની જ મૂર્તિ લીધી છે ને ?"

એટલે તેમણે કહ્યું : "મહારાજ ! આપે કહ્યા પ્રમાણે એ માપની મૂર્તિ ન મળી, તેથી સારો પથ્થર લઈ મૂર્તિ તૈયાર કરાવવી પડી. તેમાં વખત બહુ વીતી ગયો. પરંતુ મૂર્તિ આપના કહ્યા પ્રમાણે જ તૈયાર થઈ છે."

મહારાજ આ સાંભળી રાજી થયા.

✧

ગઢપુર આવી મહારાજને ફરી પ્રકૃતિની અસ્વસ્થતા જણાવવા માંડી. ફૂલદોલનો ઉત્સવ આવ્યો એટલે દાદાખાચરે મહારાજને કહ્યું : "મહારાજ ! આ ફૂલદોલનો ઉત્સવ આવે છે તો આપણે સૌ સંતો, હરિભક્તોને તેડાવીએ. આપ શુકમુનિને આજ્ઞા કરો તે પ્રમાણે તેઓ બધે પત્રો લખે. જ્યાં ખાસ માણસ

મોકલવાની જરૂર હોય, ત્યાં આપણે અહીંથી માણસ મોકલી આપીશું."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા. પછી ધીરેથી કહ્યું : "આ ઉત્સવ ઉપર કોઈનેય બોલાવવા નથી. ઉત્સવ આપણે શાંતિથી ઊજવી લેવો."

મહારાજના આ ઉત્તરથી અને તેમની દેખાતી નરમ તબિયતથી દાદાખાચરના અંતરમાં ઉદાસીનતા વ્યાપી ગઈ. છતાં તેમને મનમાં થયું કે કદાચ બહુ ભક્તો આવે તો મહારાજને ભીડો પડે અને તબિયત વધુ બગડે. એ પ્રમાણે વિચાર કરી મન વાળી લીધું.

સંતો ! આ છેલ્લો ઉત્સવ છે

મહારાજે આ.સં. ૧૮૮૬નો પુષ્પદોલોત્સવ સારી રીતે ઉજવ્યો. પોતે ભાગ લીધો અને સૌને પ્રતીતિ કરાવી કે પોતાની તબિયતમાં કાંઈ વાંધો નથી. પણ છતાં મહારાજ એવું બોલી ગયા : "સંતો ! આ છેલ્લો ઉત્સવ છે."

મહારાજના આ શબ્દો સાંભળી સંતો, હરિભક્તોની ઉદાસીનતા વધી ગઈ. પુષ્પદોલના ઉત્સવનો જે આનંદ અંતરમાં ભર્યો હતો, મહારાજની સુધરતી તબિયતનો જે ભાવ સૌના મનમાં દૃઢ થયો હતો, તે બધું જ મહારાજના આ શબ્દોથી ભાંગીને ભુક્કો થઈ ગયું !

ઉત્સવ પૂરો થયો અને મહારાજના શરીરે માંદગી વધતી જતી હોય તેવાં ચિહ્નો મહારાજ દેખાડવા લાગ્યા. આથી સૌની ચિંતા વધી. ગોપાળજી મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. તેમને વાત કરી : "સ્વામી ! રણછોડજીની મૂર્તિ વરતાલમાં અત્યારે તૈયાર પડી છે. તેની પ્રતિષ્ઠા કરવાનું મહારાજને આપ કહો અને મહારાજ તે પ્રસગે વરતાલ પધારે તો જરૂર મંદવાડનો ત્યાગ કરશે. આવો શુભ પ્રસંગ છે તેથી મહારાજ વરતાલ આવવાની ના નહીં કહે."

તેમની વાત સાંભળી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "અક્ષર ઓરડીમાં તપાસ કરાવો, જો મહારાજ ત્યાં હોય તો આપણે હમણાં જ જઈને મહારાજને પૂછી લઈએ."

તરત જ એક પાર્ષદને અક્ષર ઓરડીમાં મોકલ્યો. તે તપાસ કરીને આવ્યો અને સ્વામીને કહ્યું : "મહારાજ તો ગોપીનાથજીના મંદિરમાં પધાર્યા છે."

આ સાંભળી તેઓ બંને મંદિરમાં ગયા. મંદિરમાં હાલ જ્યાં સુખશય્યા છે તે ઓરડામાં મહારાજ શય્યા ઉપર સૂતા હતા. મહારાજ જાગે છે તે જાણી સ્વામી તથા ગોપાળજી તેમની પાસે ગયા. મહારાજને પગે લાગીને બંને

મહારાજની સન્મુખ બેસી ગયા. મહારાજે તેમને જોઈને પૂછ્યું : "કેમ આવવાનું થયું ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપે જે મંદવાડ ગ્રહણ કર્યો છે, તે મંદવાડ અમારા સૌ ઉપર કૃપા કરીને આપ દૂર કરો. રાજકોટ માલ્કમ સાહેબને મળવા આપ પધાર્યા ત્યારે જેમ મંદવાડ દૂર કર્યો હતો તેમ અત્યારે પણ દૂર કરી નાંખો. કારણ આપણે વરતાલમાં રણછોડજીની પ્રતિષ્ઠા કરવા માટે જવાનું છે. તેનું મુહૂર્ત આપ આપો તો તે પ્રમાણે તૈયારી કરીએ."

વરતાલમાં રણછોડજીની પ્રતિષ્ઠા

મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! અમારાથી તો હવે આ માંદગીને લીધે વરતાલ જઈ શકાય તેમ નથી. પરંતુ હરિનવમીનો સમૈયો આવે છે તે બંધ ન રહેવો જોઈએ." એટલું કહીને મહારાજે દાદાખાચર તથા જયા-લલિતાને ત્યાં બોલાવ્યાં. તેઓ આવ્યાં એટલે મુક્તાનંદ સ્વામી તરત જ બહાર નીકળી ગયા. મહારાજે દાદાખાચરને કહ્યું : "હરિનવમીનો સમૈયો આવે છે તો તમારે તથા લલિતાબાએ વરતાલ જવાનું છે. ધર્મકુળ પણ સાથે આવશે. મોટાભાઈ અહીં અમારી પાસે રહેશે."

એટલે લલિતાબાએ કહ્યું : "મહારાજ ! આપ મોટીબાને આજ્ઞા કરો. તે જાય."

મહારાજે તરત જ મોટીબાને કહ્યું : "તમારે વરતાલ જવાનું અને ત્યાં રણછોડજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરીને પછી અહીં સૌએ આવવું."

થોડી વારે અટકીને મહારાજે ભગુજીને કહ્યું : "એક પાર્ષદને વેગવાન ઊંટ ઉપર અહીંથી વરતાલ મોકલાવો. ત્યાં જઈ અક્ષરાનંદ સ્વામીને ખબર આપે કે પ્રતિષ્ઠાની બધી જ તૈયારી કરી રાખે. ઉમરેઠ પણ માણસ મોકલી હરિપ્રસાદ શર્માને પ્રતિષ્ઠાવિધિ કરાવવા બોલાવી લે." આ પ્રમાણે મહારાજ સૌને સૂચના આપી રહ્યા હતા. પરંતુ કોઈનાંય હૈયામાં આ પ્રસંગનો આનંદ ન હતો. કોઈને પણ મહારાજને છોડીને જવાની ઇચ્છા ન હતી. છતાં મહારાજની આજ્ઞા હતી તેથી બધાએ હા પાડી.

મહારાજની આજ્ઞા પ્રમાણે સૌ વરતાલ જવા તૈયાર થઈ ગયા. નીકળતાં પહેલાં મહારાજ પાસે રજા લેવા આવ્યા. પ્રસંગ શુભ હતો છતાં મહારાજને છોડીને અહીંથી જવું કોઈને ગમતું ન હતું. તેમનાં અંતર રડતાં હતાં. મહારાજ

પણ ગમગીન હતા. મહારાજે સૌને આશીર્વાદ આપી રજા આપી. ભગુજીને કહ્યું : "સંઘને સાચવજો અને રસ્તામાં સાવધાની રાખજો."

ફાગણ વદ બારશે વહેલી સવારે સંઘ વરતાલ જવા ઊપડ્યો. થોડા દિવસે સંઘ વરતાલ પહોંચ્યો.

ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો

ગઢપુરથી સંઘ વરતાલ ગયો. તે જ દિવસે મહારાજે એક પાર્ષદને કહ્યું : "ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો."

તે પાર્ષદ તરત જ સાધુની જાયગામાં ગયા. તે વખતે સૌ સંતો જમવા માટે પંક્તિમાં બેઠા હતા. ત્યાં આવી પાર્ષદે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : "તમને મહારાજ બોલાવે છે."

સ્વામી તરત જ ઊભા થઈ ગયા અને મહારાજ પાસે આવ્યા. મહારાજ તે સમયે થાળ જમતા હતા. મહારાજને દંડવત્ કરી સ્વામી સન્મુખ બેઠા. મહારાજે તેમને જૂનાગઢ મંદિર સંબંધી પૂછ્યું. એટલે સ્વામીએ કહ્યું : "મહારાજ ! મંદિરનું કામકાજ બધી રીતે બરોબર ચાલે છે. નવાબ સાહેબ તરફથી પણ સહકાર સારો મળે છે, પરંતુ નાગરોનો દ્વેષ બહુ છે. મંદિરને મઠ કહે છે અને અવારનવાર ઉપાધિ કરે છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "ભલે હમણાં દ્વેષ રાખે, પણ પાછળથી ભૂંડી વલે થશે. માટે તેની ચિંતા કરશો નહીં." એટલું કહી મહારાજે ચળું કર્યું અને થાળ સ્વામીને આપતાં કહ્યું : "અહીં બેસીને જ આ થાળ જમી જાવ." સ્વામીને તો પ્રસાદી મળી એટલે આનંદ થયો !

તમે જૂનાગઢ જાવ અને બ્રહ્માનંદ સ્વામીને મોકલો

સાંજે મહારાજે ફરી સ્વામીને બોલાવ્યા. સ્વામી તરત જ આવ્યા. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે હવે કાલે જૂનાગઢ જાવ અને ત્યાંથી બ્રહ્માનંદ સ્વામીને અહીં મોકલો."

મહારાજની આ આજ્ઞા સાંભળી સ્વામી ઉદાસ થઈ ગયા ! તેમને થયું કે મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો છે. હવે મહારાજ વધુ વખત દેહ રાખે તેવી શક્યતા નથી. તેથી તેમના અંતરમાં વલોપાત થવા લાગ્યો. તેમને મુઝાયેલા જોઈ મહારાજે પૂછ્યું : "સ્વામી ! અમે તમને જૂનાગઢ જવાનું કહ્યું તેથી તમે

કેમ મુઝાયા ?"

આ સાંભળી સ્વામીની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે મહારાજને કહ્યું : "મહારાજ ! આપનો મંદવાડ જોઈને મને લાગે છે કે આપ આ લોકમાંથી ઉદાસ થયા છો. તેથી મારું મન આપને છોડીને જૂનાગઢ જવા માનતું નથી."

મહારાજ તે સાંભળી મંદમંદ હસવા લાગ્યા. પછી બોલ્યા : "સ્વામી ! એવો વખત આવશે ત્યારે અમે તમને બોલાવી લઈશું. આપણે ક્યાં જુદા છીએ ? માટે હમણાં તો તમે જૂનાગઢ જાવ અને બ્રહ્માનંદ સ્વામીને અહીં મોકલો."

મહારાજે આ રીતે કહ્યું છતાં સ્વામીની ઉદાસીનતા ટળી નહીં. એટલે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! અમારે નહાવું છે તો ઊના પાણી કરી લાવો."

મહારાજની આ સેવા મળી એટલે સ્વામી રાજી થયા અને તરત પાણી ઊનું કરવા માટે ગયા. થોડી વારે મહારાજ પાસે આવીને કહ્યું : "મહારાજ ! પાણી તૈયાર છે, આપ નહાવા પધારો."

મહારાજ ઊઠ્યા. સ્વામીએ મહારાજ માટે પાટલો ઢાળી દીધો. મહારાજ તે ઉપર બિરાજ્યા અને સ્વામીએ મહારાજને ખૂબ ચોળીને નવરાવ્યા. મહારાજની આ સેવાથી સ્વામીનું મન હળવું થઈ ગયું. મહારાજે પણ તેમને એટલું બધું સુખ આપ્યું કે મહારાજના મંદવાડની સ્વામીને વિસ્મૃતિ થઈ ગઈ ! પછી મહારાજ સ્વામીનો હાથ પકડીને અક્ષર ઓરડીમાં પધાર્યા.

સ્વામી જૂનાગઢ જવા તૈયાર થઈ અક્ષર ઓરડીમાં મહારાજનાં દર્શને આવ્યા. તે વખતે મહારાજ પાસે એક ચોપડો પડ્યો હતો. તે જોઈ સ્વામીએ મહારાજને પૂછ્યું : "આ શાનું પુસ્તક છે ?" એમ કહી સ્વામી તે પુસ્તક જોવા લાગ્યા. તે પુસ્તક જોઈને સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! જૂનાગઢમાં અમારી પાસે ઓચ્છવનાં કીર્તનોનો ચોપડો નથી."

એટલે મહારાજે કહ્યું : "તમારે જોઈતો હોય તો આ ચોપડો તમે લઈ જાવ."

સ્વામી રાજી થઈ ગયા. તેમણે કહ્યું : "બહુ કૃપા કરી મહારાજ !"

પછી મહારાજને દંડવત્ કરી ચોપડો બગલમાં રાખી સ્વામી ત્યાંથી નીકળ્યા. મુક્તાનંદ સ્વામીએ રચેલા ઉત્સવનાં પદો આ ચોપડામાં મહારાજે શુકમુનિ પાસે નિષ્કુળાનંદ સ્વામી માટે લખાવ્યાં હતાં. પરંતુ સ્વામીશ્રીએ તે માંગ્યો, તેથી મહારાજે તરત જ તે આપી દીધો.[૧૪૫]

સ્વામી જૂનાગઢ પહોંચ્યા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમને

૧૪૫. આ ચોપડો અત્યારે પણ જૂનાગઢના મંદિરમાં છે.

મહારાજે ગઢપુર તેડાવ્યા છે. મહારાજના શરીરે મંદવાડ છે, અશક્તિ ઘણી આવી ગઈ છે.''

બ્રહ્માનંદ સ્વામી આ સમાચાર સાંભળી ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું : ''મહારાજે મને આ ટાણે બોલાવ્યો તે મારાં અહોભાગ્ય ! હું હમણાં જ નીકળું છું.'' એટલું કહી પોતાના મંડળના થોડા સંતોને લઈને બ્રહ્માનંદ સ્વામી ત્યાંથી ગઢપુર જવા તરત જ નીકળી ગયા.

વરતાલમાં રણછોડજીની મૂર્તિની પ્રતિષ્ઠા

વરતાલમાં હરિનવમીનો સમૈયો કરી ચૈત્ર વદ સાતમને દિવસે રણછોડજીની મૂર્તિપ્રતિષ્ઠા મોટેરા સદ્‌ગુરુ સંતોએ ધર્મવંશના પવિત્ર અને સાધુ સ્વભાવના રઘુવીરજીના હસ્તે કરાવવાનું નિરધાર્યું હતું એ મુજબ વેદમંત્રો વચ્ચે ખૂબ જ દિવ્ય વાતાવરણમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ગઈ !

વરતાલમાં હરિનવમીના સમૈયા ઉપર મહારાજ ન પધાર્યા અને આ અગત્યના પ્રતિષ્ઠા મહોત્સવ ઉપર પણ મહારાજ ન પધાર્યા એટલે સૌ હરિભક્તોને મનમાં મહારાજની તબિયત માટે ચિંતા થવા લાગી. મહારાજનાં દર્શન કરવા સૌ આતુર બની ગયા. તેથી ગઢપુરથી આવેલા સંઘ સાથે ગુજરાતના હરિભક્તો પણ ગઢપુર જવા તૈયાર થઈ ગયા. દાદાખાચર તથા મોટીબા તો જલદી ગઢપુર પહોંચવા આતુર બની ગયાં હતાં. મહારાજે માંદગી ગ્રહણ કરી હતી. તેની ગંભીરતા તેમના મનમાં વસી ગઈ હતી. મહારાજ અવારનવાર એવા શબ્દો પણ બોલી જતા તેથી આ ચિંતામાં વધારો થતો.

થોડા દિવસે આખો સંઘ ગઢપુર આવી પહોંચ્યો. સૌને મહારાજનાં દર્શનની તીવ્રતા હતી. અક્ષર ઓરડીમાં ભીડ ન થાય એટલે વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં મહારાજ વિરાજમાન થયા હતા. સંઘના હરિભક્તો એક પછી એક મહારાજનાં દર્શન કરવા આવવા લાગ્યા. મહારાજનો દુર્બળ દેહ દેખી તેમની સૌની આંખમાં આંસુ આવી ગયાં. પરંતુ મહારાજનું પ્રફુલ્લ વદન જોઈ તેમને લાગ્યું કે અત્યાર સુધી મહારાજે ઘણી વાર માંદગી ગ્રહણ કરી હતી અને પાછી ત્યાગી પણ દીધી હતી. તેવી આ પણ લીલા હોય ! મહારાજે સૌને હિંમતના શબ્દો કહ્યા. તેથી સૌનાં અંતરમાં શાંતિ થઈ ગઈ ! સંઘને બે દિવસ રોકી મહારાજે તેમને રજા આપી. ઘણાએ વિદાય વખતે દર્શન કરવા આવતાં મહારાજને હાથ જોડી પૂછ્યું : ''મહારાજ ! હવે ક્યારે દર્શન થશે ?''

ત્યારે મહારાજ કોઈકને એમ પણ કહેતા કે "સદાય દર્શન જ છે ને ! અંતરમાં દર્શન કરજો." વળી, કોઈકને એમ પણ કહેતા કે "ભગવાન તો તમે સંકલ્પ કરશો એટલે તરત જ દર્શન દેશે." પરંતુ સ્પષ્ટ વાત કોઈને કહેતા નહીં. આથી હરિભક્તોએ મુઝવણમાં ને મુઝવણમાં જ વિદાય લીધી.

વળતે દિવસે જૂનાગઢથી નારાયણજીભાઈ સુથાર ગઢપુર આવ્યા. મહારાજનાં દર્શને અક્ષર ઓરડીમાં ગયા અને દંડવત્ કરી સન્મુખ બેઠા. મહારાજે પૂછ્યું : "મૂર્તિ તૈયાર કરીને લાવ્યા છો ?"

તેમણે તરત જ કહ્યું : "હા, મહારાજ ! મૂર્તિ તૈયાર કરી છે અને તે ઉપરથી લાકડાનું બીબું પણ તૈયાર કરી થોડી છાપો છાપી લાવ્યો છું."

મહારાજ આ સાંભળી પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "લાવો, મૂર્તિ જોઈએ."

નારાયણજીભાઈએ તરત જ પોતે ચીતરેલી અસલ મૂર્તિ મહારાજને આપી. મહારાજ તે જોઈ ખૂબ જ પ્રસન્ન થયા. મહારાજે હસતાં હસતાં કહ્યું : "આધારાનંદ સ્વામીએ પણ અસલ આવી જ મૂર્તિ બનાવી છે. ભાવ સરસ આવ્યો છે." પછી તેમણે બીબાથી પાડેલી છાપો જોઈ. તે પણ અસલ મૂર્તિ જેવી જ હતી.

આ મૂર્તિને જે પૂજશે તેના જન્મ-મરણનો રોગ ટળી જશે

નારાયણજી સુથારે મહારાજને છાપેલી બધી જ છાપો આપી દીધી. બીબું પણ આપ્યું, જેથી વિશેષ છાપો છાપી શકાય. મહારાજે તે છાપ હાથમાં પકડતાં કહ્યું : "તમે અત્યારે જે પ્રત્યક્ષ સ્વરૂપ જુઓ છો તેવી જ આ મૂર્તિ છે, તેમાં લગાર પણ ફેર નથી. જે જનો આ મૂર્તિને પૂજશે તેના જન્મ-મરણનો રોગ ટળી જશે."

પછી ત્યાં જેટલા હતા તેમને મહારાજે પોતે તે છાપો આપી. બીજી વધી તે ગોપાળાનંદ સ્વામીને આપી અને કહ્યું : "આ છાપો તમો સાચવીને રાખજો. હરિભક્તોને પૂજવા આપજો અને એ રીતે અમારી ઉપાસનાનું પ્રવર્તન કરજો."

મહારાજના શબ્દોનો મર્મ સૌ સમજી ગયા. જન્મ-મરણનો રોગ ટળવો, અક્ષરધામના વાસી થવું તે કેવળ મહારાજના સ્વરૂપની ઉપાસનાથી જ થવાશે. પરંતુ અન્ય ઉપાસના આ પ્રાપ્તિ કરાવી શકશે નહીં. મહારાજે બહુજન સમાજને અર્થે મંદિરો કરી અવતારાદિકની મૂર્તિઓ પધરાવી હતી. પરંતુ આત્યંતિક કલ્યાણ માટે તો સ્વયં તેમના સ્વરૂપની જ ઉપાસના મહારાજને કરાવવી હતી. એક વર્ષ પહેલાં બરાબર વૈશાખ સુદ ચૌદશને દિવસે મહારાજે ગઢપુરમાં

ગોપીનાથજીના મંદિરને વિશે આ જ વાત કરી હતી કે "પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણા અવતાર થયા છે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."[૧૪૬]

બ્રહ્માનંદ સ્વામી આવી ગયા

મહારાજ માટે બ્રહ્મચારી થાળ લાવ્યા. એટલે સૌ સંતો, હરિભક્તો ઊભા થઈ ગયા. એટલામાં કોઈક ખબર લાવ્યું કે બ્રહ્માનંદ સ્વામી આવી ગયા છે. તે સાંભળી મહારાજ એકદમ ઊભા થઈ ગયા. બ્રહ્મચારીને કહ્યું : "સ્વામી ઠેઠ જૂનાગઢથી આવ્યા છે. તેમને મળવું જોઈએ. પછી થાળ જમવા બેસીશું." એટલે બ્રહ્મચારી પણ ઊભા રહી ગયા.

બ્રહ્માનંદ સ્વામી સીધા અક્ષર ઓરડીમાં આવ્યા. મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે કહ્યું : "સ્વામી ! રાખો. આવો મળીએ." એટલે બ્રહ્માનંદ સ્વામી દંડવત્ કરતા બંધ થયા અને મહારાજના ચરણસ્પર્શ કર્યા. મહારાજને ભેટ્યા. મહારાજના મુખારવિંદ સામું જોયું તો મુખારવિંદ કૃશ થયેલું દેખાયું. તે ઉપર સ્મિત હતું પણ તેમાં ઉદાસીનતા હતી. સ્વામી આ જોઈને પોક મૂકીને રડી પડ્યા અને નીચે બેસી ગયા. મહારાજ પણ ઢોલિયા ઉપર બેસી ગયા. બ્રહ્માનંદ સ્વામીને માથે હાથ ફેરવતાં તેમણે કહ્યું : "સ્વામી ! આ શોક શા માટે ? તમે અમને મૂએલા દેખો છો ?"

આ સાંભળી સ્વામી ફરી ચોધાર આંસુએ રડવા માંડ્યા. રડતાં રડતાં સ્વામી તૂટક શબ્દોમાં બોલતા હતા : "ખમા ખમા મારા બાપ ! તમે તો અમર જ છો, પણ તમારી આ માંદગી મને આપી દ્યો. પહેલાં હતા એવા બનીને દર્શન દ્યો."

મહારાજ હજુ તેમને માથે હાથ ફેરવતા હતા. બ્રહ્મચારીને કહ્યું : "પાણી લાવો." બ્રહ્મચારી પાણી લાવ્યા. સ્વામી સામે મહારાજે પાણીનો લોટો ધર્યો. મહારાજના આવા એક એક ભાવથી સ્વામીનું અંતર ભેદાતું હતું. આવો પ્રેમ,

૧૪૬. વચનામૃત ગ.અં. ૩૮.

આવી કરુણા વરસાવનાર આ મહાપ્રભુ આજે એકાએક આવી માંદગી ગ્રહણ કરીને બેસી ગયા ! બીક લાગે તેવી તેમની માંદગી છે. આવા વિચારોથી સ્વામીનું હૈયું હતાશ થઈ ગયું ! મહારાજે કહ્યું : "સ્વામી ! આ તો દેહ છે. દેહનાં દુ:ખ તો ભોગવવાં જ પડે. ઘડીક સાજો રહે અને ઘડીક માંદો પણ થાય. માટે અમારી માંદગી જોઈને મુઝાશો નહીં."

પછી સ્વામીને મહારાજે ઊઠાડ્યા અને ફરી ખૂબ પ્રેમથી મહારાજ તેમને ભેટ્યા. આ દિવ્ય સ્પર્શની દિવ્યતા સ્વામીના અંતરને સ્પર્શી ગઈ ! મહારાજે જાદુ કર્યું અને સ્વામી એકદમ સ્વસ્થ થઈ ગયા !

આજે ખરેખર મહારાજ મા બની ગયા છે

પછી મહારાજ થાળ જમવા બેઠા. સ્વામી ઊઠવા લાગ્યા એટલે મહારાજે કહ્યું : "ક્યાં જાવ છો ? આ થાળની પ્રસાદી તમને આપવી છે. અહીં જ આ પ્રસાદી તમારે જમવાની છે."

મહારાજનો એક એક શબ્દ સ્વામીના હૈયામાં સોંસરો ઊતરતો હતો. એ ભાષામાં માધુર્ય હતું, પણ પ્રેમ વિશેષ હતો. સ્વામી મહારાજ સન્મુખ બેસી ગયા. મહારાજ જમી રહ્યા અને બ્રહ્માનંદ સ્વામીને થાળ આપ્યો. મહારાજે કહ્યું : "સ્વામી ! જમો. આજે પંથ કરીને આવ્યા છો એટલે ખૂબ જમાડવાં છે."

બ્રહ્માનંદ સ્વામી મહારાજ સામું જોતા જાય અને જમતા જાય. મહારાજના મુખારવિંદ ઉપરના ભાવ તેમને ફરતા દેખાયા. *'ભરી સભામાં ભૂધરજી તમે થયા છો મારી માડી રે.'* તેમને લાગ્યું કે આજે ખરેખર મહારાજ મા બની ગયા છે. મહારાજે ઘણી વખત જમાડ્યા છે, ખૂબ પીરસ્યું છે, દૂધના દેગડા માથે રેડ્યા છે, પણ આજે મહારાજના મુખારવિંદ ઉપરના ભાવ તેમના અનિર્વચનીય પ્રેમની ઝાંખી કરાવી દે છે.

થોડી વારે સ્વામી જમી રહ્યા. હાથ ધોયા, પાણી પીધું. મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે આવ્યા એટલે અમને આનંદ થયો. તમને અમારાં દર્શન અને સેવાનો લાભ મળશે અને અમને તમારા હાસ્ય-વિનોદનો લાભ મળશે." મહારાજે આટલું કહી તેમને રજા આપી.

મહારાજની ગંભીર જણાતી માંદગી

મહારાજે ધીરે ધીરે પોતાની માંદગીને ગંભીર સ્વરૂપ આપવા માંડ્યું. કોઈ

દિવસ જમે, કોઈ દિવસ ન પણ જમે. વળી, કોઈ દિવસ આખી રાત સૂવે જ નહીં, જ્યારે કોઈ દિવસ બપોર સુધી જાગે જ નહીં અને માથે ઓઢીને સૂઈ રહે. સેવક ઉઠાડવા પ્રયત્ન કરે તો એકદમ ચિડાઈ જાય. મહારાજની પ્રકૃતિ ન સમજી શકાય એવી થઈ ગઈ. આથી નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી બધાની ચિંતા વધવા લાગી. કોઈ કોઈ વખત બ્રહ્માનંદ સ્વામી જગાડે તો જાગે, સ્નાન કરી થાળ પણ જમે અને પ્રસાદી તેમને આપે. તેમના હાસ્ય-વિનોદથી આનંદ પણ પામે, છતાં મોટા સદ્‌ગુરુઓને, દાદાખાચર અને તેમના પરિવારને મહારાજ નક્કી ઉદાસ થયા છે તેવી પ્રતીતિ થવા લાગી. સૌનાં મોં ઉપરનાં નૂર-તેજ ઊડી ગયાં હતાં. બ્રહ્મના દિવ્યાનંદથી ઉલ્લસતો દાદાખાચરનો દરબાર મહારાજના મંદવાડથી ગમગીન દેખાવા લાગ્યો. સૌ ફરતા, ક્રિયા કરતા, છતાં શૂન્યમનસ્ક ભાવથી ! દરેકની દૃષ્ટિ અક્ષર ઓરડી તરફ જ હતી. પરંતુ ત્યાં નિત્યાનંદ સ્વામીએ ચોકી મૂકી દીધી હતી. મહારાજની સેવામાં રાત અને દિવસ માટે સાધુઓનાં બે મંડળો મૂકી દીધાં હતાં. બ્રહ્માનંદ સ્વામી મહારાજની અંગત સેવામાં હતા. મહારાજનું શરીર દિવસે દિવસે કૃશ થવા લાગ્યું.

આ શું ઢોંગ માંડ્યા છે ?

મહારાજની માંદગીના સમાચાર સાંભળી મોટા ભાઈ આત્માનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજની માંદગી જોઈ તેમનું અંતર પણ દ્રવી ગયું. છતાં તેમને લાગ્યું કે મહારાજે ઘણી વાર માંદગી ગ્રહણ કરી છે અને પાછી મૂકી પણ દીધી છે. તેથી તેમણે પોતાના વડીલપણાના હક્કથી મહારાજને ઠપકો આપતાં કહ્યું : "આ શું ઢોંગ માંડ્યા છે ? ખાવું નહીં, પીવું નહીં અને આખો દિવસ સૂઈ રહેવું. આ તે કાંઈ સારાં લક્ષણ કહેવાય ? સત્સંગી તથા સાધુઓને કેટલું દુઃખ થાય છે તેનો વિચાર કર્યો ?"

મહારાજ તેમના ઠપકાના શબ્દો પ્રેમથી સાંભળતા હતા. ભાઈ સ્વામી બોલ્યે જતા હતા : "હવેથી પ્રથમની જેમ જ ખાવા-પીવાનું શરૂ કરો અને અમને સૌને બ્રહ્માનંદ કરાવો."

મહારાજ તેમની વાત સાંભળી રહ્યા પણ કાંઈ બોલ્યા નહીં. મહારાજનું મૌન જોઈ તેમણે ફરી મહારાજને કહ્યું : "જો કદાચ તમો આ રીતે ધામમાં જશો, તો અમો પણ તમારી પાછળ મરીશું. માટે પહેલાં અમારા નાડી-પ્રાણ ખેંચી લઈને પછી તમ તમારે ધામમાં જવું હોય તો ખુશીથી પધારો. પણ આપ

ધામમાં જશો તો આખો સત્સંગ ચુંથાઈ જશે અને અક્ષરધામમાંથી અહીં આવવાનો જે આપે દાખડો કર્યો છે તે નિષ્ફળ જશે."

મહારાજ હજુ પણ મૌન જ હતા. એટલે સ્વામીએ ફરી મહારાજને કહ્યું : "તમો પ્રગટ થયા પહેલાં પીતાંબર નામનો એક બ્રાહ્મણ ભગવાન થયો હતો. તેણે દેહ મૂક્યો ત્યારે તેની ચિતામાં તેના સત્તાવીસ શિષ્યો પડીને મરી ગયા હતા. તેવી રીતે અમે પણ મરીશું ને લોહીની નદીઓ વહેશે. માટે ધામમાં જવાનો સંકલ્પ મૂકી દો."

પીતાંબર તો મિથ્યા ભગવાન હતો

મહારાજના મુખારવિંદ ઉપર ભાઈ આત્માનંદ સ્વામીના આ ભાવથી સ્મિત ફરક્યું. તેમણે કહ્યું : "સ્વામી ! પીતાંબર તો મિથ્યા ભગવાન હતો એટલે તેમના શિષ્યોને મરતા બચાવવાની તેમની પાસે શક્તિ ન હતી. પરંતુ હું તો સર્વોપરિ ભગવાન છું તો ધામમાં જઈશ ત્યારે કોઈની નસકોરી પણ ફૂટવા નહીં દઉં અને કોઈનું આયુષ્ય આવી રહ્યું હશે તોપણ તેની આવરદા વધારી દઈશ."

ભાઈ આત્માનંદ સ્વામી તથા ત્યાં બેઠેલા સર્વ મહારાજની આ વાત સાંભળી સ્તબ્ધ બની ગયા ! મહારાજે સૌને એ ભાવમાંથી પાછા વાળવા માટે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "અમારા માટે નરમ ખીચડી બનાવીને લાવો. ભૂખ લાગી છે." મહારાજના આ શબ્દોથી વળી સૌને સહેજ શાંતિ થઈ. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ મહારાજ માટે ખીચડી બનાવવાનું બ્રહ્મચારીને કહેવરાવ્યું.

દિવસ ઉપર દિવસ જવા લાગ્યા. મહારાજની માંદગીના સમાચાર સાંભળી હરિભક્તો, સંતો ગઢપુર આવવા લાગ્યા. મહારાજ પાસે તેઓ આવતા ત્યારે મહારાજ તેમને સાંત્વન આપી તરત પાછા જવાની આજ્ઞા કરી દેતા. કોઈને પોતાની પાસે રહેવા દેતા નહીં. ફક્ત બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીને જ બેસવા દેતા. બ્રહ્માનંદ સ્વામી તો મહારાજની સેવામાં જ હતા. મહારાજ જ્યારે જ્યારે જમવાની ઇચ્છા થાય ત્યારે જમતા, પ્રસાદી સ્વામીને આપતા. ઘણી વાર તો થાળમાંથી અલ્પ જમી આખો થાળ આપી દેતા. બાજરાની રાબ પણ થોડી પીતા અને આખો વાટકો સ્વામીને આપી દેતા. એટલું જ નહીં, પરંતુ પોતાની પાસે બેસાડી તેમને રાબ પીવડાવી દેતા. મહારાજ તેમને કહેતા : "સ્વામી ! તમને અમારું અંગત સુખ આપવા જ બોલાવ્યા છે. તમે અમારી પાસે હો છો ત્યારે અમને શાંતિ થાય છે."

સ્વામી મહારાજના આ શબ્દોથી કૃતકૃત્ય થઈ જતા અને મહારાજની એવી પ્રસન્ન પ્રકૃતિ જોઈ કોઈ વાર કહેતા પણ ખરા કે "મહારાજ ! આપ માંદગીનો ત્યાગ કરો અને સાજા-સારા થઈ જાઓ તો અમને કેટલું સુખ થાય ? આજે આખો સત્સંગ આપના તરફ મીટ માંડી રહ્યો છે. કોઈને ધાન પણ ગળે ઊતરતું નથી. આપની માંદગીથી સત્સંગમાં ઉદાસીનતા વ્યાપી ગઈ છે."

ત્યારે મહારાજ કહી દેતા : "સ્વામી ! હવે તો અક્ષરમુક્તો સ્તુતિ કરે છે. અમને પાછા બોલાવે છે એટલે ધામમાં જવાનો અમે સંકલ્પ કર્યો છે."

સ્વામી આ સાંભળી અવાક્ બની જતા !

મહારાજની માંદગીના વાયરાની ઉગ્રતાને લીધે વૈશાખના ઊના વાયરા પણ સૌને ટાઢા લાગતા. ખાવું, પીવું, સૂવું, બેસવું, ઊઠવું બધી જ ક્રિયા જાણે યંત્રવત્ સૌ કરતા હતા. તેમની ઉદાસીનતા અને અંતરની વ્યથા સારા સત્સંગમાં વ્યાપક બની સૌનાં હૈયાને પીડવા લાગી. પોતાના ગામના પાદરેથી નીકળતા કોઈ પણ સત્સંગી કે સંતને મહારાજના સ્વાસ્થ્યના સમાચાર હરિભક્તો પૂછતા : "મહારાજના કાંઈ સમાચાર છે ?" ત્યારે તેઓ આકાશ સામું આંગળી બતાવતા અને માથું હલાવી ચાલી નીકળતા. વૈશાખના ઘેરા તાપમાં પણ આકાશમાં વાદળાંની ઘટા છવાતી, વીજળીના કડાકા થતા અને મેઘના ગડગડાટથી ધરતી ધ્રૂજી ઊઠતી. ઉત્પાતનાં આ બધાં લક્ષણો જોઈ તેમની ઉદાસીનતા વધી જતી. તેમને લાગતું કે આ ઉત્પાત અશુભ સમાચારનો સૂચક છે. ભીની આંખે વળી પાછા કોઈ સહારો શોધી અને કોઈના આવવાની રાહ જોઈ ત્યાં જ બેસી રહેતા.

મને મરેલો ધારી પોક મૂકે છે ?

ગઢપુરમાં મહારાજની માંદગી વધુ ગંભીર થવા લાગી. તેમની પ્રકૃતિ પણ વધુ જલદ દેખાતી. કોઈક કોઈક વખત થાળ આવે તો થાળી ઊંધી કરી દેતા, દૂધના કે રાબના વાડકા ફેંકી દેતા, ઢોલિયા ઉપરથી ઊઠીને લથડતાં લથડતાં બહાર નીકળી જતા. આવી અશક્તિમાં પણ બે-ચાર જણા મહારાજના શરીરને પકડતા તોપણ મહારાજને તેઓ પાછા વાળી શકતા નહીં. ઘણી વાર ગંગાજળિયે બેસી બ્રહ્મચારીને કહેતા : "અમને નવરાવો." બ્રહ્મચારી ગરમ પાણી કરવા જતા તો ચીડાઈને કહેતા : "આ ગંગાજળિયો તો આંહીં પડ્યો છે ને પાણી લેવા ક્યાં જાવ છો ?" આથી બ્રહ્મચારી મુઝાઈ જતા. મોટા

સદ્‌ગુરુઓની, દાદાખાચરની, જીવુબા, લાડુબાની કોઈની કાંઈ કારી મહારાજની આ બદલાયેલી પ્રકૃતિ પાસે ફાવતી નહીં. મહારાજની આ પ્રકારની વિચિત્ર ચેષ્ટાથી સૌ પોક મૂકી રડી પડતા. ત્યારે મહારાજ કહેતા : "હું તો જીવતો છું અને તમે મને મરેલો જાણી પોક મૂકો છો ?" શું કરવું ? મહારાજને કેમ સમજાવવા, કેમ જમાડવા, કેમ ઔષધ આપવું તેની કોઈને કાંઈ ખબર પડતી નહીં. બ્રહ્માનંદ સ્વામીને પણ થયું કે તેમની ચારણી રીત અત્યારે કામયાબ નીવડતી નથી.

નિત્યાનંદ સ્વામીએ મહારાજની સેવામાં જે સંતો મૂક્યા હતા તે બધા ખૂબ જ ભક્તિભાવથી મહારાજની સેવા કરી રહ્યા હતા. દિવસના જે સંતો સેવામાં હતા તેઓ કેટલીક વખત તો જમવા પણ જઈ શકતા નહીં. મહારાજની એકદમ અસ્વસ્થ પ્રકૃતિ અને તેમની ઉદાસીનતાથી તેમને જમવા જવાની ઇચ્છા જ થતી નહીં. વર્ણિવેશે મહારાજ લોજમાં પધાર્યા અને જેવું તેમનું કૃશ શરીર હતું તેવું જ આ માંદગીથી થઈ ગયું ! એટલે સેવામાં રહેલા સંતો અંતરથી તો સમજી જ ગયા હતા કે મહારાજની આ માંદગી કદાચ છેલ્લી જ હોય. આગળ મહારાજે જ્યારે જ્યારે મંદવાડ ગ્રહણ કર્યો હતો, ત્યારે આટલી કૃશ કાયા કરી નહોતી દીધી. તેમની આવી સેવા-ભક્તિથી મહારાજ તેમના ઉપર બહુ જ પ્રસન્ન હતા.

એક દિવસ મહારાજે એક સંતને કહ્યું : "વિરક્તાનંદ સ્વામીને બોલાવો."

તમે જમશો એટલે અમે સારા થઈ જઈશું

થોડી વારે વિરક્તાનંદ સ્વામી આવ્યા. તેઓ મહારાજની આવી ગંભીર માંદગી જોઈને જ મહારાજ પાસે આવી શકતા નહીં. ફક્ત મોટેરા ત્રણ સદ્‌ગુરુઓ જ મહારાજ પાસે રહેતા. વિરક્તાનંદ સ્વામી આવ્યા એટલે મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! આ બધા સંતો મારી ખૂબ સેવા કરી રહ્યા છે. ઊંઘ, ઉજાગરો કે થાક તેમણે જોયા નથી. કેટલાક તો અન્ન પણ લેતા નથી. માટે આજે અમને એવી ભાવના થઈ છે કે સેવામાં રહેલા આ સંતોને તમો શેરે શેર ઘીના સાકરના ચૂરમાના લાડુ ખૂબ જમાડો. અમારી આજ્ઞાથી તેઓ જમશે."

આ સાંભળી એક સંતે મહારાજને હાથ જોડી કહ્યું : "પ્રભુ ! આપ સાજા થઈ જશો એટલે અમો આપ કહેશો તે ભોજન સારી રીતે જમીશું. પરંતુ અત્યારે તો ગળાની નીચે અનાજનો કોળિયો ઊતરે એવી અમારી સ્થિતિ રહી નથી."

મહારાજે તેમને સાંત્વન આપતાં કહ્યું : "તમે બધા જો સારી રીતે આજે જમશો તો અમે જરૂર સાજા થઈ જઈશું. માટે અમારી આજ્ઞા પાળો." પછી વિરક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! જો જો અમે કહ્યું તેમાં કાંઈ ફેરફાર કરતા નહીં."

વિરકતાનંદ સ્વામી મહારાજનો કહેવાનો મર્મ સમજ્યા નહીં. તેમણે હાથ જોડી કહ્યું : "ભલે, મહારાજ ! તેમને સૌને જમાડીશું."

બપોરે 'વાસુદેવ હરે' થયા ત્યારે મહારાજે પોતાની સેવામાં રહેલા સંતોને કહ્યું : "સૌ જમવા જાવ અને અમારી આજ્ઞા પ્રમાણે જમજો. રાતના વારાના સંતોને તેડતા જજો અને અમે કહ્યું તે પ્રમાણે કહેશો. અમારી પાસે અત્યારે નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી રહેશે." એમ કહીને તેમને સૌને જમવા મોકલ્યા.

થોડી વાર પછી મુક્તાનંદ સ્વામી જમીને સાધુની ધર્મશાળામાં ન જતાં સીધા મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "સ્વામી ! આજે શું રસોઈ બનાવી હતી ?"

મહારાજે વિરક્તાનંદ સ્વામીને કરેલી આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી અજાણ હતા. તેથી તેમણે કહ્યું : "મહારાજ ! ગોળના લાડુ બનાવ્યા હતા."

આ સાંભળી મહારાજ ચમક્યા ! પછી ફરી પૂછ્યું : "લાડુમાં ઘી કેટલું નાંખ્યું હતું ?"

મુક્તાનંદ સ્વામીએ સરળતાથી કહ્યું : "મહારાજ ! પાશેર જેટલું તો હશે જ."

મહારાજને આથી દુઃખ થયું. કોઠારીને મંદિરનું મમત્વ હોય તે યોગ્ય છે પરંતુ તે મમત્વ ઇષ્ટદેવની આજ્ઞામાં પણ જ્યારે લોભમાં પરિણમે ત્યારે તે દોષ કહેવાય ! મહારાજ આ સાંભળી ખૂબ જ નારાજ થઈ ગયા !

અમે બેઠા છીએ ત્યાં જ અમારી આજ્ઞાનો લોપ કરો છો ?

મહારાજે એક પાર્ષદને કહ્યું : "કોઠારીને હમણાં ને હમણાં બોલાવો."

પાર્ષદ તરત જ ગયો. એટલામાં મહારાજની સેવામાં જે સંતો હતા તે આવી ગયા. તેમને મહારાજે પૂછ્યું : "જમ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, મહારાજ ! આપની આજ્ઞા હતી તેથી જમાયું, સારી રીતે જમાયું."

મહારાજે પૂછ્યું : "લાડુ કેવા હતા ?"

તેમણે કહ્યું : "મહારાજ ! બહુ જ સારા હતા. કોઠારીએ ભાવથી બનાવરાવ્યા હોય પછી તેમાં કહેવાનું શું હોય ?"

આ સંતોની આટલી સરળતા જોઈ મહારાજ પ્રસન્ન થયા.

એટલામાં કોઠારી આવ્યા. મહારાજે તેમને પૂછ્યું : "સ્વામી ! મેં તમને જે રીતે આજ્ઞા કરી હતી તે પ્રમાણે લાડુ બનાવ્યા હતા કે તેમાં તમારા લોભને મિશ્રિત કર્યો હતો ?"

કોઠારી પરિસ્થિતિ સમજી ગયા. તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની આજ્ઞાની અવજ્ઞા કરી મેં મારી પ્રકૃતિ અનુસાર ગોળના લાડુ બનાવરાવ્યા હતા અને ઘી પણ ઓછું નાંખ્યું હતું."

મહારાજે તેમને કહ્યું : "હજુ તો અમે બેઠા છીએ ત્યાં જ અમારી આજ્ઞાનો લોપ કરો છો, તો પછી અમે જ્યારે નહીં હોઈએ ત્યારે તો શું થશે ? આ સંતો ખડે પગે અમારી રાત-દિવસ સેવા કરી રહ્યા છે, તેમને અમારે એ જ રીતે જમાડવા હતા. પરંતુ તમારો લોભ તેમાં આડો આવ્યો. લક્ષ્મી તો અમારાં ચરણ પખાળે છે એવા મહિમાના શબ્દો તો ઘણા કહો છો, પરંતુ તે મહિમાનો સાક્ષાત્કાર તમને થયો નથી લાગતો."

વિરક્તાનંદ સ્વામી મુઝાયા. તેમણે હાથ જોડી કહ્યું : "પ્રભુ ! ક્ષમા કરો. ભૂલ થઈ ગઈ છે. પરંતુ આવતી કાલે આપની આજ્ઞા પ્રમાણે ફરી જમાડીશ." મહારાજ કાંઈ જ બોલ્યા નહીં.[૧૪૭]

✧

મહારાજની માંદગી દિનપ્રતિદિન વધુ ગંભીર થતી જતી હતી. શરીરમાં ખૂબ જ અશક્તિ આવી હતી, તેથી દેહક્રિયા પણ સેવા કરનારા સંતોની મદદથી કરી શકતા. અન્ન ઉપર ભારે અરુચિ જણાવતા હતા. કેટલીક વખત દૂધ કે રાબ પણ લઈ શકતા ન હતા. મહારાજની આવી માંદગીથી તમામ સત્સંગીઓનાં અંતરમાં જાણે દાવાનળ પ્રગટ્યો હોય તેમ ધગી ગયાં હતાં. કોઈનેય લેશમાત્ર શાંતિ ન હતી. દાદાખાચરનો પરિવાર પણ મહારાજ સ્વસ્થ થઈ જાય તે માટે રાત-દિવસ વાસુદેવ નારાયણ પાસે એક પગે ઊભા રહી પ્રાર્થના કરતો હતો,

૧૪૭. કહેવાય છે કે મહારાજની આ આજ્ઞા લોપવાથી વિરક્તાનંદ સ્વામીની સ્થિતિમાં ફેરફાર થઈ ગયો હતો. — શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, પા-૨૫.
કેટલાક એમ પણ કહે છે કે તેઓ ગાંડા જેવા થઈ ગયા હતા.

કેટલાક માળા પણ ફેરવતા હતા. અન્ન કે પાણી કોઈનેય ગળે ઊતરતાં ન હતાં. દેશ-પરદેશથી સંતો, હરિભક્તો મહારાજની તબિયત જોવા આવતા. પરંતુ મહારાજની આજ્ઞા હતી કે કોઈને અક્ષર ઓરડીમાં આવવા ન દેવા. જે કોઈ આવે તેને એક દિવસ રોકી પાછા જવાની આજ્ઞા કરી દેવી.

વૈશાખનો ધોમ ધખતો હતો. મહારાજની અક્ષર ઓરડી પાસે સુગંધીવાળી ટટ્ટીઓ રાખી તે ઉપર સંતો પાણીનો છંટકાવ કર્યા જ કરતા હતા. છતાં મહારાજ કહેતા : "અમને ખૂબ જ બળતરા થાય છે." અક્ષર ઓરડીની આવી ટાઢકમાં પણ મહારાજના આ શબ્દો તેમની અસહ્ય માંદગી સૂચવતા હતા. સેવામાં રહેલા સંતો મહારાજના આ શબ્દો સાંભળી રડતા હતા. બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તો અખંડ મહારાજની સમીપે જ બેસી રહેતા. તેમને પણ મહારાજના આ શબ્દો માર્મિક લાગ્યા. તેમની આંખો પણ ભીની થઈ ગઈ ! ફક્ત ગોપાળાનંદ સ્વામી જ આ પરિસ્થિતિમાં સ્વસ્થ હતા. તેઓ તો જાણતા જ હતા કે મહારાજ હવે દેહ રાખશે જ નહીં. તેમનું પ્રાગટ્ય અને તિરોધાન બંને લીલા તેમને મન તો દિવ્ય જ હતી ! જ્ઞાનદષ્ટિથી તેઓ જાણતા હતા કે મહારાજ દેહવિલય કરશે છતાં સત્સંગમાં અખંડ પ્રગટ રહેશે જ. તેમના પ્રગટ સંબંધ સિવાય મુક્તિનું બીજું સાધન હતું જ નહીં. પરંતુ તેમને આ વાત પ્રકાશ કરવી જ ન હતી, મહારાજની પણ એવી જ ઇચ્છા હતી.

બ્રહ્માનંદ સ્વામીને મહારાજ જૂનાગઢ જવાની આજ્ઞા કરે છે

મહારાજે તેમની સેવામાં રહેલા સંતોને કહ્યું : "બ્રહ્માનંદ સ્વામીને બોલાવી લાવો."

તે વખતે બ્રહ્માનંદ સ્વામી સાધુની ધર્મશાળામાં ગયા હતા. બ્રહ્માનંદ સ્વામીને સંદેશ મળ્યો એટલે તરત જ તે આવ્યા. તેમને જોઈ મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમે આજે જૂનાગઢ જાઓ અને ત્યાંથી ભાદરાવાળા નિર્ગુણાનંદને અહીં મોકલો." મહારાજની આ આજ્ઞા સાંભળી બ્રહ્માનંદ સ્વામીને જાણે વીજળી પડી હોય તેવો આંચકો લાગ્યો. મહારાજને આ પરિસ્થિતિમાં મૂકી તેમણે જૂનાગઢ જવું ? તેમનું મન માન્યું નહીં. તેઓ કાંઈ બોલી શક્યા નહિ. એટલે મહારાજે ફરી કહ્યું : "સ્વામી ! તમો આજે જ જૂનાગઢ જાઓ."

સ્વામી આ સાંભળી સ્થિર થઈ ગયા ! મહારાજે તેમને લગભગ બે માસ સુધી પોતાની અંગત સેવામાં રાખ્યા હતા. વારંવાર પ્રસાદી પણ આપી હતી,

ભેટયા પણ હતા અને એકાંતમાં મર્મની વાતો પણ કરી હતી. આટલું બધું સુખ બે મહિના સુધી મહારાજે આપ્યું અને જો હવે આ આજ્ઞા નહીં પળાય તો મહારાજની પ્રસન્નતા નહીં રહે. તેમના મનમાં વિચારોની પરંપરા ચાલવા લાગી. વિરક્તાનંદ સ્વામી ઉપર મહારાજે જે રીતે રોષ ઠાલવ્યો હતો તેવું પોતાને ન થાય તેનો વિચાર તેઓ કરવા લાગ્યા. પોતે બુદ્ધિશાળી હતા. જ્યારથી તેઓ જૂનાગઢથી આવ્યા, ત્યારથી જ મહારાજ તેમના ઉપર મોટેરા સદ્ગુરુ કરતાં વિશેષ ભાવ બતાવી રહ્યા હતા. તેથી જ તેમને તો મનમાં થતું હતું કે મહારાજની આ ક્રિયામાં કાંઈક મર્મ છે. ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને પણ મહારાજે આવું સુખ નથી આપ્યું. મહારાજની આ લીલા પાછળનું રહસ્ય મહારાજની આ દુઃખદ આજ્ઞાથી તેમને સમજાઈ ગયું. તેમને થયું કે હવે જૂનાગઢ ગયા સિવાય છૂટકો જ ન હતો.

મહારાજે તરત જ બ્રહ્મચારીને કહ્યું : "લાડુબાને કહેવરાવો કે અમારે જમવું છે, ઉત્તમ થાળ બનાવે."

આજે કેટલાક દિવસથી મહારાજ રાબ, દૂધ કે ખીચડી માંડ માંડ જમતા હતા, તે અત્યારે ઉત્તમ થાળ જમવાની વાત કરે છે તેથી બ્રહ્મચારીને આનંદ થયો. પરંતુ બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના દિવ્ય સ્વરૂપની માનુષી લીલા તો જે તેના માલમી હોય તે જ સમજી શકે. બ્રહ્માનંદ સ્વામી એવા મર્મજ્ઞ પુરુષ હતા.

થોડી વારે થાળ આવ્યો. કંસાર, લાડુ, પૂરણપોળી, દૂધની ખીર વગેરે મહારાજને પ્રિય ભોજન લાડુબાએ બનાવ્યું હતું. તેમના અંતરમાં આજે અનવધિકાતિશય આનંદ ઊભરાયો હતો. તેમને લાગ્યું કે મહારાજ હવે ઉદાસીનતા ટાળશે, માંદગી દૂર કરશે. તે આનંદના ભાવમાં તેમણે તથા મોટીબાએ આવી ઉત્તમ વાનગીઓ તરત જ બનાવી દીધી.

આ છેલ્લાં દર્શન છે, છેલ્લી પ્રસાદી છે

મહારાજ બે સંતોની મદદથી ઢોલિયા ઉપરથી નીચે ઊતરી ખાટલી ઉપર બિરાજ્યા. બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા. મહારાજ થોડી ખીર જમ્યા. લાડુ, કંસાર અને પૂરણપોળીની વાનગીઓ પણ અલ્પ જમ્યા. પછી આખો થાળ બ્રહ્માનંદ સ્વામીને આપી દીધો અને કહ્યું : "સ્વામી ! તમે જૂનાગઢ આજે જ જાવ છો, તેથી આ પ્રસાદીનો થાળ તમને આપીએ છીએ."

પરંતુ સ્વામી મહારાજની આ લીલાથી રડી પડ્યા. તેમને મનમાં લાગી જ ગયું હતું કે આ છેલ્લાં દર્શન છે, છેલ્લી પ્રસાદી છે. થાળ સામે હતો, વાનગીઓ ઉત્તમ હતી, મહારાજની પ્રસાદીની હતી, મહારાજની પ્રસન્નતા પણ હતી છતાં આજે આ કેમ જમાશે ?

બ્રહ્માનંદ સ્વામીને વિચાર કરતા જોઈ મહારાજે કહ્યું : "સ્વામી ! જમો, અંતરના રાજીપાની પ્રસાદી છે."

સ્વામીની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. તે જ સ્થિતિમાં તે જમવા લાગ્યા પણ જમી શક્યા નહીં. મહારાજે આ જોયું. પોતે પણ ઉદાસ તો હતા જ, છતાં પોતાના પ્રિય સખાને તેમના વિરહનું જે દુઃખ થતું હતું તેથી તેમની આંખો પણ ભીની થઈ ગઈ ! પરંતુ પોતે કૃતનિશ્ચયી હતા, એટલે તેમણે જે નિર્ણય અંતર્ગત લીધો હતો તેમાં હવે કોઈ ફેરફાર થવાનો હતો જ નહીં. અત્યારે તો બધું સંદિગ્ધ જ હતું. આશા અને નિરાશાના ભાવથી સૌનાં મન ન સમજી શકાય તેવી વેદનાનો અનુભવ કરી રહ્યાં હતાં.

બ્રહ્માનંદ સ્વામીએ તેમના મંડળના સંતોને મહારાજની પ્રસાદી આપી. પોતાના અંતરની વ્યથા તેમણે કોઈની પાસે વ્યક્ત કરી નહીં. છતાં તેમના મુખ ઉપરના ભાવથી તેમનું શિષ્ય મંડળ કોઈ ગંભીર બનાવની આગાહી સમજી શક્યું. સ્વામીએ તેમને સૌને કહ્યું : "મહારાજે આપણને જૂનાગઢ જવાની આજ્ઞા કરી છે. મને તો આજ્ઞા છે જ એટલે મારે તો જવું જ પડશે." એટલું કહીને તેઓ મૌન બની ગયા. તેમના શિષ્યો તેમની અંતરની વ્યથા સમજી ગયા. આ સંજોગોમાં તેમને એકલા જવા દેવા તેમને યોગ્ય લાગ્યું નહીં. તેમણે કહ્યું : "સ્વામી ! અમે પણ બધા આપની સાથે જ આવીશું."

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ભલે, મહારાજનાં દર્શન કરી આવો, પછી આપણે ચાલીએ."

ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો

સૌ મહારાજનાં દર્શન કરવા ગયા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજ માથે ઓઢીને સૂતા હતા. પરંતુ અવાજ થયો એટલે સૂતાં સૂતાં જ પૂછ્યું : "કોણ આવ્યું છે ?"

બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! બ્રહ્માનંદ સ્વામીના મંડળના સંતો આવ્યા છે."

મહારાજે કહ્યું : "આવવા દ્યો."

તેઓ સૌ મહારાજ પાસે આવ્યા. મહારાજે સૂતાં સૂતાં જ સૌને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "જાવ, અને ત્યાંથી તમે ગુણાતીતાનંદ સ્વામીને ઝટ મોકલો."

એક પછી એક સંત મહારાજનાં દર્શન કરી અક્ષર ઓરડીમાંથી નીકળી ગયા. સૌ સ્વામી પાસે આવી ગયા. સ્વામીએ કહ્યું : "ચાલો, હવે નીકળીએ." એમ કહી પોતે હાથમાં લાકડી લીધી.

શુભ શુકન જોઈને જ મંદિરની બહાર નીકળવાની તેમની ઇચ્છા હતી, જેથી ફરી આવવાનું થાય ત્યારે મહારાજનાં દર્શન થાય. એટલે તેઓ દરવાજે ઊભા રહ્યા. પરંતુ ન તો સામી ગાય આવી કે ન કોઈ કુંવારી કન્યા આવી. એટલે મહારાજની ઇચ્છા જાણી ત્યાંથી નીકળ્યા અને તરત જ અપશુકન થયા ! આથી બ્રહ્માનંદ સ્વામીના મનના તમામ મનોરથો ભાંગી ગયા. તે તો ત્યાં જ સ્થિર થઈ ગયા. હૈયું જાણે તૂટી પડતું હોય તેમ લાકડીનો ટેકો દઈને સ્વામીએ એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો. તેમણે પોતાની સાથેના સંતોને કહ્યું : "મને લાગે છે કે મહારાજ હવે દેહ રાખશે નહીં. માટે તમારે જો મહારાજનાં છેલ્લાં દર્શન કરવા હોય, તો ફરી જઈ આવો. મને તો આજ્ઞા નથી એટલે મારાથી તો હવે પાછા જવાશે નહીં. હું અહીં જ ઊભો રહીશ."

તેમની વાત સાંભળી તેમના મંડળના સંતો ફરી મહારાજનાં દર્શને ગયા. પરંતુ મહારાજ તો માથે ઓઢીને સૂતા હતા. એટલે તેઓ અક્ષર ઓરડીની બહાર ઊભા રહી દર્શન કરી પાછા ફર્યા.

ગજબ થઈ ગયો !

સાધુઓ મહારાજનાં દર્શન કરી પાછા આવ્યા એટલે સૌ આગળ ચાલ્યા. ઘેલાને કાંઠે આવ્યા ત્યાં હરણિયા આડા ઊતર્યા. આ જોઈને જ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : "ગજબ થઈ ગયો !" અને એમ કહી પોક મૂકીને રડતાં રડતાં ત્યાં જ બેસી ગયા. તદ્રૂપાનંદ સ્વામીએ તેમને શાંત કર્યા. છતાં રડતાં રડતાં તેમણે તેમના સંતોને ફરી કહ્યું : "હજુ કોઈને મહારાજનાં છેલ્લાં દર્શન કરવા જવું હોય તો જઈ આવો. મહારાજ નક્કી દેહ મૂકી દેશે. વળી, જેને મહારાજ પાસે રહેવું હોય તેને રહેવાની પણ છૂટ છે."

ભાંગેલે હૈયે તૂટક તૂટક શબ્દો બોલતા સ્વામી મહારાજના થનારા

વિરહની અકથ્ય વેદનાથી એકદમ બેભાન થઈ ગયા ! સંતો ઘેલામાંથી પાણી લઈ આવ્યા. સ્વામીના મુખ ઉપર પાણી છાંટ્યું. થોડી વારે સ્વામીએ આંખો ઉઘાડી. સામે જ સંતોને જોયા. તેમણે ફરી કહ્યું : "ભાઈ ! તમે બધા જાઓ, આ દર્શન હવે નહીં મળે. મારું ડાબું અંગ ફરકે છે. મનમાં અશુભ સંકલ્પના ધોધ ઉછાળા મારે છે."

સ્વામીની આજ્ઞા થઈ એટલે ફરી સંતો સ્વામીને સાથેના ગાડામાં સૂવરાવી બે સંતોને તેમની પાસે રાખી મહારાજનાં દર્શન કરવા ગયા. થોડી વારે દર્શન કરી તેઓ પાછા આવ્યા. સ્વામીને જોઈ સૌ શૂન્યમનસ્ક બની ગયા ને એ જ સ્થિતિમાં ગઢપુરની સીમ તેમણે છોડી દીધી.

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે હતા ત્યારે મહારાજને નિત્ય નવીન વાતો કરી ગમ્મત કરાવતા. આવી ગંભીર માંદગીમાં પણ મહારાજ સ્વામીની વાતો સાંભળી પ્રસન્ન થઈ જતા. તેવે સમયે સ્વામી બાજરાની રાબ કે ખીર કે દૂધ મહારાજને આપતા. મહારાજ જો કે થોડું જ અંગીકાર કરતા, છતાં સૌને સંતોષ થતો કે મહારાજે કાંઈ ગ્રહણ કર્યું. દાદાખાચરે તો મહારાજની આ ગંભીર માંદગીથી ઘી, દૂધ કે ગળ્યું, ચીકણું ન ખાવાનો નિયમ લઈ લીધો. મોટીબા તથા લલિતા તો ઘણાં સમયથી કેવળ બાજરાનો રોટલો અને છાશ જ જમતાં હતાં. તે પણ હવે તેમને ગળે ઊતરતાં ન હતાં. બ્રહ્માનંદ સ્વામી ગયા એટલે મહારાજને કોણ ગમ્મત કરીને, હસાવીને, રમાડીને થોડું પણ જમાડશે ? તેમના અંતરમાં આ વિચારો ઘોળાતા હતા. જો મહારાજ બિલકુલ અન્ન છોડી દેશે તો તો દેહ નહીં જ રહે તે નક્કી હતું. આ વ્યથાથી તેમને પણ જીવન અકારું થઈ ગયું હતું. તેમની આંખોમાં પાણી સુકાતાં ન હતાં, હૃદયના ધબકારા વધતા જતા હતા. મહારાજ છતાં દેહ પડી જાય એવા જ સૌ સંકલ્પ કરી રહ્યા હતા.

કોઈ મરી ગયું છે ?

બ્રહ્માનંદ સ્વામી ગયા પછી મહારાજ લીલા સંકેલવાની આગાહી કરતી ચેષ્ટા કરવા લાગ્યા. મહારાજ તે દિવસે ઠેઠ સાંજ સુધી માથા સુધી ઓઢીને પોઢી રહ્યા. કોઈ બોલાવે તો બોલે પણ નહીં. એટલે નિત્યાનંદ સ્વામીએ મહારાજે માથે ઓઢેલું વસ્ત્ર ખસેડ્યું અને મહારાજને વિનંતી કરતાં કહ્યું : "મહારાજ ! આપ આ રીતે સવારથી પોઢી રહ્યા છો તેથી તમામ સંતો, હરિભક્તોએ પણ અન્ન-પાણી છોડી દીધાં છે. માટે અમારા સૌના ઉપર કૃપા કરીને આપ હવે આ

માંદગી દૂર કરો અને કાંઈક અંગીકાર કરો." એમ કહી સેવામાં રહેલા સંતોને તેમણે કહ્યું : "મહારાજને બેઠા કરો."

તેમણે તરત જ મહારાજને ધીમેથી બેઠા કર્યા એટલે સ્વામીએ મહારાજ પાસે રાબનો વાડકો ધર્યો. મહારાજે વાડકો હોઠે અડાડી નિત્યાનંદ સ્વામીને આપી દીધો. આથી નિત્યાનંદ સ્વામી ધીરજ ગુમાવી બેઠા. તેમણે તરત જ તે વાડકાનો ઘા કર્યો અને પોતે પોક મૂકીને રડવા લાગ્યા. નિત્યાનંદ સ્વામીનો રડવાનો અવાજ સાંભળી દરબારમાંથી દાદાખાચર, જીવુબા, લાડુબા બધા જ અક્ષર ઓરડી પાસે આવી ગયાં. સંતો પણ જે આજુબાજુ હતા તે બધા ત્યાં આવી ગયા. બધાં જ છૂટે મોઢે રોવા લાગ્યાં. મહારાજે આ રોકકળ સાંભળી. એ જ સ્થિતિમાં નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : "કોઈ મરી ગયું છે ? આ બધા કેમ આટલે મોટેથી રોવે છે ?"

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ ઊઠો નહીં, કોઈની સાથે બોલો નહીં, કાંઈ પણ અંગીકાર કરો નહીં એટલે સૌ મરવા જેવા થઈ જ જાય ને ! આપ તો સૌના પ્રાણ સમાન છો. એટલે આપ આવી લીલા કરો તેથી કોનાં હૈયાં હાથ રહે ?"

આ સાંભળી મહારાજે કહ્યું : "જાઓ, પાણી ઊના કરો અમારે નાહવું છે. થાળ પણ બનાવો. અમે જમીશું." મહારાજનાં આ વચનોથી સૌને આનંદ થયો. તરત જ જીવુબા તથા લાડુબા થાળ કરવા ગયાં અને નિત્યાનંદ સ્વામીએ સેવકને ગરમ પાણી કરવાનું કહ્યું. સ્વામીએ પોતે જ મહારાજને ધીરેથી કોમળ હાથે શરીર ચોળીને નવરાવ્યા.

એટલામાં થાળ તૈયાર થઈ ગયો. બ્રહ્મચારી થાળ લાવ્યા. મહારાજ સન્મુખ નિત્યાનંદ સ્વામી બેઠા. મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! આપ સારી રીતે જમો તો અમને સંતોષ થાય."

મહારાજ તેમની ઈચ્છા પ્રમાણે જમ્યા. સૌને ખૂબ આનંદ થયો.

દાદાખાચરે નગારાં વગડાવ્યાં

સાંજે મહારાજે સભામાં આવવાની ઈચ્છા કરી. એટલે બે સંતોએ મહારાજને ઢોલિયામાં બેઠા કર્યા. મહારાજ તરત જ ઊભા થઈ ગયા. સંતોએ મહારાજના હાથ પકડ્યા. મહારાજે તેમને કહ્યું : "અમે વનવિચરણ કરતા હતા ત્યારે આવું જ દેહ હતું. છતાં ચાલતાં ચાલતાં જ આખા ભારતમાં ફર્યા હતા.

તો અત્યારે સભામાં ચાલીને નહીં જઈ શકીએ ?" એમ કહી મહારાજ એકલા ચાલવા લાગ્યા અને બે સંતો પાછળ ચાલવા લાગ્યા. બધી જ અશક્તિ દૂર કરી મહારાજ ચાલતા સભામાં પધાર્યા તેથી સૌને ખૂબ જ આનંદ થયો. દાદાખાચરે નગારાં વગડાવ્યાં અને સાકર વહેંચી. બધાને હવે ખાતરી થઈ કે મહારાજે મંદવાડ મૂક્યો ખરો. બ્રહ્માનંદ સ્વામી ગયા પરંતુ નિત્યાનંદ સ્વામીએ ચમત્કાર કર્યો ખરો ! મહારાજ સભામાં થોડી વાર બેસી પાછા અક્ષર ઓરડીએ પધાર્યા.

બીજે દિવસે સાંજે મહારાજે સંતોને કહ્યું : "અમને પાંચુબાના જે નવા ઓરડા કર્યા છે ત્યાં લઈ જાવ અને મોટેરા સદ્‌ગુરુઓ તથા દાદાખાચર, સોમલાખાચર, નાગમાલ વગેરેને બોલાવો." એટલું કહીને મહારાજ પલંગમાં જાતે જ બેઠા થયા. બે સંતોએ હાથ પકડ્યા અને મહારાજને ઊભા કર્યા. મહારાજ તેમના હાથ પકડીને પાંચુબાના ઓરડે પધાર્યા. અહીં ઢોલિયા ઉપર મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. લાડુબા, જીવુબા, પાંચુબા, નાનીબા, સૂરપ્રભાદેવી તથા સોમબા ફુઈ તેમજ અન્ય બહેનો પણ ઓરડાની બહાર આવી મર્યાદા પ્રમાણે બેસી મહારાજનાં દર્શન કરવા લાગી. મોટેરા સદ્‌ગુરુઓ મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે આવી ગયા. દાદાખાચર, સોમલાખાચર તો ત્યાં હતા જ. જીવાખાચરના પરિવારને પણ સંદેશો મોકલ્યો હતો તેથી તેઓ પણ આવી ગયા હતા.

અમે હવે ધામમાં જવાના મનસૂબા કર્યા છે

સૌ મહારાજ સન્મુખ બેઠા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામી તરફ જોઈ કહ્યું : "સ્વામી ! તમને સૌને અમે આંહીં બોલાવ્યા છે, કારણ કે અમારે તમને વાત કરવી છે." એમ કહીને મહારાજ અટક્યા. પછી ફરી બોલ્યા : "સ્વામી ! અમે જે સંકલ્પ લઈને અક્ષરધામમાંથી આવ્યા હતા, તે સંકલ્પ પૂરા થઈ ગયા છે. ભાગવત ધર્મનું પ્રસ્થાપન થઈ ગયું, તેને પોષણ આપે એવા સંતો પણ તૈયાર થઈ ગયા, શાસ્ત્રો પણ થયાં અને મંદિરો પણ થયાં. વળી, સત્સંગનો જે દ્વેષ કરતા હતા તે બધાનો પરાભવ થયો છે અને સત્સંગ પ્રત્યે હવે સૌને સદ્‌ભાવ થતો જાય છે. દેશકાળ પણ અનુકૂળ થયા છે. હવે તમારે મોટેરા સદ્‌ગુરુઓએ આ સત્સંગ જાળવવાનો છે ને તે વૃદ્ધિ પામે તેવું કરવાનું છે. અમને હવે ધામમાં જવાના મનસૂબા થાય છે, તે હવે કોઈના રોક્યા અમે રોકાશું નહીં." આટલું બોલતા મહારાજ થાકી ગયા.

મહારાજના આ શબ્દોથી જાણે વીજળીના ભયંકર પ્રહારથી સૌ શબવત્ બની ગયા હોય તેવી સૌની સ્થિતિ થઈ ગઈ. ગઈ કાલે તો નગારાં વગડાવ્યાં હતાં અને સાકર વહેંચી હતી અને આજે અચાનક આ શું થઈ ગયું ? મહારાજના આ શબ્દોથી સભામાં બેઠેલામાંથી કોઈનાયે હૈયા હાથ રહ્યા નહીં. સૌ છૂટે મોઢે રોવા લાગ્યા. મહારાજ શાંત જ રહ્યા. તેમને પણ ખબર હતી કે આ આઘાત મારા ભક્તો માટે અસહ્ય હતો. પરંતુ હવે છૂટકો ન હતો.

થોડી વાર પછી મહારાજે બધાને શાંત થવા કહ્યું. પછી બોલ્યા : "આ દેહનો ત્યાગ એક દિવસ તો કરવાનો જ છે. આગળ પણ જે અવતાર થઈ ગયા તે કોઈ આ પૃથ્વી ઉપર રહ્યા નથી. આ લોક જ મૃત્યુલોક છે. માટે હવે જ્ઞાનદૃષ્ટિ રાખી સૌએ ધીરજ રાખવાની છે. અમે ઘણી વાર કહ્યું છે કે ભગવાનનું પ્રાગટ્ય અને તિરોધાન આ બંને નટની માયા સમાન છે. પરંતુ જે નટવિદ્યા જાણતો હોય તે નટની માયામાં મોહ ન પામે, તેમ તમારી બ્રહ્મદૃષ્ટિ થશે ત્યારે અમે સત્સંગમાં અખંડ રહ્યા જ છીએ તે સમજાશે. પરંતુ સ્થૂળ ભાવ હશે ત્યાં સુધી અમો અંતર્ધાન થઈ ગયા છીએ એવું જ મનાશે અને અમારા પ્રગટ સ્વરૂપને ઓળખી શકાશે નહીં."

મહારાજની આ જ્ઞાનવાતો અત્યારે તો કોઈના હૈયે વસી નહીં. મહારાજના શબ્દોથી સૌને એમ જ લાગી ગયું કે મહારાજ આ સ્વરૂપે પૃથ્વી ઉપર હવે નહીં જ રહે. જે સુખ અત્યાર સુધી તેમણે સૌને આપ્યું, તે સુખ હવે ખોઈ બેસવાના. આ વિચારમાત્રથી કોઈ છાના રહી શક્યા નહીં. આખો દરબારગઢ જાણે રડતો હોય તેવી કારમી વ્યથાથી સૌનાં હૈયાં વલોવાઈ ગયાં. આ ઢોલિયો, આ પલંગ, આ અક્ષર ઓરડી, આ વાસુદેવ નારાયણનો ઓરડો અને સમગ્ર દરબારગઢ અને ગઢપુર નગર મહારાજ વિના કેવું વ્યથાગ્રસ્ત થઈ જશે તેની કલ્પનાથી જ કેટલાક તો ત્યાં જ ધરાશાયી થઈ ગયા ! દાદાખાચરને મૂર્છા આવી ગઈ ! અને બહેનો પણ બધી શબવત્ બની ગઈ ! મહારાજ કઠણ હૈયે આ જોઈ રહ્યા.

આપ સ્વધામ પધારશો તો આમાંથી કોણ જીવી શકશે ?

એવામાં મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આ બધા આટલા બધા દિલગીર શીદ થાય છે ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપે સ્વધામ

જવાનો સંકલ્પ કર્યો છે તે સાંભળીને બધા દિલગીર ન થાય તો શું કરે ? આપ તો સૌના જીવનપ્રાણ છો. આપને આધારે જ સૌ જીવી રહ્યા છે. ત્યારે જો આપ એવા સંકલ્પ કરો, તો અમારા સૌની શી દશા થાય ? આપને વિનંતી કરીએ છીએ કે હજુ મંદિર બધાં અધૂરાં છે, હજુ આપણા સંપ્રદાયની પ્રતિષ્ઠા પણ જેવી બંધાવી જોઈએ તેવી બંધાઈ નથી. મતપંથનો ઉપાડ હજુ પણ મટ્યો નથી. ઉપાધિ બહુ છે. આ સંજોગોમાં અને આપની ઉંમર જોતાં પણ આપ આવો સંકલ્પ કરો તે સમગ્ર સત્સંગને કારી ઘા જેવો જ લાગે. આપના આટલા સંકલ્પથી જ આ દાદાખાચર તો ભાન ગુમાવી બેઠા છે અને બીજા પણ ઘણા આ આઘાતથી ઢળી પડ્યા છે. તો આપ સ્વધામ પધારશો તો આમાંથી કોણ જીવી શકશે ?''

આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે

મહારાજ ગંભીર હતા. તેમણે કહ્યું : ''સ્વામી ! અમારો નિશ્ચય દૃઢ છે અને અમારા સ્વધામગમન પછી સૌનાં અંતરમાં એવી ધીરજ મૂકીશું જેથી તેમના સૌના દેહ ટકી રહેશે. તમે કાંઈ ચિંતા કરશો નહીં. આ સંપ્રદાયનો જે દ્વેષ કરશે તેવા મતપંથો બધા જ ભૂંસાઈ જશે, ઉપાધિના ઓળા દેખાતા બંધ થઈ જશે અને આપણે સંપ્રદાયમાં બાંધેલા નિયમો જ એવા છે કે તેના યથાર્થ પાલનથી સંપ્રદાયનું ગૌરવ ઊલટું વધશે. તમે ફિકર કરશો નહીં સ્વામી ! સૌના નાડી-પ્રાણ કોના હાથમાં છે ? એક સમય એવો આવશે કે આખું જગત સ્વામિનારાયણનું ભજન કરશે.''

મહારાજની આ વાત સાંભળી ગોપાળાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! આપ તો સ્વતંત્ર છો. અમારે પણ આપની મરજી અનુસાર વર્તવું જોઈએ. પરંતુ આપ અમારી ખબર રાખજો અને સૌનાં અંતરમાં ધીરજ પ્રેરજો.''

મૂક વદને સૌ આ સાંભળી રહ્યા. પરંતુ કોઈનાંયે હૈયાં હેઠાં બેઠાં નહીં. આ કારમા દિવસે પોતાની શી સ્થિતિ થશે તેની કલ્પના કરતા જ બધાને ધ્રુજારી છૂટી ગઈ ! જળ વિના જેમ માછલું તરફડીને પ્રાણ છોડી દે, તેમ મહારાજના ધામમાં ગયા પછી તેમના કોઈના પ્રાણ ટકી શકશે જ નહીં. મહારાજ વિહોણો સત્સંગ અનાથ થઈ જશે !

તેમને સૌને વિચાર કરતા જોઈ મહારાજે કહ્યું : ''સાંભળો, તમારા અમારા પ્રત્યેના પ્રેમની પરીક્ષા આજે થઈ ગઈ. તમારો આવો પ્રેમ છે તો અમારો સંકલ્પ કદાચ બદલાય પણ ખરો. માટે સૌ હિંમત રાખો.'' એમ કહીને

પોતે કહ્યું : "ચાલો, હવે અમને અક્ષર ઓરડીમાં લઈ જાવ."

મહારાજ ઊઠ્યા અને બે સંતોએ મહારાજના હાથ પકડ્યા. મહારાજ અક્ષર ઓરડીમાં પધારી ગયા. મહારાજના છેલ્લા શબ્દોથી જાણે તૃણનો ઓથ મળી ગયો હોય એવી કાંઈક આશા સૌને બંધાઈ.

આ વખતે શણગારેલી ઘોડી લઈને એક માણસ ત્યાં આવ્યો. આવીને એણે મહારાજને મળવા દેવાની વિનંતી સેવક સંતોને કરી. સંતોએ પૂછ્યું : "ક્યાંથી આવો છો ?"

"રોજકાથી. કાકાભાઈએ મોકલ્યો છે."

વર્ણી એને લઈને અંદર ગયા. મહારાજ પલંગ પર માથે ઓઢીને પોઢ્યા હતા. પગરવ થતાં મહારાજે મુખ બહાર કાઢ્યું. કાસદે રોજકાના કાકાભાઈએ આપેલો પત્ર તથા રૂપાની તાંસળી મહારાજનાં ચરણે ધરી. મહારાજે શુકમુનિને બોલાવીને પત્ર વંચાવ્યો. પત્રમાં કાકાભાઈએ લખ્યું હતું કે "હવે મારી અવસ્થા થઈ છે અને મારો એવો સંકલ્પ છે કે આપ મારા અંતકાળે અહીં રોજકામાં મને પ્રત્યક્ષ દર્શન દેવા પધારો."

મહારાજ પત્ર સાંભળી બેઠા થઈ ગયા : "આપણે કાકાભાઈને ત્યાં દર્શન દેવા જવું જ જોઈએ."

"પણ મહારાજ ! આ માંદગીમાં !" વર્ણીએ ચિંતા વ્યક્ત કરી.

"લ્યો, આ માંદગી મૂકી એક કોરે." કહીને મહારાજ રોજકા જવા તૈયાર થઈ ગયા. દરબારમાં બધાંને ખબર પડી ગઈ કે મહારાજ રોજકા પધારે છે. સૌ બહુ રાજી થયા. જો આવી રીતે પણ મહારાજ ઉદાસી ટાળતા હોય તો ઊંચા થયેલા જીવ તો હેઠા બેસે.

મહારાજે મેનો તૈયાર કરાવ્યો. થોડા સંત-પાર્ષદોને લઈને કાઠી અસવારો સાથે રોજકા જવા નીકળ્યા. રોજકા કાકાભાઈને ઘેર પહોંચ્યા ત્યારે આવી માંદગીમાં પણ ભક્તાધીન ભગવાનને આવેલા જોઈને કાકાભાઈની આંખમાંથી હર્ષનાં અશ્રુ વહી રહ્યાં. મહારાજે એમના શરીરે હાથ ફેરવ્યો. કાકાભાઈએ પ્રાર્થના કરી : "મહારાજ ! હવે આ હાડ-માંસના દેહનો ત્યાગ કરાવી, ભાગવતી દિવ્ય તનુ ધરાવી આપની સેવામાં રાખો."

મહારાજે એમને સાંત્વન આપ્યું : "થોડા દિવસમાં તમારો દેહ પડી જશે અને ધામમાં જશો."

પછી કાકાભાઈએ પત્નીના રૂપાનાં કડાં લાવીને મહારાજને ભેટ ધર્યાં.

રોજકાથી નીકળી મહારાજ પાછા ગઢડા પધાર્યા. વરતાલ સમૈયા પર માંદગીને કારણે મહારાજ ન પધાર્યા. પરંતુ અંત અવસ્થાએ પહોંચેલા ભક્તનો છેલ્લો મનોરથ પૂરો કરવા માંદગી ગણકાર્યા વિના રોજકા ગયા. ભગવાનની આ ભક્તવત્સલતા છે.

સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પહોંચ્યા. તે વખતે સ્વામી શણગાર આરતી પછી ઠાકોરજીનાં દર્શન કરી પ્રદક્ષિણા કરતા હતા. એટલામાં ઉપરથી શિખરનો એક ભાગ પડ્યો એટલે સ્વામી ચમક્યા. એક હાથ પાછા હઠી ગયા. તે વખતે બ્રહ્માનંદ સ્વામી ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી પાસે આવ્યા. તેમના મુખ ઉપર ગ્લાનિ હતી. અંતરમાં દુ:ખ હતું. તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે, માટે વિલંબ ન કરતાં હમણાં જ ચાલી નીકળો." આટલું બોલતાં બોલતાં સ્વામીની બંને આંખોમાંથી અશ્રુ ટપકવાં લાગ્યાં.

સ્વામી પરિસ્થિતિ સમજી ગયા. તેમણે કહ્યું : "હું હમણાં જ નીકળું છું."

શિખરનો એક ભાગ પડ્યો ત્યારે જ તેમને કાંઈક અશુભ સમાચારનો વહેમ તો પડ્યો જ હતો. બ્રહ્માનંદ સ્વામીના આ સંદેશાથી તે વહેમ સાચો પડ્યો.

સ્વામી તરત જ સભામંડપમાં પધાર્યા. ખીંટીએ ટીંગાડેલી તેમની ઝોળી લીધી, પોતાની સાથે ઝડપથી ચાલી શકે એવા એક સાધુને સાથે લીધા અને બ્રહ્માનંદ સ્વામીની રજા લઈને તરત જ ચાલી નીકળ્યા. સ્વામીને મહારાજનાં દર્શનની તાલાવેલી હતી. મહારાજ રખે તેમના પહોંચતા પહેલાં ધામમાં પધારી જાય તેવી અંતરમાં બીક હતી. અંતરની એ વિષમ વેદનાને દબાવી સ્વામીએ ઝડપથી મજલ કરવા માંડી. પવન પાવડી પણ ઝડપ ન કરી શકે તેવી ત્વરિત ગતિથી સ્વામીશ્રીએ તે જ દિવસે ચાલીસ ગાઉ કાપી નાખ્યા. રાત્રે પણ મજલ ચાલુ રાખી. બીજે દિવસે જેઠ સુદ ૬ને દિવસે સવારે સ્વામી ગઢપુર પહોંચી ગયા !

દરબારમાં બધું જ તેમણે સૂમસામ જોયું. સર્વત્ર ઉદાસીનતા વ્યાપી ગઈ હતી. જે કોઈ મળતા તે મૌન જ ધારણ કરી બે હાથ જોડી દેતા. સૌની આંખો નિસ્તેજ થઈ ગઈ હતી. હૃદય હતોત્સાહ બની ગયું હતું. સ્વામી સમજી ગયા કે મહારાજે ઘેરો મંદવાડ ગ્રહણ કર્યો લાગે છે. મહારાજ પાંચુબાના ઓરડામાં જે દિવસે પધાર્યા અને ધામમાં જવાના સંકલ્પની સૌને વાત કરી ત્યારથી જ

મહારાજે ગંભીર માંદગી ગ્રહણ કરી લીધી હતી. પરંતુ પોતાની અંતિમ વિદાયનો સમય આવે તે પહેલાં જ જો ભક્તોનાં અંતર ભાંગી જશે તો તેમને ધીરજ આપવી મુશ્કેલ પડશે. તેથી મહારાજે તેમને કહ્યું હતું કે "અમારો સંકલ્પ કદાચ બદલાય પણ ખરો." આથી સૌને કાંઈક હિંમત આવી હતી.

પરંતુ તે પછી અક્ષર ઓરડીમાં જઈ માથે ચોફાળ ઓઢી મહારાજ પોઢી ગયા. કોઈના બોલાવ્યા બોલે નહીં અને જમવાનું પણ કાંઈ ગ્રહણ કરે નહીં. આથી ફરી સૌ ચિંતાગ્રસ્ત થઈ ગયા. મહારાજની માંદગી ગંભીર તો હતી જ. ભલે તેમની એ લીલા હતી, પરંતુ તેથી હરિભક્તોનાં અંતર વલોવાઈ જતાં હતાં. તેમાં વળી, આજે ફરી મહારાજ એકદમ મૌન ધારણ કરી મુખ ઉપર ઓઢીને સૂઈ ગયા એટલે નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને શુકમુનિની મુઝવણ વધી ગઈ ! બ્રહ્મચારી તો આ પ્રસંગથી તદ્દન શૂન્યમનસ્ક થઈ અવાક્ બની ગયા હતા ! મહારાજ જ તેમનું જીવન હતા. ચોવીસ કલાક મહારાજની અનેક પ્રકારની સેવામાં પ્રવૃત્ત રહેતા બ્રહ્મચારી મહારાજની છાયા સમાન હતા. મહારાજની માંદગીનો આઘાત તેમના અંતરમાં ઊંડે સુધી પેસી ગયો હતો. કામ કરતાં પણ તેમના હાથ-પગ ધ્રૂજતા હતા, બોલતાં બોલતાં શબ્દો તૂટતા હતા, આંખમાં પાણી આવી જતાં. સૌ હરિભક્તોની આવી કરુણ પરિસ્થિતિ થઈ ગઈ હતી. આનું નિવારણ સૌને લાગ્યું કે ફક્ત ગોપાળાનંદ સ્વામી જ છે. તેથી મોટેરા સદ્‌ગુરુઓ તથા દાદાખાચર સ્વામી પાસે ગયા.

સ્વામી તો સ્થિતપ્રજ્ઞ હતા. તેઓ બધાની મુઝવણ જાણતા હતા. પરંતુ મહારાજનો સંકલ્પ પણ જાણતા હતા. મહારાજ હવે દેહ રાખવાના જ નથી તે તેમના મનમાં વસી ગયું હતું. બ્રહ્માનંદ સ્વામીના જૂનાગઢ ગયા પછી ત્યાંથી ગુણાતીતાનંદ સ્વામી અહીં પધારે અને તેમની વિનંતીથી મહારાજ પોતાનો સંકલ્પ બદલે તેવું તેઓ વિચારી રહ્યા હતા.

સૌ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને મહારાજની માંદગીના ગંભીરતાનાં ચિહ્નોની સ્વામીને વાત કરી. સ્વામી શાંતિથી સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "મહારાજ આપણા સૌનાં અંતરના ભાવો જાણે છે. કદાચ તેમનો સંકલ્પ બદલે પણ ખરા. આપણે તો તેમનાં ચરણમાં પ્રાર્થના જ કરવાની છે. રડવાથી કે ચિંતા કરવાથી કાંઈ વળશે નહીં." એમ કહી થોડી વાર તેઓ મૌન રહ્યા. પછી કહ્યું : "કદાચ કાલે જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી આવે, તેમની વિનંતીથી મહારાજ માંદગી દૂર કરે. માટે હમણાં તો હિંમત રાખી પ્રાર્થના કરીએ."

સ્વામીનાં વચનોથી સૌને ધીરજ મળી પણ શાંતિ ન મળી !

જૂનાગઢથી અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર પહોંચી ગયા એટલે સૌને હિંમત આવી. તેઓ સીધા જ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી મહારાજ પાસે અક્ષર ઓરડીમાં આવ્યા. અહીં સોમલાખાચર, સુરાખાચર વગેરે અક્ષર ઓરડી પાસે જ બેઠા હતા. કોઈને પણ અંદર આવવા ન દેવા તેવો તેમને હુકમ હતો. પરંતુ જૂનાગઢના મહંત પધાર્યા એટલે તેમને તો રોકી શકાય નહીં. સુરાખાચર અંદર ગયા. તે જ વખતે મહારાજે મુખ ઉપર ઓઢેલો ચોફાળ દૂર કર્યો. સામે સુરાખાચરને ઊભેલા જોઈને પૂછ્યું : "કેમ અંદર આવ્યા ?"

તેમણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! જૂનાગઢ મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામી આવ્યા છે, બહાર ઊભા છે. આપની આજ્ઞા હોય તો અંદર આવે."

એ સાંભળી મહારાજના મુખારવિંદ ઉપર આનંદની રેખાઓ ફરકી ગઈ ! મહારાજ જાણે એકદમ સ્વસ્થ થઈ ગયા હોય તેમ ઢોલિયામાં બેઠા થઈ ગયા અને બોલ્યા : "અહો, સ્વામી આવી ગયા ? મોકલો મોકલો, તેમને ઝટ અંદર મોકલો."

સુરાખાચર મહારાજની આવી સ્વસ્થતા જોઈ આનંદ પામ્યા. અંતરમાં હિંમત આવી કે ગોપાળ સ્વામીએ કહ્યું હતું તે કદાચ સાચું પડે. તેમણે તરત જ સ્વામીને અંદર મોકલ્યા.

અમે તમારાથી ક્યાં જુદા છીએ ?

સ્વામી અંદર ગયા. મહારાજને દંડવત્ કરવા લાગ્યા. પછી પગે લાગ્યા. પરંતુ મહારાજનું મુખારવિંદ જોઈ તેમની આંખમાં આંસુ આવી ગયાં. મહારાજનો દેહ એકદમ કૃશ થઈ ગયો હતો. સ્વામી બે ઘડી તો કાંઈ બોલી શક્યા નહીં. મહારાજના ઢોલિયા પાસે આવી બેસી ગયા. મહારાજે પાર્ષદોને કહ્યું : "બ્રહ્મચારી સિવાયના બધા જ બહાર જાવ."

પછી મહારાજે સ્વામીના મસ્તક ઉપર હાથ ફેરવતા કહ્યું : "સ્વામી ! આવી ગયા ને ? અમે નો'તું કહ્યું કે પ્રસંગ આવ્યે તમને બોલાવી લઈશું. તો બોલાવી લીધા ને ?"

સ્વામી મહારાજ સામું જોઈ રહ્યા, મેષોન્મેષ જોઈ રહ્યા. મહારાજ પણ સ્વામીની દૃષ્ટિ ઝીલી સ્થિર નેત્રે બેસી રહ્યા. એ દૃષ્ટિની અગમ્ય ભાષા

મહારાજ સમજી ગયા. સ્વામીની સાથે તેમને તો આધ્યાત્મિક ઐક્ય હતું. છતાં સ્વામીના અંતરમાં આ લોકના ભાવ પ્રમાણે આવતા વિરહનું દુઃખ પણ હતું. મહારાજ તે સમજી ગયા અને ધીરે રહીને સ્વામીને કહ્યું : "સ્વામી ! અમે તમારાથી ક્યાં જુદા છીએ ?" એટલું કહી મહારાજ બોલ્યા :

"મીઠા વ્હાલા કેમ વિસરું મારું તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો."

સ્વામી એ મહારાજના શરીરરૂપ હતા. यस्य अक्षरं शरीरं એ શ્રુતિનાં વચનો આજે મહારાજે પોતાના જ શ્રીમુખના શબ્દોમાં સાકાર કર્યા. એકાએક આખો પ્રસંગ બદલી મહારાજે સ્વામીને પૂછ્યું : "સ્વામી ! સુખી છો ને ? રાધારમણ દેવ આદિ સુખી છે ને ? તેમને શણગારનાં વસ્ત્રો, આભૂષણો બધું બરાબર છે ને ?"

ત્યારે સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની દયાથી સૌ સુખી છીએ. દેવને વસ્ત્રો, આભૂષણો બધું જ આપની કૃપાથી છે. ફક્ત એક સિદ્ધેશ્વર મહારાજ માટે મુગટ નથી, તે હવે કરાવી લઈશું."

ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "જીવુબા પાસે ઓલ્યો ધોરાજીવાળો મુગટ[૧૪૮] છે તે મંગાવો."

બ્રહ્મચારી તરત જ તે લઈ આવ્યા. મહારાજે સ્વામીને તે મુગટ આપતાં કહ્યું : "લ્યો, આ સિદ્ધેશ્વર માટે મુગટ !"

પછી સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપે સંકલ્પ તો કર્યો છે પણ સમગ્ર સત્સંગની શી દશા થશે ?" મહારાજ આ સાંભળી હસ્યા પરંતુ કાંઈ બોલ્યા નહીં.

સ્વામી પધાર્યા એટલે મહારાજના મનમાં આનંદ થયો, તે ભાવ તેમના

---

૧૪૮. સંપ્રદાયમાં પૂર્વે એમ પણ વિગતો પ્રસિદ્ધ થઈ છે કે ધર્મપુરમાં કુશળકુંવરબાએ અર્પણ કરેલો મુગટ શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને આપ્યો હતો. પરંતુ સં. ૧૮૬૩માં ધોરાજીમાં લાલ વડ નીચે ઉત્સવ કર્યો ત્યારે સુરતના હરિભક્તોએ શ્રીહરિને કીમતી પોષાક તથા મુગટ અર્પણ કર્યો હતો. આ મુગટ શ્રીહરિએ જીવુબા પાસે મુકાવી રખાવ્યો હતો. જૂનાગઢના સિદ્ધેશ્વર મહાદેવ માટે મહારાજે આ મુગટ આપ્યો હતો. જો કે પાછળથી મુગટની બીજી વ્યવસ્થા થઈ જતાં આ મુગટ જૂનાગઢમાં પ્રસાદીના સંગ્રહાલયમાં મૂકવામાં આવ્યો છે.
– જૂનાગઢમાં સહજાનંદ સ્વામી; લે. શા. પુરુષોત્તમવલ્લભદાસ, પ્રથમ આવૃત્તિ, સં. ૧૯૮૧.

મુખારવિંદ ઉપર વ્યક્ત થયેલો જોઈ બ્રહ્મચારીએ પૂછ્યું : "મહારાજ ! થાળ લાવું ?"

મહારાજે તરત જ કહ્યું : "હા, લાવો, લાવો. અમે જમીશું અને આ સ્વામીને પણ પ્રસાદી આપીશું."

બ્રહ્મચારી તરત જ થાળ લઈ આવ્યા. બ્રહ્મચારીએ તથા સ્વામીએ મહારાજને ઢોલિયા ઉપરથી ઊઠાડ્યા અને પાટલા ઉપર બેસાર્યા. બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવરાવ્યા. મહારાજે થાળની વાનગીઓ તરફ દૃષ્ટિ કરી. બહાર મહારાજના સખા તથા જીવુબા, લાડુબા મહારાજનાં દર્શન કરી રહ્યાં હતાં. સૌ પ્રાર્થના કરતાં હતાં કે મહારાજ કાંઈક જમે. મહારાજ તેમની પ્રાર્થના સાંભળી ચાર દિવસ પછી થોડું જમ્યા. પ્રસાદીનો થાળ સ્વામીને આપ્યો. આ ચાર દિવસ તો મહારાજ મુખારવિંદ ઢાંકીને સૂઈ રહ્યા હતા. બોલવાનું પણ બંધ કર્યું હતું. ફક્ત દેહક્રિયા કરવા જાગતા ત્યારે એટલા પૂરતા જ બે શબ્દો બોલતા. આજે મહારાજે સ્વામી સાથે આટલી વાતો કરી. સ્વામીને આટલું વહાલ કર્યું. સ્વામી તેમનું શરીર છે એવું બોલ્યા અને વળી થાળ પણ જમ્યા. એટલે બધાને પાછી હિંમત આવી ગઈ ! મહારાજ હવે આરામ કરે તે હેતુથી સ્વામી ઊઠ્યા.

એ ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે

મહારાજે સ્વધામ જવાનો નિર્ણય કરી લીધો હતો, પરંતુ તેમનો વિરહ સહન ન કરી શકે તેવા પ્રેમી સંતો અને ભક્તોને તેમણે ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા કરી દીધી. આથી ગોપાળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આ જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામી અહીં આવ્યા છે. તેમને આપના ઉપર અપાર પ્રેમ છે. આપના વિરહની વેદના તેઓ સહન નહીં કરી શકે. તો તેમને પાછા જૂનાગઢ મોકલી દ્યો."

તે સાંભળી મહારાજે સહેજ સ્મિત કર્યું. પછી બોલ્યા : "સ્વામી ! એ ગુણાતીતાનંદ સ્વામી તો ગુણાતીત એવું અમારું અક્ષરધામ છે. તે તો દિવ્યરૂપે સદાય અમારી સાથે જ છે. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ?"

મહારાજના આ શબ્દોથી ગોપાળાનંદ સ્વામીને સ્વામીનો – પરાત્પર એવા મહારાજના અક્ષરધામના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો. તેમણે મહારાજના આ શબ્દો અંતરમાં ઉતારી લીધા. સાથે સાથે મહારાજના અંતર્ધાન થયા પછી

તેમના પુનઃ પ્રાગટ્યનું પાત્ર પણ તેમણે ઓળખી લીધું !

થોડી વારે મહારાજે આ બંને સદ્‌ગુરુઓને કહ્યું : "હવે મોટેરાઓને બોલાવો. અમારે વાત કરવી છે."

મહારાજની આજ્ઞા થઈ એટલે બહાર ઊભેલા સદ્‌ગુરુઓ તથા દાદાખાચર, સુરાખાચર, સોમલોખાચર વગેરે ત્યાં આવી ગયા. બહેનો સર્વે બહાર બેઠી. મહારાજે તેમને ઉદ્દેશીને કહ્યું : "અમે હવે ધામમાં જવાનો સંકલ્પ કરી લીધો છે. અમારો સંકલ્પ ફરે તેમ નથી. માટે તમો સૌ ધીરજ રાખજો અને અમારી પાછળ કોઈ આત્મહત્યા કરશો નહીં. અમારી આ આજ્ઞા વિરુદ્ધ એવું કાંઈ કૃત્ય કોઈ કરશે તો તે ભૂતયોનિને પામશે, પરંતુ અક્ષરધામનાં તો દર્શન તેને નહીં જ થાય."

મહારાજ ગંભીર હતા. મહારાજના આ શબ્દોથી ફરી વાતાવરણ વધુ ગંભીર બની ગયું. મહારાજની છેલ્લા એક માસની લીલાથી અને તેમના મુખમાંથી ક્વચિત્ ક્વચિત્ નીકળતા આવા શબ્દોથી સૌ સમજી તો ગયા જ હતા કે મહારાજ હવે જરૂર ધામમાં પધારશે. છતાં આશાનો તાંતણો પકડી સમગ્ર સત્સંગને આવનારા આ વિકટ દુઃખને સમજી મહારાજ પોતાનો સંકલ્પ બદલે તેવું તેઓ માની રહ્યા હતા.

મહારાજે પછી કહ્યું : "આ ગોપાળાનંદ સ્વામીને અમે મોટેરા સ્થાપીએ છીએ. બધા જ હરિભક્તોએ, સંતોએ તેમની આજ્ઞામાં રહેવાનું છે. ધર્મકુળના સૌએ પણ તેમની સલાહ પ્રમાણે રહેવાનું છે."

એટલું કહી ગોપાળાનંદ સ્વામી તરફ જોઈ મહારાજે કહ્યું : "સ્વામી ! અમારા અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીનું તમે વિશેષ ધ્યાન રાખજો."

મહારાજ આટલું બોલી મૌન રહ્યા. બોલતાં પણ તેમને થાક વર્તાતો હતો.

આવી રહેલી આ અસહ્ય અને અકથ્ય એવી વેદનાના ખ્યાલમાત્રથી જ એક ડૂસકું સંભળાયું. તે સાંભળી મહારાજે તરત જ કહ્યું : "રોવાનો આ સમય નથી. અમે જે રીતે જ્ઞાનના શબ્દો કહ્યા છે તે સંભારી સૌએ ધીરજ રાખવાની છે. ભગવાન કદી અંતર્ધાન થતા જ નથી. અહીંથી અંતર્ધાન થઈ બીજે ઠેકાણે અન્ય સ્વરૂપે પ્રગટ થાય છે. એ સ્વરૂપ કદાચ ન ઓળખાય તો મૂર્તિઓ દ્વારા તો અમે પ્રગટ છીએ જ. તેમને ભક્તિભાવથી સેવશો તો અમારું પ્રગટ સ્વરૂપ ઓળખાશે."

મહારાજના આ શબ્દોથી, ભારેલો અગ્નિ જેમ અંદરથી બળતો જ રહે

તેમ મહારાજના આવી રહેલા વિયોગના દુઃખનો ઊભરો, અંતરમાં શમાવ્યા છતાં પણ ત્યાં બેઠેલા સૌનાં અંતરને કારમી બળતરાથી બાળવા લાગ્યો.

મહારાજે કહ્યું : "આજે નોમ થઈ છે, આવતી કાલે અમે ધામમાં જઈશું."

મહારાજના આ શબ્દો હવે અસહ્ય બની ગયા ! ધરતીકંપના આંચકાથી જેમ પૃથ્વી ધણધણી ઊઠે તેમ સૌનાં અંતર ધ્રૂજી ગયાં. એક કારમી ચીસ સંભળાઈ અને દાદાખાચર તથા જીવુબા, લાડુબા વગેરે બહેનો, બ્રહ્મચારી અને અન્ય પ્રેમી હરિભક્તો ધરતી ઉપર ઢળી પડ્યાં ! મહારાજની આજ્ઞા હતી તેથી સંતો આ કારંમા દુઃખને અંતરમાં શમાવવા લાગ્યા. પરંતુ તેમનાં હૃદય જાણે ભીંસાતાં હોય, પ્રાણ નીકળી જતા હોય તેવી વેદનાના અનુભવથી પારાવાર અસ્વસ્થતા તેઓ અનુભવવા લાગ્યા. મહારાજે હાથના ઈશારાથી સૌને બહાર જવા કહ્યું.

સૌ બહાર નીકળ્યા. જેઠનો અસહ્ય તાપ હોવા છતાં સમગ્ર આકાશ વાદળથી છવાઈ ગયું. વીજળીના ભયંકર કડાકાથી ધરતી ધ્રૂજવા લાગી. પ્રલયકાળનો મેઘ વરસશે કે વીજળીના ચમકારાથી પ્રલયનો અગ્નિ જાણે સમગ્ર વિશ્વને હમણાં જ બાળી દેશે તેવા ઉત્પાતો શરૂ થયા. પ્રચંડ વાવાઝોડાથી કેટલાક ઘરનાં છાપરાં પણ ઊડવા લાગ્યાં. કેટલાક ઘર પડવા લાગ્યાં. ધૂળની ડમરીથી આકાશ છવાઈ ગયું ! મહારાજ પ્રત્યેના પ્રેમના અપ્રતિમ અંતર્ગત ભાવથી કેટલાકને થયું કે આ ઉત્પાતથી જો મુશળધાર વરસાદ પડે અને પૃથ્વીને ડૂબાડી દે કે પ્રલયનો અગ્નિ વરસે અને એ ઝંઝાવાતમાં આપણે સૌ હોમાઈ જઈએ તો મહારાજના થનારા વિરહની અકથ્ય વેદનાના તાપથી ઊગરી જઈએ. મહારાજને સૌ દિવ્ય સમજતા હતા, છતાં તેમના આ શબ્દો અમંગલ લાગ્યા. આ ઉત્પાત પણ અમંગળ આગાહી કરતો હતો. ભગ્ન હૃદયે સૌ નિરાશાના ભાવથી મૂઢ બની ગયા !

મંદિરને માથે પંદરસોનું દેવું છે

સાંજે મહારાજે મોટેરા સદ્‌ગુરુઓને તથા કારભારીઓને બોલાવ્યા. મહારાજે તેમને કહ્યું : "આ મંદિર પૂરું કરાવજો."

ત્યારે લાધા ઠક્કરે કહ્યું : "મહારાજ ! મંદિરને માથે તો રૂપિયા પંદરસોનું દેવું છે." કારભારીએ પ્રસંગ સમજ્યા વિના પોતાની રીતે કહ્યું.

મહારાજે કહ્યું : "તે તો હમણાં જ ચૂકવી દઈશું. તમે ફિકર કરશો નહિ."

એટલામાં બહારથી એક પાર્ષદ આવ્યો અને તેણે કહ્યું : "ઝાલાવાડના ખોલડિયાદ ગામથી ખેંગાર ભક્ત આવ્યા છે. તેને મહારાજની પૂજા કરવી છે."

મહારાજે કહ્યું : "તેમને હમણાં જ બોલાવો." એટલે ખેંગાર ભક્ત હાથમાં ચંદનનો કટોરો અને પુષ્પનો હાર અને એક થેલી લઈને ત્યાં આવ્યા.

તેમના હાથમાં ચંદનનો કટોરો જોઈ મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "ભગત ! મહારાજને શરદી છે એટલે કપાળે ફક્ત ચંદનનો ચાંદલો જ કરજો."

ખેંગાર ભક્ત આ સાંભળી સ્તંભી ગયા ! તેમનો સંકલ્પ મહારાજના સમગ્ર શરીરે ચંદનનો લેપ કરવાનો હતો. મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! જો અમારે શરીરે ચંદનની અર્ચા કરી તેમના અંતરમાં ટાઢક થતી હોય તો તેમને તેમ કરવા દ્યો. અમને કાંઈ નહીં થાય."

મુક્તાનંદ સ્વામી કાંઈ બોલી શક્યા નહીં.

કારભારી ! લ્યો, આ રૂપિયા. દેવું ચૂકવી દ્યો

ખેંગાર ભક્તે હળવે હાથે મહારાજના સમગ્ર શરીરે ચંદનનો લેપ કર્યો. મહારાજે પછી પોતાનાં બંને ચરણારવિંદ તેમની છાતીમાં અંકિત કર્યાં. આ અનવધિકાતિશય કૃપાથી ખેંગાર ભક્ત ગદ્‌ગદ થઈ ગયા ! આવી ગંભીર માંદગી છતાં મહારાજે તેમનો સંકલ્પ પૂરો કર્યો અને વળી છાતીમાં ચરણારવિંદ આપ્યાં. મહારાજે તેમને અપાર મોજ આપી દીધી હોય તેવો અકથ્ય આનંદ તેમને થયો. પછી તેમણે સાથે લાવેલી થેલી મહારાજ પાસે મૂકી. મહારાજે કહ્યું : "આમાં શું છે ?"

ત્યારે તેણે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની પૂજા કરી. પછી ભેટ તો ધરવી જોઈએ ને ! તે ભેટના રૂપિયા છે. આપ તે સ્વીકારવાની કૃપા કરો."

મહારાજે પૂછ્યું : "કેટલા રૂપિયા છે ?"

તેમણે કહ્યું : "મહારાજ ! પંદરસો જેટલા હશે !"

મહારાજે તરત જ લાધા ઠક્કરને કહ્યું : "કારભારી ! લ્યો, આ રૂપિયા. દેવું ચૂકવી દેજો." કારભારી આ જોઈ સ્તબ્ધ થઈ ગયા !

પછી તેમણે ગોપાળાનંદ સ્વામી તથા ત્યાં બેઠેલા સર્વે સદ્‌ગુરુઓની પણ પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યાં. આ પૂજાવિધિ પૂરો થયા પછી મહારાજે સૌને કહ્યું : "તમે સૌ હવે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો અને અમારો મહિમા સમજવો હોય, સો જન્મની કસર ટાળી બ્રહ્મરૂપ થવું હોય તો જૂનેગઢ જઈ આ

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરજો.'' મહારાજની આ અંતિમ આજ્ઞા સાંભળી સૌ ભારે હૈયે ત્યાંથી ઊઠ્યા.

મહારાજના એ અંતિમ શબ્દો હતા. તેનો આઘાત અસહ્ય હતો. હવે નક્કી જ થઈ ગયું હતું કે મહારાજ સ્વધામમાં આવતી કાલે પધારવાના જ. તેમની આ અંતિમ વિદાયની પળ કેવી વિષમ હશે તેની તો કલ્પના પણ કોઈ કરી શકતા ન હતા. છતાં એ પળ ઠેલાય, મહારાજ પોતાનો સંકલ્પ બદલે તે માટે તમામ સંતો, હરિભક્તો ગોપીનાથજી દેવ પાસે બેસી અખંડ ધૂન્ય કરતા હતા. ગોપીનાથજી દેવનું મુખારવિંદ નિસ્તેજ દેખાતું હતું. જે પુરુષોત્તમ નારાયણે પોતાનું ગૌરવ વધાર્યું, પોતાની પ્રતિષ્ઠા કરી, જે પોતાના ઇષ્ટદેવ છે, જેમના સંબંધથી જ અક્ષરધામના દિવ્ય સુખનો અહીં સૌ સાક્ષાત્ અનુભવ કરી રહ્યા છે, જે અહીં છે છતાં અક્ષરધામમાં છે પરંતુ સ્થૂળ દૃષ્ટિએ કાલે અહીં નહીં હોય. તેમના એ વિયોગનું દુઃખ અનુભવતા સૌ ભક્તોનાં દુઃખે ગોપીનાથજી મહારાજ પણ આજે દુઃખી દેખાતા હતા. પરંતુ તેઓ જાણતા હતા કે મહારાજ આ બ્રહ્માંડમાં પ્રગટ થાય છે ત્યારે જે સંકલ્પ લઈને પધારે છે તે સત્ય જ કરે છે. ધામમાં જવાનો તેમનો એ સંકલ્પ પણ તેઓ સત્ય કરવાના જ છે તેથી તેઓ પણ નિરુપાય બની ગયા હતા.

વસમી વિદાયની આકરી પળ

જેઠ સુદ દશમની સવાર જ અમંગળ ચિહ્નોથી અશુભ બની ગઈ હતી. આકાશમાં અગ્નિ વરસાવતો જેઠનો સૂર્ય આજે નિસ્તેજ દેખાતો હતો. વાદળાથી વાતાવરણ ધૂંધળું બની ગયું હતું. ઊના પવનના સૂસવાતા વાયરા દેહ અને હૈયું બંને બાળતાં હતાં. ધરતી પણ જાણે ડોલતી હોય તેમ અસ્થિર બની ગઈ હતી. ભક્તો સૌ પ્રાર્થના કરતા હતા કે વિયોગની વિષમ પળ આવે તે પહેલાં કાં તો પૃથ્વી ફાટે અને બધાંને તેના પેટાળમાં સમાવી દે કાં પ્રલય કાળના સૂર્ય કે તેની વર્ષા આજે સમગ્ર બ્રહ્માંડને બાળી દે ! પણ તેઓ જાણતા હતા કે એવું કાંઈ બનવાનું ન હતું અને વજ્રપાત જેવો આઘાત હૈયાંને તોડી નાંખવાનો હતો. ગોપીનાથજી દેવના નિસ્તેજ મુખ ઉપરથી તે પણ આજે લાચાર બની ગયા હોય તેમ તેમને લાગ્યું. કેટલાક ભક્તો અક્ષર ઓરડી પાસે આવવા લાગ્યા – મહારાજના અંતિમ વિદાયની એ વિષમ પળ આવે તે પહેલાં મહારાજનાં છેલ્લાં દર્શન કરી લેવાં. જ્યારે કેટલાક એ કારમા આઘાતને વિદારવા ક્યાં જતા

રહેવું તેવા વિચારમાં હતા. અક્ષર ઓરડી પાસે આવેલા હરિભક્તો દૂર બેસી ગયા હતા. સૌનાં હૈયાં રડતાં હતાં, મોઢાં સિવાઈ ગયાં હતાં. તેથી ત્યાં બેસીને છેલ્લી પ્રાર્થના કરવાનો સંકલ્પ કર્યો હતો છતાં શબ્દો નીકળી શકતા ન હતા. તેઓ સૌ લાચાર બની રડતા હતા.

મહારાજ વહેલા ઊઠ્યા. સેવકોની મદદથી સ્નાનવિધિ કરી પરવારી લીધું. પછી તેમણે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા.

તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે

તેમની સાથે એકાંતમાં વાત કરતાં કહ્યું : "અમે હવે આ લોકમાં રહેવાના નથી. પરંતુ તમારે અમારા સ્વરૂપનો સંપૂર્ણ મહિમા પ્રવર્તાવવાનો છે. અવતાર અને અવતારીનો ભેદ સૌને સમજાવજો અને તમારા સંબંધે સૌને બ્રહ્મરૂપ કરી, અમારા સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવી, અક્ષરધામના અધિકારી બનાવજો. અમે જૂનાગઢના જમાન થયા છીએ. ત્યાં જે આવશે અને તમારો સમાગમ કરશે, તેમની સૌની કસરમાત્ર ટળી જશે. તમારા સંબંધે સૌને અમારા સંબંધનું સુખ મળશે."

એટલું કહીને મહારાજે કહ્યું : "અમને રાજી થઈને રજા દ્યો."

સ્વામીની આંખો આ સાંભળી ભીની થઈ ગઈ ! આ લોકના સર્વ ભાવ પોતાના સ્વરૂપમાં બતાવતા અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી મહારાજના આ શબ્દોથી વ્યગ્ર થઈ ગયા ! છતાં તેમણે બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપની જેવી મરજી !"

સ્વામી ત્યાંથી ઊઠવા જતા હતા, પરંતુ મહારાજે કહ્યું : "ગોપાળ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, શુકમુનિ બધાને બોલાવવા છે. તમે બેસો." એમ કહી એક પાર્ષદને બોલાવીને સૌને બોલાવવા કહ્યું.

મહારાજ સ્વધામ પધારી જાય છે

સૌ આવી ગયા. એટલે મહારાજે બ્રહ્મચારીને કહ્યું : "ગાયનું છાણ લાવી આ પૃથ્વી લીંપો, ઉપર દર્ભનું આસન મૂકો." બ્રહ્મચારીના અંતરના ધબકારા મહારાજના શબ્દોથી વધી ગયા. તેમના પગ ધ્રૂજવા લાગ્યા. પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે તેમણે મહારાજે ચીંધી તે વિધિ કરી.

તમામ હરિભક્તો, બહેનો અક્ષર ઓરડી પાસેના પ્રાંગણમાં આવી ગયાં હતાં. અત્યંત ભીડને લીધે જે ત્યાં ન આવી શક્યાં તે બધાં દરબારના વિશાળ

પ્રાંગણમાં અશ્રુ સારતાં ઊભાં હતાં. ધબકતે હૈયે શું બને છે તેની પ્રતીક્ષા સૌ કરી રહ્યાં હતાં. મહારાજે વિચાર કર્યો કે મારા વિરહનું દુઃખ કોઈ સહન નહીં કરી શકે એવો અપ્રતિમ પ્રેમ મારા પ્રત્યે સૌને છે જ. સૌનું જીવન રગદોળાઈ જશે. તેથી તેમણે સંકલ્પ કર્યો અને પોતાના ઐશ્વર્યથી સૌના પ્રાણ સ્થિર કરી દીધા. સૌનાં અંતરમાં ધીરજનો ઢગલો કરી દીધો.

મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. મહારાજ ઢોલિયામાં બે સેવકોની મદદથી બેઠા થયા. બેસીને આજુબાજુ, ઉપર, જોવા લાગ્યા. અક્ષરમુક્તો સૌ આવી ગયા હતા. મહારાજને પ્રાર્થના કરી રહ્યા હતા. કાળ પણ ધ્રૂજતો, બીતો એક જગ્યાએ સંતાઈને ઊભો હતો. તે તો જાણતો હતો કે મહારાજ સ્વતંત્ર છે, હું પણ તેમને આધીન વર્તું છું. છતાં ભોળા મનના ભાવિકો મહારાજના આ અક્ષરધામગમનથી કદાચ મને દોષ દેશે, શાપ દેશે ! તેની એ બીક જોઈ મહારાજે થોડું સ્મિત કર્યું. આ સ્મિતનું રહસ્ય કોઈને સમજાય તેવું ન હતું. અંતરિક્ષમાં દિવ્ય નાદ થવા લાગ્યો. અક્ષરમુક્તો પણ મહારાજની સ્તુતિ કરી રહ્યા હતા. તેમને માટે તો મહારાજ તેમની સમીપે જ હતા, છતાં મહારાજના માનુષી સ્વરૂપની આ લીલાનાં દર્શનની તેમને અભીપ્સા હતી. સર્વત્ર નીરવ શાંતિ પ્રસરી ગઈ હતી. એ શાંતિ બીક પમાડે તેવી હતી, ભયની હતી, આઘાતની હતી !

મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠ્યા. અને ત્યાં બેઠેલા સૌને બે હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કરી પૃથ્વી ઉપર પાથરેલા દર્ભાસન ઉપર ઉત્તરમુખે બિરાજમાન થયા. સ્થિર દૃષ્ટિએ સૌ જોઈ રહ્યા અને જોતજોતામાં મહારાજે યોગકળાથી પ્રાણનો ત્યાગ કરી દીધો ! આકાશમાંથી ચંદન અને પુષ્પની વૃષ્ટિ થઈ અને અંતરિક્ષમાં ઊભેલા અક્ષરમુક્તોના મંગળમય ધ્વનિના ઘોષ સંભળાવા લાગ્યા. દિવ્ય તેજના સમૂહે દાદાના દરબારને ભરી દીધો.

આ દૃશ્યથી જ ત્યાં બેઠેલા સૌનાં અંતર ભાંગી ગયાં ! નિત્યાનંદ સ્વામી તરત જ નીચે બેસી ગયા અને તેમના ભયંકર આર્તનાદથી સૌ પોક મૂકી રડવા લાગ્યા. રુદનની આ કારમી ચીસથી અક્ષર ઓરડી તરફ દોડતા આવતા હરિભક્તો, સંતો, આવી પડેલા મહારાજના વિરહના અસહ્ય દુઃખથી પડતા, આખડતા, રડતા આવવા લાગ્યા. આખું ગઢપુર નગર આ અસહ્ય દુઃખની ઝંઝાવાતથી ગ્રસ્ત થયેલા ભક્તોની કારમી વેદનાથી શોકમાં ડૂબી ગયું ! દાદાના દરબારગઢના કાંગરે કાંગરા આ કારમી વેદનાથી ધ્રૂજી ઊઠ્યા. વાસુદેવ નારાયણના ઓરડામાં વાસુદેવ ન રહ્યા, ગોપીનાથ પણ સૂના દેખાયા, ઘેલાના

નીર સ્તંભી ગયાં, સમગ્ર ગઢપુર રડવા લાગ્યું !

વેપારીઓએ આ સમાચાર સાંભળી તરત જ પોતાના હાટ બંધ કરી દીધા. સમગ્ર ગઢપુરની જનતા દાદાના દરબારમાં આવવા લાગી. મનુષ્યોની મેદની અહીં સમાતી ન હતી. કોઈ રડતા, કોઈ મૂર્છાવશ થતા, કોઈ શોકમગ્ન તો કોઈ નિસ્તેજ બની કાળની આ કારમી વેદનાનો ઘા કેમ ખમાશે તેના વિચારમાં શૂન્યમનસ્ક બની ગયા. દાદાના સમગ્ર પરિવારની સ્થિતિ મહારાજની આ વસમી વિદાયથી અકલ્પ્ય બની ગઈ ! તેમનો પ્રાણ જાણે ચાલી ગયો હોય તેવી વેદનાના ભારથી ભગ્ન બની બધા અવાક્ બની ગયા ! અંતર ભયંકર વેદનાથી જાણે પ્રલયકાળના અગ્નિમાં બળતું હોય તેમ બળવા લાગ્યું.

થોડી વારે ગોપાળાનંદ સ્વામી ઊઠ્યા. તેમણે મોટેરા સદ્‌ગુરુઓને કહ્યું : "મહારાજે તો સંકલ્પ કર્યો જ હતો. તેથી ધામમાં પધારી ગયા. આપણી સ્થૂળ દૃષ્ટિએ મહારાજ અત્યારે પરોક્ષ થઈ ગયા હોય તેમ દેખાય છે. આપણે સૌ અનાથ બની ગયા હોઈએ તેવું માનીને શોકમગ્ન બની ગયા છીએ. પરંતુ મહારાજ સત્સંગમાં સદા પ્રગટ જ છે એવી જ્ઞાનદૃષ્ટિ રાખી, આપણે હવે મહારાજની અંતિમવિધિના સંસ્કાર કરવા જોઈએ."

તેમણે નિત્યાનંદ સ્વામીને, મુક્તાનંદ સ્વામીને, શુકમુનિને, બ્રહ્મચારીને આશ્વાસન આપ્યું, છાના રાખ્યા અને પછી અંતિમવિધિની તૈયારીમાં સૌ પડ્યા.

અંતિમવિધિ

સૌએ મહારાજના દેહની ષોડશોપચારે પૂજા કરી. ઉન્મત્ત ગંગાના જળથી સ્નાન કરાવ્યું. શરીર લૂછ્યું. રેશમી શ્વેત પીતાંબર પહેરાવ્યું. કપાળમાં ચંદનની અર્ચા કરી. તિલક-ચાંદલો કર્યા. શરીર ઉપર સફેદ વસ્ત્રો ધારણ કરાવ્યાં. પુષ્પોના હાર પહેરાવ્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સંતો, દાદાખાચર વગેરે અગ્રણી હરિભક્તો અને રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીએ પણ આરતી ઉતારી.

એટલામાં વિમાન તૈયાર થઈ ગયું. તેને સમગ્ર રીતે પુષ્પોથી શણગાર્યું હતું. સુગંધીમાન ધૂપથી સુગંધિત કર્યું હતું. મહારાજના દેહને તેમાં પધરાવ્યો. સંતોની આંખોમાં અશ્રુ હતાં છતાં દુક્કડ અને મંજિરા સાથ રડતે હૃદયે ઉત્સવનાં કીર્તનો ગાતાં ગાતાં આ અંતિમયાત્રા માટે તૈયાર થઈ ગયા. હરિભક્તો પણ 'સ્વામિનારાયણ' નામની ધૂન્ય કરતા શોકને શમાવતા હતા. અપરંપાર મનુષ્યોની મેદનીને પાર્ષદોએ વ્યવસ્થિત ગોઠવી દીધી.

અંતિમયાત્રા નીકળી. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શ્રીહરિના ભત્રીજા રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજી તથા ધર્મકુળના અન્ય સૌએ વિમાન ઉપાડ્યું. રસ્તે મયારામ ભટ્ટ તથા દીનાનાથ ભટ્ટ પણ વિમાન ઉપાડતા હતા. અબીર, ગુલાલ અને પૈસાનો વરસાદ વરસાવતાં, ધૂન્ય-ભજન કરતાં લક્ષ્મીવાડીના રસ્તે યાત્રા નીકળી. દાદાખાચર ભગ્ન હૃદયે ઉઘાડે માથે મહારાજના વિમાન પાછળ ચાલવા લાગ્યા. તેમનો એક હાથ સોમલાખાચરે પકડ્યો હતો. બીજો હાથ નાગમાલાએ પકડ્યો હતો. ગોપાળ સ્વામી વારંવાર દાદાખાચર તરફ દૃષ્ટિ કરી તેમનું ધ્યાન રાખતા હતા.

ધીરે ધીરે સ્મશાનયાત્રા ધૂન્ય અને કીર્તન-ઉત્સવના ઘોષ સાથે, અબીર-ગુલાલની અપરંપાર વર્ષા સાથે અને પૈસા તથા રૂપિયા ઉછાળતા હરિભક્તો સાથે લક્ષ્મીવાડીએ આવી. સંતો, હરિભક્તોનાં અંતર મહારાજે પોતાના ઐશ્વર્યથી મૂકેલી ધીરજથી સ્થિર થઈ ગયાં હતાં, છતાં મનની વ્યાકુળતા ટળી ન હતી. જાણે પોતાનું જીવન સમગ્રપણે હણાઈ ગયું હોય એવું સૌને દુઃખ થતું હતું. અંતરિક્ષમાંથી વારંવાર પુષ્પો તથા ચંદનની વૃષ્ટિથી અક્ષરમુક્તોનું સામીપ્ય સૌ કલ્પી શક્યા હતા. ભક્તો, સંતો વિચારતા કે આજે અક્ષરના મુક્તોને આનંદ છે, પરંતુ અહીં પૃથ્વી ઉપરના મુક્તો તો જાણે આભ તૂટી પડ્યું હોય એવા કારમા આઘાતથી મૃતવત્ બની ગયા છે.

સત્સંગ રડે છે

મહારાજનું વિમાન જ્યાં નિષ્કુળાનંદ સ્વામીની ઓરડી હતી તેની સમીપે[૧૪૯] ઉતાર્યું. અંત્યેષ્ટિના સંસ્કારની આ પણ એક વિધિ હતી. પછી જે સ્થાને અગ્નિસંસ્કાર કરવાનો હતો ત્યાં સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે ગયા. તે સ્થાનમાં ઉન્મત્ત ગંગાનું જળ છાંટ્યું અને ભૂમિ શુદ્ધ કરી. અગાઉથી જ આ સ્થાને સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી ચારે બાજુ વાંસની વળીઓ બાંધી દીધી હતી, જેથી કોઈ શોકના આવેશમાં ચિતામાં પડતું ન મૂકે. તુલસી અને ચંદનનાં લાકડાં ગોઠવી ચિતા તૈયાર કરી.

મહારાજનું વિમાન અહીં લાવ્યા. મહારાજનું સ્વરૂપ હજુ પણ જાણે વચનામૃતની વાત કરતું હોય તેવું સ્વસ્થ અને જીવંત જણાતું હતું. એટલે આ

૧૪૯. અહીં ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

સ્વરૂપને ચિતામાં કોણ પધરાવે ? કોની હિંમત ચાલે ? સમગ્ર સંતો, હરિભક્તો આ દૃશ્ય જોઈને જ વિવશ થઈ ગયા ! દાદાખાચરને તો સુરાખાચર તથા સોમલાખાચરે પકડીને એક સ્થાન ઉપર બેસાડી દીધા હતા. તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહી જતાં હતાં. તેમની આ સ્થિતિ જોઈ સૌને થયું કે તેમનો પ્રાણ કેમ દેહમાં ટકી શક્યો છે ! સમગ્ર જીવન જેમણે મહારાજની સેવા-ભક્તિમાં, જેમની અનુવૃત્તિ પાળી અંતર ભક્તિ સભર બનાવી દેવામાં વીતાવ્યું હતું, તે આજે કઈ રીતે મહારાજના સ્થૂળ સાન્નિધ્ય સિવાય પ્રાણ ટકાવી શકે ? તેમની પાસે કટાર ન હતી, નહીં તો શરીરના ટુકડે ટુકડા અત્યારે તે કરી નાખત, એવું તેમને થતાં અસહ્ય દુઃખથી જણાતું હતું. સુરાખાચર અને સોમલાખાચરની મજબૂત પકડથી તે ફક્ત માથું નીચું કરી, હતોત્સાહ બની બેસી રહ્યા હતા. આંખમાંથી આંસુ પણ સુકાઈ ગયાં હતાં. મહારાજનો આ વિરહ તેમને માટે તો અત્યંત અસહ્ય બની ગયો હતો !

દુઃખના આવેશથી અંત્યેષ્ટિની વિધિ કરવા કોઈ ઊભું થઈ શકતું ન હતું. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ બધા તો આપણા આ પિતાને મરી ગયા સમજે છે. પરંતુ આ તો મહારાજની તિરોધાન લીલા છે. માટે ચાલો, હવે અંત્યેષ્ટિ સંસ્કાર કરીએ."

તેમણે બે પાર્ષદોની મદદથી વિમાનમાંથી મહારાજનો દેહ ચિતા ઉપર પધરાવ્યો. જે કોમળ શરીરને મશરૂના ગાદલા ઉપર સૂવરાવતા, તેને આજ ચંદનના કાષ્ઠની ચિતામાં સૂતેલા જોઈ સૌ પોક મૂકી રડી પડ્યા. કેટલાક તો મૂર્છાવશ થઈ ગયા ! ગોપાળાનંદ સ્વામીએ રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજી પાસે બધી જ વિધિ કરાવી. પછી ચિતામાં અગ્નિ પ્રગટાવ્યો.

દાદાખાચર ચિતામાં પડવા દોડે છે

અત્યાર સુધી નીચું જોઈ બેઠેલા દાદાખાચરે તેમનું મસ્તક ઊંચું કર્યું અને ચિતામાં મહારાજને સૂતેલા દીઠા, અગ્નિ પ્રગટેલો જોયો અને તરત જ પોતાના બંને હાથ જોરથી છોડાવીને દોડ્યા. વાંસની વળીઓ કૂદી, તે ચિતા પાસે આવી ગયા. ગોપાળ સ્વામી ત્યાં જ ઊભા હતા. તેમણે તરત જ દાદાખાચરનો હાથ પકડી લીધો અને તેમને માથે પોતાનો કોમળ હાથ ફેરવી કહ્યું : "બાપુ ! આવો મારી સાથે. મહારાજ અહીં જ છે, બેઠકમાં બિરાજે છે. આવો, તમને દર્શન કરાવું."

હું શું ગયો છું ?

દાદાખાચરનો હાથ પકડી ગોપાળ સ્વામી બેઠક[૧૫૦] પાસે તેમને લઈ ગયા. દાદાખાચરને ત્યાં બેસાર્યા. એટલામાં તો જે પાટ ઉપર મહારાજ બિરાજતા હતા ત્યાં તેમણે મહારાજને જોયા. સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કંઠમાં ગુલાબના પુષ્પના હાર પહેર્યા હતા. માથે પાઘમાં ગુલાબના તોરા ઝૂકી રહ્યા હતા. બંને હાથે ગુલાબના બાજુબંધ બાંધ્યા હતા. મહારાજ દાદાખાચર સામું જોઈ હસ્યા. તેમણે કહ્યું : "દાદા ! હું શું ગયો છું ? તારા જેવા ભક્તના હૃદયમાં, તારા દરબારમાં, ગઢપુરની રજેરજમાં, ગોપીનાથની મૂર્તિમાં હું રહ્યો છું. જ્યાં જઈશ ત્યાં તને અમારાં દર્શન થશે." એમ કહી પોતાના કંઠમાં ગુલાબનો હાર હતો તે મહારાજે દાદાખાચરને પહેરાવ્યો. દાદાખાચર આ દર્શનથી, પ્રસાદીથી એકદમ સ્વસ્થ થઈ ગયા ! મહારાજ ધામમાં પધારી ગયા છે તે સ્મૃતિભ્રંશ તેમને થઈ ગયો ! મહારાજે પણ અગ્નિસંસ્કાર વિધિ પૂરો થયો ત્યાં સુધી દાદાખાચરને બ્રહ્માનંદની આ જ સ્થિતિમાં લીન કરી દીધા ! મહારાજે તેમને કહ્યું : "અમે મંદિરમાં જઈએ છીએ. તમે ત્યાં આવજો." એમ કહી મહારાજ માણકી ઉપર બિરાજમાન થઈ ચાલી નીકળ્યા.

અગ્નિસંસ્કારનો વિધિ પૂરો થયો. ભગ્ન હૃદયે સૌ ત્યાંથી કૂવા પાસે સ્નાન કરવા જવા લાગ્યા. લક્ષ્મીવાડીની રજેરજ મહારાજની પ્રસાદીની હતી. અહીં મહારાજ પરમહંસો સાથે રાસ રમ્યા હતા, શમીપૂજન કર્યું હતું, વચનામૃતો કર્યાં હતાં, ઘોડા ખેલાવ્યા હતા, અનેક ઉત્સવો કર્યા હતા, સંતોની ધર્મશાળાના પાયા પણ અહીં બેસી પુરાવ્યા હતા. એટલે કૂવે જતાં જતાં હરિભક્તોને મહારાજની દિવ્ય લીલાની સ્મૃતિ થઈ જતી અને શોકથી વ્યાકુળ બની ત્યાં જ બેસી જતા. ગોપાળાનંદ સ્વામી આ જોતા હતા પરંતુ તેમને લાગ્યું કે શોકનો ઊભરો આ રીતે જ શમશે.

હું તો તમારામાં અખંડ રહ્યો છું

ગુણાતીતાનંદ સ્વામી હાથમાં તુંબડી લઈ બહિર્ભૂમિ જતા હતા. રસ્તામાં વહેતા પાણીના ધોરિયાને કાંઠે તેમણે કલકલ કરતી લીલી ધ્રો જોઈ. તેમને મનમાં થયું : "અહો આ ધ્રોનું જીવન જળ છે. તે કેવી કલકલ કરે છે ? આપણું

૧૫૦. જ્યાં મહારાજે વચનામૃત કર્યાં હતાં તે જગ્યાએ.

જીવન મહારાજ હતા તે તો ગયા !'' આ વિચારમાત્રથી જ તે મૂર્છાવશ થઈ પડી ગયા. હાથમાંની તુંબડી દૂર જઈને પડી. એટલામાં મહારાજે તેમને દર્શન દીધાં. તેમને જાગ્રત કર્યા અને બોલ્યા : ''સ્વામી ! આ શું ! શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું.''[૧૫૧] એમ ત્રણ વાર બોલ્યા. એટલું કહીને મહારાજ સ્વામીને અતિ વહાલથી ભેટી પડ્યા. પોતાના અખંડ પ્રાગટ્યનો આ સંકેત હતો. સ્વામી તરત જ સ્વસ્થ થઈ ગયા !

સૌ સ્નાન કરી, નત મસ્તકે 'સ્વામિનારાયણ' મંત્રોચ્ચાર જપતા દાદાના દરબારમાં ગયા. દરબાર સૂનો પડી ગયો હતો, નિંબવૃક્ષ પણ ખાલી ખાલી લાગતું હતું, વાસુદેવ નારાયણના ઓરડા, ઉગમણા બારના ઓરડા, આથમણા બારના ઓરડા બધા જ જાણે સૂના-નિસ્તેજ બની ગયા હોય તેવા દેખાતા હતા ! કોઈનામાં હવે રડવાનું બળ રહ્યું ન હતું. બહેનો પણ અસ્વસ્થ બની, શૂન્યમનસ્ક થઈ ગઈ હતી.

મુકુન્દ બ્રહ્મચારીના અક્ષર ઓરડી તરફ જતાં પગ ધ્રૂજતા હતા. ગોપાળ સ્વામીએ તેમને કહ્યું : ''બ્રહ્મચારી ! ઓરડીએ જાવ.'' પરંતુ બ્રહ્મચારી ઘેલા જેવા થઈ ગયા હતા. તેમને પણ મનમાં થયું કે જીવનો પ્રાણ તો ચાલી ગયો, છતાં દેહના પ્રાણ કેમ ટકી રહ્યા છે ! બ્રહ્મચારીની વિહ્‌વળ દશા જોઈ સૌને લાગ્યું કે તે હમણાં ગાંડા થઈ જશે. ગોપાળ સ્વામીએ તેમનો હાથ પકડ્યો અને કહ્યું : ''અક્ષર ઓરડીમાં જાવ, મહારાજ તમને બોલાવે છે.''

આ સાંભળી બ્રહ્મચારી એકદમ બોલ્યા : ''મહારાજ બોલાવે છે ? ક્યાં છે મહારાજ ? તે તો ચિતામાં પોઢી ગયા !'' એટલું કહી બ્રહ્મચારી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. ગોપાળ સ્વામીએ તેમનો હાથ પકડ્યો અને અક્ષર ઓરડીમાં લઈ ગયા.

અહીં મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. બ્રહ્મચારીને જોઈ હસ્યા અને કહ્યું : ''બ્રહ્મચારી, ક્યારના ક્યાં ગયા હતા ?''

બ્રહ્મચારી તો મહારાજને અહીં જોઈ સ્તબ્ધ બની ગયા ! તેમને થયું આ સ્વપ્નું છે કે સત્ય છે ! તેમણે આંખો ચોળી ફરી જોયું. મહારાજ હસતાં હસતાં ઢોલિયા ઉપરથી ઊઠ્યા. બ્રહ્મચારીનો હાથ પકડ્યો, માથે હાથ મૂક્યો અને બોલ્યા : ''બ્રહ્મચારી, અમારી સાથે આટલો વખત રહ્યા છતાં અમને મૂએલા

---

૧૫૧. શ્રીહરિનું સચિત્ર જીવનચરિત્ર, પા. ૩૯૫. રચયિતા : પુરાણી નારાયણપ્રિયદાસ, પુરાણી હરિપ્રિયદાસજી; પ્રકાશક : પારેખ ગોવિંદજીભાઈ કલ્યાણજીભાઈ; સહાયક : પંચોળી બચુભાઈ નારાયણભાઈ, સંવત ૨૦૩૧.

માન્યા ?" એમ કહી બ્રહ્મચારીને મહારાજ ભેટ્યા. આ દિવ્ય આલિંગનથી બ્રહ્મચારીના અંતરમાં વિરહના શોકની જે આંધી વ્યાપી ગઈ હતી તે શાંત થઈ ગઈ ! બ્રહ્મચારી મહારાજના બાહુપાશમાંથી છૂટ્યા અને મહારાજનો હાથ પકડી તેમને ઢોલિયા ઉપર બેસારવા ગયા ત્યાં તેમના હાથ હવામાં વિંઝાયા ! બ્રહ્મચારી સમજી ગયા કે મહારાજ તો અંતર્ધાન થઈ ગયા છે, છતાં ભક્તો માટે તેમનું પ્રાગટ્ય અખંડ છે. તેમના અંતરમાં મહારાજનાં આ દર્શનથી શાંતિ વ્યાપી ગઈ !

✧

આ રીતે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પૃથ્વી ઉપરથી પોતાની લીલા સંકેલી, એકાંતિક ધર્મની સ્થાપના માટે પોતે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા તે એકાંતિક ધર્મનું દઢ સ્થાપન, તેમણે ત્રીસ વર્ષના ટૂંકા સમયમાં કરી દીધું. એટલું જ નહીં, પરંતુ એ એકાંતિક ધર્મનું સદાય પોષણ થાય અને મુમુક્ષો માટે મોક્ષનું દ્વાર સદાને માટે ખુલ્લું રહે તેવા પોતાના ધામરૂપ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું પ્રાગટ્ય પણ અખંડ રાખ્યું. તેમણે આધ્યાત્મિક રહસ્ય સમજાવી દીધું કે ધામ સિવાય ધામી રહી શકે નહીં, ધામી સિવાય ધામ રહી શકે નહીં. પરંતુ અજ્ઞાન દશાવાળા તો મહારાજ હવે અંતર્ધાન થઈ ગયા એમ સમજી અનાથ બની ગયા !

પૂર્વ દેશમાં પ્રગટી પશ્ચિમને તેમણે તેમની લીલા ભૂમિ બનાવી. પશ્ચિમમાં તેમણે મુમુક્ષુઓ નિહાળ્યા. વનવિચરણ દરમ્યાન પોતાના સંબંધમાં જે જે આવ્યા તેમને પશ્ચિમમાં જન્મ ધરવાનો તેમણે આદેશ આપ્યો. ગઢપુરને પોતાનું ઘર બનાવી તેનો અક્ષરધામ તુલ્ય મહિમા પ્રવર્તાવ્યો. વરતાલમાં જળ-છાયાની જુક્તિ જોઈ જોબનની મેડીને બ્રહ્મમોહોલ તુલ્ય બનાવી, વરતાલને પરમ શ્રેષ્ઠ તીર્થધામ બનાવી દીધું અને જૂનાગઢમાં પોતાના સાક્ષાત્ સ્વરૂપરૂપ સંત અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને રાખી, પોતાના અખંડ પ્રગટપણાની પરંપરા અને આત્યંતિક કલ્યાણનો માર્ગ ત્યાંથી સદાને માટે ચાલુ રાખ્યો.

આ રીતે ગુજરાત અને સૌરાષ્ટ્રની ધરતીને પોતાના પુનિત પાદારવિંદથી પરમ પવિત્ર બનાવી શ્રીજીમહારાજે વિશ્વભરમાંથી કેવળ આ પ્રદેશને જ આત્યંતિક મુક્તિના કેન્દ્ર તરીકે સદાને માટે નિયુક્ત કરી દીધો. ગુજરાતની ભક્તિની વિડંબના કરતાં સૂત્રોની શબ્દજાળ તોડી, ગુજરાતના આધ્યાત્મિક ગૌરવને તેમણે ઉન્નત કર્યું !



મહારાજ પધાર્યા !

(આ.સં. ૧૮૮૬, ઈ.સ. ૧૮૩૦)

શોકગ્રસ્ત થયેલા સંતો, હરિભક્તો કોઈ કોઈની સાથે બોલી શકતા ન હતા. તેમનું અંતર વ્યગ્ર હતું, મન ખાલી હતું. દાદાનો સમગ્ર દરબાર મહારાજના સાન્નિધ્યથી - સદા દિવ્યતાથી મહેકતો હતો તે આજે જાણે સૂનકાર બનીને ખાલી ખાલી જેવો દેખાતો હતો. સંતો, હરિભક્તો અક્ષર ઓરડીએ, દરબારમાં, દરેક ઓરડામાં, લીંબડા નીચે, જ્યાં જ્યાં મહારાજ બેસતા ત્યાં દૃષ્ટિ કરતાં; પરંતુ દૃષ્ટિ સ્થિર થાય તે પહેલા જ ત્યાંથી ખસી જતી અને નિઃશ્વાસનો ઊનો શ્વાસ હૈયામાંથી નીકળી જતો. અચાનક આવી પડેલા મહારાજના આ વિયોગથી, જે સહારો હતો તે ગયો, જાણે અનાથ બની ગયા હોય તેમ સૌ નિરાધાર બની, ધરતી ઉપર ધ્રૂજતા પગે ચાલતા હતા.

મહારાજ આરતીમાં પધાર્યા

મંદિરમાં આરતીનો ડંકો થયો. નગારાં અને ઝાલરું વગાડવાનું આજે બંધ હતું. સૌ મહારાજની પ્રસાદીની ગોપીનાથજીની મૂર્તિનાં દર્શન કરવા મંદિરમાં ગયા. બ્રહ્મચારીએ આરતી પ્રગટાવી અને આરતી શરૂ થઈ. સૌના આશ્ચર્ય વચ્ચે ગોપીનાથજીની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ ! મહારાજ શ્વેત વસ્ત્ર, શ્વેત પાઘ અને શ્વેત રેંટો કમરે બાંધી હસતાં હસતાં ઊભા હતા. કાન ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા, કંઠમાં હાર હતા. સુંદર વસ્ત્રાભૂષણથી શોભતી મહારાજની દિવ્ય મૂર્તિ સ્મિત કરતી મૂક વદને ઊભી હતી.

મહારાજનાં આ દિવ્ય દર્શનથી સૌ આનંદવિભોર બની ગયા ! વિરહનું દુઃખ ટળી ગયું. આરતીના નાદ વચ્ચે "મહારાજ પધાર્યા, મહારાજ પધાર્યા ! ગોપીનાથજીને અદૃશ્ય કરી મહારાજ તે સ્થાનમાં બેસી ગયા !" એવા

ઉલ્લાસના શબ્દો બોલવા લાગ્યા.

મહારાજ આ શબ્દો સાંભળી હસ્યા. તેમનો ધીમો ધીમો પણ મધુર અવાજ સંભળાયો : "અમે અમારા સ્થાનમાં બેસી ગયા છીએ. આ રીતે જ તમને દર્શન દેવાં છે. અમારા તે સ્વરૂપમાં પ્રતીતિ રાખજો." એટલું કહીને મહારાજ અદશ્ય થઈ ગયા !

બ્રહ્મચારી આરતી ઉતારી રહ્યા હતા. ગોપીનાથજીની શ્યામ પણ પ્રસાદીભૂત મૂર્તિ હવે સૌને સ્મિત વેરતી લાગી ! સૌને મહારાજનાં દર્શન થયાં. મધ્ય મંદિરમાં, મધ્ય સ્થાનમાં, મહારાજે તેમની મધુર વાણીથી તેમનું યથાર્થ સ્થાન સૌને સમજાવી દીધું. પરંતુ તેમની વાણીનો મર્મ કોઈને સમજાયો નહીં. ફક્ત મહારાજનાં દર્શન થયાં તે આનંદથી સૌનાં હૈયાં હળવાં થઈ ગયાં !

મહારાજ લિંબતરુ નીચે બિરાજમાન થયા છે

આરતી બાદ સૌ દરબારમાં આવ્યા તો અહીં પણ લિંબતરુ નીચે મહારાજ પાટ ઉપર સફેદ વસ્ત્રો ધારણ કરી બિરાજ્યા હતા. તેમની સન્મુખ સંતો, હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેમને થયું આ શું ? મહારાજનાં હમણાં મંદિરમાં દર્શન થયાં. વળી, અહીં લિંબવૃક્ષ નીચે પણ મહારાજ બિરાજ્યા છે ! એટલામાં કોઈ વાસુદેવ નારાયણના ઓરડામાં ગયા તો ત્યાં પણ મહારાજ દેખાયા ! બધાને લાગ્યું કે સમગ્ર દરબાર જાણે મહારાજનાં જુદાં જુદાં સ્વરૂપોથી ભરાઈ ગયો હતો ! ગોપાળાનંદ સ્વામીને આ દિવ્ય દર્શનની બધાએ વાત કરી. તેમણે સમજાવ્યું : "મહારાજ સત્સંગમાં અખંડ પ્રગટ છે. પરંતુ પહેલાં સ્થૂળ દૃષ્ટિએ દેખાતા હતા તેમ નહીં દેખાય, જ્ઞાનદૃષ્ટિથી દેખાશે."

વડોદરાના રામચંદ્ર વૈદને મહારાજ દર્શન દે છે

તે જ દિવસે વડોદરાથી રામચંદ્ર વૈદ હરિભક્તોના સંઘ સાથે મહારાજની અસ્વસ્થ તબિયતના સમાચાર સાંભળી ગઢપુર આવતા હતા. તેઓ ઉગામેડી પહોંચ્યા ત્યાં સામેથી જ તેમણે મહારાજને માણકી ઉપર આવતા જોયા. સાથે દસ પાર્ષદો પણ અશ્વ ઉપર આવતા હતા. રામચંદ્ર વૈદ હર્ષમાં આવી એકદમ બોલી ઊઠ્યા : "જુઓ, જુઓ, મહારાજ પધાર્યા !"

એટલામાં મહારાજ નજીક આવી ગયા. માણકી ઉપરથી ઊતર્યા ત્યાં તો વૈદરાજ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને ઉઠાડ્યા અને પૂછ્યું :

"વૈદરાજ ! આ સંઘ લઈને ક્યાં જાઓ છો ?"

વૈદરાજે તરત જ કહ્યું : "મહારાજ ! આપની તબિયતના સમાચાર સાંભળી અમે આપનાં દર્શન કરવા આવતા હતા."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે પોતાનો હાથ લાંબો કર્યો અને વૈદરાજને કહ્યું : "વૈદરાજ ! જુઓ અમારી નાડી."

વૈદે મહારાજનો જમણો હાથ પોતાના હાથમાં પકડ્યો અને નાડી જોવા લાગ્યા. થોડી વારે તેમણે કહ્યું : "મહારાજ ! નાડી જોતાં તો નખમાં પણ રોગ જણાતો નથી."

મહારાજ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું : "નજીવા મંદવાડથી સૌએ સમાચાર ફેલાવી દીધા ને ગામેગામથી ભક્તો ગઢપુર આવવા લાગ્યા. તમે પણ આવ્યા. હવે ગઢપુર જાઓ અને ગોપીનાથજીનાં દર્શન કરો. અમે અત્યારે સારંગપુર જઈએ છીએ અને કાલે ગઢપુર પાછા આવીશું." એમ કહી મહારાજ માણકી ઉપર બિરાજ્યા અને માણકીને પૂરપાટ દોડાવી મૂકી. મહારાજનાં સાજા-સારા દર્શન થયાં એટલે સૌને શાંતિ થઈ ગઈ ! મહારાજની આજ્ઞાનુસાર ગઢપુર જવા તેઓ આગળ ચાલ્યા.

ધોલેરાના અજુબા તથા ફૂલીબાને મહારાજ મળે છે

વડોદરાનો સંઘ આગળ ચાલ્યો. તેની પાછળ જ ધોલેરાથી અજુબા તથા ફૂલીબા ગાડામાં બેસી મહારાજનાં દર્શન કરવા આવતાં હતાં. નિંગાળા પાસે નદીમાં તેમણે ગાડું છોડ્યું અને બળદને પાણી પાયું. થોડો વિશ્રામ કરતા હતા ત્યાં મહારાજ પધાર્યા ! સાથે દસ અસવારો હતા. સૂર્યાસ્તનો સમય થયો હતો અને તેઓ ગાડું જોડીને ગઢપુર પહોંચવાની ઉતાવળમાં હતા. એટલામાં તેમને મહારાજનાં દર્શન થયાં. મહારાજને જોઈ બંને બહેનોએ મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. પછી મહારાજે તેમને પૂછ્યું : "તમે ક્યાં જાવ છો ?"

તેમણે કહ્યું : "મહારાજ ! આપે મંદવાડ ગ્રહણ કર્યો હતો તે સમાચાર સાંભળી અમે આપનાં દર્શન કરવા આવતાં હતાં."

મહારાજે હસીને કહ્યું : "હમણાં જ વડોદરાના રામચંદ્ર વૈદ અમને મળ્યા. અમારી નાડી તેમણે તપાસીને કહ્યું કે નખમાંય રોગ નથી. અમે તો સાજા-સારા છીએ અને દર્શન દેવા ગામોગામ ફરીએ છીએ." એટલું કહીને તેમને કહ્યું : "તમે હવે ગઢપુર જાઓ અને ગોપીનાથજી દેવનાં દર્શન કરો."

એટલું કહી મહારાજ તરત જ ત્યાંથી આગળ ચાલ્યા.

વડોદરાનો સંઘ અને પૂંજાભાઈ દરબારનાં બહેન ગઢપુર પહોંચ્યાં. ત્યાં તેમને સમાચાર મળ્યા કે મહારાજે તો દેહ ત્યજી દીધો હતો અને અગ્નિસંસ્કાર વિધિ પણ થઈ ગયો હતો. આ સમાચારથી તેમનું હૈયું ભાંગી ગયું. છેલ્લા છેલ્લા મહારાજના દિવ્ય સ્વરૂપનાં પણ દર્શન થયાં, તેથી તેમને કાંઈક આશ્વાસન મળ્યું.

મહારાજ આખા પધારે છે

તે જ રાત્રે પીપલાણાના નરસિંહ મહેતાની પુત્રી લાડુબા જેમને આખામાં પરણાવ્યાં હતાં ત્યાં મહારાજ પધાર્યા. લગભગ મધ્યરાત્રિનો સમય થઈ ગયો હતો. લાડુબા સૂતાં હતાં. મહારાજે સાદ કરી તેમને જગાડ્યાં. લાડુબા મહારાજનો અવાજ ઓળખી ગયાં અને તરત જ બેબાકળા થઈ ઊઠ્યાં. "મહારાજ પધાર્યા !" તેમના મુખમાંથી શબ્દો નીકળી ગયા.

મહારાજે કહ્યું : "હા, લાડુ ! અમારે વહેલી સવારે જમીને નીકળી જવું છે. માટે રસોઈ તૈયાર કરો. ત્યાં સુધી અમે થોડી વાર પોઢી જઈએ."

લાડુબાએ તરત જ મહારાજને ઢોલિયો ઢાળી દીધો. તે ઉપર નરમ તળાઈ બિછાવી, ઉપર રેશમી ધડકી પાથરી. મહારાજ તે ઉપર પોઢ્યા. લાડુબા રસોઈ કરવામાં પડ્યાં.

થોડી વારે મહારાજ જાગ્યા અને કહ્યું : "લાડુ ! પાણી ઊનું કર, અમારે નાહવું છે." લાડુબાએ તરત જ પાણી ગરમ કરવા મૂકી દીધું.

મહારાજ સ્નાન કરી, સફેદ વસ્ત્રો ધારણ કરી, જમવા માટે તૈયાર થઈ ગયા. ત્યાં સુધીમાં લાડુબાએ રસોઈ તૈયાર કરી દીધી હતી. મહારાજ માટે થાળ તૈયાર કર્યો હતો. મહારાજ આવ્યા અને પાટલા ઉપર બિરાજ્યા. મહારાજે જમવાનું શરૂ કર્યું ત્યારે લાડુબાએ કહ્યું : "મહારાજ ! અમે ગયા પખવાડિયામાં જ ગઢપુર આપના મંદવાડના સમાચાર સાંભળી આવ્યા હતા. આપનાં દર્શન કર્યાં હતાં અને આપની તબિયત પણ કાંઈક સુધરતી જણાતી હતી. તેથી બે દિવસ રોકાઈ અમે પાછાં આવ્યાં. પણ હમણાં ફરી સમાચાર મળ્યા કે આપને શરીરે મંદવાડ વિશેષ છે, એટલે ચિંતા થતી હતી. પણ આજે આપનાં દર્શન થયાં તેથી આનંદ થયો."

મહારાજ જમતાં જમતાં તેમની વાત સાંભળતા હતા. પછી થોડી વારે કહ્યું : "હવે તો નખમાંય રોગ નથી. તેથી ગામોગામ હરિભક્તોને દર્શન દેવા

નીકળ્યા છીએ. જેથી કોઈ ચિંતા કરે નહીં અને ગઢપુર તરફ પણ દોડાદોડી કરે નહીં." લાડુબાને આ સાંભળી આનંદ થયો. તેમને થયું કે દીકરાને જગાડું. તેને પણ મહારાજનાં દર્શન થાય. એટલે તે અંદર ગઈ ત્યાં તો મહારાજ અદૃશ્ય થઈ ગયા !

દીકરાને લઈ તે બહાર આવી પણ મહારાજને તેમણે ન જોયા. તે તરત જ ગામમાં જઈ બધે પૂછવા લાગી : "મહારાજ ક્યાં ગયા છે ?"

તેમને બોલતા સાંભળી સૌ કહેવા લાગ્યા : "લાડુ ! મહારાજ કેવા ? અહીં તો કોઈએ મહારાજને જોયા નથી."

આ સાંભળી લાડુબાનું હૈયું ભાંગી ગયું. તેને નક્કી થયું કે મહારાજ સ્વધામ સિધાવી ગયા છે. મને ફક્ત દર્શન દેવા જ પધાર્યા હતા. તેથી તે ત્યાં ને ત્યાં જ ધ્રૂસકે ધ્રૂસકે રડતી બેસી ગઈ !

વડનગરના વિપ્રોને મહારાજ દર્શન દે છે

તે જ દિવસે વડનગરથી બે બ્રાહ્મણો પોતાના યજમાનોમાં ભિક્ષાવૃત્તિ કરી વડનગર પાછા જતા હતા. રસ્તામાં ગઢપુરનો માર્ગ આવ્યો એટલે તેમને થયું કે ગઢપુર જઈ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરી આવીએ. તેઓ ગઢપુર તરફ ચાલ્યા. ત્યાં તો તેમને મહારાજ માણકી ઉપર કાઠી અસવારો સાથે સામા મળ્યા. મહારાજને આવતા જોઈ બંને વિપ્રોએ પોતાના ખભા ઉપરથી ખડિયા નીચે મૂકી દીધા અને મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે તેમને કહ્યું : "દંડવત્ રાખો." એટલે તે બંને વિપ્રો ઊભા થયા અને હાથ જોડીને મહારાજને કહ્યું : "પ્રભુ ! અમે આપનાં દર્શને આવતા હતા."

એટલે મહારાજે તેમને કહ્યું : "તમે ગઢપુર જાવ, અમે આ બાજુના ગામે જઈને પાછા આવીએ છીએ." એમ કહી મહારાજે માણકીનું ચોકડું મરડ્યું અને આગળ ચાલ્યા. બંને વિપ્રો ગઢપુરને માર્ગે રવાના થયા.

પૂજા ડોડિયા મહારાજના સ્વધામ પધાર્યાના સમાચાર સાંભળી મૂર્છાવશ થઈ જાય છે

બે દિવસ બાદ ભગુજી તથા રતનજી મંદિરના કામે ગોપાળ સ્વામીની આજ્ઞાથી ધોલેરા જતા હતા. રસ્તામાં તેમણે પાણવીના પૂજા ડોડિયાને માણકી ઘોડી માટે સરાવ ખડનું ભરોટું લઈને સામેથી આવતા જોયા. તે પાસે આવ્યા

એટલે તેમણે પૂજા ડોડિયાને પૂછ્યું : "ક્યાં જાવ છો ?"

તેણે કહ્યું : "ગઢડા. માણકી માટે સરાવ ખડ ભેગું કરીને લઈ જાઉં છું."

ત્યારે તે બંને હતાશ થઈને બોલ્યા : "પૂજાભાઈ ! માણકી ઉપર બેસનાર તો ધામમાં પધારી ગયા !"

પૂજા ડોડિયાએ આ સાંભળ્યું અને તે જ વખતે ગાડાની ઉધ્ય ઉપરથી તે નીચે પડી ગયા ! ભગુજી તથા રતનજી એકદમ તેમની પાસે આવ્યા. પણ પૂજા ડોડિયાને તો મૂર્છા વળી ગઈ હતી ! તેમણે પાણી લાવી તેમના મોં ઉપર છાંટ્યું. થોડી વારે તે જાગ્રત થયા ત્યારે ભગુજીએ કહ્યું : "પૂજાભાઈ ! થોડું પાણી પી લ્યો."

તેમણે નિઃશ્વાસ મૂકી કહ્યું : "ભાઈ ! હવે પાણી ગળા નીચે શે ઊતરે ?"

તેમને માટે આ આઘાત અસહ્ય હતો. ભગુજી તથા રતનજીને લાગ્યું કે પૂજાભાઈને એકલા મૂકવા જેવા નથી. તેમણે પૂજાભાઈને ખડના ભરોટા ઉપર ચડાવ્યા અને પોતે ગાડું હાંકી ગઢપુર આવ્યા.

પૂજાભાઈ ગઢપુર આવી ગોપીનાથજીનાં દર્શન કરવા ગયા. પણ તેમને લાગ્યું કે ગોપીનાથ દેવ પણ ઉદાસ દેખાય છે. નિરાશ વદને દાદાના દરબારમાં આવ્યા. અહીં પણ બીક લાગે તેવી શાંતિ પ્રવર્તતી હતી. લીંબડો પણ સૂનો પડ્યો હતો. દરબાર, ઓરડા બધું જ જાણે મહારાજના વિરહથી રડતું હોય તેવો તેમને ભાસ થયો. ભગુજી તેમને ગોપાળાનંદ સ્વામી પાસે લઈ આવ્યા. સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું અને કહ્યું : "પૂજાભાઈ ! જાઓ, હવે જમી આવો."

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! હવે અન્ન કે પાણી ગળે ઊતરશે નહીં."

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "એમ અન્ન-જળનો ત્યાગ ન કરાય, મહારાજની આજ્ઞા નથી."

પૂજાભાઈ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! મેં ત્યાગ નથી કર્યો. મારી અન્નનળી જ બીડાઈ ગઈ છે. ખોટું કહેતો હોઉં તો આ પરમહંસોના સમ છે." એમ કહીને તેઓ રડી પડ્યા. પછી બોલ્યા : "સ્વામી ! જો મહારાજની ઇચ્છાથી જ આમ થયું હશે, તો મહારાજ મને તેમના તેરમાને દિવસે ધામમાં તેડી જશે !" સ્વામી તેમના શબ્દો સાંભળી રહ્યા !

મહારાજનું શ્રાદ્ધ તથા દ્વાદશા, ત્રયોદશા કરવાની વિધિમાં સૌ પડ્યા. તે દરમ્યાન ચોકમાં જ 'સત્સંગિજીવન'ની કથાનો પ્રારંભ ગોપાળાનંદ સ્વામીએ કરાવ્યો. તેઓ તથા નિત્યાનંદ સ્વામી પાટ ઉપર બિરાજતા. મહારાજનાં દિવ્ય ચરિત્રોની કથામાં સૌનાં મન આ રીતે એકાગ્ર થયાં અને તે દિવ્ય ચરિત્રો

સાંભળતાં સાંભળતાં કાંઈક ધીરજ અને શાંતિનો અનુભવ સૌને થવા લાગ્યો. ક્વચિત્ ક્વચિત્ ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ મુનિ પ્રસંગોપાત વાતો પણ કરતા.

શ્રાદ્ધની વિધિ મહારાજના ભત્રીજા રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજી પાસે કરાવી. ત્રયોદશાને દિવસે શ્રવણી શ્રાદ્ધ કરી, બ્રાહ્મણોને ગાયોનાં દાન આપ્યાં. એક એક રૂપિયો દક્ષિણા પણ આપી. સજ્જા શણગારીને દાનમાં આપી. કોઈકને વળી શણગારેલા અશ્વો પણ આપ્યા. વસ્ત્રો, આભૂષણો દાનમાં છૂટે હાથે આપ્યાં. ભગા દોશીએ તથા દાદાખાચરે ખર્ચ કર્યું.

દેશદેશથી આવેલા સંતો, હરિભક્તો તથા બ્રાહ્મણોને ખૂબ જમાડીને તૃપ્ત કર્યા. મહારાજના બંને ભત્રીજાઓએ આ સમયે દાન આપવામાં, બ્રાહ્મણોને સંતોષવામાં કાંઈ મણા રાખી નહીં. સમગ્ર સત્સંગના હરિભક્તો આ દિવ્ય સેવામાં ભાગ લેવા તત્પર બની ગયા હતા. પરંતુ મુખ્યત્વે દાદાખાચર તથા ભગા દોશીએ સેવા ઉપાડી લીધી હતી.

પૂજા ડોડિયા ધામમાં જાય છે

તેર દિવસ સુધી પૂજા ડોડિયાએ અન્ન કે જળ લીધા સિવાય અવિરતપણે એક યુવાનના જોમથી સેવા કરી.

તેરમે દિવસે તે થાક્યા અને મહારાજના નામનો મંત્રજાપ કરતા બેસી ગયા અને તે જ સ્થિતિમાં તેમણે દેહત્યાગ કરી દીધો ! મહારાજ અક્ષરધામના મુક્તો સાથે તેમને તેડવા પધાર્યા. તે દર્શન ત્યાં ઘણાને થયાં. ગોપાળ સ્વામીએ કહ્યું : "જળ વિના જેમ માછલી તરફડે, તેમ પૂજાભાઈની મહારાજના વિયોગથી એવી સ્થિતિ થઈ ગઈ હતી. તેમનો દેહ રહે તેવું હતું જ નહીં. પરંતુ મહારાજની અંતિમ સેવા કરવા તેમણે દેહ ટકાવ્યો હતો."

મહારાજ અખંડ પ્રગટ જ છે

ત્રયોદશાની વિધિ પતી ગઈ. સૌ વીખરાવા લાગ્યા. છતાં જતાં જતાં મહારાજના પ્રસાદીનાં સ્થાનોમાં દર્શન કરવા જતા, ત્યાં તેમને મહારાજનાં દર્શન થતાં. ગોપીનાથજી દેવ સમક્ષ સૌ ધૂન્ય કરતા તો મહારાજ પણ તેમની સાથે ધૂન્ય કરતા દેખાતા. સમગ્રપણે દાદાખાચરના દરબારમાં મહારાજ જાણે સ્થળે સ્થળે બિરાજતા હોય તેવો સૌને અનુભવ થયો. અક્ષરધામ તુલ્ય આ

મહાપ્રાસાદિક ભૂમિમાં મહારાજ અખંડ પ્રગટ જ હતા. નગરની રજેરજ મહારાજના પુનિત પાદારવિંદથી પ્રસાદીભૂત બની ગઈ હતી. તેથી મહારાજની મૂર્તિમાં ભક્તનું જો તીવ્ર જોડાણ થઈ જતું, તો મહારાજ તરત જ પ્રગટ થઈ દર્શન દેતા. સૌને અનુભવ થયો કે મહારાજ જ્યાં જ્યાં ફર્યા છે, જે જે સ્થળો પ્રસાદીભૂત કર્યાં છે, તે તમામ સ્થળો અને સમગ્ર સત્સંગમાં મહારાજ એક અથવા બીજે સ્વરૂપે પ્રગટ જ છે. પ્રાકૃત દૃષ્ટિવાળાને મહારાજનું પ્રગટપણું સમજાય નહીં, દેખાય નહીં.

તેમના પ્રાગટ્યની પ્રતીતિ એ છે કે સત્સંગ દિનપ્રતિદિન નવપલ્લવિત થતો જાય છે, વિસ્તરતો જાય છે અને મહારાજના સર્વાવતારી સ્વરૂપની નિષ્ઠા મુમુક્ષુઓના અંતરમાં દૃઢ થતી જાય છે. મહારાજના આ કાર્યને જોવાની જ્ઞાનદૃષ્ટિ કે બુદ્ધિયોગ મહારાજે વચનામૃતમાં આપ્યો છે. તેનું અધ્યયન પરમ ભાગવત સંતનાં ચરણોમાં બેસીને કરીએ, તો એ જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થાય અને મહારાજના અખંડ પ્રાગટ્યની પ્રતીતિ થાય.

મહારાજના અગ્નિસંસ્કાર સ્થાને નિત્યાનંદ સ્વામીએ મહારાજની પાદુકાની પ્રતિષ્ઠા રઘુવીરજી મહારાજ પાસે કરાવી. આ રીતે મહારાજના દિવ્ય કાર્યની સ્થૂળ સ્મૃતિ પૃથ્વી ઉપર સદાને માટે અંકિત થઈ ગઈ ! જો કે ભાગવત ધર્મના સ્થાપન અને પ્રસારણનું તેમનું કાર્ય જ અલૌકિક હતું, ચિરઃસ્મરણીય હતું. તેમના અખંડ બ્રહ્મચર્ય વ્રતધારી પરમહંસો, તેમના નિયમો, તેમણે રચેલ વચનામૃત અને શિક્ષાપત્રી જેવાં દિવ્ય શાસ્ત્રો, તેમનું અધ્યયન કરી અનુકરણ કરતા નિયમધારી તેમના હરિભક્તો – આ બધું જ તેમના દિવ્ય કાર્યની સ્મૃતિરૂપે હતું. એથી વિશેષ તેમણે ઓળખાવેલ પોતાના અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી - તેમના દ્વારા પોતાના સ્વરૂપનું પ્રગટપણું તેમણે તેમના છેલ્લા આદેશમાં સમજાવ્યું હતું, તે સનાતન અક્ષરબ્રહ્મ સાથે પોતાના પુરુષોત્તમ સ્વરૂપની ઉદ્‌બોધેલ ઉપાસનાનો સિદ્ધાંત, આ બધું જ તેમના દિવ્ય કાર્યની સ્મૃતિરૂપે જ છે ! તેમના આ કાર્યનો, આદેશનો, ઉપાસનાનો વિસ્તાર તેમના સંકલ્પ પ્રમાણે સમગ્રપણે વિસ્તરશે. મુમુક્ષુઓની તેમના પ્રત્યેની ભક્તિનો ભાવ તેમના આ કાર્યના વિસ્તારમાં સહભાગી થવામાં જ છે.

अखण्डसच्चिदानन्द मूर्ते र्भगवतो नृप!।
जननं च तिरोधानं लीलैवेत्यवधारय ॥

– સત્સંગિજીવન : પ્ર. ૫, અ. ૬૮/૭૨

સુવ્રત મુનિ કહે છે : "હે પ્રતાપસિંહ રાજન ! નિત્યસિદ્ધ અને દિવ્ય સ્વરૂપ જેમનું છે એવા ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિનો આ પૃથ્વી ઉપર જે પ્રાદુર્ભાવ અને તિરોભાવ તે કેવળ તેમની દિવ્ય લીલા જ છે તેમ તમે જાણો !"

ૐ

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરિશિષ્ટ : ૧
ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યને અખંડ વહેતું રાખનાર ગુણાતીત ગુરુપરંપરા

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

આ.સં. ૧૮૪૧ના શરદપૂનમના પવિત્ર દિવસે આ મહાપુરુષનો જન્મ ભાદરા(હાલ ગુણાતીતનગર, જિ. જામનગર)માં થયો. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે અનેક વખત આ ભક્તરાજ સાથે પોતાની અનન્ય પ્રીતિ દર્શાવતાં તેમનો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ તરીકેનો મહિમા ગાયો હતો. સં. ૧૮૬૬માં એમને ત્યાગાશ્રમની દીક્ષા આપીને 'ગુણાતીતાનંદ સ્વામી' એવું સાર્થક નામ અર્પતાં ભગવાન સ્વામિનારાયણે આ સંતની ઓળખ આમ આપી હતી : "આ ગુણાતીતાનંદ સ્વામી અમારે રહેવાનું મૂર્તિમાન અક્ષરધામ છે."

ગુણાતીતાનંદ સ્વામી ભગવાનને રહેવાના અક્ષરધામનો સ્વયં મૂર્તિમાન અવતાર હતા. તેથી તેમને અને શ્રીહરિને લેશમાત્ર જુદાપણું નહોતું. ભગવાન સ્વામિનારાયણે અનેક વખત સૌને આ દિવ્ય એકતાનો પરિચય પણ આપ્યો હતો. ગુણાતીતાનંદ સ્વામી પણ શ્રીહરિ સાથેના આ તાદાત્મ્યને વર્ણવતાં કહેતા : "ભગવાનની મૂર્તિ ક્ષણમાત્ર પણ ભૂલી જઈએ તો અમારું તાળવું ફાટી જાય."

ભગવાન સ્વામિનારાયણના પાંચસો પરમહંસો પૈકી શ્રીહરિના સૌથી વિશેષ લાડીલા આ સંતવર્યને જૂનાગઢ મંદિરના મહંત તરીકે નિયુક્ત કરતાં શ્રીહરિએ જૂનાગઢના નવાબને કહ્યું હતું : "આ હમ જૈસા ફકીર છે."

શ્રીહરિની આજ્ઞાથી આ સંતવર્યે સોરઠની ભૂમિ ઉપર સતત અડધી સદી સુધી વિચરણ કર્યું. તે જમાનામાં વ્યાપ્ત થયેલા દુરાચારો અને ધર્મના નામે થતાં પાખંડોને તેમણે ટાળ્યાં. તેમણે વહેમો અને વ્યસનોની જાળમાંથી લોકોને મુક્ત કર્યા. એમની કરુણા-દયાનું અમી પામીને, ઘણા મોટા લૂંટારુ બહારવટિયાઓએ બંધૂક છોડીને હાથમાં માળા ધારણ કરી હતી. તેમણે ભક્તોને અધ્યાત્મ-સિદ્ધિના પથે આગળ વધાર્યા. સાથે સામાન્ય જનને પણ સદાચારયુક્ત કર્યા. તેમણે પોતાનો દ્વેષ કરનારનું પણ સદૈવ હિત ઇચ્છ્યું. દીન-દુઃખી-રોગી-પતિતને મદદ કરવામાં, એમની સેવા કરવામાં તેમણે જીવન વીતાવ્યું. ભગવાન સ્વામિનારાયણે તેમને જૂનાગઢના મોટા મંદિરના મહંત કર્યા, તોયે તેમણે સેવાને જ જીવન બનાવ્યું.

તેઓ કહેતા : "સેવા કરે તે જ મહંત."

સરળ અને લોકજીવનનાં સચોટ દૃષ્ટાંતોથી ભરપૂર એમની અનુભવવાણી સાંભળનારના દિલમાં સોંસરી ઊતરી જતી. તાજી તીક્ષ્ણ ધાર જેમ અડતાંમાં અળગું કરે, તેમ તેમની વાતો સાંભળનારના મનમાંથી વિષય-વાસના, સંસારની આસક્તિ અળગી થઈ જતી. તેમના સત્સંગથી અનેક લોકો સંસારમાંથી મુક્ત થયા, પણ સૌથી વિશેષ તો એ વાત છે કે તેમણે ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરી મહિમા પ્રવર્તાવ્યો. અહોરાત્ર વાતોના પડછંદા ગુંજાવી તેમણે હજારો મુમુક્ષુઓને શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા કરાવી અને તેમને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની સાચી ઉપાસના-ભક્તિમાં જોડ્યા.

ભગવાન સ્વામિનારાયણે અનેક પ્રસંગોએ જેમને પોતાના 'મૂર્તિમાન અક્ષરધામ' તરીકે ઓળખાવ્યા છે તે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, એક અખંડિત ગુણાતીત ગુરુપરંપરા વહેતી રાખીને આ.સં. ૧૯૨૪, આસો સુદિ ૧૩ના દિને ગોંડલમાં અંતર્ધાન થયા. અનંતને આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત કરી, શાશ્વત શાંતિ આપતું તેમનું દેહોત્સર્ગ સ્થાન 'અક્ષર દેરી'ના નામે પ્રખ્યાત છે.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ

"હું તો બે ટાંકા તોડું છું ને બે ટાંકા સાંધું છું. દ્રવ્ય ને સ્ત્રી જીવમાંથી કાઢું છું ને ભગવાન ને સાધુ જીવમાં સ્થાપું છું." – આ શબ્દોથી પોતાના જીવન-કાર્યને વ્યક્ત કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત(ભગતજી મહારાજ)નો જન્મ ભાવનગર જિલ્લાના મહુવા ગામે સંવત ૧૮૮૫ના ફાગણ સુદ ૧૫ના શુભ દિને થયો. પિતા ગોવિંદભાઈ, દરજી જ્ઞાતિમાં આગેવાન હતા.

બાળપણથી જ "હું તો પ્રભુ ભજવા ને ભજાવવા આવ્યો છું" – એવા તેમના શબ્દોથી સૌને તેમના દિવ્ય વ્યક્તિત્વની પ્રતીતિ થતી હતી. બાળવયથી જ ભક્તિ અને સત્સંગની લગની તેમના રોમેરોમમાં વ્યાપી ચૂકી હતી.

આ લગનીને કારણે જ શરૂઆતમાં ભગવાન સ્વામિનારાયણના અગ્રણી સંત ગોપાળાનંદ સ્વામીનો સત્સંગ કર્યો. દેહત્યાગ કરતી વખતે ગોપાળાનંદ સ્વામીએ જ તેમને આધ્યાત્મિક માર્ગે સર્વસિદ્ધિ મેળવવા જૂનાગઢમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું શરણું લેવા ચીંધ્યું. ગુણાતીતાનંદ સ્વામીની સચોટ વાતોથી તેમના અંતરમાં ચોટ લાગી ગઈ. સ્વામીના વચને તેમણે બ્રહ્મરૂપ થવાના અસિધારા પંથે ઝંપલાવ્યું. સ્વામીની દરેકે દરેક આજ્ઞાને અધ્ધર ઝીલીને, તેનું પાલન કરવામાં તેઓ મરણિયા થયા. હુતાશનીને દિને પ્રગટેલા આ પુરુષને

ઇન્દ્રિયોને બ્રહ્મ-અગ્નિમાં હોમી, દેહના ચૂરેચૂરા કરી નાખવાનું તાન હતું. સ્વામીની આજ્ઞાથી તેમણે કઠોર તપશ્ચર્યાની સાથે, જૂનાગઢ મંદિરમાં થતી હવેલીના પાયા ખોદવા, તેમાં રેતી ભરવી, પથ્થરો ઉપાડવા વગેરે કાર્યોમાં જાતને સમર્પિત કરી દીધી. ચૂનાનું કામ કરતાં 'હાથ ફાટશે કે આંધળા થવાશે' એવું કોઈ કહે તો તેઓ જવાબ દેતા કે "સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે."

તેમની અનન્ય ગુરુભક્તિ અને સેવાથી પ્રસન્ન થઈ ગુણાતીતાનંદ સ્વામીએ અઢળક રૂપિયા આપવાનું કહી, વરદાન માગવા લલચાવ્યા; ત્યારે આ નિષ્કામ કર્મયોગીએ ફક્ત એટલું જ માગ્યું કે "મને તમારું જ્ઞાન આપો, તમારું ધામ બતાવો ને મારા જીવને સત્સંગી બનાવો." ત્રિલોકના સુખને ઠોકર મારનાર આ વૈરાગ્યનિષ્ઠ સાધક પર ગુણાતીતાનંદ સ્વામી અત્યંત રાજી થયા અને તેમને વશ થઈ ગયા. સ્વામીએ અનહદ કૃપા કરીને તેમને ભગવાનના પૂર્ણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો. પ્રાગજી ભક્ત પારસ થકી પારસ થયા. અક્ષરપાત્ર તૈયાર થયું ને બ્રહ્મરસથી પૂર્ણ થયું. ગુણાતીતાનંદ સ્વામીએ તેમને પોતાના સ્થાને - સૌના આધ્યાત્મિક ગુરુપદે સ્થાપ્યા. "હવે મહુવે જઈને રહીશું" – સ્વામીના સ્વધામ-ગમન પહેલાંના આ શબ્દોથી સૌને દૃઢ પ્રતીતિ થઈ કે ગુણાતીતાનંદ સ્વામી પ્રાગજી ભક્ત દ્વારા સત્સંગમાં પ્રગટ જ છે.

પરબ્રહ્મના દિવ્ય આનંદના અનુભવી પ્રાગજી ભક્ત માન-અપમાનથી પર થઈ ચૂક્યા હતા. આથી, અનેક અપમાનો અને તિરસ્કારો વચ્ચે પણ તેમણે ભગવાન સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ છે અને તેમને પામવાનું દ્વાર ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે – એ અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનનો સર્વત્ર ઉદ્‌ઘોષ કર્યો. સત્સંગના મહિમાની ને બ્રહ્મરૂપ થવાની તેમની વાતોથી, અંતરનું અજ્ઞાન-તિમિર ભેદાઈ જતું. તેઓ કહેતા : "મને તો અંતરનું કેડિયું સીવતા આવડે છે."

આથી અંતરનું કેડિયું સિવડાવવા, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થો ને સદ્‌ગુણી ત્યાગીઓ તેમનો સમાગમ કરતા. શ્રીજીમહારાજ પણ તેમના દ્વારા ઘણું ઐશ્વર્ય દર્શાવતા અને કેટલાયને દર્શન દઈ સમજાવતા કે "હું પ્રાગજી ભક્ત દ્વારા સત્સંગમાં અખંડ પ્રગટ છું."

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગામોગામ વિચરી તેમણે સ્વામિનારાયણની શુદ્ધ ઉપાસના ફેલાવી. અસંખ્ય મનુષ્યોને વ્યસનોથી મુક્ત કરી સદાચારને માર્ગે ચડાવ્યા. સંસાર વ્યવહારમાં અનાસક્ત આ વિતરાગી મહાપુરુષે કેટલાયને પંચવિષય તજાવ્યા ને બ્રહ્મરૂપ થવાના માર્ગે ઊર્ધ્વગતિ કરાવી. તેમના સત્સંગથી

હજારોને ભગવાન સ્વામિનારાયણની દૃઢ નિષ્ઠા થઈ.

શાસ્ત્રીજી મહારાજ સ્વામી યજ્ઞપુરુષદાસજી દ્વારા પોતે પ્રગટ છે, એમ નિર્દેશ કરીને સંવત ૧૯૫૪, કાર્તિક સુદ ૧૩ને દિને, આદર્શ સાધક તરીકે જીવેલા અનાદિસિદ્ધ પ્રાગજી ભક્તે મહુવામાં સ્વતંત્રપણે ભૌતિક દેહનો ત્યાગ કર્યો.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી એટલે કે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો જન્મ મહા સુદ ૫, સંવત ૧૯૨૧, ચરોતર પ્રદેશના મહેળાવ ગામે થયો હતો. બાળવયથી જ તેમનું વિતરાગી અને ભક્તિમય જીવન તેમના દિવ્ય વ્યક્તિત્વનો પરિચય આપતું હતું. વિ.સં. ૧૯૩૯માં ભગવાન સ્વામિનારાયણ સાથે ૧૨ વર્ષ રહેલા સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી. બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તના સત્સંગથી અને સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીના અનુમોદનથી તેમને ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાની લગની લાગી હતી. આ વૈદિક તત્ત્વજ્ઞાનને મૂર્તિમંત કરવા તેમણે પ્રચંડ પુરુષાર્થ કર્યો. અનેક કષ્ટો અને વિઘ્નોને હસતે મોંએ સહી લઈને તેઓએ ભગવાન સ્વામિનારાયણના સંકલ્પ મુજબ અક્ષર-પુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના ભવ્ય શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કર્યાં. બોચાસણ, સારંગપુર, ગોંડલ, વડોદરા(અટલાદરા), ગઢપુર વગેરે સ્થળોએ નિર્માણ કરેલાં આ મંદિરોના મધ્ય શિખર તળે, તેમણે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી તથા પરબ્રહ્મ શ્રી ભગવાન સ્વામિનારાયણની પ્રતિમાઓની વૈદિકવિધિ અનુસાર સ્થાપના કરી. એટલું જ નહીં, વિશ્વમાં આ વૈદિક તત્ત્વ-જ્ઞાનનો સતત પ્રસાર થતો રહે તે માટે તેમણે 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' સ્થાપી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ઉચ્ચ કોટિના વિદ્વાન સંત હતા. તેમનું વિશુદ્ધ ચારિત્ર્ય, અપ્રતિમ વિદ્વત્તા તથા જ્ઞાન અને ભક્તિની પરાકાષ્ઠાથી અનેક મુમુક્ષુઓ પ્રભાવિત થઈ તેમના તરફ આકર્ષાયા. ભગવાન સ્વામિનારાયણનો સંદેશ ગામડે ગામડે તથા ઘરોઘર પહોંચે તે માટે તેઓએ દેહના સુખને ગૌણ કરી, અનેક કષ્ટો વેઠીને, કાઠિયાવાડથી લઈને કરાંચી સુધી અને રાજસ્થાનથી લઈને ખાનદેશ સુધી અવિરત વિચરણ કર્યું. શાસ્ત્રીજી મહારાજે અનેક મુમુક્ષુઓને વાતો તથા પત્રો દ્વારા છેક આફ્રિકા ખંડ સુધી અક્ષરપુરુષોત્તમના વૈદિક સિદ્ધાંતનો પ્રચાર કર્યો. ૮૬ વર્ષની વૃદ્ધ અવસ્થા સુધી સમાજોત્થાન અને ભગવાન સ્વામિનારાયણના સંદેશને પ્રસરાવવા અનન્ય પ્રદાન આપીને સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ ૪ના દિવસે,

ભૌતિક દેહનો સ્વતંત્રપણે ત્યાગ કરી ધામમાં પધાર્યા.

સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી શાસ્ત્રીજી મહારાજે પોતાના ઉત્તરાધિકારી તરીકે યોગીજી મહારાજનો મહિમા ગાતાં અનેક વખત જણાવ્યું હતું કે 'મારામાં ને યોગીજી મહારાજમાં રોમનો પણ ફેર નથી. તેમના જેવા સંતનો જોટો બ્રહ્માંડમાં ક્યાંય મળે તેમ નથી.' એટલું જ નહીં, માત્ર ૨૮ વર્ષના શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને પોતાની જગ્યાએ સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કરીને યોગીજી મહારાજના ઉત્તરાધિકારી તરીકે સ્થાપી દીધા. 'પ્રમુખસ્વામી મહારાજ' તરીકે સૌના લાડીલા બનેલા આ સંતવર્યની નિયુક્તિથી સંસ્થાના સ્તંભ સમા સ્વામી નિર્ગુણદાસજી સહિત અનેક ધુરંધરો બોલી ઊઠ્યા હતા : 'હવે સંસ્થાના પાયા પાતાળે નખાયા છે.'

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

આ સતવર્યનો જન્મ અમરેલી જિલ્લાના ધારી ગામે, સંવત ૧૯૪૮ના વૈશાખ વદ ૧૨ને દિને થયો. માતા પુરીબાઈ અને પિતા દેવચંદભાઈ. ધ્યાન ને તપની રુચિ, સાદગી અને વિરક્તિ, સેવા ને ભક્તિ જેવા જન્મજાત ગુણોથી ૧૯ વર્ષે તેઓ ભાગવતી દીક્ષા લઈ 'સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી' બન્યા. પરંતુ સનાતન સિદ્ધયોગીના જેવું તેમનું ભગવન્મય જીવન હોવાથી સૌ તેમને 'યોગીજી'ના હુલામણા નામથી બોલાવતા. જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં સેવા કરતા આ યોગીજીને શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો અને તેમને ગુરુ તરીકે સ્વીકારીને જૂનાગઢ ત્યજી દીધું અને તેમની સાથે ઉપાસના-પ્રવર્તનની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. અનન્ય ગુરુભક્તિથી તેઓ ગુરુના અતિ કૃપાપાત્ર સંત બન્યા, શાસ્ત્રીજી મહારાજના વારસદાર થયા.

ઉચ્ચ કોટિની સહિષ્ણુતા, કષ્ટો વચ્ચે સતત હસતું જીવન, ધર્મમય તપઃપૂત જીવન, સતત પરિભ્રમણ, નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન, અખંડ ભજનની લગન, નિર્દોષ ચરિત્ર વગેરેથી એમણે જગત સમક્ષ આદર્શ સંત - પરમહંસનું દૃષ્ટાંત પૂરું પાડ્યું. હરકોઈનું ભલું ઇચ્છનાર યોગીજી મહારાજ અદ્વિતીય વાત્સલ્યમૂર્તિ હતા. એટલે જ તેમની હૂંફાળી મમતાથી હજારોએ શાંતિ મેળવી.

એ જ નિઃસ્વાર્થ સ્નેહથી એમણે આધુનિક રંગે રંગાયેલા બાળકો-યુવકોને ધર્માભિમુખ કરી સંસ્કાર-સંપન્ન સદાચારમય જીવન જીવતા કર્યા. તેમણે સેંકડો શિક્ષિત યુવાનોને ભાગવતી દીક્ષા આપી અને એ સંતો દ્વારા સંસ્કૃત, સંગીત, સાહિત્ય, કળા વગેરેને પોષણ આપ્યું. સંસ્કૃતિને પુનર્જીવન આપ્યું. તેમણે બાળ-

સંસ્કાર પ્રવૃત્તિ અને યુવક પ્રવૃત્તિની શરૂઆત કરી, જે આજે વટવૃક્ષની જેમ દેશ-પરદેશમાં પાંગરીને હજારોને છાંયડો અર્પે છે. વૃદ્ધાવસ્થામાં પણ તેમણે ત્રણ વાર પરદેશ પ્રવાસ ખેડ્યા અને ત્યાં સંસ્કારધામ રચ્યાં. લંડનમાં ખ્રિસ્તી ચર્ચનું હિંદુ મંદિરમાં રૂપાંતર કરનાર તેઓ પ્રથમ સંત હતા.

સરળ લોકબોલી, હાસ્યરસની છોળો, મીઠા-મધુર લહેકા, ભાવવાહી કીર્તનો, રમૂજી પણ ઉપદેશક દૃષ્ટાંતો, રૂઢિપ્રયોગો, અનુભવના પડઘા અને સૌથી વિશેષ ઈષ્ટદેવ પ્રત્યેની પરાભક્તિનો રણકાર – આ બધાના સુભગ સમન્વય સ્વરૂપે રેલાયેલી તેમની પરાવાણી હરકોઈને સ્પર્શી જતી. યોગીજી મહારાજની અમૃતવાણીનું શ્રવણ કરવું એટલે નાદબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો. તેમના સંપર્કમાં આવનાર કોઈ પણ વ્યક્તિ જીવનભર તેમને ભૂલી ન શકે તેવું તેમનું સંમોહક વ્યક્તિત્વ હતું.

અનેક મૌલિક પ્રદાનો આપીને અને સંપ્રદાયનો વિસ્તાર દરિયાપાર પહોંચાડીને સને ૧૯૭૧માં તેમણે પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો. પોતાના અનુગામી તરીકે પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સમજાવીને તેઓ કહેતા : 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.'

તેમના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, આજે તેમણે શરૂ કરેલ સમાજ-ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓને પૂર્ણ વેગથી વિકસાવી રહ્યા છે અને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સાન્નિધ્યનો અનુભવ કરાવી રહ્યા છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સાવ સીધું સાદું છતાં આકર્ષક વ્યક્તિત્વ, મુખ પર નરી નિર્દોષતા, વાણીમાં નહીં કોઈ આડંબર, આંખોમાં કરુણાનો મહાસાગર, દિલમાં માનવ જાતના હિતની ખેવના, અંગોઅંગ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની અલમસ્તાઈ.

પ્રમુખસ્વામી મહારાજની આ વિશેષતા હરકોઈએ અનુભવી છે. તેઓ યુવાનોના રાહબર છે, બાળકોના સંસ્કારદાતા છે, લાખો સંસારીઓના જીવનપ્રાણ છે.

વડોદરા જિલ્લાનું ચાણસદ ગામ તેમનું જન્મસ્થાન છે. સને ૧૯૨૧માં વિ.સં. ૧૯૭૮, માગશર સુદ ૮ના દિને પાટીદાર પરિવારમાં પ્રગટેલા પ્રમુખ-સ્વામી મહારાજ બાળવયથી જ ભક્તિના રંગે રંગાયેલા હતા. માત્ર ૧૯ વરસની વયે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની એક ચિઠ્ઠી પર ગૃહત્યાગ કરીને નીકળી પડનાર આ નવયુવાને દીક્ષા ગ્રહણ કરી ત્યારે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે આ નવદીક્ષિત, સમસ્ત જગતના સંતપુરુષોમાં મૂર્ધન્ય સ્થાન મેળવશે.

ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યમાં અધ્યાત્મના ઉન્નત શિખરે પહોંચીને સેવા, નમ્રતા, ત્યાગ અને ભક્તિમય નિર્મળ જીવનથી તેઓ ગુરુના પ્રિયપાત્ર બની રહ્યા. સને ૧૯૫૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તેમને પોતાના સ્થાને 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા'ના પ્રમુખ તરીકે નિયુક્ત કરીને સૌને તેમનો અપાર મહિમા સમજાવ્યો. ત્યારથી તેઓ 'પ્રમુખસ્વામી મહારાજ'ના નામથી વિખ્યાત થયા.

મહત્ત્વાકાંક્ષા કે પ્રસિદ્ધિની અપેક્ષા સિવાય તેમણે યોગીજી મહારાજના સેવક તરીકે સંસ્થાની સેવાઓમાં જાતને ઘસી નાખી. સને ૧૯૭૧થી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અનુગામી તરીકે તેમણે આજપર્યંત ગામડે ગામડે લોકજાગૃતિ અને લોકકલ્યાણ માટે અવિરત વિચરણ કર્યું છે. આદિવાસીઓનાં ઝૂંપડાંથી માંડીને વિદેશોની મહેલાતો સુધી કુલ ૧૭,૦૦૦ ગામડાંઓ અને નગરોમાં અવિરતપણે વિચરણ કરીને તેમણે અસંખ્ય લોકોને જીવનઉત્કર્ષની પ્રેરણા આપી છે. લાખો લોકોનાં જીવનપરિવર્તનો કર્યાં છે. આજ સુધીમાં તેમણે ૬,૦૦,૦૦૦ કરતાંય વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા છે. અસંખ્ય લોકોને વ્યક્તિગત મળીને અને ૫,૫૦,૦૦૦ પત્રો દ્વારા લોકોની સમસ્યાઓને નિવારી છે. લાખોએ તેમનામાં ભગવાન સ્વામિનારાયણનો સ્પર્શ અનુભવ્યો છે.

શિક્ષણ, આરોગ્ય, આદિવાસીઉત્કર્ષ વગેરે સહિત સમાજસેવાનાં તમામ ક્ષેત્રોમાં અનન્ય પ્રદાન આપનાર કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજે કુદરતી આપત્તિઓમાં પીડિતોને સહાય આપવા હંમેશાં પ્રથમ દોટ મૂકી છે. દુષ્કાળ હોય કે અતિવૃષ્ટિ હોય, ભૂકંપ હોય કે વાવાઝોડું હોય, પ્રમુખસ્વામી મહારાજે પીડિતોની સેવામાં કરેલું પ્રદાન અનન્ય રહ્યું છે. સેંકડો શાળાઓ તથા અનેક ગામડાંઓ દત્તક લઈને તેનું સંપૂર્ણ નવનિર્માણ કરવાથી લોકોના પુનર્વસવાટ સુધીની અનેક સેવાઓ કરીને તેમણે સમાજસેવાનો આદર્શ પૂરો પાડ્યો છે.

નવી પેઢીમાં સનાતન સંસ્કારોનું સિંચન કરવા માટે તેમણે વિશ્વના ૫૬ દેશોમાં બાળ-યુવા કેન્દ્રો સ્થાપીને એક વિરલ ક્રાંતિ કરી છે. તેમણે ચીંધેલા માર્ગે લાખો બાળકો અને યુવાનો ઊર્ધ્વગતિ કરી રહ્યા છે. આધુનિક સુશિક્ષિત યુવાનોમાં રચનાત્મક સેવાવૃત્તિ જગાવીને તેમણે વિરાટ સ્વયંસેવક દળ રચ્યું છે, જેના દ્વારા તેઓ માનવસેવાનાં અનેક સર્જનાત્મક કાર્યો કરી રહ્યા છે.

ભારતીય સંસ્કૃતિના સનાતન આધ્યાત્મિક વારસાને લોકહૃદયમાં ચિરંજીવ બનાવવા માટે તેમણે વિશ્વભરમાં ઠેર ઠેર સ્થાપેલાં ૫૫૦ કરતાંય વધુ મંદિરોથી આ ભૂમંડલને સુસંસ્કારથી શણગાર્યું છે. વિશ્વમાં હિંદુ સંસ્કૃતિનો સૌથી વધુ ઉદ્‌ઘોષ

કરનાર આ સંતવર્યે સનાતન ધર્મનો મહિમા નવખંડ ધરતીમાં પ્રસરાવ્યો છે. લંડન, શિકાગો, હ્યુસ્ટન, આફ્રિકામાં નૈરોબી, પૂર્વમાં ઓસ્ટ્રેલિયા વગેરે સ્થળોએ ભવ્ય શિખરબદ્ધ મંદિરો સ્થાપીને એ ભૂમિ પર હિંદુ સંસ્કૃતિનો પાયો પાતાળે નાખ્યો છે. લંડન, ગાંધીનગર અક્ષરધામ તથા દિલ્હી અક્ષરધામ જેવાં વિશ્વ અજાયબી સમા સંસ્કૃતિધામોનું નિર્માણ કરીને તેમણે ભારતીય સંસ્કૃતિની મહાન સેવા કરી છે.

અને તેઓનું એક સૌથી મોટું યુગકાર્ય તો એ છે કે તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈને આવેલા સુશિક્ષિત ૭૦૦ યુવાનોને તેમણે ત્યાગાશ્રમની દીક્ષા આપીને ભારતીય ત્યાગ પરંપરાનો એક નૂતન આદર્શ સ્થાપિત કર્યો છે. એટલું જ નહીં, આ સંતો દ્વારા અનેકવિધ રચનાત્મક સામાજિક સેવાઓ અને સમાજજાગૃતિનો ઉદ્‌ઘોષ કરાવીને માનવઉત્કર્ષનું એક યુગપ્રવર્તક અભિયાન હાથ ધર્યું છે.

૮૩ વર્ષની ઉંમરે પણ અવિરત પુરુષાર્થશીલ પ્રમુખસ્વામી મહારાજ કર્મઠતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. વિશ્વના માંધાતાઓ તેમનાં ચરણે ઝૂકતા હોવા છતાં સરળ અને સુહૃદયી આ સત અસખ્ય લોકોને વ્યક્તિગત મળ્યા છે, આદિવાસીઓથી લઈને ગરીબોનાં ઝૂંપડાં સુધી લાખોના હૃદય સુધી તેઓ પહોંચ્યા છે અને જીવનનો સાચો રાહ ચીંધ્યો છે.

તેમનું આ કાર્ય વણથંભ્યું આજેય ચાલુ રહ્યું છે અને રહેશે, કારણ કે સ્વયં ભગવાન સ્વામિનારાયણ તેમના દ્વારા વિચરી રહ્યા છે.

પરિશિષ્ટ : ૨
શિક્ષાપત્રી

ભગવાન સ્વામિનારાયણે આશ્રિતજનો તથા સમસ્ત સમાજ માટે આપેલી આચાર સંહિતા - શિક્ષાપત્રી એ શિક્ષાપત્રીમાં જ દર્શાવ્યા મુજબ આ.સં. ૧૮૮૨ના વસંતપંચમીના દિને થઈ હતી. પરંતુ સંપ્રદાયમાં આ સિવાય એક અન્ય શિક્ષાપત્રીની પ્રમાણભૂત નકલો ખૂબ મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. જેને જૂની શિક્ષાપત્રી તરીકે ઓળખવામાં આવે છે અને તે નવી શિક્ષાપત્રી રચાતાં પ્રચલિત થઈ નથી. જૂની શિક્ષાપત્રી સં. ૧૮૭૯, મહા સુદ પાંચમે (તા. ૧૭-૧-૧૮૨૩, શનિવારે) લખવામાં આવી હતી. તેનો ઉલ્લેખ એ જ જૂની શિક્ષાપત્રીના ૧૪૫મા શ્લોકમાં કરેલો છે :

विक्रमार्क शकस्याब्दे नंदाश्ववसुभूमिते ।
वसंताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ જૂની શિક્ષાપત્રીનું દોહામાં ભાષાંતર કર્યું છે. એમાં પણ છેલ્લે ૨૮૧મા દોહામાં સં. ૧૮૭૯નો ઉલ્લેખ કર્યો છે :

સંવત અઢાર ઉન્યાસિયો, મહાશુદિ પંચમિ જેહિ ।
તા દિન યહ પત્રિ લિખી, અતિ સુખદાયક એહી ॥

શ્રીજીમહારાજે આ જૂની શિક્ષાપત્રી રચી એ પહેલાં ધર્મવંશમાં ફક્ત રામપ્રતાપભાઈ તથા ઇચ્છારામભાઈ જ મહારાજને લોયામાં સૌ પ્રથમવાર મળ્યા હતા. ધર્મકુળનો સમગ્ર પરિવાર તો આ જૂની શિક્ષાપત્રી રચાયા બાદ આ.સં. ૧૮૮૦માં મળેલો. *(જુઓ ભાગ : ૪, ઉદ્‌ગીથ : ૨૦, પૃષ્ઠ : ૪૧૩).*

ઉપરોક્ત જૂની શિક્ષાપત્રીમાં ૧૪૫ શ્લોક હતા. ત્યારબાદ ધર્મકુળમાંથી બે આચાર્યોની કથિત સ્થાપના બાદ, સં. ૧૮૮૨, વસંતપંચમીના દિવસે (તા. ૧૨-૨-૧૮૨૬, સોમવારે) અત્યારે જે પ્રચલિત છે તે શિક્ષાપત્રી લખાઈ હોવાનું શિક્ષાપત્રીમાં જણાવ્યું છે.

જૂની અને નવી બંને શિક્ષાપત્રીમાં કયા કયા ફેરફાર છે, કઈ વિગતો દૂર કરી છે, કઈ વિગતો નવી ઉમેરી છે તેની માહિતી અત્રે આપવામાં આવી છે :

- જૂની શિક્ષાપત્રીમાં આપેલા નીચેના છ શ્લોક નવી શિક્ષાપત્રીમાં સદંતર દૂર કરાયા છે :

૧. માટલામાં બાફેલી - શેકેલી વાલ તથા તુવેરની ફળીઓનો મારા

આશ્રિતોએ માંસવત્ ત્યાગ કરવો. *(જૂની શિક્ષાપત્રીનો શ્લોક : ૧૭)*

૨. શ્રીમદ્ભાગવતનો પંચમ સ્કંધ તથા મહાભારતમાં આવેલું નારાયણીય આખ્યાન – આ બેને બધાં અધ્યાત્મ શાસ્ત્રોમાં ઉત્તમ માનવાં. *(શ્લોક : ૭૧)*

૩ થી ૫. ધર્મવંશી બ્રાહ્મણે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણે ધરાવેલાં ભેટ, વસ્ત્ર, આભૂષણ પોતાના અંગત વ્યવહાર માટે ન વાપરવાં પરંતુ ભગવાનના ઉત્સવ વગેરે પ્રસંગો માટે દેવધન ખર્ચવું, અન્ય રીતે નહીં. વળી, ધર્મવંશીઓએ આપત્કાળ આવી પડે તો કોઈનુંય કરજ ન કરવું પરંતુ મંદિરમાંથી માગીને જ્યારે સુકાળ આવે ત્યારે સાક્ષી રાખીને વ્યાજ સાથે દેવું ચૂકવી દેવું. *(શ્લોક : ૭૭, ૭૮, ૭૯)*

૬. નૈષ્ઠિક બ્રહ્મચારીએ વિષ્ણુ સિવાય અન્ય દેવને ધરાવેલું નૈવેદ્ય ન ખાવું તથા વિષ્ણુના પ્રસાદીભૂત કર્યા વિના ચંદન-પુષ્પ ન ધારવાં. *(શ્લોક : ૧૦)*

- જૂની શિક્ષાપત્રીમાં આપેલા નીચેના પાંચ શ્લોકને બદલે બીજા છ શ્લોક મુકાયા છે :

૧. જૂની શિક્ષાપત્રીમાં : મારા સહોદર, ધર્મના પુત્ર રામપ્રતાપ તથા ઇચ્છારામ અને તેમના વંશના અહીં રહેલા બધા વિપ્રો કે જેઓ મારા આશ્રિત છે. *(૩)*
નવી શિક્ષાપત્રીમાં : ધર્મદેવ થકી છે જેમનો જન્મ એવા ભાઈ રામપ્રતાપ તથા ઇચ્છારામના અયોધ્યાપ્રસાદ તથા રઘુવીર નામના પુત્રો. *(૩)*

૨. જૂની શિક્ષાપત્રીમાં : જે આત્મનિવેદી ઉત્તમ વૈષ્ણવો હોય તેમણે સ્નાન વગેરે કર્મ બાદ શ્રીકૃષ્ણનું પૂજન કરવું. (૪૨)
નવી શિક્ષાપત્રીમાં : જે અંબરીષ રાજાની જેમ આત્મનિવેદી ભક્તો હોય તેમણે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વ ક્રિયા કરવી. (૫૫)

૩. જૂની શિક્ષાપત્રીમાં : સર્વ ધર્મવંશી બ્રાહ્મણોએ ક્યારેય પણ પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને ઉપદેશ ન દેવો. (૭૩)
નવી શિક્ષાપત્રીમાં : મારા મોટાભાઈ તથા નાનાભાઈના બંને પુત્રોએ (અયોધ્યાપ્રસાદ તથા રઘુવીરજીએ) ક્યારેય પણ પોતાના સમીપ સંબંધ વિનાની બીજી સ્ત્રીઓને ઉપદેશ ન દેવો. (૧૨૩)

૪-૫. જૂની શિક્ષાપત્રીમાં : શ્રીમદ્ભાગવત, મહાભારતમાં રહેલી કૃષ્ણગીતા

તથા નારાયણીય આખ્યાન, વિષ્ણુસહસ્રનામ, વિદુરનીતિ તથા બ્રહ્મવૈવર્ત પુરાણમાં રહેલો શ્રીકૃષ્ણ જન્મખંડ આ સત્શાસ્ત્રો પોતાનું હિત ઇચ્છનારા મારા શિષ્યોએ સાંભળવાં તથા વાંચવાં. (શ્લોક- ૬૬, ૬૭, ૬૮)

નવી શિક્ષાપત્રીમાં : ચારે વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્‌ભાગવત પુરાણ, મહાભારતમાં રહેલા શ્રી વિષ્ણુસહસ્રનામ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, વિદુરનીતિ તથા સ્કંદ પુરાણને વિષે રહેલું શ્રી વાસુદેવ માહાત્મ્ય અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહેલી યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્ર અમને પ્રિય છે. અને પોતાના હિતને ઇચ્છતા મારા બધા શિષ્યોએ સાંભળવાં તથા દ્વિજોએ ભણવાં તથા ભણાવવાં તથા કથા કરવી. (૯૩, ૯૪, ૯૫, ૯૬)

- નીચેના શ્લોક બંને શિક્ષાપત્રીમાં મળે છે, છતાં નવી શિક્ષાપત્રીમાં એ શ્લોક થોડા શબ્દફેર સાથે મૂકવામાં આવ્યા છે, ભાવાર્થ લગભગ યથાવત્ રાખવામાં આવ્યો છે. (નીચે નવી શિક્ષાપત્રીના શ્લોક ક્રમાંક આપવામાં આવ્યા છે.)

૧, ૬, ૮, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૬, ૩૨, ૩૩, ૩૫, ૩૮, ૪૦, ૪૯, ૫૨, ૫૪, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૭૯, ૮૫, ૯૬, ૧૦૨, ૧૨૨, ૧૨૪, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૩, ૧૩૪, ૧૫૨, ૧૫૭, ૧૫૯, ૧૬૧, ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૭૫, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૧, ૧૯૪, ૧૯૫, ૧૯૯, ૨૦૦, ૨૦૨, ૨૦૫, ૨૦૮, ૨૧૧.

ઉપરોક્ત શ્લોક બંને શિક્ષાપત્રીમાં મળે છે. છતાં અમુક નજીવો શબ્દફેર કરાયો છે, જેમ કે શ્લોક-૬માં स्वधर्मरक्षका एतैः ની બદલે स्वधर्मरक्षका ये तैः, मदाशिषः ની બદલે सदाशिषः વગેરે.

જ્યારે અમુક ફેરફાર સહેજ વિશેષ પણ છે. જેમ કે જૂની શિક્ષાપત્રીમાં ૭૪મા શ્લોકમાં ધર્મવંશી બ્રાહ્મણોએ શસ્ત્ર ધારણ ન કરવું એવો ઉલ્લેખ છે. એના બદલે નવી શિક્ષાપત્રી ૧૨૪મા શ્લોકમાં રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીએ કોઈ જીવને વિશે ક્રૂરપણું ન કરવું એમ લખાયું છે.

- નીચેના શ્લોકો જૂની શિક્ષાપત્રીમાં નવા જ ઉમેરાયા છે.

૧૬, ૨૨, ૨૩, ૨૮, ૩૬, ૩૭, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭,

૫૧, ૫૯, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૮૩, ૮૪, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૫, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૭, ૧૩૯, ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૬૫, ૧૯૬, ૨૦૪, ૨૦૯, ૨૧૦ અને ૨૧૨.

આમ, કુલ ૭૩ શ્લોક નવા ઉમેરાયા છે. અર્થાત્
સામાન્ય ધર્મમાં બાવન શ્લોક,
આચાર્યના વિશેષ ધર્મમાં ત્રણ શ્લોક,
ગૃહસ્થના વિશેષ ધર્મમાં અગિયાર શ્લોક,
રાજાના વિશેષ ધર્મમાં એક શ્લોક,
વિધવા સ્ત્રીના વિશેષ ધર્મમાં એક શ્લોક,
સાધુના ધર્મમાં એક શ્લોક,
અને સમાપનના ચાર શ્લોક નવા ઉમેરાયા છે.

- જૂની શિક્ષાપત્રી તથા નવી શિક્ષાપત્રીમાં આપેલા સામાન્ય તથા વિશેષ ધર્મની વિગતવાર માહિતી :

	જૂની શિક્ષાપત્રી શ્લોક ક્રમાંક	**નવી શિક્ષાપત્રી શ્લોક ક્રમાંક**
મંગલાચરણ વગેરે	૧ થી ૧૦	૧ થી ૧૦
સામાન્ય ધર્મ	૧૧ થી ૭૨	૧૧ થી ૧૨૨
ધર્મવંશી પુરુષના ધર્મ	૭૩ થી ૮૨	ધર્મવંશી આચાર્યના ધર્મ : ૧૨૩ થી ૧૩૨
ધર્મવંશી સ્ત્રીના ધર્મ	૮૩, ૮૪	આચાર્ય પત્નીના ધર્મ : ૧૩૩, ૧૩૪
ગૃહસ્થના ધર્મ	૮૫ થી ૯૫	૧૩૫ થી ૧૫૬
રાજાના ધર્મ	૯૬	૧૫૭, ૧૫૮
સુવાસિની સ્ત્રીના ધર્મ	૯૭ થી ૧૦૦	૧૫૯ થી ૧૬૨
વિધવા સ્ત્રીના ધર્મ	૧૦૧ થી ૧૦૯	૧૬૩ થી ૧૭૨
સુવાસિની, વિધવાના સંયુક્ત ધર્મ	૧૧૦, ૧૧૧	૧૭૩, ૧૭૪
નૈષ્ઠિક વર્ણીના ધર્મ	૧૧૨ થી ૧૨૫	૧૭૫ થી ૧૮૭

સાધુના ધર્મ	૧૨૬ થી ૧૩૩	૧૮૮ થી ૧૯૬
વર્ણી તથા સાધુના સંયુક્ત ધર્મ	૧૩૪ થી ૧૩૯	૧૯૭ થી ૨૦૨
સમાપન	૧૪૦ થી ૧૪૪	૨૦૩ થી ૨૧૦
લખ્યા તિથિનો શ્લોક	૧૪૫	૨૧૧
અંતિમ મંગલાચરણ	નથી	૨૧૨

નવી શિક્ષાપત્રી સત્સંગિજીવન : પ્રકરણ-૪, અધ્યાય-૪૪માં આપેલી છે. જેની ગૂંથણી શતાનંદ સ્વામીએ સં. ૧૮૮૫ ધનતેરસથી શરૂ કરી છે એવો ઉલ્લેખ સત્સંગિજીવન : પ્રકરણ-૫, અધ્યાય ૬૭ના ૧, ૨ શ્લોકમાં છે.

વળી, શ્રીજીમહારાજે સત્સંગિજીવન ગ્રંથમાં શિક્ષાપત્રી ગૂંથવાની આજ્ઞા આ પ્રમાણે આપી હતી :

शिक्षापत्रीं मल्लिखितग्रंथानादौ त्वमञ्जसा ।
पद्यैरानुष्टुभैरैव महाग्रन्थ ततः कुरु ॥

"મારી લખેલી શિક્ષાપત્રીને તમે સત્વરે અનુષ્ટુપ છંદમાં ગૂંથો પછી મહાગ્રંથ કરો." (સત્સંગિજીવન : ૫-૬૬-૩૨)

આમ, શિક્ષાપત્રી ગૂંથવાની શરૂઆત ૧૯૮૫ના ધનતેરસના કર્યા બાદ ભાઈબીજના રોજ પૂરી થઈ અને એના ૨૧૨ શ્લોક થયા એવો ઉલ્લેખ સત્સંગિજીવન : ૫-૬૭-૨માં મળી આવે છે.

पूर्णायमद्वितीयायां सा कृता तेन सद्विया ।
श्लोकाः शतद्वयं तस्या आसंश्च द्वादशोत्तम् ॥

પરિશિષ્ટ-૩

સર જોન માલ્કમના શ્રીજીમહારાજ સાથેના પત્રવ્યવહારની નકલ

Translation from Guzerati

No. 543

To the most respectable and wise SWAMINARAYEN SAHAJANUND, from his friend Mr. BLANE, Acting Political Agent in Kattyawar.

COMPLIMENTS

His Excellency the Governor with attendants has arrived in this province, and I am desired by His Excellency to request that if you can you may come to Rajkote to pay His Excellency a visit in camp.

(Signed) BLANE
Acting Political Agent
Moje Ghulka, dated 22nd February, 1830

✧

To the most respected - SHREEMUNT SWAMINARAYEN SAHAJANAND SWAMI, at Gudhuda.

From Rajkot.

From THOMAS WILLIAMSON Esq., Secretary,

COMPLIMENTS.

All right here. Please write about your health, which will give the same satisfaction which may be derived from a personal visit. Your letter, dated 13th Maha vud, is received and read. Your blessings are communicated to His Excellency, who is also acquainted with the contents of your letter. His Excellency was very desirous of your visit, but is sorry to hear that you are not in good health. His Excellency is very much satisfied to hear of your excellent manners.

(Signed) THOMAS WILLIAMSON
Secretary

Dated, Fagune Sood 2nd, Samvat 1886.

Note : On the receipt of the above two letters Swami Narayen Maharaj proceeded to Rajkote to visit the Right Honourable Governor Sir Malcolm, and on the 26th February, 1830, was escorted as a mark of honourable reception by a party of troops and military foot soldiers to the Political Agent's bunglow, when His Excellency the Governor, the Secretary, Mr. Thomas Willamson, six other European gentlemen and the Political Agent, Mr. Blane, having come out of the bungalow to meet the Swami Narayen, His Excellency conducted the Swami hand in hand to a hall in the bungalow, and made him sit on a chair. His Excellency afterwards with pleasure enquired about the principles of his religion, which were communicated accordingly. His Excellency also made a present to Swami Narayen of a pair of shawls and other piece goods. Swami Narayen was asked by the Governor whether he and his disciples have had any harm under the British rule; and His excellency was informed that there was nothing of the sort, but that, on the contrary, every protection was given them by all the officers in authority. His Excellency then asked for a code of religion of Swami Narayen, and the book called the Shikshaputree was presented accordingly. Thus after a visit extending to an hour Swami Narayen asked permission to depart, when he was sent back with the same honours with which he was received, all the European Officers accompanying him out of the door from the bungalow. Having stopped at the place in Rajkote where the Swami had put up, he proceeded to Gudhuda. There was a long conversation between the Governor and Swami Narayen during the above visit. The above is a short report of it.

પરિશિષ્ટ-૪

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ

ભગવાન શ્રી સ્વામિનારાયણને તેમના સમકાલીન અનેક રાજા-મહારાજાઓએ આદરપૂર્વક પોતાના રાજ્યમાં પધરાવ્યા હતા. એમાંના એક હતા : વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ. મહારાજાને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે કેવો અપ્રતિમ ભાવ હતો તેનો ખ્યાલ, તેમણે મોકલેલા પત્રો પરથી આવે છે. ભગવાન સ્વામિનારાયણને તેમણે લખેલા પત્રો પૈકી કેટલાક પત્રો આચમનરૂપે અહીં પ્રસ્તુત છે.

ભગવાન સ્વામિનારાયણને વડોદરા પધારવા માટેનો વિનંતી કરતો તેમનો એક પત્ર આ પ્રમાણે હતો :

શ્રી

સ્વસ્તી શ્રીમદ્ વડતાલ ગામ કૃતનીવાસ પુ. શ્રી લક્ષ્મીનારાયણ ચરણસરોજ સેવાકૃત મહાદરે સુ જ્ઞાનવૈરાગ્યાદી સર્વસલક્ષણ સંપનેષુ સ્વામીસુ સહજાનંદેસુ ઈઅન શ્રી વટપતનાલેખ્યવંત સીહાજીના (સયાજીના) નમોનારાયણ જ્ઞા. પ્રર્ણતીપટલ સમસ્તક.

બીજુ લખવા કારણ એમ જ છે જે માહારાજ, કૃપા કરીને એકવાર વડોદરે પધારો અને હમને પાવન કરો ને તમારી નજરમાં આવે તો એક દીવસ ત્થા બે દીવસ ત્થા પોર રહીને અમને દરસન આપીને તમારી નજરમાં આવે તેમ કરજો. અને અમારે તો તમારા દરસનમાત્રની ઈછા છે. બીજુ કાંઈ ઈછા નથી. અને બીજુ મેં વીનતી કોઈને આવડી કરી નથી ને બહુ બહુ કરીને આપણને વીનતી કરૂ છું જે માહારાજ, તમો અહીંઆં જરૂરજરૂર પધારજો. ને કોઈ વાતની ઉપાધીની ચીંતા કરસો નઈ ને કોય સંદેહ આણશો નઈ ને બીજુ તમારા પત્રમાં લખું (લખ્યું) છે જે લક્ષ્મીનારાયણની સામગ્રીના દાણની માફીનું પત્ર મોકલજો એવું હતું તેનું જવાબ પાછળથી લખી મોકલીશું ને પ્રસ્તુત તમારા દરસનની ઈછા અમને ઘણી છે. માટે આ પત્ર લખી આદર કરૂ છું. એ પત્ર ઘણી અગત્યનું જાણીને આપ વેલા પધારજો ને આપ તમે કશી વાતનું અંદેસો મનમાં ન લાવતાં વેલા આવીને અમને દરસન થાય તેમ કરજો ને અમારે પણ ઈછા એ જ છે.

દક્ષણી હરફે સઈ.

શ્રીમંત મહારાજાએ, આ પત્ર પછી બીજો એક પત્ર શ્રીજીમહારાજને લખ્યો હતો. જેમાં, વરતાલના લક્ષ્મીનારાયણ દેવમંદિરની દાણ-માફીનો ઉલ્લેખ હતો. એ પત્રમાં પણ શ્રીમંત સયાજીરાવને શ્રીજીમહારાજ પ્રત્યે કેવો અપૂર્વ આદર હતો તેનો પરિચય મળે છે. પત્ર આ પ્રમાણે હતો :

શ્રી ૧।

સ્વસ્તીશ્રી ગઢપુર માહાશુભ સ્થાને પતીતપાવન કૃપાસીંધુ દીનબંધુ ભક્તવલભ વતસલ પ્રતીપાલક સદ્ગુરુ શ્રી, સહજાનંદજી માહારાજ પ્રતે, ગામ વડોદરેથી લખાવીતંગ શ્રી સરકાર ગાયકવાડના સાષ્ટાંગ દંડવત સેવામાં અંગીકાર કરજો. બીજુ લખવા કારણ એમ છે જે તમારો પત્ર નારુપંથ નાના ઉપર આવો (આવ્યો) તે વાંચી સમાચાર જાણા (જાણ્યા). બીજુ લક્ષ્મીનારાયણ સંબંધી દાણ-માફીનું પત્રક કરાવીને મોકલ્યું છે તે સેવામાં અંગીકાર કરજો. બીજુ માહારાજ, હું તમારો છું ને મને તમો મલ્યા છો તેનો તો અભીમાન આપણને છે. ને તમો લખું (લખ્યું) છે જે હમે તો ભગવાનના ભક્ત છીએ ને ભગવાનની ભજ્યાની રીતને જાણીએ છીએ. તે વાસતે (માટે) હે માહારાજ, એવા જે તમોને તે શરણે હું છું. બીજું ઘણું શું લખીએ. મીતી સં. ૧૮૮૩ના માઘ વદી ૬ મંદવાસરે.


શ્રીહાજીપંથ દક્ષણી હરફે.

●


આવા બીજાં પણ પત્રો છે, જેમાં શ્રીમંત મહારાજાનો શ્રીજીમહારાજ પ્રત્યે આદરભાવ અભિવ્યક્ત થાય છે.

વડોદરાની સેન્ટ્રલ રેકર્ડ ઓફિસમાં આ પત્રો યથાતથા સચવાયા છે. એ પૈકી ઉપરના બે પત્રો અને અન્ય પત્રોની પ્રમાણિત નકલ હવે પછીનાં પૃષ્ઠોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.


ભગવાન સ્વામિનારાયણને આમંત્રણ આપતો મહારાજા સયાજીરાવ બીજાનો વિનંતી પત્ર.




મહારાજા સયાજીરાવ બીજાએ આપેલ દાણ-માફી અંગે પ્રકાશ પાડતો પત્ર.





મહારાજા સયાજીરાવ બીજા પ્રસંગોચિત ભેટ મોકલતા, એ અંગેનો એક પત્ર.



સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ વડોદરામાં સચવાયેલો, વડોદરામાં મહારાજા સયાજીરાવ બીજાએ કાઢેલી ભગવાન શ્રી સ્વામિનારાયણની સવારી અંગેનો, દસ્તાવેજી પુરાવો.









[illegible]

[illegible]

[illegible]

~~[illegible]~~

[illegible]

પરિશિષ્ટ-૫

શ્રીજીમહારાજે સંતો માટે પ્રવર્તાવેલા એકસો ને આઠ પ્રકરણો (વ્રતો)

૧. સ્ત્રી-પુરુષોની જુદી સભા.
૨. ધ્યાનમાં હોઈએ ત્યારે બોલવું નહિ અને આંખ ઉઘાડીને જોવું નહિ.
૩. યોગધારણા શીખવી.
૪. અષ્ટાંગ યોગની ક્રિયા શીખવી.
૫. સદાવ્રતો બાંધવા. શક્ય હોય તો સદાવ્રતમાં શીરા-પૂરી આપવાં.
૬. મંડળ દીઠ ઠાકોરજીની સેવા રાખવી. આ સેવાથી બધી જ રીતે પવિત્રતા સચવાય.
૭. પરમહંસો કરવા.
૮. ભિક્ષામાં જે આવે તે ગોળા કરીને ખાવું.
૯. મન માગે તે ન આપવું.
૧૦. રાત્રીએ વગડામાં એકબીજાના શબ્દો સંભળાય તેમ ન બેસવું.
૧૧. શિયાળામાં શ્રદ્ધાપૂર્વક ઠંડા પાણીથી સ્નાન કરવું.
૧૨. શરીરે ખંજવાળ આવે તો પણ ખંજોળવું નહિ.
૧૩. ખટરસ ન ખાવા.
૧૪. શરીર ઉપર સર્પ કે વીંછી ચડે તો પણ બેસી રહેવું.
૧૫. માથે લૂગડું ઓઢવું, ઘૂમટો રાખવો, બીજા દોરે તે પ્રમાણે દોરાવું.
૧૬. આંખના મટકા જીતવા.
૧૭. ઉઘાડા પગે ચાલવું.
૧૮. વાહનમાં ન બેસવું.
૧૯. સારી ભિક્ષા મળે તે સ્થળે ફરી ભિક્ષાર્થે જવું નહિ.
૨૦. ઊંઘ આવે તો દાણા દળવા.
૨૧. ઝોલા આવે તો ઠંડે પાણીએ સ્નાન કરવું.
૨૨. ઓઠીંગણ દઈને ન બેસવું.
૨૩. ઝાડ તળે બેસવું નહિ.
૨૪. ઓઘા અથવા બીજા પદાર્થોનો આશ્રય લેવો નહિ.
૨૫. નાહતાં નાહતાં શરીર ચોળવું નહિ.

૨૬. જે વસ્ત્ર કે પદાર્થ પોતાને ગમતું હોય, તે બીજાને આપી દેવું.
૨૭. નિર્જળા એકાદશી કરવી.
૨૮. એકાદશીના ઉપવાસમાં તૃષા લાગે તો પળી પાણી પીવું.
૨૯. રાત્રીના ચાર પ્રહર સુધી જાગરણ કરવું.
૩૦. અઢી હાથનો હજૂરિયો (ટાટ) પહેરવો.
૩૧. કૌપીન રાખવી.
૩૨. ગોદડી ત્રણ પડવાળી રાખવી.
૩૩. મુમતિ બાંધવી.
૩૪. સપ્ત ધાતુને અડી જવાય તો પચીસ વખત હાથ ધોવા.
૩૫. જે વસ્તુ પંક્તિમાં આવે તે એક વખત ખાવી.
૩૬. રુદ્રાક્ષનો મણકો બાંધવો.
૩૭. સંકલ્પ ઓળખીને ક્રિયા કરવી.
૩૮. જાડાં લૂગડાં પહેરવાં.
૩૯. સ્ત્રીનું લાલ વસ્ત્ર દેખાય તો ઉપવાસ કરવો.
૪૦. ગુરુની આજ્ઞા વિના દર્શને આવવું નહિ.
૪૧. ગુરુની આજ્ઞાથી આવવું.
૪૨. ઉત્થાન ઓળખીને ક્રિયા કરવી.
૪૩. હરિ ઇચ્છાએ જે આવે તે એક વાર ગોળા વાળીને જમવું.
૪૪. અગ્નિથી તાપવું નહિ.
૪૫. અગ્નિને અડવું નહિ.
૪૬. પચીસ વર્ષનો હોય તેની કહેલી વાત સાચી ન માનવી.
૪૭. ઊતરતાને સંસ્કૃતવિદ્યા ન ભણાવવી.
૪૮. આસન જીતવું.
૪૯. સંન્યાસી ન કરવા.
૫૦. મંડળ ઉપર મંડળે ન જવું - એક મંડળ ગયું હોય ત્યારે બીજા મંડળે ત્યાં ન જવું.
૫૧. જે સન્મુખ મળે તેને ભગવાનનું સ્વરૂપ સમજી નમન કરવું.
૫૨. માર્ગમાં હરિજનને જાળવીને ચાલવું.
૫૩. અપમાન સહન કરવું.
૫૪. કોઈ પદાર્થ બધાની પાસે માગવો નહિ. મોટાની પાસે જ માગવો.
૫૫. સાંખ્યયોગી સ્ત્રીઓ એક પૈસાભાર અન્ન જમે, દૂધ જેવો સાત્ત્વિક

આહાર લેવો.

૫૬. પાશેર અન્ન જમવું.

૫૭. દાદાખાચરના દરબારમાં આજ્ઞા વગર ન જવું.

૫૮. પદાર્થનો સંગ્રહ કરવો નહિ.

૫૯. દોડવું નહિ.

૬૦. ઝાડ રોપવા નહિ (મમત્વ ન બંધાય તે માટે)

૬૧ પશુ ન રાખવા.

૬૨. રાત્રીએ ચાલવું નહિ - મુસાફરી ન કરવી.

૬૩. પગ ઘસીને ધોવા નહિ.

૬૪. ભગવાનનાં પદ ગાઈને પંક્તિમાં જમવા બેસવું.

૬૫. જમતાં જમતાં બીજું બોલવું નહિ.

૬૬. દેશમાં ફરવા જવું ત્યારે કાચી રસોઈ લેવી.

૬૭. દેશમાં ફરવા જઈએ અને ત્યાં સન્માન થાય તો તે ગામ બદલવું.

૬૮. ઔષધ ખાવું નહિ.

૬૯. ભૂત, પ્રેત, મૂઠ, ચોટ તથા વાઘને દેખીને બીવું નહિ.

૭૦. પૈસા ઉપર ઝાડે ફરવું જેથી પૈસા વિષ્ટા સમાન મનાય.

૭૧. ગ્રામ્યવાર્તા કરવી નહિ અને સાંભળવી નહિ.

૭૨. વાતો કરીને સત્સંગ કરાવવો.

૭૩. નિત્ય એક જણને વર્તમાન ધરાવવા.

૭૪. નિત્ય ઝોળી ફેરવીને ભિક્ષા કરવી.

૭૫. નિત્ય મેળાવીને જમવું.

૭૬. નિત્ય જડભરતની વાત કરવી.

૭૭. નિત્યે દેહની નિંદા કરવી.

૭૮. ગૃહસ્થે ત્યાગીનાં દર્શને આવવું.

૭૯. જ્યાં એક વાર આસન કર્યું હોય, ત્યાં ફરી આસન ન કરવું. (મમત્વ ન બંધાય તે માટે)

૮૦. પાથર્યા વગર પૃથ્વી ઉપર સૂવું.

૮૧. સૂતા પછી જાગી જવાય તો ફરી સૂવું નહિ.

૮૨. આત્માનો નિત્ય વિચાર કરવો.

૮૩. પરમેશ્વરની પ્રાર્થના કર્યા વિના સૂવું નહિ.

૮૪. સ્વભાવનો ત્યાગ કરવો.

૮૫. કીર્તન ગાતાં ગાતાં જમવું.
૮૬. ઉપાસના કરતાં (ભક્તિ કરતાં) હારી જવું નહિ.
૮૭. રાંધેલું અન્ન ન ખાવું.
૮૮. વચન (આજ્ઞા) પ્રમાણે વર્તવું.
૮૯. સૂર્યોદય પહેલાં ઠંડા પાણીએ સ્નાન કરી લેવું.
૯૦. પોતપોતાની ભિક્ષા જમીને ભેગા થવું.
૯૧. જેનામાં ક્રોધ આવે તેને 'હડ હડ' કરવું.
૯૨. સાધુનું મંડળ આવે ત્યારે દંડવત્ કરવા.
૯૩. મોટા સાધુ આવે ત્યારે ઊભા થવું.
૯૪. અધોવાયુ છૂટે ત્યારે પચીસ દંડવત્ કરવા.
૯૫. શેરડીમાંથી ઊપજે તે ન ખાવું.
૯૬. દૂધમાંથી ઊપજે તે ન ખાવું.
૯૭. નિઃસ્વાદીપણે જમવું.
૯૮. સર્વે હરિજન સાકર લાવે તેમાંથી એક ગાંગડો જમવો.
૯૯. સર્વ ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી.
૧૦૦. લીલા તૃણ ઉપર પગ ન મૂકવો.
૧૦૧. પાણીમાં પગ દઈને ન ચાલવું.
૧૦૨. લીલોતરી શાક ન ખાવું.
૧૦૩. જાતે રસોઈ કરી ઠાકોરજીને નૈવેદ્ય ધરીને જમવું.
૧૦૪. શાલિગ્રામની પૂજા સૌએ કરવી.
૧૦૫. નવ પ્રકારની ભક્તિ કર્યા વિના નવરા રહેવું નહીં.
૧૦૬. પુરુષોત્તમ નારાયણની વાત કરવી. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે અને સર્વેના નિયંતા છે એમ જાણવું. શ્રીજીમહારાજથી પર બીજા કોઈ નથી એવો શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરવો.
૧૦૭. ગુરુ પરમેશ્વરની વાત ન કરે અને શિષ્ય સાંભળવા ન આવે તો બંનેએ ઉપવાસ કરવો.
૧૦૮. સૂતાં પછી જાગી જવાય ત્યાર પછી લાંબો પગ કરવો નહીં.

પરિશિષ્ટ-૬

ભગવાન સ્વામિનારાયણનાં જીવન અને કાર્યની આનુપૂર્વી

વર્ષ	માસ	તિથિ	વાર	તારીખ	પ્રસંગ
વિ.સં. ૧૭૯૫	શ્રા.વ.	૮			રામાનંદ સ્વામીનો જન્મ - અયોધ્યા
વિ.સં. ૧૭૯૬	કા.સુ.	૧૧	બુધ		ધર્મદેવનો જન્મ - ઈટાર
વિ.સં. ૧૭૯૮	કા.સુ.	૧૫	બુધ		ભક્તિમાતાનો જન્મ - છપૈયા
વિ.સં. ૧૮૧૮	શ્રા.સુ.	૮	બુધ	૨૮-૭-૧૭૬૨	રામપ્રતાપભાઈનો જન્મ - છપૈયા
આ.સં. ૧૮૩૭	ચૈ.સુ.	૯	સોમ	૩-૪-૧૭૮૧	પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનું પ્રાગટ્ય - છપૈયા
આ.સં. ૧૮૩૭	ચૈ.સુ.	૯	સોમ	૩-૪-૧૭૮૧	જિહ્વામાર્જન તથા મેધાજનન જાત સંસ્કાર - છપૈયા
આ.સં. ૧૮૩૭	ચૈ.સુ.	૧૪	શનિ	૭-૪-૧૭૮૧	કોટરાનો પરાભવ
આ.સં. ૧૮૩૭	વૈ.સુ.	૧૦	ગુરુ	૩-૫-૧૭૮૧	બાળપ્રભુને ગોપયઃપાન કરાવ્યું
આ.સં. ૧૮૩૭	વૈ.સુ.	૧૧	શુક્ર	૪-૫-૧૭૮૧	બાળપ્રભુને પારણામાં પધરાવ્યા
આ.સં. ૧૮૩૮	અ.વ.	૭	ગુરુ	૧૩-૭-૧૭૮૧	બાળપ્રભુનો નામકરણવિધિ
આ.સં. ૧૮૩૮	શ્રા.સુ.	૧૧	મંગળ	૩૧-૭-૧૭૮૧	બાળપ્રભુને ભૂમિ ઉપર બેસાડ્યા
આ.સં. ૧૮૩૮	આ.સુ.	૨	બુધ	૧૯-૯-૧૭૮૧	બાળપ્રભુનો અન્નપ્રાશન વિધિ
આ.સં. ૧૮૩૮	આ.સુ.	૧૫	મંગળ	૨-૧૦-૧૭૮૧	બાળપ્રભુનો કર્ણવેધ સંસ્કાર
આ.સં. ૧૮૩૮	-	-	-	૧૭૮૧-૮૨	રામપ્રતાપભાઈનાં લગ્ન - તરગામ

આ.સ. ૧૮૩૯	જે.વ	૫	ગુરુ	૧૯-૬-૧૭૮૩	બાળપ્રભુના ચૌલ સંસ્કાર ને કાલિદત્તનો વિનાશ
આ.સં. ૧૮૩૯	જે.વ	૬	શુક્ર	૨૦-૬-૧૭૮૩	બાળપ્રભુને બળિયાનો તાવ
આ.સં. ૧૮૪૦	-	-	-	૧૭૮૩-૧૭૮૪	ધર્મદેવ પરિવાર સાથે છપૈયા ત્યાગી અયોધ્યા પધાર્યા
આ.સં. ૧૮૪૨	ચૈ.સુ.	૨	શુક્ર	૩૧-૩-૧૭૮૬	બાળપ્રભુનો વિદ્યાપ્રારંભ - અયોધ્યા
આ.સં. ૧૮૪૨	વૈ.સુ.	૨	રવિ	૩૦-૪-૧૭૮૬	ઈચ્છારામનો જન્મ - અયોધ્યા
આ.સં. ૧૮૪૫	ફા.સુ.	૧૦	શનિ	૭-૩-૧૭૮૮	બાળપ્રભુનો યજ્ઞોપવીત સંસ્કાર
આ.સં. ૧૮૪૮	-	-	-	-	ચંદ્રગ્રહણ, કાશીમાં સભા જીતી
આ.સ. ૧૮૪૮	કા.સુ.	૧૦	શનિ	૫-૧૧-૧૭૯૧	ભક્તિમાતાનું ધામગમન - અયોધ્યા
આ.સં. ૧૮૪૮	જે.વ.	૪	શુક્ર	૮-૬-૧૭૯૨	ધર્મપિતાનો અક્ષરવાસ - અયોધ્યા
આ.સં. ૧૮૪૯	અ.સુ.	૧૦	શુક્ર	૨૯-૬-૧૭૯૨	ઘનશ્યામ પ્રભુનું મહાપ્રસ્થાન
આ.સં. ૧૮૪૯	શ્રા.સુ.	૧૧	રવિ	૨૯-૭-૧૭૯૨	નીલકંઠ વર્ણીનું હરદ્વારમાં આગમન
આ.સં. ૧૮૪૯	શ્રા.વ.	૮	શુક્ર	૧૦-૮-૧૭૯૨	તપોવનમાં
આ.સં. ૧૮૪૯	ભા.સુ.	૪	મગળ	૨૧-૮-૧૭૯૨	લક્ષ્મણઝુલામાં
આ.સં. ૧૮૪૯	ભા.સુ.	૫	બુધ	૨૨-૮-૧૭૯૨	ઉદ્ધવ આશ્રમમાં
આ.સં. ૧૮૪૯	ભા.સુ.	૧૧	મગળ	૨૮-૮-૧૭૯૨	ગુપ્તકાશીમાં
આ.સ. ૧૮૪૯	ભા.વ.	-	શનિ	૧-૯-૧૭૯૨	ગુપ્તપ્રયાગ
આ.સં. ૧૮૪૯	આ.સુ.	૧	રવિ	૧૬-૯-૧૭૯૨	કેદારનાથથી બદરીનાથ તરફ પ્રયાણ
આ.સં. ૧૮૪૯	આ.સુ.	૯	સોમ	૨૪-૯-૧૭૯૨	બદરીનાથમાં

આ.સં. ૧૮૪૯થી	કા.વ.	૮થી	બુધ	૭-૧૧-૧૭૯૨	
	વૈ.સુ.	૩	સોમ	૧૩-૫-૧૭૯૩	બદરિકાશ્રમ અને માનસરોવરની કઠિન યાત્રા
આ.સં. ૧૮૪૯	વૈ.સુ.	૩	સોમ	૧૩-૫-૧૭૯૩	પુનઃ બદરીનાથમાં
આ.સં. ૧૮૪૯	વૈશાખ	-	-	મે-જૂન, ૧૭૯૩	પુનઃ અયોધ્યામાં
આ.સ. ૧૮૫૦	શ્રા.વ.	૮	ગુરુ	૨૯-૮-૧૭૯૩	કાળા પર્વતની તળેટીમાં કાળભૈરવનો પરાભવ
આ.સં. ૧૮૫૦	-	-	-	-	મૂર્તિમાન હિમાલય દર્શને આવ્યા
આ.સં. ૧૮૫૦	-	-	-	-	૫૦૦ વૈરાગીઓને વૈષ્ણવી દીક્ષા આપી
આ.સં. ૧૮૫૦	-	-	-	-	પુલહાશ્રમમાં તપ કર્યું
આ.સ. ૧૮૫૦	કા.સુ.	૧૧	ગુરુ	૧૪-૧૧-૧૭૯૩	મૂર્તિમાન સૂર્યનારાયણ દર્શને - પુલહાશ્રમ
આ.સ. ૧૮૫૦	-	-	-	-	નેપાલ પધાર્યા
આ.સં. ૧૮૫૧	શ્રા.વ.	૮	સોમ	૧૮-૯-૧૭૯૪	જન્માષ્ટમી ઉત્સવ કર્યો - બુટોલનગર
આ.સં. ૧૮૫૧થી	કા.	-	-	૨૪-૧૦-૧૭૯૪થી	ગોપાળ યોગીના યોગમાં અષ્ટાંગયોગ શીખ્યા અને
આ.સ. ૧૮૫૨	કા.			૧૧-૧૨-૧૭૯૫	ગોપાળ યોગીનો મોક્ષ કરી પોખરા તરફ પ્રયાણ
આ.સ. ૧૮૫૨	-	-	-	૧૭૯૫	કાઠમંડુ પધાર્યા
આ.સં. ૧૮૫૨	-	-	-	૧૭૯૫	સિરપુર (બંગાળ) પધાર્યા
આ.સં. ૧૮૫૩	-	-	-	૧૭૯૬	સિરપુરમાં અન્નકૂટોત્સવ
આ.સં. ૧૮૫૩	કા.	-	-	ઑક્ટો.-નવે. ૧૭૯૬	કામાક્ષીમાં વર્ણીરાટ
આ.સં. ૧૮૫૩	પો.સુ.	૧૫	શુક્ર	૧૨-૧-૧૭૯૭	નવલખા પર્વત ઉપર નવ લાખ યોગીઓને તપઃફળ આપ્યું
આ.સં. ૧૮૫૩	-	-	-	૧૭૯૭	કપિલાશ્રમમાં

આ.સં. ૧૮૫૩	-	-	-	૧૭૯૭	જગન્નાથપુરીમાં
આ.સં. ૧૮૫૪	અ.સુ.	૨	મંગળ	૨૬-૬-૧૭૯૭	રથયાત્રાનો ઉત્સવ કર્યો - જગન્નાથપુરી
આ.સં. ૧૮૫૪	-	-	-	૧૭૯૭	બાવાઓનો સંહાર - જગન્નાથપુરી
આ.સં. ૧૮૫૪	-	-	-	-	દક્ષિણ ભારત તરફ
આ.સં. ૧૮૫૪	-	-	-	-	વેંકટાદ્રિ-સેવકરામની સેવા
આ.સં. ૧૮૫૪	-	-	-	-	શ્રીરંગક્ષેત્રમાં
આ.સં. ૧૮૫૫	-	-	-	-	રામેશ્વરમાં
આ.સં. ૧૮૫૫	-	-	-	-	ભૂતપુરીમાં
આ.સં. ૧૮૫૫	-	-	-	-	જિયર સ્વામીનો મેળાપ - તોતાદ્રિ
આ.સં. ૧૮૫૫	આ.	-	-	ઑક્ટો.-નવે. ૧૭૯૮	કન્યાકુમારીમાં
આ.સં. ૧૮૫૫	કા.	-	-	નવે.-ડિસે. ૧૭૯૮	પંઢરપુરમાં
આ.સં. ૧૮૫૫	-	-	-	૧૭૯૮	પૂનામાં
આ.સં. ૧૮૫૫	-	-	-	૧૭૯૮	ગુજરાતમાં પ્રવેશ
આ.સં. ૧૮૫૫	ફા.સુ.	૧૧	-	૧૬-૩-૧૭૯૯	ઉમરેઠમાં
આ.સં. ૧૮૫૫	ફા.સુ.	૧૧	સોમ	૧૭-૩-૧૭૯૯	વરતાલમાં પ્રથમ આગમન
આ.સં. ૧૮૫૫	ફા.સુ.	૧૨	મંગળ	૧૮-૩-૧૭૯૯	બોચાસણમાં પ્રથમ આગમન
આ.સં. ૧૮૫૫	ફા.સુ.	૧૫	શુક્ર	૨૧-૩-૧૭૯૯	બુધેજમાં
આ.સં. ૧૮૫૫	-	-	-	૧૭૯૯	મોટા ગોપનાથમા
આ.સ. ૧૮૫૫	-	-	-	૧૭૯૯	ગુપ્તપ્રયાગમાં

આ.સ. ૧૮૫૫	-	-	-	૧૭૯૯	લોઢવામાં
આ.સં. ૧૮૫૫	-	-	-	૧૭૯૯	સોરઠમાં પ્રવેશ
આ.સ. ૧૮૫૬	શ્રા.સુ.	૧૦	રવિ	૧૦-૮-૧૭૯૯	ગિરનાર આરોહણ
આ.સં. ૧૮૫૬	શ્રા.વ.	૬	ગુરુ	૨૧-૮-૧૭૯૯	લોજમાં આગમન, વનવિચરણની પૂર્ણાહુતિ
આ.સં. ૧૮૫૬	ફા.વ.	૫	રવિ	૧૫-૩-૧૮૦૦	રામાનંદ સ્વામીને પત્ર લખ્યો
આ.સં. ૧૮૫૬	જે.વ.	૧૦	મંગળ	૧૬-૬-૧૮૦૦	રામાનંદ સ્વામીનો સંદેશો આવ્યો અને કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ
આ.સ. ૧૮૫૬	જે.વ.	૧૨	ગુરુ	૧૮-૬-૧૮૦૦	રામાનંદ સ્વામીનું મિલન - પીપલાણા, મૂળજી શર્મા (અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી) સાથે મિલન
આ.સ. ૧૮૫૭	કા.સુ.	૧૧	બુધ	૨૮-૧૦-૧૮૦૦	નીલકંઠ વર્ણિને મહાદીક્ષા - પીપલાણા
આ.સં. ૧૮૫૮	આ.વ.	૧	ગુરુ	૨૨-૧૦-૧૮૦૧	સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપવાનો નિર્ણય - જેતપુર
આ.સ. ૧૮૫૮	કા.સુ.	૧૧	સોમ	૧૬-૧૧-૧૮૦૧	સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી - જેતપુર, બે વરદાનની યાચના
આ.સ. ૧૮૫૮	મા.સુ.	૧૩	ગુરુ	૧૭-૧૨-૧૮૦૧	રામાનંદ સ્વામીનું ધામગમન - ફણેણી
આ.સ. ૧૮૫૮	મા.વ.	૧૧	ગુરુ	૩૧-૧૨-૧૮૦૧	'સ્વામિનારાયણ' નામના ભજનની શરૂઆત અને ભગવાન સ્વામિનારાયણના હસ્તે પ્રથમ દીક્ષા - વ્યાપકાનંદ - ફણેણી
આ.સ. ૧૮૫૯	કા.સુ.	૧	બુધ	૨૭-૧૦-૧૮૦૨	લોજમાં પ્રથમ અન્નકૂટોત્સવ
આ.સ. ૧૮૫૯	કા.સુ.	૧૦	શુક્ર	૫-૧૧-૧૮૦૨	મુક્તાનંદ સ્વામીએ આરતી બનાવી - કાલવાણી, પ્રથમ વિષ્ણુયાગ - ઓઝત તીરે (આખા-પીપલાણા)

આ.સં. ૧૮૬૦	આ.સુ.	-	-	જૂન-જુલાઈ ૧૮૦૩	નિત્યાનંદ સ્વામીને દીક્ષા આપી - મેઘપુર
આ.સં. ૧૮૬૦	કા.વ.	-	-	ઑક્ટો.-નવે. ૧૮૦૩	પ્રથમ વાર ભાદરા પધાર્યા
આ.સં. ૧૮૬૦	મહા	-	-	જાન્યુ.-ફેબ્રુ. ૧૮૦૪	નિષ્કુળાનંદ સ્વામીને દીક્ષા આપી - આધોઈ
આ.સં. ૧૮૬૧	મહા.સુ.	૧૧	રવિ	૧૦-૨-૧૮૦૫	ગઢપુરમાં આગમન
આ.સં. ૧૮૬૧	-	-	-	૧૮૦૫	બ્રહ્માનંદ સ્વામીને દીક્ષા આપી - ગઢપુર
આ.સં. ૧૮૬૨	પો.	-	-	ડિસે. ૧૮૦૫થી જાન્યુ. ૧૮૦૬	શ્રીહરિનો પ્રથમ મંદવાડ - અગતરાઈ
આ.સં. ૧૮૬૨	ફા.વ.	૩	શુક્ર	૭-૩-૧૮૦૬	વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા - ગઢપુર
આ.સં. ૧૮૬૩	-	-	-	-	૫૦૦ પરમહંસોને દીક્ષા - કાલવાણી
આ.સં. ૧૮૬૪	ભા.	-	-	સપ્ટે.-ઑક્ટો.૧૮૦૭	પત્ર દ્વારા ૧૮ જણને બોલાવીને દીક્ષા - ભુજ
આ.સં. ૧૮૬૪	આ.	-	-	ઑક્ટો.૧૮૦૭	ખૈયા ખત્રીનો પરાજય - માંડવી
આ.સં. ૧૮૬૪	કા.વ.	૮	સોમ	૨૩-૧૧-૧૮૦૭	ગોપાળાનંદ સ્વામીને દીક્ષા આપી - ગઢડા
આ.સં. ૧૮૬૫	કા.સુ.	૧૫	ગુરુ	૩-૧૧-૧૮૦૮	મૂળજી શર્મા(અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી)નું મહાપ્રસ્થાન - ભાદરા
આ.સં. ૧૮૬૫	પો.સુ.	૮	રવિ	૨૫-૧૨-૧૮૦૮	જેતલપુરનો મહાયજ્ઞ
આ.સં. ૧૮૬૫	પો./મ.	-	-	ડિસે. ૧૮૦૮થી ફેબ્રુ ૧૮૦૯	અમદાવાદમાં સૂબાએ કરેલી પ્રવેશબંધી
આ.સં. ૧૮૬૫	ફા.વ.	-	-	૩-૩-૧૮૦૯થી ૧૬-૩-૧૮૦૯	શ્રીહરિએ રોઝો ઘોડો ફેરવી સારંગપુર મંદિરનું ખાત કર્યું

આ.સં. ૧૮૬૫	વૈ.વ.	૧૪	શનિ	૧૩-૫-૧૮૦૯	લોલંગરનો હુમલો - મહેમદાવાદ
આ.સં. ૧૮૬૬	પો.સુ.	૧૫	શનિ	૨૦-૧-૧૮૧૦	ડભાણમાં યજ્ઞ કરી ભાદરાના મૂળજી શર્માને દીક્ષા આપી 'ગુણાતીતાનંદ સ્વામી' નામ આપ્યું
આ.સં. ૧૮૬૮	ફા.વ.	૧	શુક્ર	૨૮-૩-૧૮૧૨	શ્રીહરિએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ કરાવી - સારંગપુર
આ.સં. ૧૮૬૯	શ્રા.	-	-	ઑગ.-સપ્ટે. ૧૮૧૨	અગણોતેરો કાળ, શ્રીહરિનો ગુપ્તવાસ
આ.સ. ૧૮૭૦	આ.	-	-	સપ્ટે.-ઑક્ટો. ૧૮૧૩	શ્રીહરિનો દ્વિતીય મંદવાડ - વરજાંગ જાળિયા
આ.સં. ૧૮૭૦	કા.વ.	-	-	નવે. ૧૮૧૩	એભલખાચરનો અક્ષરવાસ - ગઢડા
આ.સં. ૧૮૭૨	મા.સુ.	૧	શનિ	૧-૧૨-૧૮૧૫	મિયાંજીને શ્રીહરિએ સ્વહસ્તે પત્ર લખ્યો
આ.સં. ૧૮૭૨	પો.વ.	-	-	જાન્યુ. ૧૮૧૬	શ્રીહરિની ધરમપુરમાં પધરામણી
આ.સ. ૧૮૭૨	મહા.સુ.	-	-	ફેબ્રુ. ૧૮૧૬	શુકાનંદ સ્વામીને દીક્ષા - ગઢડા
આ.સ. ૧૮૭૨	ફા.વ.	૧	શુક્ર	૧૪-૩-૧૮૧૬	વરતાલમાં શ્રીહરિ બાર બારણાનાં હિંડોળે ઝૂલ્યા - બાર સ્વરૂપે દર્શન
આ.સં. ૧૮૭૪	મા.	-	-	ફેબ્રુ.-માર્ચ ૧૮૧૮	દાદાખાચરનાં પ્રથમ લગ્ન - બોટાદ
આ.સં. ૧૮૭૪	ચૈ.વૈ.	-	-	એપ્રિલ-જૂન, ૧૮૧૮	અમદાવાદમાં પુનઃ પ્રવેશ
આ.સં. ૧૮૭૪	જે.સુ.	૬	ગુરુ	૧૦-૬-૧૮૧૮	આણદમા અપમાન
આ.સં. ૧૮૭૫	કા.સુ.	-	-	નવે. ૧૮૧૮	આદરજમાં પ્રથમ ચાર સદ્‌ગુરુઓ સ્થાપ્યા
આ.સં. ૧૮૭૬	મા.સુ.	૪	સોમ	૨૧-૧૧-૧૮૧૯	વચનામૃતનો પ્રારંભ - ગઢડા
આ.સં. ૧૮૭૬	પ્ર.જે.સુ.,	૧૧	બુધ	૨૩-૫-૧૮૨૦	રામદાસ સ્વામીનો અક્ષરવાસ - ગઢડા

આ.સં. ૧૮૭૬	પ્ર.જે.સુ.	૧૨	ગુરૂ	૨૪-૫-૧૮૨૦	શ્રીહરિનો તૃતીય મંદવાડ - ગઢડા
આ.સં. ૧૮૭૭	શ્રા.વ.	૫	મંગળ	૨૮-૮-૧૮૨૦	સારંગપુર પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સ. ૧૮૭૭	ભા.સુ.	૧૨	બુધ	૧૯-૯-૧૮૨૦	કારિયાણી પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સ. ૧૮૭૭	આ.વ.	-	-	ઑક્ટો.-નવે. ૧૮૨૦	શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને પોતાના અવતરણના છ હેતુઓ કહ્યા - કારિયાણી
આ.સં. ૧૮૭૭	કા.વ.	૧૦	શુક્ર	૩૦-૧૧-૧૮૨૦	લોયા પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સં. ૧૮૭૭	મા.સુ.	૩	શનિ	૮-૧૨-૧૮૨૦	વચનામૃત ગ્રંથ પ્રસાદીભૂત કર્યો - લોયા
આ.સં. ૧૮૭૭	કા.વ.થી મહા	૧૦	-	૩૦-૧૧-૧૮૨૦થી ૪-૩-૧૮૨૧	શાકોત્સવની પરંપરા - લોયા રામપ્રતાપભાઈ અને ઇચ્છારામ આવ્યા
આ.સં. ૧૮૭૭	ફા.સુ.	૪	ગુરુ	૭-૩-૧૮૨૧	પંચાળા પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સં. ૧૮૭૭	ફા.વ.	૧	મંગળ	૧૯-૩-૧૮૨૧	'આ અમારા તિલક' કહીને શ્રીહરિએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને ઓળખાવ્યા
આ.સં. ૧૮૭૭	ફા.વ.	-	-	માર્ચ-એપ્રિલ ૧૮૨૧	શ્રીહરિનો ચતુર્થ મંદવાડ, પંચાળા
આ.સ. ૧૮૭૭	જે.સુ.	૧૫	શનિ	૧૫-૬-૧૮૨૧	મધ્ય પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ - ગઢડા
આ.સ. ૧૮૭૮	ફા.સુ.	૩	સોમ	૨૪-૨-૧૮૨૨	નરનારાયણ દેવની પ્રતિષ્ઠા - અમદાવાદ
આ.સં. ૧૮૭૮	ફા.સુ.	૮	શુક્ર	૧-૩-૧૮૨૨	શ્રીહરિનો ગણેશ ધોળકામાં પંચમ મંદવાડ
આ.સં. ૧૮૭૯	ફા.સુ.	૧૫	બુધ	૨૫-૨-૧૮૨૩	પંચાળાનો ઐતિહાસિક મહારાસ
આ.સ. ૧૮૭૯	ફા.વ.	૧	ગુરુ	૨૬-૨-૧૮૨૩	શ્રીહરિનો છઠ્ઠો મંદવાડ - પંચાળા
આ.સં. ૧૮૭૯	વૈ.સુ.	૫	શુક્ર	૧૫-૫-૧૮૨૩	શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા - ભુજ

આ.સ. ૧૮૮૦	કા.વ.	-	-	નવે.-ડિસે. ૧૮૨૩	ધર્મકુળ સાથે મિલન - કારિયાણી
આ.સ. ૧૮૮૧	કા.સુ.	૧૨	ગુરુ	૩-૧૧-૧૮૨૪	શ્રીલક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા - વરતાલ
આ.સ. ૧૮૮૧	કા.વ.	૬	શનિ	૧૨-૧૧-૧૮૨૪	સુરતમાં શ્રીહરિ
આ.સં. ૧૮૮૧	મહા.સુ.	૧૦	રવિ	૨૯-૧-૧૮૨૫	દાદાખાચરનું દ્વિતીય લગ્ન - ભટવદર શ્રીહરિએ દાદાખાચરનો રથ હાંક્યો
આ.સ. ૧૮૮૧	ચૈ.સુ.	૭	રવિ	૨૬-૩-૧૮૨૫	બિશપ હેબર સાથે મુલાકાત - નડિયાદ
આ.સ. ૧૮૮૧	જે.સુ.	૧૧	શનિ	૨૮-૫-૧૮૨૫	ગઢડા મંદિરનું ખાતમુહૂર્ત
આ.સ. ૧૮૮૨	કા.વ.	૩	મગળ	૨૮-૧૧-૧૮૨૫	વરતાલ પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ, વડોદરામાં સયાજીરાવ ગાયકવાડે શ્રીહરિનું કરેલું સન્માન
આ.સ. ૧૮૮૨	મહા સુ.	૫	સોમ	૧૨-૨-૧૮૨૬	શિક્ષાપત્રીનો પ્રાદુર્ભાવ - વરતાલ
આ.સં. ૧૮૮૨	મહા વ.	૧૧	રવિ	૪-૩-૧૮૨૬	અમદાવાદ પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સં. ૧૮૮૨	ચૈ.સુ.	૨	સોમ	૯-૪-૧૮૨૬	અશ્લાલીનું વચનામૃત
આ.સં. ૧૮૮૨	ચૈ.સુ.	૩	મંગળ	૧૦-૪-૧૮૨૬	જેતલપુર પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ
આ.સં. ૧૮૮૨	વૈ.સુ.	૧૩	શનિ	૧૯-૫-૧૮૨૬	રાધા-મદનમોહન દેવની પ્રતિષ્ઠા - ધોલેરા
આ.સં. ૧૮૮૨	વૈ.વ.	૧૧	શુક્ર	૧-૬-૧૮૨૬	અંત્ય પ્રકરણનાં વચનામૃતનો પ્રારંભ - ગઢડા
આ.સં. ૧૮૮૩	પો.સુ.	૮	શનિ	૫-૧-૧૮૨૭	ઈચ્છારામજીનો અક્ષરવાસ - ગઢડા
આ.સ. ૧૮૮૩	ચૈ.સુ.	૧૫	ગુરુ	૧૧-૪-૧૮૨૭	અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત નીમ્યા
આ.સ. ૧૮૮૪	વૈ.વ.	૨	ગુરુ	૧-૫-૧૮૨૮	રણછોડત્રિકમ તથા રાધારમણ દેવની મૂર્તિપ્રતિષ્ઠા - જૂનાગઢ

આ.સં. ૧૮૮૫	આ.સુ.	૧૨	મગળ	૨૦-૧૦-૧૮૨૮	ગોપીનાથ દેવની પ્રતિષ્ઠા - ગઢપુર
આ.સં. ૧૮૮૬	અ.વ.	૧૦	રવિ	૨૫-૭-૧૮૨૯	વચનામૃત ગ્રંથની સમાપ્તિ - ગઢપુર
આ.સં. ૧૮૮૬	પો	-	-	ડિસે.-જાન્યુ. ૧૮૨૯-૩૦	શ્રીહરિનો અંતિમ મંદવાડ - ગઢપુર
આ.સં. ૧૮૮૬	ફા.સુ.	૫	રવિ	૨૬-૨-૧૮૩૦	ગવર્નર સર જ્હૉન માલ્કમ સાથે મુલાકાત - રાજકોટ
આ.સં. ૧૮૮૬	ફા.વ.	૧	બુધ	૧૦-૩-૧૮૩૦	શ્રીહરિએ છેલ્લો ફૂલદોલનો ઉત્સવ ઉજવ્યો
આ.સં. ૧૮૮૬	જે.સુ.	૬	શનિ	૨૮-૫-૧૮૩૦	વારસ - ગુણાતીતાનંદ સ્વામી સાથે વિમર્શ : 'મીઠા વ્હાલ કેમ વિસરું મારું' - ગઢડા
આ.સં. ૧૮૮૬	જે.સુ.	૧૦	બુધ	૧-૬-૧૮૩૦	શ્રીહરિનું અક્ષરધામગમન - ગઢડા

પરિશિષ્ટ : ૭

પાત્રસૂચિ તથા ગ્રામસૂચિ


સંતો-પરમહંસો-પાર્ષદોની સૂચિ

હરિભકતોની સૂચિ

ગ્રામ સૂચિ

ભગવાન શ્રી સ્વામિનારાયણે
સ્થાપિત કરેલ શ્રી
સ્વામિનારાયણ મંદિર,
ધોલેરા.





ધોલેરા મંદિરના મધ્ય શિખર તળે
ભગવાન શ્રી સ્વામિનારાયણે પધરાવેલા
શ્રી મદનમોહન મહારાજ અને સાથે
શ્રી હરિકૃષ્ણ મહારાજ.

શ્રીહરિની આજ્ઞાથી ધોલેરા
મંદિરના નિર્માણ અને વિકાસમાં
અનન્ય સેવા કરનાર
નિષ્કુળાનંદ સ્વામીએ
સ્વહસ્તે ઘડેલું
પથ્થરનું તોરણ મંદિરની
પ્રવેશ ચોકીમાં શોભે છે.



વરતાલમાં
ભગવાન શ્રી સ્વામિનારાયણે
સ્થાપિત કરેલું
શ્રી સ્વામિનારાયણ મંદિર.





વરતાલ મંદિરના પ્રથમ શિખરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પધરાવેલી પોતાની મૂર્તિ - શ્રી હરિકૃષ્ણ મહારાજ.



વરતાલ મંદિરના મધ્ય શિખરમાં શ્રીહરિએ પધરાવેલા શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા થોડા સમય પછી પ્રતિષ્ઠિત થયેલા શ્રી રણછોડરાયજી.

શ્રીહરિએ સ્વહસ્તે જ્યાં શિક્ષાપત્રી
લખી હતી તે શિક્ષાપત્રી ભુવન,
વરતાલ.






વરતાલમાં શ્રીહરિએ પૂર્તકર્મ
કરાવીને નિર્માણ કરેલું
ગોમતી તળાવ,
જ્યાં શ્રીહરિએ અનેક વખત
જળલીલા કરી છે.

ચરોતરમાં મંદિર કરવા માટે
જુદાં જુદાં ગામોમાં જગ્યા શોધતા શ્રીહરિએ
બોચાસણ ગામને પણ પોતાની યાદીમાં લીધું હતું.
અહીંના ભક્તરાજ કાશીદાસ મોટાના ભક્તિભાવને
વશ થઈને શ્રીહરિએ અહીં
મંદિર કરવાનું વરદાન આપ્યું હતું.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં
ભવ્ય શિખરબદ્ધ મંદિર રચીને
શ્રીહરિનો એ કોલ પૂર્ણ કર્યો.



સોરઠ પ્રદેશના ભક્તોની ભક્તિને
વશ થઈને શ્રીહરિએ જૂનાગઢમાં
ભવ્ય શિખરબદ્ધ મંદિર રચ્યું.





જૂનાગઢ મંદિરના મધ્ય શિખર તળે
ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તે
પ્રતિષ્ઠિત થયેલા શ્રી રણછોડ-ત્રિકમજી.

જૂનાગઢના નવાબ બહાદુરખાને
ભક્તિભાવથી પોતાના મહેલમાં
જ્યાં શ્રીહરિને પધરાવ્યા હતા
અને જૂનાગઢમાં અખંડ રહેવાનું
વચન માંગ્યું હતું તે
પ્રાસાદિક શાહી મહેલ.





જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા બાદ વિદાય લઈ રહેલા શ્રીહરિને જૂનાગઢના નવાબે કહ્યું :
‘આપે તો મને વચન આપ્યું હતું ને કે આપ અહીં કાયમ રહેશો !’
શ્રીહરિએ પૂછ્યું : ‘અમે રહીએ કે અમારા જેવા ફકીરને રાખીએ ?’
નવાબે કહ્યું : ‘મહારાજ ! આપ જૈસે તો આપ હી હૈં.’
ત્યારે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામી તરફ નિર્દેશ કરી કહ્યું :
‘આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. એટલે એમને અમે અહીં રાખીને જઈએ છીએ.’

સુરતના પારસી ભક્તરાજ
શ્રી અરદેશરજી કોટવાલને
પ્રસન્ન થઈને શ્રીહરિએ આપેલી
પોતાની પાઘ,
સુરત.






ભગવાન શ્રી સ્વામિનારાયણની સુરતમાં પધરામણી થઈ
ત્યારે અરદેશર કોટવાલે તેઓને જ્યાં સ્વાગત કરી
વધાવ્યા હતા તે પ્રાસાદિક સ્થળ,
રૂસ્તમ બાગ, સુરત.



સુરતમાં શ્રીહરિની પધરામણી
વેળાએ અરદેશર કોટવાલે તેમનું
વિવિધ ઉપચારોથી પૂજન કરીને
ભેટમાં આપેલો થેલો.



સુરતમાં શ્રી અરદેશર કોટવાલની વિનંતીથી નવાબના ચિત્રકાર મીઠારામ પાસે શ્રીહરિએ પોતાની આ ઐતિહાસિક ચિત્રમૂર્તિ તૈયાર કરાવી હતી, જેમાં મધ્યે શ્રીહરિ તપમુદ્રામાં તપ કરી રહ્યા છે અને બદરીપતિ નર - નારાયણ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે...



ઇંગ્લેન્ડથી ભારતમાં ખ્રિસ્તી
ધર્મના પ્રચાર માટે આવેલા
ધર્મગુરુ બિશપ રેજિનાલ્ડ હેબર
અને ભગવાન સ્વામિનારાયણની
ઐતિહાસિક મુલાકાતનું
જીવંત કદનું દૃશ્ય,
નડિયાદ.



નડિયાદમાં જ્યાં બિશપ હેબર
અને ભગવાન સ્વામિનારાયણની
મુલાકાત થઈ હતી તે સ્થળે
પ્રમુખસ્વામી મહારાજે રચેલું
'શ્રી સ્વામિનારાયણ સ્મૃતિ મંદિર'



'બિશપ ઓફ કલકત્તા' તરીકે
ઇંગ્લેન્ડથી ભારતમાં ખ્રિસ્તી
ધર્મપ્રચારક તરીકે આવેલા
બિશપ રેજિનાલ્ડ હેબર.

ભગવાન સ્વામિનારાયણ અને મુંબઈના તત્કાલિન ગવર્નર સર જ્હોન માલ્કમની ઐતિહાસિક મુલાકાત જ્યાં થઈ હતી તે પ્રાસાદિક સ્થળ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ.





લંડનના વેસ્ટ મિનિસ્ટર એબીમાં આદરપૂર્વક મૂકવામાં આવેલી સર જ્હોન માલ્કમની આરસની પ્રતિમા.



રાજકોટના નરેશની આ પ્રાસાદિક પાલખીમાં બિરાજીને શ્રીહરિ ગવર્નર સર જ્હોન માલ્કમને દર્શન આપવા માટે પધાર્યા હતા.


દાદાખાચર અને પરિવારની અનન્ય ભક્તિને વશ થઈને શ્રીહરિએ સ્થાપેલું ભવ્ય મંદિર, ગઢપુર.






ગઢપુરના મંદિરનો ભવ્ય દરવાજો.

ગઢપુરના મંદિરમાં મધ્ય શિખર તળે શ્રીહરિએ પધરાવેલા ગોપીનાથ દેવ, અને સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજ.




ગઢપુરમાં શ્રીહરિએ જ્યાં ૨૮ વર્ષ
સુધી નિવાસ કર્યો તે મહાપ્રાસાદિક
અક્ષરઓરડીના સ્થાન પર રચાયેલું
સ્મૃતિમંદિર.





અક્ષરધામનાં દિવ્ય દર્શન કરાવતું
પટચિત્ર,
જેમાં ભગવાન સ્વામિનારાયણ
અને સર્વ મુક્તોની સમાન શોભાનું
અલૌકિક દર્શન છે,
અક્ષરઓરડી, ગઢપુર.

શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં ડભાણિયા
આંબા તળે બેઠક પર અનેક વખત
દિવ્ય બોધ આપ્યો છે
તે પ્રાસાદિક સ્મૃતિસ્થાન, ગઢપુર.



જ્યાં બેસીને શ્રીહરિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા ગ્રંથોનો પાઠ કરતા હતા તે નિષ્કુળાનંદ સ્વામીની પ્રાસાદિક ઓરડી, લક્ષ્મીવાડી, ગઢપુર.






આ આંબલીઓની ડાળો પર હીંચકો બાંધીને ભક્તોએ શ્રીહરિને અનેક વખત ઝુલાવ્યા છે, લક્ષ્મીવાડી, ગઢપુર.

ગઢપુર ગામની બહાર આવેલો નાળિયેરી ધારનો ટેકરો, જેના પર ચઢીને શ્રીહરિએ અનેક વખત બોધ આપ્યો છે અને અહીં હનુમાનજીની સ્થાપના કરી છે.





ઘેલા નદીના તટે ટેકરા પર મંદિર રચવાનો શ્રીહરિનો દૃઢ સંકલ્પ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પૂર્ણ કર્યો. ગઢપુરમાં ટેકરા પર શ્રીહરિના સંકલ્પે સાકાર થયેલું સંગેમરમરનું ભવ્ય શિખરબદ્ધ મંદિર.



ગઢપુરમાં ટેકરા પર મંદિર કરવામાં જીવાખાચરે સહયોગ ન આપ્યો ત્યારે ઉદાસ થયેલા શ્રીહરિ સારંગપુર પધાર્યા, અને અહીંના જીવાખાચરને મંદિર કરવાની પોતાની ઇચ્છા દર્શાવી. ભૂમિ પર ઘોડી ફેરવીને શ્રીહરિએ 'મોટા મંદિર'નું ખાત કર્યું. એ જ સ્થળે આ ભવ્ય મંદિર રચીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિએ આપેલો એ દિવ્ય કોલ પૂર્ણ કર્યો.




ઘેલા નદીના ઉત્તર ભાગે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક મહાન પરમહંસો તથા ઇચ્છારામભાઈના દેહોત્સર્ગ સ્થળે રચાયેલી સ્મૃતિપીઠિકાઓ, ગઢપુર.



પોતાની દેહલીલા સંકેલતાં પહેલાં શ્રીહરિએ
પોતાના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢથી તેડાવીને દિવ્ય સ્નેહ દર્શાવ્યો.
અંતિમ દિવસોમાં સ્વામીને મળતાં જ શ્રીહરિના મુખેથી
સ્વામી પ્રત્યેની અનન્ય પ્રીતિ આ શબ્દોમાં વહેવા લાગી :
‘તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો,
મીઠા વહાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો...’

શ્રીહરિના દિવ્ય શ્રીવિગ્રહનો જ્યાં
અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો
તે અતિ પ્રાસાદિક સ્થાન,
લક્ષ્મીવાડી, ગઢપુર.






શ્રીહરિના દેહોત્સર્ગ સ્થાન પર નિત્યાનંદ સ્વામીએ
રચાવેલા સ્મૃતિમંદિરમાં બિરાજમાન
ભગવાન સ્વામિનારાયણ અને સાથે
પ્રથમ આચાર્યો -
શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા
શ્રી રઘુવીરજી મહારાજ.

શ્રીહરિના દિવ્ય વિગ્રહની
અંતિમ સ્મૃતિ,
અંતિમ સંસ્કાર વખતે તેમને અર્પણ
કરાયેલ વસ્ત્ર તથા અસ્થિકુંભ.





શ્રીહરિના ઔર્ધ્વદૈહિક સંસ્કાર બાદ લક્ષ્મીવાડીમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને વિચાર આવ્યો કે 'આપણું જીવન તો મહારાજ હતા, તે હવે ગયા.' આ વિચારમાત્રથી મૂર્છાવશ બનીને ઢળી પડેલા સ્વામીને શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે આવી હાથ ઝાલીને બેઠા કર્યા અને કહ્યું : 'હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું...'



લક્ષ્મીવાડીમાં સ્મૃતિ મંદિરમાં
શ્રીહરિના દેહોત્સર્ગ સ્થાને પ્રતિષ્ઠિત
શ્રીહરિનાં ચરણારવિંદ





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા
આધ્યાત્મિક સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને
ભારતીય સંસ્કૃતિના સનાતન વારસાને અને
ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંદેશને
વિશ્વભરમાં પ્રસરાવતી આ સંસ્થા
એક આધ્યાત્મિક-સામાજિક સેવાસંસ્થા છે.
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સને ૧૯૦૭માં સ્થાપેલી
આ સંસ્થા ૯,૧૦૦ સત્સંગ કેન્દ્રોના
વિશ્વવ્યાપી પરિવાર દ્વારા માનવ-ઉત્કર્ષની
અવિરત ગંગા વહાવે છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં,
સંસ્થાના ૭૦૦ સુશિક્ષિત સંતો તથા
૪૦,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેક રચનાત્મક
સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું
પુનર્નિમાણ હોય, અદ્યતન ભવ્ય વિદ્યાર્થી સંકુલો અને
અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો કે
રોગનિદાન યજ્ઞોની સેવાઓ હોય.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
દિલ્હી, ગાંધીનગર, લંડન, શિકાગો, હ્યુસ્ટન અને નૈરોબીમાં
ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં અભૂતપૂર્વ
આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલોનું નિર્માણ કરી સંસ્થાએ
યુગસિદ્ધિ હાંસલ કરી છે અને
લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



પ્રેરણામૂર્તિ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

શ્રી સ્વામિનારાયણ ભગવાનને પૂર્ણ પુરુષોત્તમ તરીકે પૂજતા એવા શ્રીજીના સમકાલિન સંતોએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતીમાં ગદ્ય કે પદ્યમાં શ્રીજીનાં લીલાચરિત્રો યુક્ત વિપુલ સાહિત્ય સંપ્રદાયને ચરણે ધર્યું છે.

સંપ્રદાયની પુષ્ટિ પણ ઇષ્ટદેવનાં લીલાચરિત્રોના ગ્રંથોથી જ થાય છે. પરમહંસો પછી પણ આ સાહિત્ય-પ્રવૃત્તિ ચાલુ રહી છે. તેમાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પુસ્તક સુમેરુ સમાન છે.

શ્રી હર્ષદભાઈ દવેએ જૂના જૂના ગ્રંથો જોઈ તપાસીને તેમાંથી પ્રમાણિત પ્રસંગો મેળવ્યા છે. વળી, તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ અને રાજકીય ઇતિહાસને શોધીને અને આ કાર્ય માટે ગામોગામ ફરી સત્સંગના જૂના જૂના અનુભવીઓ પાસેથી અપ્રકાશિત સાહિત્ય એકત્રિત કરીને આ ગ્રંથરત્ન તૈયાર કર્યો છે. આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો મૂલ્યવાન છે.

શ્રીજીની દિવ્ય અને માનુષી લીલાઓ, સર્વજીવ હિતાવહ ઉપદેશો, તેમના સમયના સંત-હરિભક્તોનાં આખ્યાનો અને તેમણે પ્રબોધેલ તત્ત્વજ્ઞાન – આ સર્વેનો ભક્તિભાવે સુગમ સમન્વય કર્યો છે.

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

ISBN: 81-7526-211-7